# સામાન્ય જ્ઞાન
# પ્રશ્નમાળાનો ખુલાસો

[illegible]

[illegible]

# KEY
## TO
# GENERAL KNOWLEDGE TEST PAPERS

?

BY

**CHHAGANLAL THAKURDAS MODI**, B.A.,
Late Educational Inspector, Baroda State,

AND

**JEEBHAI GOKALDAS PARIKH**,
Late Deputy Educational Inspector, Baroda State.

SURAT.

SAMVAT 1972. A. D. 1916.

Printed by Manilal Ichhârâm Desâi at
THE GUJARATI PRINTING PRESS
No. 8, Sassoon Building, Circle, Fort, Bombay, and
published by Chhaganlal Thakurdas Modi and
Jeebhai Gokaldas Parikh, Surat.

# શ્રી

# સામાન્ય જ્ઞાન પ્રશ્નમાળાના ખુલાસા.

?

તૈયાર કરનાર

**છગનલાલ ઠાકોરદાસ મોદી,** બી. એ.

વડોદરા રાજ્યના માજી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર,

તથા

**જીભાઈ ગોકળદાસ પરીખ,**

વડોદરા રાજ્યના માજી ડેપ્યુટી એજ્યુ. ઇન્સ્પેક્ટર.

સુરત

સંવત ૧૯૭૨.     સને ૧૯૧૬

ગુજરાતી પ્રિંટિંગ પ્રેસમાં
મણિલાલ ઇચ્છારામ દેશાઇએ છાપ્યું;
નં૦ ૮, સાસુન બિલ્ડીંગ, સર્કલ, કોટ, મુંબઈ.

# પ્રસ્તાવના.

'સામાન્ય જ્ઞાન પ્રશ્નમાળા'ની પ્રસ્તાવનામાં જણાવવામાં આવ્યું છે કે, "આવી પ્રશ્નમાળાના ઉત્તર કે ખુલાસાની અપેક્ષા રહે એ સ્વાભાવિક છે; અને તે પ્રશ્નમાળાની સાથે હોવા કરતાં જુદા પુસ્તક તરિકે હોય એ ઉચિત થશે એમ ધારી, તેનું ઉત્તર રૂપ (ખુલાસાનું) પુસ્તક જૂદું પ્રગટ કરવામાં આવશે." આ પ્રમાણે દર્શાવ્યા મુજબ ખુલાસાનું આ પુસ્તક બહાર પાડવામાં આવે છે.

'સામાન્ય જ્ઞાન પ્રશ્નમાળા'નું પુસ્તક ઘણું ઉપયોગી હોવા બદલ કેટલાક સદ્‌ગૃહસ્થોએ અભિપ્રાય દર્શાવ્યા છે, તેથી આ કામમાં અમને વિશેષ ઉત્સાહ થયેલો છે.

ખુલાસાનું પુસ્તક મોટું ન થઈ જાય તેમ કરવા અમે ઘણી ઇચ્છા રાખેલી હતી; પરંતુ પેટા પ્રશ્નો સહિત લગભગ બે હજાર પ્રશ્નો પૈકી ઘણાના ખુલાસા અક્કેક બબ્બે લીટીમાં આપવાથી તેનો જોઇએ તેટલો લાભ થઈ શકે નહીં એમ જણાયું; તેમજ ઘણા પ્રશ્નો સંબંધે આ બાલવૃદ્ધ સર્વ લોકોને તથા ખાસ કરીને શિક્ષક અને વિદ્યાર્થી વર્ગને ટુંકામાં પણ ઉપયુક્ત માહિતી પૂરતી આપવી એ ઇષ્ટ લાગ્યું છે. આમ થવાથી અનેક રીતે ઘણો પ્રયાસ કર્યા વગર જરૂરની સઘળી માહિતી સહજ

મળે તેવું સાધન પૂરૂં પાડવામાં આવ્યું છે, એટલુંજ નહીં પણ વિશેષ માહિતી મેળવવા વાંચનારને જીજ્ઞાસા થાય એવો સંભવ છે.

વળી પ્રશ્નમાળામાં કેટલીક પ્રખ્યાત વ્યક્તિઓ સંબંધે પ્રશ્નો મૂકેલા છે, તેમાંના ઘણા ખરાના સંબંધમાં ટુંકામાં પણ કાંઇક વિશેષ વિગતવાળી માહિતી આપવાથી પણ આ પુસ્તકનું કદ વધી ગયું છે; ચરિત્રોનો ભાગ છૂટો પાડી પરિશિષ્ટ રૂપે ચરિત્રાવલી આપી છે તેના સંબંધમાં પૃ.૩૩૮ ઉપર આપેલી સૂચના વાંચવા વિનંતી છે.

જૂદા જૂદા વિષયોના અનેક પ્રશ્નોના ખરા જવાબ અગર ખરી અને જરૂરની માહિતી આપવા અમારા તરફથી બનતો પ્રયાસ કરવામાં આવ્યો છે, અને કાળજી રાખવામાં આવી છે, છતાં જે કાંઈ ભૂલો રહી હોય અગર નજર ચૂકથી કે સમજ ફેરથી કે અન્ય કારણથી જૂદીજ રીતે માહિતી અપાયલી હોય તે બાબત અમને લખી જણાવવામાં આવેથી આભાર થશે.

હનુમાન જયન્તિ, ૧૯૭૨.
તા૦ ૧૮ મી એપ્રીલ,
૧૯૧૬.

**છગનલાલ ઠાકોરદાસ મોદી.**
**જીભાઈ ગોકલદાસ પરીખ.**

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૪ | ૧૫ | શ્વાસોશ્વાસ | શ્વાસોચ્છ્વાસ |
| ૩૯ | ૧૩ | આલકલિ | આલ્કલોઇડ |
| ૧૧૩ | ૨ | અનુશાસન, મૌસલ | અનુશાસન, અશ્વમેધ, મૌસલ |
| ૧૭૫ | ૨૦ | ૧૪ થી ૧૫ | ૧૭ થી ૨૧ |
| ૧૯૬ | ૨ | ઓછી | આછી |
| ૨૧૫ | ૧૦ | તાડપત્ર અસલના | તાડપત્ર—અસલના |
| ૨૧૯ | ૧૭ | શ્રી કૃષ્ણ ગીર | શ્રી કૃષ્ણ-ગીર |
| ૨૪૫ | ૧૭ | લૉડ ચેન્સેલર | લૉર્ડ હાઈ ચેન્સેલર |
| ૨૪૬ | ૨૪ | નોર્ડ એક્ષ રેઇઝ ફેલ્ટની | નોર્ડન્ફેલ્ટની |
| ૨૪૭ | ૪ | નીયોગ | પ્રયોગ |
| ૨૬૨ | ૧૮ | ચેન્સેલર ઑફ એક્ષચેકર | લૉડ હાઇ ચેન્સેલર |
| ૨૬૫ | ૧૫ | ટેક્નિકલ | ટેક્સ્ટાઇલ |
| ૩૩૨ | ૫ | ” | ” |
| ૩૩૩ | ૧૨ | દશાને તે | દશ અને તે |
| ૩૪૩ | ૧ | બી. એ. | એમ. એ. |
| ૩૬૧ | ૬ | લોકન્માય | લોકમાન્ય |
| ૩૬૯ | ૧૦ | પ્રતિષ્પિત | પ્રતિષ્ઠિત |
| ૩૭૩ | ૩ | છે. આ | છે.—**ટીપ**—આ |
| ૪૦૩ | ૨૭ | તરિ | તરિકે |
| ૪૦૮ | ૯ | ૧૮૬૩ | ૧૮૪૩ |

## છગનલાલ ઠાકોરદાસ મોદીએ તૈયાર કરેલાં પુસ્તકો વગેરેની યાદી.

| | રૂ. આ. પૈ. |
|---|---|
| (૧) ઈશાવતી—બીજી આવૃત્તિ... ... ... | ૧ —૮—૦ |
| (૨) નળાખ્યાન—દશમી આવૃત્તિ—કવિ પ્રેમાનંદ કૃત—૨૫ કડવાં—સટીક—(રા. રા.—દામુભાઈ ડાહ્યાભાઈ સાથે) | ૧ —૦—૦ |
| (૩) પુત્રી શિક્ષા ... ... ... ... | ૦ —૪—૦ |
| (૪) નીતિ બોધ ... ... ... ... | ૦ —૬—૦ |
| (૫) હિતવચન માળા ... ... ... | ૦ —૧—૦ |
| (૬) જ્ઞાનગમ્મતનાં પાનાંનો સટ ... ... | ૦ —૬—૦ |
| (૭) સામાન્ય જ્ઞાન પ્રશ્નમાળા... ... ... | ૧ —૦—૦ |

મળવાનાં ઠેકાણાં—

**મુંબાઈ**—ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ, કોટ.

**સુરત**—કરસનદાસ નારણદાસ, બૂકસેલર, નાણાવટ; તથા કર્તા તરફથી.

**વડોદરા**—મોહનલાલ મનસુખરામ, લહેરીપરા.

---

### વડોદરા રાજ્ય માટે

(૮) કમાન દડાનો ખેલ; (૯) દડી મારની રમત;
(૧૦) ગેડી દડાની રમત; (૧૧) જાળ દડાનો ખેલ;
(૧૨) બિઝિક નામની પાનાંની રમત— દોઢથી બે આના

| | |
|---|---|
| (૧૩) રાજધર્મ—મેકિઆવેલીના 'પ્રિન્સ'નું ભાષાન્તર... | ૦ —૮—૦ |
| (૧૪) શિશુ શિક્ષણ ... ... ... ... | ૧ —૮—૦ |
| (૧૫) દેશી રમતો—સચિત્ર ... ... ... | ૨ —૦—૦ |
| (૧૬) કિલ્લે ડભોઈનાં પુરાતન કામો ... ... | ૧૨—૦—૦ |
| (૧૭) ઉન્નતિ વિષે નિબંધ ... ... ... | ૦ —૨—૦ |
| (૧૮) બાળવિવાહ ઉપર વ્યાખ્યાન (મરાઠી ઉપરથી)... | ૦ —૨—૦ |
| (૧૯) સ્ત્રી શિક્ષણ ... ... ... ... | ૦ —૪—૦ |
| (૨૦) પાકશાસ્ત્ર ભા. ૧,૨,૩ ... ... ... | ૨ —૦—૦ |

### ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી માટે

| | |
|---|---|
| (૨૧) જીંદગીનો ઉપયોગ ... ... ... | ૧ —૦—૦ |

# સામાન્ય જ્ઞાન પ્રશ્નમાળાના ખુલાસા.

## ૧

૧. રાજ્યકર્ત્તા તરીકે પોતાની અનુપમ વિદ્વત્તા, અનેક સ્થળના પ્રવાસ, અને અનેક નાની મોટી વ્યક્તિઓના સહવાસથી મેળવેલો અનુભવ, પોતાની પ્રજાની માનસિક, શારીરિક અને આર્થિક સ્થિતિ સુધરે તેને માટે સતત કાળજી અને ખંત, સઘળા સુધારાનો પાયો કેળવણી છે તેવો દૃઢ મત, અને તેને માટે પ્રયાસ, પોતાની સુધરેલી અને દીર્ઘ દૃષ્ટિવાળી રાજનીતિ, વગેરે કારણોથી શ્રીમંત સયાજીરાવ મહારાજા ગાયકવાડ આખા હિંદુસ્તાનના દેશી રાજાઓમાં પહેલી પંક્તિના ગણાય છે.

૨. નર્મદા, તાપી, મહી, સરસ્વતી.

૩. ઘડી, છાયાયંત્ર, કાચની રેતીની શીશી, રાત્રે તારાઓ ઉપરથી જોવું, પગલાંવડે છાયા માપવી, ચંદ્ર સૂર્યની ગતિ, કુકડાનું બોલવું, શિયાળવાનું બોલવું, વગેરે.

૪. મહાભારતમાં; એમાં ભરતવંશના પુરૂષોનું ચરિત્ર છે અને ભારતના મહાન્ યુદ્ધનું વર્ણન છે, અને તે પુસ્તકનું કદ ઘણું મોટું છે માટે.

૫. એક કલાકમાં (૧) ૪૫ માઈલ, અને (૨) ૮૦ માઈલ.

૬. બ્રહ્મપુત્રા, સિંધુ, ગંગા, યમુના, હુગલી, ગોદાવરી, કૃષ્ણા, નર્મદા, તાપી.

૭. (૧) વટોદર—ઘણા વડની છાયામાં વસેલું માટે.
(૨) અહમદશાહ બાદશાહના નામપરથી.
(૩) વડનગરા નાગરપરથી.
(૪) વિસનગરા નાગરપરથી.
(૫) ભૃગુ ઋષિનું એ સ્થાન હતું તેપરથી.
(૬) ભગીરથ રાજાએ તપ કરી સ્વર્ગમાંથી આણેલી તેપરથી.
(૭) કાલિકા માતાના નામપરથી.
(૮) મૂળ સસ્કૃત જણાય છે.
(૯) હિમનું આલય, આલય એટલે સ્થાન—દેવાલય—શિવાલય; આ પર્વતપર હિમ બારે માસ રહે છે તેથી તેને હિમનું સ્થાન—હિમાલય એવું નામ આપ્યું છે.

૮. (क) શાક્ય મુનિ અથવા ગૌતમબુદ્ધ. (ख) બ્રહ્મદેશ, ટિબેટ, સિયામ, ચીન, તાર્તરી, લંકા (સીલોન), જાપાન. આ ધર્મ પાળનારની સંખ્યા લગભગ ૪૫ કરોડની છે.

૯. (૧) શરીર શુદ્ધ સ્વચ્છ રહેવા તથા આરોગ્યતાને માટે, ધાર્મિક તથા વૈદકિય કારણોને માટે.
(૨) આરોગ્યતાને હાનિ કરે છે.

૧૦. (૧) મુંબઈ, કલકત્તા, કરાંચી, મદ્રાસ, રંગુન, ચીતાગાંગ. (૨) તમ્બાકુ, ઘઉં, અફીણ, તેજાનો, હાડકાં, ચામડાં, સરસવ, ચાહ, શણ, રૂ, વગેરે.

૧૧. દિશામાં વ્યાપી રહેલો સ્થિરવાયુ તે હવા; ત્વચાને સ્પર્શ થાય છે તે પવન–હાલતો વાયુ.

૧૨. તુંબડાં, દેવદાર, સીમલાનું લાકડું, તેલ, દીવેલ, માખણ, ઘી, બરફ, નાળિયેર, બુચ વગેરે.

# ૨

૧. (૧) વડોદરાના મહારાજા સાહેબ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડને; (૨) વડોદરા રાજ્યને.

૨. (૧) ભરૂચ જીલ્લામાં શુકલતીર્થ પાસે નર્મદા નદીના બેટમાં; (૨) સુરત જીલ્લામાં બીલીમોરાથી ત્રીસ માઈલ; (૩) પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકામાં; (૪) સિદ્ધપુરમાં; (૫) પાટણમાં; (૬) ચાણોદ કરનાળીથી આસરે ૧૮ ગાઉ નર્મદા નદીપર.

૩. (क) (૧) મુંબઈથી એડન, પૉર્ટ સૈયદ, બ્રિન્ડિસી, ટયુરીન, પારિસ, કેલે, ડોવર, લન્ડન.

(૨) મુંબઈથી એડન, પૉર્ટ સૈયદ, માર્સેલ્સ, લીઑં, પારિસ, કેલે, ડોવર, લન્ડન.

(૩) મુંબઇથી એડન, પૉર્ટ સૈયદ, માર્સેલ્સ, જીબ્રાલ્ટર, લિસ્બન, લન્ડન.

(૪) મુંબઈથી એડન, પૉર્ટ સૈયદ, માલ્ટા, જીબ્રાલ્ટર, લિસ્બન, લન્ડન.

(૫) મુંબઈથી મોરીસિયસ, કેપ ઓફ ગૂડ હોપ, કેપ ટાઉન, પ્લિમથ, લન્ડન.

(૬) ૬૨૮૪ માઈલ.

૪. (૧) ટંડેલ, સરંગ, કપ્તાન. (૨) (એન્જીન) ડ્રાઈવર.

૫. (૧) ગુજરાતનો વાઘેલા વંશનો છેલ્લો રાજા.
(૨) કૌલાદેવી રાણી, અને દેવલદેવી દીકરી.
(૩) દેવગીરીના રાજાના કુંવર શંકળદેવને.

૬. શરીરની અંદરના લોહીમાંનો તથા ચામડીમાંનો ખરાબ પદાર્થ જળરૂપે ત્વચાના સૂક્ષ્મ છિદ્રોવાટે બહાર પડે છે તેને પરસેવો કહે છે. આમ થવાથી શરીરના અંદરના ભાગમાંથી વધારાની ગરમી બહાર નિકળે છે, અને જેટલી નિયમિત તથા મધ્યમ ગરમીવાળી સ્થિતિ જોઈએ તે રહે છે. જો પરસેવો નિકળવાનું ઓછું થાય તો લોહીમાં બગાડ થઈ રોગ થાય છે.

૭. (૧) અંગ્રેજી રાજ્યમાં (અથવા દેશી રાજ્ય હોય તો તે રાજ્યનું નામ); (૨) દિલ્હી (અથવા દેશી રાજ્ય હોય તો તેની રાજધાનીનું શહેર).

૮. સેન્ટીગ્રેડ, રોમર, ફેરનહીટ એ નામના થર્મોમિટરો, આલ્કોહોલ-થર્મોમિટર, એર (વાયુ) થર્મોમિટર, પાયરોમિટર, ડ્રાઈ એન્ડ વેટ બલ્બ થર્મોમિટર.

૯. (क) (૧) ગામ સંબંધી; (૨) મહાલ સંબંધી; (૩) આખા પ્રાન્ત સંબંધી (લોકલ ફંડનું) કામ કરનારી મંડળી.

(ख) (૧) ગ્રામ્ય પંચાયતઃ—જેમને મત આપવાનો હક હોય તે લોકો તરફથી તે ગામના વતનીઓ-માંથી બહુમતે ચુંટી કઢાયલા બે સભ્યો, તથા ગામનો તલાટી, પટેલ, અને શાળાનો મહેતાજી, એ પ્રમાણે આ મંડળીમાં પાંચ સભ્યો (મેમ્બરો) હોય છે.

(૨) મહાલ પંચાયતઃ—(૧) આખા મહાલની ગ્રામ્ય પંચાયતોના જથ્થા કરેલા હોય છે, તે જથ્થાવાળાં ગામોના ગ્રામ્ય પંચો મળી પોતાનામાંથી દરેક જથ્થા દીઠ બહુમતે ચુટી કાઢેલો એક પંચ. (૨) સરકાર તરફથી નિમાયલા પંચો. (૩) ઈનામી ગામોના ઈના-મદાર તરફથી ચુંટાયલો એક પંચ. (૪) સુધરાઈ અથવા વિશિષ્ટ પંચાયતના મેમ્બરો તરફથી ચુંટાયલો એક પંચ. ઉપર પ્રમાણે આ મંડળી માટે મેમ્બરો નિમાય છે.

(૩) પ્રાન્ત પંચાયતઃ—(૧) દરેક મહાલ પંચા-યતમાંથી ચુંટાયલા એક કે બે પંચ. (૨) સરકાર તરફથી નિમાયલા પંચ. (૩) આખા પ્રાન્તના ઈનામદારો તરફથી ચુંટાયલો એક પંચ. (૪) દરેક મોટી સુધરાઈ તરફથી

ચુંટાયલો એક પંચ. આ પ્રમાણે આ પંચાયતના મેમ્બરો નિમાય છે.

(ગ) લોકલ સેસની રકમ, તથા બીજી જે જે ઉપજો લેવાનું સરકાર તરફથી ઠરે કે રકમ અપાય, તેમાંથી વિદ્યાવૃદ્ધિ સંબંધી (પ્રાથમિક શાળાઓ માટે), લોકોની આરોગ્યતા સંબંધી, રસ્તા તથા રાહદારી રસ્તાનાં સાધન સંબંધી, ખેતીવાડીના સુધારા સંબંધી, વગેરે લોકહિતનાં કાર્યો કરાવવાં તથા દેખરેખ રાખવી વગેરે પ્રકારનાં કામ પંચાયતોને કરવાનાં હોય છે.

૧૦. રોંચો—અભણ વિવેક વગરનો ગામડીઓ; રાણો—ગોલો; પ્રજાપતિ—કુંભાર; પગી—ગામડાનું ચોકીનું કામ કરનાર, ચોરનાં પગલાં પારખી તેને શોધી કાઢનારો; મીયાં—મુસલમાન સરકારી પટાવાળા.

૧૧. મછવા, બતેલા, ફતેહમારી, વહાણુ, આગબોટ.

૧૨ અગ્નિ અને સૂર્યને.

# ૩

૧. મુખ્ય કાયદાઓ નીચે મુજબના છેઃ—

(૧) મ્યુનિસિપાલિટી—સુધરાઈ સંબંધી.

(૨) હિંદુ વિધવાના નિર્વાહ સંબંધી.

(૩) પ્રાથમિક કેળવણી ફરજીઆત કરવા સંબંધી.

(૪) બાળલગ્ન પ્રતિબંધક સંબંધી.

(૫) અન્યોન્ય સહકારી આંટ વધારનારી મંડળી સંબંધી.

(૬) ધર્માદા સંસ્થાના વહિવટ બદલ.

૨. મુંબઈથી પુને જતાં ઘાટપર લોણાવલાના સ્ટેશનથી છએક માઈલ દૂર. તે બૌદ્ધ લોકોનું મૂળ સ્થળ હતું એમ જણાય છે.

૩. ગોદાવરી (નાશક); કૃષ્ણા; તાપી (સુરત); નર્મદા (ભરૂચ); મહી (ખંભાત); સાબરમતી (અમદાવાદ).

૪. (क) નારંગી—રાતો અને પીળો મળીને; લીલો—પીળો અને વાદળી મળીને; જાંબુઓ—રાતો અને વાદળી મળીને.

(ख) સૂર્યનાં કિરણમાંથી.

(ग) રંગ વગરનું છે—એને રંગ નથી.

૫. (૧) અરણીનાં બે લાકડાં ઘસવાથી; (૨) ચકમકના પત્થર સાથે ચમકનું લોઢું (ખરૂં લોઢું—પોલાદ) ઠોકયાથી; (૩) સૂર્યકાચને સૂર્ય સામો ધરવાથી, અગ્નિ પ્રાપ્ત થાય છે.

૬. કીડીને કણ ને હાથીને મણ. ઊંટ મેલે આકડો, ને બકરી મેલે કાંકરો. બકરું કાઢતાં ઊંટ પેસે. સાપે છછુંદર ગળ્યું. કાણું ઘોડું ને કરડકણું. શાણાંને સાન, અને ગધેડાને ડફણાં. મોરનાં ઇંડાં ચીતરવાં ન પડે. ભેંસનાં શિંગડાં ભેંસને ભારે.

પાડાના પેટમાં દુખે ને પખાલીને ડામ. કુતરાની પૂંછડી ભોંયમાં દાટે, તોએ વાંકી ને વાંકી. દીકરી ને ગાય વળાવે ત્યાં જાય. ચાલતા બળદને આર મારવી. ખોદ્યો ડુંગર ને કાઢ્યો ઉંદર. કાગનો વાઘ કરવો-કોલાને કોટવાળી આવી ને હોલાને હવાલદારી આવી.

૭. (૧) દશરથ રાજાના પુત્ર શ્રીરામચંદ્રજીના ચરિત્રની કથા તે રામાયણ. (૨) વાલ્મીકિ ઋષિએ.

૮. ગાડીનાં પૈડાં અગર ત્યાં આગળનો કોઈ ભાગ ભાંગી જાય એવી સ્થિતિમાં આવ્યો હોય કે તડ પડી હોય તો તે ખોખરા અવાજથી જણાઈ આવે તે માટે.

૯. ગાયનું બરાડવું; ઘોડાનું ખોંખારવું; ઊંટનું ધાંધેડવું; ઘેટાનું બેં બેં કરવું; ભેંસનું આરડવું.

૧૦. જૂદા જૂદા પ્રકારનાં કંઠી, આડા ઉભા ટીલાં અને ચાંલ્લા વગેરેથી તથા તેના રંગથી.

૧૧. વડ, પિપળો.

૧૨. ભીંડીના—ભીંડીના છોડપરથી. શણના—શણના છોડપરથી. કેતકીના—કેતકીના છોડના સોટામાંથી. કાથી—નાળિયેરનાં છોડાંમાંથી. વાંસના—વાંસને કચરવાથી. કેળના—કેળના થડમાંથી. સુતર—રૂમાંથી. રેશમ—કીડામાંથી. ઉન—ઘેટાપરથી. વાળ—બકરાના, ઊંટના.

# ૪

૧. (૧) પોતાની પ્રજા ઉપર અનેક જ્ઞાતિ, ધંધા તેમજ સ્થાનિક રીત રિવાજ ઉપર જૂદી જૂદી જાતના નાના મોટા વેરાઓ–કર–હતા, તેવા લગભગ ૨૧૪ વેરા કાઢી નાખ્યા.

(૨) મોટે ખરચે વડોદરા શહેરથી ચૌદેક માઈલ દૂર આજવા પાસે સયાજી સરોવર બંધાવી નળવાટે વડોદરા શહેરમાં પાણી પૂરું પાડવામાં આવ્યું; અને એ જ પ્રમાણે ભાદરણ, પાટણ, સંખેડા, શિનોર વગેરે સ્થળે નળથી પાણી મળે એવી ગોઠવણો કરી છે.

(૩) બાગ કરાવ્યા છે તથા રસ્તાઓ પોહોળા અને ખુલ્લા કરાવવામાં આવ્યા છે.

(૪) રાજ્યના જૂદા જૂદા ભાગમાં રેલ્વે બંધાવવામાં આવી છે.

(૫) (क) કેળવણી (છોકરાઓ, કન્યાઓ અને સ્ત્રીઓને) આપવા માટે અનેક નાની મોટી સંસ્થાઓ સ્થાપવામાં આવી છેઃ–પ્રાથમિક શાળાઓ (ગુજરાતી, મરાઠી, ઉર્દુ, અંત્યજ), ટ્રેનિંગ કૉલેજો, આર્ટસ કૉલેજ, કળાભવન, ઉદ્યોગ શાળાઓ, અંગ્રેજી શાળાઓ, ગાયન શાળાઓ.

(ख) પ્રાથમિક કેળવણી બધાં ધોરણોમાં મફત અપાય છે.

(ग) કલાભવન તથા વડોદરા કૉલેજમાં ફી ઘણી કમી રાખેલી છે.

(घ) ટ્રેનિંગ કૉલેજમાં શિક્ષણ મફત અપાય છે, અને તે ઉપરાંત શિષ્યવૃત્તિ અપાય છે.

(૬) વડોદરા શહેરમાં એક નમુનેદાર સંગ્રહસ્થાન રાખવામાં આવ્યું છે.

(૭) લોકોની સુખાકારી માટે અનેક તજવીજો થયેલી છે. ઘણે સ્થળે દવાખાનાં રાખવામાં આવ્યાં છે, તેમજ સ્ત્રી ડાક્ટરોની મદદ પ્રજાવર્ગને મળે તેવી ગોઠવણો કરી છે. રક્તપિત્તિયાનું દવાખાનું નર્મદાકાંઠે અનસૂયામાં રાખેલું છે. ખરાબ ઋતુના વખતમાં (મેલેરિયા, પ્લેગ વગેરે વખતે) ગામડાંના લોકોને દવા અને ડાક્ટરની મદદ મળે એવી ગોઠવણો કરી છે.

(૮) ન્યાય આપવાનું કામ રેવિન્યુ ખાતાના અમલદારો પાસેથી છુટું પાડી ન્યાયખાતાને જ સુપરત કરવામાં આવ્યું છે.

(૯) સ્થાનિક સ્વરાજ્ય માટે ગ્રામ્ય પંચાયત, મહાલ પંચાયત, પ્રાંત પંચાયત, સુધરાઈઓ, ગ્રામ્ય ન્યાયાધીશોની વ્યવસ્થા કરવામાં આવી છે; તે ઉપરાંત ધારાસભા સ્થાપન કરી તેમાં લોકજ્ઞ સભાસદ નિમવામાં આવે છે.

(૧૦) પ્રજાવર્ગને જ્ઞાન વધારવાના સાધનરૂપ લાઈબ્રેરીઓ અનેક સ્થળે સ્થાપવામાં મદદ કરવામાં

આવી છે અને તેવી અનેક સંસ્થાઓ ઉઘાડવામાં આવી છે.

૨. (૧) આબુ પર્વતની; (૨) શિરોઈના ડુંગર, સાતપુડા અને વિંધ્યાચળની.

૩. (૧) ફાળકામાં ધરીને ફરતા દાંડા જડેલા હોય છે, અને તેને દોરડું વિટલાય છે; ગરગડીમાં ખોભણુવાળું ચક્કર હોય છે અને તેમાં દોરડું રહે છે; રેંટમાં ફાળકો ઉભો રાખે છે, તેની આસપાસ ચક્કરમાં બળદ ફરે છે, તેથી તેને દોરડું વિટલાય છે; કુવામાંથી પાણી કાઢવામાં તેનો ઉપયોગ થાય છે. (૨) વચ્ચે ટેકો હોય છે.

૪. મંદિર–એ વૈષ્ણવોનું–ઠાકોરજીનું; દહેરું–એ મહાદેવજીનું; દેવળ–એ ખ્રિસ્તી લોકોનું પ્રાર્થના કરવાનું મકાન; અગિયારી–એ પારસી લોકોની ધર્મની ક્રિયા કરવાની જગ્યા; મસજીદ–એ મુસલમાન લોકોને નિમાજ પઢવાની બાંધેલી જગ્યા; મઠ–બાવા, ગોસાંઈ, સાધુસંતને રહેવાની જગ્યા; દેરાસર–જૈન કોમના દેવનું મકાન; અપાસરો–(ઉપાશ્રય) જૈન ગોરજીને રહેવાનું ઠેકાણું; અખાડો–સાધુઓનો આશ્રમ.

૫. માળવામાં. સોરંગીની ખેતી ઘાટ (સહ્યાદ્રિપર્વત) પર પણ ઘણી થતી હતી.

૬. (૧) પોહોળા માપની–૫ ફી. ૬ ઈં. ની (બ્રૉડ ગેજ); (૨) મધ્યમ માપની–૩ ફી. ૩$\frac{3}{8}$ ઇંચની

(મિટર ગેજ); (૩) સાંકડા માપની ૨ ફી. ૬ ઈં. ની (સ્મૉલ ગેજ); (૪) આ ઉપરાંત કોઈ કોઈ સ્થળે બે ફીટના માપની (ફીડર લાઈન–નાની શાખા રેલવે) હોય છે.

૭. (क) નરસિંહ મહેતા કૃત–બાળલીલા, સહસ્રપદી રાસનાં પદો, ગોવિંદગમન, પ્રભાતિયાં વગેરે.

ભાલણ–નળાખ્યાન, ભાગવત, દશમસ્કંધ, ધ્રુવાખ્યાન વગેરે.

પદ્મનાભ–કાન્હડદે પ્રબન્ધ.

ભીમ–હરિલીલા ષોડશકળા.

નાકર–શિવ વિવાહ, વિરાટપર્વ, ઓખાહરણ.

વસ્તો–શુકદેવ આખ્યાન.

વચ્છરાજ–રસમંજરી.

શિવદાસ–ડાંગવ આખ્યાન.

અખો–અખે ગીતા, ગુરુશિષ્ય સંવાદ, વગેરે.

પ્રેમાનંદ–નળાખ્યાન, ઓખાહરણ, દ્રૌપદીહરણ, મામેરું વગેરે.

શામળભટ્ટ–નંદબત્રીશી, અંગદવિષ્ટિ, શિવપુરાણ, સુડા બોહોતેરી, મદનમોહના, બરાસ કસ્તુરી વિગેરે.

(ख) શ્રીમંત સયાજીરાવ મહારાજા ગાયકવાડ, ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી, કવિ નર્મદાશંકર, કવિ દલપતરામ, રા. બા. હરગોવિંદદાસ દ્વારકાદાસ, રા. સદ્‌ગત ઇચ્છારામ સૂર્યરામ, રા. છોટાલાલ નરભેરામ ભટ્ટ, રા. નાથાશંકર પુન્જાશંકર શાસ્ત્રી.

૮. ઘી, માંસ, કેટલાંક કઠોળ, તેલવાળા પદાર્થ.

૯. જયચંદ્ર રાઠોડ કનોજનો રાજા; પૃથુરાજ સાથે વેર રાખી તેને મદદ ન કરતાં શાહાબુદ્દીન ગોરીને તે મળી ગયો હતો.

૧૦. છપ્પા.

૧૧. કુરાન.

૧૨. (૧) ઘઉં, ચણા, કઠોળ, જવ, જુવાર. (૨) જુવાર, બાજરી, બાવટો, કોદ્રા, ડાંગર વગેરે.

## ૫

૧. ઉત્તરે શ્રીબદ્રીકેદાર; પશ્ચિમે દ્વારકામાં શ્રીરણછોડજીનું; દક્ષિણે સેતુબંધ રામેશ્વર; પૂર્વમાં જગન્નાથ પુરી.

૨. જાતે (શરીરે) સુખી રહેવું તે.

૩. અક્ષાંશવૃત્ત અને રેખાંશવૃત્ત; એનાથી ઉત્તર દક્ષિણ અને પૂર્વ પશ્ચિમ માપ કઢાય છે.

૪. (क) આપ સમાન બળ નહીં, મેઘ સમાન જળ નહીં.

(ख) પિપળ પાન ખરંતાં, હસતી કુંપલિયાં;
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપડિયાં.

(ग) નહીં ત્રણમાં, નહીં તેરમાં, નહીં છપ્પનના મેળમાં.

(घ) ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર.

અર્થ–(क) જેમ વરસાદના જેવું બીજું જળ નહીં, તેમ પોતાના જેવું બીજું બળ નહીં, અર્થાત્ વરસાદ શિવાય બીજું ગમે તેટલું પાણી રેડવામાં આવે તો પણ વરસાદની ખોટ પૂરી પડે નહીં, તેજ પ્રમાણે પોતાનું કામ પોતે કરે તે જેવું સારૂં થાય તેવું બીજા પાસે કરાવવાથી સારૂં થાય નહીં.

(ख) પિપળાનાં પાંદડાં પાકાં થાય છે, ત્યારે ખરી પડે છે, તે જોઇને નવી કુંપળો હસે છે; ત્યારે ખરતાં પાંદડાં તેને કહે છે કે મને વીતી છે તેવી તને વીતશે, માટે હે બાપુડિયાં, તમે ધીરજ પકડો; મતલબ કે ઘરડાં માણસને જોઈ જુવાન કે છોકરાંએ તેની મશ્કરી કરવી નહીં, કારણ તેમને પણ તેવો વખત આવશે.

(ग) ત્રણમાં નહીં, તેરમાં નહીં, અને છપ્પનના મેળમાં પણ નહીં; ચરોતરના પાટીદારોમાં સૌથી ઉંચાં કુળવાળાં ગણાતાં ત્રણ ગામ છે, તેથી ઉતરતાં તેર છે, અને તેથી ઉતરતાં છપ્પન ગામ છે, તેમાંથી એકેમાં નહીં એવું; મતલબ કે હિસાબ વગરનું.

(घ) જે માણસ ઉતાવળથી કામ કરે છે, તેના કામમાં ભૂલ થવાનો સંભવ રહે, અને પાછળથી તે ગભરાય છે; જે માણસ ધીરજથી કામ કરે છે, તેને ગભરામણ ન થતાં ગંભીર (શાન્ત) રહે છે. જ્યારે કોઈ માણસ ઉતાવળથી કામ કરે છે, અને તે સારૂં થતું નથી ત્યારે આ કહેવત કહે છે.

૫. (૧) દિંડવાંવાળા એક જાતના છોડના અગર ઝાડનાં પીળા રંગનાં અને સુગંધીદાર ફૂલમાંના તંતુ. (૨) હિમાલય પર્વતપર, કાશ્મિર, ઈરાન તથા તુર્કસ્તાનમાં થાય છે.

૬. દિગમ્બર, શ્વેતાંબર, ઢુંઢિયા.

૭. જેવા વાસણમાં ભરીએ તેવો એનો આકાર થાય; એનો રેલો ચાલે છે.

૮. સિંધવ.

૯. દૂધ, ચાહ, કાફી, દારૂ, તાડી, સરબત, સોડા વૉટર, લેમોનેડ વગેરે.

૧૦. ડુંગરથી મોટા અને લાંબા તે પહાડ કે પર્વત; આસપાસની જમીન કરતાં ઉંચા ભાગો તે ટેકરા; જમીનની સપાટીથી ઘણો ઉંચો ગયેલો અને લાંબો પથરાયેલો મોટો ટેકરો તે ડુંગર; જેમકે પાવાગઢના ડુંગર, શિવાલિક પહાડ, આબુ, સહ્યાદ્રિ, હિમાલય પર્વત.

૧૧. (૧) જે આગગાડીમાં (રેલ્વે ટ્રેનમાં) ટપાલ જાય છે તેને મેલ ટ્રેન કહે છે; તેનો વેગ વધારે હોય છે અને નાનાં સ્ટેશને ઉભી રહેતી નથી. (૨) જે આગબોટમાં ટપાલ જાય છે તે મેલ સ્ટીમર. (૩) સાધારણ રીતે, ટપાલ આવ્યો નથી; વિલાયતના મેલ—ટપાલના સંબંધમાં વિશેષ કરીને આ શબ્દો વપરાય છે.

૧૨. હ્રદય, ફેફસાં; પેટના ભાગમાં પાચન કરનારા જઠર, યકૃત્, બરોળ, મૂત્ર પીંડ ( કિડની ), આંતરડાં ( નાનાં ને મોટાં—નાનાંની લંબાઈ ૨૨ ફીટ ને મોટાંની ૬ ફીટ હોય છે). સ્ત્રી વર્ગમાં યુટરસ, ગર્ભાશય, ગર્ભ પીંડ.

## ૬

૧. (क) દશરથ; અયોધ્યામાં. (ख) પહેલી ત્રણ દશરથ રાજાની રાણીઓ હતી. મંથરા કૈકેયીની દાસી હતી.
૨. પવિત્રતા, અહિંસા, સાચું બોલવું, બ્રહ્મચર્ય, ચોરી ન કરવી તે, ક્ષમા, દયા, સરળતા, ધીરજ, થોડું ખાવું, આ દશ યમ કહેવાય છે; સિદ્ધાંતનું શ્રવણ, આસ્તિકપણું, સંતોષ, પ્રભુનું પૂજન, તપ, જપ, વ્રત, અને દાન એ નિયમ કહેવાય છે.
૩. (૧) વસન્ત—ફાગણ, ચૈત્ર. (૨) ગ્રીષ્મ—વૈશાખ, જેઠ. ( ૩ ) વર્ષા—આષાઢ, શ્રાવણ. (૪) શરદ—ભાદરવો, આશો. (૫) હેમન્ત—કારતક, માગસર. (૬) શિશિર—પોષ, માહ.
૪. શરીરનું સમતોલપણું રાખવા માટે, કે જેથી ગુરૂત્વ મધ્યબિંદુ પાયામાંથી ખસી જાય નહીં.
૫. (૧) તમ્બાકુ, અફીણ, કપાસ, ઘઉં. (૨) દિવાસળી, લોઢાનાં યંત્રો, સુતરાઉ કાપડ, કાગળ, પરચુરણ સામાન, રમકડાં વગેરે.

૬. (૧) ગવર્નરોના તાબામાં (क) મુંબઈ ઈલાકો, (ख) મદ્રાસ ઈલાકો, (ग) બંગાળા ઈલાકો. (૨) લેફ્ટેનન્ટ ગવર્નરોના તાબામાં (क) વાયવ્ય પ્રાંત, (ख) જોદ્ધા પ્રાંત, (યુનાઇટેડ પ્રોવિન્સીસ) (ग) પંજાબ પ્રાંત, (घ) બરમા અને (ङ) બિહાર. (૩) ચીફ કમિશનરોના તાબામાં–(क) મધ્ય પ્રાંત, (ख) આસામ, (ग) કુર્ગ, (घ) અજમેર.

૭. પ્રમાણે; રૂપિયા; પરીખ; ઉધાર; જમા.

૮. મચ્છ, કચ્છ, વરાહ, નરસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ, કલ્કિ.

૯. તેમાં પ્રથમ દીવો દોરીવડે ઉતારવો, અને દીવો ઓલવાઈ જાય તો હવા ખરાબ છે એમ સમજવું.

૧૦. શિખ લોકોના ધર્મનું–સોનાનું દહેરૂં(ગોલ્ડન ટેમ્પલ); એને હરિ–મંદિર અથવા દરબાર સાહેબ પણ કહે છે.

૧૧. રેલ્વેની ગાડી દિવસે ઉભી રાખવા લાલ નિશાન–વાવટા ધરવા કે હલાવવામાં આવે છે, અને ચલાવવા લીલાં નિશાન ધરે છે; રાત્રે લાલ અને લીલા રંગના કાચવાળાં ફાનસોનો ઉપયોગ કરવામાં આવે છે. સાધારણ રીતે લાલ રંગ–એ ભયની નિશાની ઠરાવેલી છે.

૧૨. શરદ્, વસંત, અને ગ્રીષ્મ ઋતુમાં.

# ૭

૧. હવાની પ્રાણીમાત્રને જરૂર છે તેમ પાણીની પણ ખાસ જરૂર છે. ન્હાવા ધોવામાં, પીવામાં, સ્વચ્છતાનાં કામો માટે ઉપયોગી છે; તેમ સંચા ચલાવવામાં, વરાળ કરવામાં તેનો ઉપયોગ થાય છે.

૨. (૧) રેતી કે સીલીકા કે ચકમક, સોડા અને પોટાસ. (૨) અનેક જાતની ચીમની, વાસણ, આરસા, બરણી, શીશીઓ, બારીઓ માટે, દૂરબીન વગેરે યંત્રો.

૩. (૧) ઘરની બાંધણીમાં ઉંચાઈ. (૨) ભીંતોને કોલ દીધા પછી સલ્લો દઈ ઘસેલું તે. (૩) દાણા ભરવાની વખાર. (૪) ઘરમાં આગળ બેસવા ઉઠવાને રાખેલો મોટો ઓરડો. (૫) છાપરાના સાકટા સાથે જડેલી પાટિયાની જે ચીપ તે. (૬) બારીની આગળ રસ્તાપર કઠેરો કાઢી વધારેલો ભાગ—ગોખ.

૪. (क) ગાડીમાં દરેક ડબ્બામાં એક ભુંગળીમાં સળંગ સાંકળ રાખવામાં આવે છે તે ખેંચવાથી ગાડી ઉભી રહે છે. (ख) સબળ કારણ વગર સાંકળ ખેંચનારનો એટલે ગેરઉપયોગ કરનારનો રૂ. ૫૦ દંડ થાય છે.

૫. ગોળ, કોઠી, મોર, કોડ, સોળ, ખોળ, ડોળ, ખોડો.

૬. પ્રેમલક્ષણાભક્તિ.

૭. એમને એમ સળગી ન ઉઠે માટે.

૮. આબુનાં દહેરાં, શેત્રુંજાનાં દહેરાં, ડભોઇનો કિલ્લો, અમદાવાદમાં રોજા વગેરે.

૯. કાર્બોનિક એસિડ ગ્યાસનો.

૧૦. અમદાવાદી (ચોપડા બાંધવાના), ફુલ્સકેપ, ફ્રેન્ચ, સાહેબખાની, મધગડી, ખંભાતી, બ્રાઉન પેપર, બ્લોટિંગ પેપર (સાહી ચૂસ કાગળ), છાપવાના કાગળ, ચીનાઈ કાગળ (રંગવાળા).

૧૧. લક્ષ્મણ, સુગ્રીવ, અંગદ, હનુમાન, જાંબુવાન, વિભીષણ.

૧૨. (क) મોટાં ગામ કે શહેરના લોકોની કેળવણી, આરોગ્યતા, દવાખાનાં અને સ્થાનિક રસ્તા વગેરેનાં બાંધકામના સંબંધનું કામ કરનારી મંડળી. (ख) ગામ કે શહેરમાં રસ્તા કરાવવા તથા સુધરાવવા, દીવાબત્તી કરાવવી, સફાઈ રખાવવી, રસ્તાપર પાણી છંટાવવું, ગેરરીતે જમીનનું દબાણ થતું અટકાવવું, સ્વચ્છ પાણી પૂરું પાડવું, નળ હોય તો પાણી પહોંચાડવું એ વગેરે બાબતોના સંબંધનું કામ.

## ૮

૧. (क) યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, નકુળ, સહદેવ. (ख) પિતા પાંડુ; માતા–કુન્તી–પહેલા ત્રણની, અને માદ્રી–છેલ્લા બેની.

૨. (क) ખુલ્લી અને સ્વચ્છ હવા, સ્વચ્છ પાણી, ગુણકારી ખોરાક, કસરત, નિયમિત આહારવિહાર.
(ख) ખરાબ હવા, નઠારૂં પીણું, પચે નહીં એવો અને વધારે ખોરાક ખાવો, આળસ, અનિયમિતપણું, વગેરે.

૩. (क) ભોંયમાંથી મટોડા સાથે મળેલું નિકળે છે.
(ख) લોઢાની કાચી ધાતુ.
(ग) ભઠ્ઠીમાં ગાળીને.
(घ) ત્રણઃ-પોલાદ, ધડતરનું, ભરતનું.

૪. વરાળ.

૫. દેવી ભક્તનાં—અંબાજી, કાલિકા માતા (પાવાગઢ), બહુચરાજી.
વૈષ્ણવનાં—દ્વારકા, ડાકોરજી.
સ્વામી નારાયણના—વડતાલ, અમદાવાદ, ગઢડા (ભાવનગર પાસે), જુનાગઢ, ભૂજ.
જૈનનાં—ભોયણી (કડી પાસે), સેત્રુંજા (પાલિતાણા), આબુ, ગિરનાર, તારંગા (વડનગર પાસે).
પરચુરણ હિંદુઓનાં—ચાણોદ, કરનાળી, સામળાજી, સિદ્ધપુર, વૌઠા, શુકલતીર્થ.
પારસીઓનું—ઉદવાડા—સંજાણ પાસે.
મુસલમાનનાં—મીરાદાતાર (ઉનાવા, કડી પ્રાંતમાં), દેલમાર (કડી પ્રાંતમાં).

૬. કેટલાકના કહેવા પ્રમાણે—ધનવન્તરી, ક્ષપણક, અમરસિંહ, શંકુ, વેતાલ ભટ્ટ, ઘટખર્પર, કાલિદાસ, વરાહમિહિર, અને વરરૂચિ. કેટલાકના

કહેવા પ્રમાણે આ નવ રત્ન વિક્રમ રાજાના દરબારમાં હતા. વળી એમ જણાવવામાં આવે છે કે ભોજ રાજાના દરબારમાં નીચે જણાવેલા કવિ વગેરે હતાઃ–કાલિદાસ, બાણુ, ભવભૂતિ, દણ્ડિ, વરરૂચિ, મયૂર, રેફ્ણ, હરિશંકર, કલિંગ, વિનાયક, મદન, કોકલ, તારેન્દ્ર વગેરે.

૭. બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ, બૃહસ્પતિ, શનિ, યુરેનસ, નેપચ્યુન, એ આમાં આપેલે ક્રમે ફરે છે.

૮. આંબાનાં પાંદડાંને ધાર સાદી હોય છે અને આસોપાલવનાં પાંદડાંને દાંતા હોય છે; આસોપાલવનાં પાંદડાં વધારે ચળકતાં અને સુવાળાં હોય છે.

૯. ઋષભદેવ–આદિનાથ.

૧૦. શ્રીકૃષ્ણ ભગવાનના સહાધ્યાયી. (૨) બ્રાહ્મણ. (૩) દ્રવિડ દેશ. (૪) બન્ને સાંદીપની ગુરૂને ત્યાં અભ્યાસ કરતા હતા, દરમ્યાન એકવાર લાકડાં ફાડવા જંગલમાં ગયા હતા; ત્યાં સુદામા પોતે એકલા ચણા ખાઈ ગયા તેથી દારિદ્રય આવ્યું હતું. પછી શ્રીકૃષ્ણને દ્વારકામાં મળવા ગયા ત્યારે પૌંઆ લઈ ગયા હતા, તે શ્રીકૃષ્ણે ખાધા અને પછી સુદામાનું દારિદ્રય ફિટ્યું.

૧૧. (૧) ખેડા જીલ્લામાં ભાદરણ અને બોરસદ તાલુકામાં. (૨) વડોદરા રાજ્યનાં કડી પ્રાંતમાં વિશેષ કરીને સિદ્ધપુર મહાલમાં.

૧૨. મુંબઈ સરકાર તે ગવર્નર અને તેમની મદદ કર-

નારી કાઉન્સિલ. હિંદુસ્તાનની સરકાર તે ગવર્નર જનરલ (વાઇસરૅાય) અને તેમની મદદ કરનારી કાઉન્સિલ.

## ૬

૧. (क) કોઈ કામ કરવાને માટે તેનાં સાધન ભેગાં કરતાં કંઈ કંઈ ખૂટતું રહે અગર કાંઈ કાંઈ નવી અડચણ ઉભી થાય તે સંબંધે બોલાય છે.
(ख) કંઈ વસ્તુ બીજાને આપતાં તે વધારે માગે અને અપાય તેવે પ્રસંગે અથવા કંઈ કામ કરતાં હરકતો આવતી હોય અને વધારે અડચણ આવે તો તેવે પ્રસંગે બોલાય છે.
(ग) પ્રથમ કંઈ ન હોય, પછી થોડા પૈસા મળે અને તે પછી લોભથી વધારે મેળવવા પ્રયત્ન કરવો તે. નવ્વાણું રૂપિયા ભેગા થયા પછી સો કરવાની ઉત્કંઠા થાય તે; સામા માણસનું કરકસરિયાપણું બતાવવા વપરાય છે.
(घ) દેવાનું વ્યાજ ચઢે છે તે. નવ રામ એટલે નવ આના વ્યાજ ચઢતાં ઘણું વ્યાજ ચઢી જાય છે; મતલબ કે—વ્યાજે નાણું ન કાઢવું. દેવાવાળાને શિખામણ રૂપે વપરાય છે.

૨. હોળીમાં ગેડીદડા તથા આટાપાટા; ઉત્તરાયણપર પતંગ (કનકવા) ચગાવવા; દિવાળીમાં દારૂખાનું ફોડવું.

૩. શંખ, શંખલા, છીપો, ચક્ર, કોડા, કોડીઓ, રેતી, પત્થર, મોતી.

૪. નગરનો રહેવાસી. પોતાના ગામ, પોતાના દેશ અને પોતાના રાજ્ય પ્રત્યે પોતાની ફરજ બજાવનારો પુરૂષ.

૫. જાતે–શરીરે નર્યાં–રોગરહિત, સાજા હોય એ માણસને મોટામાં મોટું અને પહેલું સુખ છે; કેમકે શરીરે સાજા ન હોય તેનાથી કંઈ કાર્ય થઈ શકતું નથી, તેમ કંઈ ભોગ ભોગવાતા નથી કે કાંઈ વસ્તુ પ્રિય લાગતી નથી.

૬. ચાર–ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અને અથર્વવેદ.

૭. (क) રેશમના કીડા થાય છે તે સેતુર ઝાડનાં પાંદડાં ખાઇને પોતાના શરીરમાંથી રેશમના તાર કાઢે છે.
(ख) મ્હૈસુર, બંગાળા, કાશ્મિર, પંજાબ વગેરે.

૮. વિજળીના દીવા થાય છે; ટ્રામવે, આગગાડી, આગબોટ વિજળીથી ચલાવે છે; તારના સંદેશા મોકલાય છે; નાના મોટા સંચા ચાલે છે વગેરે.

૯. (क) નર્મદા (એની લંબાઈ ૮૦૧ માઇલ છે).
(ख) ભરૂચ, શુક્લતીર્થ, શિનોર, ચાણોદ, કરનાળી, તીલકવાડા.

૧૦. મહમદ ગજનવી–એ અફઘાનિસ્તાનમાંથી ગજનીથી આવ્યો હતો. (૨) શાહબુદ્દીન ગોરી–એ અફઘાનિસ્તાનમાંથી ગજનીથી આવ્યો હતો. (૩) બાબર-સમરકંદમાંથી અફઘાનિસ્તાનમાં આવી, ત્યાંથી આ

દેશપર તેણે ચઢાઈ કરી હતી. (૪) તૈમુર–સમરકંદ અને બુખારામાંથી. (૫) નાદિરશાહ–ઇરાનમાંથી.

૧૧. સોનું, રૂપું, કલાઈ, પિત્તલ, એલ્યુમિનિયમ વગેરે.

૧૨. (क) કિનખાબ, ગજીઆણી, પટોળાં, પીતામ્બર, સોળાં, બંગાળાં, મગીઆં, મશરૂ, મુગટા, સાડીઓ (બુટ્ટાદાર કે સાદી–નાની મોટી)

(ख) અમદાવાદનું.

## ૧૦

૧. સત્ય–નીતિથી વર્તનારા, પ્રતિજ્ઞા પાળનારા, સંબંધીઓના સાચા સ્નેહી, શસ્ત્રશાસ્ત્રમાં પ્રવીણ, રાજનીતિમાં કુશળ અને ધર્મનિષ્ઠ એવા હતા.

૨. રામાયણ.

૩. પરસેવામાંથી નિકળતો મેલ કપડાંને ચોટે છે, અને મેલાં કપડાંનો મેલ શરીરપરનાં છિદ્રોને પૂરી શરીરની અંદરનો મેલ બહાર નિકળવા દેતો નથી, અને દુર્ગંધી હવામાં મળી શ્વાસોશ્વાસમાં જાય છે.

૪ (૧) ઉમિયા માતા–કડી પ્રાંતમાં ઉઝા ગામમાં. (૨) કડી પ્રાંતમાં સિદ્ધપુર તાલુકામાં ઉનાવા ગામમાં. (૩) પાવાગઢ ઉપર. (૪) કડી પ્રાંતમાં બહુચર ગામ પાસે.

૫. રહેવાનું જે ગામમાં, જે તાલુકામાં, જે જીલ્લામાં (અગર વડોદરા રાજ્ય હોય તો જે પ્રાંતમાં) અને તે જીલ્લો (કે પ્રાંત) જે ઈલાકામાં આવ્યો હોય તે ઈલાકો, હિંદુસ્તાન દેશ, એશિઆ ખંડ.

૬. (क) કપડાંના–કંતાનના. (ख) જબલપુર તથા કાનપુરમાં. (ग) એક ખાંભી (સ્તંભના), બે ખાંભી, રાવટી, શેમીયાના (મંડપ આકારના).

૭. (૧) અમદાવાદ તથા મુંબઈમાં.

(૨) ડાકટર નીલકંઠરાય ડાહ્યાભાઈ છત્રપતિએ.

૮. (क) કપૂર એ વનસ્પતિ પેદાશ છે. કપૂરનાં ઝાડ આંબા અને રાયણનાં જેવાં મોટાં જબરજસ્ત થાય છે. ધારવાળા હથિયારવડે ઝાડમાં કાપ મૂકે છે, અને કાપ મૂકેલી જગ્યા નીચે ઝાડના થડ આગળ ખાડો કરે છે; આમાં ઝાડનો રસ ટુઝતો ટુઝતો આવી ઠરે છે, અને તે જામી જાય છે; કપૂર એ નક્કરરૂપે સુગંધીદાર તેલ છે.

(ख) આરતીમાં વપરાય છે; સૂક્ષ્મ જીવજંતુને હાનિકર્ત્તા છે, તેથી જંતુનાશક પદાર્થ તરિકે વપરાય છે; ઓસડમાં વપરાય છે. (ग) દારૂ (આલ્કોહોલ) માં.

૯. (क) (૧) વસ્તુ માત્ર ક્ષણિક ને દુઃખરૂપ છે; (૨) આત્મવાદ તજી અનાત્મવાદ ગ્રહણ કરવો; એટલે હુંપણું તજવું; (૩) તૃષ્ણા અને તૃષ્ણામાંથી ઉપજતા 'ઉપાદાન' (વિષય–ગ્રહણ)નું નાશ થવું–એટલે પુનર્જન્મ અને જન્મમરણ રહિત થવું–નિર્વાણ પામવું; મનુષ્યના હૃદયમાં હુંપણું, અને રાગ–દ્વેષ વગેરે જે જે વૃત્તિઓ સળગે છે, તેનું બુઝાઈ જવું.

(ख) હિંસા ન કરવી; ચોરી ન કરવી; અસત્ય

ન બોલવું; મદ્યપાન ન કરવું; બ્રહ્મચર્ય પાળવું.

૧૦. તેલ, એ પાણી ઉપર તરે છે.

૧૧. (૧) જ્યાં ખાડા ટેકરા ન હોય અને બધી જમીન સરખી હોય તેવો મુલક. (૨) જ્યાં ઘણા ટેકરા ટેકરીઓ અને ઊંડી ખો હોય તેવો મુલક.

૧૨. (૧) ભરણું–કચેરીના સરાફે કે તલાટીએ સરકારને ત્યાં નાણું પહોંચાડવું–મોટી ત્રીજોરીમાં ભરવું તે.

(૨) તગાવી–ખેડુત પાસે ખેતી કરવાનું સાધન (બળદ લેવા, કુવા કરાવવા, બી ખરીદ કરવા વગેરે) ન હોવાથી સરકારે તેની પાસેથી ખત લખાવી લઇને જે નાણું, અથવા સાધન, આગળથી ધીરેલું હોય તે.

(૩) મુકર્દમો–કચેરી–કોર્ટમાં ચાલેલો જે અમુક કામનો ઇનસાફ તે (કેસ).

(૪) પહોંચ ચોપડી–નાણાં પહોંચ્યા બદલ તલાટી ખેડુતને જેમાં પાવતી લખી આપે, તે ઠરાવેલા નમુનાની ચોપડી.

(૫) હુંડી–કોઇક ઠેકાણાના કોઇક શાહુકારને ત્યાં નાણાં ભરી તેની પાસેથી, બીજા કોઈ ઠેકાણાના સાહુકાર પાસેથી મુદતે નાણાં મળે એવી જે ચિઠ્ઠી તેનાપર લખાયલી તે.

(૬) મનિ ઓર્ડર–બીજે ગામ રૂપિયા લેવા મોક-

લવાના હોય, તે પોસ્ટ ઑફીસમાં ભરવા લેવાની પદ્ધતને મનિ ઑર્ડર કહે છે.

(૭) ચોરો—તલાટી પટેલને સરકારી કામ કરવા ગામમાં બેસવાની જગ્યા હોય છે તે; ગામમાં પટેલો વગેરેને બેસવાની જગ્યા હોય છે તે.

## ૧૧

૧. સુરપાણજી, કરનાળી, ચાણોદ, શુકદેવજી, વ્યાસ, ભરૂચ, તવરા (ભાડભુત).

૨. (क) સો. (ख) દુર્યોધન. (ग) માતા—ગાંધારી, પિતા—ધૃતરાષ્ટ્ર.

૩. (૧) રાજા—એકાદા દેશના લોકનું પાલણ—સંરક્ષણ કરનારો, જેને લોકો પોતાનો સૌથી વડો—મુખી સમજે છે અને જેની સત્તાને માન આપીને આજ્ઞામાં વર્તે છે, તેમ જે યશસમૃદ્ધિથી શોભે છે, તે શ્રેષ્ઠ પુરુષ.

(૨) પાદશાહ—બાદશાહ; નવાબ (મૂળ અર્થ બાદશાહની તરફથી હાકમી કરવા મોકલેલો અમલદાર; હાલ કેટલાંક મુસલમાની સંસ્થાનના રાજ્યકર્ત્તા નવાબ કહેવાય છે; જેમકે, જુનાગઢના નવાબ).

૪. ટાઢિયો, એકાંતરિયો, ચોથિયો, મુદતી, વિષમજ્વર (૭,૧૩,૨૧,૨૮,૪૨ દિવસનો), બ્રેઇન ફીવર

( મગજનો તાવ ), ટાઇફોઇડ ફીવર (આંતરડાનો તાવ), જીર્ણજ્વર, વગેરે.

૫. (૧) પગમાં કાંટો વાગ્યો છે. ( ૨ ) તોળવાનો કાંટો. (૩) ઘડિયાળના કાંટા. (૪) વચમાં હરકત કરતું માણસ-કાંટો દૂર કર્યો. (૫) ખાવાનો કાંટો; ચમચા કાંટાવતી ટેબલપર ખાનું ખાવું. (૬) પગની એડીમાં ભેરવેલો સ્વારીના ઘોડાને મારવાનો કાંટો. (૭) વીંછીનો કાંટો (૮) તે સ્ત્રીએ નાકે કાંટો પહેર્યો નથી. (૯) તેણે ગુણાકારનો કાંટો મેળવી બતાવ્યો. (૧૦) શૌર્યવાળો (કાંટાદાર માણસ). (૧૧) ખેતરને કાંટાની વાડ કરી. (૧૨) મનનો કાંટો કાઢી નાખજો.

૬. (क) હવામાં વરાળનું પ્રમાણ વધારે હોઈ ભેજ વધારે હોય ત્યારે ભીનાશવાળી હવા કહેવાય; એથી ઉલટું સુકી હવા.

(ख) પાણીની વરાળ વધારે ઉંચી ન ચઢતાં હવામાં ભળેલી રહે છે.

૭. સ્વર્ગનો મણિ—એને વિષે એવું કહેવાય છે કે, જેની પાસે એ મણિ હોય, તેને જે જોઇએ તે એ મણિમાંથી મળી આવે છે.

૮. તીડ, ઉંદર, પાકમાં રોગ લાગુ પાડનારાં કેટલાંક જંતુઓ; અતિવૃષ્ટિ.

૯. (૧) જતી, ગોરજી. (૨) ગયણીજી.

૧૦. (क) જુનાગઢના ભક્ત કવિ નરસિંહ મહેતા.

(ख) (૧) ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસમાં સદ્ગત ઇચ્છારામ સૂર્યરામ દેશાઇએ બૃહત્ કાવ્યદોહનના જૂદા જૂદા ભાગોમાં તથા નરસિંહ મહેતાકૃત કાવ્ય સંગ્રહમાં. (૨) શ્રીમંત ગાયકવાડ સરકાર તરફથી પ્રાચીન કાવ્ય માળાના અંકોમાં રા. બા. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાએ. (૩) ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી જુના કાવ્યદોહનમાં.

૧૧. પૂર્વ પશ્ચિમઃ–કારાકોરમ, હિમાલય, શિવાલિક, વિંધ્યાચળ, આરાવલી, નીલગિરિ.
ઉત્તર દક્ષિણઃ–સુલેમાન, સાતપુડા, સહ્યાદ્રિ (પશ્ચિમ ઘાટ), પૂર્વઘાટ.

૧૨. ચીન દેશમાં.

# ૧૨

૧. દારૂ, અફીણ, ભાંગ, ગાંજો, ચાહ, બીડી વગેરે.

૨. (क) પ્રજાસત્તાક. (ख) સ્વિટ્ઝર્લાન્ડ તથા યુનાઇટેડ સ્ટેટસમાં.

૩. (૧) નેસ્તી–ગામ, ગામડામાં મોદી, ગાંધી, કણિયા વગેરેનો ભેગો ધંધો કરનાર. (૨) પસ્તાગિયો–કાછીઓ (શાકભાજી વેચનાર). (૩) ચોકસી–સોના રૂપાના દાગીના વેચનાર તથા લેનાર, અને કસ

કાઢનાર તથા કિમ્મત કરનાર. (૪) પટવો–ઘરેણું, કંઠીઓ વગેરે રેશમથી કે સુતરથી ગાંઠનાર.

૪. સુતરનાં, નાળિયેરી, ભીંડી, શણ વગેરેનાં ઝાડ કે છોડના બારીક તાંતણાનાં; કેતકીના રેસાનાં.

૫. (क) (૧) દિલ્હી દરવાજો–એ દરવાજે થઈ દિલ્હી તરફ જવાય તે ઉપરથી.

(૨) લાલ દરવાજો–સુરત, ખેડા તથા અમદાવાદમાં 'લાલ દરવાજો' છે, પણ એ નામ શા ઉપરથી પાડેલું, તે ચોકસ જણાતું નથી; કોઈ બાદશાહની કે સુબાની લાલ બેગમ, જે દરવાજા તરફ રહેતી, તે ઉપરથી ગણે છે; કોઈ લાલા લોકોને ફરવા હરવા જવાના રસ્તા ઉપરથી ગણે છે; કોઈ લાલ ફૂલવાળાં ગુલ્લાલાનાં ઝાડ ઉપરથી ગણે છે.

(૩) લાહોરી દરવાજો–તે દરવાજે થઈ લાહોર જવાય અવાય તે ઉપરથી.

(૪) પ્રેમ દરવાજો–અમદાવાદના નગરશેઠ પ્રેમાભાઇના નામ ઉપરથી.

(૫) ગેંડીનો દરવાજો–વડોદરામાં ગેંડી નામે જનાવર બધાતું હતું તે ઉપરથી.

(ख) અમદાવાદ, સુરત, વડોદરા, દિલ્હી, ડભોઈ, (ખાસ કરી જે શહેરને કોટ હોય છે તેવાં).

૬. (૧) માથું (કપાળ) કુટવું; (૨) માથું મારવું–ઘાલવું; (૩) માથું આપવું. (મદદ કરવી), (૪) માથુ

કાપવું; (૫) માથું સોંપવું (શરણે આવવું); (૬) માથું ઉંચકવું (સામું થવું); (૭) માથું ઝીકવું–પટકવું–ફોડવું (નકામી મહેનત આપવી); (૮) માથું પાકવું (અકળાવું); (૯) માથું નમાવવું (તાબે થવું); (૧૦) માથું ફરવું (ચક્કર આવવાં); (૧૧) માથું ફેરવવું (ગુસ્સો કરવો); (૧૨) માથું ભાંજવું (સરસાઇમાં ચઢવું); (૧૩) માથું ખાવું (અકળાવવું); (૧૪) માથું નિકળી પડવું (કપાળ દુઃખવું); (૧૫) માથું બોડવું (કંઇ જ ન આવડવું); (૧૬) માથું હલાવવું (હા કે ના કહેવી); (૧૭) માથાનો ફરેલ (ફાટેલો); (૧૮) એકથી બે માથાં ભલાં; (૧૯) બે માથાંનો ખરચ (બન્ને પક્ષનો ખરચ); (૨૦) માથે ઘાલવું–નાખવું (જવાબદારીપર સોંપવું); (૨૧) માથે પાણી ઘાલવું; (૨૨) માથે ચઢાવવું; (૨૩) માથે ચઢી બેસવું; (૨૪) માથે મારવું; (૨૫) માથે રાખવું; (૨૬) માથે લેવું; (હોરવું); (૨૭) માથે હાથ દેવા (નિરાશ થવું); (૨૮) માથે હાથ મૂકવો (આશીર્વાદ દેવો; અથવા પોતાના નરસા ગુણ બીજાને આપવા).

ટીપઃ–જેના અર્થ સરલ છે, તે અત્રે આપ્યા નથી; આપવા જેવા ટુંકામાં લખ્યા છે.

૭. ગુજરાતી અક્ષર લીટીએ લખાય છે, અને બાળબોધ પ્રત્યેક અક્ષર ઉપર માથું દોરી લખાય છે.

૮. (૧) મશરૂ–એ રેશમી અને સુતરાઉ બન્ને જાતનો

થાય છે; રેશમી મશરૂમાં વાણો રેશમનો અને તાણો સુતરનો હોય છે; અને સુતરાઉમાં બધું જ સુતર હોય છે. એ કપડું લીટાવાળું અને જૂદા જૂદા રંગનું હોય છે. (૨) બનાત–ઉનની થાય છે. (૩) શાલ–ઓઢવાનું ઉનનું ઉંચું વસ્ત્ર. (૪) મખમલ–રેશમી અને સુતરાઉ બે જાતની હોય છે; ખરી મખમલમાં એકલું રેશમ જ હોય છે; સુતર અને રેશમ બન્ને હોય, તે ખોટી મખમલ કહેવાય છે; એ એક જાતનું કાપડ છે.

૯. પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ.

૧૦. નક્કર (ઘન), પ્રવાહી અને વાયુ એ ત્રણરૂપ જડ પદાર્થ લે છે.

૧૧. રસ નવ પ્રકારના છેઃ–કરૂણા, હાસ્ય, શૃંગાર, રૂદ્ર, વીર, બીભત્સ, ભયાનક, અદ્ભુત, શાન્ત.

૧૨. દ્વારકા, પોરબંદર, દીવબંદર, જાફરાબાદ, ભાવનગર, ધોલેરા, ઘોઘા, ખંભાત, સુરત, બીલીમોરા.

# ૧૩

૧. જન્મભૂમિને માટે.

૨. (૧) રોજામાં કબર હોય છે; મસજીદ એ નિમાજ પઢવાની (પ્રાર્થના કરવાની) જગ્યા છે. એમાં વાયજ (ભાષણ) કરે છે.

(૨) જુમા મસીદ અમદાવાદમાં; શાહ આલમનો

રોજો તથા વટવાનો રોજો અમદાવાદમાં; સર્ખેજનો રોજો (સર્ખેજમાં અમદાવાદથી ત્રણ ગાઉ).

૩. રજપુતાનામાં અજમેરથી ત્રણ ગાઉ થાય છે; ત્યાં બ્રહ્માનું દહેરૂં છે, અને લોકો ત્યાં જાત્રા માટે જાય છે.

૪. અમદાવાદ, સુરત, કાનપુર, કરાંચી, મુંબઈ, કલકત્તા વગેરે.

૫. દુર્યોધન, કરણ, દુઃશાસન, દ્રોણાચાર્ય, શકુની.

૬. (क) ઊંટડો (ક્રેન). (ख) ગરગડીનો.

૭. (૧) ડાંગર કાળી ચીકણી જમીનમાં થાય છે; ઘઉં કાળી ખેસર જમીનમાં થાય છે.
(૨) ડાંગર માટે કયારડા જેવાં–ક્યારીની જમીન જેને ફરતી ઉંચી પાળી હોય છે.

૮. કલ્મો (જપ કરવો), નિમાજ (પ્રાર્થના કરવી), રોજા (અપવાસ કરવા), ઝકાત (ખેરાત, દાન), હજ (યાત્રા).

૯. અમદાવાદ; શીહોર (કાઠિયાવાડમાં); વિશનગર.

૧૦. સપાટ, પાધર કે રેતાળ મુલકમાં સૂર્યનો ઘણો તાપ પડવાથી, નદી, સરોવર કે તળાવનું પાણી હોય એવો દૂરથી ખોટો ભાસ થાય છે તે, ઝાંઝવાંનું નીર.

૧૧. (क) રામઃ–(૧) સર્વમાં વ્યાપી રહેલો જે પરમાત્મા જગદીશ્વર તે; (૨) ઈશ્વરના અંશરૂપ જે આત્મા તે (રામ રમી ગયા); (૩) હોંસ, હિંમત, માલ. (૪) દશરથપુત્ર; (૫) પરશુરામ; (૬) બળરામ;

(૭) વેપારીઓમાં આનાને માટે એ શબ્દ બોલાય છે;—વ્યાજ રામ આઠ લેખે.

(ख) નાનાઃ—(૧) માના બાપ; (૨) કદ બતાવવાના અર્થમાં; (૩) નાના (જૂદા જૂદા) પ્રકારનાં ઘરેણાં.
(ग) ઉત્તરઃ—(૧) ઉત્તર દિશા; (૨) જવાબ; (૩) બચાવ કે પુરાવામાં કંઈ કહેવું તે; (૪) શબ્દ, વાક્ય (તેણે એક ઉત્તર કાઢ્યો નહીં); (૫) ગણિત શ્રેઢીમાં બે સંખ્યાની વચમાંનું જે અંતર તે.
(घ) વાટઃ—(૧) રસ્તો—માર્ગ; (૨) પૈંડા ઉપરનો લોઢાનો ગોળ પાટો; (૩) ખોટી થવું—વાટ જોવી; (૪) દિવેટ (દીવાની); (૫) મસાલો નાખેલી અથવા વઘારેલી જાડી છાસ; (૬) વાટ ઉઠવી—બગડી જવું; (૭) વાટ પડવી (દીવે)—સંધ્યાકાળ થવી. (૯) વાટ પાડવી—લૂટવું.

(ङ) ક્ષયઃ—(૧) ઘસાઈ જવું તે; (૨) નાશ, આખર; (૩) ખયરોગ; (૪) તિથિનું વટી જવું—ઓછું થઈ જવું તે; (૫) ચંદ્રની કળા ઓછી થતી જવી તે; (૬) બીજ ગણિતમાં બાદ કરવાનું તે—ઓછા—ઋણ.
(च) શિક્ષાઃ—(૧) જ્ઞાન આપવું તે, બોધ; (૨) મેળવેલું જ્ઞાન—વિદ્યા. (૩) ચાલચલકત સુધારવાને ગુન્હાના બદલામાં જે સજા થાય તે.

(छ) ખાતરઃ—(૧) ઘાસ છાણનો કોહી ગયેલો કચરો; (૨) ઘરમાંથી ચોરી કરી લઈ જવું

( અચરતલાલને ઘેર ખાતર પડ્યું ); (૩) આગતાસ્વાગતા; (૪) શરમ; (૫) તરફદારી.

૧૨. ગુજરાતી ભાષામાં નિકળતાં ચોપાનિયાં—માસિકઃ- બુદ્ધિપ્રકાશ (૬૨ વર્ષથી), ગુજરાતશાળા પત્ર (૫૪), જ્ઞાનવર્ધક (૪૩), ઉદિચ્ય હિતેચ્છુ (૩૬), ફુરસદ (૩૫), જૈનધર્મપ્રકાશ (૩૧), મહાકાળ (૩૧), સુદર્શન (૩૦), શ્રીબોધ (૨૯), કેળવણી (૨૮), વૈદ્યકલ્પતરુ (૨૦), જ્ઞાનસુધા (૧૯), ઇન્ડિયન ટેક્ષટાઇલ જર્નલ (૧૯), સમાલોચક (૨૦), વસંત (૧૪), સુંદરી સુબોધ (૧૩), વૈશ્ય પત્રિકા (૧૨), ભાઇબંધ નવરંગ (૯), ધન્વન્તરી (૮), સુવર્ણમાળા (૭), વનિતા વિજ્ઞાન (૭) વાર્તાવારિધિ (૭), બાળશિક્ષક (૫), સાહિત્ય (૩), હિન્દી પંચ (૨૭).

ત્રિમાસિક ચોપાનિયાં—'ત્રિમાસિક' (રાજકોટ, ૧૧ વર્ષથી ), લાઇબ્રેરી મિસેલેની (વર્ષ ૪ થું), ફ્રેશોગર્દ ( વર્ષ ૪ થું ), ખેતીવાડી ત્રૈમાસિક (વડોદરામાંથી).

## ૧૪

૧. (૧) ઓર અને નર્મદા—ઓરસંગ; (૨) યમુના, ગંગા, સરસ્વતી—ત્રિવેણી સંગમ.

૨. કલકત્તા—વસ્તી (હોરા સાથે) ૧૨,૨૨,૩૧૩; માત્ર કલકત્તાની (જે ૮,૯૬,૦૬૭ છે) ગણવામાં આવે

તો મુંબઈ (જેની વસ્તી ૯,૭૯,૪૪૫ ગણાય છે).

૩. તે લાલ રંગેલી હોય છે અને તેપર બ્રિટિશ સરકારના વાવટાનું સોનેરી ચિત્ર હોય છે.

૪. જુઓ પ્રશ્નપત્ર ૨ નો પ્રશ્ન ૯ (ग).

૫. અમદાવાદ–કિનખાબ, રેશમી અને સુતરાઉ કાપડ, ધોતી જોટા, સાડીઓ, ખંડ વગેરે. સુરત–કસબનું અને તોઇ, ફીટ, કોર તથા લેસનું, જરીનું કામ; કેટલુંક રેશમી કાપડ, કોતરકામ (સુખડની પેટીઓ વગેરે).

૬. ઉચ્ચાલન, રેંટ, ગરગડી, ઢાળ, ફાચર અને પેચ.

૭. હિંદુસ્તાનમાં બધા છોકરાને બાપની મિલ્કત સરખે ભાગે મળે છે. અંગ્રેજ લોકોમાં મોટાને જ વારસો કે વંશપરંપરાનો કિતાબ મળે છે.

૮. કપડવણજ; આતરસુંબા–વડોદરા રાજ્યમાં; કુંડલા કાઠિયાવાડમાં.

૯. ચમ્પેલી, જાઈ, જુઈ, ચંપો, ગુલાબ, મોગરો બટમોગરો, ગુલદાવદી, તગર, પારિજાતક, વગેરે.

૧૦. (૧) ઇસુ ખ્રિસ્તને; (૨) બાઇબલ.

૧૧. કુરૂક્ષેત્રમાં; પાંડવ અને કૌરવની વચ્ચે.

૧૨. તજના ઝાડની છાલ તે તજ; લવંગના ઝાડની કળી તે લવંગ; જાયફળના ઝાડનું ફળ તે જાયફળ અને તેની ઉપરની છાલ તે જાવંત્રી; બાદિયાનનાં ઝાડનાં જિંડવાં તે બાદિયાન.

# ૧૯

૧. (૧) ૩૧,૫૧,૩૨,૫૩૭. (૨) ૨૧ કરોડ ૮૦ લાખ.

૨. (क) માધવ અને કેશવ. (ख) માધવ.

૩. (क) રાજાની મોટાઈ–ગૌરવ બાગો વગેરેથી જણાય છે; તેમ જ બાગ રાજાઓવડે જ શોભા પામે છે.
(ख) પ્રથમથી તૈયારી ન કરતાં અણીને વખતે તૈયારી કરવા મંડવું.
(ग) જેમ જેમ વખત જાય છે તેમ તેમ દુઃખનું ભારણ ઓછું થતું જાય છે.
(घ) કોઈ કામ થવાનું હોય, તે વખતે બીજું કંઈ કારણ બને, ત્યારે તે કાર્યનું કારણ બીજાને માથે આવે તે પ્રસંગે આ કહેવત કહેવાય છે; કાકતાલીય ન્યાય જેવું; જેમકે તાડ પડવાની તૈયારીમાં હતો, તે વખતે કાગડો ઉપર બેઠો, તેથી તાડ પડવાનું ખરૂં કારણ કાગડો ન હોવા છતાં તે ગણાયો.

૪. (क) અમદાવાદ પાસે વેંગણપુર નામનું પરૂં હતું, જેને હાલ ગોમતીપુર કહે છે ત્યાંનાં.
(ख) સુડા બોહોતેરી, મડાપચીસી, રાવણમંદોદરી સંવાદ, નંદબત્રીશી, અંગદવિષ્ટિ, મદનમોહના, શિવપુરાણ, બરાસકસ્તુરી, ઉદ્યમકર્મ સંવાદ, વગેરે.
(ग) ખેડા જીલ્લાના માતર તાલુકાના સિંહુજ ગામના વતની–રખીદાસ.

૫. (૧) મહમદ પેગમ્બર; (૨) અરબસ્તાન દેશના મક્કા શહેરમાં.

૬. (૧) રવો—ઝીણો દાણાદાર લોટ. (૨) મેંદો—ધોયેલા ઘઉંને દળવાથી જે આટો થાય તે, પરસુદી. (૩) લાપસી—રવાથી જાડો ઘઉંના ઝીણા ઝીણા કકડા જેવો કનસાર. (૪) લોટ—ઝીણો અને જાડો ભેગો હોય તેવો આટો.

૭. નડિયાદના શામળદાસ નામના પાટીદાર પહેલા ગયેલા, પરંતુ સને ૧૮૬૦ માં રા. સા. મહીપતરામ રૂપરામે, અંગ્રેજી ભણેલામાં પહેલ કરેલી ગણાય છે.

૮. (૧) આબુ, ગીરનાર, પાવાગઢ, સાતપુડા, શેત્રુંજા. (૨) આબુ ઉપર—દેલવાડાનાં જૈન લોકોનાં દહેરાં. ગીરનાર ઉપર—જૈન લોકોનાં દહેરાં, તથા ગુરૂદત્તાત્રયનું દહેરૂં. પાવાગઢ ઉપર—કાલિકા માતાનું સ્થાન. સાતપુડા ઉપર—પ્રસિદ્ધ કોઈ નથી. શેત્રુંજા ઉપર—જૈન લોકોનાં દહેરાં.

૯. નાતાલ; તા૦ ૨૫ મીથી તા૦ ૩૧ મી ડીસેમ્બર.

૧૦. કોળકો, રેંટ, ગરગડી, કપ્પો, એંઇન પંપ, હાથે ચલાવવાનો પંપ, વરાળ વગેરેની મદદથી ચલાવવાનો પંપ, પવનચક્કી.

૧૧. આસામ, બંગાળા, દક્ષિણ હિંદુસ્તાન, નીલગિરિ, વગેરે.

**ટીપ**—ચાહનો વધારેમાં વધારે ભાવ (દર પાઉન્ડે—રતલે) લગભગ બાર આના દાર્જીલીંગની ચાહના

ઉપજે છે. સને ૧૯૧૩ ની સાલમાં ૬,૦૯,૭૧૯ એકર જમીનમાં, ૩૦ કરોડ ૭૦ લાખ રતલ ચાહ થઈ હતી, અને તે પૈકી લગભગ ૨૯ કરોડ ૧૭ લાખ રતલ ચાહ પરદેશ ચઢી હતી.

૧૨. (૧) સબ-ઇન્સ્પેકટર—ફોજદાર. (૨) એક તાલુકા કે મહાલમાં.

# ૧૬

૧. યમુના, ગંગા, સરસ્વતી, ગોદાવરી, નર્મદા, કૃષ્ણા, ભાગીરથી, અળકનંદા, વૈતરણી, સરયુ.

૨. જેમાં ઓક્સિજન વધારે હોય તેવી, અને ચોખ્ખી ખુલ્લી હવા.

૩. એ ‘સિન્કોના’ના વર્ગના કેટલાંક ઝાડની છાલમાંથી મળતો એક જાતનો વનસ્પતિ પદાર્થ (આલ્કલિ) છે. એ ઘણું જ કડવું છે. સલ્ફેટ ઑફ કિવનાઇન એક અમૂલ્ય દવા છે, અને મેલેરિયા (વિષમ) તાવને માટે એ અકસીર ઉપાય છે.

૪. ગવર્નર, લેફ્ટેનન્ટ ગવર્નર અને ચીફ કમીશનર એ ક્રમે ઉતરતા દરજ્જાના અધિકારીઓ છે.
(૧) ગવર્નરની નિમણુક શેહેનશાહ તરફથી થાય છે, અને ઈંગ્લાંડમાંથી જ રાજકારભારમાં પ્રવીણ જણાયલા ગૃહસ્થને નિમવામાં આવે છે. કેટલીક બાબત સંબંધે તે સેક્રેટરી ઑફ સ્ટેટ સાથે બારો-

બાર પત્રવ્યવહાર ચલાવી શકે છે; એમની મદદ-માં એક એક્ષિક્યુટિવ કાઉન્સિલ હોય છે.

(૨) લેફ્ટેનન્ટ ગવર્નરની નિમણુક ગવર્નર જનરલ તરફથી થાય છે. જો કે તેને માટે શેહેનશાહની સમ્મતિ લેવાની હોય છે. કોઈ કોઈ ખાસ પ્રાન્ત ખાતે લેફ્ટેનન્ટ ગવર્નરને એક્ષિક્યુટિવ કાઉન્સિલની મદદ અપાય છે.

(૩) ચીફ કમિશનર ઉતરતા દરજ્જાના અધિકારી છે. તે ગવર્નર જનરલના પ્રતિનિધિ તરીકે છે, અને પોતાના તાબાના સંબંધમાં બધા અધિકાર વાપરે છે, તો પણ ગવર્નર જનરલ પોતે તેને આપેલા અધિકારમાં કમી કે ફેરફાર કરી શકે છે.

૫. અમદાવાદ—૨,૧૬,૭૭૭; સુરત—૧,૧૪,૮૬૮; વડો-દરા—૯૯,૩૪૫; મુંબઈ—૯,૭૯,૪૪૫.

૬. ગરમીના વધવા ઘટવાથી.

૭. (क) મહાભારતના ભીષ્મ પર્વનો.
(ख) શ્રીકૃષ્ણે અર્જુનને.

૮. (૧) ઘોડાથી નાનો અને ગેટકો તે ટટ્ટુ. (૨) ખાસી કરેલો તે બળદ અને ખાસી નહીં કરેલો તે આખલો. (૩) આધેડ ઉમરની તે ગાય અને પહેલવેતરી તે હોડકી. (૪) બીજા વેતર પછીની તે ભેંસ અને પહેલવેતરી કે વિયાયા વગરની તે જોટડી.

૯. કેરી, લીંબુ, ગરમર, ગુંદાં, કેરાં, મરચાં, આદું, બોર, વાંસની ગાંઠો, મરી વગેરે.

૧૦. પહેલો સૈકો ૧ લી જાનેવારીએ શરુ થયો તે ૩૧ મી ડિસેમ્બર ૧૦૦ સુધીનો; બીજો ૧-૧-૧૦૧ થી ૩૧-૧૨-૨૦૦ સુધીનો; એ પ્રમાણે વીસમી સદી-વીસમો સૈકો તા૦ ૧-૧-૧૯૦૧ ના રોજથી શરૂ થયો.

૧૧. ગોલવડ-દમણ પાસે; તીથલ-વલસાડ પાસે; વાંસીબોરસી-સુરત પાસે; ઉભરાઠ-નવસારી પ્રાંતમાં ડુમસને સામે કાંઠે; ડુમસ-સુરત પાસે; હજીરા-ડુમસની સામે સુરત પાસે; કરનાળી-નર્મદા કાંઠે; આબુ-ગુજરાતની ઉત્તરે.

૧૨. બકરા, ઊંટ, ઘેટાં.

# ૧૭

૧. ધવલગીરી, ગંગોત્રી, જન્મોત્રી, કૈલાસ-આ ચાર હિંદુ ધર્મનાં પવિત્ર સ્થાન ગણાય છે. એવરેસ્ટ એ આખી દુનિયામાં ઉંચામાં ઉંચું શિખર છે.

૨. (क) ચોપડા લખવાની કાળી દેશી, બ્લુ બ્લેક, સાઇક્લોસ્ટાઇલમાં છાપવાની, છાપખાનામાં પુસ્તકો વગેરે છાપવાની, લીથો-શીલાછાપ માટેની, રબર સ્ટામ્પની, ટ્રેસ (નકલ ઉતારવાની) કરવાની, મોનોગ્રામ-બીબાં છાપવાની વગેરે.

(ख) કાજળ, અળસીનું અગર બીજું તેલ, પીળો સાબુ.

(ग) હરડાં, બેડાં, હિરાકશી, ગુંદર.

૩. મુંબઇમાં, નવસારી પ્રાંતમાં, અને સુરત જીલ્લામાં.

૪. (क) જે ખીચડી સારી થઈ છે એમ કહેતા હતા તેજ ખીચડી દાંતે ચોટે છે એટલે ચીકણી થઈ ગઈ છે. જ્યારે કોઈ તરફથી સારી આશા રાખવામાં આવે, અને તેના ગુણ વર્ણવવામાં આવે, અને પાછળથી તે નઠારું નિકળે ત્યારે આ કહેવત વપરાય છે; જેનાં ઘણાં વખાણ કરતા હતા, તેને જ પાછળથી વખોડવાનું થયું.

(ख) જુઓ પ્રશ્નપત્ર ૫ ના પ્રશ્ન ૪ (घ).

૫. (૧) ગુલાલ—સકરિયાં જેવા કેટલાક કંદના લોટને પતંગના લાકડાના ઉકાળામાં રંગી સુકવી ચાળી નાખી બનાવે છે. (૨) કંકુ—હળદ, ટંકણખાર વગેરેની મેળવણીથી લાલ ભુકો થાય છે. (૩) અબીલ—સકરિયાંના સુકા ભુકામાં પડો પાંદડીનો ભુકો મેળવી બનાવે છે.

૬. (૧) ચોખા—ડાંગરના. સાબુચોખા અથવા સાબુદાણા મોલ્યુકાસ, બોર્નિઓ, સુમાત્રામાં ઉગતા તાડની જાતના એક ઝાડની અંદરના મેંદા—ગરમાંથી બનાવે છે. (૨) જીરું—એક જાતનો રસોઇનો મશાલો. શાહજીરું—એક જાતની ઔષધિ—ખડી જેવી થાય છે. (૩) મરી—એક જાતના ઝાડનાં ઝીણાં કાળાં, તીખાં ફળ; એ કાળાં અને ધોળાં બે જાતનાં થાય છે, અને રસોઇમાં તથા ઔસડમાં કામ આવે છે.

(૪) આવળ—એક જાતનો છોડ થાય છે, તેને પીળાં ફૂલ આવે છે, તેના લાકડાને પણ આવળ કહે છે; એનાં દાતણ થાય છે; શરીરનો કોઈ ભાગ મોચાયો હોય, ત્યારે એનાં પાદડાં વાટીને તેનો લેપ કરે છે. મિંઢિઆવળ—સોનામકી—એક જાતનો છોડ થાય છે; તેની પાંદડી ઓસડ તરિકે (જુલાબ લેવામાં) વપરાય છે.

૭. (૧) મહમદ કાસમ, ઈ. સ. ૭૧૨ માં. (૨) કરાંચી પાસે દેવલ ગામના રાજા દાહિર.

૮. જૈન (શ્રાવક) મત પ્રમાણે કેટલાંક દાન ઉજવવાના દિવસ; તે ચોમાસામાં આવે છે.

૯. (क) મધમાખી. (ख) કેટલાંક ફૂલની અંદર જે ગળ્યો ચીકણો રસ હોય છે, તે માખીઓ પૂડામાં એકઠો કરી રાખે છે, તેમાંથી મધ નિકળે છે. (ग) મીણ.

૧૦. દેવકી ઉનાઈ—સુરત જીલ્લામાં વાંસદા સંસ્થાનને તાબે; બીલીમોરા સ્ટેશનથી ૩૦ માઈલ દૂર. (૨) લસુંદ્રા—કપડવણજ તાલુકામાં, ડાકોરથી ૯ માઈલ દૂર. (૩) ટુવાકાંકણુ—ગોધરા તાલુકામાં. (૪) તુળશીશ્યામ—ધારી તાલુકામાં (કાઠિયાવાડમાં).

૧૧. ઉંચે ખેંચવા કરતાં નીચે ખેંચવાથી બળ વાપરવું સહેલું પડે છે, અને જોર ઓછું પડે છે.

૧૨. હાથી ઉપર બેસીને લડનાર, ઘોડેસ્વાર, રથમાં બેસીને લડનાર, અને પાયદળ, આ ચાર અંગબાજુ હોય તેવી સેના—લશ્કર.

## ૧૮

૧. વધારેમાં વધારે લંબાઈ ૧૮૦૦ માઇલ; વધારેમાં વધારે પોહોળાઈ ૧૭૦૦ માઇલ.

૨. પૃથુરાજને શાહબુદ્દીન ઘોરી હરાવી કેદ કરી ગજની લઈ ગયો અને તેને આંધળો કરી ગળામાં બેડી પહેરાવી; તે શબ્દવેધી બાણુ મારી જાણતો હતો, તેથી શાહબુદ્દીને તે જોવા સાત તવા ઉપરાઉપરી ટંગાવી તેને બાણુ મારવા કહ્યું; તે મારતાં તીર, સાત તવા વીંધી, શાહબુદ્દીનને વાગ્યું; તેથી તે મરી ગયો એમ કહેવાય છે.

૩. કાંઠો—દરિયા, સરોવર, નદી વગેરેનાં પાણીને લગતો જમીનનો જે ભાગ તે. ભાઠું—નદી કાંઠાની ખેડાણુની જે જગ્યા તે. કરાડા—કિનારાનો જે ભાગ ઉંચો અને છેક સીધો આવી રહ્યો હોય તે. વેહેણુ—નદીની વહેવાની દિશા. પટ—નદીની પોહોળાઈ. ભેખડ—ઝુમી રહેલો ટેકરાનો ભાગ. કઢણુ—પહાડ—ખડકની જે સીધી કોરણુ તે—ઉભી ટેકરી. ખડક—દરિયા અથવા જમીન ઉપર એકઠા મળી ગયેલા પથરાઓનો જથ્થો—ટેકરો.

૪. હાથી, ગેંડા, કાચબા.

૫. (૧) વસુદેવ અને દેવકી; (૨) ગોકુળમાં; (૩) નંદજી અને યશોદા.

૬. મુંબઈ, અમદાવાદ, પુના, કરાંચી, સુરત.

૭. મનિ ઑર્ડર; હુંડી; ટપાલ મારફત સ્ટાંપની ટીકીટો, ચેક અગર નોટ મોકલવી; રોકડ નાણું રજીસ્ટર્ડ પોસ્ટથી.

૮. કેરોસીન તેલ—એ ખનીજ પેદાશ છે; એના જમીનમાં ઝરા હોય છે, તેથી જમીનમાંથી કુવાના પાણીની પેઠે કાઢે છે. આ તરફ લોકો એને 'ઘાસલેટ' અથવા 'ઘાસતેલ' કહે છે, અને પંજાબના લોકો એને 'મટ્ટીકા તેલ' કહે છે.

૯. ગ્રેટ બ્રિટન કરતાં પંદરગણું મોટું છે. ઈંગ્લાન્ડ અને વેલ્સ કરતાં લગભગ ત્રીસગણું મોટું છે.

૧૦. (૧) ખાખરાના; (૨) પિત્ત પાપડો.

૧૧. હલકા ધંધા સિવાય ઘણે ભાગે સઘળા ધંધા કરે છે. મજુર, હજામ, ભંગી, પાલખી ઉંચકનારનો, ધોબીનો એવા ધંધામાં કોઈ પડતા નથી.

૧૨. સવારે અને સાંજે પાછલા ભાગ તરફ પીઠ ભણી ઓળો પડે છે, અને તે દિવસ ચઢવાના કે આથમવાના વખતના પ્રમાણમાં લાંબો ટુંકો પડે છે; બપોરે પગતળે પડછાયો પડે છે.

# ૧૯

૧. (क) પાંચ નદીઓ વચ્ચેનો પ્રદેશ હોવાથી. (ख) દોઆબ.

૨. રેલવે સ્ટેશનપર; પોસ્ટ (ટપાલ) ઑફીસ; ખાસ તાર ઑફીસો મોટા શહેરોમાં હોય છે તે.

૩. (क) માના બાપની ગાદી વારસામાં મળી હતી. (ख) એથી એનો મસિયાઈ ભાઈ કનોજનો જયચંદ્ર રાઠોડ રિસાયો, તે કારણથી મુસલમાન સાથેની (શાહબુદ્દીન ઘોરી સાથેની) લઢાઈ વખતે મદદ ન કરી, તેથી પૃથુરાજ હાર્યો અને રાજ ખોયું એમ કહેવાય છે.

૪. (૧) પાટણ. (૨) અમદાવાદમાં.

૫. હળ, તરફેણ, સમાર, કરવડી, કસબ, દંતાળ.

૬. (૧) ફણુસના. (૨) બીજાં ઝાડને ડાળીએ ફળ આવે છે અને ફણુસનાં ઝાડને થડે ડાળાંના ગાળામાં ફળ લાગે છે.

૭. આસામના કરતાં નાનું અને સિંધ પ્રાંત કરતાં મોટું.

ટીપ–સિંધનું ક્ષેત્રફળ (૪૭૦૬૬ ચોરસ માઈલ); આસામનું ક્ષેત્રફળ (૫૨૯૫૯ ચો. મા.); ઈંગ્લાન્ડનું ક્ષેત્રફળ (૫૦૮૨૩ ચો. મા.).

૮. નીચાણ કે ઢાળ તરફ.

૯. (क) મથુરા પાસે વૃન્દાવન પાસે. (ख) ગિરિરાજ. (ग) જ્યારે ઈંદ્રે કોપાયમાન થઈને બારે મેઘને વરસાવ્યા ત્યારે શ્રીકૃષ્ણે પોતાની ટચલી આંગળી ઉપર આ પર્વતને ધરી રાખી સાત દહાડા સુધી સર્વ ગોપ અને ગાયોનું રક્ષણ કર્યું હતું.

૧૦. (क) અફીણના છોડ થાય છે, અને તે મોટા થાય છે ત્યારે તેને જિંડવાં આવે છે; તેને ચીરે છે

તેમાંથી રસ ઝરપે છે તે ઉઝડી લે છે, અને તે રસ ઠરે છે ત્યારે તેની ગોટીઓ વાળે છે.

(ख) ખસખસ; પોસના દોડા.

(ग) અફીણ ઓસડમાં અને કેફ કરવામાં વપરાય છે.

૧૧. કોઈ પ્રખ્યાત મહાપુરુષ કે રાજા ગુજરી જાય છે ત્યારે તેના શોકમાં, અને સરકાર કે કારખાનદારના હુકમપર નારાજી બતાવવાના પ્રસંગે હડતાલ પાડવામાં આવે છે.

૧૨. ખારી, મેશ્વો, વાત્રક, શેઢી, મહી, ઢાઢર, નર્મદા, કીમ, તાપી, અંબીકા, પૂર્ણા, પાર.

# ૨૦

૧. દિલ્હી.

૨. કાઠિયાવાડમાં.

૩. ના; પાણીની વરાળ થઈ ગઈ.

૪. આવા કુવા કે ઓરડામાં હવાની આવજા ન હોવાથી તેની અંદરની હવા ઘેરાઈ રહેલી હોય છે; આવી હવા ઝેરી હોય છે, તેથી તે શ્વાસમાં લેવાથી અને પ્રાણવાયુ ન મળવાથી માણસના પ્રાણ જાય તેવું બને છે.

૫. લંબાઈ ૧૮,૦૦૦ માઇલ; ઉંચાઈ ૨૯,૦૦૨ ફીટ (એવરેસ્ટનું શિખર દુનિયામાં ઉંચામાં ઉંચું છે.)

૬. (क) કૃપણ માણસો પોતાનું ધન પોતાના સુખને માટે કે પરમાર્થના કામમાં ન વાપરતાં સંઘરી

મૂકે છે, તેથી તે કંઈ ઉપયોગમાં આવતું નથી, અને તેથી એવું ધન કાંકરા બરાબર ગણાય છે.

(ख) જ્યારે કોઈ પણ કામમાં અથવા કોઈ બીજી રીતે ફાયદો મળે એવી બાબત કોઈ તરફથી જણાવવામાં આવે, તે વખતે આનાકાની કરવામાં આવે તે પ્રસંગે આ કહેવત કહેવામાં આવે છે. મતલબ કે તે ફાયદાની બાબત કબુલ કરવી.

૭. જે તરફ ઇન્જીન હોય તે તરફ પીઠ કરીને બેસવું; કેમકે આગગાડી ચાલે છે ત્યારે ઇન્જીનમાંથી કોયલાની ઝીણી રજ ઉડે છે અગર રસ્તામાંની ધૂળના કણ ઉડે છે; તે આંખમાં ન જાય તેથી સામે મ્હોડે બેસવું જોખમ ભરેલું છે.

૮. (૧) બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, સંન્યાસાશ્રમ.

(૨) ગૃહસ્થાશ્રમ; કેમકે બીજા બધા આશ્રમો એને આશ્રયે રહેલા ગણાય છે.

૯. (क) કપાસના છોડનાં—સુતરાઉ લુગડાં. શણના છોડનાં—શણનાં લુગડાં.

(ख) કપાસના છોડમાંથી રૂ નિકળે છે, તે બીછાના ભરવામાં, દીવાની વાટો કરવા, વગેરે કામમાં આવે છે, તથા તેનાં સુતરનાં દોરડાં વણાય છે. શણના છોડના રેસાની ગુણપાટ થાય છે તથા તેની સુતળી અને દોરડાં બનાવે છે.

૧૦. (૧) અલ્હાબાદ, નશીરાબાદ, મુર્શિદાબાદ, હૈદ્રાબાદ, સિકન્દ્રાબાદ. (૨) કાસર, માલસર, પાનસર. (૩) ઝુલાસણ, માલોસણ, અંબાસણ, લુણાસણ, જળસણ, નંદાસણ, કટોસણ. (૪) માણાવદર, ભાયાવદર, સાજીયાવદર. (૫) વડનગર, વિસનગર, શ્રીનગર, જામનગર, ભાવનગર, અમનગર. (૬) જેપુર, જોધપુર, ઉદેપુર, પાલણપુર, નાગપુર, નારદીપુર, જેતપુર, સિદ્ધપુર. (૭) ચમારગામ, મીયાગામ, બ્રાહ્મણગામ, દહેગામ, વીરમગામ. (૮) કુકાવાવ, રાણાવાવ.

૧૧. બળદ, પાડો, ઊંટ (સાંઢીઓ), મોર.

૧૨. (૧) મલમલ–સુતરનું ઝીણું કુમાસદાર કપડું. (૨) મખમલ–રેશમનું અગર સુતરનું જાડું, સુંવાળું, ચળકતું પોમવાળું કપડું.

# ૨૧

૧. (૧) વનરાજે. (૨) સંવત ૮૦૨ માં. (૩) વનરાજને વનમાં જવા આવવાના રસ્તા દેખાડી અણહિલ નામના ભરવાડે મદદ કરી હતી, તેથી તેના નામપરથી અણહિલવાડ પાટણ એ નામ પાડ્યું હતું.

૨. (૧) 'યાવચ્ચંદ્રદિવાકરૌ–સૂર્ય અને ચંદ્ર તપે ત્યાં સુધી; કોઈ પણ સ્થાવર મિલકત હમેશને માટે આપી હોય તેના દસ્તાવેજમાં વપરાય છે.

(૨) 'અભરામ નદાવા' આના જૂદા જૂદા અર્થ કરવામાં આવે છેઃ—(૧) अभ्रमेण देयम्—ભ્રમરહિત—શુદ્ધિમાં આપવામાં આવે છે. (૨) અભ્રમ ન દેયમ્—'દેવું નથી એમાં કાંઈ શક નથી'. (૩) આ શબ્દો આરબી છે.—ઇબરામ—સરતને સખ્ત રીતે વળગી રહીને (ઇબરમ—અમળાવેલું); નદાવા—કોઈ પણ દરદાવાથી મુક્ત.

(૩) શાહજોગ—આ શબ્દ શાહુકારો હુંડીને લગાડે છે; હુંડીનાં નાણાં જેને મળવાનાં હોય, તેની તરફથી કોઈ પણ શાહજન ઓળખ આપી લઈ આવે તે.

(૪) આ દેહ અંગે—હું પોતે (જેમાં આદિ હું છું).

(૫) વાસ્તેવંમ—રહેવાસી.

નંબર ૧—૨—૪—૫ માંના શબ્દો દસ્તાવેજ લખવામાં વપરાય છે.

૩. ગુલાબ, લીમડો, આસોપાલવ.

૪. જમાદાર, નાયબ ફોજદાર, હેડ કોન્સટેબલ, સબઈન્સ્પેક્ટર, ઈન્સ્પેક્ટર, આસિસ્ટંટ સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ, સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ, ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ, ઈન્સ્પેક્ટર જનરલ. મુંબઈ, કલકત્તા, મદ્રાસ એ શહેરો માટે મુખ્ય અમલદાર જૂદા હોય છે, તેને કમિશનર ઑફ પોલીસ કહે છે, અને તેના હાથ નીચે ડેપ્યુટી વગેરે હોય છે.

૫. (૧) પંજાબમાં વાઇસરૉયને ઉન્હાળામાં રહેવાનું સ્થળ છે (વસ્તી ૪,૦૫,૦૦૦).
(૨) ઓરીસામાં—જગન્નાથ શહેર છે અને તેમાં જગન્નાથજીનું દહેરૂં છે; એ હિંદુઓની જાત્રાનું મોટું સ્થળ છે (વસ્તી ૮૯,૦૦૦).
(૩) દક્ષિણ હિંદુસ્તાનમાં છેક દક્ષિણે હિંદુ લોકોનું જાત્રાનું સ્થળ છે; ત્યાં રામેશ્વર મહાદેવ છે (વસ્તી ૬૦૦૦).
(૪) ઉત્તર હિંદુસ્તાનમાં હિમાલયની તળેટીમાં છે. ત્યાં બદ્રિનારાયણ દેવનું સ્થળ છે, અને તેથી હિંદુ લોકોની જાત્રાનું સ્થળ છે.
(૫) ઉત્તર હિંદુસ્તાનમાં વાયવ્ય પ્રાંતમાં ગંગા નદી ઉપર છે; હિંદુઓનું જાત્રાનું સ્થળ હોવાથી ત્યાં દર વર્ષે મેળો ભરાય છે. એમાં સંન્યાસીઓના મોટા મઠ છે (વસ્તી ૩૦,૦૦૦).

૬. પ્લમ્એગોની; એનું લાકડું 'સીડર' ઝાડનું હોય છે.

૭. ઉદેપુર પાસે શ્રીનાથજી; ગોકુળ; મથુરા; વૃન્દાવન; ડાકોરજી.

૮. ત્રણ પડ છે; ઉપરનું પડ પારદર્શક હોય છે.

૯. (ક) શિયાળ; કાગડો.
(ખ) ઘુવડ; બિલાડી; ચામાચીડીઆં.

૧૦. એનાથી ધાતુ ઓગાળાય છે, ખાવાનું રાંધવામાં આવે છે, વરાળથી ચલાવવાના સંચા માટે કામે

લેવાય છે, આ સિવાય બીજા ઘણા ધંધામાં દેવતાની જરૂર પડે છે.

૧૧. કોળી, ચીભડી, કારેલી, તુમડી, તુરીયાં, દુધી, ઘીલોડી, ગલકાં, સકરિયાં, ગળો, પોઈ વગેરે.

૧૨. માટીનાં વાસણમાં પાણી બગડતું નથી; પાણી ઝમી ઠંડુ રહે છે.

# ૨૨

૧. કેરીના લુમખામાં સાત કેરી છે. કેળાંની લુમ ઘણી મોટી છે. દ્રાક્ષનો ઝુમખો લબડે છે. ધેન (ગાયોનું ટોળું) ગોવાળ હાંકી ગયો. ધોર (ઢોરનું ટોળું) હજી આવ્યું નથી. રબારીના ઝોકમાં વાછરડા સારા છે. મોગરીની ઝુડી બાંધી આપો; ડાંગરના ધુની ઝુડીઓ છૂટી પડી ગઈ. ઝુડાવડે કચરો વાળી નાખો. ઘાસનો કલ્લો લાવી દેવતા સળગાવો. અનાજના છોડના કોળા કરો. બાવાના ઝુંડમાં એક છોકરો હતો. મૂળા પણી બે પૈસાની ત્રણ મળે છે. લાકડાના ભાર કયાંથી લાવ્યા; ગાડામાં પૂળાનો ભાર ભર્યો છે. રેતીનો ઢગલો કરો. કાગળનો થોકડો ઉંચો મૂકો. પાણીની હેલ ભરી આવ; લાકડાંની હેલ કેમ લીધી ?

૨. (૧) વલસાડ–બી. બી. સી. આઇ. રેલ્વેપર.

(૨) સિદ્ધપુર—રજપુતાના માળવા રેલ્વે (આર. એમ. રેલ્વે) પર. (૩) ચાંણોદ—ગાયકવાડ ડભોઈ રેલ્વેપર. (૪) ધોળા—ભાવનગર, ગોંડલ, પોરબંદર રેલ્વેપર. (૫) ઉમરેઠ—બી. બી. સી. આઇ. રેલ્વેપર (આણંદ ગોધરાના રસ્તાપર).

૩. ૨૭૮.

૪. કંસારનું.

૫. (क) અંગ્રેજી—રોજીંદા—ટાઇમ્સ ઓફ ઇન્ડિયા; બોમ્બે ક્રોનિકલ; એડવોકેટ ઑફ ઇન્ડિયા—ઇન્ડિયન સ્પેકટેટર—શુક્રવારે. મરાઠી—ઇંદુપ્રકાશ તથા ઉર્દુ—અખબારે ઇસ્લામ અને મુસ્લીમ હેરલ્ડ—રોજીંદા. ગુજરાતી—મુંબઈ સમાચાર; હિંદુસ્થાન અને અખબારે સોદાગર; સાંજ વર્તમાન; પ્રજામિત્ર અને પારસી; જામે જમસેદ;—રોજીંદા. 'ગુજરાતી'; રાસ્તગોફતાર; અને કયસરે હિન્દ—દર રવિવારે. (ख) અમદાવાદ:—પ્રજાબંધુ—દર શનિવારે; જૈન સમાચાર તથા ગુજરાતી પંચ—દર રવિવારે. ભાવનગર:—જૈન શાસન—દર મંગળવારે. વડોદરા:—સયાજી વિજય—દર ગુરૂવારે; વડોદરા વર્તમાન—દર સોમવારે; હિંદ વિજય—દર બુધવારે. નવસારી:—નવસારી પત્રિકા—દર રવિવારે. રાજકોટ:—કાઠિયાવાડ ટાઇમ્સ, દર બુધ અને રવિવારે. સુરત:—દેશી મિત્ર—દર ગુરૂવારે; ગુજરાત દર્પણ અને ગુજરાત મિત્ર—દર રવિવારે. અમરેલી:—ઈસ્લામ ગેઝેટ—દર ગુરૂવારે.

૬. રાજર્ષિ—વિશ્વામિત્રને—એમનામાં તામસગુણ રહેલો હતો માટે; બ્રહ્મર્ષિ—વસિષ્ઠને—એ સત્વગુણી હતા માટે.

૭. ગંધક, ફૉસફરસ અને ખાસ પોચી જાતનું તુરત સળગે પણ ભાંગી ન જાય તેવું લાકડું.

૮. બે સ્ટેશન બાકી હોય ત્યારે ત્રણ, અને એક સ્ટેશન બાકી હોય ત્યારે પાંચ ઘંટા કરે છે.

૯. નર્મદા નદીમાં સુરપાણનો જળધોધ છે.

૧૦. ડુંગરપર અગર ઘાસના જંગલમાં દેવતા સળગી, આખા ડુંગર કે ઘાસનું જંગલ બળી જાય છે તે.

૧૧. તેણે જુનાગઢ અને પાવાગઢ એ નામના બે ગઢ (કિલ્લા) જીત્યા હતા તેથી.

૧૨. સકરિયાં, રતાળુ, સૂરણ, મૂળા, ગાજર.

# ૨૨

૧. (૧) ઘઉં—ભાલમાં (ધોળકા અને ધંધુકા તાલુકામાં), ભરૂચ જીલ્લામાં—જંબુસર તથા હાંસોટમાં. (૨) તમાકુ—ચરોતર—બોરસદ, પેટલાદ, આણંદ તાલુકામાં. (૩) કપાસ—કાનમમાં, ભરૂચ જીલ્લામાં, રાધનપુર સંસ્થાનમાં, કાઠિયાવાડમાં. (૪) ડાંગર—વડોદરા પ્રાંતના સાવલી મહાલમાં (છત્રીસી), દશકોશી (ખારી નદીના કાંઠાનો ભાગ), સુરત જીલ્લાના દક્ષિણ પૂર્વના ભાગમાં.

૨. (क) પતઈરાવળ. (ख) પતઈરાવળના વખતમાં આસો માસમાં નવરાત્રીમાં કાળકા માતાજી સુંદર સ્ત્રીના વેશમાં ગરબો રમવાને પર્વતપરથી નીચે ઉતર્યાં. તે વખતે તેમનું રૂપ જોઇને પતઈરાવળે તેમનાપર કુદ્દષ્ટ કરી, તેથી તેમણે શ્રાપ દીધો કે તારૂં રાજ્ય મ્લેચ્છને હાથે નાશ પામશે.

(ग) છોટા ઉદેપુર અને બારીયાનું રાજ્ય.

૩. જગન્નાથપુરી, દ્વારકાપુરી, કાશીપુરી, અયોધ્યાપુરી, શિવકાંચિ, વિષ્ણુકાંચી.

૪. થોર, ખરસાણી, આકડો, ઉમરડો, મહુડો.

૫. (૧) કડી પ્રાંત તથા ગુજરાતનો ઉત્તર ભાગ. (૨) ગુજરાતનો દક્ષિણ ભાગ તથા નવસારી પ્રાંત. (૩) નર્મદા ને સાબરમતી વચ્ચેનો ભાગ.

૬. (क-ख) ધ્રુવજી—એ ઉત્તાનપાદ અને સુમતિના પુત્ર. એમને અપર માએ મેણું માર્યું, તેથી પાંચ વર્ષની ઉમ્મરે વનમાં જઈ તપ કર્યું હતું. ત્યાં તેમને વિષ્ણુએ દર્શન દીધું હતું (જુઓ નર્મકથાકોશ).

(૨) પ્રલ્હાદજી—હિરણ્યકશિપુ રાક્ષસના પુત્ર. એ જન્મથી જ વિષ્ણુના ભક્ત હતા; તે હરહમેશ રામનું નામ ગોખ્યા કરતા હતા, તેથી તેમના બાપે રામનામ ન લેવા આગ્રહ કર્યો પણ માન્યું નહીં; તેથી ગરમ કરી રાખેલે થાંભલે બઝાઆ, ત્યાં ઈશ્વરે સહાય કરી, નરસિંહરૂપ ધરી હિરણ્યકશિપુને ચીરી નાખ્યો, અને પ્રલ્હાદને રાજ્યાસને બેસાર્યા.

૭. (૧) દરિયામાં કાલુ નામની માછલી પોતાના મ્હોંમાંથી રસી કાઢે છે તેનાં થાય છે. (૨) સીપમાં મોતી બંધાય છે. (૩) દક્ષિણ હિંદુસ્તાનના કોરોમાન્ડલ કાંઠા આગળથી તથા ઇરાની અખાતમાંથી (બસરાઈ મોતી).

૮. મગજ, હ્રદય, ફેફસાં.

૯. સુંઠ, મુસળી, ખારેક, કોપરૂં, ખસખસ, બદામ, મરી, પિપળી મૂળના ગંઠોડા, વગેરે.

૧૦. સિંધનું રણ, મારવાડનું રણ, કચ્છનું રણ.

૧૧. કાઠિયાવાડના.

૧૨. હિંદુસ્તાનમાં તાપ માર્ચથી મે અને જુન માસના કેટલાક દિવસ સુધી પડે છે. આ અરસામાં ઉષ્ણુતામાન વધારેમાં વધારે દક્ષિણમાં માર્ચમાં ૧૦૦° ઉપર સહેજ હોય છે; એપ્રિલમાં ૧૦૦° થી ૧૦૫°, મધ્ય પ્રાંતના દક્ષિણ ભાગ તથા ગુજરાતમાં હોય છે; મે માસમાં આ દેશના મધ્ય ભાગમાં ઘણાખરા પ્રદેશમાં ૧૦૫° થી ૧૧૦° સુધી તાપ પડે છે. જુન માસમાં સિંધુ નદીની ખીણમાં જેકબાબાદ પાસે ઉષ્ણુતામાન વધીને ૧૨૦° સુધી થાય છે. સિંધ, રજપુતાના, પશ્ચિમ અને દક્ષિણ પંજાબ અને જોડીયા પ્રાંતમાં પશ્ચિમ ભાગમાં ૧૨૦° થી વધુ તાપ પડેલો એવી નોંધ છે; પરંતુ અત્યાર સુધીમાં વધારેમાં વધારે ૧૨૬° નો નોંધાયલો છે, જે સને ૧૮૯૭ ના જુન માસની તા૦ ૧૨ મીએ જેકબાબાદમાં પડ્યો હતો.

# ૨૪

૧. (૧) સુરપાળ–ગુજરાતના રાજા જયશિખરનો સાળો. (૨) વિમળદેવી–સુરપાળની સ્ત્રી. (૩) રૂપસુંદરી–જયશિખરની રાણી. (૪) રાણકદેવી–રાખેંગાર (જુનાગઢના રાજા) ની રાણી, જેને સિદ્ધરાજ હરી ગયો હતો, અને જે વઢવાણ આગળ સતી થઈ હતી.

૨. દારૂ, ગાંજો, અફીણ, ભાંગ, કોકેન.

૩. (૧) હસ્તિનાપુર–પાંડવકૌરવની રાજધાની, એ હાલમાં જ્યાં દિલ્હી છે ત્યાંથી ઈશાનમાં ૫૬ માઈલ ઉપર ગંગાને કાંઠે હતું. (૨) પાટલીપુત્ર–પટણા–બહાર પ્રાંતની રાજધાની, ગંગા અને શોનના સંગમ ઉપર. (૩) વલ્લભીપુર–ભાવનગરની પાસે વળા ગામ છે તેની થડમાં આવેલું હતું. (૪) ચાંપાનેર–પંચમહાલમાં પાવાગઢની તળેટીમાં; હાલ ચાંપાનેર શહેર તૂટી જઈ ત્યાં એજ નામનું ગામડું છે. (૫) સ્થંભાવતી–હાલનું ખંભાત.

૪. (૧) પુનેમે. (૨) અમાસે. (૩) સુદ અને વદ આઠમે. (૪) સુદ અને વદ ચોથે.

૫. (क) જ્યારે કોઈ કામ હદપાર ઉતાવળ કરવાથી બગડે છે ત્યારે બોલાય છે; જેમ મોસમ વગર બળાત્કારે કેરી થતી નથી તેમ ઉતાવળથી કામ સારૂં થતું નથી.

(ख) પોપટ જેમ મોઢે બોલી શકે છે, પણ અર્થ સમજતો નથી, તેમ વગર સમજે માત્ર ગોખણ કરેલું હોય તેમના સંબંધમાં વપરાય છે.

(ग) કોઈ માણસ કંઈ કાર્ય સારૂં કે નઠારું કરે છે. અને તેનું ફળ સારૂં કે નઠારું થાય છે ત્યારે બોલાય છે; જેવું બી વાવ્યું હોય તેવું ફળ આવે; મતલબ કે સારા કાર્યનું ફળ સારું થાય છે, ને નઠારા કૃત્યનું પરિણામ નઠારું આવે છે.

૬. અસલના વખતમાં ઋષિઓ પોતાના આશ્રમમાં કે મઠમાં વિદ્યાર્થીઓ રાખી તેમને વિદ્યાભ્યાસ કરાવતા હતા. તેને ગુરૂકુળ કહેતા; એવે ધોરણે હાલના સમયમાં હરદ્વાર વગેરે સ્થળે વિદ્યા ભણાવવાના આશ્રમ કાઢવામાં આવ્યા છે.

૭. બાવળ અને ખેર એ મુખ્ય; બીજાં લીમડો, એખરો, બોરડી, કડો, અગથિયો, 'ગોરડ', (કાઠિયાવાડમાં વિશેષ વપરાય છે).

૮. આશ્વિન સુદ ૧૫ (પુનમે).

૯. શરીરમાં છાતી અને પેટના ભાગો ઘણા અગત્યના છે, તેથી ટાઢમાં એ અંગો સાચવવાની ખાસ જરૂર છે માટે; કેમકે—ઊનનાં કપડાં મંદવાહક છે, તેથી તે પહેરવાથી શરીરની અંદરની ગરમી ઉતાવળે બહાર જતી નથી, અને શિયાળાની બહારની ઠંડી શરીરમાં પ્રવેશ કરી શકતી નથી; એટલે શરીરની અંદર ઉષ્ણતા ચાલુ રહે અને

શિયાળાની ઠંડીને લીધે શરીરનો અંદરનો ભાગ ઠંડો ન થાય, તેટલા માટે ઉનનાં એટલે ગરમ કપડાં પહેરવામાં આવે છે.

૧૦. (૧) પિતૃ ભક્તિ—શ્રી રામચંદ્રજી; પોતાના પિતા દશરથ રાજાનું વચન પાળવા માટે એઉ રાજ-પાટ છોડી દઈ વનમાં ગયા.

(૨) સ્વામી ભક્તિ—સીતાજીની શ્રી રામચંદ્રજી પ્રત્યે; રાજવૈભવનું સુખ છોડી કેવળ પતિના સુખે સુખ અને દુઃખે દુઃખ સમજી રામચંદ્રજીની સાથે વનમાં ગયાં.

(૩) ભ્રાતૃભાવ—ભરત તથા લક્ષ્મણનો શ્રી રામ-ચંદ્રજી પ્રત્યે; ભરત રાજ ન કરતાં રામચંદ્રજીના આવતા સુધી શહેર બહાર વાડીમાં રહ્યા અને તેમની પાવડીઓ પૂજતા હતા; લક્ષ્મણ—રામ સાથે વનમાં ગયા, અને ભાઇને માટે અતિ દુઃખ ભોગવ્યું.

૧૧. સકરિયાં, રતાળુ, સૂરણ, મૂળા, ગાજર, કારેલી, ગલકી, દુધી, તુરિયાં, તુમડી, ચીભડી, ગુવાર, મોગરી, વેગણ, ભીંડા, વગેરે.

૧૨. ગામડું, ગામ, કસ્બો, શહેર, મહાલ—પરગણું, પ્રાન્ત, દેશ—એમ ચઢતો અનુક્રમ છે.

ગામડું—નાનું ગામ. ગામ—જ્યાં કેટલાંક ઘરો અને થોડી ઘણી વસ્તી હોય તેવું ઠેકાણું. કસ્બો—મહાલ—પરગણાનું મુખ્ય ગામ. શહેર—ઘણી વસ્તી-વાળું, અને વેપાર ધંધો બહુ ચાલતો હોય તે.

## ૨૫

૧. ગણુપતિનું.

૨. (૧) ઘર–માટીની કે ઇંટની ભીતો હોય, અને છાપરૂં નળીઆંનું કે પતરાંનું હોય, પણ એક માળ હોય અને બે ત્રણ ખંડ હોય તે. (૨) હવેલી–ભીતો ઈંટની, બે ત્રણ કે ચાર માળ હોય, તેમ ખંડ પણ વધારે હોઈ તેમાં રસોડાં, પાણિયારાં, સુવા–બેસવાના ઓરડા વગેરે હોય તે. (૩) મહેલ–પત્થરના બાંધેલા હોય, બાંધણી ભવ્ય હોય, અનેક જૂદા જૂદા ખંડ હોય, શોભાયમાન કમાનો તથા કારીગરી હોય, આગળ પાછળ છૂટી જગ્યા ઘણી હોય, તેમ બાગ પણ હોય તે. (૪) બંગલો–ઘીચ વસ્તીમાં નહીં પણ છૂટો હોય, અને શોભાયમાન હોય, એક કે વધારે માળ હોય, ચારે બાજુએ છૂટ હોય, બાગ વગેરે પણ હોય તે. (૫) ઝુંપડું–ભીતો કરાંઠીની કે માટીની હોય, અને છાપરૂં છાજનું (ઘાસનું) હોય તે. (૬) છાપરી–ભીતો કરાંઠીની હોય અને છાજ છાયું હોય તે. (૭) ડહેલું–એક મોટો ખંડ હોય, અને તેનું બારણું ગાડી, ઘોડા કે બીજાં જનાવરથી અંદર જવાય તેવું મોટું હોય; બેઠકને માટે વપરાય અગર ગાડી ઘોડા બંધાય. (૮) તબેલો–ઘોડા, બળદ, ગાડીઓ રાખવાની જગ્યાને કહે છે; તેમાં જનાવરો અને ગાડી રહે એવી સોઈ કરેલી હોય છે.

૩. (क) (૧) શીલા છાપથી છાપવાનું; (૨) મુદ્રા છાપ કે અક્ષરનાં બીબાંથી છાપવાનું.
(ख) પ્રથમ લાકડાનાં પાટિયાં કરી તેમાં અક્ષર કોતરી પછી શાહી ચોપડી કાગળ દાબતા તેથી છપાતું; એટલે જેટલાં પાનાં તેટલાં પાટિયાં કોતરવાં પડે; ત્યાર પછી એકેક અક્ષરનાં ગુંદરનાં બીબાં કરી તે ગોઠવી છાપતા.

૪. માણસ ગરમી વગર જીવી શકે નહીં; અનાજ પાકે નહીં; હવા ખરાબ થાય અને રહે; હમેશાં અંધારૂં રહે તેથી ઉદ્યમ થાય નહીં.

૫. ગોકુળ, મથુરા, વૃન્દાવન, કાશી, અયોધ્યા, પ્રયાગ, ગયા, જગન્નાથ, હીંગળાચ, હરદ્વાર, બદ્રિકેદાર, છપૈયા (અયોધ્યા પાસે સ્વામી નારાયણની જન્મભૂમિ).

૬. સૂર્યના તેજથી તેમનું તેજ દેખાતું નથી.

૭. (૧) તુવેર, મગ, મઠ, અડદ, વાલ, ચણા, વટાણા, લાંગ, કાબરી, આમલી, રાયણ, આંબો, મહુડો, કણઝી. (૨) તેનાં બીની બે ફાડો કે દાળ થાય છે તેથી. વિશેષ હકીકત માટે જુઓ પ્રશ્નપત્ર ૪૮, પ્રશ્ન ૯.

૮. રૂપીઆ ૫,૧૦,૨૦,૫૦,૧૦૦,૫૦૦,૧૦૦૦, અને ૧૦૦૦૦ ની. રૂ. ૫ થી ૧૦૦ સુધીની નોટો હિંદુસ્તાનના ગમે તે ભાગમાં ચાલે છે. રૂ. ૫૦૦, ૧૦૦૦,૧૦૦૦૦ ની નોટો જે પ્રાંત કે વિભાગના

નામથી છપાઈ હોય તેમાંજ લેવાય છે; પરંતુ સરકારી ત્રીજોરીમાં સવડ પ્રમાણે રોકડાં નાણાં અથવા નાની રકમની નોટો આપે છે.

ટીપ—હાલમાં રૂ. ૨૦ વાળી નવીન નોટો કાઢવાનું બંધ થયું છે.

૯. (क) (૧) રામાનંદ—એ દક્ષિણમાં શ્રીરંગમાં રામાનુજાચાર્ય થઈ ગયા, તેમના શિષ્ય હતા. એમના શિષ્યો રામાનંદી કહેવાય છે.

(૨) કબીરજી—ઈ. સ. ના પંદરમા સૈકામાં થઈ ગયા. એ રામાનંદના બાર શિષ્યમાંના એક હતા. એ કબીરસાહેબ એવે નામે અને અસરકારક પદોના કર્ત્તા તરિકે પંકાયલા છે. એમણે કર્મકાંડની પ્રક્રિયાનું ખંડન કર્યું. હિંદુ તથા મુસલમાન બન્નેનો ઈશ્વર એક છે, એમ પ્રતિપાદન કર્યું.

(૩) તુલસીદાસ—એ વ્રજભાષાના એક ઉત્તમ કવિ હતા. ચિત્રકૂટ પાસે હાજીપુરમાં એ જન્મેલા હતા, અને નાતે સરવરિયા બ્રાહ્મણ હતા. એ શ્રી રામચંદ્રજીના અનન્ય ભક્ત હતા, અને તેથી ૩૧ વર્ષની વયે, શકે ૧૬૦૯ માં, એમણે રામાયણ લખ્યું હતું, જે 'તુલસીકૃત રામાયણ'ના નામથી આખા હિંદુસ્તાનમાં પ્રસિદ્ધ છે. એનામાં કવિત્વ શક્તિ અને અદ્ભુત ચમત્કાર બતાવવાનું સામર્થ્ય ઘણું હતું. શકે ૧૬૨૪ માં એ મરણ પામેલા કહેવાય છે.

(૪) સુરદાસ—એ મથુરામાં ૧૪૫૦ માં જન્મેલા હતા. તે જન્માંધ હતા, તેથી નિરંતર પોતાનો કાળ હરિકીર્તનમાં ગાળતા હતા. શ્રી કૃષ્ણની સ્તુતિનાં તેણે સવાલાખ પદ કરેલાં કહે છે. સુરસાગર નામનો એક મોટો ગ્રંથ તેણે રચેલો છે.

(૫) ગુરૂ ગોવિંદ—નાનકથી છઠ્ઠા પુરૂષ, શીખ લોકોના ગુરૂ.

(૬) મત્સ્યેન્દ્રનાથ-મચ્છેન્દ્રનાથ—પ્રાચીનકાળમાં નાથ શબ્દથી પ્રખ્યાત થયેલા એવા સિદ્ધ પુરૂષ અનેક થઈ ગયા છે; આમાંના ઘણા હઠયોગ સંપ્રદાયના પ્રવર્તક હતા; તેમાંના મચ્છેન્દ્રનાથ એક હતા. એનામાં સિદ્ધપણાનાં સંપૂર્ણ લક્ષણ હતાં. એમણે યોગશાસ્ત્ર ઉપર હઠદીપિકા એ નામનો ગ્રંથ રચેલો છે.

(૭) ગોરખનાથ—એ મચ્છેન્દ્રનાથના શિષ્ય હતા. તેમણે એને સંપૂર્ણ યોગવિદ્યા શિખવી હતી. ત્યાર પછી તે એક કીર્તિમાન્ સિદ્ધ પુરૂષ થયા હતા. એમણે ગોરક્ષશતક, ગોરક્ષ કલ્પ, ગોરક્ષ સહસ્ર નામ અને ગોરક્ષ ગીતા એ ગ્રંથો રચેલા છે.

(ख) (૧) 'રામ જરૂખે બેઠ કર, સબકા મુજરા લેત,
જૈસી જીનકી ચાકરી, એસા ઉનકું દેત.'

(૨) તુલસી હાય ગરીબકી, કબુ ન ખાલી જાય;
મુઆ ઢોરકે ચામસે, લોહા ભસ્મ હો જાય.

(૩) દયા ધર્મકો મૂલ હે, પાપ મૂલ અભિમાન;
તુલસી દયા ન છાંડીએ, જબલગ ઘટમેં પ્રાણ.

૧૦. તાંબુ અને જસતની મેળવણીથી પિત્તળ થાય છે; એમાં ત્રણ ભાગ તાંબુ અને એક ભાગ જસત હોય છે. તાંબુ અને કલઈએ બેની મેળવણીથી કાંસું બને છે.

૧૧. ધોળકામાં મલાવ; વિરમગામમાં મુનસર; પાટણમાં સહસ્ત્રલિંગ.

૧૨. ગરમી કમી કરવાનું, માણુસને ઘામ મટાડવાનું, વહાણુ ચલાવવાનું, પવન ચક્કીઓથી કુવામાંથી પાણી કાઢવાનું, હવા ચોખ્ખી કરવાનું, વગેરે પ્રકારના કામમાં પવનનો ઉપયોગ થાય છે.

# ૨૬

૧. (क) જેમ ડુંગર વેગળેથી સારો દેખાય છે, તેમ જ્યાં સુધી કોઈ માણુસ સાથે કામ પડ્યું નથી, કે તે પ્રસંગમાં આવ્યો નથી, ત્યાં સુધી તેના ગુણની ખબર ન પડે; પણ સંબંધમાં આવ્યા પછી તેનું સારાનરસાપણું જણાય છે.

(ख) ઈશ્વરની ભક્તિરૂપી સાકર અને શેરડી તેનો સ્વાદ છોડી દઈને સંસારના પંચ વિષયરૂપ જે કડવો લીમડો, તેનો રસ (પીવાને માટે) શા સારૂ ઘોળે છે (કાઢે છે)?

(ग) છોરૂ હોય તે કદાચ માબાપ પ્રત્યે પોતાની ફરજ છોડે, પણ માબાપનું છોકરાં પ્રત્યેનું હેત, તે કછોરૂ થાય તો પણ, જતું નથી.

૨. (૧) મુંબઈ, પુના, મહાબળેશ્વર. (૨) મદ્રાસ, નીલગિરિ. (૩) દિલ્હી, સીમલા.

૩. ખેડુત દાણા અને કપાસ પકવે છે, સુતાર ઘર બાંધે છે, વણકર કપડાં વણે છે, મોચી જોડા શીવે છે, આ બધું દરેક માણસના ઉપયોગમાં આવે છે. એક જ માણસથી પોતાને માટે બધી વસ્તુ તૈયાર થઈ શકે નહીં.

૪. હાર, તોરા, કલગી, ગજરા, વેણી, બાજુબંધ, પછેડી, વાડી (માથે બાંધવાની), વગેરે.

૫. માણસ ધંધામાં એક બીજાને છેતરે છે ત્યારે; છેતરવામાં પાપ નથી, એમ પોતાના બચાવમાં આ કહેવત કહે છે.

૬. શાલિવાહનનો શક; વિક્રમની સંવત; મુસલમાનની હીજરી સાલ; પારસીનો યઝદેઝરદી; અંગ્રેજનો ઈસવી સન. ચાલુ સંવત વર્ષના આ સાલો અનુક્રમે નીચે પ્રમાણે છે:—૧૮૩૬–૩૭; ૧૯૭૧; ૧૩૩૨–૩૩; ૧૨૮૪–૮૫; ૧૯૧૪–૧૫.

૭. ઉંચાણ ભાગની હવા વધારે ચોખ્ખી ગણાય છે, ભેજ લાગીને શરદી થતી નથી, જીવજંતુથી બચાવ થાય છે, બીછાનું નરમ રહેવાથી હાડકાં દુખતાં નથી, વગેરે.

૮. કાછીઆ, લુહાર, તંબોળી, દરજી, કણબી, ઘાંચી, કોળી, ઢેડ વગેરે ઘણી જાતના લોકો; ઘણે ભાગે કારીગર અને મજુર વર્ગના લોક.

૯. જીક—સોનારૂપાના ચપટા તારને આમળીને કરે છે.
કસબ—સોનારૂપાના કે તાંબાના તારને રેશમ કે સુતર સાથે વણીને કરે છે.
સુરમો—સોનારૂપાના ગોળ તારને આમળીને કરે છે.
ટપકી—સોનારૂપાનાં કે બીજી ધાતુનાં પાતળાં પતરાંની ગોળ ટપકીઓ બનાવે છે.
**ટીપ**—આ વસ્તુઓ ભરત ભરવાના કામમાં આવે છે.

૧૦. (૧) હિંદુઓનાં—ડાકોરજી, દ્વારકા, શ્રીનાથજી, બાદ્ર-કેદાર, હરદ્વાર, ગોકુળ, મથુરા, કાશી, જગન્નાથ, છપૈયા (અયોધ્યા પાસે), રામેશ્વર, પંઢરપુર, નાશક, ગીરનાર, હીંગળાજ, વડતાલ (નડિયાદ પાસે), ગઢડા (કાઠિયાવાડમાં). (૨) જૈનનાં:—શેત્રુંજા (પાલીતાણા પાસે), આબુ, ભોયણી (કડીની પાસે), તારંગા (વડનગર પાસે), સમરશેખર (બંગાળામાં).

૧૧. (૧) ગાય, બળદ, ગધેડાં, કુતરાં. (૨) બકરાં, ભેંસ, ઊંટ. (૩) બિલાડી, સસલાં. (૪) ઘેટાં.

૧૨. પાંચ કર્મેન્દ્રિયથી જે પાંચ વિષય ભોગવાય છે તે—શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ.

# ૨૭

૧. **(૧) હિંદુસ્તાનની પ્રજાની ઉન્નતિ થવા માટે તેમણે જાતિભોગ આપીને અતિ પ્રયાસ કરેલો છે; ઈંગ્લાં-ડની હાઉસ ઑફ કૉમન્સની સભામાં હિંદુસ્તાનના**

પ્રતિનિધિ તરિકે બેસવાનો પહેલો અને મુખ્ય પ્રયાસ એમનો હતો. (૨) હિંદના દાદા. (૩) તા૰ ૪ સપ્ટેમ્બર સને ૧૯૧૫ ના રોજ નેવું વર્ષની વય.

૨. (क) દુપ્લે. (ख) પોન્ડિચેરી, ચન્દ્રનગર.

૩. માણુસ જ્યારે આ દુનિઆની ખટપટમાં પડી ખોટે રસ્તે ચાલે છે, કે દ્રવ્ય મેળવે છે ત્યારે; કંઈ પણ વૈભવ થોડો વખત ચાલશે, એવું કહેવું હોય ત્યારે.

૪. જે પદાર્થના બદલામાં બીજો પદાર્થ મળી શકે, તે સઘળું નાણાના રૂપમાં ગણાય છે; સોનું અને રૂપું મોંઘી ધાતુ છે, અને જલદી ઘસાતી નથી, અને આપ લે કરવામાં સરળતા થાય છે, તેથી તેના સિક્કા પાડવામાં આવે છે.

૫. પાણીમાં અને દૂધમાં જીવજંતુ કે કચરો હોય, તે કાઢી નાખવા માટે.

૬. વખતસર અને નિયમિત કામ કરવું; સમજીને વાંચવું; એક ધ્યાનથી વાંચવું; ઉત્સાહથી વાંચવું; મનમાં ઠસાવીને વાંચવું; સ્વાશ્રયીપણે વાંચવું; અભ્યાસ કરવાનો ઉત્તમ વખત સવારનો છે, એ ધ્યાનમાં રાખવું, વગેરે.

૭. (क) જિંજવો, તોરણીઓ, પરાળ, કડબ, માલખુ, સુંડીઉ, ભુમસી, દાભ, ધરો, સરકટ.
(ख) રચકો (ગીની ગ્રાસ).

૮. એ શ્રીકૃષ્ણ ભગવાનના અનન્ય ભક્ત હતા; અવસાન વખતે શ્રીકૃષ્ણે એમને પૃથ્વીપર રહી ધર્મનો ઉપદેશ કરવા કહ્યું હતું.

૯. સૌથી મોટું વાસણ નીચે, તેની ઉપર તેથી નાનું, તેની ઉપર તેથી નાનું, એમ ચઢતા ઉતરતું ગોઠવવું; એ પ્રમાણે ક્રમવાર ગોઠવ્યાથી તે વાસણ પડી જતાં નથી, અને ગુરુત્વમધ્યરેષાનો નિયમ સચવાય છે.

૧૦. (૧) બિલાડી, વાઘ, સિંહ, વરૂ, કુતરાં, શિયાળ વગેરે.
(૨) ગાય, બળદ, બકરાં, ઘેટાં, ઘોડા, બળદ, ઊંટ, હરણ, સાબર, જીરાફ.
(૩) વાંદરાં, માકડાં, વાગોળ, ચામાચીડીઆં, પોપટ.

૧૧. કાઠિયાવાડમાં ગીરનાં, સાતપુડાનાં, સોનગઢ—વ્યારાનાં અને રેવાકાંઠાનાં જંગલોમાં.

૧૨. શિયાળવાં, ગધેડાં, કુકડાં.

## ૨૮

૧. (૧) સેવાસદનઃ—આ સંસ્થા મુંબઈમાં સને ૧૯૦૮ ના જુલાઈ માસમાં મી૦ બહેરામજી મલબારીએ સ્થાપી હતી. એનું મુખ્ય સ્થાનક ગામદેવી—મુંબઈમાં છે. નિરાશ્રિત, રોગી અને અશક્ત માણસોની સારવાર વગેરે માટે સ્ત્રીઓને શિખવી તૈયાર કરવી, એ એનો મુખ્ય ઉદ્દેશ છે. આ અને એવાં બીજાં કામો માટે નીચે મુજબની તેમની સંસ્થાઓ છેઃ—

(૧) નિરાશ્રિત અને ઘર વગરનાં માટે મકાન.
(૨) જૂદી જૂદી બાબતોના ઉદ્યોગોનું સ્થાન.
(૩) અશક્ત અને દુઃખી માણસો માટે આશ્રમ.
(૪) સ્ત્રીઓ તથા બાળકોને માટે દવાખાનું.
(૫) મફત શિક્ષણ આપવાના વર્ગો તથા પુસ્તકાલય.
(૬) ગરીબ વર્ગને માટે તેમના વાસમાં શિક્ષણના અને કંઈ કામધંધો શીખવવાના વર્ગો.

આ સંસ્થાની ત્રણ શાખાઓ–પુના, અમદાવાદ અને બેંગ્લોરમાં છે. વાર્ષિક ખર્ચ રૂ ૨૦૦૦૦) ને સુમારે થાય છે. મીસ બી. એ. એન્જીનિયર એમ. એ., એલ એલ. બી. એના સેક્રેટરી છે.

(૨–૩) અનાથાશ્રમ–બાળકાશ્રમ. આ નામની સંસ્થાઓમાં અનાથ બાળકો, અને અનાથ કે અશક્ત સ્ત્રીપુરૂષોને રાખવામાં આવે છે; અને તેમને ખાવાનું તથા કપડાં વગેરે પૂરાં પાડવા ઉપરાંત શિક્ષણ લઈ શકે અથવા જે કંઈ ધંધો શીખી શકે તેવાંને માટે જરૂરની વ્યવસ્થા કરવામાં આવે છે. બાળકાશ્રમમાં માત્ર બાળકોને જ દાખલ કરવામાં આવે છે. આવી સંસ્થાઓ–મુંબઈમાં (૧) લેડી નોર્થકોટ હિંદુ ઑરફનેજ તથા (૨) નશરવાનજી માણેકજી પીટીટ પારસી આરફનેજ–એ બે છે; સુરતમાં (૧) અશક્તાશ્રમ. (૨) બાળકાશ્રમ, તથા (૩) પારસી ઑરફનેજ; વડોદરામાં અનાથાશ્રમ; તથા વડોદરા રાજ્યના અમરેલી પ્રાંતમાં સરકારી

અનાથ બાળકાશ્રમ; નડિયાદમાં બે અનાથાશ્રમ છે; પાટણમાં એક બાળકાશ્રમ ઉઘડેલું છે; હાલ-સિદ્ધપુરમાં એક બાળકાશ્રમ નિકળેલું છે.

(૪) વનિતાવિશ્રામ:—આ સંસ્થા નવ વર્ષથી સુરતમાં સ્થાપવામાં આવી છે. 'એમાં હરેક વિધવાને કાંઈ પણ ખર્ચ લીધા સિવાય નિયમાનુસાર આશ્રમમાં દાખલ કરવામાં આવે છે; અને સંસ્થાનું સર્વ પ્રકારનું શિક્ષણ વગેરે પૂરું પાડવામાં આવે છે. આ સિવાય સધવા કે કન્યાઓને માસિક ફી લઈ દાખલ કરવામાં આવે છે, તથા સંસ્થાનો લાભ આપવામાં આવે છે.'

આ સંસ્થાના ત્રણ ભાગ છે:—(૧) વનિતા શાળા, એમાં ગુજરાતી, ઈંગ્રેજી, સંસ્કૃત તથા વ્યાવહારિક જ્ઞાન, તથા ભરવા ગુંથવાનું, સિવણ કામ, ચિત્ર અને સંગીત શાસ્ત્રનું જ્ઞાન અપાય છે. (૨) વનિતા-પુસ્તકાલય અને (૩) વનિતાભંડાર. વનિતા-ભંડારનું ખાતું કાર્યશાળાની સાથે રાખવામાં આવ્યું છે. એમાં સ્ત્રીને પહેરવાનાં લુગડાં, ચારસા, છીંટો વગેરે તથા કાર્યશાળામાં છોકરીઓને હાથે તૈયાર કરવામાં આવેલો માલ રાખવામાં આવે છે. આ સંસ્થાની એક શાખા હાલ મુંબઈમાં કાઢવામાં આવી છે.

આ સંસ્થાની સ્થાપના ગંગા સ્વરૂપ બ્હેન શિવગૌરી કલ્યાણભાઈ ગજ્જર, અને ગં. સ્વ. બ્હેન

બાજીગૌરી દોલતરાય મુનશીના પ્રયાસથી થઈ છે, અને તેમની ખાસ દેખરેખ નીચે તે ચાલે છે.

અમદાવાદમાં આવે ધોરણે વનિતા વિશ્રામ સ્થપાયલી છે, તેની સઘળી વ્યવસ્થા ગં. સ્વ. બહેન સુલોચના જાદવરાય રાખે છે.

૨. (૧) ગાય, બળદ, ભેંસ, ઘોડા, ઘેટાં, બકરાં, કુતરાં, બિલાડી વગેરે.

(૨) પોપટ, મેના, કાકાકૌઆ, તિતર, ચીડિયાં (પીળી ચાંચવાળી નાની ચલ્લીઓ).

૩. પાણી ઘણું ઉકળવાથી તેની વરાળ થાય છે, તે બહાર નિકળવાનું જોર કરે છે, તેથી ઢાંકણું ઉછળીને પડે છે.

૪. (क) હાથમાં પહેરેલું કંકણ (ઘરેણું) જોવાને આરસાની જરૂર પડતી નથી; મતલબ કે—જે વાત કે બાબત ઘણી જાણીતી છે તેને માટે સાબિતીની જરૂર નથી.

(ख) ગળિયો—ધીમી ચાલવાળો બળદ જેમ ઘણો ધીમેથી ચાલે છે, તેમ કોઈ માણસ જ્યારે ઘણો ધીમેથી ચાલે છે અથવા કામ કરે છે ત્યારે કહેવાય છે.

(ग) જે નિશાળીઓ બરાબર અભ્યાસ કરતો નથી હોતો, તે વતરણાં (લખવાની કલમો) વગેરે ઘણાં રાખે છે; તેમ જેનામાં બુદ્ધિ કે સમજણ થોડી હોય છે, તે સાધનોનો ડોળ વધારે રાખે છે, તેવે પ્રસંગે કહેવાય છે.

૫. નર્મદાના દક્ષિણુ ભાગમાં.

૬. શુકદેવજી એ વ્યાસના પુત્ર હતા. માતાના ગર્ભમાં હતા ત્યારથી તે વેદ ભણેલા હતા; તેમણે પરીક્ષિત રાજાને સાત દિવસમાં શ્રીમદ્ ભાગવતની કથા સંભળાવી મોક્ષને પમાડ્યા હતા.

૭. ભારતના યુદ્ધમાં અશ્વત્થામા મરાયો એમ કહેવાને યુધિષ્ઠિર રાજા આ પ્રમાણે બોલ્યા હતા કે; 'માણસ કે હાથી'; તે ઉપરથી હવે શંકા પડતું દ્વિઅર્થી બોલવાના પ્રસંગે આ કહેવત કહે છે.

૮. બંગાળા, અયોધ્યા, આગ્રા અને દિલ્હી, કાશી, પંજાબ, નિજામનું, કર્ણાટક, ગુજરાતનું (મરાઠાનું).

૯. શેરડીનું બી હોતું નથી, પણુ તેના સાંઠામાં ગાંઠો આગળ આંખ હોય છે, તેવા ગાંઠ આગળના આંખવાળા ત્રણુ ત્રણુ આંગળના કકડા જમીનમાં રોપાય છે, તેમાંથી શેરડી ફૂટે છે. એ શેરડીનું બી કહેવાય છે.

૧૦. (क) જીવજંતુ અને કચરો વળગેલો હોય છે, તે ખાવામાં આવવાથી નુકસાન થાય છે.

(ख) લોહી સ્વચ્છ કરે છે, પાચનશક્તિ વધારે છે, ખોરાક વધારે ખવાય છે, સ્વાદ લાગે છે.

(ग) દાંતના રોગને ફાયદો કરે છે.

**ટીપ**–જેઓ શાક ભાજી નથી ખાતા, તેમને ઘણે ભાગે દાંતનો અને લોહીનો રોગ (સ્કર્વિ) થાય છે.

(ઘ) જલદી કોહી કે સડી જાય છે, અથવા સુકાઈ કે પાકી જાય છે, તેથી તે રોગિષ્ટ થાય છે. તાજાં શાકભાજી લોહી સુધારે છે તેથી તેનો ઉપયોગ કરવો જોઇએ. પાકાં ને વાસી શાક ઉનાળામાં ઝાડો કરે છે, અને ઘણી વાર કોલેરાનો ફેલાવો કરે છે.

૧૧. નર્મદા કાંઠે આવેલા સુરપાણજીના.

૧૨. ઘુવડ, ચામાચીડીઆં, વાગોળો.

# ૨૧

૧. (૧) પંજાબમાં. (૨) નાનક. (૩) પતિયાલા, ઝીન્ડ, નભા, કપુરથલા, ફરીદકોટ. (૪) શૂરવીર પુરૂષના ગુણ, ધર્મની જનુન, અને એકસંપીપણું.

૨. જે તરફ ગાડી, ટ્રામ કે આગગાડી જતી હોય, તે દિશા તરફ મ્હોં રાખીને ઉતરવું; ગતિમાં રહેલા પદાર્થની ગતિ એકદમ અટકાવવાથી, અથવા ઉલટી દિશામાં ગતિ આપવાથી તે પડી જાય છે. ગતિમાં હોય તેવા વાહનમાં આપણે બેઠા હોઇએ, તો આપણને પણ ગતિ મળેલી હોય છે, તેથી ઉતરતી વખતે તેજ દિશા તરફ મ્હોં રાખી ઉતરવાથી પડવાનો સંભવ નથી.

૩. સુતા, માતા, પત્ની, સાહુડી, ઢેલ.

૪. (૧) બળદ–કડી પ્રાંત (ચુંવાળ)ના તથા વડીઆરી, કાંકરેજી. (૨) ભેંસ–બડાની તથા નાગોરી (કાઠિયા-

વાડની). (૩) ઘોડા–સિંધના. (૪) ગાય–દ્વારકાની, કડી પ્રાંત (ચુંવાળ)ની.

૫. (૧) તલનું, ભોંયશિંગનું, કાબરીનું, ડોળીનું, સરસવનું. (૨) કપાસિયાનું તેલ પણ હાલ વપરાય છે.

૬. સીમલા, મરી, મસુરી, નીલગિરિ, આબુ, દાર્જીલિંગ, પંચગની, દેવલાલી, લાનોલી, મહાબળેશ્વર, માથેરાન, તીથલ, ડુમસ.

૭. સુંઠ, પિપળીમૂળ, આસન, ખારેક, કોપરાં, ખસખસ, પિપર.

૮. (૧) અંજુમને ઇસ્લામ–મુસલમાન કોમની આર્થીક, સાંસારિક, માનસિક તથા રાજકીય સ્થિતિ સંબંધે ઉન્નતિ કરવાને સ્થપાયલી મંડળી. આવી મંડળીઓ મુંબઈ, અમદાવાદ, વડોદરા વગેરે સ્થળે સ્થપાયલી છે.

(૨) મોહમેદન લીગ-ઇન્ડિયન મોસલેમ લીગ–સને ૧૯૦૬ માં સ્થાપવામાં આવી હતી. એનું મુખ્ય. સ્થળ હાલમાં લખનૌ છે. મુસલમાન કોમ કેળવણીમાં આગળ વધે તેમ કરવું, એ કોમના રાજકીય હક સંભાળવા, મુસલમાન અને બીજી કોમો વચ્ચે એખલાસ વધારવો, અને બ્રિટિશ રાજ્ય પ્રત્યે વફાદારીની લાગણી આ દેશની પ્રજામાં ચાલુ રાખી તેમાં વધારો કરવો, એવા એમના મુખ્ય ઉદ્દેશો છે.

૯. પોરબંદરનું, સુરતનું (ધાડવાનું), કાનમનું (મિયાગામ–કરજણની આસપાસનું).

૧૦. ચંદ્રમાને માટે.

૧૧. (क) ઘેલછાવાળો માણસ—અટકચાળો, મશ્કરીખોર. હજામ, જેની પાંસળી અડધી ખસેલી હોય તેવો.

(ख) માર મારવો તે.

(ग) નોકરીમાંથી કાઢી મૂકાવું તે.

(घ) આંધળા માણસને આંખ મળે તે તેને અમૂલ્ય ગણાય છે, તેમ જેને ઘણી મુશ્કેલીએ એકજ છોકરો થયો હોય, તે માબાપને તે તેવો ગણાય છે; મતલબ કે જે વસ્તુની ઘણી જરૂર લાગે તે ન હોય, અને પછી ઘણા પ્રયાસે થોડી ઘણી તે વસ્તુ પ્રાપ્ત થાય, તેને આંધળાની આંખ કહે છે.

૧૨. પોતાના અથવા દેવના શરીરનાં અવયવોને મંત્ર ભણી હાથ અડકાડવો તેને ઉપચાર કહે છે. આ સોળ છે તે નીચે પ્રમાણે:—

આવાહન, ધ્યાન, પાદ્ય, અર્ઘ્ય, આચમન, સ્નાન, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, તાંબુલ, આરતી,પુષ્પાંજલિ, પ્રદક્ષિણા, નમસ્કાર.

(કેટલાક નીચે પ્રમાણે સોળ ગણે છે:—આવાહન, આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, યજ્ઞોપવીત, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, દક્ષિણા, પ્રદક્ષિણા, મંત્ર પુષ્પાંજલિ).

## ૩૦

૧. (क) જ્યારે કોઈ પદાર્થ કે માણસ હૈયાત હોય, તે વખતે તેની દરકાર રાખેલી ન હોય, પણ તેનો નાશ થયા પછી કે તે મરી ગયા પછી તેનાં વખાણ કરવામાં આવે તે વખતે.

(ख) કંગાલ માણસ ખાવાને માટે રડે છે, અને શૂરવીર માણુસ નામ—આબરૂને માટે રડે છે; આબરૂ જતી વખતે શિખામણ દેવામાં વપરાય છે.

૨. (૧) નેશનલ કૉન્ગ્રેસઃ—આ સંસ્થાની સ્થાપના સને ૧૮૮૫ માં થઈ હતી. કૉન્ગ્રેસમાં ઇન્ડિયન સિવિલ સર્વિસના નિવૃત્ત થયલા સિવિલિયન ગૃહસ્થ મી૰ એ. ઓ. હ્યુમ સાહેબનો અગ્રેસર ભાગ હતો. આખા હિંદુસ્તાનને લગતી બાબતોનો તે વિચાર ચલાવતી હોવાથી તેને 'ઇન્ડિયન નેશનલ કૉન્ગ્રેસ' એવું નામ આપેલું છે. ગુજરાતીમાં તેને હિન્દી રાષ્ટ્રીય પરિષદ્ કહે છે. એના મુખ્ય ઉદ્દેશ અને હેતુઓ, તથા કાર્ય કરવાનાં મુખ્ય ધોરણ નીચે પ્રમાણે છેઃ—

(૧) હિન્દુસ્તાનની વસ્તીમાં જે ભિન્ન ભિન્ન મતનાં તત્વો છે, તેને સમગ્ર એક રાષ્ટ્રીય રૂપમાં લાવવાં.

(૨) આવી રીતે એક પ્રજારૂપ તત્વ થાય, તે માનસિક, નૈતિક, સાંસારિક, અને રાજકીય એ સર્વ દિશામાં આગળ વધે, અને તેનો ઉદ્ધાર થાય, તેવાં યોગ્ય રીતે ધીમેધીમે પગલાં ભરવાં.

(૩) હિન્દુસ્તાનને નુકસાન કરનારી બાબતો હોય તેમાં સુધારો અને ફેરફાર કરાવવા પ્રયત્ન કરી, ઇંગ્લાંડ અને હિન્દુસ્તાનના જોડાણુ-સંબંધમાં સંગીનપણું આણવું.

આ ઇન્ડિયન નેશનલ કૉન્ગ્રેસની પહેલી બેઠક સને ૧૮૮૫ના ડિસેમ્બર માસમાં નાતાલમાં મુંબઈમાં થઈ હતી; અને તે વખતે એના સેક્રેટરીઓ મી૰ ફીરોજશા મેહેરવાનજી મહેતા, રા. કાશીનાથ ત્ર્યંબક તેલંગ, અને મી૰ દીનશા એદલજી વાચ્છા એ હતા. દર સાલ નાતાલમાં વારાફરતી મોટાં શહેરોમાં એ સભા મળે છે.

(૨) પ્રાન્તિક કૉન્ફરન્સઃ—આ સંસ્થા જૂદા જૂદા પ્રાન્તોને લગતી જૂદી જૂદી બાબતોની હાજતો—રાજકીય, સાંસારિક, માનસિક, નૈતિક—સંબંધી વિચાર ચલાવનારૂં પ્રાંતવાર મંડળ છે. આની બેઠકો જે તે પ્રાંતનાં મોટાં શહેરોમાં થાય છે.

૩. ચોમાસામાં—કારેલાં, ભીંડા, તુરિયાં, ગલકાં, કોળું, ભૂરાં કોળાં, તુમડાં, દૂધી, ચીભડાં, પંડોળાં, દોડકાં. શિયાળામાંઃ—મૂળા, મોગરી, વેગણુ (વંત્યાક), સકરિયાં, સૂરણુ, રતાળુ, બટાટા, મેથીની ભાજી, વાલોળ. ઉનાળામાંઃ—કારેલાં, કોબીજ, ભીંડા, ગુવારસીંગ.

૪. ગાયકવાડનું—વડોદરા રાજ્ય—ગુજરાતમાં; સિંધયાનું—ગ્વાલિયરમાં; હોલકરનું—ઇંદોરમાં; કોલ્હાપુરનું, ભોર, ફલટન, ઔન્ધ, સાંગલી, જમખિંડી, મીરજ, કુરૂંદવાડ; પવારનું—ધારમાં.

૫. શિયાળામાં પૃથ્વીની સપાટીપરની હવાનું ઉષ્ણતામાન ઓછું થઈ જાય છે, અને ઉંડાણમાં હવા ઘણી થોડી અસર કરે છે, તેથી પૃથ્વીની સપાટી ઉપરના પાણી કરતાં કુવામાં ઉંડાણમાં રહેલું પાણી ગરમ લાગે છે.

૬. જઠરનો.

૭. મ્હોડે માથે ઓઢીને સુવાથી અથવા બારીબારણાં બંધ રાખવાથી માણસે કાઢેલો શ્વાસ, અંદર રહેલી હોય તેજ. હવામાં ભળે છે, અને બહારની ખુલ્લી હવા તે હવામાં મળતી નથી; આમ થવાથી ઘણી વખતે તે હવા બગડે છે, અને કાઢેલા શ્વાસની હવા બગડેલી કે શુદ્ધ ન હોય તેવી ફરી લેવાના શ્વાસમાં આવે છે, તો નુકસાન થાય છે.

૮. (૧) મુસલમાનમાં હિંદુની દિવાળી જેવા તહેવાર નથી, પણ તેમનામાં રમજાન ઈદ અને બકરી ઈદ એ મોટા તહેવાર ગણાય છે. (૨) પટેટી.

૯. (૧) સિંહલદ્વીપમાં, બ્રહ્મદેશમાં, મ્હૈસૂરમાં, દક્ષિણ આફ્રિકામાં. (૨) ઇંદ્રનો.

૧૦. પ્રાતઃકાળનો (સવારનો).

૧૧. કસુંબીનાં, શાળીનાં, ખાખરાનાં કેસુડાં.

૧૨. (૧) જરાસંધ—મગધનો રાજા—કંસનો સસરો. (૨) શિશુપાળ—ચેદી દેશનો રાજા—શ્રી કૃષ્ણનો મસિયાઈ ભાઈ. (૩) વૈશંપાયન—વ્યાસના શિષ્ય—ઋષિ. એમણે પરીક્ષિતના પુત્ર જનમેજયને મહાભારત

સંભળાવ્યું હતું. (૪) વ્યાસ–પરાશરના પુત્ર–પુરાણોના કર્તા–આદિ આચાર્ય. એ કૃષ્ણ દ્વૈપાયન, તથા વેદવ્યાસ પણ કહેવાય છે. એમણે અઢાર પુરાણ, મહાભારત, ભાગવત, વેદાંત એ ગ્રંથો કર્યાં છે. (૫) અશ્વત્થામા–દ્રોણાચાર્ય અને કૃપયાના પુત્ર.

# ૩૧

૧. પ્રાતઃકાળમાં મન વ્યવહારિક બાબતોથી વિરક્ત થયેલું હોવાથી શાન્ત હોય છે, માટે તે વખતે મન સ્થિર થઈ ઈશ્વરની સાથે એકયતાથી પ્રાર્થના–સ્તુતિ બરાબર કરી શકે છે. દિવસનું નૈમિત્તિક કામ શરૂ કરવા પહેલાં ઈશ્વરસ્મરણ કરવાની જરૂર છે.

૨. ગાંધી–વસાણું–કારયાણું વેચનાર. સલાટ–પત્થર ઘડનાર. ભાડભુંજો–ધાણી, ચણા, મમરા વગેરે શેકનાર અને બનાવનાર. કંસારો–તાંબાપિત્તળનાં વાસણ ઘડનાર. કાટપીટીઓ–ઇમારતી લાકડાં, સાગટા વગેરે વેચવાનો ધંધો કરનાર. ખલાસી–વહાણ ચલાવવાનું કામ કરનાર.

૩. (૧) દામાજીરાવ ગાયકવાડ. (૨) પુનાની પાસેના દાવડી ગામના. (૩) પેશવાએ ગુજરાત ઉપર ચઢાઈ કરી ત્યારે તે લશ્કરના ઉપરી થઈ સને

૧૭૧૦ માં ગુજરાતમાં આવ્યા હતા. (૪) મરાઠા.

૪. હિંદુસ્તાનમાં આ ધાતુઓ ઘણી જણાય છે. તાંબુ દક્ષિણમાં, રજપુતાનામાં, બંગાળામાં, મધ્ય હિંદુસ્તાનમાં અને કાશ્મિર નેપાળ એ ભાગોમાં કાચી ધાતુરૂપે નિકળે છે. કલઈની તથા સીસાની ખાણો બ્રહ્મદેશમાં છે; બંગાળાના હજારીબાગ પરગણામાં, ધારવાડ અને પંચમહાલ તાબાના જાંબુઘોડા પરગણાની જમીનમાં પણ કલઈ છે.

૫. કાગદી–પાતળી છાલનાં; જાડી છાલનાં ખાટાં નાનાંમોટાં, ખાસડિયાં, મીઠાં લીંબુ.

૬. પાણી અને દૂધ ભેળું કરી દેવતાપર મૂકવાથી પાણી બળે છે એટલે દૂધ દેવતા ઓલવી નાખવા માટે ઉભરાઇને દેવતાપર પડી તેને ઓલવે છે; એમ એક બીજાની પ્રીતિરૂપે એક બીજાને બચાવે છે.

૭. સિંધુ નદીમાં પૂર આવે છે, તેથી આસપાસની જમીનમાં પાણી પ્રસરે છે; તેમજ એ નદીમાંથી નહેરો કાઢેલી છે, તેનું પાણી ખેતીના પાકને માટે મળે છે.

૮. સોય, ટાંકણી, બટન, ચપ્પુ, એવી વસ્તુઓ તેના વાપરવા કરતાં ખોવાયામાં ઘણી જાય છે. પુસ્તકો વાપરવાથી ફાટી જવા કરતાં બેકાળજીથી વધારે ફાટી જાય છે.

૯. કપાસ લોઢવાનો, સુતર કાંતવાનો, લુગડાં વણવાનો, ડાંગર ખાંડવાનો, દળવાનો, પાણી કાઢવાનો, શિવણકામ કરવાનો વગેરે.

૧૦. રબરની વાટવાળાં પૈડાંની ગાડીમાં; કેમકે રબર સ્થિતિસ્થાપક હોવાથી રસ્તાની કઠણાઈથી તે દબાય છે, તેથી ગાડીમાં બેસનારને આચકા આવતા નથી.

૧૧. દાંતને દાડમની કળીની; હોઠને પરવાળાની તથા પાકા લાલચોળ થયેલા ઘીલોડાની; પેટને કેળના પાંદડાંની; નાકને પોપટની ચાંચની; આંખને કમળના પાંદડાની; હાથને હાથીની સૂંઢની; પગને કેળના સ્થંભની; કટિને સિંહની કેડની.

૧૨. (૧) ઉત્તર હિંદુસ્તાનમાં આગ્રા પ્રાંતમાં મથુરાની પાસે છે. (૨) વૃંદાવનથી થોડે છેટે ગિરિરાજનો ડુંગર છે. (૩) આ બન્ને વૈષ્ણવ લોકોની યાત્રાને માટે પ્રખ્યાત છે. શ્રીકૃષ્ણ ભગવાને વૃંદાવનમાં વિહાર કર્યો હતો, અને ગિરિરાજને સાત દિવસ સુધી એક આંગળીએ તોળ્યો હતો.

# ૩૨

૧. (૧) પારસી—હિન્દના દાદા—દાદાભાઈ નવરોજજી; સર ફીરોજશાહ મેહેરવાનજી મેહેતા; દીનશા એદલજી વાચ્છા; સર જમસેદજી જીજીભાઈ; જમસેદજી નસરવાનજી ટાટા; સર દોરાબજી જમસેદજી ટાટા; રતનજી દોરાબજી ટાટા; હોરમસજી એ. વાડીયા; સર દીનશા માણેકજી પીટીટ, વગેરે.

(૨) જૈન—શેઠ પ્રેમાભાઈ હીમાભાઈ; પ્રેમચંદ રાયચંદ; વીરચંદ દીપચંદ; મનસુખભાઈ ભગુભાઈ; લાલભાઈ દલપતભાઈ; ગુલાબચંદ ઢઢા, વગેરે.

૨. રૂ, ગુંદર, લાખ, શણ, બિયાં (અળસી, દિવેલી વગેરે).

૩. પોચી દડ (રેત) વાળી જમીનમાં ગાડીનાં પૈડાં અંદર પેસી જાય છે, તેથી પૈડાંની બાજુપરની રેતીને ખસેડવાનું જોર પડે છે; ઘર્ષણ જેમ ઓછું, તેમ ગાડી ચલાવવી સહેલી પડે છે.

૪. રૂ, ચામડાં, હાડકાં, મોતી, તેજાના, ઘઉં, મેન્ગેનીઝ, કરિયાણાં, તેલી બિયાં, કપડાં, શણ, ચાહ.

૫. (૧) મહમદ બહાદુર શાહ. (૨) બ્રહ્મદેશમાં રંગુનમાં રાખ્યો હતો.

૬. (क) કુવાના કાંઠા ઉપરનાં ઝાડનાં પાદડાંથી, ખરાબ વાસણ અને દોરડાંથી, કાંઠાપરનું ગંદુ થયેલું પાણી અંદર જવાથી, પક્ષીઓ અંદર બખોલ કે તાકાંમાં રહે છે તેની અઘારથી, આજુબાજુના ખાડામાં ગંદુ પાણી ભરાઈ રહી તેનાં ઝરણ કુવામાં જવાથી.
(ख) કાંઠાપરનાં ઝાડનાં પાદડાંથી, અંદરની વનસ્પતિ સડવાથી, ખરાબ કપડાં ધોવાથી, અંદર ન્હાવાથી, ઢોરને અંદર ન્હવડાવવાથી, કાંઠાપર લોકો ગંદકી કરે છે તે ચોમાસામાં ધોવાઈ અંદ જવાથી, વગેરે.

૭. (૧) ગાય, ભેંસ, બકરી, ઘેટી, ઊંટડી, કુતરી, વગેરે.
(૨) વાઘ, સિંહ, વરૂ, ન્હાર વગેરે.

(૩) ગાય, ભેંસ, બળદ, પાડા વગેરે.

૮. (૧) મધમાખી મહેનતુ અને સંપીલી ગણાય છે.
(૨) કીડીઓ.

૯. ભરતપુરનો.

૧૦. પાવો, વાંસળી, બ્યુગલ, શરણાઈ, ભૂંગળ વગેરે.

૧૧. તિથિ, વાર, નક્ષત્ર, યોગ, કરણ; દિનમાન, અંગ્રેજી તારીખ.

૧૨. બંગાળામાં ગંગા અને બ્રહ્મપુત્રા નદીના મુખ ઉપરનો 'ડેલ્ટા' છે; તેમાં વનસ્પતિ ઉગીને વન થયેલું છે તે.

# ૩૩

૧. સમ્રાટ્ પંચમ જ્યોર્જ; તેમના પિતાનું નામ એડવર્ડ સાતમા; અને દાદાનું નામ આલ્બર્ટ વિક્ટર.

૨. (क) લોહીના ફરવામાં ફેરફાર થાય છે; ખોરાક પચવામાં ફેરફાર થાય છે.
(ख) એકસો સાત ડીગ્રી સુધી.
(ग) માણસ મરી જાય.

૩. ફોડવાનો દારૂ બનાવવાનો, પૂલ બાંધવાનો, કૂવા, ખોદવાનો, ખાણુ ખોદવાનો, જે પદાર્થમાંથી ઝેણુ ઉડતી હોય તેના સંબંધનું કામ સતત કરવાનો, વગેરે.

૪. ભમરો; કરોળિઓ; કાનખજુરા.

૫. (પ્રશ્નમાં 'છળ કેરાં' છપાયું છે તે 'સ્થળ કેરાં' જોઇએ.) સ્થળોનાં નામ અનેક છે, પણ પરમ ચૈતન્ય (પરમાત્મા) નું તો એકજ ધામ (સ્થળ) છે; એ વાત લોકો સમજતા નથી અને એમના મનમાં અહંકાર ઉપજે છે; જેથી વગર સમજે એ માયાના અંધકારમાં કુટાયા કરે છે.

૬. (૧) હિંદુસ્તાનમાં–ઉનનું કાપડ કાનપુરમાં; શણનું બંગાળામાં. (૨) ઈંગ્લાન્ડમાં ઉનનું કાપડ લીડઝમાં થાય છે.

૭. ગુજરાતમાં–રા. લલ્લુભાઈ તથા બાઈ જીવકોર. મુંબઈમાં–શેઠ માધવદાસ રૂઘનાથદાસ અને બાઈ ધનકોર.

૮. દરિયામાં એક જાતનાં અસંખ્ય જીવડાં થાય છે, તે પોતાને રહેવા સારૂ પોતાનાં મળનાં ઘર બનાવે છે તેના કકડા જે લાલ–ગુલાબી–કંઈક પીળો, એવા રંગનાં હોય છે, તેને ઘસીને મણકા જેવા કરે છે; એની માળા કરવામાં આવે છે, તથા એની ભસ્મ ઓસડના કામમાં આવે છે.

૯. સૂર્યોદય થતાં પહેલાં આકાશમાં પૂર્વ તરફ થોડું અજવાળું દેખાય છે તે; સૂર્યનો સારથિ.

૧૦. ખજુર અને ખારેક અરબસ્તાનમાંથી આવે છે; મસ્કતી ખજુર વખણાય છે. દ્રાક્ષ ઈરાન તથા કાબુલથી આવે છે.

૧૧. તબલા, સારંગી, સતાર, તંબુરો, તાઉસ, બીન (વીણા), પખવાજ, પિયાનો, હાર્મોનિયમ, ફીડલ વગેરે.

૧૨. પાંડવોને રહેવા સારૂ (કૌરવે) દુર્યોધને મહેલ બંધાવ્યો તેમાં દગો કરી લાખનું ગૃહ (ઘર) કરાવ્યું હતું. પછી પાંડવો તેમાં રહ્યા ત્યારે દુર્યોધને તેને આગ લગાડાવી બાળી મૂકાવ્યું હતું, જેથી પાંડવોનો નાશ થશે એમ ધારેલું, પણ તેમ બન્યું નહીં.

## ૩૪

૧. વિષુવવૃત્ત ઉપર સૂર્યનાં કિરણ લંબરૂપે સીધાં પડે છે, તેથી ત્યાં આગળ ગરમી વધારે પડે છે.

૨. (क) કાઠિયાવાડમાં પ્રભાસ પાટણમાં દરિયા કિનારે.
(ख) સને ૧૦૨૪ માં અફઘાનિસ્તાનના ગીજનીના મુસલમાન રાજા મહમદ ગજનવીએ ગુજરાત ઉપર ચઢાઈ કરી; મૂર્ત્તિ તોડવા તથા લૂટવા માટે.
(ग) એ દહેરામાં રોજ એક હજાર બ્રાહ્મણ પૂજા કરતા હતા, અને સોનાનાં કોડિયાંમાં દીવા કરતા; તેની લૂટમાં ૨૦૦ મણ સોનું, ૨,૦૦૦ મણ રૂપું, અને ૨૦ મણ ઝવેરાત લૂટી ગયો હતો.

૩. ખાટા પદાર્થ ખાવાથી ખાટા ઓડકાર આવે છે, તે મુજબ જેવું અન્ન ખાવામાં આવે છે, તેવા ખાનારના વિચાર થાય છે; નઠારૂં અન્ન ખાવાથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે.

૪. સુતર, લાકડું, કાચ, પિત્તળ, લોઢું, ક્ચકડું, હાડકાં, અકીક, હાથીદાંત, રૂપું, સોનું વગેરે.

૫. (क) મંછા—મનિષા—મનની કલ્પના એ ભૂત છે, અને મનમાં વહેમ ઉત્પન્ન થવો, એ ડાકણ જેવું છે. (ख) 'વા વાયાથી નળિયું ખસ્યું, તે દેખીને કુતરૂં ભસ્યું'; વગેરે.

૬. મદ્રાસ ઇલાકામાં, મ્હૈસુરના રાજ્યમાં, આસામ પ્રાંતમાં.

૭. (क) સુતર કે રેશમના દોરા સાથે ધાતુ (સોના, રૂપા કે તાંબાના) તાર વણીને કસબ કરે છે. (ख) અમદાવાદ તથા સુરત.

૮. ચોબા—મથુરાના બ્રાહ્મણ ચોબા કહેવાય છે; જમના કાંઠાના તે ભૈયા. વાયવ્ય પ્રાંતના ખાસ કરી ગંગા-જમનાની વચ્ચેના પ્રદેશના તે રહેવાસી છે.

૯. હવા અજવાળું પૂરતું ન આવવાથી, ખુલ્લી ચોખ્ખી હવા ધરમાં આવી શકતી નથી, તેથી તેમાં રહે-નારાંનાં શરીરમાં રોગ થાય છે.

૧૦. જેપુર, જોધપુર, ઉદેપુર.

૧૧. વિદ્યા એ જગતના સઘળા પદાર્થોમાં મોટી છે, વિદ્યા એ સારૂં રત્ન છે, વિદ્યા એ ત્રણ લોક (આકાશ, મૃત્યુ, પાતાળ) તરવાનું નાવ—વહાણ છે, એમ જાણી વિદ્યાનું જત્ન કરવું; મતલબ કે વિદ્યા સારી રીતે ભણવી જોઇએ.

૧૨. લીલ, વંડાપરનું ઘાસ, હંસરાજ.

## ૩૫

૧. બળ કમી જોઇએ છીએ, અને વખત થોડો લાગે છે, તેમ કામ વધારે થાય છે.

૨. મલબારનાં.

૩. સુતાર, લુહાર, મજુર.

૪. અખો—"એ શ્રીમાળી સોની સંવત ૧૭૦૫ (ઇ. સ. ૧૬૪૯) માં હતો, અને અમદાવાદમાં ખાડિયામાં રહેતો હતો. દુનિયાની ઠગબાજી અને ઇશ્વર સત્ય ને જગત્ મિથ્યા છે, એ વાત તે સારી પેઠે જાણતો, તે તેણે લખી બતાવીને લોકને શિક્ષા આપી છે. એના ગ્રંથના બે ભાગ થઈ શકે છે. દુનિયાની ઠગબાજીના છપ્પા, અને વેદાન્તનાં પુસ્તકો. છપ્પામાં મર્દાની રીતે લોકમાં ચાલતા દાખલાઓથી ઠગબાજીને હસી નાખી કોરડા મારી લોકને શિખામણ દીધી છે. એના છપ્પા પિંગળ રીતના નથી, પણ ૭ ચરણની ચોપાઇઓ છે. કોરડા મારી શિખામણ આપવામાં અને વેદાન્ત સંબંધી લખવામાં અખા જેવો હજી સુધી કોઈ થયો નથી. એનાં વેદાન્તનાં પુસ્તકો જ્ઞાન ઘણું આપે છે. એનાં પુસ્તકોમાંથી બ્રહ્મજ્ઞાન થાય છે. અખાએ જે વેદાન્ત લખ્યો છે, તે વેદાન્ત કવિને લખવાના વિષયને યોગ્ય નથી; તેમાં શુદ્ધ કવિતા થોડીક છે, અને અખો પોતે પણ કહે

છે કે, 'જ્ઞાનીને કવિમાં ન ગણીશ, કિરણ સૂર્યનાં કેમ વરણીશ.' એ પુસ્તકો કરતાં છપ્પામાં કવિતા વિશેષ જણાય છે. અખાને જ્ઞાની દાખલ ઘણું માન છે, પણ કવિ દાખલ તો એ બીજા વર્ગમાં આવે છે. એની કવિતામાં હાસ્યરસ શિવાય બીજો રસ જ નથી. તેમ ભક્તિ પણ નથી, પણ થોડોક વૈરાગ અને મનમાનતું જ્ઞાન છે; બ્રહ્મનિરૂપણ સારી પેઠે કીધું છે. અખો બહુશ્રુત હતો; એના વિચાર પ્રૌઢ છે. પંડિત માન્ય કરે તેવા છે."—નર્મગદ્ય.

અક્ષયગીતા—અખેગીતા, ચિત્તવિચારસંવાદ, કૈવલ્યગીતા, ગુરૂશિષ્ય સંવાદ, અનુવભબિંદુ, બ્રહ્મ-લીલા, છપ્પા, પદો, પરમપદ પ્રાપ્તિ, પંચદશી-તાત્પર્ય વગેરે એણે બનાવેલાં છે.

૫. ઊંટનાં તળીઆં નીચે ગોદડી જડેલી હોય તેવાં પોચાં હોય છે, તેથી તે રેતીમાં પેસી જતાં નથી. હાથીનાં પગનાં તળીઆં રબર જેવાં સ્થિતિસ્થા-પક હોવાથી અવાજ થતો નથી.

૬. (क) એક ગામથી બીજે ગામ જતાં મોટા રસ્તાઓ ઉપર લોકોને પાણી મળે તેવી ગોઠવણ કરેલી હોય છે, તેને પરબ કહે છે.

(ख) વિસામાની, અન્નછત્રની, રસ્તામાં ઉતા-રાની વગેરે.

૭. ઢાકા—મલમલ માટે; ચંદેરી—પાઘડી, દુપટ્ટા માટે;

નાગપુર–ધોતિયાં, ચલોટા માટે; કાશી–રેશમી કસબી સાડી, પીતામ્બર માટે; મદ્રાસ–કસબી કોરછેડાના દુપટ્ટા તથા ફેંટા માટે.

૮. સૂર્યનું તેજ ગરમ છે, અને ચંદ્રનું તેજ શીતળતા (ઠંડક) આપનારૂં છે.

૯. હંસરાજ, સેવાળ, લીલ, ફૂગ, બિલાડીનો ટોપ.

૧૦. (क) જહાંગીર પાદશાહના. (ख) પોર્તુગીઝ, ફ્રેન્ચ, વલંદા (ડચ).

૧૧. પાણી જવાની મોરીઓ; ન્હાવાની ચોકડીઓ; પાણિયારાં; રસોડાંની જગ્યા; પિશાબખાનાં અને પાયખાનાંની જગ્યાઓ.

૧૨. ચારણીના ગુણ તજી દેવા, અને સુપડાના ગુણ ગ્રહણ કરવા; મતલબ કે ચારણી સાર સાર કાઢી નાખી કાંકરા અને ઝાલાં પોતાની પાસે રાખે છે, તેમ ન કરવું; પણ સુપડું ખરાબ ભાગ કાઢી નાખી સારો ભાગ પોતાની પાસે રાખે છે તેમ કરવું.

# ૨૬

૧. (क–ख):–

| દેશી રાજ્યનું નામ. | રાજધાની. | કયા નામથી ઓળખાય છે. |
|---|---|---|
| ૧. હૈદ્રાબાદ. | હૈદ્રાબાદ. | નિઝામ. |
| ૨. વડોદરા. | વડોદરા. | મહારાજા ગાયકવાડ. |
| ૩. મ્હૈસુર. | મ્હૈસુર. | મહારાજા. |

| | | |
|---|---|---|
| ૪. ગ્વાલિયર. | ગ્વાલિયર. | મહારાજા સિંધિયા. |
| ૫. ઈન્દોર. | ઈન્દોર. | મહારાજા હોલ્કર. |
| ૬. નેપાલ. | ખટમંડુ. | મહારાજાધિરાજ. |
| ૭. ઉદેપુર. | ઉદેપુર. | મહારાણા. |
| ૮. જેપુર. | જેપુર. | મહારાજા. |
| ૯. જોધપુર. | જોધપુર. | મહારાજા. |
| ૧૦. જમ્મુ અને કાશ્મીર. | શ્રીનગર. | મહારાજા. |
| ૧૧. ભોપાળ. | ભોપાળ. | બેગમ અગર નવાબ. |
| ૧૨. ત્રાવણકોર. | ત્રિવેન્દ્રમ. | મહારાજા. |
| ૧૩. ભાવનગર. | ભાવનગર. | મહારાજા. |
| ૧૪. કચ્છ. | ભુજ. | મહારાવ શ્રી |
| ૧૫. કોલ્હાપુર. | કોલ્હાપુર. | રાજા. |
| ૧૬. જુનાગઢ. | જુનાગઢ. | નવાબ. |
| ૧૭. રામપુર. | રામપુર. | નવાબ. |
| ૧૮. પતિયાલા. | પતિયાલા. | મહારાજાધિરાજ. |

૨. (૧) બ્રિટિશ મ્યુઝિયમ. (૨) વીસ લાખ ઉપરાંત (હસ્તલિખિત ગ્રંથો અને ચોપાનિયાં સિવાય).

**ટીપ:**—નામાંકિત ડાકટર સર હેન્સ સ્લોને બ્રિટિશ સરકારને વીલ કરીને પોતાના ૫૦ થી ૮૦ હજાર પાઉન્ડનાં હુન્નર, કળા વગેરેનાં કિંમતી પુસ્તકો વગેરેનો સંગ્રહ આપવાનું ઠરાવ્યું હતું. તે ખરીદવાથી બ્રિટિશ મ્યુઝિયમની શરૂઆત સન ૧૭૫૯ માં લન્ડન શેહેરમાં થઈ હતી. હાલમાં જે મકાનમાં આ મ્યુઝિયમ ( સંગ્રહસ્થાન) છે તે સન ૧૮૪૭ માં બંધાઈ રહ્યું હતું; એની અંદર અમૂલ્ય અને દુર્લભ હુન્નરકળાનાં પુસ્તકો, પ્રાચીન પુરાતન

કામો અને પદાર્થો, હસ્તલિખિત તથા છાપેલાં પુસ્તકોનો મોટો સંગ્રહ છે. આ સંગ્રહસ્થાનને અંગે લાઇબ્રેરી છે. તેમાં બ્રિટિશ રાજ્યમાં છપાયલા દરેક પુસ્તકની એકેક નકલ મોકલવીજ જોઇએ, એવું કાયદાથી ઠરાવેલું છે. આ પુસ્તકાલયને રાજા જ્યોર્જ ત્રીજા તરફથી બે લાખ પાઉન્ડની કિમ્મતનાં પુસ્તકોની લાઇબ્રેરી બક્ષીસ મળેલી છે, તેમ બીજા ગૃહસ્થો તરફથી પણ એવી મદદ મળેલી છે. આ બ્રિટિશ મ્યુઝિયમની લાઇબ્રેરીને અંગે એક ભવ્ય અને વિશાળ વાંચવા બેસવાનો વર્તુળ આકારનો હોલ બાંધેલો છે. તેનો વ્યાસ ૧૪૦ ફીટ છે, અને તેની ઉંચાઈ ૧૦૬ ફીટ છે. દરેક વાંચનારને જૂદી જૂદી ટેબલ મળે એવી રીતે ૩૦૦ વાંચનારાઓ એકી વખતે બેસી શકે એવો એ હોલ છે. સને ૧૮૫૭ માં તે બંધાવવામાં આવ્યો હતો. આ લાઇબ્રેરીમાં વીસ લાખને આસરે પુસ્તકો છે. બ્રિટિશ મ્યુઝિયમને પાર્લામેન્ટ તરફથી ખરચના અંદાજ મુજબ ગ્રાન્ટ મળે છે. સને ૧૮૮૨ માં એવી એક લાખને ત્રીસ હજાર પાઉન્ડની મદદ મળી હતી.

૩. હિંદુસ્તાનમાં રાજાના પ્રતિનિધિ અમલ ચલાવે છે. કાયદા બાંધવા વગેરે બાબતમાં પ્રજાને સ્વતંત્ર સત્તા કે અધિકાર નથી. ઇંગ્લાંડમાં પ્રજા તરફથી મેમ્બરો ચુંટી કઢાય છે; તેને પાર્લામેન્ટ

કહે છે. તેઓ કાયદા બાંધે છે. ત્યાં રાજાને માન આપે છે, પણ આવી સત્તા તેમને સ્વતંત્ર રીતે મળેલી નથી.

૪. ઘન પદાર્થના જૂદાં જૂદા આકાર હોય છે, તે કાયમ રહે છે. પ્રવાહી પદાર્થના આકાર પાત્ર વગેરે અનુસાર ઝટ બદલાઈ જાય છે. વાયુરૂપી પદાર્થને આકાર હોતા નથી.

૫. માખી, મધમાખી.

૬. (૧) વલ્લભીપુર-ગુજરાતની રાજધાનીનું શહેર ભાવનગર પાસે હતું.

(૨) પંચાસર-ગુજરાતમાં ઝીંઝુંવાડાની પાસે ચાવડા વંશના રાજા જયશિખરની રાજધાની હતી; તેનો ભુવડરાજાએ નાશ કર્યો હતો.

(૩) પાણીપત-એને કુરૂક્ષેત્ર કહે છે. ઉત્તર હિંદુસ્તાનમાં વાયવ્ય પ્રાંતમાં એક મેદાન છે. એમાં પાંડવ કૌરવની તથા તે પછી બીજા રાજાઓની લડાઈ થઈ હતી.

(૪) દેવગિરિ-એ વિજાપુરના રાજ્યમાં શહેર હતું. ત્યાંનો રાજા રામદેવ હતો. એ રાજ્યને અલાઉદ્દીને જીતી ખરાબ કર્યું હતું.

(૫) હલદીઘાટ-એ રજપુત સંસ્થાનમાં છે. એમાં અકબર અને પ્રતાપ વચ્ચે ભારે યુદ્ધ થયું હતું.

૭. (૧) દેવ-દાનવ. કશ્યપની સ્ત્રી અદિતિના દેવ અને (૨) દનુ-દિતિના દાનવ. (૩) ગાંધર્વ-સ્વર્ગમાં

ગાયન કરનારા. (૪) પરી-સ્વર્ગની અપ્સરા, નાચ કરનારી. (૫) ગણુ–દેવતાઓનો સમુદાય, મુખ્ય દેવના સેવક; શિવના ગણુ, યમના ગણુ, વિષ્ણુના ગણુ. (૬) કિન્નર–એક જાતના સ્વર્ગના ગવૈયા. એમનું ધડ પુરૂષ જેવું, અને મ્હોડું ઘોડાના જેવું હોય છે. (૭) યક્ષ–એ ગણુ દેવતાની સંખ્યામાં છે; એ કુબેરના ગણુ છે, અને તેની વાડી અને ભંડારના રખેવાળ છે. એ ભલાં તેમ ભુંડાં કામ કરનાર પણુ છે.

૮. (૧) ગરમીથી પદાર્થનાં રજકણો છૂટાં પડે છે તેથી ફૂલે છે. (૨) ઉષ્ણુતા કે ગરમીનું મુખ્ય સ્થાન કે મૂળ સૂર્ય જ છે તેમાંથી તથા ઘર્ષણુથી.

૯. અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ, વશિત્વ.

૧૦. બાર શબ્દો સુધી (સરનામાના શબ્દો ગણુતાં) જરૂરના (એક્ષપ્રેસ)ના રૂ. ૧, અને તે ઉપરાંત દર શબ્દે બે આના; સાધારણ (ઓર્ડિનરી એટલે ધીમેથી જવાના તાર) માટે ૭ આના અને બાર કરતાં વધારે દર શબ્દે અડધો આનો વધારે. આવા તારની નકલે નકલ તે જ ગામમાં આપવાની હોય તો દર સો શબ્દ સુધીને માટે ચાર આના.

વર્તમાનપત્રને માટે તાર મૂકવાનો હોય તો એક્ષપ્રેસ અને ઓર્ડિનરી માટે અનુક્રમે એક

રૂપિયો અને આઠ આના બેસે છે, અને બારને બદલે ૪૮ શબ્દો લખાય છે, તેમ સરનામાના પૈસા બેસતા નથી. અડતાળીશ શબ્દો ઉપરાંતને માટે દર છ શબ્દે બે આના અને એક આનો.

૧૧. મોટી ખાણો—બંગાળામાં રાણીગંજ અને જેરિયાની ખાણો; હૈદ્રાબાદમાં; સિંગરેણીમાં. આ ઉપરાંત કેટલીક નાની ખાણો આસામ અને મધ્ય પ્રાન્તમાં, તથા પંજાબમાં છે. આખા હિંદુસ્તાનમાંથી ૧૯૧૩ ની સાલમાં એક કરોડ બાસઠ લાખ ટન કોલસો નિકળ્યો હતો.

૧૨. સહકારી મંડળીઓના નિબંધ અન્વયે નોંધાયલી કોઈ પણ મંડળી.

# ૩૭

૧. હવાના ૧૦૦૦ ભાગમાં ૭૫ ભાગથી વધારે કાર્બોનિક એસીડ ગ્યાસ (કાર્બન ડાયોક્ષાઇડ) હોય તો.

૨. (ક) રેલ્વે:—બી. બી. સી. આઇ. રેલ્વે તથા આર. એમ. રેલ્વે (૨૭૬૨ માઇલ લંબાઇ); અમદાવાદ ધોળકા (૩૩); અમદાવાદ પ્રાંતિજ (૯૯); નડિયાદ કપડવણજ (૨૬); આણંદ ગોધરા (૪૯); વડોદરા ગોધરા—દાહોદ (૯૦); ગોધરા લુણાવાડા (૩૦); ચાંપાનેર શીવરાજપુર લાઇટ રેલ્વે (૨૦); રાજપીપળા રેલ્વે (૩૭); તાપ્તીવેલી રેલ્વે (૧૫૫); ગાયકવાડની મેહેસાણા રેલ્વે (૧૩૮);

વિજાપુર–કડી–કલોલ રેલ્વે (૪૬); પેટલાદ–ખંભાત (૩૪); પેટલાદ–વસો (૧૭); ગાયકવાડની ડભોઈ રેલ્વે (૧૪); ડભોઇ–જરોદ રેલ્વે (૨૯); કોસંબા જંખવાવ (૨૬); બીલીમોરા–કાલામ્બા (૩૫); ખીજડીયા–ચલાલા (૩૫); ભાવનગર–ઢસા–કુંડલા (૧૭૩); ગોંડલ–પોરબંદર (૧૪૮); જુનાગઢ–વેરાવળ (૧૦૧); જેતલસર–રાજકોટ (૪૬); કચ્છ (૩૭); ધ્રાંગધ્રા (૨૧); જામનગર (૫૪); મોરબી (૯૩); પાલણપુર ડીસા (૧૭).

(ख) મુંબઈ (કોલાબા, ચર્ચગેટ, ગ્રાન્ટ રોડ), દાદર, પાલગઢ, દમણ, વલસાડ, બીલીમોરા (જંકશાન), સરા; સુરત (જંકશાન); વ્યારા, સોનગઢ; કોસમ્બા (જંકશાન), જખવાવ; અંકલેશ્વર (જંકશાન), નાંદોદ, ભરુચ, મિયાગામ (જંકશાન), સીનોર; ડભોઈ (જંકશાન), બોડેલી; જરોદ; વિશ્વામિત્રી (જંકશાન), પાદરા, ચાંણોદ; વડોદરા (જંકશાન), ગોધરા (જંકશાન); લુણાવાડા; દાહોદ; આણંદ (જંકશાન), પેટલાદ (જંકશાન), ખંભાત; સોજીત્રા, વસો; ડાકોર; નડિયાદ (જંકશાન), કપડવણજ; મેહેમદાવાદ (ખેડા); અમદાવાદ (જંકશાન), દહેગામ, પ્રાંતિજ, અમનગર; ધોળકા; કલોલ (જંકશાન), વિજાપુર; કડી, ભોયણી; મહેસાણા (જંકશાન), બહુચરાજી; પાટણ; વિસનગર; તારંગા; પાલણપુર; ડીસા; વિરમગામ (જંકશાન), ખારાઘોડા; વઢવાણ (જંકશાન); ધોળા (જંકશાન), ભાવનગર; ઢસા (જંકશાન); કુંડળા; ખીજડીયા; અમરેલી; જેતલસર (જંકશાન), જુનાગઢ; વેરાવળ; ગોંડલ; રાજકોટ (જંકશાન), જામનગર; મોરબી; ધોરાજી; પોરબંદર.

૩. પહાડી–ડુંગરાડુંગરીવાળો.

૪. ગરમી સ્નેહાકર્ષણને તોડે છે, અને તેથી રજકણો છૂટાં પડે છે.

૫. હવા, વરસાદ, પાણી, અગ્નિ, જંતુ.

૬. (क)......પણ જમ પલકયાનો ભો છે.
(ख)......પહોંચી જાત્રા. (ग)...કેળામાં ખાંડ.
(घ)...દોરી લોટો.

૭. (क) ઓકના ઝાડની જાતનું એક જાતનું ઝાડ થાય છે. તેની છાલ તે (કોર્ક) બુચ છે. ફ્રાન્સના દક્ષિણ ભાગમાં, સ્પેન, પોર્તુગલ, અને ઉત્તર આફ્રિકામાં તે ઉગે છે. ઝાડને વીસ વર્ષ થયા પછી છાલનો ઉપયોગ થાય છે. એક વખત છાલ ઉખેડ્યા પછી આઠ કે દશ વર્ષે ફરી છાલ ઉખેડે છે. આ પ્રમાણે દોઢસો વર્ષનું ઝાડ થાય ત્યાં સુધી છાલ ઉખેડે છે. તે ૨૦ થી ૪૦ ફીટ ઉંચું થાય છે.

(ख) બુચ સ્થિતિસ્થાપક અને હલકું હોવાથી ઘણીક વ્યાપારી ચીજોનાં કામમાં લેવાય છે. મુખ્ય ઉપયોગ બાટલીના બુચ તરિકે થાય છે; તે તરવાના કામ સંબંધે, અને મંદવાહક પદાર્થ તરિકે કામમાં આવે છે; એના કાગળના જેવા પાતળા પડ કાપી શકાય છે; બૂટના તળિયાં માટે પણ તે કામમાં લેવાય છે.

૮. સોનાના દાગિના કરવામાં આવે છે કે સિક્કા પાડવામાં આવે છે. તે શુદ્ધ ચોખ્ખા સોનાના થઈ

શકતા નથી, તેથી તેને સખત કરવાને તાંબું કે રૂપું મેળવવામાં આવે છે. આ મિશ્રણમાં શુદ્ધ સોનું કેટલું છે તે બતાવવાને વિલાયતમાં ધાતુના ૨૪ ભાગ કરેલા ગણે છે, અને તે દરેકને 'કેરેટ' કહે છે, અને તેમાં જેટલા ભાગ સોનું હોય તેને માટે ૨૨ કેરેટ, ૨૦ કેરેટ, ૧૮ કેરેટ એમ કહે છે. એટલે કોઈ પણ વસ્તુમાં ૨૪ ભાગ પૈકી એટલા ભાગ સોનું અને બાકીના ભાગ જેટલી હલકી ધાતુ તેમાં છે એમ સમજે છે.

આપણે અહીં ચોકસીઓ સોનાને તપાસીને જે આંક પાડે છે તેને 'ટચ' કહે છે; જેમકે સત્તાણું, નવ્વાણું, સો ટચનું સોનું છે. વળી સોળવલું, બારવલું એમ પણ કહે છે.

૯. ઈંગ્લાંડમાં રાજા અને પાર્લામેન્ટ મળીને રાજ કરે છે. ફ્રાન્સમાં રાજા નથી; ત્યાં પ્રજાસત્તાક રાજ્ય છે; પ્રજાના પ્રતિનિધિઓની સભા થાય છે, અને તે સભા પોતાનો પ્રમુખ નિમે છે.

૧૦. ધોબીની, વૈદ્યની ભઠ્ઠી; ચુનાની, ઈંટની, છોની ભઠ્ઠી; કુંભારની ભઠ્ઠી; કાચ પકવવાની ભઠ્ઠી; ભાડભુંજાની, સુખડિયા (કંદોઇ)ની, લુહારની ભઠ્ઠી.

૧૧. પાણીપતનું મેદાન (કુરુક્ષેત્ર).

૧૨. રેવિન્યુ કમિશ્નર, કલેકટર, આસિસ્ટંટ કે ડેપ્યુટી કલેકટર, મામલતદાર, અવલકારકુન, તજવીજદાર, તલાટી, પટેલ (મુખી).

# ૩૮

૧. કેરોસીન તેલના દીવા ઉપર ચીમની ન હોય તે વખતે ધુમાડો નિકળે છે, અને તે ઓરડામાં પ્રસરે છે; તેથી ઓરડાની હવા સાથે મળી માણસના શ્વાસોચ્છ્વાસમાં આવે છે, તેથી શરીરને નુકસાન કરે છે. જેમના શ્વાસમાં એનો ધુમાડો આવે છે તે સવારમાં ગળફો કાઢે છે તો કાળો નિકળે છે.

૨. દરેક વેદના ત્રણ ત્રણ વિભાગ છે.

(૧) સંહિતા—એમાં 'પરમાત્માની સ્તુતિ અને પ્રાર્થના છે.' ( ભક્તિ )

(૨) બ્રાહ્મણ—એમાં 'બ્રહ્મન્' કહેતાં યજ્ઞ, તે પ્રધાનપણે છે. (કર્મ)

(૩) આરણ્યક તથા ઉપનિષદ્—એમાં 'ઘણે ભાગે અરણ્યમાં વસીને યજ્ઞવાટમાં અને રાજસભામાં ઋષિઓએ ધર્મના રહસ્યનું ચિન્તન કર્યું છે. તેમાં જીવાત્મા અને પરમાત્માના સ્વરૂપ સંબંધી વિચાર છે.' (જ્ઞાન)

૩. હાલમાં ચાલુ છે તે—ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી તરફથી પ્રસિદ્ધ થતું—બુદ્ધિપ્રકાશ (સને ૧૮૫૪ થી નિકળે છે).

૪. (क) મક્કા—અરબસ્તાનમાં.

(ख) હાજી એટલે જાત્રાળુ; હજ એટલે જાત્રા.

૫. ઇથળ.

૬. ધોળો રંગ ગરમી ઝટ ચુસે છે, તેમ જલદી બહાર કાઢે છે તેથી.

૭. વર્ણાશ્રમના ધર્મ, રાજધર્મ, સ્ત્રીધર્મ, ઈશ્વરનું સ્વરૂપ, સંપની જરૂરિયાત વગેરે.

૮. (क) પટોળાં વણુવામાં જે ભાત પડે છે તે લુગડું ફાટે ત્યાં સુધી જતી નથી;તે ઉપરથી માણુસનો જે સ્વભાવ પડ્યો હોય છે, તે મરતાં સુધી જતો નથી; જાતિ સ્વભાવની વાત કહેતાં આ વાક્ય વપરાય છે.

(ख) ખાલી વાસણુમાં ચણો ઘણો ખખડે છે. એટલે જે હલકાં માણુસમાં, જેની ત્રેવડ નથી (ધન કે જ્ઞાનની) તે પોતાની પાસે ઘણું છે, એમ તેનો ડોળ કરી બતાવે છે. મિથ્યાભિમાનીઓ જ્યારે ખોટું ડોળ કરે છે ત્યારે તેમને માટે આ કહેવત વપરાય છે.

૯. નર્મકથાકોશ, નર્મકોશ, નર્મકવિતા, નર્મગદ્ય, નર્મ વ્યાકરણુ, ધર્મવિચાર, કૃષ્ણાકુમારી નાટક, દ્રૌપદીદર્શન નાટક, સીતાહરણુ નાટક, સાર શાકુન્તલ, રામજાનકી નાટક, દયારામ કૃત કાવ્ય-સંગ્રહ (સંશોધન), પ્રેમાનંદકૃત દશમસ્કંધ (સંશોધન), નાગર સ્ત્રીઓમાં ગવાતાં ગીત, શ્રીમદ્ ભગવદ્ગીતા ભાષાંતર, ગુજરાત તથા કાઠ્યાવાડ સર્વસંગ્રહ, કાવ્યશાસ્ત્ર, વગેરે.

૧૦. (૧) મ્હૈસુરમાં મોટામાં મોટી ખાણો છે, તે ઉપરાંત હૈદ્રાબાદ, મદ્રાસ અને બ્રહ્મદેશમાં છે.

(૨) સોનું મટોડા અને રેતી સાથે ઝીણી રજ તરીકે મળેલું હોય છે; સોનાની રજ નિકળે છે. **ટીપ**–મ્હૈસુરની ખાણુ 'કોલર ગોલ્ડફીલ્ડ' ના નામથી ઓળખાય છે.

સને ૧૯૧૨માં આખા હિંદુસ્તાનમાં ૨૨૭૧૮૦૬ પાઉન્ડ કિમ્મતનું ૫૯૦૫૫૪ આઉન્સ સોનું નિકળ્યું હતું, તે પૈકી મ્હૈસુરમાંનું ૫૭૧૦૬૫ આઉન્સ હતું, જેની કિમ્મત ૨૧૫૮૩૬૯ પાઉન્ડ હતી. આ ભાગમાંથી વધારેમાં વધારે સોનું ૬૧૬૭૫૮ આઉન્સ સને ૧૯૦૫માં નિકળ્યું હતું.

૧૧. (क) ઉષ્ણુ, શીત અને સમશીતોષ્ણુ.

(ख) ૧. ઉત્તર શીતકટિબંધ–ઉત્તર ધ્રુવથી ઉત્તર ધ્રુવવૃત્ત સુધી.

૨. ઉત્તર સમશીતોષ્ણુ કટિબંધ–ઉત્તર ધ્રુવવૃત્ત અને કર્કવૃત્ત વચ્ચેનો ભાગ.

૩. ઉષ્ણુ કટિબંધ–કર્કવૃત્તથી મકરવૃત્ત સુધી.

૪. દક્ષિણુ સમશીતોષ્ણુ કટિબંધ–મકરવૃત્તથી દક્ષિણુ ધ્રુવવૃત્ત સુધી.

૫. દક્ષિણુ શીતકટિબંધ–દક્ષિણુ ધ્રુવવૃત્તથી દક્ષિણુ ધ્રુવ સુધી.

૧૨. (૧) મેજીસ્ટ્રેટની કોર્ટ:–થર્ડ કલાસ, સેકંડ કલાસ અને ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ; ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ.

(૨) સેશન જડજ કોર્ટ–સેશન જડજ.

(૩) હાઈ કોર્ટ–હાઇ કોર્ટના જડજ તથા ચીફ જસ્ટિસ.

# ૩૧

૧. (૧) રાશિ બાર છે:—મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ, મીન. (૨) નક્ષત્ર સત્તાવીસ છે:—અશ્વિની, ભરણી, કૃત્તિકા, રોહિણી, મૃગશર, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, અશ્લેષા, મઘા, પૂર્વા, ઉત્તરા, હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા, મૂળ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, શ્રવણ, ધનિષ્ઠા, શતતારકા, પૂર્વાભાદ્રપદ, ઉત્તરા ભાદ્રપદ, રેવતી.

૨. (૧) નાની મોટી બચત થયેલી રકમ ગમે તે વખતે વ્યાજે રાખનારી સરકારી ટપાલખાતાના અંગની પેઢી.

(૨) એક ગામથી બીજે ગામ પૈસા મોકલી આપવાની વ્યવસ્થા ટપાલ ઑફીસ કરે છે, તે પદ્ધત—હુંડી.

(૩) પાર્સલ કાગળ વગેરે ગેરવલ્લે ન પડે, તેની ખાત્રીને માટે બે આના વધારે હાંસલ લઈ ટપાલખાતામાં નોંધ રાખી સવડ કરી આપે છે, તે નોંધવાની વ્યવસ્થા થાય તેને રજીષ્ટર્ડ થયેલું કહે છે.

(૪) ટપાલખાતામાં ફક્ત બિન જોખમદારીથી દર ૪૦ તોલે બે આના લઈ એવી ૮૦૦ તોલા સુધીની બિંદડીઓ મોકલાય છે તે.

(૫) જે ધણીને પુસ્તક વગેરે માલ મોકલવામાં

આવે, તેને પહોંચાડી, તેની કિમ્મત તે લેનારની પાસેથી વસુલ કરી મૂળ ધણીને પહોંચાડવામાં આવે એવી ટપાલ ખાતાની પદ્ધત.

૩. વિજ્ઞાન વિલાસ રાજકોટમાં; બાકીનાં ચાર મુંબઈમાં.

૪. (૧) લન્ડનમાં ટેમ્સ નદીની નીચે થઇને રસ્તો કાઢવામાં આવેલો છે તે; ટેમ્સ એ ઇંગ્લાન્ડમાં મુખ્ય નદી છે. એ ૨૨૦ માઇલ લાંબી છે, અને લન્ડન શહેર વચ્ચે થઈ વહે છે. (૨) લન્ડનમાં.

૫. શરીરની જમણી કુખ આગળ પિત્તાશય કે લિવર (યકૃત્)માં ઉત્પન્ન થાય છે, તે ખોરાકના ચરબી-વાળા પદાર્થ સાથે મળી લોહી કરે છે.

૬. સ્વપ્રકાશિત—સૂર્ય, તારા, અગ્નિ, દીવો.
પરપ્રકાશિત—ચંદ્ર, ગ્રહ.

૭. (૧) એલોરા—નિઝામના રાજ્યમાં આવ્યું છે; એમાં બૌદ્ધ ધર્મની પ્રાચીન ગુફાઓ છે; અને તેમાં પત્થરમાંથી જ કોરી કાઢેલી પ્રતિમાઓ વગેરે છે. (૨) ધારાપુરી—મુંબઈના બારામાં આવેલું છે, એ ‘એલિફન્ટા કેવ્સ’ નામથી પણ ઓળખાય છે. ગુ-ફાઓ અને કોરી કાઢેલી મૂર્તિઓ માટે એ પ્રસિદ્ધ છે.

૮. (क) એક પક્ષીનું જોડું આનંદ કરતું હતું, તેમાંથી એકને પારધીએ માર્યું, તેપરથી બીજું પક્ષી પણ તરત મરી ગયું; એ વાલ્મીકિ ઋષિના જોવામાં આવ્યું, તે જ વખતે તેમને અતિશય લાગણી થઈ આવી અને બોલી ઉઠ્યા કે, આવી સ્નેહમાં

બેઠેલી પક્ષીની જોડ તેં ભાંગી, માટે તારૂં સારૂં નહીં થાય. આ વખતે થયેલી લાગણી ઉપરથી જે શ્લોક મ્હોંમાંથી નિકળ્યો તે ઉપરથી એમને રામ અને સીતાના સ્નેહ સંબંધી, તથા સીતાને હરી જનાર રાવણની કેવી માઠી દશા થઈ હતી એ વિષે એક સુંદર કાવ્ય લખવાનું સુઝયું; આ કાવ્ય તે રામાયણ.

(ख) પતિ પત્નીનો પ્રેમ, પતિવ્રતાની ભક્તિનું વર્તન, ભ્રાતૃભાવ, રાજાના ધર્મ, દાસભક્તિ, વગેરેનો બોધ આપવાનો હેતુ જણાય છે.

૯. (क) બીટ નામના કંદમાંથી, ખજુરીની તાડીના રસમાંથી, જારના સાંઠામાંથી, વગેરે.

(ख) શેરડીને કોલુમાં પીલી તેનો રસ કાઢે છે; આ રસને ઉકાળી ગોળ કરે છે; પછી તેને ફરીથી ઉકાળી કચરો કાઢી નાખી તેના થર કરી તેપર લીલ પાથરે છે; ત્યાર પછી તેની ખાંડ બને છે.

૧૦. (૧) સબોર્ડિનેટ જડજ કોર્ટ; સબોર્ડિનેટ જડજ—મુનસફ. (૨) સ્મૉલ કોઝીસ કોર્ટ; સ્મૉલ કોઝીસ કોર્ટના જડજ. (૩) જીલ્લા જડજની કોર્ટ; જીલ્લા જડજ. (૪) હાઇકોર્ટ; હાઇકોર્ટના જડજ.

૧૧. (क) પાર્લામેન્ટ ભરવાનાં મકાનો; વેસ્ટમિન્સ્ટર એબી; બ્રિટિશ મ્યુઝિયમ, નેશનલ ગેલરી, સાઉથ કેન્સિંગ્ટન મ્યુઝિયમ, મેન્શન હાઉસ, સેન્ટ

પૉલનું કેથિડ્રલ (દેવળ), બકિંગહામ પેલેસ, ન્યાયકોર્ટો, ટાવર ઓફ લન્ડન, હાઈડ પાર્ક (બાગ). (ख) ટાઉન હૉલ, હાઈકોર્ટ, રાજાબાઈ ટાવર; આ સિવાય વિકટોરિયા ગાર્ડન, ગોદીઓ, પાલવા (એપોલો) બંદર, કોટનો ભાગ, અજારો, વાલકેશ્વર, મહાલક્ષ્મી આ સ્થળો પણ જોવા જેવાં છે. (ग) લક્ષ્મી વિલાસ રાજમહેલ, નજર બાગ રાજમહેલ, મકરપુરા રાજમહેલ.

૧૨. જ્ઞાન અને ઉપાસના, યોગ, વૈરાગ્ય, ભક્તિ.

## ૪૦

૧. ઉંચાણવાળી જગ્યા, ઉંચી ઉભણી, સારૂં અજવાળું આવે એવી ગોઠવણ, હવાની આવજા થાય એવાં બારી બારણાં, મીઠા પાણીની પાસે સવડ હોય એવી જગ્યા, ધુમાડો જવાનાં ધુમાડીઆંની ગોઠવણ, ખરાબ હવા કે વાસ ઘરમાં આવે નહીં તેવી ગોઠવણ, આજુબાજુ ગંદકીનું પાણી ભરાઈ રહે નહીં એવી જગ્યા, વગેરે.

૨. (૧) મનુસ્મૃતિ, પારાશર સ્મૃતિ, યાજ્ઞવલ્કય સ્મૃતિ, અત્રિ, વિષ્ણુ, હારીત, ઉપનસ્ અંગિરા, યમ, આપસ્તંબ, સમ્વર્ત, કાત્યાયનિ, શંખ લિખિત, ગૌતમ, વસિષ્ઠ, બૃહસ્પતિ, શાતાતપ, વ્યાસ, દક્ષ. (૨) ઘર સંસાર સંબંધી ધાર્મિક કર્મો અને વર્ણા-

શ્રમના ધર્મ, નીતિ, રાજ્ય સંબંધી શિક્ષાશાસ્ત્ર, આચાર પાળવા સંબંધી વગેરે બાબતો તેમાં આવે છે.

૩. સૂક્ષ્મદર્શક યંત્રવડે ઝીણી વસ્તુ મોટી દેખાય છે. દૂરબીનથી દૂરની વસ્તુ પાસે દેખાય છે. કેમેરાથી સામે રાખેલી વસ્તુની આબેહુબ છબી પાડી લેવાનું બની શકે છે.

૪. (૧) મોટી ચાવીઓ જેવાં ફાંસડા રાખેલા હોય છે, તે ઉંચા નીચા કરવાથી સાંધા ફેરવાય છે. (૨) ગાડી આવવાના સમયની નિશાની માટે સ્ટેશનની બે બાજુએ કેટલેક છેટે ઉંચા થાંભલાપર હાથ જેવાં પાટિયાં રાખેલાં હોય છે, તે ઉંચાં નીચાં થાય છે. ગાડી આવવાની હોય ત્યારે હાથ પડે છે. હાથ પડ્યો ન હોય તો ગાડી સ્ટેશનની હદમાં ( યાર્ડમાં ) લાવી શકાતી નથી.

૫. (क) મહાયાન અને હીનયાન.

(ख) (૧) મહાયાનનો, નેપાલ, તિબેટ, ચીન, કોરિયા અને જાપાનમાં છે.

(૨) હીનયાનનો, સિંહલદ્વીપ, બ્રહ્મદેશ, અને સિયામમાં છે.

૬. આકાશમાં જે તારો ઉગે છે, અને જેને પ્રકાશવાળું ધજાના આકારનું લાંબું પૂછડું હોય છે, તેને ધૂમકેતુ કહે છે.

૭. (क) કોઈ છળકપટ અને ખટપટ કે પ્રપંચ કરતા હોય ત્યારે તેનું વર્તન દર્શાવવા.

(ख) માણુસને એક બીજા સામે જે કોઈ ઉશ્કેરતું હોય તેના વર્તનને નારદ વેડા કહે છે (સાચું જુઠું ભેરવતા હોય ત્યારે).

(ग–घ) પૈસાવાળો ન હોય છતાં વધારે 'શાહપણું' (શાહુકારી) બતાવતો હોય ત્યારે. હરિભક્તિ એ વડોદરામાં થઈ ગયા છે. આત્મારામ ભુખણુ એ સુરતમાં થઈ ગયા છે.

૮. સૂર્ય મકર રાશિના મટી કર્ક રાશિના થઈ ઉત્તર તરફ જવા માંડે છે, ત્યારે ઉત્તરાયણુના સૂર્ય કહેવાય છે.

૯. શાહુ બીજો–૪૧ વર્ષ; શાહુ પહેલો–૪૦ વર્ષ; રાજારામ–૨૯ વર્ષ.

૧૦. (क) હવાનું માપ. (ख) હવામાં ગરમી અથવા ટંડક વધવા ઘટવાથી.

૧૧. 'નેશનલ ગેલરી' તથા 'નેશનલ પોર્ટ્રેટ ગેલરી.' (નેશનલ ગેલરી સને ૧૮૨૪ માં સ્થપાઈ હતી. હાલ એમાં ૧૪૦૦ ઉપરાંત ચિત્રો વગેરે છે).

૧૨. મંડળીના સભાસદોની આર્થિક અને નૈતિક ઉન્નતિ કરવાને માટે આ મંડળીઓ સ્થાપવામાં આવે છે.

# ૪૧

૧. રજપૂતો મુસલમાની રાજ્ય સાથે લડવામાં કેસરિયાં કરતાં સુધી (પોતાનાં બૈરાંછોકરાંને મારી નાખી એકે એક રજપૂત જીવતાં સુધી) લઢતા હતા, પણ તાબે થતા નહીં. પ્રતાપે જીવ જતાં સુધી અકબરને કન્યા આપી નહીં, અને નમ્યો નહીં.

૨. (૧) મગજ એ માથામાં છે, એ દ્વારા માણસને જ્ઞાન થાય છે.

(૨) જ્ઞાનતંતુ–શરીરમાં ઝીણી નસો છે, એનો સંબંધ મગજ જોડે છે. એ શરીરમાંના કોઈ ભાગમાં થયેલી અસરની ખબર મગજને આપે છે.

(૩) ફેફસાં–છાતીની ડાબી અને જમણી બાજુએ છે, એ છાણા જેવાં કાણું કાણાંવાળાં હોય છે; તેમાં લોહી સાથે હવા મળવાથી સ્વચ્છ કરે છે.

(૪) હ્રદય–શરીરની નળીઓ–નસોમાં થઈને લોહી હ્રદયમાં આવે છે, અને ફેફસામાં જાય છે; એ લોહી રહેવાનો મુખ્ય હોજ જેવો છે.

૩. ચોમાસામાં.

૪. (૧) ઓગણપચાસગણી. (૨) બે લાખ ચાળીસ હજાર માઈલ.

૫. જ્યોતિર્મઠ–બદ્રિકેદારમાં; ગોવર્ધનમઠ–જગન્નાથ પુરીમાં; શૃંગેરીમઠ–દક્ષિણમાં રામેશ્વર પાસે; શારદામઠ–દ્વારકામાં.

૬. (૧) ભરતી ઓટ, (૨) પૃથ્વી ઉપરના પાણીને સૂર્ય અને ચંદ્રનું આકર્ષણ થવાથી ભરતી ઓટ થાય છે.

૭. કોઈ માણસને દૂરનો પદાર્થ સ્પષ્ટ ન દેખાતો હોય ત્યારે જે ચશ્માં પહેરવાથી જોઈ શકે, તે ટુંકી નજરનાં ચશ્માં; એના કાચ અંતર્ગોળ હોય છે. જે માણસને પાસેની વસ્તુ કે અક્ષર ન દેખાતા હોય, અગર સોય ન પરોવી શકાતી હોય, તે વાંચવા લખવા વગેરે કામમાટે વાપરે તેવાં ચશ્માં લાંબી નજરનાં કહેવાય; એના કાચ બાહ્યગોળ હોય છે.

૮. માળવી, દાઉદખાની, ભાલિયા, જંબુસરિયા, હાંસોટી, જબલપુરી વગેરે.

૯. (क) પ્રાંતિજ અને વિરમગામ—કડી પ્રાંતમાં. ઓરપાડ, ચોરાશી, ચીખલી, બારડોલી—નવસારી પ્રાંતમાં.
(ख) અંગ્રેજી અને ખંભાતનું રાજ્ય.

૧૦. (૧) શિક્ષા (વેદના ઉચ્ચાર કરવાનું શીખવનાર ગ્રંથ); (૨) કલ્પ (યજ્ઞયાગની ક્રિયાઓનો વિધિ બતાવનાર ગ્રંથ); (૩) વ્યાકરણ; (૪) છન્દ; (૫) જ્યોતિષ; અને (૬) નિરુક્ત (વેદના શબ્દોની વ્યુત્પત્તિ આપી તેના અર્થ કરવાની રીત બતાવનાર ગ્રંથ).

૧૧. જો શરીર નીરોગી—રોગ રહિત હોય તો સર્વ પદાર્થ કે સુખ સુખરૂપ—પ્રિય લાગે છે, પણ શરીરમાં રોગ થયો હોય તો સ્વર્ગનાં સુખ પણ ઝેર જેવાં લાગે છે.

૬૨. આસિસ્ટંટ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર, ડેપ્યુટી એજ્યુ. ઇન્સ્પેક્ટર, એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર, આસિસ્ટંટ ડિરેક્ટર ઑફ પબ્લિક ઇન્સ્ટ્રકશન, ડિરેક્ટર ઑફ પબ્લિક ઇન્સ્ટ્રકશન.

# ૪૨

૧. ગર્ભાધાન, પુંસવન, અનવલોભન, વિષ્ણુવલિ, સીમંતોન્નયન, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, સૂર્યાવલોકન, અન્નપ્રાશન, ચૌલ (ચૂડાકાર્ય), ઉપનયન, મહાનામ્ન્ય, સમાવર્ત્તન, વિવાહ, સ્વર્ગારોહણ.

૨. શ્રી એટલે શોભા; લક્ષ્મી; કીર્તિ, યશ; ધર્મ, અર્થ અને કામ એ ત્રણ; શુભ સૂચક શબ્દ.–એ દેવતા, ગુરૂ, પુણ્યધામ ઇત્યાદિક નામની પૂર્વે અને કેટલાક શબ્દની પછી પણ મૂકવામાં આવે છે– શ્રી ગણેશાય નમઃ, શ્રી શારદાયૈ નમઃ, શ્રી ગુરૂ, શ્રી વારાણસી; જયશ્રી, વીરશ્રી. કાગળ લખવામાં મથાળે 'શ્રી' લખે છે.

૩. ખસ, રક્તપિત્ત, વિસ્ફોટક, શીતળા, અછબડા, આંખ આવવી.

૪. ખાડાનું પાણી ગંધાય છે, તેમાંથી ખરાબ વાસ નિકળી હવામાં ફેલાઈ જાય છે; આવી હવા મનુષ્યના શ્વાસોચ્છ્વાસમાં આવવાથી નુકસાન થાય છે.

ઝીણાં જંતુ ઉત્પન્ન થઈ તે હવામાં ભળે છે; તેમજ મચ્છર પેદા થવાથી તે કરડવાથી રોગ થાય છે.

૫. (क) આકાશમાં રહેલા એક પદાર્થપર બીજા પદાર્થનો છાયો કે ઓળો પડે, કે તે વચમાં આવે તેથી તે ઢંકાઈ જાય કે કાળો પડી જાય, ત્યારે તેનું ગ્રહણ થયું એમ કહેવાય છે.

(ख) સૂર્ય અને પૃથ્વીની સીધી લીટીમાં ન રહેતાં ચંદ્ર પાંચ અંશ ઉંચો નીચો રહે છે માટે.

(ग) સૂર્યાદિ ગ્રહનો એક રાશિમાંથી બીજી રાશિમાં જે પ્રવેશ થવો, તે સંક્રાન્તિ કહેવાયઃ—મકર રાશિના સૂર્ય થાય ત્યારે મકર સંક્રાન્તિ, અને કર્કના થાય ત્યારે કર્ક સંક્રાન્તિ.

૬. રૂપિયા ૫ થી વધારે નહીં, એ રકમનો એક આનો.
રૂ. ૫ થી વધારે અને ૧૦ સુધીના બે આના.
રૂ. ૧૦ થી વધારે અને ૧૫ સુધીના ત્રણ આના.
રૂ. ૧૫ થી વધારે અને ૨૫ થી વધારે નહીં, તેને માટે ચાર આના.

રૂ. ૨૫ થી વધારે તે રૂ. ૬૦૦ની રકમ સુધીને માટે, દર ૨૫ ની પૂરી રકમના ચાર આના લેખે, અને તે કરતાં વધે તેના ચાર આના, પરંતુ તે વધારાની રકમ રૂ. ૫, ૧૦, કે ૧૫ સુધીની હોય તો તેને માટે અનુક્રમે માત્ર એક, બે, અને ત્રણ આનાજ બેસે છે.

૭. ડાંગ—ખાનદેશમાં જંગલ છે. ચુંવાળ—ગુજરાતનો ઉત્તર પશ્ચિમ ભાગ. મેવાસ—મહી નદીની બન્ને બાજુના કાંઠાનો પ્રદેશ. વાગડ—કચ્છમાં એક ભાગ. પાલ—પંચ મહાલનો ભાગ.

૮. જ્વાળામુખી સાથે.

૯. (क) બાપ—દામોદર મહેતા; સ્ત્રી—માણેક મહેતી; દીકરો—શામળ; દીકરી—કુંવરબાઈ.

(ख) પ્રેમાનંદ.

૧૦. તેજાબમાં નાખવાથી; ૨૦૦° ઉપરાંત ગરમી લગાડવાથી.

૧૧. ખારાઘોડા; વલસાડ; અને કાઠિયાવાડમાં દરિયા કાંઠાનાં બધાં રાજ્યોમાં.

૧૨. (૧) કૉપી રાઇટ—માલિકની પરવાનગી સિવાય તેનું તે પુસ્તક બીજાથી ફરી છપાવાય નહીં તે હક.

(૨) પેટન્ટ—એક પદાર્થની બનાવટ કે હુન્નર જેણે શોધી કાઢ્યો, તેના જેવોજ પદાર્થ કે હુન્નર બીજાથી કઢાય નહીં એવો હક મળે તે.

(૩) પબ્લિક પ્રોસિક્યુટર—સરકારી વકીલ. સરકાર તરફથી ફોજદારી ગુન્હા સંબંધી કામ ચલાવનાર વકીલ.

(૪) લવાદ—પક્ષકારોની તકરારનો સમજુતીથી નિકાલ કરનાર મધ્યસ્થ.

# ૪૩

૧. (क) લોખંડના પદાર્થને હવા લાગે છે ત્યારે તેમ રહેલો ઓકિસજન (પ્રાણુ વાયુ) લાગવાથ કટાય છે.

(ख) પાણીમાં ઓકિસજન (પ્રાણવાયુ) વધા હોવાથી લોઢાને પાણીમાં રાખવાથી જલ્દ કાટ લાગે છે.

૨. ગાય, નોળિયો, સાપ.

૩. રૂશિયા; જર્મની; જાપાન.

૪. આંબા મ્હોર, ઇલાયચી, કડા, કમોદ, કોલર જીરાસાલ, ઢુંઢણી, ત્રાંબાસાલ, ધાણુસાલ, નમાઃ પંખાળી, બંગાળીઉં, બારેજા, વઘેરડું, વાંકલે સુતરસાલ, સુખવેલ વગેરે.

૫. જમીનમાં ઉંડાણુમાં જૂદા જૂદા પ્રકારના ક્ષાર અ બીજા પદાર્થો રહેલા છે, તે પદાર્થો મિશ્ર થવાઃ ગરમી પેદા થાય છે ને સળગી ઉઠે છે, અને તે વરાળ થઈ જાય છે; તે વરાળ બહાર નિકળ જોર કરે છે તેથી પર્વતો ફાટીને તેમાંથી જ્વાળ રસ, રાખ વગેરે નિકળે છે.

૬. રામાયણુમાં–(૭ કાંડ) બાળકાંડ, અયોધ્યાકાંડ, અ ણ્યકાંડ, કિષ્કિંધાકાંડ, સુંદરકાંડ, યુદ્ધકાંડ, ઉત્તરકાં મહાભારતમાં–(૧૮ પર્વ) આદિ, સભા, વ

વિરાટ, ઉદ્યોગ, ભીષ્મ, દ્રોણ, કર્ણ, શલ્ય, ગદા, સૌપ્તિક, સ્ત્રી પર્વ, શાન્તિપર્વ, અનુશાસન, મૌસલ, સ્વર્ગારોહણ, મહા પ્રસ્થાનિક.

૭. ખાબોચિયામાં પાણી ભરાઈ રહે તેવી જગ્યા, ભેજવાળી જગ્યા, ખાળના પાણીની ગટરો, ઘરની મોરીઓ, અને નઠારૂં ગંદુ પાણી જતું હોય તેમાં ગંદકીને લીધે મચ્છર ઉત્પન્ન થાય છે.

૮. સંપ કરવાથી થતા લાભ ઉપરથી ઘણાં માણસ મળીને જે કામ કરે છે તે સારૂં અને ઝડપથી થાય છે. મોટાં કામો ઘણાં માણસો મળીનેજ કરી શકે છે. એક હાથે ઘર બંધાય નહીં.

૯. (क) પાણીનું થાય છે. (ख) બે જાતનાં—(૧) કુદરતી—આકાશમાં પાણી ઠરી જઈ પડે છે તે, તથા પાણી જમીનપર ઘણી ટાઢને લીધે ઠરી જાય છે તે. (૨) કૃત્રિમ—યંત્રથી પાણીનું બનાવવામાં આવે છે તે.

૧૦. આપણા બાર વર્ષ જેટલું.

૧૧. (૧) બીલ—૧ ભરતીઉં (માલ લીધા હોય તેની કિમ્મતનું ઓળાઉં.) ૨ કોઈ પણ કાયદો પસાર થતાં પહેલાં તેનો ખરડો તૈયાર કરી તે ઉપર વિચાર ચલાવવા બહાર પાડવામાં આવે છે તે. (૨) એક્ટ—કાયદો. (૩) ઇન્કમ ટેકસ—વેપાર તથા નોકરીમાં થતી ઉપજ ઉપર લેવામાં આવતો કર. (૪) કસ્ટમ ડ્યુટી—બહાર ગામથી આવતા માલ ઉપર જકાતરૂપે જે પૈસા લેવાય છે તે. (૫) હોમરૂલ—ઇંગ્લાન્ડ,

સ્કોટલાન્ડ અને આયર્લાંન્ડના નેસનલિસ્ટ પક્ષ (પાર્ટિ)નું ઘણાં વર્ષથી જે લક્ષ્યબિંદુ છે, અને પાર્લામેન્ટમાં ૧૮૮૬ તથા ૧૮૯૩માં મી૦ ગ્લેડસ્ટને રજુ કરેલાં બે બીલોનો જે ઉદ્દેશ હતો તે 'આયરિશ પાર્લામેન્ટ' હોમ રૂલના નામથી ઓળખાય છે.

૧૨. (क) પિત્તળના તારની.
(ख) આઠમા હેન્રિ રાજાની પાંચમી રાણી કેથેરાઇન હાવર્ડ—એણે પહેલવહેલો ઉપયોગ કરવા માંડ્યો. સને ૧૫૪૦ના અરસામાં ઈંગ્લાંડમાં દાખલ થઈ. સને ૧૫૪૩માં બનાવવા માંડી. સને ૧૮૨૪માં સંચાથી બનાવવાની યુક્તિ શોધી કાઢી. એનાં હાલ ગ્લુસ્ટર અને બર્મિન્‍ગહામમાં કારખાનાં છે.
(ग) આઠ કરોડ ટાંકણી દરરોજ થાય છે એવો અંદાજ છે, અને તે પૈકી મોટો ભાગ બર્મિન્‍ગહામમાં થાય છે.

## ૪૪

૧. ગણુપતિનું વાહન—ઉંદર; વિષ્ણુનું ગરૂડ; સરસ્વતિનું મોર; શિવનું વૃષભ (પોઠીઓ); કાર્તિકસ્વામીનું મોર.

૨. (क) હીરો, પોખરાજ, શની, ગોમેદ, માણેક, પાનાં, મોતી, પરવાળાં.
(ख) મોતી અને પરવાળાં સિવાય બીજાં બધાં ચળકતાં પત્થર છે.

(ग) ઉપરના બે સિવાય બીજાં ખાણુમાંથી નિકળે છે.

૩. (૧) બ્રાહ્મણનાં—યજન—યાજન, પઠન—પાઠન, દાન લેવું—આપવું.
(૨) ક્ષત્રીનાં—ગાય, બ્રાહ્મણનું રક્ષણ કરવું, યુદ્ધમાં લડવું, દાન આપવું, યજન કરવું, ભણવું.
(૩) વૈશ્યનાં—વણુજ વેપાર કરવો, કૃષિ કરવી, યજન કરવું, ભણવું, ઢોર પાળવાં.
(૪) શૂદ્રનાં—દાસત્વ, મજુરી કરવી.

૪. એ એક જાતનો મણિ (તેજસ્વી પત્થર) છે; લોઢા વગેરે હલકી ધાતુને એ અડકે તો તેનું સોનું થઈ જાય છે, એમ કહેતી છે.

૫. સારી હવા, સ્વચ્છ પાણી, લાયક ખોરાક, કસરત, બ્રહ્મચર્ય, નિયમિત આહાર વિહાર, ઉદ્યમ અને સાદું જીવન.

૬. (૧) પૃથ્વી ઉપરથી ઘર, મનુષ્ય, પશુ—એ આકર્ષણને લીધે ઉંચે ઉડી જતાં નથી; (૨) પત્થર આકાશમાં ફેંકતાં તે ઉંચે જઈ પૃથ્વીપર એ બળને લીધે પાછો પડે છે; (૩) પદાર્થમાં ભાર હોય છે.

૭. સૂર્ય ઝાંખો થઈ જાય છે, અને દિવસ ધાંધળો લાગે છે, એટલે વાદળાં આવ્યાં હોય એવો ઝાંખો થઈ જાય છે; પશુ પક્ષી શાન્ત થઈ ગયેલાં લાગે છે.

૮. એના પારદર્શક સ્લેટના પત્થર જેવાં પણ ધોળાં પાતળાં પડ હોય છે; તે પૃથ્વીમાંથી નિકળે છે. ઇડર, મોહનપુર (મહીકાંઠામાં), વિઝાગાપટ્ટણ,

મ્હૈસુર, પંજાબ, બંગાળા, રજપુતાના, તેમ પશ્ચિમ ઘાટના પ્રદેશમાં માલુમ પડે છે.

**ટીપ:**—ચાંલ્લા, ચીમનીઓ, માતાની આંગીઓ તથા આરસા કરવામાં, ત્રીજોરીઓ માટે, દવામાં (અર્ભ માત્રા) વગેરે ઉપયોગમાં આવે છે.

૯. હિંદુસ્તાનમાં એક તોલા સુધી અર્ધો આનો, તોલા ઉપરાંત ને દશ તોલા સુધી એક આનો, અને તે ઉપરાંત દર દશ તોલે એકેક આનો વધારે.

હિંદુસ્તાનની બહાર—બ્રિટિશ રાજ્યમાં તથા બ્રિટિશ સંસ્થાનો માટે એક આઉન્સ (અઢી તોલા) સુધી એક આનો, અને તે ઉપરાંત દર આઉન્સે એકેક આનો વધારે. પર રાજ્ય માટે પહેલા એક આઉન્સ સુધી અઢી આના, અને પછી દર આઉન્સે દોઢ આનો વધારે.

૧૦. (૧)કામ કરવામાં કુશળતા. (૨)ચાણ્ડાલ—અતિશૂદ્ર જ્ઞાતિનો માણસ.(૩)પરમાત્મા. (૪) ત્રણ ગુણ—સત્વ, રજ, અને તમ એને ધારણ કરનારો. (૫) લોક (સ્વર્ગ)ની ઇચ્છા. (૬) વિદ્યામાં પ્રીતિ રાખનારો.

૧૧. (૧) કરાંચી, એડન, રંગુન, કોલંબો, કલકત્તા, મદ્રાસ, પ્રોમ, હૉંગકૉંગ. (૨) બ્રિન્ડિસી, જીબ્રાલ્ટર, નેપલ્સ, જીનોવા, ટ્રીસ્ટ, વેનિસ, માર્સેલ્સ, પ્લીમાઉથ, લીવરપૂલ, લન્ડન.

૧૨. નાના ખેડુતો, કારીગરો, નાના પગારના નોકરો, તથા મજુરોને માટે આ મંડળીઓ ખાસ લાભકારી છે.

## ૪૯

૧. (૧) હિંદુસ્તાનના પશ્ચિમ કિનારાના બંદરોમાંથી અરબી અને રાતા સમુદ્રમાં થઈ પેલેસ્ટાઈનિ માલ જતો ને ત્યાંથી યુરોપના દક્ષિણ ભાગમાં જતો. (૨) હિંદના વાયવ્ય તરફના પર્વતો ઓળંગી ઈરાન અને અરબસ્તાનને રસ્તે ફિનિશિયામાં માલ જતો. (૩) અરબી સમુદ્ર અને રાતા સમુદ્રમાં થઈ એલેકઝાંડ્રિયામાં જતો, અને ત્યાંથી વેનિસ અને જીનોવા બંદરે જતો. (૪) ઈરાનમાં થઈ સુસા અને સ્મર્ના થઈ જતો. (૫) હિંદુસ્તાનનાં બંદરોમાંથી અરબી સમુદ્ર અને ઈરાની અખાતમાં થઈ બગદાદ શહેરમાં થઈ ટ્રેબિઝાંડ બંદરે અથવા ભૂમધ્ય સમુદ્રપરના સેલ્યુશિયા બંદરે માલ જતો.

૨. ક્રોધ ન કરવો, સત્ય બોલવું, અન્યને ભાગ આપવો (દાન), ક્ષમા રાખવી, પોતાની સ્ત્રીપર પ્રેમ રાખી સંસાર ચલાવવો, પવિત્ર રહેવું, કોઈનો દ્રોહ ન કરવો, સરલ સીધું વર્તન રાખવું, આશ્રિત જનોનું ભરણ પોષણ કરવું, વગેરે.

૩. સીધાને સીધા ન ચઢતાં આડા અવળા—તિરકસ ચઢવાથી.

૪. મછવો—કિનારેથી વહાણપર ચઢવાને લઈ જનારી હોડી. બગલો—મછવાથી મોટી હોડી. ફતેહમારી—બગલાથી મોટું વહાણ. વહાણ—પાણીમાં

તરતું લાકડાનું ઘણું મોટું વાહન, જેમાં ઘણો (હજારો ખાંડી) માલ માય તે; આવાં વહાણો મહાસાગરમાં પણ ચાલે છે. આગબોટ—વરાળ-યંત્રથી ચાલનારૂં વહાણ; એમાં ઉતારૂઓને માટે ઘણી સારી સગવડ કરેલી હોય છે. મનવાર—લડાઈનું વહાણ; એનાપર તોપો રાખવામાં આવે છે.

૫. આ શબ્દો લશ્કરના નાના મોટા ભાગ–ટુકડીના જૂદા જૂદા દરજ્જાના ઉપરીઓના ઓદ્ધા માટે વપરાય છે. લેફ્ટેનન્ટ, કેપ્ટન, મેજર, કર્નલ, જનરલ—આ અનુક્રમે દરજ્જા ચઢતા છે.

૬. (क) શૈવનાં—કાશી વિશ્વનાથ, ૐકાર, વૈજનાથ, શેતુબિંદુ રામેશ્વર,સોમનાથ, મહાકાલ (ઉજ્જનમાં). (ख) સ્વામી નારાયણનાંઃ—વડતાલ, અમદાવાદ, ગઢડા, જુનાગઢ, મૂળી, કચ્છ ભુજ, ગોંડલ, છપૈયા (અયોધ્યા પાસે).

૭. શ્રીયુત ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી. (ख) નડિયાદ. (ग) સ્નેહમુદ્રા, લીલાવતીની જીવનકલા, દયારામનો અક્ષરદેહ, એશિયા યુરોપખંડની પ્રજાઓનાં લાક્ષણિક દૃષ્ટાંત, વગેરે.

૮. ત્રાજવાંની દાંડી. ૯. નાળિયેર.

૧૦. સાપ, હરણ. ૧૧. ઢાળ.

૧૨. ગુણઃ—કૃમિવિકાર થતો નથી, ખોરાક પાચન કરે છે, અને સ્વાદિષ્ટ કરે છે; ઢોર મીઠાને લીધે ચંદી અને ઘાસ સારી રીતે ખાય છે; ઝાડનાં મૂળમાં

મીઠું નાખવાથી તેનાં ફળ સુધરે છે. દોષઃ—લોહીમાંનું તત્વ ઓછું કરે છે, તેથી તેની તાકાત કમી થાય છે.

## ૪૬

૧. (क) ઉંચાણ હોવાને લીધે ઠંડી વધારે લાગવાથી વરાળનું એકદમ બરફ થઈ જાય છે.
(ख) હિંદુસ્તાનના ઉત્તર ભાગમાં હિમાલય પર; યુરોપ ખંડમાં આલ્પ્સ પર્વત ઉપર; ઉત્તર મહાસાગરના કાંઠાના મુલકોમાં.
(ग) હિમાલય; આલ્પ્સ.

૨. રેલ્વે, જકાત તથા આબકારી, સ્ટાંપ, મીઠું, અફીણુ, નહેરો, પોસ્ટ, તાર, ન્યાય, ઇન્કમ ટેક્સ (આયપત વેરો) વગેરે ખાતાં.

૩. નવ માઇલ.

૪. હવાની અંદર પ્રાણુવાયુ (ઓક્સિજન) રહેલો છે, તે અગ્નિને પ્રદીપ્ત રાખે છે, તેથી જો તે ન મળે તો દેવતા સળગતો રહેતો નથી.

૫. પી. એન્ડ ઓ. કમ્પની (પેનિનસ્યુલર એન્ડ ઓરિયન્ટલ સ્ટીમ નેવિગેશન કમ્પની); સિટિ એન્ડ હોલ લાઇન; ઓસ્ટ્રિયન લોઇડ; રૂબેટિનો; મીસેજરીઝ મેરિટાઇમ્સ; બોમ્બે ઇન્ડિયા સ્ટીમ નેવિગેશન કમ્પની; નિપ્પોન યુસેન કૈષા; ઓસાકા શોસેન કૈષા.

૬. પંચવટી આગળથી (નાશક પાસે). શ્રી રામચંદ્રજી, સીતા અને લક્ષ્મણ સહિત, પર્ણકુટી બાંધી રહેલાં હતાં, ત્યાં સીતાએ સોનાના રંગ જેવી ચામડી-વાળો મૃગ દીઠો, તેથી તેને પકડીને અથવા મારીને લાવવા શ્રી રામચંદ્રજીને જણાવ્યું; રામચંદ્રજીએ ના કહી, પણ સીતાએ માન્યું નહીં, અને ઘણો આગ્રહ કર્યો, તેથી છેવટ રામચંદ્રજી મૃગ મારવા ગયા. તે વખતે રાવણ સાધુનો વેશ લઈ ભિક્ષા માગવાને બ્હાને આવી સીતાજીને ઉપાડી ગયો.

૭. બે હાળના ભેગા કરવાથી થયેલી ફ્રાચર.

૮. રઘુવંશ; કુમાર સંભવ; મેઘદૂત; ઋતુસંહાર; માલ-વિકાગ્નિમિત્ર નાટક; વિક્રમોર્વશીય નાટક; શાકુ-ન્તલ નાટક.

૯. પ્રધાન–રાજાનો મુખ્ય કારભારી. વજીર–પાદશા-હને સલાહ આપનારો વડો કારભારી. અમીર–રાજાના ભાયાતો; જમીનદારો. સરદાર–લશ્કરનો અધિપતિ; જાગીરદાર. દિવાન–મુખ્ય પ્રધાન.

૧૦. (क) કોઈ કામ કરતાં તેમાં નાસિપાએસ થઈ ગભરામણુ થાય છે ત્યારે વપરાય છે. ઘણી મહેનત પડવી; ફજેતી થવી.

(ख) ખોટા રૂપમાં વપરાય છે; બેઆબરૂ થઈ લોકોમાં અપકીર્તિ થવી. કોઈ ખોટું કામ કર્યા પછી તે જાહેરમાં આવે છે તે પ્રસંગે.

(ગ) અહંકાર આવવો; હલકા મનના માણસોને જ્યારે કોઈ જાતનો મોટો લાભ થાય છે ત્યારે તેને અભિમાન થઈ જાય છે, અને કોઈની દરકાર કરતો નથી એવે પ્રસંગે વપરાય છે.

૧૧. (क) (૧) રૂપારેલ; દરિયા દોલત; ધનપ્રસાદ; તોકલી સવાઈ; ભવાનીપ્રસાદ; નારણપ્રસાદ, વગેરે.

(૨) વિજળી; સોલસેટ; ઈન્ડિયા; અરેબિયા; કેલિડોનિયા વગેરે.

(ख) જૂદાં જૂદાં વહાણ કે આગબોટ ઓળખવામાટે.

૧૨. દંડ, મલખમ, કુસ્તી, મગદળ ફેરવવા, તરવું, ઘોડે બેસવું, દોડવું, પટા ખેલવા, કવાયત; ટેનિસ, ક્રોકે, બેડમિન્ટન, ગોલ્ફ, ડમ્બ બેલ, ફૂટબૉલ, ક્રિકેટ, બેઇઝ બૉલ; હિંચકા (કસરતના), બાગમાં કામ કરવું, હોડી ચલાવવી, વગેરે.

## ૪૭

૧. સાધારણ રીતે લશ્કરી અને નૌકા ખાતા શિવાયનાં સઘળાં સરકારી ખાતાંમાંની જગ્યાઓ (નિમણુકો) વગ ધરાવનારા ઇસમોમાંથી પહેલાં પૂરાતી હતી, પણ ૧૮૫૩માં એવું ઠર્યું કે સ્પર્ધાની પરીક્ષા લઈ તેમાંથી પસંદગીમાં ઉતરે અને ઉપલા નંબરમાં હોય તેમને જગ્યા આપવી; અને આ ધોરણે સને ૧૮૫૫થી પરીક્ષા લેવાનું શરૂ થયું. હિંદુસ્તાન

માટે કલેકટર જેવા હોદ્દાઓની જગ્યા ઉપર કામ કરવાને લાયક નિવડે તેને માટે ઈંગ્લાન્ડમાં ૨૨ થી ૨૪ વર્ષની વયના માણુસોની ખાસ પરીક્ષા લઈ જરૂર જેટલા ઉપરના ઇસમો દર વર્ષે પસંદ કરીને નોકરી માટે લાયક ગણુવામાં આવે છે, તેને ઇન્ડિયન સિવિલ સર્વિસ કહે છે. આ પરીક્ષામાં આ દેશના વતનીઓને પણુ દાખલ થવાની છૂટ છે.

૨. (૧) નાણુાંની લેવડદેવડ કરનારી એક કરતાં વધારે ભાગીદારે શેર કાઢી ઉભી કરેલી પેઢી. (૨) બેન્ક ઓફ બોમ્બે (મુંબઈ બેન્ક)—એ પહેલવહેલી સને ૧૮૪૦માં સ્થપાયલી, પછી સન ૧૮૬૭માં બંધ થઈ હતી; પણુ સન ૧૮૬૮માં નવીન ઉભી થઈ ને હાલ તે ચાલુ છે; બેન્ક ઓફ બરોડા; બેન્ક ઓફ ઇન્ડિયા; મર્ચન્ટસ બેન્ક, વગેરે; વિલાયતી બેન્કોની શાખાઓ—ચાર્ટર્ડ બેન્ક; હૉંગકૉંગ અને શાંગહાઈ બેન્ક; નેશનલ બેન્ક; ફ્રેન્ચ બેન્ક વગેરે.

૩. (૧) એમાં માંદાં માણુસોને રાખી તેમને દવા આપવામાં આવે છે, તેમ સારવાર કરવામાં આવે છે; બહારથી આવનાર—દવાખાના બહારનાં રોગી માણુસોને પણુ એમાં દવા અપાય છે. (૨) એમાં કેદીઓને રાખવામાં આવે છે. (૩) નાની ઉમરના ગુન્હેગારોને સુધારવાના ઉદ્દેશથી કબજામાં રાખી ધંધો શિખવવાને માટે આવી સંસ્થા સ્થાપ-

વામાં આવે છે. (૪) આમાં પુસ્તકોનો સંગ્રહ કરવામાં આવે છે, અને તેમાંથી તેના સભાસદોને ત્યાં આગળજ અથવા ઘેર વાંચવા માટે આપવામાં આવે છે; ઘણું ખરૂં તેમાં વર્તમાનપત્ર તથા ચોપાનિયાં પણ વાંચવા માટે રાખવામાં આવે છે.

૪. (૧) સભાસદોને ધંધા માટે સસ્તે વ્યાજે તેમની પેદાશ વધે તે માટે નાણાં ધીરે છે. (૨) સભાસદો માટે સામટો સારો ચોખ્ખો ધંધાને માટે અગર ઘર ખર્ચને માટે માલ ખરીદી આણી આપે છે. (૩) સભાસદોએ પકવેલો તથા તૈયાર કરેલો માલ સામટો સારા વેપારીને વેચી વધારે ભાવ ઉપજાવી શકે છે. (૪) સારી સુધરેલી ઢબનાં ઓજારો, હથિયારો, સંચાઓ જે એકાદ માણસથી ખરીદ કરી શકાય નહીં, તે મંડળી ખાતે ખરીદ કરી સભાસદોને ભાડે આપે છે. (૫) ખેતી તથા ઢોરની ઓલાદ સુધારવાને માટે સારાં બી ભેગાં કરે છે, ઢોરના વીમા ઉતારે છે, વાલી પાડા રાખે છે, માખણ બનાવવાનાં કારખાનાં કાઢે છે.

૫. પૃથ્વીના આકર્ષણને લીધે; એટલે પૃથ્વીપરના દરેક પદાર્થને પૃથ્વી પોતાની ભણી ખેંચે છે.

૬. (૧) ઉત્તર અને દક્ષિણ અમેરિકાની વચ્ચે. (૨) પહોળાઈ ૩૦૦ થી ૫૦૦ ફીટ છે.

૭. (क) મિસરદેશની પૂર્વે ઇંગ્લાન્ડ જવાના રસ્તામાં, લાલ સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્રની વચ્ચે.

(ख) આ નહેર ખુલ્લી મૂકી ત્યારે કમીમાં કમી પહોળાઈ ૭૨ ફીટ હતી, તે વધારીને ૧૯૧૩ માં ૧૪૭ ફીટ ૬ ઈંચની કરી છે. હજી તે વધારી ૧૯૬ ફીટ ૮ ઈંચ કરવાનું ઠરાવેલું છે.

(ग) સને ૧૮૬૯ માં ખુલ્લી મૂકાઈ હતી.

**ટીપ**–એની લંબાઈ સુમારે ૮૫ માઈલ છે, અને તેની પાછળ તે ખુલ્લી મૂકી તે મુદત સુધીમાં એક કરોડ વીસ લાખ પાઉન્ડ ખરચ થયો હતો.

૮. કર્મના ત્રણ પ્રકાર છેઃ–સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ. સંચિત એટલે પૂર્વ જન્મનાં અસંખ્ય કર્મનો ખજાનો; પ્રારબ્ધ–તે ખજાનામાંથી જેટલો ભાગ આ જન્મમાં વાપરવા કાઢેલો તે; અને ક્રિયમાણ એટલે આ જન્મમાં કરવામાં આવતાં નવાં કર્મ. સત્વગુણી, રજોગુણી અને તમોગુણી એમ ગુણવડે પણ ત્રણ પ્રકારનાં કર્મ ગણાય છે.

૯. પોતાનો દીકરો રોહીદાસ મરી ગયો, ત્યારે તેનું શબ પોતાની સ્ત્રી તારામતી શ્મશાનમાં બાળવા લાવી, તે વખતે શ્મશાનનો કર લેવાને બજાવેલી ફરજ ઉપરથી.

૧૦. (क) ભીંત, ડુંગર વગેરેનું સીધાપણું વાંકાપણું સમજવા સારૂ દોરીને છેડે બાંધેલો ઉંચેથી લટકતો રાખેલો જે ધાતુનો કકડો તે.

(ख) ભીંત ચણુતી વખતે તેની દરેક ઇંટ પાયા બહાર નિકળી જાય નહીં, તેની તપાસ કરવામાં ઉપયોગમાં લેવામાં આવે છે.

(ग) ગુરૂત્વમધ્યબિંદુ પાયાની અંદર પડવું જોઇએ તે નિયમ.

૧૧. (૧) એ. એમ. (એન્ટિ મેરિડિયન)=રાતના બાર વાગ્યાથી બપોરના બાર વાગ્યા સુધીનો વખત બતાવવો હોય ત્યારે વપરાય છે.

(૨) પી. એમ. (પોસ્ટ મેરિડિયન)—બપોરના બાર પછીથી રાતના બાર વાગ્યા સુધીનો વખત બતાવવો હોય ત્યારે આ શબ્દો વપરાય છે.

(૩) એચ. એમ. એસ. (હીઝ મેજેસ્ટિસ સર્વિસ)—અંગ્રેજ સરકારના જૂદા જૂદા ખાતામાંથી સરકારી કામ બાબત કાગળો મોકલવામાં આવે તેના પરબીડિયાપર લખવામાં આવે છે, તેમ ટીકીટ (સ્ટાંપ) ઉપર છાપેલું હોય છે.

૧૨. (૧) દરકદાર—એ લશ્કરી ખાતાના અંગના ઉપરી માણુસો જેવા છે. એ પગારદાર નોકર નથી હોતા, પણુ લશ્કરી માણુસોની નિમણુકમાંથી અમુક રકમ કે ટકા કાપીને જેમને નિમણુક મળે છે તે. સરકારે એ નિમણુક બાંધી પણ હોય, પરંતુ તેનો અસલ બોજો લશ્કરી લોકોને માથે એવો જ અર્થ ગણુાય છે. (૨) આસામદાર—સરકારને માટે કાંઈ ઉપયોગી કામ કરવાના બદલામાં જેમને

આસામી (કંઈ રકમ આપવાની) કરી આપેલી હોય તેવા ગૃહસ્થ. (૩) શીલેદાર—ઈરેગ્યુલર (નિયમિત લશ્કર પૈકીના નહીં એવા) ઘોડેસ્વાર લશ્કરના ઉપરી; પ્રથમ કન્ટિન્જન્ટ પાગા હતી તેના ઘોડેસ્વારોની ટુકડીના ઉપરી. (૪) માનકરી—રાજા પાસે તેમની તહેનાતમાં રહેનારી મંડળી પૈકીના ગૃહસ્થ.

# ૪૮

૧. (क—ख) (૧) કુતુબ મિનારો—એ દિલ્હીથી ૧૧ માઈલ એક ઉંચો રાતા પત્થરનો બાંધેલો મિનારો છે. એને ૭ મજલા છે અને ૩૭૮ પગથિયાં છે. તેની ઉંચાઈ ૨૩૮ ફીટ કરતાં વધારે હોવાથી દુનિયાના કોઈ પણ મિનારા કરતાં એ વધારે ઉંચો છે. પૃથુરાજ ચોહાણે પોતાની કુંવરી સારૂ એ બંધાવ્યો હતો, તેને કુતુબુદ્દીને વધાર્યો અને અલ્તમસે પૂરો કરાવ્યો.

(૨) દેલવાડા—એ આબુ પર્વત ઉપર શ્રાવક લોકોનાં દહેરાં છે. આ દહેરાં લાખો રૂપિયા ખરચી વિમળશાહ અને તેજપાળે બંધાવેલાં છે. એના સંબંધમાં રાસમાળામાં નીચે પ્રમાણે વિગત આપેલી છેઃ—

"આબુ પર્વત ઉપર નખી તળાવની પાસે દેલવાડા અથવા દેવલોનો સમુદાય છે. વિમળશાહ અને તેજપાલ (વીરધવલ વાઘેલાના પ્રધાન) એમણે બે મુખ્ય દેરાસર

બંધાવ્યાં છે. તે વિના બીજાં કેટલાંએક છે, પણ એ બે તો ઘણાં પ્રાચીન અને અતિ શોભાયમાન છે. ઇ૦ સ૦ ૧૦૩૧માં વિમળશાહે પ્રથમ દેરાસર બંધાવ્યું હતું. આ પ્રસિદ્ધ દેવળોનું કદ અથવા બહારના દેખાવ વખાણવા જેવા નથી, પણ સોની લોકોની કારીગરીની જેટલી સંસ્કૃત કુશળતા તેટલી બધી માંહેની બાજુએ વાપરવામાં આવેલી છે. પ્રત્યેક દેરાસરમાં દેવને બેસવાના ગંભારની આગળ સભામંડપ છે તેના ઉપર અષ્ટકોણ ઘુંમટ છે, અને આસપાસ સ્તંભપંક્તિ ઉપર ઘણાએક ઘુંમટ આવ્યા છે. આખું દેરાસર ધોળા આરસપહાણનું છે, અને કોરણીના શણગારથી ઉપરના પ્રત્યેક ભાગ ભરપૂર છે; એ કોરણી એવી બારીકીથી કરેલી છે કે જાણે તે મીણનાં બીબામાં ઉતારી હોય નહીં એવો ભાસ થાય છે, અને તેઓની અર્ધ પારદર્શક કોરોની જાડાઇ જરાય જણાઇ આવતી નથી. તેજપાલના દેવળના ઘુંમટની વચ્ચેની કારીગરીથી તો આડો આંક છે. તેના ઉપર પ્રત્યેક જોવા જનારનું લક્ષ લાગી રહે છે. કર્નલ ટોડના લખવા મુજબ 'તે અર્ધા ખીલેલા કમળના ગુચ્છા જેવું દેખાય છે, તેના કટોરા જેવો વળેલો ભાગ એવો પાતળો, એવો પારદર્શક અને એવો બારીકીથી કોતરેલો છે કે તે આંખને વિસ્મય પમાડીને સ્તબ્ધ કરી દે છે.' આ દેરાસરોમાં કોરણી, નિર્જીવ સ્વાભાવિક વસ્તુઓના ચિત્રની કરી છે એટલું જ નહીં, પણ વળી સંસાર વ્યવહારના દેખાવ, વ્યાપાર અને નૌકાશાસ્ત્રના પ્રયત્ન, અને રણક્ષેત્રના યુદ્ધનું આલેખન કર્યું છે."

(૩) શેત્રુંજો—પાલીટાણા પાસે આ પર્વત ઉપર જૈન લોકોનાં ધર્મનાં દેવળો જોવા જેવાં છે.

(૪) ગીરનાર—કાઠિયાવાડમાં જુનાગઢ પાસે પર્વત છે. એના ઉપર જુના વખતનાં જૈન વગેરેનાં દહેરાં તથા ગુફાઓ છે, તથા ગુરૂ દત્તાત્રયનું સ્થાન છે.

૨. (૧) દિલ્હીના પાદશાહ કુતુબુદ્દીન પછી તેનો દીકરો આરામ ગાદી પર બેઠો તેને તેના બનેવી અલ્તમસે મરાવ્યો, અને પોતે ગાદી પર બેઠો. (૨) અલ્તમસની બેન રજીઆ બેગમને હબસી ગુલામ સાથે દોસ્તી કરવાના કારણથી તેના સરદારોએ મારી નંખાવી. (૩) બેહેરામ—અલ્તમસનો કુંવર—એને સરદારોએ મારી નાખ્યો. (૪) મસાઉદ—બેહેરામનો ભત્રિજો—એને પણ ગાદી મળ્યા પછી સરદારોએ મરાવ્યો. (૫) કૈકુબાદ—તેના વજીર જલાલુદ્દીને મારી નાખ્યો. (૬) જલાલુદ્દીન ખીલજી—એના ભત્રિજા અલ્લાઉદ્દીને દગાથી મારી નાખી પોતે ગાદીપર બેઠો, તથા એના દીકરાઓને મારી નાખ્યા. (૭) અલ્લાઉદ્દીન ખીલજી—એણે ખંભાતથી કાફુર નામે ગુલામ આણ્યો હતો, તેને મોટો સરદાર બનાવ્યો હતો; એ અલ્લાઉદ્દીનનો ઘણો માનીતો હતો; તેણે એને ઝેર દઇને મારી નાખ્યો. (૮) કાફુર—અલ્લાઉદ્દીન પછી કાફુરે ઉમરને ગાદીપર બેસાડ્યો, અને એના બે ભાઈની આંખો ફોડી ત્રીજા ભાઈ મુબારકને મારવા મારા મોકલ્યા; પણ ઉમરાવોએ કાફુરને મારી નાખ્યો ને મુબારકને ગાદી આપી. (૯) મુબારક—એને

મારી નાખી વજીર ખુશરૂ પોતે ગાદી પર બેઠો. (૧૦) દારા, મુરાદ અને એના છોકરાઓ–દિલ્હીના પાદશાહ શાહજહાંને ચાર પુત્ર હતા, તેમાંથી ત્રીજા પુત્ર ઔરંગઝેબે બીજા ભાઈ દારા તથા મુરાદને અને તેના છોકરાઓને મારી નાખી પોતે ગાદીપર બેઠો.

૩. પૃથ્વી પોતાના ઉપર રહેલી દરેક વસ્તુને આકર્ષણ કરે છે, એટલે પોતાના તરફ ખેંચે છે. આપણે ચાલીએ છીએ ત્યારે એ આકર્ષણને બળના પ્રમાણમાં તોડીએ છીએ; તેથી તે તોડવા માટે કરેલા બળને લીધે તથા આજુબાજુના પવનથી થાક લાગે છે.

૪. હિંદુ–ગોર–પુરોહિત; મુસલમાન–સૈયદ, મુલ્લાં; પારસી–મોબેદ, અધ્યારૂ; ખ્રિસ્તી–ચેપલેઇન, બિશપ. આર્ચબિશપ, આર્ચડીકન, લૉર્ડ બિશપ; યાહુદીના–મુસા.

૫. ચાર–ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ.

૬. (૧) ઘોડાપર બેસનારને પેંગડા તરફ, લગામ તરફ, અને રસ્તા તરફ નજર રાખવી પડે છે. (૨) પાણીઆરીને કુવામાંથી હાથે ખેંચી પાણી કાઢતી વખતે કુવામાં ઘડા તરફ, પગ તરફ, તથા દોરડા તરફ નજર રાખવી પડે છે. આવીજ રીતે સંચાપર કામ કરવું વગેરે કામો માટે પણ હોય છે.

૭. પચાસ રૂપિયા સુધીની દર્શાવેલી કિમ્મતનો એક આનો, અને તે ઉપરાંત રકમને માટે એ દરે વધારે.

૮. પ્રથમ એ જાતના લોકો હિંદુ હતા, પણ બાદશાહી વખતમાં મુસલમાની ધર્મ સ્વીકારવાથી હાલ મુસલમાન કોમમાં ગણાય છે.

૯. દ્વિદળીઆં ઝાડ ઓળખવાની નિશાનીઃ—બીમાં બે દાળ હોય, અને તે બે દાળની વચ્ચે બીજાશય હોય; મૂળ લાંબા અને તેમાંથી રેસા ફૂટેલા; થડને ડાળાં ફુટેલાં; થડ નીચેથી જાડું અને ઉપરથી પાતળું; થડને આડા કાપીએ તો અંદરનો ભાગ ઘણો ઘટ અને સખ્ત માલમ પડે; પાંદડામાં જાળ પથરાયેલી હોય, ને તે ફાડવા જતાં સીધું ફાટે નહીં; પાંદડાં પાકી જાય છે ત્યારે દાંડી સહિત એકદમ ખરી પડે છે; ફૂલને બે ઢાંકણાં હોય છે; પુંકેસર પાંચ અથવા પાંચનો ગુણાકાર હોય છે.

એક દળીઆમાં ઉપરની ઘણીખરી બાબતોથી ઉલટું હોય છે, ઢાંકણુ એક હોય, બીજાશય એક બાજુએ અથવા નીચે હોય, પુંકેસર ત્રણ અથવા ત્રણનો ગુણાકાર હોય, વગેરે.

૧૦. શ્રી૧ા—ચોપડાપર અને કાગળપર મથાળે લખવાનો રિવાજ છે. વળી ચોપડાને પહેલે પાને શરૂઆતમાં સિલક શ્રી૧ા કરી લખે છે. શ્રી૫, શ્રી૭, શ્રી૧૦૮ આ શબ્દો મુરબ્બી, ગુરૂ, આચાર્ય, રાજા

વગેરે મોટા માણુસોનાં નામ આગળ જેની તેની યોગ્યતા પ્રમાણે લખાય છે.

૧૧. ચોપડો—કાગળનો રોજમેળ વગેરે; ચોપડી—પુસ્તક; ચોપડુ—ઘઉંની ચાર પડની રોટલી.

જોડો—પગે પહેરવાનો; જોડી—મગદળની, દોસ્તદારની જોડી; જોડું—સ્ત્રી પુરૂષનું, પંખીનું જોડું.

૧૨. સહકારી મંડળીઓની ફતેહનો મૂળ પાયો સંપ, પરસ્પર વિશ્વાસ અને મદદ, નીતિ, ન્યાય અને સ્વાશ્રય ઉપર રચાયલો છે. આવાં કામ માટે સારા આબરૂદાર, નીતિવાન, અને હોંશિયાર આગેવાનોની ખાસ જરૂર પડે છે. એ સિવાય મંડળીનું મુખ્ય બંધારણ કરકસર ઉપર રહેલું છે; સભાસદોનું અનુત્પાદક ખરચ ઓછું કરવું, અને તેમની પેદાશ વધારવી એ ધોરણે કામ કરવામાં આવે છે.

## ૪૧

૧. ચાર વર્ણના એટલે બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શૂદ્રના ધર્મ, તથા ચાર આશ્રમ—બ્રહ્મચર્ય, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમના ધર્મ પાળવા તે.

૨. નદીઓ ઘણી આવેલી છે, અને જમીન સપાટ અને રસાળ છે, તેથી ઉત્તરના ભાગમાં વધારે પાક થાય છે.

૩. (क) તું ઘરડો થયેલો છે, હવે તને મરવાને થોડી વાર છે. (ख) પરિણામ કેવું આવશે. (ग) તેણે તેને નુકસાનીમાં આણ્યો; અથવા મારી નાખ્યો.

૪. (૧) મંડળીઓના હિસાબ વગર લવાજમે તપાસવામાં આવે છે, અને તેની વ્યવસ્થા ઉપર દેખરેખ રાખવામાં આવે છે, તેમજ મદદ કરવામાં આવે છે. (૨) મંડળીના વ્યવહારમાં સ્ટાંપ અને નોંધણીની લાગતની માફી હોય છે. (૩) મંડળીના કેટલાક લેણા માટે બીજા કરતાં અગ્ર હક્ક આપવામાં આવેલો છે. (૪) એક મંડળી બીજી મંડળીનાં નાણાં સરકાર ત્રીજોરી ઉપર મોકલે તો વગર હુંડીઆમણે મોકલી શકાય છે.

૫. બે પગથી થલો જે પાયો તેની અંદર ગુરૂત્વરેષા પડે તે માટે; ગુરૂત્વરેષા બહાર નિકળી જાય તો માણસ પડી જાય

૬. (क–ख) પતંગના નીચલા અંદરના ભાગ ઉપર પવનનો જે આડો ઝપાટો લાગે છે તેના ધક્કાને લીધે તે (પતંગ) હવામાં ઉંચે ચઢે છે.

પતંગની કાપને કન્નાં બાંધેલાં હોય છે તેમાં ઉપલો ગાળો નીચલા કરતાં ટુંકો હોય છે, અને તેથી પતંગની સપાટી ઉપર પવન અથડાય છે ત્યારે તેનો નીચલો ભાગ પવન વાય છે તે દિશા તરફ હઠે છે, અને ઉપલો ભાગ–માથા તરફનો ભાગ–આગળ પડતો આવે છે, અને આમ થવાથી પતંગની

સામે વાતા પવનના પ્રવાહ ઉપર તે આડો પડે છે—રહે છે. આ પછી પતંગને દોરીવતી એક દિશા તરફ ખેંચવાનું થાય અને પવનનું તેના ઉપર બીજી દિશામાં દબાણ થાય, ત્યારે તેના ઉપર જે બે બળ લાગે છે તેની મધ્યની રેષામાં તેની ગતિ થાય છે.

પતંગ સાથે છોકરો ઉલટી દિશામાં દોડે છે ત્યારે તેથી તેની સપાટી ઉપર પવનનો જે ઝપાટો લાગે છે તેનું બળ—જોર વધારે થાય છે, અને તેથી તે ઉંચે ચઢે છે.

(ग) પતંગ નીચે હોય છે ત્યારે તેની સપાટી ઉપર પવનનું જોર કે તેનો ઝપાટો લાગતો નથી અને તેથી તે પડી જાય છે; પણ થોડેક ઉંચે હોય છે કે જાય છે ત્યારે ઉપર જણાવ્યા મુજબ તેના નીચલા ભાગને ઝપાટો લાગવાથી આડો થાય છે અને પછી ઉંચે ચઢતો જાય છે.

૭. પૃથ્વીની મધ્યોત્સારી શક્તિ અને સૂર્યનું મધ્યાકર્ષક બળ એના સમતોલપણાને લીધે.

૮. (૧) રાસમાળા—ફાર્બસ સાહેબે કવિ દલપતરામની મદદથી અંગ્રેજીમાં લખેલી; તેનું ગુજરાતી ભાષાંતર ગુજરાત વર્નાકયુલર સોસાઇટી માટે રા. રા. રણછોડભાઈ ઉદયરામે કરેલું છે. (૨) ઇંગ્લાંડની મુસાફરી (પ્રવાસ)—રા. સા. મહીપતરામ રૂપરામ; કરશનદાસ મૂળજી; તથા શેખ યુસુફઅલી. (૩) ગુજરાત સર્વસંગ્રહ તથા નર્મકથાકોશ—કવિ નર્મદા-

શંકર લાલશંકર. (૪) ગોમંડળ પરિક્રમણ—ગોંડલનાં મહારાણી સૌ. નંદકુંવરબા.

૯. વાળમાં લોહી નથી અને વાળ માત્ર કપાય છે, માટે લોહી નિકળતું નથી.

૧૦. દીર્ઘદૃષ્ટિ; સૂક્ષ્મદૃષ્ટિ; સમદૃષ્ટિ; દૃષ્ટિગોચર; દૃષ્ટિબિંદુ; દૃષ્ટિમર્યાદા; દૃષ્ટિદોષ; દૃષ્ટિસંરક્ષણ.

૧૧. પોસ્ટ ઓફીસમાં સેવિંગ બેન્ક ઉઘાડી છે; મુંબઈ શહેરમાં બેન્ક ઑફ્ બોમ્બે (મુંબઈ બેન્ક)માં સેવિંગ બેન્કનું કામ રાખેલું છે.

૧૨. અનુભવ.

## ૫૦

૧. વાયુપુત્ર હનુમાનજી; અગ્નિ પુત્ર કાર્તિકેય સ્વામી.

૨. (૧) ૩૧૦ માઇલ; (૨) ૭૮૮; (૩) ૫૩૯; (૪) ૧૨૨૧ માઇલ—નાગપુરને રસ્તે;(૫) ૭૯૪; (૬) ૮૪૯ માઇલ—અમદાવાદ થઇને, ૮૬૫ ગોધરાને રસ્તે.

૩. (૧) હોળીનો પડવો—ડોલોત્સવ, ધૂળ પડવો; (૨) ભાઇબીજ—કાર્તિક સુદ ૨; (૩) ધનતેરસ—આશો વદ ૧૩; (૪) અખાત્રિજ—વૈશાખ સુદ ૩.

૪. સાણુ, અરીઠાં.

૫. (क) મૂળ વઢવાણ; પછી અમદાવાદ. વિશેષ હકીકત માટે જુઓ પરિશિષ્ટ અ—ચરિત્રાવલી.

(ख) એ. કિન્લોક ફાર્બસ સાહેબના.

(ग) દલપતકાવ્યમાંનાં કાવ્ય વગેરે, હુન્નરખાનની ચઢાઈ, સંપલક્ષ્મી સંવાદ, વેનચરિત્ર, ફાર્બસ વિલાસ, ફાર્બસવિરહ, ફાર્બસચરિત્ર, મિથ્યાભિમાન નાટક, ગુજરાતી પિંગળ, જુના કાવ્યદોહન, ભાગ ૧–૨–૩ (સંશોધન), વગેરે.

૬. ત્રીજા પ્રકારનું–(વચ્ચે બળ)–જમીનપર પગ ટેકવવો એ ટેકો, પગનું બળ તે શક્તિ, હિંચકાનો અને બેસનારનો ભાર તે વજન.

૭. 'અવાજ એ નડતર કરનાર કોઈ કારણથી હવામાં ઉત્પન્ન થતાં મોજાં માત્ર છે અને એ મોજાંવડે કાનમાં એક પ્રકારનો ઈંદ્રિયબોધ થાય છે, તેને આપણે અવાજ, નાદ કે ધ્વનિ કહીએ છીએ.' ટુંકામાં હવાના ચલનવલનથી કાન ઉપર થતી જે અસર, તેને અવાજ કહે છે.

૮. ઇશ્વર પ્રત્યે બજાવવાની ફરજોનો જેમાં સમાવેશ થાય છે તે.

૯. (क–ख) માણેક–રાતું–રવિ; મોતી–સફેદ–સોમ; પરવાળું–રાતું–મંગળ; પાનું–લીલું–બુધ; પોખરાજ–સેહેજ પીળું–ગુરૂ; હીરો–સફેદ–શુક્ર; શનિ–નિલ, આસમાની–શનિ; ગોમેદક–સેહેજ લાલાશ અને પીળાશપર–રાહુ; લસણિયો–ગાયના મૂત્ર કે બિલાડીની આંખના રંગ જેવો–કેતુ.

૧૦. સહકારી મંડળીઓ પોતાના સભાસદોમાંજ

વ્યવહાર ચલાવે છે. સભાસદો શિવાય બીજા જોડે વ્યવહાર ચલાવી શકતી નથી; પણ મંડળીની બહારના લોકોનાં નાણાં થાપણ તરિકે લેવાને વાંધો નથી.

૧૧. પ્રકાશના વેગ કરતાં અવાજનો વેગ કમી હોય છે તેથી.

ટીપ—પ્રકાશનો વેગ દર સેકન્ડે ૧,૯૨,૦૦૦ માઇલ છે, અને અવાજનો વેગ દર સેકન્ડે ૧,૧૦૦ ફીટ એટલે લગભગ પા માઇલ છે.

૧૨. એકજ પદાર્થથી બધાના મનપર સરખી અસર થઈ બધાને તે રૂચિકર થતો નથી; રાગીને જે પદાર્થ સુખરૂપ હોય છે, તે વૈરાગીને દુ:ખરૂપ થાય છે; કોઈ મોટી હવેલીમાં રહેવામાં સુખ માને છે, અને કોઈ સ્વચ્છ ઝુંપડીમાં રહેવામાં સુખ માને છે, અને તેમાંજ સંતોષ માને છે; તેથી સંતોષ એજ ખરૂં સુખ ગણાય છે.

## ૬૧

૧. પુરાણ અઢાર છે. બ્રહ્મ, પદ્મ, વિષ્ણુ, શિવ, ભાગવત (દેવી), નારદ, માર્કંડેય, અગ્નિ, ભવિષ્ય, બ્રહ્મવૈવર્ત્ત, લિંગ, વરાહ, સ્કંધ, વામન, કૂર્મ, મત્સ્ય, ગરૂડ, બ્રહ્માંડ.

૨. ઇંગ્લીશ (અંગ્રેજ-ઇંગ્રેજ), મરાઠા (દક્ષિણી), કર્ણાટકી, બંગાળી, કચ્છી.

૩. (૧) આર્યભટ્ટ–ઈ. સ. ૪૭૬માં પાટલીપુત્રમાં જન્મ્યા હતા. એમણે આર્યભટ્ટીય નામનો ગ્રંથ કર્યો છે. (૨) વરાહ મિહિર એ ઉજ્જન પાસે જન્મ્યા હતા. એ ઈ. સ. ના છઠ્ઠા સૈકામાં થઈ ગયા હતા એમ કહે છે. એમણે બૃહત્સંહિતા નામે ગ્રંથ રચ્યો છે, તેમાં સૂર્ય, ચંદ્ર, પૃથ્વી વગેરે ગ્રહો તથા વરસાદ, પવન, ધરતીકંપ, હિંદની ભૂગોળ વગેરે અનેક વિષયોનું વિવેચન કર્યું છે. (૩) બ્રહ્મગુપ્ત–એ સાતમા સૈકામાં થઈ ગયા; તેણે ઈ. સ. ૬૨૮માં બ્રહ્મસિદ્ધાંત નામનું ખગોળ વિષે પુસ્તક રચ્યું છે. (૪) ભાસ્કરાચાર્ય. (૫) ગણેશ દૈવજ્ઞ.

૪. સરાસરી ગુજરાતમાં ૩૫ ઇંચ. મહાબલેશ્વરમાં ૨૫૦ થી ૨૭૫ ઇંચ; (૧૯૦૫ માં ૧૯૯ ઇંચ પડ્યો હતો, ૧૯૦૮ માં ૩૧૧, ૧૯૧૧ માં ૨૦૨ અને ૧૯૧૪ માં ૩૩૨ પડ્યો હતો). ડાર્જિલીંગમાં ૧૨૦ ઇંચ.

૫. જુઓ પરિશિષ્ટ અ–ચરિત્રાવલી.

૬. નગારાપર ડાંડિયો ઠોકીએ છીએ એટલે નગારાની રજકણો ધ્રુજી ઉઠે છે, અને આમ તેમ હાલે છે. એ રજકણો પોતાની ગતિ થડમાંની હવાની રજકણોને આપે છે. એમ એક બીજી હવાને ગતિ થતાં તે કાન સુધી આવે છે.

૭. (क) ગતિના નીચેના નિયમ પ્રમાણેઃ–હરકોઈ વસ્તુ

સ્થિર કે ગતિવાળી એ બેમાંથી જે સ્થિતિમાં હોય તે સ્થિતિ તે પોતાની મેળે બદલી શકતી નથી. (ख) પૃથ્વીનું આકર્ષણ, પવનને ખસેડવો પડે છે તેથી ગતિનું બળ ઓછું થાય છે, તથા ઘર્ષણ, એ વગેરેને લીધે.

૮. સૂર્ય અને ગ્રહો ઉપરથી—સૂર્ય—રવિ, ચંદ્ર—સોમ, તે પછી મંગળ, બુધ, ગુરૂ (બૃહસ્પતિ), શુક્ર, શનિ એ ગ્રહો પરથી તે નામના વાર પાડવામાં આવેલા છે.

૯. કોઢ, ક્ષય, પ્રમેહ, વીસ્ફોટક, ગરમીના બીજા રોગો, જેવા કે રતવા, ઉધાન, વગેરે.

૧૦. બે ફુટ વ્યાસનો ગોળો બનાવી તેનું નામ સૂર્ય કલ્પીએ તો બુધ—રાઈના દાણા જેવડો, શુક્ર વટાણા જેવડો, પૃથ્વી—વટાણા જેવડી, ટાંકણીના માથા જેવડો મંગળ, બૃહસ્પતિ—વચલા કદની નારંગી જેવડો, શનિ—જરા નાની નારંગી જેવડો, યુરેનસ—કાજુ જેવડો, નેપચ્યુન—નાનું કાજુ ફળ જેવડો.

૧૧. શારીરિક સંપત્તિ સારી રહે તેના તથા ઉદ્યોગના સંબંધમાં વપરાય છે. વીર—ભાઈ; બાકીનો અર્થ સરલ સમજાય એવો છે.

૧૨. (૧) ઘરમાં વપરાતા કેરોસિન તેલના દીવા, (૨) ઝીણા ટાઈપની ચોપડીઓ, (૩) છાશ ખાવાને મળતી નથી તે (ખાસ કરીને ગામડાના લોકોને 'ડેરી'ઓ થઈ એ વગેરે કારણથી),(૪) નિશાળોનાં

વગર ભાડાનાં મકાનો, (૫) વિદ્યાર્થીઓની અભ્યાસ કરવાની કેટલીક રીતોની ખામીઓ, (૬) સિનેમેટોગ્રાફ જોવાની ટેવ,(૭)સુતા સુતા વાંચવાની ટેવ, (૮) વાંચતી વખતે આંખના ઉપર તેજ આવે તેવી રીતે મૂકેલા દીવાનો પ્રકાશ, (૯) 'ક્રોચે વર્ક' નામથી ઓળખાતું ધોળા કે રંગીન દોરાના રૂમાલ ગુંથવાનું કામ–સ્ત્રીઓ તે પાછળ ઘણો વખત મંડી રહી સતત કરે છે તે, વગેરે.

## ૫૨

૧. જુઓ પરિશિષ્ટ અ–ચરિત્રાવલી.

૨. ફડનીસ–દફતરી, રેકર્ડ રાખનારા; બક્ષી–ફોજના માણસોને પગાર વેંહેચનાર અમલદાર; મજમુદાર –ગામની ઉપજનો એકંદર હિસાબ મેળવનારો અમલદાર (તાલુકાના બધા ગામોનો).

૩. ફ્રેન્ચ, સ્પેનિયર્ડ, બેલજીયન, ડચ, ગ્રીક.

૪. (क) કાલિદાસ કવિએ સંસ્કૃત ભાષામાં.
(ख) ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિક; દલપતરામ પ્રાણજીવન ખખ્ખર; બળવંતરાય કલ્યાણરાય ઠાકોર; મગનભાઈ ચતુરભાઈ પટેલ; કવિ નર્મદાશંકર લાલશંકર (સાર શાકુન્તલ).

૫. (૧) ચીનીકબાલા–એનાં ઝાડ વેસ્ટ ઇન્ડીઝમાં

પુષ્કળ થાય છે. (૨) એનાં ઝાડ મેંદીનાં ઝાડને મળતાં છે; એ ઝાડ ૨૦ થી ૩૦ ફીટ ઉંચું થાય છે. તેનાં પાંદડાં લંબગોળ, આસરે ચાર ઈંચ લાંબાં, ચળકતાં લીલા રંગનાં હોય છે. એનાં પાંદડાં, છાલ ને ફુલ સુગંધીદાર હોય છે. એને બોર જેવાં ફળ થાય છે, તે લીલાં ચૂંટી લઈ તડકે સુકવે છે. લવંગ, જાયફળ અને તજનો એકત્ર સુવાસ એમાં છે. એ ઘણું ઠંડાં છે.

૬. દરેક પદાર્થ ગરમીથી ફુલે છે, તે પ્રમાણે રેલ્વેના લોખંડના પાટા પણ ગરમીથી ફુલે છે, તે માટે સળંગ નહીં ગોઠવતાં તેની વચ્ચે જરા જરા જગ્યા રાખે છે; તેમ ન કરે તો ગરમીના કારણથી પાટા વળી જાય અને ગાડી ચલાવવામાં હરકત પડે.

૭. ઈંગ્લાન્ડમાં સને ૧૮૩૦ માં લીવરપૂલ અને માનચેસ્ટર વચ્ચે; હિંદુસ્તાનમાં સને ૧૮૫૩ માં મુંબઈથી થાણા સુધી.

૮. (૧) અશ્વિનિકુમાર–સૂર્યના પુત્ર, દેવલોકના વૈદ્ય. (૨) કુબેરભંડારી–શિવના મુખ્ય કોશાધિપતિ, યક્ષોના રાજા. (૩) વસિષ્ઠ–બ્રહ્મર્ષિ, અયોધ્યાના રાજાઓના કુળગુરૂ–શ્રી રામચન્દ્રજીના ગુરૂ. (૪) વિશ્વામિત્ર–કાન્યકુબ્જ (કનોજ)ના રાજા; એ પાછળથી તપ કરી ઋષિ થયા હતા, અને તે ઉપરથી રાજર્ષિ કહેવાતા. (૫) પન્ના–ઉદેપુરના રાણા ઉદયસિંહની ધાવ હતી. ઉદયસિંહને વનવીર મારવાનું કહેતો હતો, તેનાથી પન્નાએ તેને બચાવ્યો હતો.

૯. સટ્ટો–ખરેખરા માલનો વેચવા લેવાનો ધંધો નહીં,

પણ આગળ ભાવની તેજી અથવા મંદી થશે એની અટકળ કરી કલ્પિત માલની આપલેનો જે જુગારી ધંધો કરવો તે; વાયદાનો ધંધો.

૧૦. બ્રાહ્મણોને.

૧૧. ભાષાના સાહિત્યનો ઉત્કર્ષ થવા માટે પ્રયત્ન કરનારી મંડળી. હાલ કેટલાંક વર્ષથી બંગાળી, હિંદી, મરાઠી તથા ગુજરાતી ભાષાના સંબંધમાં જૂદી જૂદી સાહિત્ય પરિષદો બબ્બે ત્રણુ ત્રણુ વર્ષે ભરાય છે.

૧૨. (क) કેટલીક સ્ત્રીઓ કેટલાંક કારણથી મનમાં શંકા પડવાથી પોતાના ઘરનો ચૂડો ન પહેરતાં સગાં સંબંધી કે અન્ય લોકો પાસેથી જરૂર જેટલા પૈસા મેળવી તેનો ચૂડો કરાવી પહેરે છે તેને લાગુ પડે છે.

(ख) સઘળી અનુકૂળતા હોય અને વચ્ચે એકાદ ડખલ–અડચણ ઉભી થાય તે અથવા અડચણ જેવું હોય તે.

(ग) સમજુ માણુસ હોય તેને પોતાને, અથવા તેના તરફથી, અડચણ હરકત કમી પડે છે; સમજુ માણુસ ગમે તેવો હોય તોપણ એકંદરે તે સારો.

## ૫૩

૧. 'આપ સમાન બળ નહીં, ને મેઘ સમાન જળ નહીં.

૨. (૧) એ એક જાતનું વિજળિક યંત્ર છે. એમ

એવી ગોઠવણુ કરેલી હોય છે કે એક છેડે ભૂંગળામાં અગર તેની સામે મ્હોં રાખી બોલીએ તો તારના દોરડાને બીજે છેડે કાન આગળ ભૂંગળું રાખે તેનાથી તે બોલેલા શબ્દો સંભળાય છે.

(૨) એક બીજાને સંદેશો પહોંચાડવા અગર જાતો જાત વાત કરવામાં એનો ઉપયોગ થાય છે. વેપારી વગેરેને તેમજ આગ લાગવા જેવા અકસ્માતના પ્રસંગમાં તાત્કાલિક ખબર આપવાને માટે એ ઘણું ઉપયોગી છે. યુનાઇટેડ સ્ટેટ્સના પ્રમુખ પ્રેસિડન્ટ વિલસને વોશિંગટનમાં રહી સૈન ફ્રાન્સિસ્કોમાં મેયર રોલ્ફ સાથે (લગભગ ૩૦૦૦ માઈલને અંતરે છતાં) ટેલીફોનથી થોડી મુદત ઉપર વાત કરી હતી. વળી જેકીલ ટાપુ (જ્યોર્જિયા)થી સૈન ફ્રાન્સિસ્કો લગભગ ૫૦૦૦ માઇલ થાય તે છતાં અમેરિકન ટેલિફોન કમ્પનીના ઉપરી મી. થિયોડોર વેઇલ ત્યાં બોલતો સાંભળી શકાયો હતો.

૩. (૧) તાંબુ અને કલઈ જૂદા જૂદા પ્રમાણુમાં.
(૨) તાંબુ અને જસત.

૪. નક્ષત્ર ઉપરથી; કૃત્તિકા—કાર્તિક; મૃગશીર્ષ—માર્ગશીર્ષ; પુષ્ય—પોષ, વગેરે.

૫. (૧) જીવ; (૨) અજીવ; (૩) પુણ્ય; (૪) પાપ; (૫) આસ્રવ—એ સંસાર (બંધ) નું કારણુ છે:—આસ્રવ—આત્માને વિષે કર્મોનું વહેવું તે; (૬) સંવર—એ મોક્ષનું કારણુ છે; આસ્રવને સારી રીતે વારે તે સંવર; (૭) નિર્જરા—ઉત્પન્ન થયેલા કર્મનું તપ વગેરે સાધનવડે નિર્જરણુ

કરવું, જરાવી ઘસાવી—ક્ષય થઈ જાય તેમ કરવું; (૮) બન્ધ; (૯) મોક્ષ.

૬. મીઠું પાકે છે; મુસાફરી કરી એક સ્થળેથી બીજે સ્થળે જલદી જઈ શકાય છે.

૭. દિવસે કાર્બોનિક એસિડ ગ્યાસ (વાયુ) લે છે, અને ઓક્સિજન (પ્રાણવાયુ) બહાર કાઢે છે; રાત્રે ઓક્સિજન લે છે, અને કાર્બોનિક એસિડ વાયુ બહાર કાઢે છે.

૮. પહેલા સર જમશેદજી જીજીભાઈ બેરોનેટ; હિન્દના દાદા—દાદાભાઈ નવરોજજી; મોહનલાલ કરમચંદ ગાંધી; મહીપતરામ રૂપરામ; કવિ નર્મદાશંકર લાલશંકર; કવિ દલપતરામ ડાહ્યાભાઈ; ગોપાળ કૃષ્ણ ગોખલે; રણછોડલાલ છોટાલાલ; ન્યાયમૂર્તિ માધવ ગોવિંદ રાનડે; ઇચ્છારામ સૂર્યરામ દેશાઈ, વગેરે.

૯. વાકળ—મહી નદીની દક્ષિણપૂર્વને। ભાગ. (૨) ચરોતર—ખેડા જીલ્લાનો મધ્ય ભાગ—નડિયાદ, આણંદ, પેટલાદ, અને બોરસદ તાલુકાનો કેટલોક ભાગ. (૩) કાનમ—ભરૂચ જીલ્લાની ઉત્તરનો તથા વડોદરા પ્રાંતનો મધ્ય ને દક્ષિણ તરફનો ભાગ. (૪) ભાલ—ધોળકા, ધંધુકા તાલુકાનો ભાગ.

૧૦ (૧) ભાર—આ ગાંસડીમાં ઘણો ભાર છે; તમારો ભાર પડવો જોઇએ; તે મારા ઉપર બહુ ભાર મૂકે છે; તમને આટલું કામ કરતાં ભાર આવ્યો? ભાર કપાસના રૂ ૯૫) બેસે છે; આબુ ઉપર અઢાર ભાર વનસ્પતિ પાકે છે;

કરણુરાજા રોજ અઢાર ભાર સોનાનું દાન કરતો હતો; પેટમાં ભાર (અજીરણ) થયો છે, વગેરે.

(૨) સાર–આમલીનો સાર પીવો; પાઠનો સાર કહો; તોફાન કરવામાં સાર નથી; સારાસાર વિચાર કરવો જોઇએ; આ મોતીનો સાર ઝીણો છે, વગેરે.

(૩) ખાર–તે મારાપર ખાર રાખે છે; જવના છોડને બાળીને ખાર કાઢવો; ખારવાળી ભૂમિમાં બીજ વાવ્યું તે બળી ગયું; ગાંધીને ત્યાં છ પ્રકારના ખાર મળે છે, વગેરે.

(૪) હાર–માળી ફુલનો હાર ગુંથે છે; લડાઇમાં તેની હાર થઈ; તેણે સોનાનો ચંદનહાર કરાવ્યો; હરિ હૈયાના હાર છોજી રે; ધોબીએ અંગરખામાં હાર ઓછો નાખ્યો; બધા છોકરાને હારમાં ઉભા રાખો, વગેરે.

૧૧. જુઓ પરિશિષ્ટ અ–ચરિત્રાવલી.

૧૨. (क) પેંગડામાં પગ મૂકી ઘોડે ચઢી જવાની તૈયારી હોય, તે વખતે 'બ્રહ્મ'નો ઉપદેશ કરવો તે; છેવટની વખતે શિખામણ દેવાના પ્રસંગે વપરાય છે.

(ख) આ માણુસને હાથે કામ પૂરૂં અને સારૂં થવાનું નથી; જ્યારે કોઈ કામ પૂર્ણ નહીં થાય તેવું લાગે ત્યારે.

(ग) તેઓ તો બુદ્ધની પેઠે કંઈ બોલતા નથી; જ્યારે કોઈ માણુસ કામમાં કે કાંઈ ખટપટમાં ભાગ ન લેતાં શાન્ત રહી જોયા કરે ત્યારે કહેવાય છે.

# ૫૪

૧. જરથોસ્તી; ઝંદ અવસ્તા.

૨. બાબર, શિવાજી, હૈદર અલ્લી.

૩. (૧) કાળી પરજની ભાષા મૂળના અનાર્યોની; તથા તામીલ, તેલગુ, મલાયલમ, કાનડી. (૨) ગુજરાતમાં તથા દક્ષિણ હિંદુસ્તાનમાં મદ્રાસ ઈલાકામાં.

૪. બાહુક રાજાના પુત્ર સગરે અશ્વમેધ યજ્ઞ કર્યો, તેનો ઘોડો શોધવાને તેના સાઠ હજાર દીકરા નિકળ્યા. તેમણે કપિલ મુનિનો અપરાધ કર્યો તેથી તે બધા બળી ગયા. પાછળથી કપિલમુનિએ શ્રાપનો અનુગ્રહ કરી જણાવ્યું કે, ગંગાજીનું જળ મળશે તોજ મોક્ષ પામશે. પછી તે વંશમાં ભગીરથ રાજા થયો, તેણે વિષ્ણુની તપશ્ચર્યા કરી વર મેળવ્યો, અને ગંગાજીને પ્રસન્ન કરી પૃથ્વીપર લાવ્યો.

૫. (૧) સત્ય, દ્વાપર, ત્રેતા અને કલિયુગ. (૨) બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શૂદ્ર. (૩) ઉદ્‌ભિજ્જ, સ્વેદજ, અંડજ, જરાયુજ.

૬. (क) ચાક અથવા આરસના કકડાપર મીઠાનો તેજાબ રેડવાથી નિકળે છે. (ख) આ ગ્યાસ (વાયુ) હોય ત્યાં દીવો મૂકવાથી ઓલવાઈ જાય છે; આ ગ્યાસ ભરેલો હોય તેવા કાચના બાટલામાં ઉંદર રાખવાથી પહેલાં તે ગુંગલાઈ જશે અને વધારે વખત થાય તો મરી જશે.

૭. ત્રાજવામાં ખાધ આવે છે. આવાં ત્રાજવાનાં એક પલ્લામાં કોઈ પદાર્થ મૂકી બીજા પલ્લામાં વજન મૂકવાથી તેનું ખરૂં વજન થતું નથી.

૮. (૧) ટ્રેડમાર્ક—બજારમાં વેચવાના માલ ઉપર પોતાની પસંદગીનાં નિશાન, છાપ વગેરે રાખવાં તે. આમ કરવાથી માલ અમુક સ્થળે કે અમુક કારખાનામાં તૈયાર કરેલો છે તે ઓળખાય છે. આવા 'ટ્રેડમાર્ક' રજીષ્ટર કરાવ્યા હોય (સરકારમાં નોંધાવ્યા હોય) તો તેનું બીજાએ અનુકરણ કરવું કે તેવા વાપરવા, એ કાયદાની રૂએ ગુન્હો ગણાય છે. (૨) એટર્નિ—વકીલ—સોલિસિટર; કોઇના તરફથી કામ કરનાર. (૩) શેરીફ—શહેરનો બજાવણી કામદાર; ઈલાકાના મુખ્ય નગર—મુંબઈ—કલકત્તા—મદ્રાસમાં શેરીફ દર વર્ષે સરકાર તરફથી નિમાય છે. પ્રજા વર્ગની મોટી સભા બોલાવવાની હોય છે તો તેના નામથી જાહેર ખબર કાઢી બોલાવાય છે. (૪) એફિડેવિટ—કોઈ બાબતના ખરાપણા વિષે સોગન ઉપર જવાબ લખી ન્યાય કોર્ટમાં મોકલવો કે આપવો તે.

૯. પારસીઓમાં સદરો કસ્તી પહેરાવવાનો; મુસલમાનોમાં સુન્નત કરવાનો; કેટલાક સુતાર, સોની, લુહાણા, વાણિયા પણ જનોઈ પહેરે છે.

૧૦. (૧) અંગુષ્ઠ, તર્જની, મધ્યમા, અનામિકા, કનિષ્ઠિકા. (૨) અનામિકા.

૧૧. (૧) ફૂલઃ-ઉનાળામાં-મોગરો, ગુલાબ, ચમ્પો વગેરે; ચોમાસામાં—જાઈ, જુઈ, ગુલ્બાસ, ગલગોટા, હજારી, પારિજાતક, વગેરે; શિયાળામાં—ગુલદાવદી વગેરે.

(૨) શાકભાજીઃ—જુઓ પ્રશ્ન પત્ર ૩૦નો પ્રશ્ન ૩ જો.

૧૨. નદી કે સમુદ્રના પ્રવાહમાં નાળિયેર કે બીજા ફળ તણાઈ જઈ કિનારે નિકળી આવી ઉગે છે; પક્ષીઓ ફળ લઈ ઉડી જાય છે, અને તે બેટમાં બેસી ખાય છે, તેનાં બી પડે છે તે ઉગે છે; પછી તે ઝાડ થાય છે તેમાં પક્ષીઓ આવી વસે છે. એમ કરતાં કરતાં માણસની વસ્તી કેટલેક વખતે થાય છે.

## ૫૫

| ૧. (પદાર્થ સો ભાગમાં) | માતાનું દૂધ | ગાયનું દૂધ |
|---|---|---|
| પાણી | ૮૮.૦ | ૮૬.૯ |
| ચરબી | ૨.૯ | ૩.૫ |
| કેશીન (મલાઈ જેવો પદાર્થ) | ૨.૪ | ૪.૦ |
| એલબ્યુમેન | ૦.૫ | ૦.૮ |
| ખાંડ (બટાટા જેવો પદાર્થ) | ૫.૯ | ૪.૦ |

ટીપ—નાનાં બાળકને ઉછેરવાને માટે માતાના દૂધની ગરજ સારે તે માટે ગાયના દૂધમાં પાણી સાકર અને મલાઈ નાખીએ તો માતાના દૂધના જેવું

પ્રમાણ થાય છે. એ દૂધ વાપરતાં દૂધ અને પાણી કયા પ્રમાણમાં લેવાં, તે બાળકની વય ઉપર આધાર રાખે છે.

ઠંડાં દૂધ અને પાણી એકઠાં કરીને તે ઉકાળવું નહીં, પણ તે દરેકને જૂદાં ઉકાળવાં; દૂધને એક કે બે ઉભરા આવવા દેવા જેથી કરીને દૂધનાં તત્વો બળી જતાં નથી; અને પાણીને પાંચ છ ઉભરા સ્વભાવિક આપવા જોઇએ. દૂધનો ઉપયોગ કરતી વખતે–પાતી વખતે, ગરમ કરેલું દૂધ, ગરમ કરેલું પાણી અને સાકર એકઠાં કરવાં; અને તેનું પ્રમાણ સાધારણ રીતે નીચે મુજબ છે. બે ચમચી દૂધ, એક ચમચી પાણી અને પા (૦૧) ચમચી સાકર.

૨. (क) સંસ્કૃતમાંથી પ્રાકૃત થયું અને તે ઉપરથી અપભ્રંશ જુની ગુજરાતી, અને પછી નવી ગુજરાતી.

(ख) પાડલીપુર નગર તિહાં નંદનઉ શત્રુ ચંદ્રગુપ્ત રાજા તેહનઉ પ્રધાન ચાણિક્ય પ્રતિબિમ્બ થકઉ રાજ્ય ભોગવઈ; પરં ભંડારિ દ્રવ્ય નહીં તેહભણી, દેવતા આરાધી પાસા પામીસ્વર્ણથાલ ભરી જુંવટઈ બઇઠુ; જે કે, મઝનઈં જીપઇ તે થાલ સોનૈઇએ ભરિઉ લિઉ અનઈ તુમ્હે હારઉ તુ એક દીનાર દિઉ.

૩. (क) ઇજીપ્ત. (ख) આફ્રિકા ખંડના ઇશાન ખુણામાં રાતા સમુદ્રને પશ્ચિમ કિનારે. (ग) નીલ. (घ) મુસલમાન; અંગ્રેજ સરકારના તાબામાં રહી મુસલમાન રાજા રાજ્ય કરે છે.

૪. કેખુશરૂ.

૫. (૧) જેમાં બીજી કોઈ ધાતુનું મિશ્રણ હોતું નથી તેવી ધાતુ; જેવી કેઃ—સોનું, રૂપું, તાંબું, કલઈ, સીસું, લોઢું, પ્લેટીનમ, વગેરે. (૨) એક અથવા વધારે શુદ્ધ ધાતુની મેળવણીથી થાય છે તેવી; જેમ કેઃ—પિત્તળ, કાંસું, કોપર બ્રાસ, જર્મન-સિલવર, વગેરે.

૬. પવનથી, દરિયાઈ મોજાંથી, પક્ષીઓ ફળ ખાય તેના ઠળિયા બહાર કાઢે છે તેથી, કેટલાંક ફળ પાકે છે ત્યારે ફાટે છે અને તેમાંથી બી બહાર ઉડે છે તેથી.

૭. વિશેષ વિનંતિ કે; લખિતંગ; ગંગા સ્વરૂપ (વિધવા સ્ત્રી માટે વપરાય છે); રાજ્યમાન રાજેશ્રી; અખંડ સૌભાગ્યવતી (સધવા સ્ત્રી માટે વપરાય છે).

૮. મંડળીના સભાસદોની જવાબદારી નિયમિત કે અનિયમિત રાખવામાં આવે છે. મોટા ગામોમાં અગર જ્યાં સભાસદો ઉપર પરસ્પર દેખરેખ રહી શકે એવું ન હોય ત્યાં સભાસદોની જવાબદારી તેમણે શેર લીધા હોય તે મુજબ રાખવામાં આવે છે. ખેડુતોની ગામડાંની મંડળીઓમાં, તેમાં વળી ખાસ કરી જ્યાં નાણાં ધીરવાનું કામ કરવામાં આવે છે, ત્યાં સભાસદોની જવાબદારી અનિયમિત રાખવામાં આવે છે. અનિયમિત જવાબદારી એટલે મંડળીનો દરેક સભાસદ બીજા સભાસદ જોડે મંડળીએ કરેલા દેવા માટે એકમતે એકજથ્થે જવાબદાર ગણાય છે.

૯. (क) બધી ગભરામણુ કાઢી નાખીને, વિખ–ઝેર-રૂપી વિષયોથી વાર–મનને દૂર રાખ.
(ख) સમરસ–એક સરખો સઘળે વ્યાપી રહેલો–તેનો મને સહજ–થોડી મહેનતે સંજોગ થયો છે, (અને તેથી) બિલકુલ સ્વતંત્ર ભોગ (આ દુનિયા-થી જૂદાપણું) પામ્યો છું; હું બધે બ્રહ્મજ દેખું છું.

૧૦. (क) પોર્તુગલના; પોર્તુગીઝ. (ख) દીવ, દમણુ અને ગોવા.

૧૧. જરથોસ્ત (જરથુસ્ત્ર).

૧૨. આ માણસમાં કાંઈ પાણી નથી; હવે એનું પાણી ઉતરી ગયું; દરિયાનું પાણી ખારૂં હોય છે; તમે જેટલું પાણી પાશો તેટલું પીશે; છરીને લુહારે સારૂં પાણી પાયું નથી; કર્યા કામપર પાણી ફેરવ્યું; તે તેની આગળ પાણી ભરે છે (ગણતરીમાં નથી); આ મોતીનું પાણી સારૂં છે; હવેથી તેણે બીડી પીવાનું પાણી મૂકયું; તેને મુંબઇનું પાણી લાગ્યું; પાણીથી પાતળો કરી નાખ્યો; તેના મ્હોંમાં પાણી છૂટયું; આજ પાણી ઘણું પડ્યું (વરસાદનું) લોહીનું પાણી થઇ ગયું; ઊંડા પાણીમાં પેસવું નહીં (જોખમ માથે વહોરવું નહીં); પાણીને મૂલે વેચાયું (સસ્તું); માથે પાણી ઘાલ્યું (મંદવાડમાંથી ઉઠયો); એને શું કામ પાણી ચઢાવો છો; તેની આંખમાં પાણી આવ્યાં; સોનાનું પાણી ચઢાવ્યું છે; તેણે ઘરનું પાણી ખોયું; તેનાં પાણી મરી ગયાં; તે પાણી પાણી કરતો મરી ગયો.

# ૫૬

૧. સુતર કાંતવાના તથા લુગડાં વણુવાના સંચા ચલાવવામાં; આગબોટ અને આગગાડી ચલાવવામાં; પાણી ઉંચું ચઢાવવામાં; ટ્રામવે ચલાવવામાં; છાપખાનાનાં યંત્રો ચલાવવામાં, વગેરે.

૨. (क) હરકોઈ જગ્યાએ અફીણનું વાવેતર કરવાની સરકાર તરફથી મનાઈ હોવાથી.

(ख) અફીણ એ ઝેરી પદાર્થ છે. સઘળું અફીણ સરકાર ખરીદ કરી લે છે, અને તેજ વેચે છે; એટલે હરકોઈ ઇસમથી સરકાર પરવાનગી સિવાય તેનો વેપાર થઈ શકતો નથી.

૩. (क) એ એક દાબડી જેવું દિશાઓ અને ખુણા દર્શાવેલા કાર્ડવાળું અને લોહચુંબક ગુણવાળી સોયવાળું યંત્ર છે. કાગળ (કાર્ડ)ની હેઠલી બાજુએ સોય બેસાડેલી હોય છે. જમીનપર વાપરવાના હોકા યંત્રની સોય ઉપર હોય છે, અને તે પુંઠા સાથે જડેલી નથી હોતી.

(ख) એ યંત્ર માંહેની સોય હમેશાં ઉત્તર દિશામાં રહે છે તેથી ભર દરિયામાં નાવિકોને દિશા જાણવાને તે કામ આવે છે.

૪. નિયમિત જવાબદારીવાળી મંડળીઓમાં નફો સામાન્ય રીતે વહેંચી શકાતો નથી. અનિયમિત જવાબદારીવાળી મંડળીઓમાં દર વર્ષે નિવળ નફામાંથી ૨૫ ટકા સિલક

અવેજ (રીઝર્વ ફંડ)માં જમા કરવામાં આવે છે, અને બાકીનો નફો સભાસદોમાં તેમના ભાગ મુજબ વહેંચી આપવામાં આવે છે. મંડળીઓ પોતાના થયેલા નફા-માંથી કેટલોક ભાગ ગામના અગર સભાસદોના હિતના ધર્માદા કામોને માટે ખરચી શકે છે.

૫. ઘન પદાર્થની રજકણો સ્નેહાકર્ષણથી અને સંબંધા-કર્ષણથી એક બીજાને જોડાઈ રહેલી હોય છે. પ્રવાહીની રજકણો, જેવી સ્થિતિ હોય તે પ્રમાણે, હાલી ચાલીને ગોઠવાઈ જાય છે. ઉપરનાં બળ (આકર્ષણ) ઘન પદાર્થમાં જે પ્રમાણમાં હોય છે, તે કરતાં પ્રવાહી પદાર્થની રજકણોમાં કમી હોય છે.

૬. જુઓ પરિશિષ્ટ ૭-ચરિત્રાવલી.

૭. કાળી જમીનમાં નીચે પ્રમાણે વારા ફરતી તુલો કરવાથી જમીનમાં સુધારો થાય છે અને તેથી ખાતર પૂરવા જેટલો ફાયદો મળે છે:—પહેલે વર્ષે કપાસ. બીજે વર્ષે—જુવાર તથા કઠોલ—ઉંડી જમીનમાં; બાજરી તથા કઠોલ—પાતલી જમી-નમાં. કેટલેક ઠેકાણે ત્રીજે વર્ષે—ઘઉં અથવા ચણા, અથવા તો તલ અને તુવેર કરવામાં આવે છે.

૮. દર મિનિટે ૩૩,૦૦૦ ફૂટ પાઉન્ડ, એટલે ૩૩,૦૦૦ પાઉન્ડ વજનને એક મીનીટમાં એક ફૂટ ઉંચાઇએ ચઢાવવામાં, કામ થાય તેની બરોબર ગણાય છે.

૯. (क) સગાંસંબંધીઓની અંદર અંદરની લડાઈ. (ख) મૂળ યાદવોની માંહોમાંહેની લડાઇને માટે વપરાયલો હતો. (ग) પ્રભાસ પાટણ આગળ દ્વારકાના યાદવો અંદર અંદર લઢી મુવા હતા.

૧૦. (क) (અમુક) કામ કરવાને કે (અમુક બાબતની) તૈયારી કરવાને જરાપણ અવકાશ કે વખત બાકી રહ્યો નથી.

(ख) બકરી ઉપર વરૂ શૂરો થાય છે–તેને મારવાને તૈયાર થાય છે; પણ તે (વરૂ) સિંહના આગળ રાંક–ગરીબડો બની જાય છે; જબરો માણસ પોતાના કરતાં ગરીબ–કમશક્તિવાળાને મારવા તત્પર થાય છે, પણ તેના કરતાં શૂરા આગળ પોતે નબળો પડે છે.

૧૧. શ્રીકૃષ્ણ ભગવાનનાં–વિષ્ણુનાં.

૧૨. (क) અહમદશાહ બાદશાહે.

(ख) અહમદશાહ બાદશાહ એક વખત શિકાર કરવા જતો હતો, ત્યાં અસારવાની સીમમાં જતાં તેના શિકારી કુતરાપર સસલા દોડી આવ્યા; બાદશાહે જાણ્યું કે આ જગ્યાના સસલા આટલા જોરાવર છે તો માણસ કેવા હશે? તેપરથી ત્યાં શહેર વસાવવાનું નક્કી કર્યું. તેપરથી કહેવત ચાલે છે કે 'જબ કુત્તેપર સસા આયા, તબ બાદશાહને શહેર બસાયા.'

# ૫૭

૧. (૧) એ આગ્રામાં જમના નદીના કાંઠાપર એક ભવ્ય અને સુંદર મકાન છે. શાહજહાં બાદશાહે પોતાની રાણી મુમતાજ મહાલની કબર માટે એ મકાન બંધાવ્યું હતું. એ સફેદ સુંવાળા આરસનું છે; એમાં ઉત્તમ પ્રકારની બારીક નકશી અને કારીગરી કરેલી છે.

(૨) એ દિલ્હીના બાદશાહને બેસવાનું તખ્ત (મયૂરાસન) છે. એ શાહજહાં બાદશાહે કરાવ્યું હતું; એના પાયા વગેરે સોનાથી મઢી તેમાં પાનાં, માણેક અને હીરા જડેલાં હતાં. એના ઘુમટ ઉપર જવાહિરે જડેલો સોનાનો મોર બેસાડેલો હતો.

૨. ખાતરનો. વાસલ રાખેલી જમીનમાં બીજે વર્ષે પાક માટે ખાતર નાખવાની જરૂર નથી.

૩. (क) બે ભાગ પાણી અને એક ભાગ જમીન.
(ख) મહાસાગર—પાસિફિક, આટલાન્ટિક, હિન્દી.

૪. (૧) રજીસ્ટર્ડ કરેલા કાગળો જૂદા રાખી ટપાલ ઓફીસમાં તેની નોંધ રખાય છે, એટલે ગેરવલ્લે પડવાનો સંભવ રહેતો નથી; આવા રજીસ્ટર્ડ કરેલા કાગળો તેના ઉપર જેનું નામ લખ્યું હોય તેમને પહોંચ્યા બદલ સહી લેવામાં આવે છે.

(૨) બે આના; કાગળ લેનારની પહોંચ મંગાવવી હોય તો એક આનો વધારે પડે છે.

૫. એલ એલ. બી.–બેચેલર ઓફ લૉઝ; બી. એ.–બેચેલર ઓફ આર્ટસ; બી. એસ સી.–બેચેલર ઓફ સાયન્સ; એમ. ડી.–ડૉકટર ઓફ મેડશિન; એલ. એમ. એન્ડ એસ.–લાઇસેન્શિયેટ ઓફ મેડશિન એન્ડ સર્જરી.

૬. (क) જેમ્સ વૉટે સ્ટીમ એન્જીનની યુક્તિ સને ૧૭૬૪ માં શોધી કાઢી, અને તેનું પહેલું પેટન્ટ ૧૭૬૯ માં મેળવ્યું.

(ख) ઘોડાના બળ (હૉર્સ પાવર) ઉપરથી.

૭. મુખ્ય પ્રોટેસ્ટન્ટ અને રોમન કેથોલિક.

૮. જુઓ પરિશિષ્ટ અ–ચરિત્રાવલી.

૯. અમદાવાદમાં સને ૧૮૪૮ માં સ્થાપન થઈ. ગુજરાતી ભાષાનો ઉત્કર્ષ કરવો, દેશમાં વિદ્યા વધે એવા ઉપાય યોજવા, ગુજરાતી ભાષાનું સાહિત્ય વધારવું, વગેરે.

૧૦. રૂકિમણી, સત્યભામા, જાંબુવતિ, કાલિંદી, મિત્રવૃન્દા, ભદ્રા, લક્ષ્મણા, સત્યા.

૧૧. કુલ ભાષાઓ લગભગ ૧૪૭ બોલાય છે. તેમાં મુખ્ય ગુજરાતી, મરાઠી, બંગાળી, હિન્દી, ઉર્દુ, સિંધી, પંજાબી, દ્રાવિડી, તેલગુ, તામીલ, કાનડી, વગેરે.

૧૨. જીવતદાન આપવા (મરતાં બચાવ્યા) છતાં પણ દુષ્ટ માણસ દ્વેષ તજતો નથી, જેમ જવાસા વરસાદ થાય છે ત્યારે બળીને રાખ સમાન થાય છે; પરોક્ષ—આડકતરી રીતે બોધ કરતાં દુર્ગુણી માણસો મનમાં દાઝે છે; જેમ ચોરની નિંદા કરતાં કોળી લોકો વિરોધ (વેર) કરે છે—ખોટું લગાડી ખોટો ભાવ લે છે.

# ૫૮

૧. (क) પાસિફિક મહાસાગરના બેટોમાં, અમેરિકાને પશ્ચિમ કિનારે, વેસ્ટ ઇન્ડિઝના બેટોમાં, જાપાન, સુમાત્રા અને જાવામાં.
(ख) ઇ. સ. ૭૯ માં વિસુવિયસના ફાટવાથી પોમ્પીઆઇ તથા હરક્યુલેનિયમ.

૨. આફ્રિકામાં—સાહરા.

૩. મુંબઇમાં; હાઇકોર્ટ.

૪. (क) કૃષ્ણમંડળ, ચશ્મા—લેન્સ, ડોળો, જળરૂપરસ, કાચરૂપરસ, જ્ઞાનતંતુ.
(ख) (૧) ભમ્મર:—પરસેવાને આંખમાં જતો અટકાવે છે. (૨) પોપચું:—કચરો કે રજ કે ઝીણાં જીવજંતુ આંખમાં જતાં બંધ થઈ જાય છે અને તેને અટકાવે છે, ડોળો સાફ કરે છે, ઉંઘતી વખતે તેને ઢાંકે છે.

૫. (૧) ખાખરો:–ગુજરાતમાં, પંચમહાલમાં, ખેડા જીલ્લામાં.
(૨) ખેર–રેવાકાંઠાનાં જંગલોમાં, ડાંગનાં જંગલમાં.
(૩) ચંદન–મલબાર કાંઠાના જંગલમાં, ચીનમાં.
(૪) મળીઆગર–મલબારમાં, હિમાલય પર્વતપર.

૬. જુઓ પરિશિષ્ટ જ–ચરિત્રાવલી.

૭. એનાં પાદડાંને આંગળી લગાડ્યાથી પાંદડાં પોતાની મેળે બિડાઈ જાય છે.

૮. હોતા, અધ્વર્યુ, ઉદ્ગાતા, બ્રહ્મા.

૯. (क) વીમો ઉતરાવવો. આને માટે દર પચાસ રૂપિયાની કિમ્મત બદલ એક આનો પડે છે. (ख) ૮૦૦ તોલા સુધી.

૧૦. (૧) સ્ટીમ એન્જીન–જેમ્સ વૉટ (સને ૧૭૩૬–૧૮૧૯). (૨) લોકોમોટીવ–જ્યોર્જ સ્ટીફન્સન (૧૭૪૧–૧૮૪૮). (૩) દોરડાં વગરના તાર–સીનોર માર્કોની નામના ઇટાલિયન વિદ્વાન (જન્મ ૧૮૭૫). (૪) ફોનોગ્રાફ–ટોમસ એલ્વા ઍડિસન (જન્મ ૧૮૪૭); સને ૧૮૭૭ માં શોધી કાઢ્યું.

૧૧. (૧) સભાસદોમાં સંપ વધે છે. (૨) તેમને કરકસર કરવાની ટેવ પડે છે, તેમજ તેમના ધંધામાં ઉત્તેજન મળે છે. (૩) નાણાં માટે સાહુકાર ઉપર આધાર ન રાખતાં મંડળી પોતાની મેળે સસ્તે વ્યાજે નાણાં ઉભાં કરી શકે છે. (૪) જુના ચાલતા આવેલા ખરચાળુ રિવાજો બંધ કરી સભાસદને પોતાનો ધંધો ખીલવવાને ઉત્તેજિત કરે છે. (૫) સભાસદોને દુર્વ્યસન છોડાવી સારે રસ્તે દોરે છે. (૬) સારી મંડળીઓ સભાસદોના હિતની

વૃદ્ધિ થાય એવા ઉપાયો યોજે છે. (૭) સભાસદોને તેમના કજિયા માટે કચેરીમાં જવા ન દેતાં અંદર અંદર લવાદથી નિકાલ કરાવી લેવાને મદદ કરે છે. (૮) એકંદરે સભાસદોની આર્થિક તથા નૈતિક ઉન્નતિ માટે પ્રયત્ન કરે છે, અને તેમનામાં એક જાતનું સામાજીક બળ પેદા કરે છે.

૧૨. (क) એક અબજ સતાવીસ કરોડ પંચાવન લાખ રૂપિયા.

(ख) ખેતરવાર દર એકરે ઠરાવેલો આંકડો; ભાગબટી; ગામની ઉપજમાંથી ઉધડ આંકડો; ગામના ઉત્પન્નમાંથી અમુક આની.

# ૬૧

૧. (૧) પૃથ્વીના ક્ષિતિજથી ૨૩½° ઉંચો ઉત્તર દિશામાં.

(૨) એ તારો પોતાની જગ્યા બદલતો નથી, પણ એકજ જગ્યાએ હમેશાં સ્થિર રહે છે.

૨. (क) એ એક જાતનો ક્ષાર (પાપડિયો ખાર) છે. એ જમીનમાંથી (કચ્છ અને પંજાબમાં) ખાણમાંથી નિકળે છે.

(ख) પાપડમાં નાખે છે, તથા દાળ જેવી જે વસ્તુ ચઢવામાં કઠણુ હોય તેમાં નાખે છે.

૩. (क) (ख) ચેક–હુંડી–જે માણસનું નામ લખેલું હોય તેને અથવા રજુ કરનાર માણસને બતાવવા ઉપરથી તેમાં નમુદ કરેલાં નાણાં આપવા માટે બેન્ક ઉપરનો

હુકમ. લાવનાર માણસને ('બેરર'ને) આપવાનું તેમાં લખ્યું હોય તો ફરીથી શેરો કે સહી કરવી પડતી નથી. પણ 'પેએબલ ટુ ઑર્ડર' 'લખવા મુજબ આપવાના' એવું લખ્યું હોય તો તેના ઉપર શેરો કરવો પડે છે. દરેક ચેક ઉપર વિલાયતમાં એક પેનીની ટીકિટ ચોંઢવી પડે છે; આ દેશમાં રૂપિયા વીસ ઉપરાંતના ચેક માટે એક આનાની ટીકિટ ચોંઢવી જોઇએ.

(ग) 'એન્ડ કો' (અને કમ્પની) એવા શબ્દો બે સરખી આડી લીટી દોરી તેની વચ્ચે લખવામાં આવે, તેને ક્રોસ કરેલો ચેક કહે છે. આવા ચેકનાં નાણાં કોઈ બેન્કની મારફતજ મળે છે. આવા પ્રકારનાં ચેકનાં નાણાં ખોટી રીતે અદા થયાં હોય તો વટાવી આપનાર બેન્ક જવાબદાર ગણાય છે.

૪. એ સ્વેઝની નહેરના ઉત્તર છેડાપર મિસર દેશનું બંદર છે. અહીં ભૂમધ્ય સમુદ્ર અને રાતા સમુદ્રમાં જતી આગબોટો ઉભી રહે છે.

૫. જુઓ પરિશિષ્ટ અ—ચરિત્રાવલી.

૬. 'જેમ જેમ પૃથ્વીમાં નીચે ઉતરીએ છીએ તેમ તેમ ગરમી વધતી જાય છે. પચાસ સાઠ ફુટે ફેરનહીટ થર્મોમિટરનો એક અંશ ગરમી વધેછે. એ હિસાબે ૨૦ માઇલને અંતરે પૃથ્વીમાં એટલી ગરમી હોવી જોઇએ કે તેના જોરથી કઠણમાં કઠણ પદાર્થ પણ ઓગળી જઇને તેનો ત્યાં ઉકળતો રસજ હોઈ શકે'–નવલ ગ્રંથાવલિ ભાગ ૪ થો. 'જમીનમાં જેમ વધારે ઉંડું ખોદીશું, તેમ ગરમી વધારે લાગતી જણાશે. શુમારે વીસ હજાર ફુટની ઉંડાઇએ પાણી ઉકળે એટલી ગરમી છે એવું અનુમાન થાય છે.

એ હિસાબે ગણતાં વીસ માઇલની ઉંડાઇએ સઘળા પદાર્થોનો રસ થઈ જશે' ગુજરાતી છઠ્ઠી ચોપડી.

૭. ડિરેક્ટર ઓફ પબ્લિક ઇન્સ્ટ્રકશન; કૉન્ઝરવેટર ઓફ ફોરેસ્ટસ; પોસ્ટ માસ્તર જનરલ; ડિરેક્ટર ઓફ એગ્રિકલચર, સેનિટરી કમિશનર.

૮. વધારેમાં વધારે ગરમી વિષુવવૃત્ત ઉપરના પ્રદેશમાં, અને કમીમાં કમી ગરમી ધ્રુવ પાસેના પ્રદેશમાં પડે છે.

૯. રામનું ધનુષ્ય; પરશુરામની ફરશી (કોવાડીના ઘાટની); ઈંદ્રનું વજ્ર; વિષ્ણુનું ચક્ર (સુદર્શન ચક્ર).

૧૦. (૧) મંડળી–કોઈ સારા કામને માટે પાંચ સાત કે વધારે માણસો ભેગાં થઇને વિચાર ચલાવે, અને કામ કરે તે. (૨) પંચ–કોઈ કામનો નિકાલ કરવા અને ફેંસલો આપવાને માટે પાંચ સભ્ય માણસોને નિમવામાં આવે તે; નાતના આગેવાન સદ્‌ગ્રહસ્થો ભેગા થયા હોય તે પણ નાતનું પંચ કહેવાય છે. (૩) સમાજ–સમૂહ–ટોળું–ઘણા માણસોનો સમૂહ. (૪) મહાજન–શહેર કે ગામના મુખ્ય મુખ્ય જ્ઞાતિ અગર કોમના આગેવાન માણસોની મંડળી. (૫) કમ્પની–કોઈ ધંધો કરવાને ભાગીદાર થઈ બાંધેલી મંડળી.

૧૧. અરબસ્તાનમાં મક્કામાં એક કાળો પત્થર છે. એની બહુ પ્રાચીન કાળથી પૂજા ચાલતી હતી. હજરત મહમદે આકાબા શરીફની પૂજા અને યાત્રા કાયમ રાખી હતી.

૧૨. બ્રિટિશ રાજ્યની એકંદર વસ્તી છેલ્લી ગણત્રી પ્રમાણે ૪૧,૬૩,૧૮,૬૬૫.

# ૬૦

૧. શ્રુતિ–સાંભળેલું–વેદ (સંહિતાથી માંડી ઉપનિષદ્ સુધીનાં શાસ્ત્રો). સ્મૃતિ–મનુ આદિ શાસ્ત્રકારોએ ધર્મ નીતિ રાજ્ય સંબંધી જે શિક્ષાશાસ્ત્ર પોતાના શિષ્યોને સમજાવેલાં અને જે પછવાડેથી સંભારીને લખાયેલાં તે.

૨. (૧) કસ્તુરી–એ તીક્ષ્ણ, સુગંધીવાળી, કાળાશ પડતી એક ચીકણી વસ્તુ છે. એ ઘણીજ કિમતી ગણાય છે, અને ઘણી ગરમ હોય છે. એક જાતના મૃગ–હરણની ડુંટી પાસેની કોથળીમાંથી મળે છે. એ કાશ્મિર, હિમાલય અને ટિબેટમાંથી ઘણે ભાગે મળી આવે છે.

(૨) અંબર–એ એક ખનીજ પદાર્થ છે. એના ગાંગડા થાય છે. એ પૃથ્વીમાં કુંટોમાંથી અથવા સમુદ્રમાં તરતું અથવા સમુદ્ર કિનારા ઉપર ઘણેક ઠેકાણે મળે છે; એ વિશેષે કરીને બાલ્ટિક સમુદ્ર, દરાની અખાત વગેરેના કિનારા ઉપર, અને પોલાન્ડ, જર્મની, સ્વીડન, સિસિલી, પ્રશિયા વગેરે દેશોમાં જમીનમાંથી મળે છે. અંબર પીળું, કાળું અને ધોળું, અને તે ઉપર ટપકાં હોઈ તે ગોળ અરગજ જેવું હોય છે. પીળું અંબર શ્રેષ્ઠ છે, અને કાળું સર્વથી ઓછી કિમ્મતનું છે. ખરૂં અંબર મોઘું વેચાય છે, અને તેથી કેટલાક લોક બનાવટી પણ કરે છે. ખરૂં અંબર હોય તેના બે ગાંગડા લઈ એક ઉપર એક ઘસવાથી તે ગરમ થતાંજ સૂક્ષ્મ પદાર્થોને લોહચુંબક જેવું આકર્ષણ કરે છે. અંબરને દેવતામાં નાંખવાથી તેના ધુમાડાની સુગંધ સારી આવે છે. (૩) બરાસ–કપૂરમ

મસાલો નાંખી બનાવેલો સુગંધીદાર ઠંડો પદાર્થ. એને બરાસ કપૂર પણ કહે છે. એ ઘણે ભાગે ચીનથી આવે છે.

૩. ઘણાં પુસ્તકો વાર્ત્તાઓનાં છે.

૪. (૧) પંચક–ધનિષ્ઠા નક્ષત્રનો અર્ધો ભાગ વીતી જાય, ત્યારથી આરંભીને રેવતી નક્ષત્ર ઉતરી રહે ત્યાં સુધીનો વખત. ધનિષ્ઠા અર્ધ, શતતારા, પૂર્વા ભાદ્રપદ, ઉત્તરા ભાદ્રપદ, રેવતી એ પાંચ નક્ષત્રોનું પંચક કહેવાય છે; અથવા કુંભનો ચંદ્ર બેસે ત્યારથી મીનનો ચંદ્ર ઉતરી રહે ત્યાં સુધી. (૨) સોમ પ્રદોષ–સોમવારે તેરસ આવે તો સોમ પ્રદોષ કહેવાય છે. (૩) ચાંદરાત–અજવાળીઆમાં સુદ બીજે–જે રાતે નવો ચાંદ–ચંદ્ર ઉગે છે તે–ચાંદ બીજ. (૪) વ્યતિપાત–જ્યોતિષમાં સત્તરમો યોગ.

૫. જુઓ પરિશિષ્ટ અ–ચરિત્રાવલી.

૬. નર્મદાશંકર લાલશંકર કવિએ.

૭. (क) બેરોમિટર. (ख) કાચની નળીને છેડે પ્યાલો હોય છે, તેમાં પારો ભરેલો હોય છે. એ પ્યાલામાં હવા જઈ શકે છે; નળી અને પ્યાલો એક ચોકઠામાં જડેલાં હોય છે. નળીમાં પારાની ઉંચાઈ બરાબર સમજાય તે માટે જૂદે જૂદે અંતરે આંકડા પાડેલા હોય છે, તેથી હવાનું માપ જણાય છે. વળી એ વડે પર્વતોની ઉંચાઈ મપાય છે. વરસાદ ક્યારે વરસશે તે અથવા હવાનું તોફાન

ક્યારે થશે, તે બાબતનું અનુમાન એનાથી કરવામાં આવે છે.

૮. (૧) મોબેદ–પારસી લોકોની ધર્મની ક્રિયા કરાવનાર; (૨) આચાર્ય–હિંદુઓના ધર્મ પ્રવર્તક મુખ્ય ગુરૂ; (૩) પુરોહિત–હિંદુ લોકોના ગોર–ધર્મની ક્રિયા કરાવનાર; (૪) દસ્તુર–પારસી લોકોના મુખ્ય ધર્મગુરૂ; (૫) મહન્ત–મઠાધીશ–ગોસાંઈઓના અખાડાના કે મઠના ઉપરી–મુખ્ય; (૬) મુખ્યાજી–વૈષ્ણવ મંદિરોમાં સેવા કરનારા; (૭) ભોજક–જૈન લોકોના દેવના પૂજારી; (૮) સૈયદ–મુસલમાન લોકોમાં ધર્મની ક્રિયા કરાવનાર ગુરૂ; (૯) કાજી–મુસલમાન લોકોમાં જેને ધર્મ સંબંધી કાયદાનું પુખ્ત જ્ઞાન હોય તેને ખિતાબ આપવામાં આવે છે. કાજીને મુખ્યત્વે કરીને ભણેલા મુલ્લાંઓમાંથી ચુંટી કાઢી નિમવામાં આવે છે. તે પોતાની પાસે આવતા કજીઆનો ઇન્સાફ કુરાને શરીફના કાયદા મુજબ કરે છે.

૯. (૧) ધર્મની બાબતમાં. (૨) રૈયત આબાદ થઈ લડાઈ બખેડા શમી ગયા; પશ્ચિમ તરફના હુમલાનો ભય ન રહ્યો; બીજા પાદશાહોના વખતમાં પ્રજા (રજપૂતો વગેરે) સામી થતી હતી, તેમ સામી થઈ નહીં; આથી તેને સર્વ વાતે સુખ થયું. પ્રજા, સરદાર, સલાહકાર, બધા તેનાથી રાજી રહેતા તેથી તેને કાંઈ ચિંતા રહેતી નહોતી.

૧૦. (૧) કુવામાંના પાણીની ઉપર હવાનું દબાણ થવાથી ઉંચે ચઢે છે.
(૨) ૩૦ ફીટ સુધી.

૧૧. બગદાદ.

૧૨. (૧) દ્રૌપદી અગ્નિમાં પ્રવેશ કરી જીવતાં નિકળ્યાં હતાં; (૨) દ્રૌપદીને શ્રીકૃષ્ણે ૯૯૯ ચીર પૂર્યાં હતાં તે તેમના સતીપણાના બળને લીધેજ; (૩) સિંધુ દેશનો જયદ્રથ રાજા દ્રૌપદીનું હરણ કરી ગયો હતો તેમાં પણ સતીપણાનું ઉદાહરણ છે.

## ૬૧

૧. દક્ષિણ હૈદ્રાબાદની પાસે ગોવળકોંડાની.

૨. અફ્ઘાનિસ્તાન, બલુચિસ્તાન, ઇરાન, અરબસ્તાન, તુર્કસ્તાન, તાર્તરી, યુરોપિ તુર્કસ્તાન, આફ્રિકાના ઉત્તર કાંઠાનાં રાજ્ય (ત્રિપોલી, ટ્યુનીસ, મોરાક્કો, મિસર).

૩. રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય, નિમ્બાર્ક, વલ્લભાચાર્ય.

૪. અરદેશર ફરામજી ખબરદાર.

૫. (क) દેવને ચઢાવવા; ડાંડીનો રંગ નિકળે છે તે પાઘડી વગેરે કપડાં રંગવાના કામમાં આવે છે, વગેરે.
(ख) 'સત્યભામાનું રૂસણું'—મીરાંબાઈ કૃત, તથા ગોવિંદદાસ કૃત; 'સત્યભામાનો ગરબો'—વલ્લભ ભટ્ટકૃત.

૬. સ્લેટ કે ચોપડીમાં મ્હોં ઘાલીને અગર ઘણી નજદિક રાખીને લખવા વાંચવાથી; આંખ ઉપર તેજ ન આવતાં ચોપડીનાં પાનાંપર અજવાળું પડે એવી સ્થિતિમાં નહીં ઊભા રહેવાથી કે બેસવાથી; વાંકાચુંકા બેસીને વાંચવાથી; વાંકાવળી જઈ લખવા વાંચવાથી; સુતા સુતા વાંચવાથી; હાથનો પડછાયો લખાણુપર પડે એવી સ્થિતિમાં બેસી લખવાથી; આડા પડી લખવાથી; રાતના પૂરૂં અજવાળું ન હોય અગર કેરોસિન તેલનો ધુમાડો નિકળે તેવી જાતના દીવા આગળ લખવા વાંચવાથી; સામો દીવો રાખી વાંચવા અને લખવાથી, વગેરે.

૭. (क) ઉષ્ણ કટિબંધમાં. (ख) સમશીતોષ્ણ કટિબંધમાં. (ग) અરબસ્તાન, આફ્રિકાના મધ્ય ભાગના દેશો, મેક્ષિકો, વેસ્ટ ઇન્ડીઝના બેટો.

૮. જયપુર અને જોધપુરનાં રાજ્યો સાથે.

૯. (क) એવું કહેવાય છે કે હવે પછીના જન્મમાં કયો દેહ–અવતાર લેવા ઇચ્છે છે તે બાબત કાશીમાં કરવત મૂકાવતાં પૂછતા હતા; આ ઉપરથી મોચીએ બધા અવતારનો વિચાર કરી કહ્યું કે બધામાં દુઃખ છે, માટે હે કરવતિયા, મેલ કરવત કે મોચીનો મોચીજ થાઉં. જ્યારે તેવીને તેવી સ્થિતિ રહે, અથવા તેવોને તેવોજ બનાવ બને તેવે પ્રસંગે આ કહેવત વપરાય છે.

(ख) ભૂખ્યા અથવા ખાવામાં સંતોષ નહીં પામેલા માણસ બીજાને પણ પોતાના જેવુંજ કરે, અર્થાત્ પોતાને નુકસાન થાય તે બીજા બધાને તેવુંજ નુકસાન કરે છે. કોઈ અદેખો માણસ બીજાને નુકસાન કરે છે તે પ્રસંગે.

(ग) વખત વખતનો છાંયડો; જૂદે જૂદે વખતે છાંયડો ઓછો વત્તો થાય છે, તેમ માણુસની સ્થિતિ વખતો વખત બદલાય છે, તે પ્રસંગે આમ કહેવાય છે.

(घ) જે કોઈ કહે તેનું સાંભળે છે, પણ વિચાર કરતા નથી; અર્થાત્ બીજાનું સાંભળીને કામ કરે છે પણ વિચાર કરતા નથી, અથવા તપાસ કરી ખરૂં ખોટું જોતાં નથી. માણુસ આવી રીતે બીજાનું કહેલુંજ કરે છે, અગર તેનાથી દોરવાઈ જાય છે, તેવે પ્રસંગે આમ કહે છે.

(ङ) દરેક ઘેર ચુલા માટીના હોય છે, તે ઉપરથી બધાને ઘેર એવીજ સ્થિતિ હોય છે એમ બોલાય છે. જ્યારે એક ઘરની કાંઈ ખોડખાંપણની વાત બીજા કોઈ કરે છે, તે પ્રસંગે જેની વાત કરે છે, તેના સંબંધના બચાવમાં આ કહેવત કહે છે.

૧૦. ગુણ—લાભ; લક્ષણ; ભલું કરવું; ધર્મ; માણુસની પ્રકૃતિના ત્રણ પ્રકાર (સાત્વિક, રજો અને તમો ગુણ); દોરી; ધનુષ્ય; ગુણેલું (શતગુણ, અષ્ટગુણ); અનાજ ભરવાનો કોથળો.

૧૧. (૧) એક જાતના ઝાડનો રસ છે. (૨) અફ્ઘાનિસ્તાનમાં. (૩) ઓસડમાં; દાળ, શાક વગેરેના વઘારમાં; કાઠિયાવાડમાં એને વઘારણી કહે છે.

૧૨. (૧) સ્ટિરિયોસ્કોપ—પ્રોફેસર વિટસ્ટોન નામના માણુસે મૂળ આ આંખે જોવાનું યંત્ર શોધી કાઢ્યું હતું, અને તે પછી તેમાં ઘણો સુધારો થયો હતો. જૂદા જૂદા પદાર્થ, મકાન વગેરેના ખાસ કેમેરાથી લીધેલી છબી (ફોટો)ના બે સપાટ દેખાવો દરેક આંખેથી એકી વખતે જૂદા જૂદા

જોવાથી આખાનું એકત્ર એક ચિત્ર થાય છે, અને તેનું પરિણામ એ થાય છે કે પદાર્થો તેમાં જાણે આગળ ઉપસી આવેલા હોય એમ માલમ પડે છે. સ્ટિરિયોસ્કોપના સંબંધમાં ફોટોગ્રાફીની મદદ લેવા માંડી, ત્યાર પછીથીજ તેનું ખાસ મહત્વ અને ઉપયોગ જણાયાં છે.

(૨) સિનેમેટોગ્રાફ (કિનેમેટોગ્રાફ)—એ મેજીક લેન્ટર્ન (ભૂતાવળ)નું અનુકરણ છે, પરંતુ હાલતા ચાલતા દેખાવના ફોટોગ્રાફો એક પછી એક ઝડપથી એમાં દેખાય છે; જ્યારે એ દેખાવ યંત્રની સામે બાંધેલા સફેદ પડદા ઉપર પડે છે, ત્યારે જૂદી જૂદી વ્યક્તિ હાલચાલ કરતી હોય તેવું દેખાય છે અને તે બધાનું એક ચિત્ર તેના ઉપર ખડું થાય છે. એક લાંબી પટીના ઉપર ફોટોગ્રાફો હોય છે, અને પટી ઉકેલાતી જાય તેમ તેમ તે ઉપરનો દેખાવ દરેક ચલનવલન સાથેનો જણાઈ આવે છે. આ યંત્રની યોજનામાં સુધારો થઈ હાલ 'કિનેમાકલર' નામનું યંત્ર તૈયાર થયું છે, અને તેવડે અનેક પદાર્થ—વ્યક્તિના કુદરતી રંગો પડદા ઉપર દેખાય છે. આ કિનેમેટોગ્રાફની યોજના અને રચનાના પહેલા શોધ કરનાર નામાંકિત ઍડીસન છે.

# ૬૨

૧. હિંદુસ્તાન અને યુરોપ ખંડમાં જવા આવવાની એ બારી રૂપ છે. એ જે રાજ્યના હાથમાં હોય તેનીજ આગબોટો આવવા દેવાની સત્તા રહી શકે છે, એટલે વેપાર વગેરેને માટે તથા સંર-

ક્ષણને માટે આ નહેરનું ઉપરીપણું એક સત્તા સમાન છે. સુએઝની નહેર થવાથી લન્ડન અને મુંબઈ વચ્ચે મુસાફરી કરવાને ૨૪ દિવસનો ફાયદો થયો છે. સુએઝની નહેર માટે શેરો કાઢેલા છે તેના શેરો બ્રિટિશ સરકાર પાસે જેટલા છે તેના વ્યાજ બદલ દશ લાખ પાઉન્ડ કરતાં વધારે રકમ દર સાલ તેમને મળે છે.

૨. (क) ડાંગરના ક્યારડા ઉંડા અને ચારે બાજુએ પાળવાળા હોય છે. બીજાં અનાજ વાવવાનાં ખેતરો સપાટ હોય છે.

(ख) ડાંગરને પાણી વધારે જોઈએ છીએ; પાણી અંદર (ક્યારડામાં) ભરાઈ રહે, તેને સારૂ પાળો હોય છે. બીજા બાજરી જુવાર વગેરેના, છોડને પાણી કમી જોઈએ છીએ, તેથી તે ખેતરોમાં પાણી ભરાઈ રહે તો છોડ કોહી જાય.

૩. એ ધર્મમાં શિવને પશુપતિ, મહેશ્વર વગેરે નામથી ભજવામાં આવે છે. પશુ કહેતાં અજ્ઞાન જીવ–તેઓનો પતિ તે પશુપતિ–પરમાત્મા–એ જીવ ઉપર કરૂણા લાવી જીવને આ સંસાર (માયા)-રૂપી પાશમાંથી છોડાવે છે.

૪. સનંદી અને બિનસનંદી. સિવિલ સર્વિસ અને સ્ટેચ્યુટરી (હાલ પ્રોવિન્શિયલ) સિવિલ સર્વિસ.

૫. (क) ઇરાનના. (ख) આરબ–મુસલમાનોએ એ દેશ જીતી લઈ ત્યાંના વતનીઓને વટલાવી પોતાના

ધર્મમાં લેવાનો પ્રયત્ન કરવાથી. (કેટલાકના જણાવવા મુજબ આ ખાસ કારણ નહોતું પરંતુ બીજાં વેપાર વગેરેનાં કારણસર ઈરાન છોડયું હતું).
(ग) ઈ० સ० ૬૯૭ માં; (કેટલાકના કહેવા મુજબ ઈ० સ० ૭૧૫ માં). દીવ બંદરમાં પહેલાં રહી પછી (કેટલાકના જણાવવા મુજબ બારોબાર) સુરત જીલ્લામાં દમણથી ૧૫ માઇલ દક્ષિણે, અને મુંબઈથી આસરે ૯૪ માઇલ ઉત્તરે, સંજાણ ગામ છે ત્યાં વસ્યા હતા.

૬. સ્વચ્છ અને બરાબર પોશાક પહેરવાની; યોગ્ય જગ્યાએ બેસવાની; છીંક ખાવી, બગાસું ખાવું, હસવું, જોવા માટે ઉંચા નીચા કે ઉભા થવું, વગેરે અઘટિત વર્તનથી દૂર રહેવાની; સભામાં બેઠેલા સભ્યો પૈકી આસપાસના સભ્યો સાથે વખત બેવખત વાતો કરવી, અને બીજા સભ્યોને સાંભળવા વગેરેમાં અડચણ થાય, તેવું વર્તન નહીં રાખવાની, વગેરે.

૭. (क) એક ઝાડની અથવા છોડની ડાળીપર બીજા ઝાડની કે છોડની ડાળી ઉગાડવી.
(ख) તેનાં ફૂલ, ફળ, રંગ વગેરે બાબતમાં.

૮. (क) નરસિંહ મહેતા.
(ख) જુનાગઢ; મંડળિક રાજા.

૯. (क) એશિયા અને યુરોપ ખંડના ઉત્તરના ભાગમાં એટલે સૈબિરિયા અને નોર્વે તથા સ્વીડનમાં.

(ख) લેપલેન્ડરો એને ગાડીએ જોડવામાં ઉપયોગ કરે છે તથા એનું દૂધ ખાવામાં લે છે.

(ग) એ હરણની જાતનું એક પ્રાણી છે અને કલાકના દશ માઇલની ઝડપે દોડી શકે છે.

૧૦. ઉદેપુરના રાણા પ્રતાપસિંહે.

૧૧. (क) ગુજરાત, દક્ષિણ, મધ્યપ્રાંત અને ઓરીસામાં.

(ख) કાયલાની.

૧૨. કૃષ્ણરૂપી સિંહ અને રૂક્મિણીરૂપી બકરી—તે કૃષ્ણ-સિંહ પોતાનું (બકરીનું) ભક્ષણ પોતે કરે છે—તેને લઈ જાય છે; જેમનો (કૃષ્ણ અને રૂક્મિણીનો) મહિમા ઘણો છે, જે રોજ બધે ગવાય છે; મતલબ કે રૂક્મિણીવિવાહ લોકો ગાય છે.

## ૬૨

૧. (क) નામદાર મહારાણી શ્રી વિકટોરિયાએ કમ્પની સરકાર પાસેથી સન ૧૮૫૮માં હિન્દનું રાજ્ય પોતાને હસ્તક લીધું. તે વખતે પ્રજા સમસ્તને દિલાસો આપનારાં અભય વચનો તા૦ ૧–૧૧–૧૮૫૮ ને દિવસે જેમાં પ્રગટ કરેલાં, તેને ઢંઢેરો કહે છે.

(ख) હિન્દનું રાજ્ય પોતાને હસ્તક લેવાની, તેનો રાજકારભાર ચલાવવાને વાઇસરાય ઠરાવવાની, બળવાખોર સિપાઇઓને માફી આપવાની, અને

વફાદાર નોકરોને કાયમ રાખવાની, રાજા રજવાડા સાથેનાં થયેલાં તહનામાં કાયમ રાખવાની, નાત જાતનો કે ધર્મનો ભેદ રાખ્યા વગર સરકારી નોકરી આપવાની, જુના હક્કો અને વહિવટો જેમના તેમ ચાલુ રાખવાની, વગેરે બાબતો આવે છે.

૨. (क) જોધપુરના ભાયાત મેડતા રાઠોડ વંશમાં પંદરમા સૈકામાં જન્મી હતી. એમને ઉદેપુરના રાણાના દીકરા કુંભારાણા સાથે પરણાવી હતી.
(ख) ઈશ્વર ભક્તિમાં પોતાના ખરા પ્રેમને માટે, મીરાંબાઇની કવિતા ગુજરાતમાં બૈરાં ઘણી હોંસથી ગાય છે. 'મીરાં કે પ્રભુ ગિરિધર નાગર' આ તૂક ગુજરાતી બૈરાં કદી વિસરનાર નથી.
(ग) મીડતામાં પિયેર, ઉદેપુરમાં સાસરૂં.
(घ) ભક્તિરસ અને પ્રેમરસ; છુટક પદોમાં અને શૃંગાર રસની કવિતામાં પ્રેમભક્તિ જોવામાં આવે છે, તેમ કેટલીકમાં વૈરાગ્ય પણ જોવામાં આવે છે.

૩. (૧) કેરી, ડાંગર, દ્રાક્ષ, તડબુચ, મશાલા વગેરે જેને વધારે તાપ કે ગરમી જોઇએ છીએ તેવો પાક.
(૨) ત્યાં ગરમી કમી પડે છે.

૪. બાહ્ય ગોળ—ઉપરથી ગોળ ઉપસેલો ભાગ; લાંબી નજરવાળા વાપરે છે તેવા ચશ્માના કાચ જે બહારથી ઉપસેલા હોય છે તેવું, દેવળનો ઘુમટ, ઘંટ.
અંતર ગોળ—માંહ્યથી—અંદરથી પોલો એવો જે ગોળ આકાર તે; ચશ્મા ટુંકી નજરવાળા વાપરે છે તે.

૫. મહાપ્રતાપી લોર્ડ રિપનના વખતમાં.

૬. શ્રીમંત શંકરાચાર્ય.

૭. મુસલમાનને (દિલ્હીના મુસલમાન પાદશાહને) દીકરી ન દેવી એ કારણુ માટે.

૮. આર્ટસ કોલેજો—મુંબઇમાં એલ્ફિન્સ્ટન, સેન્ટ ઝેવિયર, વિલસન; પુનામાં ડેક્કન કોલેજ, ફરગ્યુસન કોલેજ; વડોદરામાં વડોદરા કોલેજ; અમદાવાદમાં ગુજરાત કોલેજ; ભાવનગરમાં સામળદાસ કોલેજ; જુનાગઢમાં બાઉદ્દીન કોલેજ; કોલ્હાપુરમાં રાજારામ કોલેજ; સિંધમાં દયારામ જેઠમલ કોલેજ. ગ્રાન્ટ મેડિકલ કોલેજ—મુંબઈ. કોલેજ ઓફ સાયન્સ—પુના.

ચીફ્સ કોલેજ—દેશી રાજાઓના કુંવરો માટે—રાજકોટ. ટ્રેનિંગ કોલેજો—પુરૂષ અને સ્ત્રીઓની દેશી ભાષાની—અમદાવાદ, રાજકોટ, પુના, તથા ધારવાડમાં; અંગ્રેજી—મુંબઈમાં.

૯. (૧) કલઈ. (૨) પારો.

૧૦. વિલિયમ કેક્સ્ટને ૧૪૭૫ માં સાતમા હેન્રિ રાજાના વખતમાં દાખલ કર્યું.

૧૧. વાયુ પૃથ્વીને તોડે છે; પાણી પૃથ્વીને તોડે છે, તેમ નવીન તૈયાર કરે છે.

૧૨. ઉષ્ણુતામાપક યંત્ર. તાપ કે ગરમી કેટલી પડે છે તે, તથા તાવ વગેરે પ્રસંગે માણુસના શરીરમાં ગરમી કેટલી છે તે જોવાને કામ આવે છે.

એમાં એક કાચની પોલી નળીમાં પારો ભરે છે અને હવા રહેવા દેતા નથી. નળીપર અંક પાડેલા હોય છે; તાપ કે ગરમી પારાપર અસર કરે છે, એટલે ફુલવાથી તે ઉપર ચઢે છે, ને અંક ઉપ-રથી જોઈ શકાય છે કે પારો કેટલો ઉપર ચઢ્યો છે; તે ઉપરથી તે અંક મુજબ ગરમી અમુક 'ડિગ્રી'—અંશ છે, એમ કહેવાય છે.

## ૬૪

૧. સ્વામી નારાયણનો, વલ્લભાચાર્યનો, રામાનંદી.

૨. (क) સૂર્ય એ અર્ધ વાયુરૂપ ચળકતો સ્વપ્રકા-શિત સ્થિર રહેલો પદાર્થ છે, જેનાવડે આ પૃથ્વી-પર અજવાળું પડી દહાડો થાય છે.
(ख) ગ્રહોને તે અજવાળું આપે છે; ગ્રહોને તે આકર્ષણ કરી ખેંચે છે, તેથી ગ્રહો તેની આસ-પાસ ફરે છે.

૩. (क) અડધી પેની (બ્રોન્ઝની) વજન ૮૭.૫ ગ્રેઇન ટ્રોય; ⅕ આઉંસ એવોર્ડપૉઇ; વ્યાસ—એક ઇંચ.
(ख) પેની (બ્રોન્ઝની) વજન ૧૪૫.૮૩ ગ્રેઇન ટ્રોય; ⅓ આઉંસ એવોર્ડપૉઇ; વ્યાસ સવા ઇંચ. ત્રણ નવી પેનીનું વજન એક આઉંસ.
(ग) કલદાર પૈસો—પહેલાં તાંબાનો—૧૦૦ ગ્રેઇનનો હતો; હાલમાં બ્રોન્ઝનો ૭૫ ગ્રેઇન ટ્રોયનો હોય છે; માપ ૨૫.૪ મિલિમીટર—એક ઇંચ—વ્યાસ.

(घ) શિલીંગ (રૂપાની)--૮૭.૨૭૨૭૨ ગ્રેઇન ટ્રૉય, (ચોખ્ખું રૂપું ૮૦ ૮/૧૧ ગ્રેઇન અને બાકીનું તાંબું); વ્યાસ–લગભગ એક ઇંચ.

૪. હાડકામાંથી ફોસફરસ નિકળે છે; સ્મશાનમાં હાડકાં પડેલાં હોય છે, તેમાંથી ફોસફરસ નિકળી હવા સાથે મળવાથી ભડકા દેખાય છે, અને બંધ થઈ જાય છે.

૫. રઝીઆ બેગમ, નૂરજહાં, ચાંદબીબી.

૬. (क) પશ્ચિમ તરફ પોલાન્ડથી પૂર્વ તરફ બેહેરિંગની સામુદ્રધુની સુધી (૫૭૦૦ માઇલ) અને ઉત્તરમાં આર્કટિકથી દક્ષિણ સૈબિરિયા સુધી (ઉત્તર દક્ષિણ ૨૬૬૦ માઇલ). યુરોપખંડનો અર્ધ ઉપરાંતનો ભાગ અને એશિયાખંડનો એક તૃતિયાંશ ભાગ આ રાજ્યનો છે.

(ख) સાડા તેર કરોડ; લગભગ ૧/૪.

૭. હિન્દુ ધર્મને માન આપવાથી, હિન્દુ ધર્મની કેટલીક પદ્ધતિઓ પકડવાથી અને માનવાથી.

૮. ૧ સવ્યસાચી–સવ્ય–ડાબે હાથે પણ બાણ મારી શકે તે–અર્જુન. (૨) વીણાપાણી–વીણા જેમના હાથમાં હોય છે તે–નારદ. (૩) ગાંડીવ પાણી–ગાંડીવ ધનુષ્ય જેમના હાથમાં છે તે–અર્જુન. (૪) દિવાકર–દિવા–દિવસ કરનાર–સૂર્ય.

૯. સારસ, કાગડા, લક્કડખોદ, ચાસ (લાંબી, સીધી ને કઠણ ચાંચવાળાં); ચકલી, કબૂતર, હોલા કૂકડી, દેવચકલી (નરમ ચાંચવાળાં).

૧૦. રાતો, નારંગી, પીળો, લીલો, વાદળી, નીળો (ગળીનો રંગ), જાંબુઓ એ સાત રંગ મળીને ધોળો રંગ થાય.

૧૧. પાંદડાં ઝાડપરથી ખરીને કુવામાં કે તળાવમાં પડી સડે છે; કુવા ઉપરનાં ઝાડનાં પાદડાં કુવાની બહાર થાળામાં અને આજુબાજુ ખરી પડે છે અને પાણીનું કોહોણ થાય છે, તે પાણી કુવામાં જાય છે; ઝાડનાં મૂળ કુવામાં કે તળાવમાં તળિયે જાય છે, કુવામાં ફાટ પાડે છે, અને તળાવમાં તે મૂળ પાણી ચૂસી લે છે.

૧૨. આ પગાર વાર્ષિક ગણાય છે. (૧) વાઇસરોયનો રૂ. ૨,૫૦,૮૦૦; (૨) ગવર્નરોનો—રૂ. ૧,૨૦,૦૦૦; (૩) ગવર્નર જનરલની કાઉન્સિલના (૭) મેમ્બરો ને રૂ. ૮૦,૦૦૦ દરેકને; ગવર્નર (મદ્રાસ, મુંબઈ, બંગાળા)ની કાઉન્સિલના (ત્રણ ત્રણ) મેમ્બરોને રૂ. ૬૪,૦૦૦ ચોસઠ હજાર દરેકને.

## ૬૯

૧. (क) જીવતર વખતનું બનેલું છે, જેને આવરદા કહીએ છીએ તે વખતથી ઓળખાય છે; મતલબ કે વખત નકામો ગુમાવવો ન જોઈએ.

(ख) શ્વાસોચ્છ્વાસથી વખત જણાય છે; એટલે એક સેકંડમાં તનદુરસ્ત માણસ ૧૪ થી ૧૫ વખત શ્વાસોચ્છ્વાસ લે છે.

(ગ) હુંછી ઘોડો એટલે તોફાની ઘોડો, પાયગા-ઘોડેસ્વાર લશ્કરની ટુકડીના એક સ્થાનમાં બાંધેલા બધા ઘોડાને હરકત-નુકસાન કરે છે; અર્થાત્ એક નઠારો માણસ-આખા કુંટુંબને અગર આખી નાતને-ટોળીનાં બધાં માણસોને નુકસાન કરે છે.

૨. પ્રાણી તથા વનસ્પતિના જીવનમાં; કાંઈ પણ દહન ક્રિયા થવામાં; પાણીમાં; કાર્બોનિક એસિડ વાયુ તૈયાર કરવામાં; સોડાવૉટર, લેમોનેડ વગેરે બનાવવામાં.

૩. સિંધુ, સતલજ, જમના, ગંગા, કાવેરી.

૪. પથરો અગર લોખંડનો કકડો તેના કદ જેટલી જગ્યામાં રોકાયલા પાણીના વજન કરતાં ભારે હોય છે અને તેથી તે ડુબી જાય છે; પરંતુ વહાણના કદ જેટલું પાણી લઈએ તો તે પાણી કરતાં વહાણ ઘણું હલકું માલમ પડે છે, અને તેથી વહાણ પાણીના ઉપર તરે છે. (એક તરતું વહાણ તેના પોતાના વજન જેટલું પાણી ખસેડે છે).

૫. જુઓ પરિશિષ્ટ ક્ષ-ચરિત્રાવલી.

૬. (૧) નાણાં વગેરેની સવડ મુજબ ખાનગી સાહસ અને વ્યવસ્થાવાળી શાળાઓ અને કોલેજો જૂદી જૂદી જગ્યાએ કાઢીને અથવા દેખરેખ નીચે રાખીને અગર લોકોની જરૂરિયાતોને અનુકૂળ પડે તેવા બીજા ઉપાયો યોજીને જનસમાજ કેળવણીનો વધારે લાભ લે, તથા કેળવણી લેવાની સરલતા કરી આપવી, તેમ તે સસ્તી મળે તેમ

કરવું એવો ઉદ્દેશ છે. આ 'ડેક્કન એજ્યુકેશન સોસાઇટી'ના તાબામાં હાલ એક 'ન્યુ ઇંગ્લીશ સ્કૂલ' તથા 'ફરગ્યુસન કોલેજ' છે. આ સંસ્થા સને ૧૮૮૪ માં પુનામાં સ્થાપવામાં આવી હતી, અને હાલમાં તેની કાઉન્સિલના પ્રમુખ ડા. સર રામકૃષ્ણ ગોપાલ ભંડારકર છે.

(૨) 'સર્વ પ્રકારના જ્ઞાનને, કળાને, નીતિને, શરીરસંપત્તિને, ગુજરાતમાં ગુજરાતી ભાષાદ્વારા પ્રસાર કરવો' એવો ઉદ્દેશ 'ગુજરાત એજ્યુકેશન સોસાઇટી'–'ગુજરાત કેળવણી મંડળ'નો છે, અને 'તે સફળ કરવા મફત પ્રાથમિક શાળાઓ, પુસ્તક શાળાઓ, કસરત શાળાઓ, સ્ત્રી શાળાઓ વગેરે સ્થાપી જૂદાં જૂદાં સાધનોનો વખતો વખત ઉપયોગ કરવા પ્રયત્ન શરૂ કર્યો છે.' આ મંડળીની સ્થાપના ૧૯૧૩ ના એપ્રીલ માસમાં થઈ છે. આને માટે મુખ્ય અને શરૂઆતથી પ્રયાસ ગુજરાતના સુવિખ્યાત નર દિ. બા. અંબાલાલ સાકરલાલ દેસાઇએ કરેલો હતો.

૭. ગિની એ એકવીસ શિલીંગનો વિલાયતી સોનાનો સિક્કો છે. તે સને ૧૬૬૩ થી સન ૧૮૧૭ સુધી વિશેષ પ્રચારમાં હતો. હાલમાં સોવરીન–વીસ શિલીંગનો સિક્કો પ્રચારમાં છે, અને તેને આ દેશમાં સાધારણ રીતે ગિની કહે છે. ચોવીસ ભાગ ગણુતાં આમાં બાવીસ ભાગ ચોખ્ખું સોનું અને બે ભાગ બીજી ધાતુનું મિશ્રણ હોય છે. આ સિક્કો સને ૧૪૮૯ માં પહેલવહેલો પાડેલો, તે હાલ સુધી પ્રચારમાં મુખ્ય સિક્કો છે. એનું વજન ૧૨૩.૨૭૪૪૭ ગ્રેઇન હોય છે.

૮. દેશ પરદેશની જૂદી જૂદી પેદાશ, વસ્તુઓ વગેરે

એક સ્થળે વ્યવસ્થાપૂર્વક, લોકોને જોવાને અનુકૂળતાભરેલું થાય તેવી રીતે, ગોઠવવી, અને વેપાર ઉદ્યોગ વધે, લોકોના જ્ઞાનમાં વધારો થાય, જોઈતો માલ તૈયાર કરવા, બનાવવા, ખરીદ કરવા વગેરે બાબતની માહિતી મળે વગેરે પ્રકારના હેતુથી પ્રદર્શન (એક્ઝિબિશન) ભરવામાં આવે છે.

૯. મિસરમાં પિરામિડ, ચીન દેશની ભીત, સુએઝની અને પનામાની નહેરો, તાજમહેલ, દિલ્હીની પાસેનો લોખંડનો સ્તંભ, હોલાન્ડ દેશનો દરિયા તરફનો બંધ, જમના ને તુંગભદ્રાની નહેરો, વગેરે.

૧૦. ટૉર્પેડો (૧૮૭૬ માં); સબમરીન બોટ (૧૮૮૪ માં).

૧૧. મણિયાર—કાચની ચુડી બંગડી વેચનારા; કરાઈ—સુતારનું કામ કરનારા; વાદી—સાપ પકડી રમાડનારા; હમાલ—કચેરીઓ, દીવાનખાનાં વગેરે જગ્યાઓ સાફસુફ રાખનારા, અને ફેરો હેરો ખાનારા નોકર; ટંડેલ—વહાણ ચલાવનારા.

૧૨. કેરીનો રસ ખાટો છે ( પ્રવાહી પદાર્થ ); ચુનીલાલને રસવિકાર થયો છે (એક રોગ જેથી સાદ જાડો થાય અને નાક ગળ્યા કરે તે); શરીરના એકાદા ભાગમાં દડબ બંધાઈ સુઝી આવે તે; સોનાનો રસ કરી ઢાળકી પાડે છે (સોનું, રૂપું વગેરે ધાતુ ગળ્યાથી જે પ્રવાહી રૂપ થાય તે ); ખટ રસ (ખાટું, ખારૂં વગેરે સ્વાદ તે); પારો; ગંધક; તેની કવિતામાં રસ નથી (કાવ્ય શાસ્ત્રમાં); હેતુ પિગળેથી જે આનંદી સ્થિતિ થાય તે—નવરસ—(શૃંગાર હાસ્ય વગેરે); મને એની વાતમાં ઘણો રસ પડે છે (મજા લાગવી).

## ૬૬

૧. વાસ્કો ડી ગામાએ—પોર્ટુગલ દેશના આ સાહસિક નાવિકે કેપ ઓફ ગૂડ હોપ આગળથી હિંદુસ્તાન આવવાનો દરિયાઈ રસ્તો સન ૧૪૯૮ માં શોધી કાઢ્યો હતો.

૨. વસુદેવને ચતુર્ભુજ રૂપ દેખાડ્યું; પુતનાનો વધ કર્યો; તૃણાવર્તનો નાશ કર્યો અને પોતાના મુખમાં બ્રહ્માંડ દેખાડ્યું; દામડાં (દોરડાં)થી બાંધતાં બે આંગળ ખુટતું ને ખુટતું રહ્યું; યમલાર્જુનનાં ઝાડ ઉખેડી નાખ્યાં અને નલકૂબર તથા મણિગ્રીવનો મોક્ષ કર્યો; વત્સાસુરનો અને બકાસુરનો વધ કર્યો; અઘાસુરનો વધ કર્યો; કાળીનાગ નાથ્યો; સ્વજનોની દાવાનળમાંથી રક્ષા કરી; દાવાનળના અગ્નિને પી ગયા; ગોવર્ધન પર્વત સાત દિવસ સુધી ટચલી આંગળીપર તોળી રાખી ગોપ અને ગાયોનું મેઘથી રક્ષણ કર્યું; અજગરનો મોક્ષ અને શંખચુડનો વધ; અરિષ્ટાસુરને માર્યો; કેશી તથા વ્યોમાસુર દૈત્યનો નાશ કર્યો: કુબ્જાને તરૂણી બનાવી; કુવલયાપીડનો નાશ કર્યો; મલ્લોનો તથા કંસનો વધ કર્યો વગેરે.

૩. (क) કોઈ પદાર્થ આપણી પાસે ન હોય તોપણ આપણા પાડોશી પાસે હજો, મતલબ કે પાડોશી પાસે હશે તોપણ કોઈ દહાડો કામ લાગશે; માટે જે આપણી પાસે નથી, તે બીજાની પાસે હોય તેની અદેખાઈ કરવી નહીં.

(ख) ઘર એટલે વ્યવહાર—સંસાર, અનેક પ્રકારના

અનુભવથી માણસને માણસાઈ લક્ષણવાળો કરે છે; તે માણસના લેખામાં આવે છે.

(ગ) ઝાડને નાનપણમાં કુમળું હોવાથી જેમ વાળીએ તેમ તે વળે છે, અર્થાત્ નાનપણમાં છોકરાંને જે રસ્તે દોરીએ તે રસ્તે દોરાય છે—શિખે છે—જેવા ગુણ લાવવા હોય તેવા નાનપણમાંથી લાવી શકાય છે.

૪. ટિબેટ અને કાશ્મિરમાં તથા હિમાલય પર્વતમાં એક જાતની ગાય અને ગોધા થાય છે, તેની પૂછડી ઘણી મોટી અને વાળવાળી હોય છે તેના.

૫. લન્ડનમાં સન ૧૮૨૪માં ઉઘાડેલું એક ઉત્તમ ચિત્રોનું સંગ્રહસ્થાન છે. તેમાં કિસબી કારીગરોનાં લાખો રૂપિયાનાં ચિત્રકામ ગોઠવેલાં છે. એની પાસે નેશનલ પોર્ટ્રેટ ગેલરી છે. તે સને ૧૮૫૬માં ઉઘાડી હતી—એમાં ઇતિહાસ, સાહિત્ય, કળા વગેરેની સાથે સંબંધવાળા નામાંકિત પુરૂષોનાં ચિત્ર અને છબીઓ છે, તથા ચાંદો અને હસ્તાક્ષરની સહીનો કિંમતી સંગ્રહ છે.

૬. (૧) 'ગુજરાતી'—મુંબઈ—ગુજરાતી—અંગ્રેજી. (૨) 'દેશી મિત્ર'—સુરત—ગુજરાતી. (૩) 'ઇંદુ પ્રકાશ'—મુંબઈ—મરાઠી. (૪) 'ટીકાકાર,' 'ચંદ્રોદય'—અમદાવાદ—ગુજરાતી. (૫) 'રાસ્ત ગોફ્તાર'—મુંબઇ—ગુજરાતી. (૬) 'ઇન્ડિયન સ્પેકટેટર', 'ઇસ્ટ અને વેસ્ટ' (માસિક)—મુંબઈ—અંગ્રેજી.

૭. (૧) ભાતના ચાર ઘાણુ કરજો (એકી વખતે તૈયાર ન બની શકે માટે તેના ભાગ પાડી કરવું તે); તેણે ઘાણુ વાળી મૂક્યો (ધુળધાણી; બગાડ; ખરાબી; સથરવથર કરી નાખવું તે); દુષ્ટે તેનો ઘાણુ કાઢી નાખ્યો (કચરી-ઘુંદી નાખવું; સંહાર; ડાટ; નુકસાન કરવું); લુવારે ઘાણુ માર્યો (હથોડો); ઘાણુ ઘાલ્યો (હરકત નાખવી).

(૨) તેણે હાથ માર્યો (લઈ ગયો); હાથ ચાલાકી કરી (છુપાવવું); હાથ ભાગ્યો; તેનો હાથ ચોખ્ખો નથી (વેગળે છે-જૂઠ છે); તે હાથનો ચોખ્ખો નથી (ચોર છે); તેણે ત્રણ હાથ લુગડું લીધું; ડાબે હાથ જા; ચુનીલાલ મારા હાથમાં નથી; તે કામમાં એનો હાથ નથી; એક હાથે તાળી ન પડે (મદદ, સોબતી); ચુનાનો હાથ મારે સફેતી આવશે (એક વાર ક્રિયા કર્યા પછી ફરી કરવું); તેની ઉપર ચારે હાથ છે (કૃપા, મેહેરબાની); ગુરૂએ માથે હાથ મૂકયો (આશીર્વાદ આપ્યો); તેણે માથે હાથ દીધા (દિલગીરી-શોક દર્શાવવો).

(૩) તેની ચાલ સારી નથી (રીતભાત); તે દેડકાની ચાલ ચાલે છે; જુના ચાલ બધા ખરાબ નથી; તેણે ચાલ પકડી; તમે કયી ચાલમાં રહો છો (પાસે પાસે નાની ઓરડીઓ હોય, અને ઘણાં માણસ સાથે રહી શકે એવી ઇમારત-ચાલી); આ ઘરનો ચાલ કેણી તરફ છે (જવા આવવાનો રસ્તો).

૮. દરિયાનાં મોજાંનાં ફીણમાં અગણિત નાના પરપોટા હોય છે; આ દરેક 'પ્રીઝમ'-પહેલદાર કાચ જેવું કામ કરે છે, અને સૂર્યનાં કિરણોનું જૂદા જૂદા રંગમાં પરાવર્તન કરે છે. આવી રીતના અગણિત પ્રીઝમો

હોવાથી અનેક કિરણો એકબીજામાં એવાં ગુંચ-ડાઈ જાય છે અને આડાં તેડાં આવે છે કે, તે બધાનો સફેદ (ધોળો) પ્રકાશ-તેજ થાય છે; સાતે રંગ ક્રમે લગાડેલા તેવી ડિસ્ક (પ્લેટ)-ચક્તિને ઘણી ઝડપથી ફેરવવામાં આવે તો તે સફેદ રંગની દેખાય છે, તે પ્રમાણે આ ફીણમાં બને છે.

૯. અકબર બાદશાહના વખતથી.

૧૦. સાધારણ રીતે દરેક એકાદશી તથા અધિક માસ; વળી કેટલાક શનિવાર, રવિવાર, સોમવાર, મંગળવાર કરે છે. સામાન્ય વ્રતો નીચે પ્રમાણે છેઃ-કાર્તિક-સુદ ૧૧; પોષ-મકરસંક્રાન્તિ; માહ-માઘ સ્નાન, મહાશિવરાત્રી; ફાગણ-હોળી; ચૈત્ર-નવરાત્રિ, રામનવમી; વૈશાખ-સુદ ૩-અખાત્રીજ, સુદ ૧૪-નૃસિંહ જયન્તિ; જેઠ-સુદ ૧૧-નિર્જલા એકાદશી, સુદ ૧૫-વડ સાવિત્રી; અષાડ-સુદ ૧૧-મોટી દેવશયિની અગિયારસ, સુદ ૧૫-ગુરૂ પૂર્ણિમા, કોકિલા વ્રત*, ગૌરિવ્રત* (કન્યાઓ માટે); શ્રાવણ-સુદ ૪-બોળ ચોથ*, સુદ ૫-નાગપંચમી, સુદ અથવા વદ ૭-શીતળા સપ્તમી*, વદ ૩-કાજળી ત્રીજ*, વદ ૮-જન્માષ્ટમી; ભાદરવો-સુદ ૩-કેવડાત્રીજ*, સુદ ૪-ગણેશ ચતુર્થી, સુદ ૫-ઋષિ પંચમી-સામા પાંચેમ*, સુદ ૧૨-વામન દ્વાદશી, સુદ ૧૩-ગૌત્રાટ*, સુદ ૧૪-અનંત ચતુર્દશી, વદ ૧ થી અમાસ સુધી શ્રાદ્ધ પક્ષ; આશો-સુદ ૧-આજો પડવો, સુદ ૧ થી ૯-નવરાત્રી, સુદ ૮-દુર્ગાષ્ટમી*, સુદ ૧૦-વિજયાદશમી, સુદ ૧૫-કોજાગર વ્રત*, માણેકઠારી પૂર્ણિમા, વદ ૧૩-ધનતેરસ, વદ ૧૪-કાળી ચૌદશ, અમાસ-દિવાળી.

ટીપ-સ્ત્રીઓ માટેના વિશેષ વ્રત ઉપર* આવું ચિહ્ન કર્યું છે.

૧૧. સને ૧૭૨૭, ૧૭૭૬, ૧૭૯૭, ૧૮૩૨, ૧૮૩૭ વગેરે.

૧૨. કોઈ માણસની મૂળમાં નબળી સ્થિતિ હોઈ પાછળથી સારી સ્થિતિ થાય તેવે પ્રસંગે, અથવા પ્રથમથી સારી સ્થિતિ હોય તેથી તેને ગર્વ કે અહંકાર આવે તે પ્રસંગે; સંતોષ વળાવવાના પ્રસંગમાં.

# ૬૭

૧. (क) આંધળા માણસની સ્થિતિ આંધળાનેજ ખબર પડે છે. તેનો ખ્યાલ દેખતા માણસને આવતો નથી; તેજ પ્રમાણે આંધળા માણસની યુક્તિ–કરામત તે આંધળોજ જાણે છે, બીજા સમજી શકતા નથી.

(ख) તેણે (દ્રુપદ રાજાએ) હોંસથી પણ (ટેક–નિયમ) મોટું લીધું, પણ તે હવે પળાતું નથી, તે જોઇને ગભરાયો. દ્રુપદ રાજાએ પોતાની કુંવરી દ્રૌપદીના સ્વયંવરમાં જે ધનુષ્ય ભાંગે તેને દીકરી પરણાવવાનું પણ લીધું હતું, પણ તે કોઈ રાજાથી ઉંચકાયું નહીં. તે જોઇને ગભરાયો કે હવે દીકરી કોને દઇશ.

(ग) અરૂણે–સૂર્યનારાયણના સારથિએ સોનાની કુંચીથી પોતાનો દરવાજો ઉઘાડ્યો; સૂર્યનારાયણ ઉગતાં પહેલાં આકાશમાં વાદળ લાલ થાય છે,

અને સોનેરી રંગ જેવું દેખાય છે. પછી થોડી વારે સૂર્ય ઉગે છે; આ પ્રથમનું અજવાળું, તે અરૂણ કહેવાય છે.

૨. શ્રીકૃષ્ણ ભગવાન્ તે નારાયણનો, અને અર્જુન તે નરનો અવતાર કહેવાય છે.

૩. (૧) ઈશ્વરે આંખનું તેજ અને સૂર્યનો પ્રકાશ જેટલો પૃથ્વીપર આવે છે તે, એ બન્ને સમતોલ કર્યાં છે. જો વધારે ઓછું હોત તો આંખ નકામી થઈ જાત; (૨) જો હવા (વા) આ જગતમાંથી લઈ લેવામાં આવે તો પૃથ્વીપરનાં સઘળાં પ્રાણી તરતજ નાશ પામે; (૩) પૃથ્વીની મધ્યોત્સારી અને સૂર્યની મધ્યાકર્ષકશક્તિનું સમતોલપણું ન હોત તો પૃથ્વી હાલની સ્થિતિમાં ન રહેત; તેજ પ્રમાણે (૪) સૂર્ય, ચંદ્ર, પ્રાણી, અન્ન, ફળ વગેરે ઈશ્વરની મહાન્ શક્તિ દર્શાવે છે.

૪. (क) પ્રેમાનંદ કવિએ. (ख) 'રંક પિતા આવ્યો મુજ ઘેર, એક કાપડું સોનાનો મેર.'

૫. (૧) 'પંચદ્રવ્ય' ને બદલે 'નવદ્રવ્ય' લેવું–દ્રવ્ય પાંચ નહીં પણ નવ ગણાય છે–પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ, કાળ, દેશ (સ્થળ), આત્મા અને બુદ્ધિ.

(૨) પંચતત્વ–પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ.

(૩) પંચબાણ—અરવિન્દ (કમળ), અશોક, આંબાનો મોર, નવમલ્લિકા (મોગરો), અને નીલોત્પલ (ઘેરા

આસમાની રંગનું કમળ). બીજા કેટલાકના જણાવવા મુજબ–કરેણ, કેતકી, કેવડો, કદંબ, આંબામોર. બીજાના મત પ્રમાણે–ચાંપુ, આંબાનો મોર, નાગકેસર, કેવડો, અને બીલીનું ફૂલ.

(૪) પંચગવ્ય–દૂધ, દહી, ઘી, છાણ, મૂતર (ગાયનાં પાંચ વાનાં).

૬. (क) કમળ, સૂર્યમુખી. (ख) પોયણી.

૭. કોલમ્બસ નામના વહાણવટીએ ૧૪૯૨ માં સ્પેનના રાજાની નાણાંની મદદ લઇને.

૮. (क) સર ટામસ રો. (ख) જહાંગીર પાદશાહ પાસેથી વેપાર કરવાની તથા કોઠી રાખવાની પરવાનગી મેળવી, તથા નવા માલ ઉપરની જકાત માફ કરાવી.

૯. હોડી કે વહાણ અથવા આગબોટથી માલ લાવવા લઈ જવાની સુગમતા પડે છે; મુખ પાસે નવી જમીન બાંધે છે; ખરાબાની કે ખારની અથવા રેતાળ જમીન ઉપર મટોડું નાખી સારી કરે છે; કાંઠાના લોકોને ઠંડી હવાનું સુખ આપે છે, વગેરે.

૧૦. (क) નદીઓનું પાણી દરિયામાં આવે છે તે પાણીમાં જમીનમાંનો ખાર પિગળવાથી ખારું રહે છે.

(ख) પાણી ખારું ન હોત તો ગંધાઈ ઉઠત, અને ખરાબ થઈ જાત, તેથી તેમાં રહેતાં અનેક જીવ જંતુ મરી જાત.

(ग) વહાણ અને આગબોટો ચાલે છે તેથી એક દેશને બીજા દેશ સાથે સહેલાઇથી અરસપરસ

વ્યવહાર ચાલે છે; તથા જવા આવવાનું, માલ લાવવા લઈ જવાનું સુગમ પડે છે; મીઠું મળે છે; દરિયાની હવાનો લાભ કાંઠાના લોકોને મળે છે; દરિયાના પાણીની વરાળ થઈ ઉંચે ચઢી પછી તેનો વરસાદ આવે છે; મોતી પાકે છે; રેતી મળે છે; ખાણુના કોયલા હોઈ શકત નહીં, તેથી કોયલાથી થતા લાભ મળી શકત નહીં; હવામાં ફેરફાર કરે છે, અને હવામાં ગતિ ઉત્પન્ન કરે છે.

૧૧. સામ, દામ, ભેદ, દંડ.

૧૨. સર ટી. સી, હોપ; ડાકટર જી. બૂલર; ગ્રેહામ સાહેબ; ગ્રીન સાહેબ; ટી. બી. કરટીસ; રા. સા. મહીપતરામ રૂપરામ; રા. બા. ભોગીલાલ પ્રાણવલ્લભદાસ; રા. સા. મયારામ શંભુનાથ; રા. બા. ગોપાળજી સુરભાઈ; રા. સા. પ્રાણુલાલ મથુરાદાસ; રા. રા. રણછોડભાઈ ગીરધરભાઈ; રા. બા. મોહનલાલ રણછોડદાસ; દી. બા. અંબાલાલ સાકરલાલ; ખા. બા. જમસેદજી અરદેસર દલાલ; રા. રા. મહાદેવ મોરેશ્વર કુન્તે; રા. રા. નવલરામ લક્ષ્મીરામ; રા. રા. ત્રીપુરાશંકર મણીશંકર મહેતાજી; રા. રા. મેહેતાજી દુર્ગારામ મંછારામ; રા. રા. તુળજારામ સોમનાથ; રા. રા. વાઘજીભાઈ મીઠાભાઈ; રા. રા. મણિધરપ્રસાદ તાપીપ્રસાદ; રા. રા. ઉત્તમરામ નરભેરામ, વગેરે.

## ૬૮

૧. (क) ઘણી ભારે-ભયંકર પ્રતિજ્ઞા લેવી તેને ભીષ્મ પ્રતિજ્ઞા કહે છે.

પાંડવોની પહેલાં ચોથી પેઢીએ હસ્તિનાપુરમાં શાંતનુ નામે રાજા થઈ ગયો. એ રાજાનું લગ્ન ગંગાજી સાથે થયું હતું, તેનાથી એને આઠ પુત્ર થયા હતા. પણ દેવવ્રત કરીને સૌથી નાના છોકરા સિવાય બધા મરી ગયા હતા. દેવવ્રત જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ તેમનામાં અસાધારણ ગુણ જણાયા હતા. તેમના પિતા શાંતનુ રાજાએ એક માછીની રૂપવાન કન્યા જેનું નામ સત્યવતી-યોજન ગંધા-મત્સ્ય ગંધા હતું તેને જોઈ ત્યારે તેને પરણવાની ઈચ્છા થઈ; પણ માછી રાજાએ જણાવ્યું કે, સત્યવતીને જે પુત્ર થાય તેને ગાદી આપો તો કન્યા પરણાવું; પરંતુ ગાદીનો હક્ક દેવવ્રતનો હતો તેથી એ વાત રાજાને પસંદ પડી નહીં. પણ તે દિવસથી તેનું શરીર સુકાતું ચાલ્યું. આ વાતની દેવવ્રતને ખબર પડી, તેથી તેણે પિતાના તરફથી માછી રાજા પાસે કન્યાનું માગું કર્યું. તેણે પ્રથમના જેવો જવાબ આપ્યો એટલુંજ નહીં, પણ દેવવ્રતના વંશમાં કોઇનો હક્ક નહીં એમ કબુલ કરો તો કન્યા પરણાવું એવું કહ્યું; એ ઉપરથી દેવવ્રતે કુંવારા રહેવાનો માછી રાજાને કોલ આપ્યો અને પ્રતિજ્ઞા કરી. આ ભીષ્મ એટલે ભયંકર પ્રતિજ્ઞા દેવવ્રતે લીધી તે દહાડાથી (દેવવ્રત) ભીષ્મને નામે ઓળખાવા લાગ્યા.

(ख) એવીજ પ્રતિજ્ઞા પ્રતાપ રાણાએ લીધી હતી,

કે મેવાડનું રાજ્ય મેળવતાં સુધી જમીન ઉપર સુવું, અને પતરાળીમાં જમવું.

૨. જમીનમાંનો ભેજ અને જીવ જંતુ લાગી ખવાઈ ન જાય માટે.

૩. જુઓ પરિશિષ્ટ અ—ચરિત્રાવલી.

૪. બંગાળા—નૈષધ દેશ; ઉત્તર બંગાળા—ગૌડ; બહાર પ્રાંત—મગધ; વરાડ—વૈદર્ભદેશ; ઓરિસાના દક્ષિણ ભાગ—કલિંગ; માલવાનો પશ્ચિમ ભાગ—અવંતિ; કાઠિયાવાડ—સૌરાષ્ટ્ર; ઓખા મંડળ—આનર્ત; મહી અને નર્મદા વચ્ચેનો પ્રદેશ—લાટ; દક્ષિણ મ્હૈસુરનો ભાગ—ચૌળ; પેશાવર—ગાંધાર.

૫. જૂદી જૂદી જાતનો ખોરાક ખાવાથી તે વધ ખવાય છે, અને જૂદાં જૂદાં તત્વો આવે છે તેથી પાચન શક્તિમાં વધારો કરે છે.

૬. (૧) બત્રીસ પુતળીઓની વાર્તા, સુડા બોહોતેરી, મડા પચીસી—એ ત્રણ ગ્રંથ સામળભટ (૧૬૮૩–૧૭૪૪) ના છે. (૨) વિજયવાણી—કવિ વિજયાશંકર કેશવરામ (સુરતના). (૩) કાવ્ય કૌસ્તુભ—કવિ બુલાખીરામ ચકુભાઈ (અમદાવાદના). (૪) કુંજ વિહાર—રા. રા. હરિલાલ હર્ષદરાય ધ્રુવ (અમદાવાદના).

૭. (૧) સાગનાં—મલબાર, બ્રહ્મદેશ, કોકણમાં, ડાંગના જંગલમાં. (૨) નાળિયેરી—મલબાર કાંઠે, બંગાળામાં. (૩) કેળ—હિંદુસ્તાનમાં બંગાળામાં, કર્ણાટક, વસઈ,

ગોવા, સીલોન, બ્રહ્મદેશમાં; હિંદુસ્તાન બહાર—દક્ષિણુ અમેરિકા, કયુબા, ક્વિન્સલેન્ડ, સાઉથ સીના ટાપુઓ, વેસ્ટ ઇન્ડિઝ બેટા, ચીન દેશમાં.

૮. (क) દિલ્હીના બાદશાહને બેસવાનું તખ્ત હતું.
(ख) શાહજહાં બાદશાહના વખતમાં.
(ग) તેની કારીગરી, તથા તેમાં ઘણાં જવાહિર જડેલાં હોવાથી, તથા તેની ઘણી ભારે કિમ્મત હોવાથી. (જુઓ પ્રશ્નપત્ર ૫૭—પ્રશ્ન ૧)
(घ) ઇરાનના રાજા નાદિરશાહના હાથમાં ગયું.

૯. વિષ્ણુ, શિવ, દેવી—પાર્વતી, ગણુપતિ અને સૂર્ય.

૧૦. ભીત સીધી ચણાય તથા બાજુપરથી કોઈ ઈંટ બહાર નિકળી ન જાય માટે; જો દોરી ન બાંધે અને ઇંટ જરા જરા પણુ બહાર નિકળતી જાય તો ઉપરથી ભીત પહોળી થઈ જાય અને પડી જાય.

૧૧. (૧) ઘાટ—આકાર; મારી નાખવું (ઘાટ ઘડવો); ઓવારા; સ્ત્રીઓનું રેશમી કપડું—ગાળો; શિકલ; લાંબો પડેલો પહાડ; પહાડ ઉપર ચઢવા ઉતરવાનો રસ્તો; યુક્તિ, તજવીજ; તમારો ઘાટ ખાય તેમ નથી (તમારૂં કામ થાય તેમ નથી).
(૨) વાળવું—કચરો કાઢી સાફ કરવું; ચોટલો વાળવો; અંબોડો વાળવો; નીચું રાખવું (લોટો ઉંધો વાળવો); પાણી જવાનો રસ્તો કરવો (ટાંકામાં પાણી વાળવું); પાછું ફેરવવું (ગાડી વાળવી); વિંટવું (બીડી વાળવી); મ્હોડું ઢાંકીને રડવું (મ્હોં વાળવું); સમાપ્ત કરવું (વરસી વાળવું); ઉતારવું (ઝેર વાળવું); દાણા વાળવા; ઉંધું વાળવું

(ઉઠમણાને દહાડે); મરડવું (મૂછના આંકડા વાળવા); જોરવાળું કરવું (શરીર વાળવું); દિલાસો દેવો (મન વાળવું); પાછું આપવું (કરજ વાળવું); ગોળ આકારમાં લપેટવું (વીંટો વાળવો); ઘડી કરવી (ધોતીઉં વાળવું); જવાબ દેવો (ઉથલો વાળવો); થાક ખાવો (સવારનો પગ વાળ્યો નથી); વાળી લેવું-(માગતાં પેટે તેટલી કિંમતનો માલ રાખવો).

(૩) ઘર-મકાન; કુટુંબ; કુળ; જનાવરનાં દર; ગ્રહનું ઘર; સ્થાન (શેતરંજનાં મોહોરાંનાં ઘર; હાલત (તે હમણાં વાયુને ઘેર ગયો છે); રાગની જાત (રાગનાં ઘર); બચાવ (તે પોતાનું ઘર રાખી વાત કરે છે); ચશ્માનું ઘર; ઘર ઘાલ્યું; ઘર ફોડવું; ઘર માંડવું; ઘર બેસવું; ઘર ચલાવવું; તે ઘરનો સુખી છે; ઘરવાળો (ઘરનો ધણી); ઘરનો થંભ પાણી પીને ઘર પૂછવું; દેવજી તો ઘરના છે.

૧૨. બરફની ઠંડીને લીધે પહેલાં કાચ ઉપર અસર થાય છે. થર્મોમિટરનું બલ્બ (દડી અથવા ફુક્કો) સંકોચાય છે, અને તેથી થર્મોમિટરને બરફમાં મૂકયા પછી તેમાંના પારાને તે કાંઈક વાર સુધી સ્થિર-(જેટલી ઉંચાઈએ હોય ત્યાંજ) રહેવા દે છે; અથવા નળીમાં જરા ઉપર પણ ચઢાવે છે.

# ૬૧

૧. (क) લોકોમાં ચાલતી નુકસાનકારક રૂઢિઓ કે તેમના રીતરિવાજોમાં લાભદાયક થાય એવો ફેરફાર કરવો, એ સુધારાનો ખરો અર્થ છે.

(ख) બાળલગ્નનો અટકાવ, પુનર્લગ્નનો પ્રચાર, જાતિભેદ દૂર કરવો, પરદેશ ગમનની છૂટ, સારા માઠા અવસરે હદ કરતાં વધારે ખર્ચ કરવો નહીં, વગેરે.

૨. એકસો પાંત્રીસ ગણું (ગ્રેટબ્રિટનનું ક્ષે. ફ઼. ૮૮,૬૮૪ ચોરસ માઇલ; બ્રિટિશ રાજ્યનું ૧,૨૦,૦૦,૦૦૦ ચો. મા.).

૩. નવપ્રકાર—નવધા ભક્તિ—શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય, આત્મનિવેદન.

૪. (क) દયારામ કવિએ ગુજરાતી ભાષામાં અને વ્રજભાષા (હિન્દી—વ્રજદેશના—ગોકુળ મથુરા તરફના લોકની ભાષા)માં શૃંગાર (પ્રેમ) ભક્તિ (ઇશ્વિર સંબંધી) અને નીતિના વિષયો ઉપર કવિતા કરીને એ બન્ને ભાષાઓમાં ભાષા શાસ્ત્રનાં પુસ્તકોમાં વધારો કર્યો છે.

(ख) દયારામની કવિતામાંથી ઘણા શબ્દોના અર્થનું જ્ઞાન થાય છે, તથા વ્યાવહારિક બાબતોનું ઘણું અને સારૂં જ્ઞાન મળે છે.

૫. (૧) સન ૧૮૩૭ (જુનની તા૰ ૨૦ મીએ) મહારાણી વિકટોરિયા ગાદીપર બેઠાં હતાં.

(૨) ૧૮૫૮ માં ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સત્તા બંધ કરી, અને બ્રિટિશ રાજકર્ત્તાંએ હિંદુસ્તાનનો રાજકારભાર હાથમાં લીધો, તથા મહારાણી શ્રીએ ઢંઢેરો કાઢ્યો (જુઓ પ્રશ્નપત્ર ૬૩, પ્રશ્ન ૧ લો).

(૩) ૧૮૭૭ માં મહારાણી વિકટોરિયાએ 'કૈસરે હિંદ'નું પદ ધારણ કર્યું.

(૪) ૧૯૧૧ માં સમ્રાટ્ પંચમ જ્યૉર્જ તથા મહારાણી મેરી ઈંગ્લાન્ડથી ખાસ હિંદુસ્તાનમાં પધાર્યાં; અને ડીસેમ્બર માસની તા૦ ૧૨ મીએ મોટો દરબાર ભરી શેહેનશાહપદ ધારણ કર્યાં બદલ રાજ્યાભિષેક કર્યાનું જાહેર કર્યું.

૬. (क) આકાશમાં કાળાં વાદળાં થાય છે; શરીરે પરસેવો અને ધામ ઘણો થાય છે; ચકલાં ધૂળમાં ન્હાય છે; હમેશના કરતાં હવામાં ભિનાસ વધારે જણાય છે; મીઠું અને બીજા ખાર હવા લાગી ઓગળે છે; કીડી અને મંકોડી દરમાંથી બહાર નિકળી ઉભરાય છે; વડની વડવાઇઓ ફૂટે છે; પંખીઓ માળા બાંધવા માંડે છે; સૂર્ય આથમતાં પીળા રંગનો દેખાય છે; ચંદ્રની આસ-પાસ ધોળું કુંડાળું જણાય છે; નૈર્ઋત્ય દિશામાંથી ઠંડો પવન આવે છે, અને ઈશાનમાં વિજળી થાય છે.

(ख) મોર.

૭. ઈંટ પલાળેલી હોય તો ચૂનાનું પાણી ચુસી લે નહીં, અને ચુનો કોરો પડી જાય નહીં; એટલે એક ઉપર એક ઈંટ બરાબર ચોંટે માટે.

૮. (क) કોહિનૂર—એ હીરો છે, એ ઘણો અમૂલ્ય છે—એને કાપ્યો—ઘસ્યો નહોતો ત્યારે એનું વજન ૯૦૦ કેરેટ હતું; હાલ કાપી સાફ કરેલો છે, તેથી ૧૦૬ કેરેટ વજન થાય છે.

(ख) દક્ષિણ હિંદુસ્તાનની (ગોવળકોંડાની) ખાણમાંથી એ નિકળ્યો હતો. કૌરવ પાંડવના વખતમાં કરણરાજાએ ઘરેણાંમાં એ પહેર્યો હતો એમ કહે છે. માળવાના રાજા વિક્રમ પાસે એ હતો. ત્યાંથી મુસલમાન પાદશાહે (અલાઉદ્દીને) માળવા જીત્યો, ત્યારે તેમની પાસે તે ગયો. પછી સેંકડો વર્ષ સુધી પાદશાહી ખજાનામાં રહ્યો; પછી ઇરાનનો રાજા નાદિરશાહ દિલ્હીનું ઝવેર લૂટી ગયો તેની સાથે એ હીરો પણ ઇરાન ગયો. ત્યાંથી કાબુલના પાદશાહ અહમદશાહ પાસે આવ્યો. ત્યાંના રાજા શાહસુજા પાસેથી પંજાબના રણજીતસિંહે લીધો. સને ૧૮૪૫ માં પંજાબ અંગ્રેજ સરકાર જીત્યા ત્યારે એ હીરો તેમના હાથમાં આવ્યો, અને ઇંગ્લાંડ ગયો.
(ग) હાલ ઇંગ્લાંડના રાજાના મુગટમાં છે.

૯. સાગ, સીસમ, દેવદાર.

૧૦. જુઓ પરિશિષ્ટ अ—ચરિત્રાવલી.

૧૧. (क) બેડો—એક મુખીના ઉપરીપણા તળે જેટલા માણસો હોય તે ટુકડી—આરબનો બેડો; વહાણ (બેડો બાઈ બુડતો તારો રે, અંબે આઈ પાર ઉતારો). બેડી—લોઢાની કેદીના પગમાં નાખવાની; કેટલીક સ્ત્રીઓ હાથની બે આંગળીઓમાં (સોના રૂપાની) ભેગી વીંટી પહેરે છે તે. બેડું—પાણીનું—ગાગર અને ઘડો મળીને.

(ख) વાંકડો—અનાવળા બ્રાહ્મણમાં વરને કન્યાવાળા પહેરામણી આપે છે તે. વાંકડી—એક જાતની સોપારી વાંકડી કહેવાય છે તે. વાંકડું—સ્ત્રીઓને કોણી આગળ પહેરવાનું સોનાનું ગુંથેલું ઘરેણું—વાંક જેવું.

૧૨. શિવરાત્રી (માઘ વદ ૧૪); રામનવમી (ચૈત્ર

સુદ ૯); હનુમાન જયન્તિ (ચૈત્ર સુદ ૧૫); નૃસિંહ જયન્તિ (વૈશાખ સુદ ૧૪); જન્માષ્ટમી–ગોકુલઅષ્ટમી–કૃષ્ણ જયન્તિ (શ્રાવણ વદ ૮); ગણેશ ચતુર્થી (ભાદરવા સુદ ૪).

## ૭૦

૧. જુઓ પરિશિષ્ટ અ–ચરિત્રાવલી.

૨. (क) પ્રાણીજ પેદાશ છે. માછલીની શાપોમાંથી નિકળે છે.

(ख) દરિયામાં વહાણો રાખી મોતીની શાપો કાઢનારા તેમાં ડુબકી મારી તે (શાપો) કાઢી લાવે છે. કાઢ્યા પછી સુકવી તેના મોટા ઢગલા કરે છે. પછી અંદરથી મોતી ચૂંટી કાઢે છે, અને તેના નાના મોટા વડ જૂદા પાડી તેને ધુવે છે, ઓપ લાવે છે, અને વિંધે છે.

૩. (क) વલ્લભાચાર્યના સંપ્રદાયને.

(ख) "પુષ્ટિ એટલે પોષણ, પ્રભુ જીવાત્માનું ધાર્મિક પોષણ કરે છે તે; અર્થાત્ એની સ્વતંત્ર કૃપા, જે શાસ્ત્રના નિયમની પણ દરકાર કરતી નથી. શાસ્ત્રના વિધિ નિષેધ જાળવીને પ્રભુની સેવા કરવી, તે મર્યાદા માર્ગ. શાસ્ત્રમાં બતાવેલાં સાધન ન હોવા છતાં કેવળ પ્રભુની કૃપા ઉપરજ આધાર રાખી ભક્તિ કરી કૃપા પામવી તે પુષ્ટિ માર્ગ."

૪. જુઓ પરિશિષ્ટ અ—ચરિત્રાવલી.

૫. (क) મત્સ્યેન્દ્રનાથ—મચ્છેન્દ્રનાથ.
(ख) કાનમાં ગોળ ચક્કર ઘાલે છે. (ग) મઢી.

૬. બરફ, કેરોસિન તેલ, માખણ, લાકડું (શીમલો અને અબનુસ શિવાયનું)—હલકું છે; પારો—ભારે છે.

૭. (૧) ખારવું—તળાઈ, ગોદડાં, જાજમ, વગેરે સારૂ ગજીઆનું રંગેલું રાતું કપડું, સેલું. (૨) ખાદી જાડું પણ જરા ઘટ કપડું. (૩) બાસ્તો—જાડું પણ સફાઇદાર વણેલું કપડું. (૪) મોદ—ખાદીનું ઘણું જાડું ને લાંબું પહોળું પાથરણા જેવું, ગાડામાં દાણા વગેરે ભરતાં વેરાય નહીં માટે મોટું જાડું કપડું પાથરે છે તે. (૫) ખુગણ—મોદ—આથર—ઉપર પ્રમાણે—કાઠિયાવાડમાં ખુગણ કહે છે, અને તે જરા વધારે જાડું હોય છે. (૬) ચાદરૂં—મોદ કે ખુગણની જાતના કપડાનું ઘરમાં બેસવા માટે કે પથારી તળે પાથરવાનું જાડું, મોદ કરતાં નાનું, કપડું.

૮. ઘર્ષણ થવાથી દીવાસળીને લગાડેલો પદાર્થ સળગી શકે છે.

૯. શિવાજીએ.

૧૦. રૂશિયાનું ૮૬ લાખ ૬૦ હજાર ચોરસ માઇલ (યુરોપ ખંડમાં આસરે ૨૧ લાખ, એશિયા ખંડમાં ૬૫ લાખ); હિંદુસ્તાનનું ૧૯ લાખ ચો.

મા. (ક્ષેત્રફળ વધારે છતાં રૂશિયાની વસ્તી ઘણી ઓછી છે).

૧૧. (क) જે પદાર્થનો સ્વાદ ખાટો અથવા તીક્ષ્ણ નથી, અને એસિડ તથા આલ્કલિના મિશ્રણથી બને છે તેને ક્ષાર કહે છે. સાધારણ મીઠું એ એક ક્ષાર છે.

(ख) સિલ્વર નાઇટ્રેટ, પોટાસ ટારટરેટ, સોડિયમ કલોરાઇડ (મીઠું), ફટકડી.

૧૨. કંકુ–પાટણ, નવાનગર; ગુલાલ–પાદરા (વડોદરા પ્રાંત); અગરબતિ અને અત્તર નવાનગરમાં.

## ૭૧

૧. (क) શરીરને પોષણ આપવા–શરીરમાં ઘસાતા પદાર્થને બદલી બીજો પૂરો પાડવા સારૂ–શરીરની ગરમી ચાલુ રાખવા સારૂ.

(ख) જીંદગી જાળવવા સારૂ નિરંતર જોઇતા ખોરાક (જે શરીરને ગુણકારી ગણાય તે)ની પાંચ જાત છેઃ–(૧) પૌષ્ટિક અથવા જેને અંગ્રેજીમાં નાઇટ્રોજનવાળો કહે છે તે; (૨) ચરબીવાળો; (૩) આટાના સત્વવાળો અથવા જેને અંગ્રેજીમાં સ્ટાર્ચી કહે છે તેઃ (૪) ક્ષાર; (૫) પાણી. આપણા શરીરમાં ઘણા પ્રકારના તત્વો છે. બધાનું આ પાંચ પ્રકારના ખોરાકથી પોષણ થાય છે, અને તેથી આપણા નિત્યના ખોરાકમાં એ પાંચ પ્રકારના ખોરાકની

જરૂર છે. આ પાંચ પ્રકારના ખોરાકમાંથી દરેકનું કેટલું વજન શરીરના પોષણ માટે નિત્ય જરૂરનું છે તેનો કાંઇક અંદાજ જાણવાની જરૂર છે. શરીરરચના, ટેવ, પ્રકૃતિ અને દેશનાં હવા પાણી તેમજ ઉમ્મરના પ્રમાણમાં ખોરાક વધતો ઓછો લેવાય છે, તો પણ મધ્યમ પ્રકારે નિત્ય કયો કયો ખોરાક કેટલા વજનમાં લેવો જોઇએ, તેનું પ્રમાણ નીચે મુજબ છે:-

| | | |
|---|---|---|
| ૧ પૌષ્ટિક તત્વવાળો ખોરાક | નિત્ય ૧૦ | રૂપિયા ભાર |
| ૨ ચરબીવાળો ખોરાક | ,, ૮ | ,, |
| ૩ આટાના સત્વવાળો ખોરાક | ,, ૩૦ | ,, |
| ૪ ક્ષાર | ,, ૪ | ,, |
| ૫ પાણી | ,, ૧૫૦ | ,, |

૨. (૧) વીમો—અમુક મુદતે અમુક રકમ ભરવાથી કોઈ પણ માલ, ઇમારત કે જીંદગીને નુકસાન થવાથી પૈસા મળી શકે એવી ગોઠવણ કે વ્યવસ્થા કરવી તે. (૨) કમિશન—અમુક માલના વેચાણ કે ખરીદીપર સેંકડે અમુક ટકા તે કામ કરી આપનારને આપવા તે; હકસાઈ. (૩) બૂક-પોસ્ટ—ખુલ્લા મોઢાનું પાકીટ; કોઈ પણ પુસ્તક, ચોપાનિયું વગેરે બીજે ગામ મોકલવાને બે બાજુ (મ્હોડું) ખુલ્લી રાખી ટપાલ મારફત મોકલવું તે. (૪) વિલ—પોતાના મરણ પછી પોતાની માલ મિલકતની વ્યવસ્થા કેવી રીતે કરવી તેની વિગતવાર રીતસર હકીકત જેમાં લખી રાખેલી હોય તેવો લેખ; વસિયતનામું.

૩. જુઓ પરિશિષ્ટ અ—ચરિત્રાવલી.

૪. સદ્‌ગત ઇચ્છારામ સૂર્યરામ દેશાઇએ, પોતાના 'ગુજરાતી' પ્રિન્ટિંગ પ્રેસમાં છાપી પ્રગટ કર્યાં છે.

૫. (क) હાથી—૧૦૦ થી ૧૨૫ વર્ષ; ઘોડો—૩૦ થી ૩૫ વર્ષ; ગાય—૨૫ વર્ષ અને ભેંસ—૩૫ થી ૪૦ વર્ષ.
(ख) આસરે ૧૦૦ મણ સુધી.

૬. (૧) ઉપર ઉપરથી હેત ભાવ બતાવી અંદરખાનેથી (મનમાં) કપટ ભાવ રાખીને બોલનારી સગપણના સંબંધવાળી સ્ત્રીને માટે; તેના સંબંધી વાત નિકળે તેવે પ્રસંગે.
(૨) વ્યવહારમાં ચોખ્ખો ન હોય છતાં મોટા માણસના જેવું ડોળ બતાવનારને માટે; પૈસાનો વધારે ડોળ બતાવે છે એવું જણાવવા માટે.

૭. ઉનની પુમ ઘસાઈ જવાથી તથા ઘટ્ટ ન રહેવાથી; નવા બનુસની અંદરથી હવા વધારે બહાર નિકળી શકતી નથી, કેમકે એ મંદવાહક છે તેથી બહારની ઠંડી હવા અંદર જતી નથી, તેમ અંદરની ગરમ હવા વધારે રહી શકે છે.

૮. મુંબઈ ટાઇમ કરતાં મદ્રાસ ટાઇમ ૩૦ મિનીટ અગાડી હોય છે, અને મદ્રાસ ટાઇમ કરતાં સ્ટેન્ડર્ડ ટાઇમ ૯ મિનીટ આગળ હોય છે. મુંબઈ ટાઇમ પ્રમાણે બાર વાગ્યા હોય ત્યારે મદ્રાસ ક. ૧૨—૩૦ મી., અને સ્ટેન્ડર્ડ ક. ૧૨—૩૯ મિ. હોય છે.

૯. (क) ઉપમા, રૂપક, અતિશયોક્તિ, ઉત્પ્રેક્ષા, સજી-

વારોપણુ. (ख) અલઙ્કાર પ્રવેશ–કવિ નર્મદાશંકર; અલંકાર ચંદ્રિકા–કવિ સવિતાનારાયણ ગણુપતિનારાયણ; ભાષા ભૂષણુ–કવિ દલપતરામ દુર્લભરામ તથા હીરાચંદ કાનજી; અલઙ્કાર પ્રવેશ ( છપાવાનો છે )–દિ. બા. રણછોડભાઈ ઉદયરામ.

૧૦. (क) પૃથ્વીના મધ્યમાં યુરોપ, એશિયા તથા આફ્રિકા ખંડની વચ્ચે આવેલો છે તે ઉપરથી. (ख) લાલ સમુદ્ર સાથે સુએઝની નહેરથી, અને આટલાન્ટિક મહાસાગર સાથે જીબ્રાલ્ટરની સામુદ્રધુનીથી.

૧૧. રામાનંદ, કબીરજી, નાનક, તુલસીદાસ, ચૈતન્ય, સુરદાસ, નરસિંહ મહેતા, મીરાંબાઇ, તુકારામ, રામદાસ સ્વામી, ગુરૂગોવિંદ, નિરાંત ભક્ત, ધીરાભક્ત, ભોજો ભક્ત, ભાલણુ, બોપદેવ, અખોભક્ત.

૧૨. રંદાના જેવી રીત નભે (ચાલે) નહીં, અર્થાત્ રંદો જેમ લાકડાને સુંવાળું કરવા છોલ ઉખાડે છે, તે છોલ (છોડાં) સામા માણુસને આપી દે છે, તે પ્રમાણે દુનિયામાં કમાઇને સામાને આપી દેવું ( દાનજ કર્યા કરવું ) તે નભે નહીં; તેમજ વાંસલાની પેઠે કરવું એટલે છોડાં છોલી છોલીને પોતાના તરફજ લેવાં, મતલબ કે એકલી સ્વાર્થ બુદ્ધિ કે લોભ રાખવો, એથી વરતું થાય, એટલે ખોટું થાય; માટે કરવતની કક્ષા (રીત) અહી રાખો–પકડી રાખો. મતલબ કે તે જેમ બન્ને બાજુએ વહેર નાખે છે, તેમ તમે કરો, એટલે તમે ધનનો

સંગ્રહ કરો અને દાન પણ કરો કે જેથી આ લોક અને પરલોક બન્નેમાં સુખી થશો.

# ૭૨

૧. (क) એક મધ્ય સ્થળવાળા ગામમાં પુસ્તકોનો સંગ્રહ રાખી ત્યાંથી આસપાસનાં ગામડાંઓમાં લોકોને, અથવા મોટાં શહેરોમાં રાખી શહેરના જૂદા જૂદા ભાગમાં અગર બીજા ગામોની લાઇબ્રેરીઓ તરફ વારા ફરતી પુસ્તકો વાંચવા મોકલવાની વ્યવસ્થા રાખવી તે; આથી ઘણાં લોકો પોતાને ઘેર બેઠાં અન્ય સ્થળોનાં પુસ્તકોનો લાભ મેળવી શકે છે.

(ख) વડોદરા રાજ્યમાં.

૨. (क) સહજાનંદ સ્વામીએ. (ख) ઉત્તર હિંદુસ્તાનના અયોધ્યાની પાસે છપૈયા ગામના સરવરિયા બ્રાહ્મણ હરિપ્રસાદના વચલા પુત્ર. (ग) વડતાલ, અમદાવાદ, ગઢડા (કાઠિયાવાડમાં).

૩. (क) છાપવાની, બંદુકનો દારુ બનાવવાની, ચીનાઈ માટીના વાસણ બનાવવાની, કાગળ બનાવવાની. (ख) લગભગ ચોથો ભાગ. (ग) પુરુષો માથે લાંબી લાંબી ચોટલી રાખે છે, અને ઘાઘરા પહેરે છે; અને સ્ત્રીઓ મરદ જેવી લાગે છે, તે ટુંકા લેંઘે

અને બંડી પહેરે છે, તેના પગની પાટલીઓ સાંકડી હોય છે, અને તે ચોટલામાં ફૂલ ઘાલે છે.

૪. (૧) પૃથ્વી સૂર્યની આસપાસ વર્ષ દહાડામાં ફરી રહે છે તે વાર્ષિકગતિ; (૨) પૃથ્વી ફરે છે ત્યારે તેની ધરી હમેશાં સમાન રહે છે; (૩) પૃથ્વીનો અક્ષ તેની કક્ષાની સાથે ૨૩½° અંશનો ખૂણો કરે છે; આથી સૂર્યના કિરણ પૃથ્વીના જે ભાગ ઉપર સીધાં પડે છે ત્યાં તાપ વધારે પડે છે, અને જે ભાગ પર કિરણો આડાં પડે છે એટલે કમી જોરવાળાં પડે છે તે ભાગ પર ટાઢ પડે છે.

૫. ભૂમધ્ય સમુદ્રમાં અને બાલ્ટિક સમુદ્રમાં.

૬. બટન કરવામાં, રમકડાં કરવામાં, વગેરે.

૭. પૃથ્વીના ઉત્તર ભાગમાં ઉત્તર ધ્રુવની આસપાસના પ્રદેશોમાં એશિયાઈ સૈબિરિયા, યુરોપખંડની ઉત્તરનો ભાગ, ગ્રીનલાન્ડ, હામર્ફેસ્ટ શહેરમાં.

૮. વેદ—તૈલંગનો; વ્યાકરણ—મૈથિલનું; ન્યાય—(નદિયા શાંતિપૂરનો) બંગાળાનો; વેદાન્ત—દ્રવિડનો; સાંખ્ય—કાશીનું; યોગ—હરદ્વારનો; જ્યોતિષ—મારવાડનું; રસાલંકાર—શિવકાંચી—વિષ્ણુકાંચીના; કાવ્યપુરાણ—ગુજરાતનાં.

૯. ભોપાળમાં; ભોપાળનાં બેગમ.

૧૦. વાલ્મીકિ—વાલ્મીક રામાયણ માટે; પાણિનિ—વ્યાકરણ માટે; બાણ—કાદમ્બરી માટે; કાલિદાસ—

કાવ્યો અને નાટકો માટે (રઘુવંશ કાવ્ય, શાકુન્તલ નાટક, વિક્રમોર્શીય નાટક, વગેરે)

૧૧. સીસું, કલઈ, એન્ટિમની, તાંબું.

૧૨. (૧) લિમિટેડ કંપની—સંકુચિત જવાબદારીવાળી કંપની કોઈ પણ કાર્ય કરવાને ભાગીદારો એકઠા મળીને અમુક અમુક શેરો લઈ નાણાં પૂરાં કે પ્રમાણમાં ભરે, અને મંડળી ઉભી કરે તે કમ્પની કહેવાય છે. જે કમ્પની લિમિટેડ હોય છે તેના ભાગીદારો પોતે દર શેરની નક્કી કરેલી રકમ જેટલાંજ નાણાંને માટે જવાબદાર ગણાય છે; દરેક શેર જો રૂ. ૫૦૦) નો હોય તો શેર દીઠ પાંચસોથી વધારે રકમ માટે તે જવાબદાર ગણાતે નથી. (૨) જોઈન્ટ સ્ટૉક કમ્પની—અનેક માણસોએ અમુક પ્રમાણમાં નાણાં કાઢી વેપાર કરવાને ઉભી કરેલી મંડળી. આ સરકારમાં નોંધાય છે. આવી કમ્પની 'લિમિટેડ'—સંકુચિત જવાબદારીવાળી અથવા 'અનલિમિટેડ'—અસંકુચિત જવાબદારીવાળી હોઈ શકે છે; પરંતુ વીસ ઉપરાંત ભાગીદારોએ તેમાં નાણાં ભરવાં જોઇએ; વીસથી કમી ભાગીદારો હોય તો પંતિયાળું કહેવાય છે.

## ૭૩

૧. સૂર્ય, તારા, ગ્રહો, ચંદ્ર, ધૂમકેતુ, ખરતા તારા.

૨. (क) ઇસ્તામબુલ. (ख) એ રસ્તે થઈ હિંદુસ્તાનનો માલ યુરોપ ખંડમાં જતો હતો.

૩. (क) દર શનિવારે ઉપડે છે; દર શુક્રવારે આવે છે. (ख) એડન, પોર્ટ સૈયદ, બ્રિન્ડિસી થઈ, પારિસ, કાલે, ડોવર થઇને લન્ડન જાય છે; અથવા પોર્ટ સૈયદથી માર્સેલ્સ થઈ, પારિસ, કેલે, ડોવર થઇને લન્ડન જાય છે; ખાસ અડચણ હોય ત્યારે જીબ્રાલ્ટર થઇને લન્ડન જાય.

૪. (૧) સ્વામીનારાયણના સંપ્રદાય ઉદ્ધવ સંપ્રદાયના નામથી ઓળખાય છે. ધામમાં રહેલા પરબ્રહ્મ પોતે નિમિત્ત કારણ છે, અને પોતાના પ્રકાશરૂપ સંકુચિત અંતર્યામી શક્તિરૂપે ઉપાદાન કારણ છે. (૨) જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ (અક્ષર), અને પરબ્રહ્મ એ પાંચ ભેદ અનાદિ સ્વરૂપ સિદ્ધ છે. (૩) જીવ મુક્ત થાય છે ત્યારે માયાની ઉપાધિ ત્યાગ કરીને ભગવાનના ધ્યાનના બળથી નિરાકાર છતાં પણ પોતે ચેતનજ આકારરૂપ બની પુરૂષોત્તમ નારાયણની સેવામાં રહે છે, તેને મુક્તિ (મોક્ષ) માનેલી છે. (૪) મુક્તિ (મોક્ષ)નું સાધન ધર્મ, વૈરાગ્ય અને જ્ઞાન એ ત્રણ સહિત એકાન્તિક ભક્તિ કરવી તે માનેલું છે. પોતાના આત્માને અક્ષર ધામ સાથે ઐક્ય ભાવના કરી પરબ્રહ્મમાં અખંડ અવિચ્છિન્ન વૃત્તિ દેહ પર્યંત જોડી રાખવી તે એકાન્તિક ભક્તિ છે, અને તેજ મોક્ષનું સાધન છે. (૫) સ્વામી નારાયણના સંપ્રદાયમાં અષ્ટ પ્રકારના બ્રહ્મચર્ય વ્રતને બહુ મહત્વ આપે છે. બહુધા રામાનુજાચાર્યના સિદ્ધાન્તોને મળતા એમના સિદ્ધાન્તો જણાય છે.

૫. ખૈબર પાસ; બોલન ઘાટ.

૬. શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડ સરકારની

મદદથી ૩૫ અંક દિ. બા. મણિભાઇ જશ
વગેરેની કમિટી તરફથી મુખ્યત્વે રા.
હરગોવિન્દદાસ દ્વારકાદાસ કાંટાવાળાની દેખ
નીચે પ્રકટ થયા છે.

૭. કાચબાની પીઠનું હાડકું, કાચબાનું ઉપલું કો
સારૂં નરસું કચકડું તેની જાડાઈ અને રંગની સ
તથા ચળકાટ ઉપરથી પરખાય છે.

૮. (क) જ્યારે કોઈ માણસ સારાં કપડાં વગેરેનો ઠાઠ
દમ ભીડી ઉતાવળથી કામ કરાવવા આવે છે, તે પ્ર
મતલબ કે બાજીરાવનો જેમ ધાક લાગતો હતો,
ધાકથી કામ કરાવવા આવ્યા છે.

(ख) કોઈ માણસને જે કામ કરવાનું હોય તેની
આવડ તેનામાં હોય નહીં, છતાં તે છે એમ બ
અર્થાત્ જે વસ્તુ તેની પાસે નથી તે છે એમ ગર્વ
તે પ્રસંગે; પેટમાં પાશેર પાણી ન હોવા છતાં
દરિયાખાં જેવું રાખે, તેમ શરીરમાં બળ હોય નહીં
જોરવાળું કામ કરવા જાય ત્યારે બોલાય છે.

(ग) લુખી ભક્તિ જણાય, અથવા ધર્મ સંબંધી
ઉપરથી ડોળ બતાવે તે પ્રસંગે.—ગધેડું રાખમાં આ
મતલબ કે ઘણી ભભૂત–રાખોડી લગાવે અગર
ટપકાં કરે, અને પોપટો રામ રામ બોલે છે તેમ
મોઢેથી ઈશ્વરનું નામ જપે, પણ અંતરમાં ઈશ્વર સં
ખરી ભક્તિ કે ભાવ ન હોય, તેવી સ્થિતિ.

૯. સદાવ્રત, પાણીની પરબ, કુવા, ધર્મશાળાઓ
અનાથાશ્રમ, બાળકાશ્રમ, વનિતા વિશ્રામ, વૈ

બોર્ડિંગ, દવાખાનાં, સુવાવડખાનાં, રક્તપિત્તાશ્રમ, વિદ્યાદાનનાં સ્થાનો વગેરે.

૧૦. (૧) પહેલાં પ્રકાશ જોયો; (૨) પછી ગોળો પસાર થતો જોયો; (૩) અને છેવટે તોપનો અવાજ સાંભળ્યો

ટીપઃ—અવાજના કરતાં તોપનો ગોળો વધારે ઝડપથી જાય છે, તેમ તેના વેગ કરતાં પ્રકાશનો વેગ વધારે હોય છે.

૧૧. પારસીઓ ઇરાનમાંથી નિકળી પ્રથમ કાઠિયાવાડના દીવ બંદરે આવ્યા. ત્યાં ઓગણીસ વર્ષ રહી સંજાણ, જે દમણથી ૧૫ માઇલ છેટે છે, ત્યાં દરિયા વાટે આવ્યા; ત્યાંના રાજાને મળી કેટલીક સરતો કબૂલ કરી ત્યાં રહ્યા; પછી ત્યાંથી કેટલાક પારસીઓ ખંભાત, અંકલેશ્વર, વરિયાવ, સુરત, નવસારી, ભરૂચ તથા થાણા જઈ વસ્યા. ખંભાતમાં પારસીઓ બહુ બળવાન થઈ પડ્યા, અને હિંદુઓને ખંભાતમાંથી કાઢ્યા; આ ઉપરથી ત્યાંના કલ્યાણરાય નામના દશા લાડ વાણિયાએ લશ્કર એકઠું કરી પારસીઓને હરાવ્યા અને તેમનાં ઘર બાળી મૂક્યાં, ઘણાને મારી નાખ્યા, અને બાકીના નાશી છૂટ્યા. થાણામાં પારસીઓને ખ્રિસ્તી ધર્મ ગ્રહણ કરવાનું દબાણ કર્યાથી ત્યાંથી તેઓ કલ્યાણ જતા રહ્યા હતા. (જુઓ પૃષ્ઠ ૧૬૮—૬૯ પ્રશ્ન ૫ મો.)

૧૨. (૧) પેઠ ચોળીને પીડા ઉભી કીધી; (૨) હાથનાં કર્યાં હૈયે વાગ્યાં; (૩) લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મ્હોં ધોવા જવું; (૪) બાવો ઉઠયો ને બગલમાં હાથ; (૫) કપાળે કપાળે જૂદી મતિ; (૬) હાથે તે સાથે; (૭) નાક કાપીને અપશુકન કરવા; (૮) કેડનાને મૂકીને પેટનાને ધાય; (૯) માથે પડી વિશ્વદેવા; (૧૦) આંગળીથી નખ વેગળા તે વેગળા.

# ૭૪

૧. નર્મદાની ૮૦૧ માઇલ; તાપીની ૪૩૬ માઇલ.
૨. બોલી (ભાષા) થી, પોશાક (પહેરવેશ) થી, અને ચહેરા ઉપરથી.
૩. દિલ્હી, અજમેર, કનોજ, ગુજરાત.
૪. (क) મહાદજી સિંધિયા અને તુકારામ હોલકર. (ख) મુડલિયાર.
૫. (૧) બી. બી. એન્ડ સી. આઇ. રેલવે; (૨) રજપુતાના માળવા રેલવે; (૩) નાગદા મથુરા; (૪) જી. આઇ. પી; (૫) મદ્રાસ અને સધર્ન મરાઠા; (૬) બંગાળ નાગપુર; (૭) ઇસ્ટર્ન બંગાળ; (૮) નોર્થ વેસ્ટર્ન; (૯) બંગાળ અને નોર્થ વેસ્ટર્ન; (૧૦) અયોધ્યા રોહિલખંડ; (૧૧) બર્મા; (૧૨) સાઉથ ઇન્ડિયન; (૧૩) આસામ બંગાળ; (૧૪) ઇસ્ટ ઇન્ડિયન.

૬. જુઓ પરિશિષ્ટ અ—ચરિત્રાવલી.
૭. શાહ આલમ પાસેથી.
૮. પગની પાટલીઓ જેમ આંકડી તેમ સ્ત્રી વધારે સુંદર ગણાય છે.
૯. જુઓ પરિશિષ્ટ અ—ચરિત્રાવલી.
૦. (क—ख) (૧) બ્રહ્મો સમાજ—(આદિ—૧૮૩૦ માં બંગાળામાં) રાજા રામમોહન રાય; (૨) નવો બ્રહ્મો સમાજ—(૧૮૬૬ માં બંગાળામાં) કેશવચંદ્ર સેન; (૩) પ્રાર્થના સમાજ—(૧૮૭૧ માં અમદાવાદમાં) રા૦ બા૦ ભોળાનાથ સારાભાઈ તથા રા૦ સા૦ મહીપતરામ રૂપરામ, તથા (મુંબઈમાં) ડા૦ રામકૃષ્ણ ગોપાલ ભંડારકર; (૪) આર્ય સમાજ—(૧૮૭૫—૭૬ માં મુંબઈમાં) દયાનંદ સરસ્વતી.
૧. જે માણસ ઉમરો પકડી રહે, અર્થાત્ પોતાના ઘરમાંજ બેસી રહે, અને પરદેશ ન જાય તો તેને ત્રણ પ્રકારનાં નુકસાન થાય છેઃ તેનાં વસ્ત્ર નિરર્થક ફાટે છે, તેનું દેવું વધે છે, અને તે કદી કીર્ત્તિ—આબરૂ મેળવતો નથી.
૨. સોનાનું વજન વધારે છે. સોનામાં રજકણ મળી ગયેલાં હોવાથી તેમાં હવા હોતી નથી; ઉનમાં હવા રહી શકે છે, તેથી પવનનું વજન અંદર ગણાય છે; તે કાઢી નાખવામાં આવે તો શેર ઉનનું વજન એક શેરથી ઓછું થાય; વળી કદમાં ઉન મોટું હોવાથી ખરૂં વજન કરવામાં આવે

તો જેટલી જગ્યા તે રોકે છે તેટલી જગ્યામાં રહેતી હવાનું વજન તેમાંથી કમી થાય. આ વજન કરતાં સોનાનું વજન ઓછું—કમી થશે, એટલે તે રીતે પણ શેર ઊનનું ખરી રીતે વજન શેર સોના કરતાં કમી થશે.

## ૭૬

૧. (૧) લોઢાનાં પતરાંપર કલઈ ચઢાવેલી; (૨) કાંસાનાં; (૩) લોઢાનાં પતરાંપર જસતનો રસ ચઢાવેલો; (૪) પીત્તળપર કલઈ ચઢાવેલી.

૨. વાંસમાં; અરણીનાં લાકડામાં.

૩. સર થીઓડોર સી. હોપ સાહેબ (કે. સી. આઈ. ઈ.) ગુજરાત માટે ૧૮૫૫ માં એજ્યુકેશનલ ઇન્સ્પેકટર નિમાયા ત્યાર પછી કેળવણી આપવાની તથા તેનાં સાધનની અવ્યવસ્થા તેમના સમજવામાં આવી. આ ઉપરથી સન ૧૮૫૭—૫૮ માં ગુજરાતી વાંચનમાળા પોતાની દેખરેખ નીચે ગુજરાતના વિદ્વાન અને અનુભવી માણસોની કમિટીથી તૈયાર કરવાનું ઠરાવ્યું. એ કમિટીમાં રા. સા. ભોગીલાલ પ્રાણવલ્લભદાસ (૧૮૧૮–૧૮૮૯), જે પાછળથી વડોદરા રાજ્યના ડિરેકટર ઓફ વર્નાક્યુલર ઇન્સ્ટ્રકશન થયા હતા તેમનાં પ્રમુખ-

પણ નીચે રા. બા. મોહનલાલ રણછોડદાસ (૧૮૨૮–૧૮૯૬), રા. સા. મહીપતરામ રૂપરામ (૧૮૩૦–૧૮૯૧), રા. સા. મયારામ શંભુનાથ, રા. સા. પ્રાણલાલ મથુરાદાસ, કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ, (૧૮૨૦–૧૯૦૦), આજમ દુર્ગારામ મંછારામ મહેતાજી (૧૮૦૯–૧૮૭૬) એટલા હતા. વિદ્યા અને સામાન્ય જ્ઞાનના પાઠ લખવાનું રા. સા. મોહનલાલભાઇને, નીતિ અને ભૂગોળના પાઠ સંબંધી રા. સા. મહીપતરામને, પ્રાણી અને વનસ્પતિના પાઠ રા. સા. મયારામભાઇને લખવાનું સોંપેલું; અને ઇતિહાસના પાઠ પીલ સાહેબ અંગ્રેજીમાં લખતા, તેનું રા. સા. પ્રાણુલાલભાઈ ગુજરાતીમાં ભાષાંતર કરતા; કવિતા રા. સા. મહીપતરામ પસંદ કરે તે વિષય ઉપર કવિ દલપતરામ કરતા હતા.

૪. શ્રીમંત સૌ. મહારાણી ચિમનાબાઈ સાહેબ ગાયકવાડ (વડોદરા); સૌ. મહારાણી નંદકુંવરબા (ભાવનગર); સૌ. મ. નંદકુંવરબા (ગોંડળ); સૌ. વિદ્યાગૌરી રમણભાઇ; સૌ. શારદાગૌરી સુમન્ત મહેતા; ગં. સ્વ. ધનદાગૌરી (સુરતનાં); ગં. સ્વ. બાજીગૌરી મુનશી; ગં.સ્વ. શિવગૌરી (નાની બ્હેન) ગજ્જર; ગં.સ્વ. જમનાબાઈ નગીનદાસ સક્કઈ; સૌ. હરિસુખગૌરી વામનરામ મહેતા; સૌ. સુમતિ (ભાવનગરનાં); પુતળીબાઈ ધનજી-

ભાઈ; મીસ ભીખાઈજી લીમજીભાઈ પાલમકોટ; આયમાય લીમજી પાલમકોટ; મિસીસ જરબાનુ કોહાવાળા.

૫. જુઓ પરિશિષ્ટ અ—ચરિત્રાવલી.

૬. દિવાસળી, જાતજાતનાં રમકડાં, રેશમી કાપડ, સુતરાઉ કાપડ, વગેરે.

૭. મીઠાનો કર કમી થયો હતો; છાપખાનાને છૂટ મળી હતી; લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ (સ્થાનિક સ્વરાજ્ય)ના હક્ક મળવાનો પાયો રચ્યો હતો.

૮. (क) મધ્ય હિંદુસ્તાનમાં માળવા પ્રાંતમાં ઉજ્જન શહેરની પાસે.

(ख) લન્ડન પાસેના ગ્રીનીચ ગામથી.

૯. જુઓ પરિશિષ્ટ અ—ચરિત્રાવલી.

૧૦. (क) ઘરમાં પૈસા છે; પૈસાદાર માણસ છે.

(ख) ભેંસ ખરીદ થઈ નથી, તેમ ઘેર આવી નથી, છતાં ઘર આગળ તેના દૂધનું વલોણું કરવું; (ઝડકા—ઝૈડકા—વલોણાની દોરીઓ ખેંચવાની રીત); મતલબ કે હજી જે કામ કરવાનું કે થવાનું તે પૂરૂં થયું નથી, છતાં તેને માટે અગાઉથી આગળના વિચાર કરવા કે ગોઠવણ કરી મૂકવી.

(ग) ન ગુણિયા માણસને મદદ કરવી તે નકામી છે.

૧૧. (क) આટલાન્ટિક મહાસાગરમાં ફ્લોરિડા અને વેનિઝુએલાના કિનારાઓની વચ્ચેના ભાગમાં આવેલા ટાપુઓના સમૂહોને. તેમાં મુખ્ય નીચેના છે:—

(૧) બહામા દ્વીપો—એમાં ગ્રેટ બહામા, ન્યુ પ્રોવિડેન્સ અને સાન સાલ્વાડોરઃ એ દ્વીપો અંગ્રેજને તાબે છે; તેની સંખ્યા આસરે પાંચસેં છે; એ બેટનું મુખ્ય શહેર નાસ્સો છે, અને તે ન્યુ પ્રોવિડેન્સમાં છે. (૨) મોટા આન્ટિલીસઃ—એમાં ક્યૂબા, જમેકા, હાઇટી, અને પોર્ટો-રિકો નામે મોટા ટાપુઓ છે; ક્યુબા સ્પેનના તાબામાં છે, અને જમેકા ઇંગ્લાન્ડને કબજે છે. ક્યુબાનું મુખ્ય શહેર હવાના છે, અને જમેકામાં મોટામાં મોટું શહેર કિંગસ્ટન છે. (૩) વિન્ડવર્ડદ્વીપો. (૪) લીવર્ડ દ્વીપો. એમાં ઘણાખરા ઇંગ્લાન્ડ, સ્પેન કે ફ્રાન્સના તાબામાં છે. આ સમૂહોમાં મુખ્ય બેટ ટ્રિનિદાદ અને બાર્બેડોઝ અંગ્રેજના, અને માર્ટિનિક તથા ગ્વાડેલૂપ ફ્રેન્ચના છે.

(ग्र) પંદરમી સદીની આખરે હિંદુસ્તાનની દોલતથી લોભાઈ યુરોપના ઘણા વહાણવટીઓ હિંદુસ્તાન પહોંચવા દરિયાઈ માર્ગ શોધવા મથી રહ્યા હતા; તેમાં કોલમ્બસ પણ હતો; એ સ્પેનના રાજાની મદદથી સને ૧૪૯૨ માં વહાણનો કાફલો તૈયાર કરી હિંદુસ્તાન-ની શોધમાં નિકળ્યો હતો, તે વખતે પ્રથમ આ ભૂમિ જોવામાં આવી, તેથી હિંદુસ્તાન જડ્યું એવા ખ્યાલમાં પશ્ચિમ તરફનું હિંદુસ્તાન એવું એનું નામ પાડ્યું.

૧૨. નાગરી—હિન્દી ભાષાનો આખા હિંદુસ્તાન દેશમાં પ્રચાર થાય અને તેજ લિપિ લખવા છાપવામાં વપરાય તેવો ઉદ્દેશ છે, અને તે ધોરણે પ્રયત્ન કરે છે; તેને માટે પુસ્તકો, ચોપાનિયાં તથા પારિભાષિક શબ્દોનો કોષ તૈયાર કરી પ્રસિદ્ધ કરે છે.

## ૭૯

૧. (૧) બાર પ્રકારના:–તક્ષક, કંબલ (કંબુલ), સુતરાંબુ, હિમમાલી, મહેન્દ્ર (જલેન્દ્ર), વજ્રદંષ્ટ્ર, નંદશાલી, વિષપ્રદ, સુબોધા, કરકોટક (કંથદ), વાસુકી, પૃથુશ્રવ. કેટલાક નીચે મુજબના બાર ગણે છેઃ–સજલ, શુકલ, પુષ્કર, ખગા, સ્વાંભો-નિધિ, તક્ષક, વાયુ, સંવર્તક, સુવર્ણ, દુસુનિલ, રેણુકા, આવર્તક. (૨) ઈંદ્ર.

૨. પેટ્રોલિયમ; કુવામાંથી નિકળે છે, તેને ચોખ્ખું કરવામાં આવે છે.

૩. (क) દરિયામાં કોઈ કોઈ ઠેકાણે પાણીની અંદર ડુંગર કે ખડક હોય છે, તેથી ત્યાં થઈને વહાણને જવાને અડચણ ન આવે તે માટે, અને અમુક જગ્યાએ ખડક છે, એમ ખબર પડવા માટે નિશાની તરિકે અંદર દીવો કરવાને એક થાંભલો કે દીપમાળ અથવા મિનારા જેવું બાંધેલું હોય છે, તેને દીવા દાંડી કહે છે.

(ख) કોલાબા, વસાઈ, દમણ, બાર્કસનો હજીરો ('વોક્ષીસ ટુમ્બ'), નર્મદાના બારાપર, પીરમ બેટપર, ઘોઘા, ભાવનગર, જાફરાબાદ, વેરાવળ, પોરબંદર, દ્વારકા.

૪. (क) એક વાર્તામાં ચંદન એ ચંદનાવતીનો રાજા હતો, મળિયાગીરી એ તેની રાણી હતી, સાહેર અને નીર એ

બે તેમના પુત્ર હતા. અકસ્માત્ બનાવથી ચારે જણ છૂટાં પડી ગયાં અને કેટલીક મુદત સુધી એક બીજાને તે મળી શકેલાં નહીં; તે દરમ્યાન તે દરેકને ઘણાં સંકટ વેઠવાં પડેલાં, છતાં તે સહન કરેલાં, અને છેવટ ચારે જણ પાછાં મળેલાં અને સુખી થયલાં.

(ख) સંસારરૂપી અનુભવ મળવાની નિશાળમાં તે નવો નિશાળીઓ છે, અર્થાત્ નિશાળમાં જે નવો વિદ્યાર્થી દાખલ થયેલો હોય તેને વિદ્યા શિખવાની હોય છે, તેમ સંસારમાં જે જે સુખ દુઃખ આવે છે તેનો અનુભવ તેને થયેલો નથી, જે હવે પછી થવાનો છે.

(ग) અંગ્રેજના રાજ્યમાં વાઘરૂપી બળવાન-શ્રીમંત-વગ-વાળા, અને બકરીરૂપી ગરીબ માણસો એક ઓવારે આરે-પાળે પાણી પીએ છે, અર્થાત્ બધાંને સરખો ન્યાય મળે છે.

૫. યંત્રવડે વરાળ કરીને; ઉકાળીને; ફીલ્ટરથી-ગરણીથી ગાળીને; રગડો નીચે બેસાડીને; જંતુનાશ-કારક દવા વાપરીને.

૬. ભણાવવું-એટલે કોઈ વિષય સંબંધી હકીકત શિખવવી, તેનું જ્ઞાન આપવું. કેળવણી આપવી એટલે મનની શક્તિઓને ખીલવવી, તે વિકાશ પામે તેમ કરવું.

૭. (क) ખોરાક. (ख) થર્મોમિટરને બગલમાં અથવા મ્હોંમાં રાખીને, તેમાં પારો ચઢે છે તે ઉપરથી; હાથના કાંડાની આગળ નાડીના ધબકારાની સંખ્યા તથા ગતિ ઉપરથી, વગેરે.

૮. આધિભૌતિક—શરીરના રોગ સંબંધી પીડા—દુઃખ આધિદૈવિક—દૈવીગતિથી થયેલું દુઃખ; આધ્યાત્મિક મનની પીડા, મનમાં થનારી ચિંતાથી થતું દુઃખ

૯. શેઠ ગોકળદાસ તેજપાળ; શેઠ પ્રેમચંદ રાયચંદ સર જમશેદજી જીજીભાઈ (પહેલા); સર દીનશ માણેકજી પિટીટ; શેઠ જમશેદજી નશરવાનજ ટાટા; સર મંગળદાસ નથુભાઈ; સર કાવસજ જહાંગીર રેડીમની; રા. બા. રણછોડલાલ છોટા લાલ; શેઠ ધરમશી મોરારજી ગોકલદાસ વગેરે

૧૦. (क) 'ગુજરાતી' વર્તમાનપત્ર મુંબઈમાં ૩૬ વર્ષથ દર રવિવારે પ્રગટ થાય છે.—તા૦ ૬ ઠ્ઠી જુ સને ૧૮૮૦ ને દિવસે આ પત્રનો જન્મ થવ પામ્યો હતો; તે વખતે માત્ર ગુજરાતી લખાણ તેમાં આવતાં હતાં, પરંતુ ૧૮૮૯ ના નવેમ્બરથ આ પત્રમાં અંગ્રેજી લખાણો દાખલ કરવામાં આવ્ય (ख) સુરતના વતની શ્રીમાળી વણિક જ્ઞાતિ સદ્ગત ઈચ્છારામ સૂર્યરામ દેશાઈ તેના આ તંત્રી હતા. તેમણે મુંબઈના કપોળ વણિક જ્ઞાતિન શેઠ અને નામાંકિત ગૃહસ્થ સર મંગળદાસ નથુ ભાઈની સહાયતાથી કાઢ્યું હતું. સને ૧૮૮ આખર સુધી આ 'ગુજરાતી' પત્રને પગભર કર વાને સર મંગળદાસે લગભગ રૂ. ૧૨૭૦૦ આપ હતા; અને સને ૧૮૮૪ ની શરૂઆતથી તેમ તરફની પૈસાની મદદ બંધ થઈ હતી; તે મુદતર

રા. રા. ઇચ્છારામ સૂર્યરામે પોતાને જોખમે અને પોતાનીજ માલિકીથી તે ચલાવ્યું હતું. હાલમાં તેના લગભગ ૧૬૦૦૦ ગ્રાહક છે.

૧૧. (૧) કાકપત્ર-(સં. કાકપદ) લીટીમાં અક્ષર લખવો રહી ગયો હોય ત્યારે લીટીની નીચે ^ કાગડાના પગના જેવી નિશાની કરવામાં આવે છે તે. (૨) જાદાપત્ર-પુરવણી-વર્તમાનપત્ર વગેરેનો વધારો. (૩) તમાલપત્ર-એક જાતનું ઝાડ, જેની છાલ તે તજ અને પાતરાં તે તમાલ-પત્ર-કહેવાય છે; એ મસાલામાં કામ લાગે છે. (૪) તાડ-પત્ર અસલના વખતમાં અને હમણાં પણ તૈલંગ, કર્ણાટક વગેરે દેશમાં તાડનાં પાતરાં લખવાના કાગળને ઠેકાણે વપરાતાં અને વપરાય છે તે. તેના ઉપર ખીલાવડે અક્ષરો કોતરાય છે; એવા તાડપત્રોનાં મોટાં પુસ્તકો હોય છે.

૧૨. (૧) લેજીસ્લેટિવ કાઉન્સિલ-કાયદા ઘડનારી કાઉન્સિલ-આમાં એક્ષિક્યુટિવ કાઉન્સિલના મેમ્બરો (સભાસદો) ઉપરાંત લોકપસંદગીથી ચુંટાયલા અને સરકારથી નિમાયલા ગૃહસ્થો વધારાના મેમ્બર તરિકે કામ કરે છે અને ભાગ લે છે. (૨) એક્ષિક્યુટિવ કાઉન્સિલ-રાજકીય કામમાં મદદ કરનારી કાઉન્સિલ-આમાં ત્રણથી સાત સરકારી ઓહ્દેદારોજ સભાસદ હોય છે.

ટીપ-હિંદુસ્તાનમાં આવી કાઉન્સિલો ક્યાં ક્યાં છે અને તેમાં કેટકેટલા સભાસદ હોય છે તે નીચે દર્શાવવામાં આવે છે:-

| સ્થળ વગેરે | એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં સભાસદ | લેજીસ્લેટિવ કાઉન્સિલમાં સભાસદ-વધારાના |
|---|---|---|
| વાઇસરૉયની ઇમ્પિરિયલ કાઉન્સિલ | ૭ | ૬૦ |
| મુંબઈ | ૩ | ૪૫ |
| મદ્રાસ | ૩ | ૪૫ |
| બંગાળા | ૩ | ૫૦ |
| બિહાર અને ઓરિસા | ૩ | ૩૯ |
| મધ્ય પ્રાંત અને વરાડ | ૦ | ૨૪ |
| સંયુક્ત પ્રાંત | ૦ | ૪૫ |
| પંજાબ | ૦ | ૨૪ |
| બરમા | ૦ | ૧૫ |

## ૭૭

૧. અકબર બાદશાહ.

૨. ગામને બહારવટિયા કે ધાડપાડુઓ તરફથી હરકત થતી વખતે જે શુરવીર તેમની સામે થતાં મરણ પામ્યો હોય તેની બહાદુરીની યાદગીરીની નિશાની તરિકે તેની મરણભૂમિ ઉપર પથરા-ચબુતર પાળિયા ઉભા કરે છે.

૩. કુન્તી માતા અને દ્રૌપદી.

૪. જુઓ પરિશિષ્ટ અ-ચરિત્રાવલી.

૫. રાતના બાર વાગ્યાથી બીજા દિવસની રાતના બાર વાગતા સુધી ૨૪ કલાક ગણે છે; દાખલા તરિકે રેલ્વેના ટાઇમ ટેબલમાં ક. ૧૭–૧૫ મિ. લખ્યા હોય તો બપોર પછીના સવા પાંચ વાગ્યાનો વખત સમજવાનો હોય છે.

૬. (क) જેના ઘરમાં ભરેલું (પૈસા વગેરે) છે, તેમાં ભરે–આપે, અને ભુખ્યામાં (ખાવાનું નથી એવાને) ભુલે–તેને આપતા નથી; જ્યારે કોઈ ગરીબ અને અનાથને દાન–મદદ અથવા બક્ષીસ કરવાને અગર આપવાને બદલે કોઈ ગૃહસ્થને કે ખાતાપીતા માણસને દાન બક્ષીસ વગેરે આપવામાં આવે છે તે પ્રસંગે.

(ख) તલ ઘણું ખરૂં ગૌણ પાક તરિકે કરવામાં આવે છે. તુવેર મુખ્ય તુલ અને તલ તેની સાથે થાય છે. કપાસ એકલોજ કરવામાં આવે છે. જુવાર બાજરીની સાથે બીજા કઠોળના તુલો મિશ્ર કરવામાં આવે છે, તેમ કપાસનું કરતા નથી, એટલે બીજું થવા દે નહીં.

(ग) જમવામાં જગલો (માણસનું નામ) અને કૂટવામાં–મહેનત કરવામાં ભગલો (માણસનું નામ)–બન્ને જૂદા માણસો; જેની પાસે કામ કરાવ્યું હોય એવા માણસને જમવાનો પ્રસંગ હોય–કાંઈ લાભ કરી આપવાનો જોગ હોય ત્યારે જમાડે નહીં કે લાભ આપે નહીં તે પ્રસંગે બોલાય છે.

૭. વરસાદ વરસવાના સમયમાં આકાશમાં રાતા પીળા વગેરે રંગનું મોટું અર્ધ ગોળ કુંડાળું દેખાય છે, તેને મેઘ ધનુષ્ય અથવા મચ્છ તાણ્યો એમ કહે છે. પ્રકાશનાં કિરણ વરસાદનાં ફોરાં વચ્ચે

થઇને જાય છે ત્યારે આ બનાવ બને છે; મેઘ ધનુષ્યમાં ભિન્ન ભિન્ન રંગો દેખાય છે.

૮. (क) ૨૯½ દિવસ. (ख) ચંદ્ર પોતાની ધરી ઉપર ફરે છે, અને પૃથ્વીની આસપાસ પણ ફરે છે. આ બન્ને ગતિ લગભગ સરખા વખતમાં પૂરી થાય છે, તેથી સૂર્યના તેજથી પ્રકાશિત થયેલી તેની તેજ બાજુ (ચંદ્રનું એકજ પૃષ્ટ) આપણને દેખાયા કરે છે.

૯. નાભી રાજાના પુત્ર ભરતના નામ ઉપરથી ભરતખંડ નામ પડયું કહેવાય છે. એના સંબંધી બીજી હકીકત લખવા જણાવ્યું છે તે ભરત રાજાને માટે છે. એ ભરત રાજા રાજ કરી છેવટ તપ કરવા ગયા હતા, ત્યાં નદી ઉપર ન્હાવા જતાં મૃગલીના બચ્ચાને પાળી ઉછેર્યું, અને તેમાં માયા લાગી; તેથી તેમને ત્રણ અવતાર લેવા પડ્યા હતા એવી વાત કહેવાય છે.

૧૦. દર ચોરસ ઇંચે લગભગ ૧૫ (પંદર) રતલનું દબાણ થાય છે.

૧૧. બે પ્રકારનાં:–(૧) દેશી નળિયાં લગભગ એક વેંતથી સવા વેંત સુધી લાંબાં હોય છે, અને ચાર પાંચ આંગળ પહોળાં પણ મોઢેથી થોડાં સાંકડાં, અર્ધ ગોળ ઉંડાં હોય છે. (૨) માંગલોરી નળિયાં દોઢેક વેંત લાંબાં, બારેક આંગળ પહોળાં, ચપટાં અને વચ્ચે વચ્ચે ખોભણવાળાં હોય છે. આ નળિયાં

દેશી કરતાં ઓછાં ભાંગે છે, અને વાંદરા વગેરેથી તે ભાંગી જતાં નથી.

૧૨. સ્ત્રી બોધ (મુંબઈમાં); સુંદરી સુબોધ (અમદાવાદમાં); વનિતા વિજ્ઞાન (સુરતમાં); વનિતા વિનોદ (વડોદરા રાજ્યના કડી કસબામાં).

## ૭૮

૧. (૧) પિપળો, બીલી, ખીજડો (શમડી), ઉંબરો (ઉમરડો), નાંદરુખ, ખાખરો, સુખડ, તુલસી, અઘેડો, અરણી, વડ, આસોપાલવ.
(૨) અઘેડો, ખાખરો, પિપળો, અરણી.

૨. (क) દક્ષિણ આફ્રિકાના. (ख) અંગ્રેજ સાથે તા. ૧૧ અકટોબર સન ૧૮૯૯ થી ૩૧ મે સન ૧૯૦૨ સુધી. (ग) જનરલ બોથા.

૩. એકવીસ માઇલનું; ઇંગ્લાન્ડના ડૉવર અને ફ્રાન્સના કેલે વચ્ચે.

૪. પગથી, હાથથી, વરાળયંત્ર અથવા વિજળીની મદદથી ચાલતાં યંત્રથી.

૫. કાવ્યમાં પ્રાસ સારા હોય પણ જો અર્થ અને રસ ન હોય, તો જેમ સારૂં રૂપાળું મડદું જીવ વગરનું હોય તેવું તે ગણાય. રૂપવાન સુંદર સ્ત્રી સદ્ગુણ વગરની હોય તેવી, અને ઇંદ્રવાણી (ઇંદ્રવરણું)નું રૂપાળું ફળ મીઠાસ વગરનું હોય છે તેવી તે કવિતા લાગે છે.

૬. (क) કન્યા રાશીના સૂર્ય થાય ત્યારથી તુલા રાશીના સૂર્ય થતાં સુધી, લગભગ અર્ધો ભાદરવો, આશો અને અર્ધોક કાર્તિક.

(ख) ઠંડી; પિત્તવાયુ ઉત્પન્ન કરે તેવી (મેલેરિયા–વિષમ–જ્વર પેદા કરનારી).

(ग) 'સો શરદ્ ઋતુ જીવજે:' त्वं जीव शरदः शतम्. આમાં શરદ્નો અર્થ વર્ષ લેવાય છે.

૭. સ્મૃતિઓ.

૮. (क) બાર્થોલોમ્યુ ડાયાસ નામના વહાણવટીએ પંદરમા સૈકામાં શોધી કાઢેલું; તેણે પોતાના અનુભવ ઉપરથી તેનું નામ તોફાની ભૂશિર એવું આપ્યું હતું.

(ख) હિંદુસ્તાન જવાના માર્ગનો શોધ આ સ્થળ આગળથી થઈ શકશે એવી ધારણાથી પોર્તુગલના રાજા બીજા જોને એનું નામ બદલીને "સારી આશાનો ભૂશિર" એવું પાડ્યું હતું.

૯. પવનની દિશા કઈ છે તે જાણવાને માટે માછલીના આકારનું પતરૂં ઉભા સળિઆ ઉપર મકાનના ઉંચા ભાગમાં આડું રાખે છે તે.

૧૦. હરિશ્ચંદ્ર એ અયોધ્યાનો સૂર્યવંશી રાજા હતો. એક સમયે ઇંદ્રની સભામાં નારદે અને વસિષ્ઠે એનાં વખાણ કર્યાં ત્યારે વિશ્વામિત્રે ક્રોધથી કહ્યું કે એ તારો શિષ્ય છે માટે તું તેની પ્રશંસા કરે છે, પણ હું એનું સત્ય મુકાવું તો ખરો. પછી વિશ્વામિત્રે હરિશ્ચંદ્રનું સત્ય છોડા-

વવા માટે તેને અનેક પ્રકારે દુઃખ દીધું, રાજ્ય લઈ લીધું, અને આખરે તેને, તેની રાણીને, અને તેના પુત્રને એકેક વસ્ત્રભેર વારાણસી નગર (કાશી)માં વેચાવ્યાં. તે પછી પણ અનેક પ્રકારનાં તેમના પર દુઃખ નાખ્યાં, પણ તેણે છેવટ સુધી સત્ય છોડ્યું નહીં. આખરે વિશ્વામિત્ર તેના સત્યવાદીપણા ઉપર પ્રસન્ન થયા; અને પોતાના તપનું ફળ અને રાજ્ય તેને અર્પણ કર્યાં.

૧૧. દરરોજ અમુક વખતે કેટલા વાગ્યા તે જણાવવાને–મુંબઈમાં બપોરના બાર વાગે, વડોદરામાં રાતના નવ વાગે, વગેરે; રાજકર્ત્તાના જન્મ દિવસે, ગાદીપર બેસવાના પ્રસંગ ઉપર, ગાદીએ બેઠાના દિવસે, વાઇસરોય, ગવર્નર વગેરે તથા રાજા આવવા જવાના હોય ત્યારે સન્માન આપવા, રાજકુટુંબમાં પુત્ર જન્મ પ્રસંગે, વાર તહેવારની રાજાની સ્વારી વગેરે પ્રસંગે, કોઈ ખાસ વખત કે પ્રસંગ જણાવવાના સંબંધમાં, જેમકે ચાંદરાત (બીજ), ઇદ, ગણપતિ સ્થાપના, ચંપાષષ્ઠિ, વગેરે.

૧૨. જુઓ પરિશિષ્ટ અ–ચરિત્રાવલી.

## ૭૧

૧. (क) લોકોના હક્કોનો લેખ; ઈંગ્લાન્ડના અમીર તથા પ્રજા વર્ગને કેટલાક હક અને છૂટ આપનારો જોન રાજા પાસેથી સન ૧૨૧૫ ના જુન માસમાં સહી કરાવેલો લેખ.

(ख) સન ૧૮૫૮ નો મહારાણીશ્રી વિક્ટોરિયાનો ઢંઢેરો: સને ૧૮૫૮ માં મહારાણીએ કંપની પાસેથી રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી તે વખતે બહાર પાડેલું જાહેરનામું.

૨. (क) (૧) મુંબઈથી કલ્યાણ, ઇગતપુરી, નાશક, મનમાડ, ચાલીસગામ, જલગામ, (અથવા મુંબઇથી સુરત, પછી ટાપ્ટીવેલી રેલ્વેમાં અમલનેર ને ત્યાંથી જલગામ) ભુસાવળ, ખંડવા, ઇટારસી;—આ રસ્તો જી. આઇ. પી. રેલ્વેનો છે;
(૨) મુંબઈથી સુરત, ભરૂચ, ગોધરા, રતલામ, નાગદા, ઉજન—અહીં સુધી બી. બી. સી. આઈ. રેલ્વેમાં; પછી ભોપાલ, ઇટારસી—જી. આઈ. પી. રેલ્વેમાં;
(૩) ઉપર જણાવેલે ગમે તે એક રસ્તે ઇટારસી આવી ત્યાંથી જબલપુર સુધી જી. આઈ. પી. રેલ્વેમાં; પછી ઇસ્ટ ઇન્ડિયન રેલ્વેમાં કટની, માણેકપુર, અલ્હાબાદ, મોગલ-સરાઇ અને કાશી (બનારસ.)
(ख) ઉપરનાં સ્ટેશનો પૈકી ઇગતપુરી, નાશક અને ભરૂચ શિવાય બીજાં બધાં જંકશનો છે.

૩. ભૂત માત્ર પ્રત્યે દયા, ક્ષમા, અનસૂયા (કોઈની અદેખાઇ કે નિંદા કરવી નહીં), શૌચ (પવિત્રતા), અનાયાસ (આત્માને કલેશ થવા ન દેવો તે), મંગળ (શુભ) વૃત્તિ, અકાર્પણ્ય (દીનતા ન કરવી), અને અસ્પૃહા (લોભ ન કરવો).

૪. (૧) શરદ્ ઋતુમાં તથા ચોમાસાની ઋતુમાં.
(૨) ખાડા ખાબોચિયામાં પાણી ભરાઈ રહે છે તેમાંથી તથા ગટરો, મોરીઓમાંથી મચ્છર ઉત્પન્ન

થાય છે, તેની મારફત તાવના જંતુઓ માણસના શરીરમાં પ્રવેશ કરે છે.

૫. પરસેવાવાળા શરીરના ભાગને બહારની ઠંડી હવા એકાએક શરદી કરે છે. વળી પરસેવો એવી રીતે સૂકાય છે તેથી મેલ છિદ્ર ઉપર ચોંટી રહી છિદ્ર પૂરાઈ જાય છે.

૬. (૧) ઇષ્ટદેવ—જેને મુખ્ય કે ખાસ માનતા હોય તે દેવ; જેના ઉપર આસ્થા બેઠી હોય તે; કુળ દેવ.

(૨) અક્ષયપાત્ર—જેમાંથી કદી ખૂટે નહીં એવું વાસણ—હમેશાં જે જોઇએ તે તેમાંથી મળ્યાજ કરે.

(૩) દિગ્પાલ—દિશાના અધિષ્ઠાતા, એ દશ નીચે પ્રમાણે છેઃ—

ઇંદ્ર (વજ્ર આયુધ અને પૂર્વ દિશા); અગ્નિ (શક્તિ આયુધ અને અગ્નિ કોણ); યમ (દંડ આયુધ અને દક્ષિણ દિશા); નૈર્ઋતિ (ખડ્ગ અને નૈર્ઋત); વરૂણ (પાશ, પશ્ચિમ); વાયુ (અંકુશ, વાયવ્ય); કુબેર (ગદા, ઉત્તર); શિવ (ત્રિશૂલ, ઇશાન); બ્રહ્મ (પદ્મ, ઉર્ધ્વ); અને અનંત (ચક્ર, પાતાળે).

(૪) વજ્રલેપ—કદીજ મટે નહીં કે છૂટું પડે નહીં તેવું; હમેશાં કાયમ રહે તેવું.

(૫) મચ્છ વેધ—એક થાંભલે ઉંચે મચ્છ બાંધ્યા તેને, નીચે રાખેલા પાણીના વાસણ તરફ નીચું મ્હોં રાખી, તીરથી વિંધવો તે.

૭. જુઓ પરિશિષ્ટ જ—ચરિત્રાવલી.

૮. જુઓ પરિશિષ્ટ જ—ચરિત્રાવલી.

૯. પોલીસ થાણું કે પોલીસગેટ (ચોકી) પાસે હોય તેમાં નોકરી ઉપર પોલીસના જવાબદાર નોકર જે હાજર હોય તેને સ્વાધીન કરવી જોઇએ.

૧૦. લોકોને પ્રાચીન કવિઓની કવિતા ઉપર વિશેષ ભાવ હોવાથી ગુજરાતી ભાષાની છપાયલી નહીં એવી કવિતાઓની લેખી પ્રતોનો મોટો સંગ્રહ સુરતના વતની શ્રીયુત્ સદ્‌ગત ઇચ્છારામ સૂર્યરામ દેશાઇએ કર્યો હતો. આ સંગ્રહ શુદ્ધ થયેલો, પુસ્તકના આકારમાં, અને સારી રીતે છપાયલો, લોકોને પૂરો પાડવાનો તેમનો સન ૧૮૮૫ માં વિચાર થયો. તેનો લોકોમાં પુષ્કળ પ્રચાર થાય તેટલા માટે તેનાં છાપેલાં પુસ્તકો બને તેટલાં સસ્તાં રાખવાં એ એમનો મુખ્ય ઉદ્દેશ હતો. આ ધોરણ અને હેતુ ધ્યાનમાં રાખી ઉપર દર્શાવેલા પ્રકારના કવિઓનાં કાવ્યો, પદો વગેરેના જૂદા જૂદા ભાગો મુંબઈમાં પોતાના 'ગુજરાતી' પ્રિન્ટિગ પ્રેસમાં છાપવાનું સન ૧૮૮૬ માં તેમણે શરૂ કર્યું; તે ભાગોનું નામ 'બૃહત્ કાવ્ય દોહન' રાખેલું છે. આ દરેક ભાગમાં નવસો ઉપરાંત પૃષ્ઠો છે. હાલ સુધીમાં તેના આઠ ભાગ પ્રકટ થઇ ચુકયા છે.

૧૧. ઘરની અંદર ચોકડી, નળ, ખાળ, ચોખ્ખાં રાખવાં; કચરો ભરી મૂકવો નહીં; રોજ વાળી ઝાડો તથા પાણીની જગ્યાઓ ધોઈ સાફ રાખવી;

ઘરની આજુબાજુ કચરો તથા શાક ભાજીનો નકામો ભાગ, એઠવાડ વગેરે નાખવાં નહીં; ખાળ ઉઘાડા મૂકી તેનું પાણી છૂટું જવા દેવું નહીં, વગેરે.

૧૨. ઇંગ્લાન્ડની રાજગાદી ઉપર જે રાજકર્ત્તા હોય તેના વડા કુંવરને પ્રિન્સ ઓફ વેલ્સ કહે છે;– પહેલા એડવર્ડ રાજાએ વેલ્સના લોકોને વચન આપેલું તે પ્રમાણે તેમના પુત્રને (રાજા એડવર્ડ બીજા થયા હતા તેને) આ ઇલકાબ સને ૧૨૮૪ માં આપેલો હતો, અને ત્યારથી તે વહિવટ હાલ સુધી ચાલુ છે.

## ૮૦

૧. કોઈ નિમિત્ત–કારણને લીધે કરવામાં આવતાં કર્મો તે નૈમિત્તિક કર્મ કહેવાય છે: જેમકે, શાન્તિ માટે કરેલાં કર્મ, જાત કર્મ, ચૌલ કર્મ, યજ્ઞોપવીત કર્મ, સોળ સંસ્કારનાં કર્મો, શ્રાદ્ધાદિનાં કર્મો, વગેરે.

૨. અમરૂશતક–કેશવલાલ હર્ષદરાય ધ્રુવ. ગુલાબ નાટક–નગીનદાસ તુલસીદાસ મારફતિયા. ભદ્રંભદ્ર–ઑન. રા. બા. રમણભાઈ મહીપતરામ. નૃસિંહ નાટક–મધુવચરામ બળવચરામ વોરા. જાપાનની કેળવણીની પદ્ધતિ–અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી. સંસારિકા–બહેરામજી મહેરવાનજી મલબારી. વીરમંડળ–નારાયણ હેમચંદ્ર.

૩. બરફથી પ્યાલો ઠંડો થાય છે, તેને લીધે પ્યાલાના બહારના ભાગમાં આસપાસ રહેલી હવા ઠંડી થાય છે, અને તેથી તે હવામાં રહેલી વરાળ ઠંડી પડી જઈ ટીપાં રૂપે પ્યાલાની બહારની બાજુએ ચોંટે છે—બાઝે છે.

૪. (क) હિન્દુ ધર્મના. (ख) કાશી વિશ્વનાથનું.

૫. (૧) ૐકાર—એ શબ્દ, વેદના મંત્રોને આરંભે મૂકવામાં-બોલવામાં આવે છે. એ શબ્દ, અ, ઉ અને મ એ ત્રણ મળીને થયો છે. અ એટલે પાલન કરનારી શક્તિ, ઉ એટલે સંહાર કરનારી શક્તિ, અને મ એટલે ઉત્પન્ન કરનારી શક્તિ. એને પ્રણવ પણ કહે છે:—એ ત્રણ છે શક્તિ જેની તે બ્રહ્મ.

(૨) અધ્યાત્મ—આત્માની જ્ઞાન શક્તિ અથવા તેનું સાધન; બ્રહ્મજ્ઞાન.

(૩) ત્રૈલોક્ય—સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ.

(૪) પરમહંસ—એક જાતનો સાધુ, જેણે જ્ઞાનથી સર્વ ઇન્દ્રિય વશ કરી હોય અને જે જ્ઞાતિભેદનો વિચાર ન રાખતાં હરકોઈ જ્ઞાતિનું રાંધેલું ખાય એટલે જેમને વર્ણાશ્રમના ભેદ રાખવાનું રહેતું નથી તે.

(૫) રામરાજ્ય—અયોધ્યાના રાજા શ્રીરામચંદ્રજીના જેવું સુખરૂપ રાજ્ય, શ્રીરામચંદ્રજીના વખતમાં તેમની પ્રજા ઘણી સુખી હતી, અને રાજ્ય તરફથી

કોઈ પ્રકારનો કોઇને ભય નહોતો, તે ઉપરથી સારા રાજ્યને રામરાજ્યની ઉપમા આપે છે.

૬. (૧) **શેર**–વેપાર કરવા અથવા કારખાનું ચલાવવા માટે કેટલાક ભાગીદારો મળીને કોઇ કમ્પની કાઢે છે, તેમાં થાપણના રૂ. ૧૦૦–૫૦૦–૧૦૦૦ વગેરે અમુક રકમના ભાગ કરેલા હોય છે, તે દરેક ભાગને શેર કહે છે. દરેક ઇસમને આવા જેટલા ભાગ–શેર રાખવા હોય તે રાખે છે.
(૨) **લોન**–નાણું ધીરવું તે. સરકારને રૂપિયાની જરૂર પડે છે ત્યારે લોન કાઢે છે, તેને પ્રોમિસરી લોન કહે છે. આવી દરેક લોન પાંચસો રૂપિયાની (અને હાલમાં સો રૂપિયાની પણ) હોય છે, તે જેટલાની જેને લેવી હોય તે લઈ તેના બદલામાં સરકારને રૂપિયા ધીરે છે. આ લોનના રૂપિયાનું સરકાર ઠરાવ પ્રમાણે દર વર્ષે વ્યાજ આપે છે. લોનના મુદ્દલ રૂપિયા પાછા આપવાને મુદ્દત ઠરાવેલી હોય છે, તે મુદ્દતે રૂપિયા મળે છે; તે પહેલાં મુદ્દલ રોકડા રૂપિયા જોઇતા હોય તો મળી શકતા નથી, પણ નાણાંની જરૂર હોય તો બજારમાં તેને (લોનને) વેચી શકાય છે.

(૩) **ડિબેન્ચર**–કોઈ કમ્પની કે કોરપોરેશનને નાણાંની જરૂર પડે છે ત્યારે વ્યાજે નાણાં લેવા માટે ડિબેન્ચરો કાઢવામાં આવે છે. આના જે દસ્તાવેજ–લેખ નાણાં ધીરનારને આપે છે, તેમાં નાણાં વ્યાજે લીધાં છે અને અમુક મુદ્દતે અદા કરવામાં આવશે એવી ખાત્રી આપવામાં આવે છે. દરમિયાન આવાં ડિબેન્ચરો વેચી પણ શકાય છે. શેરવાળા કરતાં આવા ડિબેન્ચરવાળાનો વ્યાજ ઉપર અગ્ર હક હોય છે.

૭. (૧) ચોખા, અળશી, ઘઉં, બટાટા, વગેરેની.
(૨) જૂદા જૂદા સુતરાઉ કાપડ વધારે ટકાઉ થાય, તેમ તે અક્કડ રહે તથા સફાઇદાર દેખાય તેને માટે કાંજી નાંખે છે.

૮. (૧) લૉર્ડ–રાજ્યના જુના વંશપરંપરાથી ઉતરી આવેલા અમીરોને તથા જેમણે ઉત્તમ કાર્ય કર્યા બદલ ખ્યાતિ મેળવી હોય તેમને બક્ષવામાં આવેલો માનસૂચક ઇલકાબ છે. ડયુક, માર્કિવસ, અર્લ, એમના જ્યેષ્ઠ પુત્રો તથા ડયુક અને માર્કિવસના નાના પુત્રો પણ વિવેક ખાતર (હકથી નહીં) આ ઇલકાબ ધારણ કરે છે.
(૨) ડયુક–બ્રિટનના ઉમરાવ વર્ગમાં રાજકુંવરોથીજ માત્ર ઉતરતી આ ઉંચી પદવી છે. દરેક પ્રિન્સ ઓફ વેલ્સ ડયુક ઓફ કાર્નવોલનો ઇલકાબ ધરાવે છે.
(૩) કાઉન્ટ–અંગ્રેજ 'અર્લ'ના સરખા દરજ્જાના ઉમરાવ વર્ગને માટે બીજા રાજ્યોમાં આ ઇલકાબ વપરાય છે.
(૪) બેરોનેટ–ઇંગ્લાંડમાં પહેલા જેમ્સ રાજાના વખતમાં આ માનસૂચક ઇલકાબ આપવામાં આવતો હતો. વંશપરંપરાના ઇલકાબોમાં આ સાૈથી ઉતરતો છે. વળી વેપાર, હુન્નર, ઉદ્યોગ, રાજકારભાર કે પ્રજાવર્ગની ખાસ સેવા સંબંધે જેમણે ખ્યાતિ મેળવી હોય તેવા સદ્ગૃહસ્થોને પણ છૂટથી આ ઇલકાબ અપાય છે. ગ્રેટબ્રિટનમાં હાલ એક હજાર ઉપરાંત બેરોનેટ છે.
(૫) સર–નાઇટ અને બેરોનેટ થયા હોય તેમના સંબંધમાંજ બોલવા અને લખવામાં તેમના નામની અગાઉ આ શબ્દ જોડવામાં આવે છે.

૯. સાગના ઝાડના થડ ઉપર વરસો વરસ નવા થર વધતા જાય છે. જેમ જેમ નવા થર બંધાતા જાય

છે, તેમ તેમ અંદરના થડનું લાકડું સંકોચાય છે, તેથી તે થરોના દબાણને લીધે મજબુત, કઠણ, અને સંગીન બને છે. કેળ અને નાળિયેરીનાં થડ ઉપર પ્રમાણે બંધાતાં નથી, પણ એ ઝાડમાં થડ અંદરથી વધે છે અને પડ બંધાય છે, તેથી તેના રેસા એટલા મજબુત થતા નથી, અને અંદરથી લાકડું પોચું રહે છે.

૧૦. આકાશમાં વાદળાં હોય છે ત્યારે હવા બંધ રહે છે, એટલે હવામાં ફેરફાર થતો નથી તેથી નીચલી જાડી હવા ગરમ થાય છે, અને તેથી ગરમી લાગે છે; વળી ગરમીને કારણે હવા પાતળી થઈ જાય છે, તેથી શ્વાસ લેવામાં હરકત આવે છે, અને અકળામણ થાય છે.

૧૧. (૧) નીલકંઠ–મહાદેવ–શિવજી–જેમના કંઠનો રંગ નીલો છે તે. (૨) પાંચાલી–દ્રૌપદી–પાંચ પાંડવોની સ્ત્રી પાંચાલ દેશના દ્રુપદ રાજાની દીકરી. (૩) ગિરિધર–શ્રી કૃષ્ણ ગિર–પર્વત, ધર–ધરનાર, ગોવર્ધન પર્વત તોળી રાખ્યો હતો તે પરથી. (૪) રઘુપતિ–શ્રી રામચંદ્રજી–રઘુરાજાના વંશના માટે. (૫) સારંગપાણી–શ્રી કૃષ્ણ–સારંગ ધનુષ્ય જેના હાથમાં છે તે. (૬) વિરંચી–બ્રહ્મા. (૭) પાર્થ–પૃથા–કુન્તીનો પુત્ર અર્જુન.

૧૨. સૂર્યનો તાપ–તડકો.

## ૮૧

૧. (ક) શીખ ધર્મ. એમના ધર્મના પુસ્તકનું નામ 'ગ્રંથ' છે. (ખ) ગુરૂ નાનક; ગુરૂ ગોવિંદ.

૨. (૧) હૈડ્રોજન બે ભાગ અને ઓક્સિજન (પ્રાણ-વાયુ) એક ભાગ મળીને થાય છે. (૨) એ એક રસાયન મિશ્ર પદાર્થ છે, તેથી રસાયનિક રીતે એનાં તત્વો જૂદાં પડી શકે છે. પાણીમાં થઇને વિજળીનો પ્રવાહ જવા દેવો; એ પ્રવાહ જઈ શકે, માટે પાણીમાં થોડોક ગંધકનો તેજાબ નાખવો, એટલે તુરત જ પાણીનું પૃથક્કરણ થઈ બે વાયુ નામે હૈડ્રોજન અને ઓક્સિજન છૂટા પડે છે.

૩. પૃથ્વી સૂર્યની આસપાસ ૩૬૫ દિવસ, ૫ કલાક, ૪૮ મિનિટ અને ૫૦ સેકન્ડમાં એક આંટો ફરી રહે છે. સૂર્ય વર્ષના દિવસ ૩૬૫ ગણવામાં આવે છે. તેથી ઉપરના કલાક ગણતરીમાં લેવા સારૂ દર ચાર વરસે એક દિવસ ઉમેરી ફેબ્રુઆરી માસના ૨૯ દિવસ ગણવામાં આવે છે, તેથી તે સાલના ૩૬૬ દિવસ થાય છે. પરંતુ સને ૧૭૦૦,૧૮૦૦,૧૯૦૦ —એના (કુલ ગણતરી ચોક્કસ રહેવા ખાતર) ૩૬૫ દિવસ ગણેલા છે, અને ૨૦૦૦ ની સાલના ૩૬૬ દિવસ ગણાશે.

૪. (ક) તેની રજકણો ઘટ્ટ મળી ગયેલી હોય, એટલે

છિદ્રો કમી જણાય તે ઉપરથી. (ख) આમલી; રાયણુ; ખેર; સાગ; સીસમ; વેલંતરો; તણુછ, વગેરે.

૫. રાવણ અભિમાની હતો; વાલિ કામી હતો; કીચક મદિરાંધ હતો: એની બહેને દ્રૌપદી સાથે દારૂ મોકલ્યો હતો.

૬. (क) દેવનગરીનું (દોલતાબાદનું). (ख) રામદેવ.

૭. "સને ૧૮૪૨ માં સુરતની અંગ્રેજી સ્કૂલનાં વડા શિક્ષક રાવ બહાદુર દાદોબા પાંડુરંગ હતા. એ પુરૂષ વિદ્વાન્ અને સદ્‌વિચારી હતા. આ વખત સુરતમાં સુધારો દાખલ કરવાની એક ટોળી મહાભારત શ્રમ કરવાને માટે પ્રખ્યાત થઈ છે. તેમાં પ્રથમ દાદોબા, બીજા નામીચા મહેતાજી દુર્ગારામ મંછારામ, ત્રીજા દિનમણિશંકર રમાશંકર શાસ્ત્રી, ચોથા દલપતરામ માસ્તર, અને પાંચમા દામોદરદાસ હતા. એમણે મળીને પ્રથમજ પુસ્તક-પ્રસારક મંડળી સ્થાપી પુસ્તકો છાપવાને એક શિલાયંત્ર મુંબઈથી આણ્યો * * * અને તેમણે પુનર્વિવાહ, જાદુમંત્ર, બાળલગ્ન, ઇત્યાદિ વિષયો ઉપર ચર્ચા ચલાવવા માંડી." (રા. બા. મોહનલાલ ચરિત્ર.)

૮. (૧) લુણો—ભીતના પાયા આગળ ઇંટ તથા છો કે માટી ખારવાળો ભેજ લાગવાથી ખરી પડે છે તે; લુણી—ભાજી, નદીનું નામ. (૨) ગોટા—ફૂલનો, ગોટા વાળવો (દડાજેવું ગોળ કરવું), ગોટા ઘાલવો—ઘોટાળો કરવો, હરકત નાખવી;

ગોટી—કિનારી, કસબ બાળ્યા પછી શેષ રહેલાની જે ગોળી વાળેલી તે. (૩) આરો—ઓવારો તળાવ—નદીનો, આરો આવ્યો—છેડો આવ્યો, ગાડીના પૈડાનો આરો; આરી—લાકડું વહેરવાનું નાનું ઓજાર, મોચીની આરી. (૪) કાંટલો—પોપટના ગળાનો, ઘડા ગાગેરનો ઉપલો ભાગ, અંગરખાનો ગળા આગળનો કાપ—ભાગ, સાલવી—વણકરનું વાણો ભરવાનું લાકડાનું ઓજાર; કાંટલી—સ્ત્રીઓને કોટે ઘાલવાનું સોનાનું ઘરેણું.

૯. ૬૯½ માઇલ.

૧૦. સિકંદર—ગ્રીસ દેશનો એક મહાપરાક્રમી રાજા હતો. (ઈ. સ. પૂર્વે ૩૫૩—૩૨૩). તેણે મેસિડોનીઆ વગેરે અનેક દેશ જીત્યા હતા. તેમ હિંદુસ્તાન ઉપર પણ ઈ. સ. પૂર્વે ૩૨૭ માં ચઢાઈ કરી હતી. એ વખતે પંજાબમાં પૌરસ નામનો એક શૂરવીર ક્ષત્રિય રાજા રાજ્ય કરતો હતો; તેમની વચ્ચે ભારે લડાઇ થઈ હતી, અને આખરે પૌરસ હાર્યો હતો. પૌરસે બતાવેલા પરાક્રમથી સિકંદર મોહિત થયો અને મોટા દિલથી તેને માન આપી, તેનું રાજ્ય પાછું સોંપ્યું.

૧૧. (क)........ધાન્યને લાવે તાણી. (ख).......મરે નહીં તો માંદો થાય. (ग).........ને મસીદે સુતું. (घ) ઉંઘતાનો પાડો........

૧૨. સન ૧૮૫૬માં.

# ૮૨

૧. (क) વેપાર ઉદ્યોગને માટે બીજા દેશોમાં જવાને સાહસિકપણાનો ગુણ આવે છે; બંદરને રસ્તે આવતી ચીજો સસ્તી મળે છે; માલ મંગાવવામાં ફાયદો થાય છે; વેપાર ઘણો કરી શકાય છે; ઠંડી હવાનો લાભ મળે છે. (ख) ખાંચાખાંચાવાળો એટલે ઠેકઠેકાણે કાંઠાના અંદરના ભાગમાં દરિયો પેઠેલો હોય તેવા પ્રકારનો.

૨. વોશિંગ્ટન, ન્યુ યોર્ક, ચીકાગો, ફિલાડેલફિયા, મોન્ટ્રીલ.

૩. (૧) ચાહ—ચીન દેશમાં, હિંદુસ્તાનમાં અને સીલોનમાં. (૨) કાફી—સીલોન, મધ્ય અમેરિકા, બ્રાઝીલ; રોપા કાફીની એક અરેબીયન જાત ઉત્તમ પ્રકારની છે, પણ મોટો જથો બ્રાઝીલથી આવે છે. (૩) ખાંડ—શેરડીની ખાંડ, યુનાઇટેડ સ્ટેટ્સ, વેસ્ટ ઇન્ડિઝ, બ્રાઝીલ અને મોરિશ્યસ; બીટમાંની ખાંડ જર્મનીમાં થાય છે. (૪) ઉન—આસ્ટ્રેલિયા અને ન્યુઝીલાંન્ડ.

૪. (૧) સેમિરામિસ—આસિરિયા દેશની રાણીએ, ઇ૦ સ૦ પૂર્વે સુમારે ૧૮૦૦ વરસપર. (૨) સેસોસ્ટ્રિસ, મિસર દેશના રાજાએ, એ વખતે ભરતખંડમાં મગધના સહદેવના વંશના રાજા હતા. (૩) દરવેશ ગુસ્તાસ્પ નામે ઈરાનના પારસી રાજાએ પંજાબ ઉપર ચઢાઈ કરી હતી, ઇ૦ સ૦ પૂ૦ ૫૧૮માં. (૪) ગ્રીસ દેશના રાજા સિકં-

દરે પંજાબના રાજા પૌરસ સાથે લડાઈ કરી તેને જીત્યો હતો. ઇ૦ સ૦ પૂ૦ ૩૨૭માં. (૫) ગ્રીસ દેશના સેલ્યુકસ નિકેટરે મગધ દેશ ઉપર ચઢાઈ કરી હતી; એ વખતે મગધમાં ચન્દ્રગુપ્ત રાજા હતો; તે બે જણુ વચ્ચે સલાહ થઈ, અને સેલ્યુકસે પોતાની કુંવરી ચંદ્રગુપ્તને પરણાવી. (૬) બાકિટ્રયાના ગ્રીક રાજાઓએ પંજાબ ઉપર સ્વારી કરી કેટલોક ભાગ જીતી લીધો હતો. (૭) શક કે સિથિયન લોક—એ લોક પ્રથમ મધ્ય એશિયામાં રહેતા હતા. તેમણે ભરતખંડના વાયવ્ય કોણમાં એક જબરું રાજ સ્થાપ્યું, અને સિંધ તથા ગુજરાત સુધીનો મુલક જીતી લીધો.

૫. ગિની—(સોવરીન—મ્હોર) એમાં $\frac{11}{12}$ સોનું, અને $\frac{1}{12}$ એલોય—બીજી ધાતુ—તાંબુ અગર રૂપું; એનું વજન ૧૨૩.૨૭૪ ગ્રેઇન હોય છે. રૂપિયામાં ૧૬૫ ગ્રેઇન રૂપું અને ૧૫ ગ્રેઇન બીજી ધાતુ—એલોય—મિશ્રણુ મળી કુલ વજન ૧૮૦ ગ્રેઇન. તાંબુ વગેરે હલકી ધાતુ મેળવવાથી સિક્કો કઠણુ થાય છે; શુદ્ધ સોનું કે રૂપું નરમ હોવાથી તેમાં મિશ્રણુ કરવાની જરૂર પડે છે.

૬. (૧) પોલે પાને ભગવાનદાસ; (૨) મતુ કરો મારા માવજીભાઈ; (૩) જમવામાં જગલો, ને કૂટવામાં ભગલો; (૪) લાલ કુંવરજી પરમાનંદ, ને પારકે પૈસે કરે આનંદ; (૫) વાતમાં ને વાતમાં લલ્લુભાઇએ ભરૂચ ગુમાવ્યું; (૬) હરીભટ્ટ વડોદરૂં કરી આવ્યા.

૭. ત્રણ શંકુ આઠ મહાપદ્મ માઇલ દૂર અંદાજે ગણે છે. બીજાના અંદાજ પ્રમાણે પૃથ્વી અને સૂર્ય વચ્ચેના અંતરના પાંચ લાખ ગણું અંતર છે.

૮. પૃથુરાજને શાહબુદ્દીન ગોરી કેદ કરી ગીઝની લઈ ગયો હતો, ત્યાં તેને આંધળો કર્યો હતો, છતાં તેણે ત્યાં શબ્દવેધી બાણ મારી શાહબુદ્દીનને માર્યો, એટલે શાહબુદ્દીનના માણસોએ પૃથુરાજને મારી નાખ્યો.

૯. ચોરવાડી—કાઠિયાવાડમાં ચોરવાડ ગામમાં; વડો-દરિયા—વડોદરામાં; ડુંગરપરી—ડુંગરપરમાં; કપૂરી—ખાનદેશનાં—હાઉનરનાં; વસઈનાં—વસઈમાં; મધઈ—કાશીમાં; રામટેક—રામપુરમાં; નાગપુરી; મદ્રાસી; અગાસી, નાલા; ખાંડવા, પાલગઢમાં; ચેવલી—ચિચણ તારાપોરમાં.

૧૦. (૧) આહાર, નિદ્રા, ભય એ બાબતો મળતી છે. (૨) બુદ્ધિની ખામીને લીધે. (૩) પશુમાં વિચારશક્તિ નથી તથા તર્કશક્તિ નથી તે બાબતમાં તથા ઈશ્વરી જ્ઞાન મેળવવાની બાબતમાં મનુષ્ય શ્રેષ્ઠ છે.

૧૧. ઈંગ્લાન્ડમાં સન ૧૬૦૦ માં સ્થપાયેલી; હિંદુ-સ્તાન માટે તેને ૧૬૧૩ માં પટો મળેલો હતો; પૂર્વ તરફના દેશોમાં વેપાર કરવા માટે તે સ્થપાયલી હતી.

૧૨. સરાસરી વ્યાસ ૭૯૧૨ માઈલ; પરિઘ—૨૪૮૫૬ માઈલ.

# ૮૩

૧. (૧) મગધ દેશ (બિહાર પ્રાંત)નો રાજા (ઇ. સ. પૂર્વે ૩૧૫ થી ૨૯૧ સુધી); (૨) સેલ્યુકસ નિકેટર.

૨. કપડાંના રંગ ઉપર સૂર્યનાં કિરણોની રસાયનિક અસર થાય છે, અને તેથી તેનો રંગ બદલાઈ જાય છે.

૩. (૧) મગધ દેશના રાજા અશોકના (ઇ. સ. પૂર્વે ૨૬૩ થી ૨૨૩). (૨) બૌદ્ધ ધર્મની આજ્ઞાઓ—નીતિનાં વચનો:—કોઇએ પશુહિંસા કરવી નહીં; સૌએ માબાપ અને વડીલોની આજ્ઞા પાળવી; સગાં વહાલાંપર પ્રેમ રાખવો; બ્રાહ્મણ શ્રમણોને માન આપવું; ઉડાઉ થવું નહીં; નિંદા કરવી નહીં; સદાચાર પાળવો, વગેરે.

૪. અનુક્રમે ૨૧મી ડીસેમ્બર; ૨૧મી જુન; ૨૧મી સપ્ટેમ્બર; ૨૧મી માર્ચ.

૫. એક જાતનું કાળું કઠણ લાકડું છે. મોરિશિયસ અને સીલોનમાં તે ઉત્તમ જાતનું થાય છે; એના ઝાડની અંદરનો ભાગજ જોઇએ તેવો કઠણ અને કાળાશવાળો હોય છે. નકશી કોતરકામવાળું 'કેબિનેટ' કામ, અરમારી—ઘરના શણગારનો સામાન, પિયાના વાજાની 'કી' (સૂરની ચાવી), લાકડીઓ વગેરે બનાવવામાં એનું લાકડું ઘણું વપરાય છે.

૬. ડાકોર-દર પુનમે; માણેકઠારી અને ચૈત્રી પુનેમે તેમજ રથયાત્રા તથા દશેરા એ દિવસોએ મોટા મેળા ભરાય છે.
અંબાજી-ચૈત્ર માસમાં તથા આસો માસમાં નવરાત્રીપર
શામળાજી, વૌઠા, શુકલતીર્થ, સિદ્ધપુર, આ સ્થળોએ કાર્તિક શુદ ૧૫ ઉપર.
ચાંણોદ કરનાળી-નર્મદાજી-કાર્તિક શુદ ૧૫ તથા ચૈત્ર શુદ ૧૫ ઉપર.
પાવાગઢ-કાલિકામાતા-નવરાત્રીપર.
વડતાલ (નડિયાદ પાસે)-કાર્તિક શુદ ૧૧ થી ૧૫ સુધી, અને ચૈત્ર માસમાં ચૈત્ર શુદ ૯ (રામનવમી) થી પુનેમ સુધી.
દેવકી ઉનાઈ-ચૈત્ર શુદ ૧૫. સુરત-જન્માષ્ટમી.
તવરા-ભાડભૂત-બાર વરસે સિંહના બૃહસ્પતિ હોય ત્યારે.

૭. 'એકડા વગરના (સો) મીડાં ખોટાં (નકામાં),' એકડો ન હોય તો ગમે તેટલાં મીડાં હોય તો પણ તે નકામાં છે; અર્થાત્ મૂળ વગર અગર આગેવાન-ધણી વગર બીજા નકામા છે.

૮. ૧,૯૨,૦૦૦ માઇલ.

૯. વીરરસની-રજપુતસ્થાનની; શૃંગારરસની-વ્રજ અને ઉત્તર હિંદુસ્તાનની; કરૂણારસની-ગુજરાતની; શાન્તરસની-મહારાષ્ટ્રની-એવું કહેવાય છે.

૧૦. કર્દમ ઋષિની દીકરી; અત્રિ ઋષિની સ્ત્રી; (દુર્વાસા ઋષિની માતા)-એ સતીપણા માટે પ્રખ્યાત છે.

૧૧. (૧) રાણી વિકટોરિયાએ હિંદુસ્તાનની મહારાણીનું પદ ધારણ કર્યું તે વખતે-તા૦ ૧લી જાનેવારી સને ૧૮૭૭.

(૨) રાજા એડવર્ડ સાતમા ગાદીએ બેઠા તે વખતે-શેહેનશાહ તરિકે જાહેર કરવા-તા૦ ૧ જાનેવારી સને ૧૯૦૩.

(૩) સમ્રાટ્ જ્યોર્જ પાંચમા ગાદીએ બેઠા પછી જાતે હિંદુસ્તાનમાં પધાર્યા, અને શેહેનશાહ પદ ધારણ કરી રાજ્યાભિષેક થયો તે વખતે-તા૦ ૧૨ ડીસેમ્બર સન ૧૯૧૧.

૧૨. (૧) કલ્પવૃક્ષ-એને સ્વર્ગનું ઝાડ માનવામાં આવે છે. એની નીચે બેસી જેનું ચિંતવન કરે તે પ્રાપ્ત થાય છે એમ કહેવાય છે. (૨) 'કામધેનુ' ચૌદ રત્નમાંનું એ એક છે-સ્વર્ગની એવી ગાય માનવામાં આવે છે કે, જે કોઈ જે વસ્તુની ઇચ્છા કરે, તે એનાથી પ્રાપ્ત થાય છે.

## ૮૪

૧. સોનાનાં એટલાં બધાં બારિક પાનાં થાય છે કે, એક ઇંચ જાડો થર કરવાને માટે ૨,૫૦,૦૦૦ થી ૩,૦૦,૦૦૦ પાનાં જોઇએ; એટલે તેનું પાનું-વરખ $\frac{૧}{૨૫૦૦૦૦}$થી $\frac{૧}{૩૦૦૦૦૦}$ ઇંચજ જાડું હોય તેવું ટીપીને પાતળું બનાવી શકાય છે. આ પ્રમાણે હોવાથી એક ઘન ઇંચ સોનું લઇએ તો તેના એક ચોરસ ઇંચ માપ હોય તેવા અઢીથી ત્રણ લાખ કકડા થઈ શકે. મતલબ કે એક ઘન ઇંચ સોનાનું એક ફુટ પહોળું અને ૫૫૦ થી ૬૬૦ વાર લાંબું પતરૂં-પાનું-વરખ થઈ શકે.

સોનાનું પતરું—વરખ એટલું પાતળું થાય છે કે, તેમાંથી પ્રકાશ જઈ શકે છે, જે લીલો દેખાય છે.

સોનાનો એટલો બારિક તાર ખેંચી શકાય છે કે, લગભગ ૨૦૦ વાર લંબાઈવાળા તેના તારનું વજન માત્ર એક ટ્રોય ગ્રેઇન થાય છે.

વળી ફેરેડે નામના રસાયન શાસ્ત્રીએ એવી ગણત્રી કરી છે કે, ચાર મહોર (સોવરીન)માંથી કાઢેલો તાર પૃથ્વીની આસપાસ વિંટાળી શકાય.

૨. જનક રાજાની પુત્રી.—પદ્માક્ષ નામના રાજાએ લક્ષ્મીની તપશ્ચર્યા કરી વર માગ્યો કે, તું મારે ત્યાં છોકરી થઈ અવતર. પછી વિષ્ણુની તપશ્ચર્યા કરતાં એક ફળ મળ્યું, તેમાંથી છ મહિને એક છોકરી નિકળી. પરણતી વખતે સ્વયંવર થતાં લડાઈ થઈ અને એ કન્યા કુંડમાં પેસી ગઈ. પછી કેટલેક દિવસે કન્યા બહાર નિકળી, તે રાવણની નજરે પડી. રાવણ તેને લેવા ગયો, એટલે ફરી કુંડમાં ભરાઈ ગઈ. રાવણે કુંડ ખોદાવ્યો, તેમાંથી પાંચ રત્ન નિકળ્યાં. તે પેટીમાં ઘાલી રાવણ લઈ ગયો. મંદોદરીએ પેટી ઉઘાડી તો માંહે છ માસની કન્યા દીઠી; મંદોદરીની સલાહથી પેટી રાક્ષસ સાથે મિથિલાપુરી મોકલાવી, તે રાક્ષસ ગામની ભાગોળે મૂકી જતો રહ્યો, અને પેટી ભોંયમાં દટાઈ ગઈ. તે જગ્યા રાજાએ બ્રાહ્મણોને આપી. તે ખેડતા હતા તે વખતે પેટી નજરે પડી. તેમાંથી કન્યા નિકળી તે રાજાને આપી. રાજાએ તેને રાખી અને સીતા એવું નામ પાડ્યું.

૩. (૧) તીરવા—કામઠામાંથી તીર છૂટે તે જેટલે દૂર જઈ પડે એટલુંજ અંતર. (૨) વાંસવા—વાંસની

લંબાઈ જેટલું અંતર કે ઉંચાઈ. (૩) રાસવા—રાસ-દોરડું સાધારણ રીતે જેટલી લંબાઇનું થાય છે તેની લંબાઈના જેટલું અંતર. (૪) શબ્દ-વેધી—આંખે પાટા બાંધી, એટલે જોયા વગર માત્ર શબ્દ—અવાજ આવે તે સાંભળી તીર મારી જે વિંધી શકે, તેને શબ્દવેધી કહે છે. (૫) ગોરજ—ગાયની ખરીની રજ; સંધ્યાકાળે ગાયો ચરીને જ્યારે પાછી આવે, અને ગોરજ ઉડે તે વખત; સમી સાંજના મુહૂર્તવાળું (લગ્ન).

૪. (क) (૧) કોણીથી નીચેનો હાથનો ભાગ ખભા ભણી વાળવો; (૨) પગને ઢીંચણેથી પાછળ વાળવો; (૩) વાંકા વળેલી સ્થિતિમાંથી શરીર ઉંચું કરવું; આ પહેલા પ્રકારનાં ઉચ્ચાલન કહેવાય છે.

(ख) (૧) પગનાં આંગળાપર પગની પહાણી ઉંચી રાખી ઉભા રહેવું; (૨) એક પગે કુદવું; (૩) બે પગે કુદવું અને ચાલવું; આ બીજા પ્રકારનાં ઉચ્ચાલન છે.

૫. ગવર્નર જનરલ લૉર્ડ વિલિયમ બેન્ટિકના વખતમાં, સન ૧૮૨૯ માં.

૬. સંગીત ઉત્તર હિંદુસ્તાનનું; નાટ્યકળા કર્ણાટકની.

૭. (क) જેમ માછલી આમિષ—માંસના ગળને ખાવાના લોભને કારણે પ્રાણ તજે છે—મરણ પામે છે, તેમ જીવ જેને વશ રહેતો નથી—જે

પોતાની ઈંદ્રિયોને કબજામાં રાખી શકતો નથી, તે બુદ્ધિ વગરનો માણસ દુ:ખી થાય છે.

(ख) ધન—પૈસા વગરના માણસને બુદ્ધિવાન્ લોકો હલકો નથી કહેતા; પણ વિદ્યા અને બુદ્ધિ વગરનો જે માણસ, તેજ બધી બાબતમાં હલકો—નબળો ગણાય છે.

૮. કેસુડાનાં ફૂલ જેમ રંગે ઉપરથી રૂપાળાં દેખાય છે, પણ સુવાસ રહિત હોય છે; તેમ ઉપરથી કપડાં વગેરેના ઠાઠથી રૂપાળા હોય, પણ વિદ્યા કે સદ્ગુણ વગરના જે માણસ હોય, તેને ઉપમા આપવામાં આવે છે.

૯. (क) રૉબર્ટ ક્લાઇવ. (ख) પ્લાસિની.

૧૦. જુઓ પરિશિષ્ટ अ—ચરિત્રાવલી.

૧૧. સાગનું લાકડું—ઈમારત બાંધવાના કામ માટે, પેટી, પેટારા વગેરે ઘર વાપરનો લાકડી સામાન.

રાયણ—હળ, તળવટ, ખાંડણિયા વગેરે.

બાવળ—ગાડાં, હળ, ઘાંચીની ઘાણીઓ.

સીસમ—પેટીઓ, ચુડીઓ; એનાપર ઓપ સારો થઈ શકે છે.

ખેર—ઈમારતમાં થાંભલા કરે છે; એમાંથી ખાવાનો કાથો નિકળે છે.

લીમડા—ઈમારતી કામમાં; એનાં પાટિયાં સારાં પડે છે.

આંબો—પાટિયાં પાડવાના કામમાં.

મહુડો—ઈમારતી પાટડા, પાટડીઓ થાય છે.

શમડો (ખીજડો)—કુવાનાં ચક્કર; સમાર નામનું ખેતીનું ઓજાર એનું થાય છે.

વેલંતરો—ઘંટીના ખિલડા વગેરે થાય છે.
તણુછ—ગાડાં ગાડીઓના હધો (પોલ) સારા થાય છે; એનું લાકડું ઘણું ચીવટ હોય છે.

૧૨. ગામીત (ગામતડા), ભીલ, ચોધરા, ધોડીઆ, ધાણુકા, વસાવા, નાયકડા, કોકણા, દુબળા, કોટવાળીઆ, તળાવીઆ, વલવી, કઠોરીઆ, કોલધા, માવચી, વરલી, વગેરે.

## ૮૫

૧. (क) પાલ્કની સામુદ્રધુની. (ख) સીતાને રાવણ હરી ગયો હતો ત્યારે શ્રી રામચંદ્રજીએ રાવણ સાથે લડવા જવા સારૂ બાંધેલો કહેવાય છે.

૨. (क) માળવામાં. (ख) પરદુ:ખભંજન.

૩. લોઢું વધારે કઠણ છે, એટલે એની રજકણો ઘણી પાસે પાસે છે; એમાં સ્નેહાકર્ષણ વધારે છે.

૪. (૧) સને ૧૮૫૭ માં. (૨) સને ૧૮૭૯ ના જુલાઈમાં. (૩) સન ૧૮૮૪ ના ફેબ્રુઆરીની ૧ લીએ.

૫. ઇંગ્લાંડને ફરતો દરિયો છે; તેનો કિનારો દાંતા દાંતાવાળો છે; તેથી ઠેકાણે ઠેકાણે વહાણો અને આગબોટો રહી શકે એવાં બંદરો ઘણાં બની શક્યાં છે. હિંદુસ્તાનને પૂર્વ અને દક્ષિણે દરિયો આવેલો છે, અને વાયવ્ય તથા ઉત્તર તરફ ઘણે લાંબે સુધી જમીન છે. આથી હિંદુસ્તાનમાં ઘણાં અને મોટાં બંદરો નથી.

ઈંગ્લાંડની હવા ઠંડી છે; બારે માસ થોડો થોડો વરસાદ પડ્યા કરે છે. હિંદુસ્તાનમાં ઉત્તરમાં ઉંચામાં ઉંચા પર્વતો આવેલા છે, તેમજ બીજી પણ ઉંચા પર્વતોની હારો ઘણી છે. વિષુવવૃત્તની પાસે હોવાથી આ દેશમાં તાપ ઘણો પડે છે. વળી દેશ ઘણો લાંબો પહોળો છે, અને જૂદા જૂદા ભાગની રચના જૂદી જૂદી છે, એટલે સઘળે ઠેકાણે હવા એક સરખી નથી. કોઈ ભાગમાં તાપ વધારે તો કોઈ ભાગમાં ટાઢ વધારે, અને કોઈ ભાગમાં વરસાદ વધારે પડે છે, તો કોઈ જગ્યાએ થોડોજ જોઇએ છે; વળી કોઈ ભાગમાં ટાઢ અને તાપ સમધાત હોય છે.

૬. હમેશાં દક્ષ—ચતુર, પવિત્ર, અને શાન્ત મનવાળો થઈ, ઇંદ્રિયોને જીતીને એકાંતમાં વસ; વળી મુનિઓ, ઋષિઓ, તપસ્વીઓ, જેમનામાં વિદ્યા હોય તેમને, વ્રત અને ધામ—પવિત્ર સ્થળ—એને પૂજ્ય માનીને પ્રણામ કર—પગે લાગ.

૭. જે માબાપને એકજ છોકરો હોય તે સારો નિકળે, અને કોઇને ઘણાં છોકરાં હોય છતાં નઠારાં નિકળે, તેવા સંજોગમાં અને પ્રસંગમાં.

૮. લીલ, કમળ, પોયણી, શિંગોડી, વગેરે.

૯. (૧) છેલ્લા બાજીરાવ પેશવાએ. (૨) ત્ર્યંબકજી ડેંગલે.

૧૦. (૧) બાજીરાવ પેશવા—એ પ્રથમ મરાઠી રાજ્યના પ્રધાન હતા, પણ પાછળથી સ્વતંત્રતા મેળવી, રાજા તરિકે ગણાતા હતા. ઈ. સ. ૧૭૪૦ માં એનો કાળ થયો હતો. (૨) નાના ફડણવીસ—એ

મોટા માધવરાવ પેશવાનો મિત્ર અને તેણે કેળવેલો તથા આગળ પાડેલો, મરાઠાઓની સ્વતંત્રતાના ઇતિહાસમાં છેલ્લો મહાપુરૂષ હતો. એના વખતના ઉત્તમ રાજ્યદ્વારી પુરૂષોમાં એની ગણના થતી હતી. ઇ. સ. ૧૮૦૦ માં એ મરણ પામ્યો હતો.

૧૧. (૧) ત્રણ ભુવન—સ્વર્ગ, મૃત્યુ, અને પાતાળ—તેનો ધણી. (૨) ગરૂડ ઉપર આરૂઢ—બેઠેલા તે—શ્રીકૃષ્ણ ભગવાન. (૩) ગિરિ—પર્વતને ધરનાર; શ્રીકૃષ્ણે ટચલી આંગળીએ સાત દિવસ સુધી ગોવર્ધન પર્વત તોળી રાખ્યો હતો તે ઉપરથી—શ્રીકૃષ્ણ. (૪) જદુ—યાદવોના ધણી—શ્રીકૃષ્ણ.

૧૨. 'ઇથર'—એ ઘણોજ પાતળો પ્રવાહી પદાર્થ છે. એ કારબન, ઓક્સિજન, અને હૈડ્રોજનનો બનેલો છે. એ ઝટ ઉડી જાય—હવારૂપ થઈ જાય તેવો છે.

## ૮૬

૧. (૧) ચંદ્રનો પ્રકાશિત ભાગ હમેશાં સૂર્ય તરફ જણાય છે. અજવાળિયામાં ચંદ્રનો પ્રકાશિત ભાગ પશ્ચિમમાં અને ખંડિત કાળો ભાગ પૂર્વ તરફ જણાય છે. વદના (અંધારિયા) પખવાડિયામાં ચંદ્રનો પ્રકાશિત ભાગ પૂર્વ તરફ અને ખંડિત કાળો ભાગ પશ્ચિમમાં જણાય છે. (૨) ચંદ્ર પરપ્રકાશિત

છે, તેનાપર સૂર્યનો પ્રકાશ પડે છે, અને ચંદ્રનો અર્ધો ભાગ હમેશાં તેની તરફ (સૂર્ય તરફ) રહે છે.

૨. ઋગવેદી, યજુર્વેદી (કૃષ્ણ તથા શુકલ), સામવેદી અને અથર્વવેદી.

૩. (૧) પાર્લામેન્ટ—એ રાજા, લૉર્ડ્સ (અમીર ઉમરાવો) અને કૉમન્સ (પ્રજા તરફથી ચુંટી કઢાયલા પ્રતિનિધિઓ) એ પરસ્પરાશ્રિત ત્રણ વર્ગથી બનેલી દેશની રાજ ચલાવનારી સંસ્થા છે. તેની સત્તા સર્વોપરી છે, તેમ તે કાયદા કાનુન બાંધે છે, અને તેને વશવર્તી ચાલે છે. પાર્લામેન્ટે કરેલા કાયદાની વિરૂદ્ધ કોઈ ચાલી શકતું નથી; તેમ તેને રદ કરી શકે તેવી સત્તા ધરાવનારી કોઈ વ્યક્તિ કે મંડળી નથી.

(૨) અમીરોની સભાને હાઉસ ઑફ લૉર્ડ્સ કહે છે, જેમાં લગભગ ૬૦૦ સભ્યો હોય છે, અને તેના પ્રમુખ લૉર્ડ ચેન્સેલર હોય છે. લોકોના પ્રતિનિધિઓનું મંડળ—સભા તે હાઉસ ઑફ કૉમન્સ કહેવાય છે, અને તેમાં ૬૭૦ સભાસદ હોય છે.

૪. બત્રીસ લક્ષણ નીચે મુજબનાં છેઃ—૧ સિંહનું—(પરાક્રમ), ૧ બગલાનું—(સ્વાર્થપર લક્ષ); ૪ કુકડાનાં—(વહેલું ઉઠવું, રણમાં ઘુમવું, પરિવારનું પોષણ કરવું, સ્રીનાપર વહાલ રાખવું); ૬ મોરનાં—(ઉંચી પદવીએ રહેવું, શત્રુને ખુંદવો, મધુર ભાષણ કરવું, સુંદર સ્વરૂપે રહેવું યુક્તિ—કળા

જાણવી, ગર્વહીન રહેવું); ૬ કૂતરાનાં-(ઘણું ખાવું, થોડાથી સંતોષ, અલ્પનિદ્રા, સૂક્ષ્મબુદ્ધિથી સહજ સમજી જવું, સ્વામીપર ભક્તિ રાખવી, શૌર્ય બતાવવું); ૩ ગધેડાનાં-(ભાર વહેવો, દંડથી ડરવું નહીં, સંતોષી રહેવું); ૫ કાગડાનાં-(કોઇનો વિશ્વાસ કરવો નહીં, અભિમાન ન રાખવું, મર્યાદા રાખવી, ચંચળતા રાખવી, સમયસાધક થવું); ૬ પુરૂષનાં પોતાનાં-(ચઢતીમાં ક્ષમા, ચાતુર્ય, વાક્પાટવ, યશની અભિરૂચિ, પરાક્રમ, પડતીમાં ધીરજ).

૫. (क) ભાસ્કરાચાર્ય. (ख) ગણિત જ્યોતિષનો.

૬. (क) 'જય જય ગરવી ગુજરાત' વાળી. (ख) સહુ ચલો જીતવા જંગ, બ્યૂગલો વાગે; યાહોમ કરીને પડો, ફત્તેહ છે આગે–એ.

૭. જુઓ પરિશિષ્ટ अ–ચરિત્રાવલી.

૮. સન ૧૮૩૦–મિકેલ ફૅરેડેની વિજળીની શોધ; દીવા, તાર વગેરે કામમાં તેનો ઉપયોગ.

૧૮૩૭–વ્હીટસ્ટન અને કુકની લોહચુંબક સોયવાળા તાર યંત્રની શોધ.

૧૮૪૧–એલીયસ હાઉની શિવવાના સંચાની શોધ.

૧૮૬૮–નોબેલની ડાઇનેમિટની શોધ.

૧૮૬૮–વાઇટહેડની ટૉર્પિડો (નૌકા નાશક યંત્ર)ની શોધ

૧૮૭૬–એ. ગ્રેહામ બેલની ટેલિફોન (સ્વરસંવાહક)ની શોધ.

૧૮૭૭–એડિસનની ફોનોગ્રાફની શોધ.

૧૮૮૪–નોર્ડ એક્ષ રેઇઝ ફેલ્ટની સબમેરીન બોટ (પાણીમાં ડુબતી મનવારો)ની શોધ.

૧૮૯૫–એક્ષ રેઇઝ અથવા 'રોન્જન (રોટન્ગન) રેઇઝ'–

શરીરની અંદરના ભાગની રચના તપાસવા કિરણોની મદદથી છબી પાડવાનું યંત્ર–એની શોધ.

૧૮૯૮–તારના દોરડા વગર તારના સંદેશા મોકલવાની કળાનો પહેલો નીયોગ અને ઉપયોગ–સીનોર જી. માર્કોની શોધ પ્રમાણે.

૧૯૦૩–રેડિયમની શોધ–મી૦ અને મિસીસ ક્યુરીની.

૧૮૭૫ થી ચાલુ–એરોપ્લેન (બલૂન)–(વિમાન), મોનોપ્લેન, બાઇપ્લેન, ત્રિપ્લેન, ઝેપલીન–વગેરે હવામાં ચલાવવાનાં વાહનો, અને તેમાં વખતોવખત થતા સુધારા;–બ્રાઝિલના વતની, સેન્ટોસ ડ્યુમોન્ટે ૧૯૦૧ માં આવી હવામાં ચાલતી મનવારોની કેટલીક શોધ કરેલી હતી. બલૂન પહેલવહેલું ફ્રાન્સના મોન્ટગોલ્ફીર બ્રધર્સે સને ૧૭૮૩ માં તૈયાર કરેલું તેમાં તે ચઢ્યા હતા.

૯. ઇંદ્રિયોનો નિગ્રહ કરવો તે.

૧૦. રા. બા. રણછોડલાલ છોટાલાલ; શેઠ પ્રેમચંદ રાયચંદ; સર જમશેદજી જીજીભાઈ બેરોનેટ (પહેલા); શેઠ જમશેદજી નશરવાનજી ટાટા; રા. રા. ગૌરીશંકર ઉદયશંકર ઓઝા; શેઠ આદમજી પીરભાઈ; શેઠ મનસુખભાઈ ભગુભાઈ; રા. રા. ઇચ્છારામ સૂર્યરામ દેશાઈ, વગેરે.

૧૧. (૧) હૃદયવીણા–નરસિંહરાવ ભોળાનાથ દિવેટીઆ. (૨) મેઘદૂત–નવલરામ લક્ષ્મીરામ, ભીમરાવ ભોળાનાથ, કવિ શિવલાલ ધનેશ્વર, હરિકૃષ્ણ બળદેવ ભટ્ટ, લલિત, હરિલાલ હર્ષદરાય ધ્રુવ (પૂર્વ મેઘનું), કીલાભાઈ ઘનસ્યામ. (૩) કાવ્ય રસિકા–અરદેશર

ફ્રામજી ખબરદાર. (૪) કાદમ્બરી—છગનલાલ હરિલાલ પંડ્યા. (૫) લેન્ડોરના કાલ્પનિક સંવાદો—મોહનલાલ પાર્વતિશંકર દવે. (૬) નભુવાણી—નભુલાલ દ્યાનતરાય કવિ (નડિયાદના સાઠોદરા નાગર બ્રાહ્મણ). (૭) દેશી કારીગીરીને ઉત્તેજન—રા. બા. હરગોવિન્દદાસ દ્વારકાદાસ કાંટાવાળા.

૧૨. તોખાર—ઘોડો; અજા—બકરી; કુંજર—હાથી; કુરંગ—હરણ; નિશાચર—કહોલું, ઘુવડ; જમ્બુક—શિયાળ.

## ૮૭

૧. (क) મહારાણી વિકટોરિયાના પિતા ડ્યુક ઑફ કેન્ટ એ બીજા જ્યોર્જના ચોથા કુંવર હતા, અને વિલિયમ ચોથા રાજાના નાના ભાઈ હતા; તેથી તે સગપણથી રાજા વિલિયમ પછી ગાદીએ બેઠાં. (ख) સન ૧૮૩૭ માં ગાદીએ બેઠાં તે તા૦ ૨૨ મી જાનેવારી સન ૧૯૦૧ સુધી ૮૨ વર્ષની વય સુધી રાજ્ય કર્યું હતું (જન્મ તા૦ ૨૪-૫-૧૮૧૯). (ग) ભલાં વિકટોરિયા (વિકટોરિયા ધ ગૂડ).

૨. માણસનામાં સદ્‌વૃત્તિ હોવી, એજ અમર દૈવી અંશ—ઈશ્વરી અંશ છે.

૩. શ્રીમદ્‌ ભગવદ્‌ગીતા, વિષ્ણુસહસ્રનામ, ગજેન્દ્રમોક્ષ, ભીષ્મસ્તવરાજ, અનુસ્મૃતિ.

૪. જુઓ પરિશિષ્ટ અ—ચરિત્રાવલિ.

૫. કેટલાકના જણાવવા પ્રમાણે:—બહારના—અંગશુચી, મજ્જન, સારાં વસ્ત્ર, ચાતુર્ય, કેશ સમારવા, સિંદુરથી સેંથો પૂરવો, ભાલપર નખલો, ચીબુકનું છુંદણું, હાથપગે મેદી, શરીરે, અરગજો, ઘરેણાં (અલંકાર), પુષ્પ, સુવાસ, દાંત રંગવા, હોઠ રક્ત કરવા, કાજળ.

બીજા કેટલાકના જાણાવવા પ્રમાણે:—(બહારના) મજ્જન, સારાં વસ્ત્ર, ચાંદલો, અંજન, (કાને) ત્રાટક, (નાકે) વેસર-વાળી, વેણી, ફૂલહાર, કટિમેખલા, કંકણ, ચંદનલેપ, અંગ-રાગ, નુપૂર, દૃગ્વિલોકન (કટાક્ષ), તાંબુલ, ચાતુર્ય.

અંતરના (સ્ત્રીનાં) સોળ શૃંગાર નીચે પ્રમાણેના છે:—સુઘડતા, આવડત, ડહાપણ, ચતુરાઈ, ચપળતા, પતિવ્રત, ઉદારતા, ક્ષમા, સત્ય, સંતોષ, ઉદ્યોગ, દયા, સુવિધ સર્વ જનપર પ્રીતિ, પ્રભુભક્તિ, ધૈર્ય.

૬. (क) બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર. (ख) બ્રહ્મા—પૃથ્વી સરજે છે; વિષ્ણુ—પાલણ પોષણ કરે છે; મહેશ્વર—શિવ—સંહાર કરે છે.

૭. (क) લોહી રાતું અને સ્વચ્છ થાય છે.
(ख) (૧) ઓક્સિજન અને કાર્બોનિક એસિડ ગ્યાસ.
(૨) ઓક્સિજન લોહી સાથે મળી જાય છે.

૮. કપૂરના તથા લીમડાના લાકડાને.

૯. વરસમાં કેટલીકવાર સૂર્ય ઉગ્યા પહેલાં અથવા સૂર્ય આથમ્યા પછી થોડીવાર.

૧૦. પૃથ્વીના દરેક ભાગપર વરસાદ પડતો નથી; કારણ કે પૃથ્વી પોતાની સાથેના વાતાવરણ સહિત ફરે છે,

અને તે વાતાવરણની અંદર વાદળાં હોય છે, એટલે જે તે જગ્યા ઉપરનું વાદળું, તેજ જગ્યા ઉપર વરસાદરૂપે પડે છે.

૧૧. સીલોન, નાતાલ, માર્ટિનિક, સ્ટ્રેટ્સ સેટલમેન્ટ્સ, મલાયા સ્ટેટ્સ, બ્રિટિશ ગાયના, ત્રીનિડાડ, મોરિશિયસ, ફીજી, જમેકા, ઝાન્ઝિબાર, વગેરે.

૧૨. ડાહ્યા માણસો ઈશ્વરનું ભજન કરી શકાય તેને માટે શરીરનું રક્ષણ કરવાના ઉદ્દેશથી ખાય છે; પણ જે માણસ એમ સમજે કે, ખાવાને સારૂ આ શરીર છે, તેને તદ્દન અજ્ઞાત સમજવો. "જીવવાને માટે ખાવું જોઇએ, પણ ખાવાને માટે જીવવાનું નથી."

## ૮૮

૧. ઓક્સિજન વગર દીવો રહી શકતો નથી. દીવો બળવાને તેની જરૂર છે. બરણીમાં દીવો મૂકી ઢાંકયા પછી બરણીની અંદર બહારની હવાનો ઓક્સિજન આવતો નથી, તેથી બરણીની અંદરનો ઓક્સિજન દીવો બળવામાં ખપી ગયા પછી બીજો નહીં મળવાથી દીવો ઓલવાઈ જાય છે.

૨. (क) શુક્ર સૌથી તેજસ્વી ગ્રહ છે. એ વર્ષમાં કેટલાક મહિના સૂર્ય ઉગતા પહેલાં પૂર્વમાં દેખાય છે, અને કેટલાક માસ લગણ સાંજે સૂર્ય આથમ્યા પછી પશ્ચિમમાં દેખાય છે.

(ख) ૬,૭૫,૦૦,૦૦૦ માઇલ. (ग) ૨૨૫ દિવસ.

૩. (૧) રૉબર્ટ સ્ટીવનસન–(૧૭૭૨–૧૮૫૦)–દીવાદાંડી બાંધનાર તરિકે પ્રખ્યાત થયો છે.

(૨) જ્યોર્જ સ્ટીવનસન (સ્ટીફનસન)–(૧૭૮૧–૧૮૪૮)–લોકોમોટિવ સ્ટીમ એન્જીન બનાવનાર પહેલો એ હતો. સને ૧૮૨૫ના અરસામાં પોતે તૈયાર કરાવેલા સ્ટીમ એન્જીનથી ૩૮ ડબાની એક આગગાડી કલાકના બાર માઇલને વેગે તે ચલાવી શકયો હતો.

(૩) જેમ્સ વૉટ–(૧૭૩૬–૧૮૧૯)–સ્ટીમ એન્જીન પહેલવહેલું એણે બનાવ્યું હતું. સને ૧૭૮૫ ની સાલમાં એણે સ્ટીમ એન્જીનથી એક રૂનું કારખાનું ચલાવ્યું હતું.

(૪) સર વૉલ્ટર રૅલે–(૧૫૫૨–૧૬૧૮)–ઇંગ્લાંડમાં બટાટા અને તંબાકુનો પાક એણે દાખલ કરાવ્યો હતો.

૪. જુઓ પરિશિષ્ટ अ–ચરિત્રાવલી.

૫. (क) પ્રતાપના કારભારી ભામાશા શેઠ. (ख) પચીસ હજાર લશ્કરી માણસોનો બાર વર્ષ સુધી નિભાવ થાય, એટલું દ્રવ્ય આપ્યું હતું.

૬. (૧) લૅટીનમાંથી. (૨) ઇટાલી દેશમાં, રોમમાં.

૭. (क) સુદામાજી. (ख) દ્રવિડ દેશમાં આવેલું વિદર્ભનગર.

૮. (૧) વચ્ચે ટેકો. (૨) વચ્ચે શક્તિ. (૩) વચ્ચે વજન.

૯. (૧) પંચાળ–દ્રુપદ રાજાનો દેશ–ઉત્તર હિંદુસ્તાનમાં (પંજાબ હશે).

(૨) પંચવટી–નાશકની પાસે સ્થળ છે. રામે વનવાસ કર્યો ત્યારે અહીં કેટલોક વખત મુકામ કર્યો હતો. અહીંથી સીતાને રાવણ હરી ગયો હતો.

(૩) કુરૂક્ષેત્ર–પાણીપતનું મેદાન; કૌરવ પાંડવનું યુદ્ધ થયું હતું તે સ્થળ.

(૪) કેદાર–હિમાલય પર્વતની ટેકરી ઉપર–બદ્રિકેદાર.

૧૦. અમદાવાદના; સાહેબખાની કહેવાય છે.

૧૧. (૧) સુખડી–વેપારીઓના ગુમાસ્તા માલ ખરીદ કરી નાણું ચુકાવી આપતાં જે હકસાઈ વેચનાર પાસેથી પોતાને માટે લે છે તે.

(૨) દસ્તુરી–હકસાઈ, સુખડી.

(૩) વહીપૂજા–દિવાળીને દહાડે વેપારી લોકો ચોપડાપૂજન કરે છે તે.

(૪) બોણી–દુકાનદારને દુકાન ઉઘાડતાં પ્રથમજ જે રોકડ વકરો થાય તે; બેસતે વરસે વેપારીઓ પરસ્પર નાણું આપે તે, અથવા દલાલને કે આશ્રિતને બક્ષીસ દાખલ જે નાણું આપવામાં આવે છે તે.

૧૨. ગોકુળ ગામનો પેંડો ન્યારો; કાશીનું કરવત, આવતાં વહેરે ને જતાં વહેરે; હરિભટ્ટ વડોદરે કરી આવ્યો; ડભોઇનું ડહાપણ આવ્યું છે; હીરો ઘોઘે જઈ આવ્યો; સસ્તું ભાડું ને સિદ્ધપુરની જાત્રા; સુરતનું જમણ અને કાશીનું

મરણ; ન લેવા ન દેવા, ને વડોદરે વિવાહ; નવસારી નાગમંડળ ને ગણદેવી ધમચક્કડ; વાતમાં ને વાતમાં ભરૂચ ગુમાવ્યું.

# ૮૧

૧. (क) દર્શનનાં ૭ જૂદાં જૂદાં શાસ્ત્રો રચાયલાં છે, અને તે પડ્દર્શન કહેવાય છે. (૧) સાંખ્યદર્શન–કપિલ મુનિએ રચેલું છે; (૨) યોગદર્શન–પતંજલિએ રચેલું; (૩) વૈશેષિક દર્શન–કણાદનું; (૪) ન્યાય–ગૌતમ ઋષિનું; (૫) પૂર્વ મીમાંસા–જૈમિનીનું. આ કર્મમીમાંસાને નામે ઓળખાય છે; (૬) ઉત્તર મીમાંસા–બાદરાયણ વ્યાસનું–આ બ્રહ્મ-મીમાંસા–વેદાન્તને નામે પ્રસિદ્ધ છે.

(ख) જીવ, ઈશ્વર, જગત્, માયા, પદાર્થો અને તેમનો પરસ્પર સંબંધ તથા તેનું સ્વરૂપ નિર્ણય, અને મોક્ષપ્રાપ્તિ–એ આ દર્શનશાસ્ત્રોનો મુખ્ય વિષય છે.

૨. ગવર્નર જનરલ અને વાઇસરાયના અધિકાર ઉપરાંતનાં કામો, હિંદુસ્તાનના રાજકારભારના સંબંધમાં ઇગ્લાંડમાં નિમેલા સેક્રેટરી ઑફ સ્ટેટ, ક્રાઉન (રાજા)ના મુખ્ય સલાહકાર તરિકે, કરે છે, અગર તેમના તરફથી હુકમ મેળવે છે. મતલબ કે આવાં કેટલાંક કામોનો સેક્રેટરી ઑફ સ્ટેટ પોતાના અધિકારમાં હુકમ આપે છે, અને અધિ-

કાર શિવાયનાં કામોને માટે એક કાઉન્સિલ સ્થાપવામાં આવી છે. આને ઇન્ડિયા કાઉન્સિલ કહે છે. ઘણે ભાગે સેક્રેટરી ઑફ્ સ્ટેટ આ કાઉન્સિલની સલાહ અને મદદથી કામ કરે છે. આ કાઉન્સિલમાં હાલ ૧૦ થી ૧૪ સભાસદ રાખવાનું ઠરાવેલું છે; આમાં દરેક સભ્ય સાત વર્ષ સુધી ઓહ્દો ભોગવે છે. કાઉન્સિલના સભ્યોમાં ઘણો ભાગ હિંદુસ્તાનમાં નિદાન દશ વર્ષ નોકરી કરી હોય અગર અહીં રહ્યા હોય, તેમજ નિમણુક થતાં પહેલાં પાંચ વર્ષ કરતાં વધારે મુદત હિંદુસ્તાન બહાર રહ્યા ન હોય તેવાની પસંદગી થઈ નિમણુક થાય છે. ઘણે ભાગે જેમણે મોટો ઓહ્દો ભોગવ્યો હોય, અને અનુભવ મેળવ્યો હોય તેવા નિમાય છે. સન ૧૯૦૭ માં આ કાઉન્સિલમાં એક હિંદુ અને એક મુસલમાન ગૃહસ્થ, એમ બે હિંદુસ્તાનના વતનીને નિમવામાં આવ્યા હતા. પહેલા હિંદુ ગૃહસ્થ ઢાકાના સર કૃષ્ણ ગોવિંદ ગુપ્તા હતા; અને મુસલમાન ગૃહસ્થ બંગાળાના નવાબ ઇમાદ-ઉલ-મુલ્ક સૈયદ હુસૈન બીલગ્રામી હતા. તેમની પછી સન ૧૯૧૦ ની સાલમાં મુંબઇના મી૦ મીરઝાં અબ્બાસ અલી બેગ નિમાયા છે.

૩. જુઓ પરિશિષ્ટ અ—ચરિત્રાવલી.

૪. સૂર્ય એ એક ગતિમાન્ બળતો તેજસ્વી ગોળ પ્રવાહી પદાર્થ હશે એમ અનુમાન થાય છે. સૂર્યની ગતિને લીધે તેમાંથી કેટલાક ભાગ છૂટા પડતા ગયા તે ગ્રહો છે.

૫. સદ્વૃત્તિથી.

૬. જ્યોર્જ વૉશિંગટન (સન ૧૭૩૨-૧૭૯૯).

૭. (૧) ગુજરાતીમાં—મુંબઈ સમાચાર, હિંદુસ્તાન, પ્રજા મિત્ર અને પારસી, જામેજમસેદ, સાંજવર્તમાન. (૨) અંગ્રેજીમાં—ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, બૉમ્બે ક્રૉનિકલ, એડવોકેટ ઑફ ઇન્ડિયા. (૩) મરાઠીમાં—ઈંદુ પ્રકાશ, સંદેશ. (૪) ઉર્દુમાં—અખબારે ઇસ્લામ, મુસ્લીમ હેરલ્ડ.

૮. સિંધવ, સંચળ, સુંઠ, અજમો, મરી, પિપર, ચિત્રો, જીરૂં, કાળીજીરી. એ સમભાગ લઈ તેને આઠમે હિસ્સે હિંગ લઈ બધાનું ચૂર્ણ કરી રાખવું; છાશમાં અથવા ભોજન સમયે પ્રથમ ઘી અને ભાતમાં ખાઈ જમવું. આથી ગુલ્મ, આમ, અગ્નિમાંદ્ય, મૂર્છા—એ મટે છે એમ કહે છે.

૯. ગ્રહો અને નક્ષત્રો ઉપરથી—આકાશી પદાર્થો ઉપરથી.

૧૦. હસ્તક્રિયાની કેળવણી તે મેન્યુઅલ ટ્રેનિંગ કહેવાય છે. આ કેળવણીમાં (૧) માટીના જૂદા જૂદા નમુના બનાવવાનું કામ, (૨) ચિત્રવિદ્યા, (૩) શિલ્પ—સુતારી કામ, (૪) લોખંડી કામ, એવા વિષયો રાખવામાં આવે છે. દશ બાર વર્ષની ઉમરના છોકરા થાય ત્યારથી તેને આ વિષયોનું શિક્ષણ આપવાનું હોય છે. કન્યાઓને માટે નંબર ૧–૨ ઉપરાંત ભરત શિવણનું કામ, તથા કપડાં ધોવાનું અને રસોઇનું કામ એ આ કેળવણીનો ભાગ ગણાય છે. નાની વયથી છોકરાંઓની આંખ અને હાથનો સદુપયોગ થાય, અવ-

લોકન કરતાં શીખે, ચોક્કસપણું, સ્થિરતા, દૃઢતા, ધૈર્ય, વગેરે ગુણો તેમનામાં આવે, એવો આ કેળવણી આપવાનો મુખ્ય ઉદ્દેશ છે.

૧૧. (क) ઉજડ ગામ (ઝાડ વસ્તી વગરનું) તેમાં અરંડો (દીવેલીનો છોડ) પોલો હોવા છતાં, એટલે ઝાડના હિસાબમાં નહીં હોવા છતાં પણ, બીજાં ઝાડને અભાવે એ મોટો ગણાય, તેમ જ્યાં ભણેલા કે ડાહ્યા પુરૂષો ન હોય ત્યાં કોઈ થોડું કે સહજ જાણનારો હોય તોપણ તે મોટો પંડિત અને ડાહ્યો ગણાય છે.

(ख) પાણીનો ઘડો અધુરો ભર્યો હોય તો તે વધારે છલકાય છે (પાણી બહાર નિકળી જાય છે); તેમ જે માણસનામાં ધન, વિદ્યા, બુદ્ધિ, વગેરે બાબતની છત ઓછી હોય છે, છતાં પોતાની પાસે બીજા કરતાં ઘણું છે, એમ જણાવવાનો ડોળ કરે છે, તેના સંબંધમાં વપરાય છે.

(ग) વાંદરાં અટકચાળાં ગણાય છે, એટલે કૂદાકૂદ કરે છે; તેમને નિસરણી આપવામાં આવે તો વધારે કૂદાકૂદ કરે, તેમ જે છોકરો તોફાની કે અટકચાળો હોય તેને કોઈ ઉત્તેજન આપે તો તે વધારે તોફાની કે અટકચાળો થાય એ ઉઘડ છે.

૧૨. (૧) પંચમહાલ જીલ્લામાં પાવાગઢના ડુંગરની પાસે.
(૨) વનરાજ ચાવડાના વખતમાં તેના ચાંપા નામે કારભારીએ વસાવ્યું હતું.

## ૧૦

૧. ઈંગ્લાંડમાં રાજકીય બાબત સંબંધે બંધાયલા જૂદા જૂદા પક્ષ ( પાર્ટીઓ )નાં આ નામો છે.

(૧) **વ્હીગ–લિબરલ**–રાજા ચાર્લ્સ બીજાના સમયમાં સુધારો વધારો કરવામાં આગળ પડતી પાર્ટીને 'વ્હીગ' નામ આપવામાં આવ્યું હતું. સન ૧૮૩૨ માં 'રિફૉર્મ બીલ' પસાર થયું, તે વખતથી એ પક્ષનું નામ લિબરલ અપાયલું છે.

(૨) **ટોરી–કોન્ઝર્વેટિવ**–ટોરી નામ સન ૧૬૭૮ થી વપરાતું આવ્યું છે. જુના વંશપરંપરાના હક જાળવી રાખવાના ધોરણને વળગી રહેનારા કે મદદ આપનારા પક્ષને એ નામ અપાયલું છે. એ પક્ષવાળા 'રિફૉર્મ બીલ'ની વિરૂદ્ધમાં હતા. કોન્ઝર્વેટીવ નામ પ્રસાર થયલા 'રિફૉર્મ બીલ' ઉપરથી સન ૧૮૩૨ ની સાલથી જુના વિચારવાળાઓ માટે વપરાતું આવ્યું છે; ટોરી મતના જે જે જુના વિચારો છે, તેને તે પક્ષવાળા, કોન્ઝર્વેટિવ નામના પક્ષ–પાર્ટી કરતાં વધારે, દૃઢતાથી વળગી રહે છે. તે કારણથી 'ટોરી' નામ હજુ પ્રચારમાં રહેલું છે.

(૩) **યુનિયનીસ્ટ**–મી૦ ગ્લેડસ્ટને હોમ રૂલ બીલ સન ૧૮૮૬ માં પાર્લામેન્ટમાં રજુ કરેલું, તેની વિરૂધ્ધ મતવાળા લિબરલ પક્ષના, જેમના વિચાર બદલાઈ ગયેલા, એવા માણસો તથા કોન્ઝર્વેટિવોને માટે આ નામ પ્રચારમાં આવેલું, અને હજુ એ પાર્ટીના નામ તરિકે ચાલે છે.

(૪) **નેશનલીસ્ટ**–ગ્રેટ બ્રિટનથી થોડે કે સંપૂર્ણ અંશે છૂટા પડવું એવો મત ધરાવનારો એક રાજકીય પક્ષ

(પાર્ટી) આયર્લાન્ડમાં છે. તેને ટેકો આપનારા અથવા તે પક્ષના માણુસો તે નેશનલીસ્ટ કહેવાય છે.

૨. ધ ટાઇમ્સ. સન ૧૭૮૫ માં 'લન્ડન ડેલી યુનિવર્સલ રજીષ્ટર'ના નામથી આ પત્ર નિકળેલું, અને તેને હાલનું નામ સને ૧૭૮૮ માં અપાયલું હતું. એનો ચાળીસ હજારમો અંક સન ૧૯૧૨ ના સપ્ટેમ્બર માસની તા૦ ૧૦ મીએ છપાયો હતો. એની દરરોજ ૬૦,૦૦૦ સાઠ હજાર ઉપરાંત નકલો છપાય છે.

૩. (૧) ગ્રીસ દેશમાં—ઇ૦ સ૦ પૂર્વે ૮૫૦ ના અરસામાં. (૨) 'ઇલિયડ' અને 'ઓડિસી' નામનાં વીરરસ કાવ્યો.

૪. (૧) કર્ણ—કુન્તીનો સૂર્યથી થયેલો પુત્ર. એ કૌરવ પાંડવના યુદ્ધમાં કૌરવ પક્ષમાં હતો. કર્ણ દાતાર કહેવાય છે. એ દરરોજ દશ હજાર બ્રાહ્મણોને દશ હજાર ગાયોનું દાન કરતો એમ કહેવાય છે. તે એવો દાતાર હતો કે, આજે પણ કોઇને દાતાર કહેવો હોય ત્યારે તેને કર્ણની ઉપમા આપે છે.
(૨) સુગ્રીવ—કિષ્કિધાનો રાજા. શ્રી રામચંદ્રજી રાવણ સાથે લંકામાં લડવા ગયા હતા ત્યારે સુગ્રીવ સાથે મિત્રતા બાંધી હતી. એણે શ્રીરામચંદ્રજીની મદદે રહી રાવણ સાથે યુદ્ધ કર્યું હતું.
(૩) દ્રોણ—ભરદ્વાજના પુત્ર. એ ધનુર્વિદ્યામાં ઘણા કુશળ હતા, અને પાંડવ કૌરવના ગુરૂ હતા.

અર્જુન પર ઘણો પ્રેમ હોવાથી તેને બ્રહ્માસ્ત્ર વિદ્યા શીખવી હતી.

(૪) જનક–મિથિલાપુરીનો રાજા. એ સંસારમાં રહ્યા છતાં વેદાન્ત જ્ઞાને કરીને મુક્ત હતા, તેથી તે વિદેહી કહેવાય છે.

૫. "પૃથ્વી એ એક મોટો ધગધગતો ગોળો હતી; પછી ધીમે ધીમે ઠંડી પડતી ગઈ; પછી તે પર પાણી થયું; પાણી થયા પછી તે પર પડ બંધાતાં ગયાં, અને એક પછી એક થર કાળે કરી ચઢતાં ગયાં; વળી ધરતીકંપથી તે પડો ઉપર આવ્યાં; પછી વનસ્પતિ થઈ; તેનાં વનનાં વન ઉપર કોઈ કાળે દરિયો અને માટી ફરી વળી દબાઈ ગયાં." આ પ્રમાણે પૃથ્વી પર જૂદે જૂદે કાળે જૂદાં જૂદાં પડ બંધાયાંનું કહેવાય છે.

૬. સત્સંગ–સત્–સાચું–ખરૂં. સાધુ પુરૂષો (જેમનામાં સાધુ પુરૂષોનાં ખરાં લક્ષણો હોય એવા) ના સમાગમમાં આવવાથી અને રહેવાથી મનુષ્યમાં ધર્મની પ્રવૃત્તિનું–ધર્મ તરફ વલણ થવાનું બીજ રોપાય છે.

૭. સળી–(૦।); વીલ (૦॥); કેળ (૧); ઉધાન (૩); ગોથ (૪); મૂળ (૫); જણુસ (૯); આંગળ (૧૦).

૮. (૧) રસોડું, ન્હાવાની જગ્યા, ચોકડીઓ, ખાળ-કુંડીઓ, મોરીઓ, ઘર નીચે વખારો અથવા તબેલા હોય તે, વગેરે. (૨) કેરોસિન તેલના દીવા, શાકભાજી વગેરેનો કચરો, એઠવાડ, આજુબાજુની કે બીજી ગંદકી, વગેરે.

૯. પાયા કરતાં તેના ઉપરનો ભાગ વધારે પહોળો હોય ત્યારે.

૧૦. વરાળ યંત્ર, કાચની બનાવટ, ચીનાઈ વાસણ, વિજળીનો ઉપયોગ, વગેરે.

૧૧. કડવા કણબી, મોતાલા બ્રાહ્મણ, જુનાગઢ તથા ભાવનગર તરફના નાગરો અને ભરવાડ લોકોમાં. કડવા કણબીમાં ૧૦–૧૨ વર્ષે; મોતાલામાં ચાર વર્ષે; ભરવાડમાં ૧૨ કે ૧૫ વર્ષે; નાગરોમાં એક મોટા માણસ લગ્ન લે તે તિથિ બીજાઓ પણ રાખે છે.

૧૨. એકનું ઓસડ બે; પાશેરામાં પહેલી પૂણી; એક મગની બે ફાડ; ત્રણ તેખડ ને હળ મેખળ; ચોરનારની ચાર ને જોનારની બે; પંચ ત્યાં પરમેશ્વર; છઠ્ઠીના લેખ લખાયા તે લખાયા; સાતડે સાત થયું; અષ્ટમા સિદ્ધિ અને નવ નિધિ; બાર ગાઉએ બોલી બદલાય; નહીં ત્રણમાં, નહીં તેરમાં, નહીં છપ્પનના મેળમાં; છપ્પન ઉપર ભૂગળ વાગે; બોતેર કોઠામાં આગ લાગી; એકડા વિના સો મીડાં ખોટાં; સો મણ તેલે અંધારૂં; થઈ સાઠી ને બુદ્ધિ નાઠી; સોળે સાન ને વીસે વાણ; શેરને માથે સવાશેર; નવ કાળાં ને તેર લાગા; બાર ભૈયા ને તેર ચોકા.

## ૬૧

૧. ચારસો, રજાઈ, ગોદડું, ચોફાળ, કામળી, શાલ, બનાત, કામળ, બન્નુસ, રગ, વગેરે

૨. જુઓ પરિશિષ્ટ અ—ચરિત્રાવલી.

૩. એક્ષ રેઇઝના યંત્રથી—રોન્જન એક્ષ રેઇઝથી.

૪. ચોમાસામાં હવામાં ભીનાશ વધારે રહેલી હોય છે, તેથી બહારની હવા ભીનાં કપડાંમાંની ભીનાશ જલદી ચૂશી શકતી નથી.

૫. (क) ખાટો પદાર્થ છે. (ख) દહીં, છાશ, કાચી કેરી, આમલી, લીંબુ, વગેરે.

૬. (૧) 'સયાજી સરોવર,' વડોદરાથી ૧૩ માઇલ. (૨) 'નળ'—ખારા પાણીનું સરોવર અમદાવાદ જીલ્લાના ધંધુકા તાલુકામાં.

૭. અભેદ્યપણું, વિભાજ્યપણું, સ્થિતિસ્થાપકતા, જડત્વ, છિદ્રાળુ, અવિનાશત્વ.

૮. (क) ઉંચા પ્રકારની જૂદા જૂદા વિષયની કેળવણી આપવાને માટે તથા શિક્ષણને માટે ઠરાવેલા અમુક અમુક ધોરણ સુધી જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તેમને, સત્તા મળ્યા અન્વયે, ડિગ્રી—પદવી આપવાને સ્થાપવામાં આવેલી સંસ્થા. આ સંસ્થા પૈકી કલકત્તાની યુનિવર્સિટીના ચેન્સેલર—પ્રમુખ ગવર્નર જનરલ હોય છે, અને બીજે સ્થળે ઇલાકા વગેરેના મુખ્ય સરકારી અમલદાર, ગવર્નર વગેરે, તેના ચેન્સેલર—પ્રમુખ હોય છે.

(ख) કલકત્તા, મદ્રાસ, મુંબાઈ, અલ્હાબાદ, પંજાબ—આ પાંચ યુનિવર્સિટીઓ હિંદુસ્તાનમાં હાલ છે. પહેલી ત્રણ સન ૧૮૫૭ માં સ્થપાઈ હતી.

છઠ્ઠી યુનિવર્સિટી—હિંદુ યુનિવર્સિટી—એની સ્થાપના માટે મકાનનો પાયો નાખવાની શુભ ક્રિયા નામદાર વાયસરાય લૉર્ડ હાર્ડિંજે તા૦ ૪ થી ફેબ્રુઆરી, ૧૯૧૬ ને દિવસે બનારસમાં કરી છે.

૯. (क) ગ્રેટ બ્રિટનમાં રાજનીતિના મુખ્ય બે ભાગ છે. કાયદા બાંધવા, અને કાયદાનો અમલ બજાવવો. રાજા, અમીર અને રૈયતના મુખ્યારો મળી કાયદા બાંધે છે. એ સંસ્થાને પાર્લામેન્ટ કહે છે. પાર્લામેન્ટના બે ભાગ છે. હાઉસ ઑફ લૉર્ડસ અને હાઉસ ઑફ કૉમન્સ. હાઉસ ઑફ લૉર્ડસ એટલે અમીરોની સભા; એ સભામાં ધર્માધ્યક્ષો અને ઉમરાવો મળી સુમારે ૬૦૦ સભાસદો હોય છે. રૈયતની સભાને હાઉસ ઑફ કૉમન્સ કહે છે. તેમાં પ્રજાના કુલ ૬૭૦ પ્રતિનિધિઓ હોય છે, અને એમને પ્રજા પસંદ કરીને મોકલે છે.

(ख) 'સ્પીકર.'—( હાઉસ ઑફ લૉર્ડસમાં ચેન્સેલર ઑફ એક્ષચેકર પ્રમુખ થાય છે. )

૧૦. મોહોરરમ, સફર, રબીયુલઅવ્વલ, રબીયુલઆખર, જુમાદયુલઅવ્વલ, જુમાદયુલઆખર, રજબ, શાબાન, રમઝાન, શવ્વાલ, ઝીલકાદ, જીલહજ.

૧૧. હજાર ફેણવાળો અને અતુલ્ય—ઘણુંજ ઝેર—હળાહળ રાખવાવાળો એવો વાસુકિ નાગ છે, છતાં તેને પણ શ્રીકૃષ્ણ ભગવાનનો ભાર વેઠવો પડ્યો;

તેજ પ્રમાણે ગર્વ—અભિમાન વિનાના રામે ગર્વિષ્ઠ રાવણને મારી તેનો ગર્વ ઉતાર્યો; અર્થાત્ જગતમાં કોઇનો ગર્વ રહ્યો નથી.

૧૨. (क) માર્ટિન લ્યુથર. (ख) ગ્રેટ બ્રિટન, હોલાન્ડ, જર્મની, ડેન્માર્ક, સ્વીડન, નૉર્વે, સ્વિટ્ઝર્લાન્ડ, વગેરે.

# ૧૨

૧. પ્રતિસારક બળ.

૨. તિરૂપતિ, કન્જેવરામ, ચિદમ્બરમ, કુમ્ભકોનમ, તંજોર, શ્રીરંગમ, રામેશ્વર.

૩. (૧) અઢાર ભાર વનસ્પતિ—"૨૦૨૧૭૪૦૦૦ એટલી જે સંખ્યા તે ભાર—એને ૧૮ ગણી કરતાં ૧૮ ભાર વનસ્પતિની સંખ્યા નિકળે: તેમાં ૪ ભાર ફળતાં ઝાડ, ૪ ભાર ન ફળતાં ઝાડ, ૪ ભાર કાંટાવાળાં ઝાડ, અને ૬ ભાર વેલી."—નર્મકોશ. (૨) અઢાર ભાર સોનું—"એક ભાર તે ૨૦ તોલાનું જે વજન તે. ૩૬૦ તોલા અથવા ૪૦ તોલાના શેર લેખે ૯ શેર સોનાનું દાન કર્ણ રાજા રોજ કરતો. એ અઢાર ભાર સોનું કહેવાય".—નર્મકોશ.

૪. જુઓ પરિશિષ્ટ અ—ચરિત્રાવલી.

૫. (૧) પાણીની અંદર ચાલતી બોટો—આવી બોટોનું નામ સબમેરિન બોટો પાડેલું છે. જૂદી જૂદી પ્રજાના દરિ-

ચાઈ કાફલામાં અને દરિયાઈ લડાઇમાં તે અગત્યનો ભાગ ભજવે છે. ખરેખરી ધારવા પ્રમાણે ઉપયોગમાં આવે તેવી સબમેરિન પહેલી વહેલી ફ્રેન્ચ લોકોએ દાખલ કરી હતી. ઉત્તમ પ્રકારની સબમેરિન વિજળીના બળથી ચાલે છે. એના બે પ્રકાર છે. એક દરિયાના અંદરના ભાગમાં લાંબે દૂર સુધી જઈ શકે તેવી, અને બીજી બંદરોના રક્ષણને માટેજ ઘણે ભાગે રાખવામાં આવે છે તેવી પરંતુ કદ વગેરેમાં નાની.

(૨) મેગેઝીન રાઇફલ—આ એક પ્રકારની બંદુક છે. એની નળીમાં પેચ અથવા ગોળ ફરતી ખોભણ રાખે છે, અને તેમાં ચક્કરમાં ફરતી ફરતી ગોળી બહાર પડે છે. આ પ્રમાણે ચક્કરમાં ફરવાથી ગોળીને ગતિ મળે છે, તેથી તેનો વેગ વધારે થવાની સાથે તાકેલા બિંદુ ઉપર જાય છે. વળી આવી બંદુકની નળીમાં ૧૨ થી ૧૬ ગોળી રહે છે તેથી તે એક પછી એક ઝડપથી નિકળે છે.

(૩) હવાઈ વિમાન—મૂળ બલૂન—હવામાં ઉંચે ચઢતાં વિમાનો બનાવવામાં આવ્યાં હતાં. આ ઉપરથી એવાં યંત્રો તૈયાર કરવામાં આવ્યાં છે કે ધારેલે રસ્તે તેને હવામાં ને હવામાં લઈ જવાય. આમાં જૂદા જૂદા પ્રકારની યોજનાઓ અને રચનાઓ હોય છે. હવામાં ઉંચે રહીને શત્રુના લશ્કરની ભાળ મેળવવી, તેનાં સ્થાનકોને બોમ્બ વગેરેથી નુકસાન કરવું, વગેરે પ્રકારે લડાઇના વખતમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. આનું સામાન્ય નામ એઇરેનોટિક્સ છે, અને એરોપ્લેન, મોનોપ્લેન, બાઈપ્લેન, ઝેપલીન, વગેરે દરિયાઈ વિમાનોના પ્રકાર છે.

૬. સૂત્રધાર—નાટકનો વ્યવસ્થા રાખનારો (મેનેજર). નટી—સૂત્રધારની સ્ત્રી. વિદુષક—નાટકમાં જે મશ્કરો

હોય છે તે, રંગલો. પાત્ર–નાટક ભજવનારાં અંગ. પ્રેક્ષક–નાટક જોનારાં. રંગભૂમિ–પાત્રોને પોત-પોતાનો ભાગ ભજવી બતાવવાની જગ્યા.

૭. સ્નેહાકર્ષણ બળ.

૮. (क) સુતર કાંતવાનાં તથા કાપડ વણવાનાં કાર-ખાનાં–મીલોનો; સુતર, સુતરાઉ કાપડ, રેશમી કાપડ, કસબ, કિનખાબ, તાંબા પિત્તળનાં વાસણ, દેશી કાગળો, વગેરે બનાવવાનો.

(ख) ગુજરાત આર્ટ્સ કોલેજ, સ્ત્રી શિક્ષકો અને પુરૂષ શિક્ષકો માટેની ટ્રેનિંગ કૉલેજો, હાઈસ્કુલો, પ્રાર્થના સમાજ, સાહિત્ય સભા, અનાથાશ્રમ, વિધવાશ્રમ, ગુજરાત વૈશ્ય સભા, ગુજરાત એજયુ-કેશન સોસાયટી, મ્યુનિસિપાલિટી, ગુજરાત કલબ, મુંબઈ બેન્ક વગેરે બેન્કોની શાખા, સુવાવડ ખાતું (પ્રસૂતિગૃહ), રણછોડલાલ છોટાલાલ ટેક્નિકલ ઇન્સ્ટિટયુટ, ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી, પ્રેમાભાઈ ઇન્સ્ટિટયુટ, સિવિલ હૉસ્પિટલ, વગેરે.

૯. (૧) ઘર્ષણથી ઉત્પન્ન થાય છે—બીલાડીની ચામડી અને કાચ, રેશમ (રેશમી કાપડ) અને હાથ, ગંધક અને ફ્લેનલ, રૂ અને લાખ, રાળ અને ગટાપર્ચા,–આ બબ્બે પદાર્થોને એક બીજા સાથે ઘસવાથી વિદ્યુત્ પેદા થાય છે. (૨) જસતનું પતરૂં અને તાંબાનું પતરૂં એ બે એક બીજાને અડકે નહીં, તેવી રીતે ડાઇલ્યુટ સલ્ફ્યુરિક એસિડમાં,

(ગંધકનું તેલ અને પાણીના મિશ્રણમાં) બોળવામાં આવે અને તેના છેડાના ભાગો તાંબાના તારથી જોડવામાં આવે તો તાંબામાંથી જસત તરફ વિદ્યુતનો પ્રવાહ ચાલે છે. આ ગોઠવણુને ગેલ્વેનિક સેલ અથવા બેટરી કહે છે.

૧૦. (૧) ષટ્શાસ્ત્ર—ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા, વેદાન્ત, સાંખ્ય, પાતંજલ. (૨) ગૌતમ, ભારદ્વાજ, વિશ્વામિત્ર, જમદગ્નિ, વસિષ્ઠ, કશ્યપ, અત્રિ.

(૩) શ્રી, વસન્ત, ભૈરવ, પંચમ, મેઘ, બૃહનાટ; અથવા—ભૈરવ, મેઘમલ્હાર, શ્રી, માલકોસ, હિંડોલ, દીપક.

૧૧. વાસણ અને પતરાં ઉપર ઢોળ ચઢાવવામાં; કાંસું બનાવવામાં; વાડકા, તાંબડી વગેરે વાસણ બનાવવામાં.

૧૨. (क) કોઈ જુઠું બોલનાર માણુસ બીજા ઉપર ખોટી હકીકત કહી કલંક ચઢાવવા પ્રયત્ન કરે ત્યારે. (ख) કોઈ કામમાં ગુંચવણી આવી હોય અને ઝટ નિકાલ થઈ શકતો ન હોય તેવે પ્રસંગે.

(ग) પોતાના દીકરા કરતાં તેનો દીકરો—પૌત્ર વહાલો કરે છે—ગણે છે ત્યારે.

# ૧૩

૧. (૧) **કોલેજ**-ઉંચા પ્રકારની કેળવણી આપનારી સંસ્થા, આર્ટસની (એમાં ભાષાજ્ઞાન અને સામાન્ય વ્યાવહારિક જ્ઞાનનો સમાવેશ થાય છે), અને ધંધા સંબંધી જ્ઞાન (વૈધક, ઈજનેરી-બાંધકામ, ખેતી, વ્યાપારી, કાયદાનું જ્ઞાન) આપનારી એવી જૂદા જૂદા પ્રકારની સંસ્થાઓ હોય છે. આ સંસ્થાઓમાંથી વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની પદવી (ડિગ્રી) આપનારી પરીક્ષાઓ આપે છે.

(૨) **ટર્મ**-કોલેજમાં અભ્યાસ કરવાને વર્ષના બે ભાગ પાડ્યા હોય છે, અને તેની વચમાં રજા પાડવામાં આવે છે. તે દરેક ભાગવાળી નિયમિત મુદતને ટર્મ-સત્ર કહે છે.

(૩) **ગ્રેજ્યુએટ**-કોલેજનો અભ્યાસ પૂરો કરનાર વિદ્યાર્થીઓની યુનિવર્સિટીમાં ઠરેલા ધોરણ પ્રમાણે પરીક્ષા લેવાય છે, તેમાં પસાર થનારને ગ્રેજ્યુએટ કહેવામાં આવે છે.

(૪) **ફેલો**-જૂદી જૂદી કોલેજોના વિદ્યાર્થીઓ પૈકી જેઓ છેવટની પરીક્ષામાં ઉપલે નંબરે આવ્યા હોય, તેમાંથી જરૂર પ્રમાણે એક કે બે જણને જે તે કોલેજવાળા ઉત્તેજન તરિકે માસિક શિષ્યવૃત્તિના રૂપમાં પગાર આપી રાખે છે, તે ફેલો કહેવાય છે. આવા ફેલોને જરૂર પ્રસંગે કોલેજના નીચલા વર્ગોમાં શિક્ષણ આપવાનું હોય છે, તેમ પોતે આગળનો અભ્યાસ કરવા ઇચ્છા રાખતા હોય તો કરી શકે છે.

(૫) **સેનેટ**-યુનિવર્સિટીનો વહિવટ ચલાવવા કેટલાક લાયક ગૃહસ્થોનું મંડળ રાખવામાં આવે છે, તેને સેનેટ કહે છે. હિંદુસ્તાનની યુનીવર્સિટીઓની સેને-

ટમાં હાલ ૧૦૦ સુધી સભાસદ રાખવાનું ઠરેલું છે, (૬) **સિન્ડીકેટ**–એ યુનિવર્સિટીની સેનેટમાંથી પસંદ થયેલા સભાસદોનું વ્યવસ્થા રાખનારૂં અને કામ કરનારૂં મંડળ છે; સેનેટની 'મેનેજીંગ કમિટી' જેવી તે છે, એટલે તે 'એક્ઝિક્યુટિવ બૉડી' ગણાય છે, અને તેમાં કેળવણીના કામથી વિશેષ વાકેફગાર હોય તેવા સભાસદો નિમવામાં આવે છે. એના પ્રમુખ વાઇસ–ચેન્સેલર હોય છે.

૨. મિસ્તર–રાજેશ્રીના અર્થમાં–પુરૂષને; મિસીસ–પરણેલી સ્ત્રીને (ધણીના નામની સાથે); મિસ–કુંવારી કન્યા કે સ્ત્રીને (બાપના નામની સાથે); માસ્તર–છોકરાને (બાપના નામની સાથે); મિસેસ–એક કરતાં વધારે કુંવારી કન્યાઓ કે સ્ત્રીઓને (બાપના નામની સાથે).

૩. મુંબઈ ઇલાકાના—લોકમાન્ય દાદાભાઈ નવરોજજી; સર ફીરોજશા મહેરવાનજી મહેતા; દીનશા એદલજી વાચ્છા; ગોપાળ કૃષ્ણ ગોખલે; ન્યાયમૂર્તિ માધવ ગોવિંદ રાનાડે; ન્યા. કાશીનાથ ત્ર્યંબક તેલંગ; ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિક; જસ્ટીસ બદરૂદ્દીન તૈયબજી; રા. રહિમતુલ્લ મહમદ સયાણી; મોહનલાલ કરમચંદ ગાંધી, વગેરે.

મદ્રાસ ઇલાકાના–શ્રીનિવાસ રાવ; રાજા સર ટી. માધવરાવ; રા. બા. સબપાથ મુદલિયર; સી. વી. ચિંતામણી; સુબ્રમન્ય આઇયર (ત્રીચિનોપોલી) વગેરે.

વરાડ પ્રાંત–રા. ના. મુઠોલકર.

બંગાળા—પંડિત અજોધ્યાનાથ; લાલ મોહન ઘોસ; ભુપેન્દ્રનાથ બાસુ; બાબુ સુરેન્દ્રનાથ બેનરજી; ડબલ્યુ. સી. બેનરજી; અંબિકા ચરણ મજમુદાર (ફરીદપુર); જે

ચૌધરી; ડા. રાસ બિહારી ઘોષ; બૈકુન્થનાથ સેન (બહેરામપુર); રોમેશ ચંદ્ર દત્ત; વગેરે

પંડિત મદન મોહન માલવિયા (અલ્હાબાદ); બાબુ ગંગાપ્રસાદ વર્મા (લખનૌ); પૃથ્વીનાથ પંડિત (કાનપુર), વગેરે.

૪. વેદના ત્રણ વિભાગની સાથે. સંહિતા તે ભક્તિ-કાંડ; બ્રાહ્મણ તે કર્મકાંડ, અને આરણ્યક તથા ઉપનિષદ્ તે જ્ઞાનકાંડ.

૫. (૧) હા, પણ તેના નંબર હોવા જોઇએ. (૨) મુંબઈ, કલકત્તા કે મદ્રાસ જે ઇલાકાની તે 'નોટ' હોય, તેના મુખ્ય શહેરમાં 'કરન્સી ઓફીસ' હોય તેમાં હકીકત, નામ વગેરે રજુ કરેથી ખાત્રી કરીને નાણાં આપે છે.

૬. વાસણ બનાવવામાં; તથા ઘંટ, ઝાલર, કાંસાનાં પગનાં જોટવાં બનાવવામાં ઉપયોગ કરે છે.

૭. ચાણોદ, ભરૂચ, વડોદરા, ખંભાત, જુનાગઢ, ડભાણ (નડિયાદ પાસે).

૮. (૧) મધુકરી—વિદ્યાર્થી દરરોજ પાકી ભિક્ષા માગી લાવીને ખાય છે તે. (૨) સાતવારી—આવી ભિક્ષા સાત દિવસની કાચી આપે તે; અથવા અમુક ગૃહસ્થો વારા ફરતી સાત સાત દિવસ જમાડે અગર તેટલી મુદત ખાવાનું આપે તે.

૯. મુંબઈની પાસે માટુંગામાં 'એકવર્થ લેપર એસાઇલમ'—રક્તપિત્તિયા આશ્રમ; ત્રોમ્બેનું ઓલ્ડ્એસ

એસાઇલિમ; યરોડામાં; વડોદરા રાજ્યમાં નર્મદા કાંઠે અનસૂયા માતા પાસે—સરકારી; અમદાવાદમાં સરકારી; કોલાબા જીલ્લામાં પોલાદપુર તથા પ્યુઇમાં; સોલાપુરમાં; બેલગામ જીલ્લાના હિંડાલજ ગામમાં; પુના જીલ્લાના કોન્ધવા ગામમાં; નાશકમાં.

૧૦. ઢાળની સાથે.

૧૧. ઉષ્ણ પ્રદેશની ગરમ હવા પાતળી થઈ ઉંચે ચઢે છે, તેની જગ્યા ધ્રુવ તરફની હવા લે છે. એથી ધ્રુવ આગળ નીચેની જે જગ્યા ખાલી પડી, તે જગ્યાએ ધ્રુવ આગળની ઉપરની હવા નીચે ઉતરે છે, અને તે જગ્યાએ ઉષ્ણ કટિ બંધની જે ગરમ હવા પાતળી થઈ ઉપર ચઢેલી હતી તે ધસીને આવે છે. આ પ્રમાણે ઉષ્ણ પ્રદેશના તાપને લીધે હમેશાં વાતાવરણમાં બે પ્રવાહ ચાલે છે—એક પૃથ્વીની સપાટી ઉપર ધ્રુવ તરફથી વિષુવવૃત્ત તરફ જનારો ઠંડો પવન, અને બીજો વાતાવરણના ઉપલા ભાગમાં વિષુવવૃત્ત તરફથી ધ્રુવ તરફ જનારો ગરમ પવન. આ 'મોસમનો પવન' કહેવાય છે. આજ રીતે દરિયાઈ અને જમીનની લહેર રાત દિવસના ભેદ ઉપર આધાર રાખે છે. દહાડે જે તાપ (ગરમી) પડે છે તે જમીન ચૂસી લઇને હવામાં ફેંકે છે અને પાણી પોતાની પાસેજ રહેવા દે છે. એ કારણથી દહાડે જમીન ઉપરની હવા બહુ ગરમ અને પાતળી થઈ જાય છે; અને તે પાતળી થઈ થઇને દહાડાના છેવટના ભાગમાં ઉપર ચઢવા માંડે છે, અને તેની જગ્યા ઉપર દરિયા તરફની ઠંડી હવા આવે છે. પાછલી રાતે જ્યારે પૃથ્વી ઘણી ઠંડી થઈ જાય છે ત્યારે આ ક્રિયા

બંધ પડે છે, અને તેને બદલે ઉલટી ક્રિયા થાય છે, એટલે જમીન પરની હવા દરિયા પર જાય છે.

૧૨. (क) પંજાબમાં કસાઉલી ગામમાં 'પેસ્ટયૂર ઇન્સ્ટિટયુટ ઑફ્ ઇન્ડિયા' તથા મદ્રાસમાં કુનૂરમાં 'પેસ્ટયૂર ઇન્સ્ટિટયુટ ઑફ્ સાઉથ ઇન્ડિયા'—આ સંસ્થાઓમાં પાસ્ટયૂરની પદ્ધતિને અનુસરી 'હડકવા'ની સારવાર કરવામાં આવે છે.

કસાઉલી એ હિમાલયની તલેટીમાં નીચલા ભાગમાં આવેલું છે. દરિયાની સપાટીથી એ ૬૩૦૦ ફીટ ઉંચું છે અને ત્યાં ઠંડી વધારે પડે છે. કસાઉલી જવાને વધારેમાં વધારે અનુકૂળ પડતું રેલવે સ્ટેશન ઇસ્ટ ઇન્ડિયા રેલ્વેનું કાલ્કા સ્ટેશન છે; તે પાસ્ટયૂર ઇન્સ્ટિટયુટથી ૯ માઇલ થાય છે. કાલ્કાથી કસાઉલી જવાનો રસ્તો ડુંગર ઉપર ચઢાવવાળો છે, અને ત્યાં જવાને ઉતારૂ તથા સામાન માટે જૂદા જૂદા પ્રકારનાં વાહન તથા મજુર ઠરેલા દરથી મળે છે. કાલ્કાથી અગાડી કાલ્કા સીમલા રેલ્વેમાં મુસાફરી ચાલુ રાખવાથી કસાઉલી રોડ સ્ટેશને (જે ઉપરની સંસ્થાથી ૬ માઇલ છે) અગર ધરમપોર સ્ટેશને (જે સાત માઇલ છે) ઉતરવાથી પણ કસાઉલી જઈ શકાય છે; ત્યાં પણ ખાનગી ભાડાનાં વાહન વગેરેની સવડ છે.

(ख) કોઈ પણ દર્દીને સંસ્થાના મકાનમાં રાખવામાં આવતા નથી, પણ ગામમાં જેવી જેવી સ્થિતિ, તે પ્રમાણે મુકામની સવડ મળે છે. ગરીબ સ્થિતિનાં માણસો માટે ખાસ મકાન રાખ્યું છે, ને તેમાં રહેવા બદલ કાંઈ લેવામાં આવતું નથી; બીજાઓને સ્થિતિ અને મુકામ પ્રમાણે ખરચ આપવાનું હોય છે.

દર્દીની સારવાર પૈસા લીધા વગર કરવામાં આવે છે. દર્દીઓને વાંચવા યોગ્ય નાનું પુસ્તકાલય પણ રાખ્યું છે. હિંદુસ્તાનની ઘણી ખરી રેલવે કમ્પનીઓ ખાતરીનો દાખલો રજુ કરેથી ગરીબ દર્દીને તેના એક માણસ સાથે ત્રીજા વર્ગના ડબ્બામાં મુસાફરી કરવા મફત ટીકીટ આપે છે. હડકાયા કુતરા કરડે—હડકવા લાગે—કે તુરત સારવાર માટે કસાઉલી અગર કુનૂર જવા માટે સરકારી નોકરોને પગારના ધોરણે, તેમજ નોકરીમાં ન હોય તેવા ગરીબ દર્દીને, સરકાર તરફથી કેટલીક નાણા સંબંધી તાત્કાલિક મદદ તથા જરૂર પ્રસંગે રેલ્વે ભાડું વગેરે આપવાનું સરકારે ઠરાવેલું છે. કોઈ પણ ગરીબ, નાના છોકરા છોકરી, અભણ અથવા જેની મગજ શક્તિ બરોબર ન હોય તેવાં સ્ત્રીપુરૂષ સાથે એમના કુટુંબનો કે બીજો કોઈ માણસ જઈ શકે છે, અને તેનો ખરચ પણ સરકારમાંથી મળે છે.

આવા પ્રસંગમાં જરૂરની માહિતી તથા જરૂરના દાખલા વગેરે આપવા બદલ જે તે સ્થળના મોટા સરકારી ડાકટરો અગર કમીશનર, કલેક્ટર, મામલતદાર, પોલીસ ખાતાના ડેપ્યુટી સુપરિન્ટેન્ડન્ટ અને તેથી ચઢતા દરજ્જાના પોલીસ અમલદાર, સબ રજીસ્ટ્રાર, સર્વે (માપણી) ખાતાના સબ આસિસ્ટન્ટ વગેરે કેટલાક અમલદારને સરકારે અધિકાર તથા સત્તા આપેલાં છે.

ટીપ—હડકવા લાગ્યો હોય તેની સારવાર ફક્ત ૧૪ દિવસ કરવામાં આવે છે, અને ઘણે ભાગે કોઈ જાતની પરહેજી રાખવાની હોતી નથી. આ સંસ્થામાં અપાતી દવાથી કોઈ પણ જાતનું નવું દરદ થતું નથી, અને દવા ઘણું સારૂં કામ બજાવે છે. હડકાયા કુતરાનું ઝેર હડકાયા કુતરાની માફક મનુષ્યના શરીરમાં દેખાવ આપે છે, અને

મનુષ્ય પણ 'ભસે છે.' આવા રોગ ઉપર આવી સંસ્થામાં દવા કરાવી નહીં હોય તો કરડ્યાના પાંચ છ મહિના પછી પણ તે દેખાવ આપે છે; માટે હડકાયું કુતરૂં કરડે કે તુરત તે માણસનું આરોગ્ય સાચવવા કસાઉલી કે કુનૂરની સંસ્થામાં સારવાર માટે જવું કે તેને મોકલવો અગર લઈ જવો. એ સલાહ ભરેલું છે.

## ૧૪

૧. ખાટા પદાર્થમાં એસિડ કે એસિડનું મિશ્રણ હોય છે. દહીં, છાશમાં મંદ એસિડ છે. કાર્બોનિક એસિડ ગ્યાસ એ મંદ એસિડ છે. તેના દ્રવણમાં નીળા લિટ્‌મસ કાગળનો કકડો અથવા જાસ્વંતી કે જાસ્વંદના ફૂલનો થોડો રસ નાખવો; આમ કરવાથી નીળો રંગ બદલાઇને રાતો થાય તો તે એસિડ છે એમ જાણવું.

૨. (क) દિવાન બહાદૂર અંબાલાલ સાકરલાલ દેશાઈ, એમ. એ., એલ એલ. બી. વતની અમદાવાદના (૧૮૪૪–૧૯૧૪).

(ख) અંગ્રેજી–ગુજરાતી કોશ. સુરતના રેવરન્ડ ડા. રૉબર્ટ મોન્ટગોમરી અને રા. રા. મણીધર-પ્રસાદ તાપીપ્રસાદ દેશાઈ એમની સાથે મળીને.

(ग) ન્યાયબુદ્ધિ, પ્રામાણિકપણું, દઢતા, સાદાઈ, સ્પષ્ટવક્તાપણું, દેશહિત માટેની ભારે લાગણી, વગેરે.

૩. (૧) તેજી–ભાવનું ચઢતું. માલનો ઉઠાવ વધારે થાય, અગર માલ ધારવા કરતાં કમી આવે, અથવા કમી પાકે ત્યારે ભાવ તેજી થાય.

(૨) માલનો ઉઠાવ ન હોય અગર જરૂર કે ખપ કરતાં માલની આવક કે નિપજ વધારે હોય ત્યારે ભાવની મંદી રહે.

(૩) સઘળો માલ એકજ માણસ ખરીદ કરી લે અને પછી પોતાની મરજી પ્રમાણે ભાવ લઈ વેચે તેવો વેપાર.

(૪) વાયદો–અમુક મુદત પછી જે ભાવ થાય તે પ્રમાણે નફો અગર ખોટ લેવી દેવી એવો પ્રથમથી કરાર કરી વેપાર કરવો તે.

(૫) સટ્ટો–જુઓ પ્રશ્નપત્ર ૫૨ નો ૯ મો પ્રશ્ન.

૪. ઠંડા પાણીનું.

૫. બન્ને જણ જ્યાં ભેગા થાય છે તે એકજ જગ્યા છે, અને તે સ્થળની હવા જૂદી નથી, પણ ચુનીલાલ જે ટોચ પરથી નીચે ઉતરે છે, ત્યાંની હવા ઘણી ઠંડી હોય છે. તે ઠંડી હવામાંથી જેમ જેમ નીચે ઉતરતો જાય, તેમ તેમ ગરમ હવા આવતી જાય તેથી ગરમી લાગવા માંડવાથી તે કસો છોડી નાખે છે; પણ સુરેન્દ્ર ટોચ તરફ જાય છે એટલે તે નીચેની ગરમ હવામાંથી ઠંડી હવામાં જાય છે. તેથી ઉપરની હવા ઠંડી લાગવાથી કસો બાંધે છે.

૬. સોનગઢ, પારનેરા, અમદાવાદ, સુરત, ડભોઈ, ચાંપાનેર.

૭. સાપની કાંચળી, કાળીજીરી, કપૂર, 'નેફ્થલીન'ની ગોળીઓ, વગેરે.

૮. ગ્રેનાઈટ (ગ્રાનિટ); જમીનમાંથી નિકળે છે.

૯. ખેરના લાકડામાંથી.

૧૦. (૧) **તાલ**–કાળની ક્રિયાનું માપ, કવિતામાં અમુક માત્રાએ અટકવાનું આવે છે તેને તાલ કહે છે.

(૨) **માપ**–કવિતામાં અમુક માત્રા.

(૩) **માત્રા**–હ્રસ્વ અને દીર્ઘ અક્ષરો બોલવામાં જે વખત જાય છે, તે ઉપરથી એક અને બે માત્રા ઠરાવી છે. કોઈ વખત ત્રણ માત્રાના કે તેથી વધારે માત્રાના ઉચ્ચાર થાય છે.

(૪) **ચરણ**–કવિતામાં શ્લોકનો ચોથો ભાગ; કવિતાની કડીનો ચોથો અગર કોઈ પણ ભાગ; તુક;–દોહરાને બે અને છપ્પાને છ ચરણ છે.

(૫) **પદ**–પગ, પાદ–એક શ્લોકનો ચોથો ભાગ.

(૬) **ગણ**–ત્રણ ત્રણ અક્ષરના આઠ ભાગ પાડ્યા છે, તેને ગણ કહે છે.

૧૧. વ્હેલ નામે જળચર પ્રાણી દરિયામાં થાય છે તેનું તેમજ માછલાંનું લોહી ટાઢું હોય છે.

૧૨. સચિવ–પ્રધાન, વૈદ્ય, અને ગુરૂ એ ત્રણ જણ ત્રાસ–ભયને લીધે સારૂં લગાડવા કોઈ વાર પ્રિય–સામાને ગમતું બોલે તો સમજવું કે તેથી અનુક્રમે રાજ, શરીર અને ધર્મનો નાશ થાય છે.

# ૧૯

૧. (क) જુઓ પ્રશ્નપત્ર ૭૬ માંનો પ્રશ્ન ૫ મો.
(ख) તળિયે કાણાવાળી લાકડાની બે પીપો એક ઉપર એક ગોઠવવી, અને તે બેની વચ્ચે રેતી, કાંકરી, કોયલાની ભૂકીનું પડ બનાવવું. ઉપરના પીપમાં પાણી નાખવું, એટલે તે ગળાઇને બીજા પીપમાં પડે છે.

લાકડાની તીરપાઈ કરી તેપર તળિયે કાણાવાળાં ત્રણ માટલાં ગોઠવવાં. ઉપરના માટલામાં પાણી, વચલામાં રેતી, કાંકરી, કોયલાની ભૂકી નાખવી અને તળિયાનું માટલું ખાલી રાખવું એટલે તેમાં ઉપરના માટલામાંથી પાણી ગળાઇને પડે છે.

પાસ્ટયૂર ચેમ્બરલેન્ડ ફીલ્ટર; બર્કફીલ્ડ ફીલ્ટર. આ તૈયાર ફીલ્ટરો પણ પાણી ચોખ્ખું કરવાને વપરાય છે.

૨. (क) **શંકરાચાર્ય**–"બ્રહ્મ સત્ય છે, જગત્ મિથ્યા છે; જીવ એ કેવળ બ્રહ્મરૂપજ છે. કર્મ અને ભક્તિથી ચિત્ત શુદ્ધ થાય છે, પણ આ સંસારમાંથી મુક્તિ મેળવવાનું સાધન જ્ઞાન છે. જ્ઞાન બરાબર મેળવવા માટે સંન્યાસની જરૂર છે, અને તે સંન્યાસ ખરો વૈરાગ્ય ઉપજે, તે ઘડીએ લઈ શકાય. ગૃહસ્થાશ્રમ કરવાની જરૂર નથી."
(ख) **રામાનુજાચાર્ય**–"પરમાત્મા સર્વ કલ્યાણ ગુણથી ભરપૂર છે. સૃષ્ટિના જડ પદાર્થો અને ચેતન જીવો તે એના (પરમાત્માના) શરીરરૂપ છે. આ શરીર તે પર-

માત્માનું વિશેષણ, તેથી આ સિદ્ધાન્ત વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતને નામે ઓળખાય છે. (૨) ભાગવત મત એજ ખરો વેદાન્ત મત છે. (૩) કર્મ અને (આત્માનું) જ્ઞાન એ બે મળી ભક્તિ ઉપજાવે છે, અને ભક્તિ એજ પરમાત્માને પહોંચવાનું સાધન છે. પરમાત્માની ભક્તિ એજ ખરૂં જ્ઞાન. (૪) વર્ણાશ્રમ ધર્મના કર્મકાંડને બહુ મહત્વ આપે છે. માત્ર એની પાર એક બારી ખુલ્લી રાખે છે, અને તે પ્રપત્તિની."

(ग) **મધ્વાચાર્ય**—" (૧) સ્વતંત્ર અને પરતંત્ર એવાં બે તત્ત્વ છે; તેમાં સ્વતંત્ર તે પરમાત્મા વિષ્ણુ, અન્ય સર્વ બ્રહ્માદિક દેવો, સામાન્ય જીવો, તથા જડ પદાર્થો તે પરતંત્ર છે. એ વિષ્ણુને આધીન અને વિષ્ણુ ચલાવે તેમ ચાલે છે. (૨) જીવ સેવક છે ને વિષ્ણુ સેવ્ય છે. વિષ્ણુની સેવામાં મુખ્ય ભજન છે. એ ભજન ત્રણ પ્રકારે થઈ શકે છે-વાણી, શરીર અને મન વડે. સત્ય, હિત, અને પ્રિય બોલવું, તથા સ્વધર્મના ગ્રંથો વાંચવા (સ્વાધ્યાય) એ ચાર વાણીવડે કરવાની ભક્તિના પ્રકાર છે; દાન, પરિત્રાણ (સંકટમાંથી દુઃખીને તારવું) અને પરિરક્ષણ (દુઃખ આવતું અટકાવવું) એ ત્રણ શારીરિક ભજનના પ્રકાર છે; અને દયા, સ્પૃહા (પ્રભુ પ્રત્યે રુચિ) અને શ્રદ્ધા એ ત્રણ માનસિક ભજનના પ્રકાર છે. આમ બધા મળી ભજનના દશ પ્રકાર છે."

(घ) **વલ્લભાચાર્ય**—"(૧) અગ્નિમાંથી તણખા નીકળે અથવા તો કરોળીઓ પોતામાંથી જાળ કાઢે, તેમ બ્રહ્મમાંથી આ જીવ તથા જડ સૃષ્ટિ નીકળ્યાં છે. (૨) શંકરાચાર્યે બ્રહ્મમાં માયારૂપી મેલ માને છે, અને રામાનુજાચાર્યે એને જીવ અને જડ પદાર્થો રૂપી વિશે-

ઘણો લગાડે છે, તે પ્રમાણે આ સિદ્ધાંતમાં નથી. તેથી વલ્લભાચાર્ય એને 'શુદ્ધાદ્વૈત' કહે છે. (૩) કૃષ્ણ એજ પુરાણ પુરૂષોતમ–પરમાત્મા છે, અને એને પામવાનું સાધન ભક્તિ છે. જ્ઞાન અને વૈરાગ્ય એ ભક્તિનાં સાધન તરીકે કામ આવે, પણ પરમાત્માને પામવા માટે છેવટે તો ભક્તિજ જોઈએ. (૪) એ ભક્તિના વિવિધ પ્રકાર છે, પણ તેમાં પ્રેમલક્ષણા ભક્તિ તે ઉત્તમ છે. ભક્તિના મર્યાદા અને પુષ્ટિ એવા બે માર્ગ છે. શાસ્ત્રના વિધિ-નિષેધ જાળવીને પ્રભુની સેવા કરવી તે મર્યાદામાર્ગ શાસ્ત્રમાં બતાવેલાં સાધન ન હોવા છતાં કેવળ પ્રભુની કૃપા ઉપરજ આધાર રાખી એની ભક્તિ કરવી અને કૃપા પામવી એ પુષ્ટિમાર્ગ. 'પુષ્ટિ' એટલે પોષણ; પ્રભુ જીવા-ત્માનું ધાર્મિક પોષણ કરે તે; અર્થાત્ એની સ્વતન્ત્ર કૃપા–જે શાસ્ત્રના નિયમની પણ દરકાર કરતી નથી. ટુંકામાં 'શુદ્ધાદ્વૈત' અને 'પુષ્ટિમાર્ગ' એ બેને વલ્લભાચાર્યના ખાસ સિદ્ધાન્ત કહીએ તો ચાલે"—ધર્મવર્ણન.

૩. તારીખ ૧ લી ફેબ્રુઆરી ૧૮૮૦ થી.

૪. (क) પ્રેમ શૌર્ય.

(ख) "નર્મદાશંકરનું ગદ્ય લખાણ જેવું સરળ તેવું-જ રૂઢ અને જેવું રૂઢ તેવુંજ પ્રસંગ સર પ્રૌઢ પણ હતું. આ કારણથી એમનું ગદ્ય જેમના વાંચ-વામાં આવતું તે મોહ પામતા—ભણેલા અને ન ભણેલા સઘળાને એ વહાલું લાગતું. અંગ્રેજી વિદ્વાન અને સંસ્કૃત વિદ્વાન એ બન્નેને સમાન પ્રીતિકર હતું." નર્મદજીવનમાંથી.

૫. પદ્મિનીને લેવામાટે અલ્લાઉદ્દીનની ચીતોડપર ચઢાઈ; જેમલની અને અકબરની લડાઈ; હલદી-ઘાટની લડાઈ, વગેરે.

૬. (૧) તંતુ વાદ્ય–બીન, સુરબીન, સારંગી, તાઉસ, સતાર, તંબુરો, કીંદરી (રાવણહથ્થો), સુરસોંટો, સુંદરી, શ્રીમંડળ, રવાજડો, કચઓ, મહુંધો (સીધી વગાડે તે.)

(૨) ચર્મવાદ્ય–ઢોલક, ડફ, ખંજરી, ત્રાસાં, ઢોલ, પખાજ, નરઘાં, ડાકલું, નગારૂં.

૭. પોલીસ રાખવાનો ઉદ્દેશ એ છે કે, પ્રજા વર્ગનું રક્ષણ થાય. પ્રજાવર્ગને અચાનક અગ્નિ, પાણી વગેરેની આફત પડે તેવે સમયે, તેમજ કોઈ બદમાસ માણુસ કોઇને સતાવતા હોય તે વખતે, કે કોઈ ચોરી લૂટફાટ કરવા આવ્યા હોય તો તેવે પ્રસંગે, મદદ માગવામાં આવે કે ન આવે તોપણુ, પોલીસ મદદ કરવાને બંધાયલી છે, અગર તે પોલીસની મુખ્ય ફરજ છે.

૮. (૧) વ્યાપાર પવન–ઉષ્ણુકટિબંધમાં સમશીતોષ્ણુ તથા શીતકટિબંધનો પવન આવે છે. ઉત્તર ગોળાર્ધમાં તેની દિશા ઈશાન ખુણા તરફની, અને દક્ષિણુ ગોળાર્ધમાં અગ્નિ ખુણા તરફની છે.

(૨) શાન્તવાયુ–એની દિશા સરખીજ રહે છે.

(૩) સમયવાહી પવન–મોસમનો પવન. એ પવન હિંદી મહાસાગરમાંથી વહન કરે છે; દક્ષિણુ

તરફથી તે આવવા નીકળે છે, અને નૈર્ઋત્ય દિશાનો થઈ જાય છે.

(૪) સ્વચ્છંદ વાહી પવન, ધ્રુવનો પવન, વંટોળિઓ.

૯. ખાલી શીસીને એમને એમ તોળીએ, અને 'એર પંપ' (હવા કાઢી નાખવાનું યંત્ર)થી તેમાંની હવા કાઢી નાખીને તોળીએ તો બન્નેના વજનમાં ફેર પડે છે તે પરથી; ચાંપના કાંટાવડે પૃથ્વી ઉપર અને ઉંચા ડુંગર ઉપર એકજ પદાર્થને તોળીએ તો તેનું વજન કમી જાસ્તી થાય છે તે પરથી.

૧૦. (क) લન્ડન–(વસ્તી ૪૫ લાખ ઉપરાંત છે).
(ख) ન્યુ યોર્ક (૪૦ લાખ), પારિસ (૩૦ લાખ), બર્લિન (૨૫ લાખ).

૧૧. જુઓ પરિશિષ્ટ अ–ચરિત્રાવલી.

૧૨. (क) પંચયજ્ઞ–(૧) દેવયજ્ઞ (અગ્નિમાં દશ આહુતિઓનો હોમ કરે છે તે); (૨) ભૂતયજ્ઞ–(દિગ્દેવતાને તથા કીટ-પક્ષી વગેરે પ્રાણીને તથા ચાંડાલ વગેરેને ધાન્યનો બલિ આપે છે તે); (૩) પિતૃયજ્ઞ–(પિતૃઓને આપે છે તે); (૪) બ્રહ્મયજ્ઞ–(સ્વાધ્યાય– પોતાને ભણવાનો વેદ વગેરે વિદ્યા ભણે છે તે); (૫) મનુષ્યયજ્ઞ–(મનુષ્યને–અતિથિ વગેરેને આપે છે તે).

(ख) પંચ પ્રાણ–પ્રાણ, અપાન, સમાન, ઉદાન, વ્યાન.

(ग) પંચ રત્ન–સોનું, મોતી, હીરો, માણેક, પાનું.

(घ) પંચ દેવી– કેટલાકના જણાવવા પ્રમાણે–કાલિકા, અંબા, બહુચરા, આરાસુરી, ચામુંડા; બીજા કેટલાકના જણાવવા મુજબ–દુર્ગા, પાર્વતી, સાવિત્રી, સરસ્વતી, રાધિકા.

## ૧૬

૧. પુરૂષ સેંકડે ૧૦.૬, સ્ત્રી ૧.૦, કુલ ૫.૯; પંદર વર્ષની અંદરની વયવાળાં છોકરાં બાદ કરીએ તો સેંકડે પુરૂષ ૧૪.૯, સ્ત્રી ૧.૩, કુલ ૮.૧.

૨. (क) તારાનાં ઝુમખાં પાડી તેના આકાર ઠરાવ્યા છે તે નક્ષત્ર.
(ख) ગ્રહો એ પરપ્રકાશિત પૃથ્વી જેવા છે, અને તે સૂર્યની આસપાસ ફરે છે. તારા સ્વપ્રકાશિત હોઈ તેઓ સૂર્ય જેવા છે.

૩. (૧) ભડકો–તાપણીનો; દેવતા સળગાવતાં મોટી ઝાળ નિકળે છે તે. ભડકી–લોટને ઘીમાં શેકી પાણી નાખી ઉકાળે છે તે, રાબડી. ભડકું–લોટમાં છાશ નાખી ઉકાળેલો કે બાફેલો પદાર્થ. (૨) બોરો–જાડા સુતરની દોરીનું વણેલું પાથરણા તરિકે વાપરવાનું જાડું બીછાનું. બોરી–જુવાર બાજરીનાં કણસલાંમાંની ઝેણ. બોરું–કણસલાંમાં જે જે ભાગમાં અકેકો દાણો રહે છે તે, અકેકો અથવા ઝુમખો.

૪. (क) નરસિંહ મહેતા, પ્રેમાનંદ, સામળ, અખો, ધીરો.
(ख) મીરાંબાઈ (મારવાડ), દીવાળીબાઈ (ડભોઈ), ગૌરીબાઈ (ડુંગરપુર), રાધાબાઈ (વડોદરા), કૃષ્ણાબાઈ (વડનગર), પુરીબાઈ (તલ ગુજરાતની), એ મુખ્ય છે.

૫. મિસર અથવા ઈજીપ્ત દેશમાં પ્રાચીન વખતની

મોટી ભવ્ય ઇમારતો છે. એમાં અસલના રાજાઓ વગેરેનાં શબને તેજાના અને સુગંધીવાળા પદાર્થો મૂકી પેટીઓમાં સંઘરી રાખતા હતા.

૬. જૈન ધર્મના લોકો જગત્‌ને અનાદિ માને છે; તથા કર્મના મહાનિયમથી સઘળું ચાલ્યા કરે છે, અને કર્યાં કર્મ પ્રમાણે ફળ મળે છે એવું માને છે. આથી જગત્‌નો કર્તા—એક ઈશ્વર માનતા નથી, પણ તીર્થંકરોને ભગવાન તરિકે પૂજે છે. (જુઓ ધર્મવર્ણન). વૈદિક ધર્મવાળા આ જગત્‌નો કર્તા પરમાત્મા માને છે. જગત્ ઈશ્વરે ઉત્પન્ન કર્યું છે, અને કર્મના ફળદાતા પરમાત્મા છે, એટલે તેની ઇચ્છા પ્રમાણે થાય છે એમ માને છે.

૭. કેપ કોલોની, નાતાલ, ટ્રાન્સવાલ સંસ્થાન, ઑરેંજ નદી ઉપરનાં સંસ્થાન.

૮. (૧) સુરોખાર—પોટાશિયમ અને નાઇટ્રિક એસિડનું મિશ્રણ. (૨) મીઠું—સોડિયમ ધાતુનો હાઇડ્રોક્લોરિક એસિડ જોડે સંબંધ થવાથી મીઠું બને છે.

૯. ચીફ જસ્ટીસોનો પગાર કલકત્તાનાને માસિક રૂ. ૬૦૦૦, મદ્રાસ અને મુંબઈનાને દરેકને માસિક રૂ. ૫૦૦૦; બીજા જડજોને ત્રણે ઠેકાણે દરેકને માસિક રૂ. ૪૦૦૦.

૧૦. ઈરાનનો પાદશાહ નાદિર શાહ.

૧૧. ઉપર ચઢવાને તે તેટલુંજ અંતર ચાલે છે એટલુંજ નહીં, પણ પગથિયાં કે ઢાળની લંબ દિશામાં ઉંચાઈ થાય તેટલી ઉંચાઇએ પોતાના શરીરનું વજન ઉંચે ચઢાવે છે તે કારણથી.

૧૨. (૧) **સર્ખેજનો રોજો**—અમદાવાદ પાસે ત્રણ ગાઉ ઉપર સર્ખેજ ગામ છે ત્યાં. (૨) **દાદા હરિની વાવ**—અમદાવાદ પાસે અસારવા ગામમાં મહમદ બેગડાના ઘરની એક બાઇએ ત્રણ લાખ રૂપિયા ખર્ચી બંધાવી હતી. (૩) **અડાલજની વાવ**—અમદાવાદથી સાત ગાઉ ઉપર અડાલજ ગામ છે ત્યાં રાજા વેણુની દીકરી અને વાઘેલા રજપુત રાજા વીરસીંગની સ્ત્રી રૂડાં રાણીએ પાંચ લાખને ખર્ચે બંધાવી હતી. (૪) **શાહ આલમનો રોજો**—અમદાવાદ શહેરમાં છે. (૫) **નખી તળાવ**—આબુ પર્વત ઉપર દેલવાડાનાં દહેરાંની પાસે એક સુંદર તળાવ છે. (૬) **કાંકરીઉં તળાવ**—અમદાવાદમાં આસ્ટોડીઆ દરવાજેથી અગ્નિ ખુણામાં પોણા માઇલ ઉપર છે. કુતુબનો હોજ એવું પણ એનું નામ છે. એની અકેકી બાજુ ૧૯૦ ફીટની એવી ૩૪ બાજુનું તે છે, અને ફરતું એક માઇલથી વધારે છે. એનો વિસ્તાર ૭૨ એકર ગણાય છે. આવી રીતનું બાંધેલું તળાવ હિંદુસ્તાનમાં બીજું એકે નથી એમ કહેવાય છે.

## ૧૭

૧. રેવરન્ડ જોસફ વી. ટેલર; રેવરન્ડ જ્યોર્જ પી. ટેલર; રેવરન્ડ જોન એફ. સ્ટીલ; રેવરન્ડ રૉબર્ટ ગિલેસ્પી; રેવરન્ડ સેમ્યુઅલ ગિલેસ્પી; રેવરન્ડ જૉન શેલેડી; રેવરન્ડ એચ. આર. સ્કોટ; મિસિસ સિન્કલેર સ્ટીવન્સન; ટી. બી. કર્ટીસ; સર ટી. સી. હોપ; ડાક્ટર જી. બુલ્હર; એ.કે. ફાર્બસ.

૨. (૧) ઇન્કમ ટેકસ (આયપત વેરો), જમીનનો ધારો, ઘરવેરો. (૨) કાપડ, અનાજ કે તેવી બીજી જણુસોપર અને મીઠાપર જે કર લેવામાં આવે છે તે.

૩. સાપ. આ કારણથી તે ચક્ષુઃશ્રવા કહેવાય છે.

૪. કોયલાનો—કાર્બનનો.

૫. (પ્રશ્નમાં છાપવામાં ઓર છે ત્યાં ચોર જોઇએ)—
માણસે નમ્રતા રાખવી અથવા બીજા ઇસમને સભ્યતા અને વિવેકની ખાતર નમવું જોઇએ; પણ નમવા નમવામાં ઘણો ફેર છે, એટલે વિવેકની ખાતર સાધારણ નમવું એ બરોબર છે, પણ ઘણું નમવું એટલે વિવેકની બહાર અતિશય કાકલુદી કરવી (ખુશામત તરિકે) એ નાદાનપણું છે; વળી જેમ ચિત્તો વાઘ, ચોર અને કમાન (કામઠું) વધારે નમીને (વળીને) સામાનો જીવ લે છે, તેમ દગલબાજ માણસ સામાને છેતરવાને બીજાના કરતાં દોઢો નમે છે, અર્થાત્ જેમ તેની દાનત વધારે ખરાબ, તેમ તે વધારે નમે છે.

૬. (૧) મદ્રાસથી કોલમ્બો (અગર મુંબઈ), એડન, લન્ડન થઈ ન્યુ યોર્ક; અથવા કોલમ્બોથી કેપ ઑફ ગૂડ હોપ થઈ આટલાન્ટિક મહાસાગરમાં થઇને ન્યુ યોર્ક. (૨) મદ્રાસથી રંગુન, સીંગાપોર, હૉંગકૉંગ, શાંગહાઈ, યોકોહોમા, સેન ફ્રાન્સિસ્કોથી (રેલ્વેમાં થઇ) ન્યુ યોર્ક.

૭. (૧) રબર—રબરનાં ઝાડ થાય છે. એ ઝાડ બોર્નિઓ, સુમાત્રા, જાવા અને આસામમાં થાય છે. એની ડાળીઓ,

પાંદડાં, થડ વગેરે કાપી તેને ઉકાળી તેનો રસ મેળવી તેમાંથી રબર બનાવે છે. ઇન્ડિયા રબરનો વૉટરપ્રુફ (પાણીથી પલળે નહીં તેવું કાપડ) કરવામાં, મોટર વગેરે ગાડીનાં પૈડાંની વાટ બનાવવા વગેરે પ્રકારનાં કામોમાં વધારે ને વધારે ઉપયોગ થતો જાય છે. રબરનાં ઝાડ સીલોન, જાવા, સ્ટ્રેટ સેટલમેન્ટ્સમાં ઘણાં ઉગાડવામાં આવે છે. દક્ષિણ અમેરિકામાં જે ઝાડ થાય છે, તેમાંથી બધા કરતાં વધારે રબર થાય છે. એ ઘણોજ સ્થિતિ-સ્થાપક પદાર્થ છે.

(૨) **સરેશ**—ચામડાના કકડાને પલાળીને ઉકાળે છે, પછી તેના ઉપર રસાયનિક ક્રિયા કરવાથી તેમાંથી ચિકણો પદાર્થ બને છે. ઢોરનાં શિંગડાં, ખરીઓ અને હાડકાંમાંથી સરેશ નિકળે છે; તેમજ માછલીનાં શરીર-માંથી તથા આઇસીંગ ગ્લાસ, શાર્ક, સ્ટર્જન, અને શીલા-રસમાંથી પણ સરેશ મળે છે.

(૩) **ગટાપર્ચા**—એ મલાયા દ્વીપકલ્પ અને ટાપુઓમાં થતાં એક જાતનાં ઝાડનો ઠરાવેલો રસ છે. એ કુદરતી રીતે નહીં જેવો સ્થિતિસ્થાપક છે, પણ ગરમી લાગ-વાથી વળી શકે તેવો થાય છે. વિજળીના તારનાં દોરડાં-પર એનાં પડ ચઢાવે છે, કેમકે એ મંદવાહક છે. વળી સુંઢ, સાંચા કામના પટા વગેરે બનાવવામાં તે કામ આવે છે. ઇન્ડિયા રબર સાથે એને મેળવવાથી તેનાં પડ જલદીથી બીજા પદાર્થોપર ચઢી શકે છે. એ ઘણો ચીવટ તથા ઇન્ડિયા રબર કરતાં વધારે મજબુત છે.

૮. (क) ચિતોડના રાજા લક્ષ્મણસિંહના કાકા મિત્ર-સિંહની.

(ख) ખિલજી બાદશાહ અલ્લાઉદ્દીને તેરમી સદીમાં.

૯. સૂર્યનાં કિરણુ વાતાવરણુમાં થઇને આવતાં તેનું વક્રિભવન થાય છે, તેથી ઘરમાં સૂર્યનો પ્રકાશ આવે છે.

૧૦. મુંબઈ (૯૭૯ હજાર), કલકત્તા (૮૯૬), મદ્રાસ (૫૧૮), હૈદ્રાબાદ (૫૦૦), દિલ્હી (૨૩૨), લખનૌ (૨૫૯), રંગુન (૨૯૭), લાહોર (૨૨૮), અમદાવાદ (૨૧૬), કાશી (૨૦૩), આગ્રા (૧૮૫), કાનપુર (૧૭૮), હૌરા (૧૭૯), અલ્હાબાદ (૧૭૧), પુના (૧૫૮), અમૃતસર (૧૫૨), કરાંચી (૧૫૧), જયપુર (૧૩૭), માંડલે (૧૩૮) પટણા (૧૩૬), મદુરા (૧૩૪), શ્રીનગર (૧૨૬), ત્રીચી નોપોલી (૧૨૩), બરેલી (૧૧૯), મીરત (૧૧૬) સુરત (૧૧૪), નાગપુર (૧૦૧), બેંગ્લોર (૧૦૦), ઢાકા (૧૦૮), જબલપુર (૧૦૦).

૧૧. (क) માવળી. (ख) પેશવા—બ્રાહ્મણ. (ग) પુનામાં.

૧૨. થોભ નહીં જ્યાં લોભનો, શોભા સઘળી જાય;
તૃષ્ણાથી તરસો સદા, ધનથી નહીં ધરાય.

## ૧૮

૧. (क) પદાર્થોની અરસપરસ લેવડદેવડ કરવામાં નાણાંની જરૂર પડે છે. એક માણુસને જોડા વેચી દાણા જોઇએ છીએ, પણ જોડાની જરૂરવાળા માણુસ પાસે દાણા નથી, પણ કપડાં છે.

તેથી કપડાંની જરૂરવાળો માણસ જેની પાસે દાણા હોય તેવો શોધી પછી ત્રણે જણ પોતીકો માલ અરસપરસ કરે, ત્યારે તેમને જોઇતી વસ્તુ મળી શકે. આ પ્રમાણે ઘણી હરકત આવે છે; તેથી નાણાંની જરૂર છે. જેવડે જેને તે જોઇએ તે તેને મળી શકે. (ख) કોડીઓ.

૨. સર ઐસાક ન્યુટને. એક વખતે તેણે એક ફળ ઝાડ પરથી ભોંયપર પડતું જોયું, તે ઉપરથી વિચાર કર્યો કે ફળ ભોંય ઉપરજ કેમ પડે. આ વિચારમાં તેણે એ નિયમ શોધી કાઢ્યો.

૩. માસિક ચોપાનિયાં કે વર્તમાનપત્રોમાં કોઈ બાબત વિશે. જ્યારે ખુલ્લા નામથી લખવું ન હોય ત્યારે આવી સંજ્ઞા છેવટ લખવામાં આવે છે.

૪. (૧) સુન્ની અને શિયા.

(૨) **સુન્ની** એટલે હજરત મહમદ સંબંધી સાચવી રાખેલી વાર્ત્તાઓ, સ્મૃતિઓ, નિયમ અગર ધારા; એ ઉપરથી સુન્ની શબ્દ થયો છે; એના સંપ્રદાયને અનુસરનારા. ઇરાન અને હિંદુસ્તાનના કેટલાક ભાગ સિવાય બીજા સઘળા મુસલમાન દેશોમાં આ પંથ ચાલે છે. હજરત મહમદના ગુજરી ગયા પછી અબુબકર, ઓમર, અને ઓથમાન એ ત્રણ ખલીફો એક પછી એક ગાદી પર આવ્યા, એમને 'સુન્ની' પંથવાળા માને છે.

**શિયા**—પક્ષકાર—હજરત મહમદના કુટુંબના પક્ષકાર; આ લોકો હજરત મહમદના ભત્રિજા અલી અને ફાતમા

બીબી એમને ખરા વારસ ગણે છે. હજરત અલી ગાદી પર આવ્યા તે પહેલાં, પહેલા ત્રણ ખલીફને અધિકાર નહોતો, એમ શિયા પંથવાળા ગણે છે.

શિયા પંથમાંથી એક ફાંટો 'સુફી' પંથ નિકળ્યો છે. 'સુફી' એટલે શુદ્ધ જ્ઞાની. એઓ વૈરાગની ભાવનાવાળા છે, અને હિંદુઓના અદ્વૈત પંથને મળતા સિદ્ધાંતો પાળતા જણાય છે.

૫. (क) ત્રણ લાખ ત્રીસ હજાર ગણો. (ख) નવ કરોડ ત્રીસ લાખ માઇલ.

૬. ટીપ—પ્રશ્નમાં 'પેશવા' શબ્દને બદલે શિવાજી જોઇએ.

શિવાજીએ પોતાનો રાજકારભાર ચલાવવા માટે ઇ. સ. ૧૬૭૪ માં આઠ પ્રધાનો કર્યા હતા. તેમનાં નામ, તેમના ઓદ્ધાનાં અનુક્રમે અસલ અને પછીનાં નામ તથા તેમનાં કામની વિગત નીચે પ્રમાણે છે:—

(૧) પેશવા અથવા મુખ્ય પ્રધાન—તે સર્વમાં શ્રેષ્ઠ—તે સર્વ બાબતની ચોકસાઈ રાખતો—મોરો પંત પિંગળે.

(૨) મજમુદાર—મુજમુદાર અથવા પંત અમાત્ય—તે સર્વ જમાબંદી કરીને ખરચની તપાસ રાખતો—રામચંદ્ર નીલકંઠ.

(૩) સુરનિસ અથવા પંત સચિવ—તે દફતરોનું રક્ષણ કરતો, અને યાદ દાસ્તને વાસ્તે સઘળી સનદો વગેરેની નકલો સરકારના દફતરોમાં રાખતો—અણ્ણાજી દત્તો.

(૪) વાકનીસ અથવા મંત્રી—તે ખાસગી શિબંદી અને ખાસગી દફતર—એ સઘળાનો બંદોબસ્ત રાખતો—દત્તાજી ત્રિમલ.

(૫) સર નોબત અથવા સેનાપતિ—એ લશ્કરમાં મુખ્ય હતો—હંબીરરાવ મોહિતે.

(૬) ડબીર અથવા સુમંત—તેણે પરરાજ્યની તજવીજ રાખવાનું હતું, અને બીજા રાજ્ય સંબંધે ખુલાસા વગેરે કરવાના હોય તો તે કરતો તથા બહારનો વકીલ આવે તો તેની સાથે મસલત કરવાનું કામ તે કરતો—જનાર્દનપંત હણમંતે.

(૭) ન્યાયાધીશ—તે ન્યાયનું કામ કરતો—નિરાજી રાવજી.

(૮) ન્યાયશાસ્ત્રી અથવા પંડિતરાવ—તે શાસ્ત્રાર્થ સંબંધી કામ કરતો હતો—રઘુનાથ ભટ્ટ.

આ આઠ પ્રધાનમાં પહેલા ચારની બેઠક રાજાની જમણી બાજુએ રહેતી, અને છેલ્લા ચારની ડાબી બાજુએ રહેતી. ઇ. સ. ૧૬૯૨ માં રાજારામે પ્રતિનિધિની નવમી જગ્યા કાઢી હતી અને તે સર્વેનો ઉપરી ગણાતો હતો; પહેલો પ્રતિનિધિ પ્રલ્હાદ નિરાજી નિમાયો હતો.

આ પ્રધાનોના વાર્ષિક પગાર નીચે મુજબ હતા:—પેશવા તથા પ્રતિનિધિ—દરેકનો રૂ. ૪૫૦૦૦; મુજમુદારનો રૂ. ૩૬૦૦૦; બાકીના દરેકનો રૂ. ૩૦૦૦૦.

આ આઠ પ્રધાનોમાંથી ન્યાયાધીશ અને ન્યાયશાસ્ત્રી એ બે શિવાય બીજાઓને શિવાજીના લશ્કરમાં પણ અધિકારો હતા તેથી દરેક પોતાનું કામ સંભાળવા માટે એક એક કારકુન રાખીને કામ ચલાવતા. આ પ્રમાણે એ કારખાનામાં આઠ કારભારીઓ હતા, તેમના ઓદ્ધા નીચે પ્રમાણે હતા:—

(૧) કારભારી, મુતાલિક અથવા દિવાન. (૨) મજમુદાર એટલે હિસાબ રાખનારો. (૩) ફડનીસ. (૪) સબનીસ અથવા દફતરદાર. (૫) કારખાનનીસ તે કિલ્લાને તથા લશ્કરને ઉપયોગી અન્ન વગેરે સઘળા પદાર્થોનો બંદોબસ્ત રાખતો. (૬) ચિટનીસ—એ કાગળપત્ર આવ્યા

ગયાનો બંદોબસ્ત રાખતો. (૭) જામદાર—એ નાણું વગર બીજા સર્વ પ્રકારનાં અલંકાર અને જવાહિરની તપાસ રાખતો. (૮) પોતનીસ–તે પૈસા સંભાળતો.

આ ઉપરાંત શિવાજીની પાસે પોતાના ખુદ ચિટનીસ અને ફડનીસ તથા ફારસીનીસ એટલે ફારસી કાગળપત્ર વાંચનારો, એવા ત્રણ હતા.

૭. 'ગ્રેફાઇટ'–એ કાર્બનનું બીજું રૂપ છે. એ કાળો અને ચળકતો છે, તથા કેટલાક જૂદા રૂપમાં મળી આવે છે. એનો ઝીણો ભૂકો કરીને દાબે છે, એટલે એનાં ગચીઆં થાય છે. એ ગચીઆં-માંથી પેન્સિલને માટે પાતળી સળીઓ વેહેરી કાઢે છે. સોનું, રૂપું વગેરે ધાતુઓ ગાળવાની કુલ્લીઓ બનાવવામાં તથા કાટ ન ચઢે માટે લોઢાનાં વાસણો ઉપર ઢોળ ચઢાવવામાં ગ્રેફાઈટ કામ લાગે છે.

૮. આડાં પાટિયાં જે બાજુપર ઢળતાં રાખેલાં હોય તે બાજુ તરફ કેટલો ઢાળ છે તે બતાવનારી સંજ્ઞાના પાટિયા ઉપર આંકડા હોય છે; જેમકે ૩૬૯ નો આંકડો હોય તો ૩૬૯ ફૂટે એક ફૂટનો ઢાળ હોય છે. પથરા ઉપર (હાલ તારના થાંભલા ઉપર) એક મુખ્ય સ્ટેશનેથી કેટલા માઈલનું અંતર થયું, તે બતાવવાના આંકડા હોય છે.

૯. આયમાય લીમજી પાલમકોટ; મિસ ભીખાઇજી લીમજીભાઈ પાલમકોટ; મિસીસ જરબાનુ કોઠા-વાળા; પુતલીબાઈ ધનજીભાઈ.

૧૦. (૧) હાડકાંમાંથી. (૨) દિવાસળી બનાવવામાં તેના સળગાવવાના છેડાપર મસાલો લગાડે છે તેમાં નાખે છે; મગજની પુષ્ટિ તરિકેની દવાના ઉપયોગમાં આવે છે; જે ખોરાકમાં અને દવામાં ફોસ્ફરસના બનેલા મિશ્ર પદાર્થ હોય છે, તે મગજને ઉપયોગી હોઈ પુષ્ટિ આપે છે; ખાતરને માટે ઉપયોગનો છે.

૧૧. (क–ख) સર્વન્ટ્સ ઓફ ઇન્ડિયા સોસાઇટી–હિંદનું સેવક મંડળ. એનું મુખ્ય સ્થાન પુના છે. હિંદુસ્તાનની સેવા બજાવવાને માટે આ દેશના સદ્‌ગૃહસ્થોને ઉપદેશકો તરિકે તૈયાર કરવા, અને કાયદા કાનુનને અનુસરીને જે ઉપાયો યોજવા જોઇએ, તે યોજીને હિંદના વતનીઓનું ખરૂં હિત વધે તેવા ઇલાજ લેવા, એ તેના મુખ્ય ઉદ્દેશો છે.

આ મંડળની હાલમાં ચાર શાખા–મુંબઈ, મદ્રાસ, જોડીયા પ્રાંત, અને મધ્ય પ્રાંતોમાં છે. સાંસારિક રીત રિવાજમાં સુધારા કરવા, (જેવા કે મુંબઇમાં હોળીકા સમ્મેલન); પ્રાથમિક કેળવણી માટે લોકોનો ઉત્સાહ વધારવો; પુના શાખાને અંગે સેવાસદન છે, તેવી સ્ત્રીકેળવણીના ઉત્તેજન માટે–સ્ત્રીવર્ગની ઉન્નતિને માટે સંસ્થાઓ સ્થાપવી; મુંબઈમાં લોકસેવા મંડળ (સોશિયલ સર્વિસ લીગ) જેવાં કામો કરે છે, તેવી લોકસેવા બજાવવી; ખેડુતો, કમ્પૉઝીટરો, મીલ કારખાનાંના મજુર કારીગરોમાં સહકાર્યથી કામ કરવાની પદ્ધતિનો ફેલાવો કરવો; પ્લેગ રિલીફ કમિટી જેવાં મંડળો સ્થાપી તેવે વખતે લોકોને મદદ કરવી; આવા પ્રકારનાં કામો આ મંડળ કરી શકે છે. (ग) આ મંડળ સદ્‌ગત શ્રીયુત ગોપાળ કૃષ્ણ ગોખલે

બી. એ., સી. આઈ. ઈ., એમણે સને ૧૯૦૫માં સ્થાપ્યું હતું. હાલમાં એમાં કામ કરનારા ૨૫ પચીસેક ગૃહસ્થો દાખલ થયેલા છે, અને તેમાંના ઘણાખરા ગ્રેજ્યુએટો છે. મંડળનો વાર્ષિક ખર્ચ રૂ. ૨૦૦૦૦ ઉપરાંત થાય છે, અને તે લોકમદદથી તથા ઉઘરાણાથી મેળવવામાં આવે છે.

૧૨. (क) હીરો ઘણો ચળકતો અને શોભિતો છે. તેને કુંદન (સોના)માં જડવાથી અધિક શોભા અને પ્રકાશ આપે છે. મનુષ્ય એક રીતે સારો ગણાતો હોય, અને વળી તે બીજો ગુણ મેળવે ત્યારે તેનાં વખાણને પ્રસંગે આ શબ્દો વપરાય છે. છોકરો રૂપવાન હોય અને વળી સારી વિદ્યા ભણેલો હોય તથા સદ્‌ગુણી હોય, અથવા પૈસાવાળા માણસ ઉદાર વૃત્તિવાળા અને વિદ્વાન્ હોય, તેમને આ લાગુ પાડે છે.

(ख) શેર મગદળ ખાવા મળે અથવા ચાર આઠ આના મળે તો કેટલીક વખત લોભીઆ માણસો જુઠી સાક્ષી પૂરવા તૈયાર થાય છે. જુઠી સાક્ષી પૂરનારાની વાતને પ્રસંગે આ શબ્દો વપરાય છે.

(ग) ધર્મની આજ્ઞાને અનુસરી કરેલા કાર્યમાં આખરે જય થાય છે, અને પાપથી (પાપી કર્મથી) ક્ષય (નાશ) થાય છે. એકાદ વખત ધર્મવાળા મનુષ્યનું કામ બગડે કે તેને નુકસાન થાય, તો પણ આખરે તેનું સારૂંજ થાય, તેવે પ્રસંગે અથવા કાંઈ કાર્ય કરતી વખતે મનુષ્યને ધીરજ આપવાને પ્રસંગે બોલાય છે.

# ૧૧

૧. (૧) **હુંડિયામણ**–હુંડીનાં નાણાં બીજી જગ્યાએ લેવાનાં હોય કે આપવાનાં હોય તેની ગોઠવણ કરી આપ્યા બદલ જે કંઈ રકમ લેવામાં આવે છે તે.

(૨) **વટાવ**–એક જાતના સિક્કાને બીજી જાતના સિક્કામાં ફેરવતાં જે કંઈ કસર જાય તે; નરસા સિક્કાનો સારા સિક્કામાં બદલો કરતાં જે કાંઈ આપવું પડે તે; તાકીદના સબબથી અથવા મુદત પહેલાં અવેજનું નાણું આપતાં જે થોડીક રકમ ઓછી આપવી તે.

(૩) **સરભર**–હુંડી કરાવતાં અથવા હુંડીનાં નાણાં લેતાં કંઈ કમી જાસ્તી ન થતાં મૂળ રકમ જેટલીજ રકમ મળે ત્યારે સરભર (સરખેસરખો–વધઘટ નહીં) ભાવ કહેવાય છે.

(૪) **કાંધાં પાજરાં**–અમુક રકમ અમુક મુદતે પરત ભરવાની શરતે વેપારીને ત્યાંથી નાણાં વ્યાજે લેવાની રીત. આ વ્યવહારમાં રૂપિયાનું વ્યાજ પ્રથમથી ચઢાવી લેવામાં આવે છે, અને વ્યાજ સાથેની તે બધી રકમ અમુક મુદત સુધીમાં ભરી દેવાની શરત હોય છે, અથવા વ્યાજ પછી ચઢાવવામાં આવે છે. પ્રથમનું લેણું હોય અને દેણદાર નરમ સ્થિતિમાં હોય તો મુદલ રકમના વિભાગ પાડી તે અમુક મુદતે ભરવાની કબુલત થાય છે. કેટલીક વખત રકમ ઉપર સામટુંજ વ્યાજ ચઢાવવામાં આવે છે; જેમકે વીસ રૂપિયાનું એકવીસું કે બાવીસું કાંધું.

(૫) **પોલીસી ઉતરાવવી**–જીંદગીનો વીમો ઉતરાવવો. અમુક વર્ષની ઉમરનું માણસ હોય તો અમુક મુદત સુધી અથવા જીવતાં સુધી દર વર્ષે અમુક રકમ ભરવી, ને તેના બદલામાં ઠરાવ્યા મુજબ જીંદગી પછી અગર

અમુક વર્ષની મુદ્દત પૂરી થયે જેટલી રકમનો વીમો ઉતરાવ્યો હોય તે રકમ મળે એવી યોજના કરવી તે. આ રીતે વીમો ઉતારનારી અનેક મંડળીઓ સ્થપાયલી છે.

૨. (૧) બત્રીસ. (૨) અઠ્ઠાવીસ.

૩. એ પરાક્રમી, સ્વદેશાભિમાની, ધર્મની લાગણીવાળા, બુદ્ધિશાળી, બહાદુર અને સાદા હતા.

૪. ધૈર્ય, ક્ષમા, દમ (શરીરે કષ્ટ વેઠવું, મન દબાવવું), અસ્તેય (ચોરી ન કરવી, કોઇનું ધન વગર હકે ન લેવું), શૌચ (પવિત્રતા, શુદ્ધિ), ઇંદ્રિયનિગ્રહ (ઇંદ્રિયોને વશ રાખવી), જ્ઞાન, વિદ્યા, સત્ય અને અક્રોધ.

૫. તારના થાંભલા ઉપરના તાર કે દોરડામાંથી વિજળી નીચે ઉતરી જાય નહીં માટે. ચીનાઈ પ્યાલા માટીના હોય છે, અને તે મંદવાહક છે, તેથી તેમાં વિજળી પ્રવેશ કરતી નથી; અને તેને થાંભલાપર મૂકે છે એટલે વિજળી થાંભલામાં ઉતરી જતી અટકે છે.

૬. ધર્મગુરૂ નામદાર આગાખાન; ન્યાયમૂર્તિ બદરૂદ્દીન તૈયબજી; મીરઝાં અબ્બાસ અલી બેગ; સર ઇબ્રાહિમ રહીમતુલ્લા; ફાઝલભાઈ મહેરઅલી ચીનાઈ; સર ફાઝલભાઈ કરીમભાઈ ઇબ્રાહિમ; મહમદ અલી જીણા (બેરિસ્ટર). (૨) સચેદિના નાનજીઆણી; કરીમઅલી રહીમભાઈ નાનજીઆણી; કરીમ મહમદ માસ્તર; હાજી મહમ્મદ અલારખિયા શિવજી.

૭. ધુમસ એ વરાળનું રૂપ છે, બાકીનાં પાણીનાં રૂપાન્તર છે. પાણીની વરાળ થઈ તે ઉંચે ઉડી ન જતાં હવામાં ભળી જાય છે; પછી હવાનું ઉષ્ણતામાન ઓછું થાય છે, ત્યારે વરાળનું પાણી થઈ નીચે જમીનપર પડે છે તે ઝાકળ; વરાળ હવામાંથી ઉંચે ચઢી વાદળાં થાય છે અને પછી તે નીચે ઉતરે છે, તેને ધુમસ કહે છે; વાદળાંને વધારે ઠંડક લાગે છે ત્યારે તેનું પાણી થઈ જાય છે. એ વખતે તે હવા કરતાં ભારે હોવાથી તેને (વાદળાંને-પાણીને) ઝીલી શકતી નથી તેથી વરસાદરૂપે નીચે પડે છે; વાદળાંને ઠંડી લાગવાથી પાણીનાં ટીપાં બંધાય છે. એ ટીપાં નીચે ઉતરતાં ઉતરતાં વધારે ઘટ બંધાઈ જાય છે, ત્યારે તે કરાંરૂપે નીચે પડે છે.

૮. (क) ગોળાનું ગુરૂત્વમધ્યબિંદુ બરાબર મધ્યમાં હોય છે, તેથી ગોળો એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં તુરત જઈ શકે છે. આ કારણથી જો ગોળાને ધક્કો માર્યો હોય તો તે ગબડ્યા કરશે. (ख) જે જમીન ઉપર તે ગબડતો હોય તેની અને ગોળાની વચ્ચે ઘર્ષણ થવાથી તે ગબડતો અટકે છે.

૯. અહલ્યા (ગૌતમ ઋષિની સ્ત્રી), તારા (બૃહસ્પતિની સ્ત્રી), દ્રૌપદી, સાવિત્રી (સત્યવાનની સ્ત્રી), અનુસૂયા (અત્રિ ઋષિની સ્ત્રી). વળી અહલ્યા, તારા, દ્રૌપદી, સીતા અને મંદોદરી (રાવણની સ્ત્રી) એ પાંચ પણ કહેવાય છે.

૧૦. મિસર દેશના લોકોમાં.

૧૧. જગ્યા જેમ ઉંચી તેમ ત્યાંની હવા વધારે ને વધારે પાતળી હોય છે, અને તેથી માણસ જેમ જેમ ઉંચે ચઢતો જાય છે, તેમ તેમ તેણે, જરૂર જેટલો—પૂરતો—ઓક્સિજન લેવાને માટે વધારે ઝડપથી એટલે વધારે વખત શ્વાસ લેવો જોઇએ, અને તેથી વધારે મહેનત પડે છે. હવા આવી રીતે પાતળી થઈ ગઈ હોય છે તેથી લોહીની નસોના બહારના ભાગ ઉપર દબાણ ઘણુંજ કમી થઈ જાય છે, અને તે કારણથી હોઠ વગેરેની ચામડીમાંથી લોહી જોર કરીને બહાર નિકળે છે.

૧૨. (क) (૧) ધર્મસિંધુ—વે. શા. સં. શાસ્ત્રી કાનજી વાલજી ત્રિપાઠી. (૨) નિર્ણયસિંધુ—વે. શા. સં. રામકૃષ્ણ હર્ષજી શાસ્ત્રી તથા વે. શા. સં. અમૃતરામ નારાયણ શાસ્ત્રી એમણે વડોદરા રાજ્ય માટે, તથા વે. શા. સં. પંડિત રવિશંકર જ્યેષ્ઠારામ. (૩) મનુસ્મૃતિ—રા. રા. ઝવેરીલાલ ઉમિયાશંકર, તથા પંડિત શ્રી નથ્થુરામ મહાશંકર અને વે. શા. સં. શાસ્ત્રી પ્રાણજીવન હરિહર પંડ્યા. (૪) શ્રીમદ્ ભાગવત—ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસમાંથી. (૫) શ્રીમદ્ ભગવદ્ગીતા—ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ, રા. રા. મણીલાલ નભુભાઈ, વેદ ધર્મસભા વગેરે તરફથી ભાષાન્તરો થયેલાં છે.

(ख) (૧) અભિજ્ઞાન શાકુન્તલ નાટક (કાલિદાસ કૃત) જુઓ પૃ. ૧૩૯ (૫૨—૪ ख). (૨) મુદ્રારાક્ષસ (વિશાખદત્તવિરચિત)—કેશવલાલ હર્ષદરાય ધ્રુવ. (૩) વિક્રમોર્વશીય (કાલિદાસકૃત)—રણછોડભાઈ ઉદયરામ, કેશવ-

લાલ હર્ષદરાય ધ્રુવ, કિલાભાઈ ઘનશ્યામ. (૪) માલતિ-માધવ તથા (૫) ઉત્તરરામચરિત (ભવભૂતિકૃત—બન્ને)—મણિલાલ નભુભાઇએ બન્નેનાં ભાષાન્તર કરેલાં.

## ૧૦૦

૧. જુઓ પરિશિષ્ટ અ—ચરિત્રાવલી.

૨. ખાંડ.

૩. એ ગાયનના સાત સૂર—સ્વર છે. વાજીંત્રના તાલ ઢબ પ્રમાણે ગાવામાં એ સૂર પ્રમાણે લાંબા ટુંકા ઉચ્ચાર કરવાનું હોય છે. સા—રી—ગ—મ—પ—ધ—ની એટલે, ષડ્જ, ઋષભ, ગંધાર, મધ્યંમ, પંચમ, ધૈવત, નિષાદ—એ સાત સ્વર.

૪. (૧) નર્મદાશંકર—દ્રૌપદીદર્શન નાટક, રામજાનકી નાટક, બાળકૃષ્ણવિજય નાટક. (૨) રણછોડ-ભાઈ—જયકુમારીવિજય નાટક, લલિતાદુ:ખદર્શક નાટક, નળ દમયંતી નાટક, હરિશ્ચંદ્ર નાટક, માલ-વિકાગ્નિમિત્ર નાટક, વિક્રમોર્વશીય નાટક, વગેરે. (૩) ભાઇશંકર—સંસારદુ:ખદર્શક, સુદામા નાટક, રંભા રતીલાલ ત્રોટક. (૪) મણીલાલ—માલતિમાધવ નાટક, ઉત્તરરામચરિત નાટક, કાન્તા.

૫. શંકર—રામ—નાગર બ્રાહ્મણ, બ્રાહ્મણ; લાલ—ભાઈ—દાસ—વાણિયા, કાયસ્થ, પાટીદાર; સંગ—જૈન વાણિયા, રજપુત; રાય—નાગર, બ્રાહ્મણ; સિંહ—રજપુત; રાવ—મરાઠા, દક્ષિણી બ્રાહ્મણ.

૬. (क) ઢાંકેલી હોડી જેવા આકારનું, ખાસ તૈયાર કરેલી હલકી હવાથી ભરેલું આકાશમાં ઉડતું વાહન છે. (ख) તેની કોથળીની અંદર ખાસ હલકી હવા ભરવામાં આવે છે તેથી ઉડે છે. (ग) આકાશ માર્ગે એક સ્થળેથી બીજે સ્થળે જઈ શકાય છે; દુશ્મનોના લશ્કરની છાવણી ઉપર જઈ તેમની સ્થિતિ જોઈ શકાય છે, વગેરે.

૭. ચુનો અને સરેશ જેવો પદાર્થ.

૮. કેશાકર્ષણના નિયમ પ્રમાણે.

૯. સને ૧૯૧૨ માં.

૧૦. (क) પાસો—સોકટાં રમવાનો; પાસું—માણસનું બાજુનું અંગ. (પાસું ફેરવવું, પાસામાં વાગવું). (ख) પાળો—આંખની નિમાળાવાળી જે બાજુ તે; પગે ચાલી લડનારો સિપાઈ; પાળી—શાક સમારવાની; પાળું—પગપાળું—પગે ચાલતું માણસ. (ग) પાલો—ઘાસ અને હલકી વનસ્પતિ—ભાજીપાલો. પાલી—દાણા માપવાનું માપ; પાલું—માટીનું પહોળા કામડાંની ચીપોનું ગુંથીને કરેલું ઢાંકણ.

૧૧. (क) સૂર્ય વર્ષના દિવસ ૩૬૫, અને ચાંદ્રમાસના દિવસ ૩૫૪ થાય છે; અને હિંદુ મહિના ચાંદ્રમાસ પ્રમાણે ગણાય છે, એટલે દર વર્ષે લગભગ ૧૧ દિવસની ખોટ આવે છે, તેથી ત્રણ વર્ષે એક માસ વધારવાથી સૂર્ય વર્ષ અને ચન્દ્રનું વર્ષ સરખું થાય છે.
(ख) કાર્તિક માસથી ફાગણ માસ સુધીના.

(ग) એક વર્ષે જે અધિક માસ આવ્યો હોય તેનો તેજ ફરીથી ૮ વર્ષે, અથવા ૧૯ વર્ષે, કે ૧૪૧ વર્ષે આવે છે.

ટીપ—"શાલીવાહન શકનો જે અંક હોય તેમાંથી ૧૬૬૬ બાદ કરવા, અને બાકી વધે તેને ૧૯ એ ભાગવા; જો કાંઈ ન વધે તો જ્યેષ્ઠ માસ, આઠ વધે તો પણ જ્યેષ્ઠ માસ અધિક જાણવો, બે વધે તો આશ્વિન માસ, ત્રણ વધે તો ચૈત્ર માસ, પાંચ વધે તો શ્રાવણ માસ, અગિયાર વધે તો વૈશાખ માસ, તેર વધે તો ભાદ્રપદ, સોળ વધે તો આષાઢ માસ અધિક ગણાય, અને જો આમાંનો કોઈ અંક વધતી રકમમાં ન હોય તો તે સાલમાં અધિક માસ નથી એમ જાણવું." —'ગુજરાતી' પ્રેસનું પંચાંગ. આ નિયમ સ્થૂલ માનથી બેસાડેલો છે, સૂર્યની અને ચન્દ્રની મધ્યમ ગતિ એટલે સરેરાસની ગતિઓ લઈ આ નિયમ મુકરર કરેલો છે. સૂર્ય તથા ચન્દ્રની સ્પષ્ટ ગતિઓ જે અરસામાં જે મધ્યમ ગતિની લગભગ સરખી આવે તે અરસામાં પંચાંગના ઉપલા નિયમ પ્રમાણે અધિક માસ આવે. પરંતુ જે અરસામાં ગતિઓમાં વધારે તફાવત આવે તે અરસામાં એક માસ ઓછો કે એક વધારે એવી રીતે આવે.

કવિ દલપતરામના દલપત કાવ્યના ભાગ બીજાના પૃષ્ઠ ૧૮૧ માં નીચે પ્રમાણે આપેલું છેઃ—

"સને ૧૮૬૩ થી અધિક માસ—

श्राज्ये वैभा, अज्ये आ, श्राज्ये चैभा अज्येआ;

श्राज्ये चैश्रा अवैभा, बोलो चारे वारे आ.

ખુલાસો—ઓગણીસ વર્ષમાં સાત અધિક માસ આવે. ઇસ્વી સન અઢારસેં ત્રેસઠમાં શ્રાવણ અધિક હતો, તે વરસથી ૧૧૪ વર્ષના અધિક માસ આ છંદમાં બતાવ્યા છે. એ છંદનું ત્રીજું ચરણ ફરી ફરીને બાર વાર બોલવું. એમાં અ હોય ત્યાં અષાઢ અને આ હોય ત્યાં આશો જાણવો."

૧૨. મુંબઈમાં—(૧) રૂક્ષ્મણી પ્રસૂતિગૃહ, (૨) પારસી સુવાવડખાનું. વડોદરામાં—શિવલાલ પ્રસૂતિગૃહ. અમદાવાદમાં—ચીનુભાઈ પ્રસૂતિગૃહ. નવસારી તથા વલસાડમાં—પારસી પ્રસૂતિગૃહ, વગેરે.

## ૧૦૧

૧. ગોળ—પાટિયાપર ગોળ દોરો; પૃથ્વી ગોળ દડા જેવી છે; ગોળધાણાં વહેંચ્યાં; ગોળે મરે તેને વિખે ન મારવું; ગોળ ગોળ વાત કરી આવ્યો.

૨. ઇચ્છારામ સૂર્યરામ દેશાઈ ( ગંગા, પાણીપત વગેરે); રા. બા. નંદશંકર તુળજાશંકર (કરણ ઘેલો); રા. સા. મહીપતરામ રૂપરામ (વનરાજ ચાવડો, વગેરે).

૩. ૮ મિનિટ ૧૩ સેકંડ.

૪. વનસ્પતિ રંગોમાં લિટ્‌મસ નામનો પદાર્થ છે તેનું દ્રાવણ નીલા રંગનું હોય છે. તેમાં કોઈ પણ એસિડનાં ટીપાં ઉમેરવામાં—નાખવામાં આવે છે ત્યારે તે દ્રાવણ રાતા રંગમાં બદલાઈ જાય છે; અને તેજ રાતા રંગમાં ( રંગના દ્રાવણમાં ) કોઈ એલ્ક-

લીનાં ટીપાં નાખવામાં આવે છે તો પ્રથમનો નીલો રંગ પાછો આવે છે. આને રસાયન શાસ્ત્રમાં એસિડ અને એલ્કલી પ્રતિકાર્યો કહે છે, અને એસિડ તથા એલ્કલીને પારખવા સારૂ આ એક મુખ્ય પરીક્ષા–કસોટી છે.

૫. સને ૧૮૩૫ પહેલાં તાર મારફત અનેક રીતે સંદેશા પહોંચાડવાની પદ્ધતોનો ઉપયોગ થતો હતો; પરંતુ સને ૧૮૩૬ માં લન્ડન શહેરમાં સર ચાર્લ્સ વ્હીટસ્ટોન અને તેના સહાયક કૂક એમણે સોયના યંત્રનો ઉપયોગ સંદેશા પહોંચાડવા માટે કર્યો હતો. 'એક સોયવાળા યંત્ર'માં લોહચુંબકવાળી સોયને ઉભી લટકાવવામાં આવે છે, અને તેની પાસે તારનું ગુચ્છળું રાખે છે. આ તાર મારફત એક દિશામાં કે તેથી ઉલટી દિશામાં વિજળી (વિદ્યુત્)નો પ્રવાહ મોકલવામાં આવે છે, તે પ્રમાણે સોય ડાબી તરફ કે જમણી તરફ આવ જા કરે છે, અને જમણી કે ડાબી બાજુના ચલણ વલણની જૂદી જૂદી સંખ્યા થાય, તે મૂળાક્ષરના ઠરાવ્યા મુજબ અક્ષરો વગેરે દર્શાવે છે. આ પદ્ધતમાં મૂળાક્ષરના બધા અક્ષરો વગેરે માટે ચલણ વલણનો કોડ (કોપ) કરવામાં આવે છે, અને તે તારયંત્ર ઉપર કામ કરનારા બધા સમજે છે. અનેક પાત્ર (સેલ્સ)ની બનાવેલી વિજળીક બેટરીમાંથી વિદ્યુત્‌ના પ્રવાહ મેળવવામાં આવે છે. તાર મારફત બેમાંથી એક દિશા તરફ પ્રવાહ મોકલવાને માટે બે આગળ પડતી 'લીવર' (ઉચ્ચાલન જેવા) જેને 'સિગ્નલીંગ કી' (નિશાન કરનારી ચાવી) અથવા 'ટેપર્સ' (ટકોરા મારનારા સંચા) એવું નામ

આપવામાં આવ્યું છે, તેને યંત્ર ઉપર જડવામાં–બેસાડ-વામાં આવે છે, અને તારના દોરડાના એક છેડા આગળ ટકોરા મારવાના સંચા ઉપર કામ કરવાથી બીજા છેડા ઉપર તે પ્રમાણે તે ચાલે છે (તેટલા ટકોરા થાય છે). આવું એક સોયનું યંત્ર તૈયાર થયા પછી બીજે વર્ષે ૧૮૩૭ માં બે સોયવાળું યંત્ર તૈયાર થયું હતું. સને ૧૮૩૭ માં અમેરિકાના કારિગર મી૦ સેમ્યુઅલ ફિન્લે મોર્સે વિજળીના તારનું મોર્સ પદ્ધતથી ચલાવાતું યંત્ર શોધી કાઢ્યું હતું; તેમાં ટકોરાની સંખ્યા ઉપરથી જૂદા જૂદા અક્ષરો વગેરે સમજવાની પદ્ધત ઠરાવેલી છે. આ યંત્રમાં સુધારો થઈ હાલ યંત્રની અંદરજ કરેલી કરામતથી નિશાનો–ચિહ્નો થાય, અને તે ઉપરથી આખો સંદેશો સમજાય તેવું યંત્ર ઉપયોગમાં આવે છે. અનેક ટપકાં અને નાની રેખાઓની જૂદી જૂદી રીતની મેળવણીથી જૂદા જૂદા અક્ષરો સમજાય છે. આ પદ્ધતથી એક મિનીટમાં ૬૦ થી ૧૦૦ શબ્દોનો સંદેશો એક સ્થળેથી બીજે દૂરને સ્થળે પહોંચાડી શકાય છે. હજી આ પદ્ધતમાં સુધારો થતોજ જાય છે, અને તેથી એક ‘લાઇન’ દિશા તરફ એકી વખતે અનેક સંદેશા પહોંચાડવાનું બની શકે છે. સંદેશા મોક-લવાના વિજળીના તારનું દોરડું પહેલ વહેલું ફ્રાન્સ અને ડોવરની વચ્ચે સને ૧૮૫૦ માં નાંખવામાં આવ્યું હતું. આટલાન્ટિક મહાસાગરમાં આવા તારનું દોરડું પહેલું સને ૧૮૫૮ માં, અને બીજું સને ૧૮૬૬ માં નંખાયું હતું. હાલમાં સંદેશા પહોંચાડવાનાં યંત્રો સંબંધી છેલ્લી શોધ મુજબ, બે સ્થળની વચ્ચે તારનાં દોરડાં રાખ્યા વગર માત્ર યંત્રની મદદથી સંદેશા પહોંચાડાય છે. આની

શોધ કરનાર ઇટાલીના સિનોર જી. માર્કોની નામના ગૃહસ્થ છે. આ શોધ તેમણે સને ૧૮૯૬ માં કરીને પ્રયોગ કરી બતાવ્યો હતો. સને ૧૯૦૭ માં એમણે આટલાન્ટિક મહાસાગરના બે કિનારા વચ્ચે સંદેશા પહોંચાડવાનાં યંત્ર સારી રીતે ગોઠવી આપ્યાં હતાં. વળી હાલમાં લન્ડન, ઇજીપ્ત, એડન, મુંબઈ, બેંગલોર, પ્રીટોરિયા, સીંગાપોર વગેરે સ્થળો પસંદ કરી ત્યાં આવાં તારનાં દોરડાં વગરનાં દૂર સંદેશા પહોંચાડવાનાં યંત્રો ગોઠવવામાં આવ્યા છે. દરિયામાં ફરતી કેટલીક આગબોટો ઉપર પણ આવાં યંત્રોની ગોઠવણ કરવામાં આવી છે. (આવી સવડ થવાથી કેટલીક આગબોટોમાં દેશાવરોના તાજા સમાચારવાળાં વર્તમાનપત્ર દર રોજ છપાય છે). આવા યંત્રોના સંબંધમાં હજી પ્રયોગો ચાલુજ છે તે ઉપરથી ૨૦૦૦ થી ૩૦૦૦ માઇલનું અંતર હોય તો પણ ત્યાં સંદેશો પહોંચાડી શકાય એવું થશે એવી ધારણા છે.

૬. કાઠિયાવાડમાં વડોદરા રાજ્યના ધારી તાલુકામાં તુળશી શ્યામ આગળ.

૭. આકાશમાં વાદળાં પવનથી એક બીજા સાથે અથડાય છે. તે વાદળાંમાં જૂદા જૂદા પ્રકારના ગુણવાળી વિદ્યુત્ હોય છે, તે મળે છે તેથી ગર્જના અને વિજળી થાય છે.

૮. જે પદાર્થની અંદર ફોસફરસનો ભાગ વધારે હોય અગર જે ખોરાક ફોસફરસના બનેલા મિશ્રપદાર્થો હોય છે તેવા પદાર્થ મગજને ઘણા ઉપયોગી હોઇ પુષ્ટિ આપે છે. બદામ, અખરોટ, કાજુ,

પીસ્તાં, તડબુચનાં, દુધીનાં, કોળાનાં અને કાકડીનાં બીજ—ઘણે ભાગે આવા પદાર્થ છે.

૯. નરસિંહ મહેતાનાં.

૧૦. (क) **ગંગા જમની**—અર્ધોભાગ પિત્તળનો અને અર્ધો ભાગ તાંબાનો હોય એવા પાણી પીવાના લોટા; બે બાજુએ જૂદા રંગની કોર હોય એવાં ધોતિયાં (ઘણે ભાગે લાલ અને લીલી કોર હોય એવા ધોતી જોટા); ઝીકની સોનેરી અને રૂપેરી કોર હોય એવા સાળુ.

(ख) (૧) **કેસરીયાં કરવાં**—લડાઈ ચાલતાં અણીને વખતે પહેલાં બૈરાં છોકરાંને મારી નાંખી પછી પીળાં વસ્ત્ર પહેરી લડાઇમાં મરણીઆ થઈ ઝંપલાવવું.

(૨) **ગણપતિ બેઠા**—લાભકારક દહાડા આવ્યા, સારૂં ખાવાનું મળવાનો વખત આવ્યો. કોઈ શુભ કાર્ય કરતાં પ્રથમ ગણપતિની સ્થાપના કરવી તે. કોઇને અડચણરૂપ કાંઈ બાબત બની હોય તો તેને (મજાકમાં) ગણપતિ બેઠા એમ પણ કહે છે.

(૩) રાજ મહેલના દરવાજા ઉપર ચોકી કરનાર સિપાઇને 'ચેરી મેરી'—લાંચ—કાંઈ પણ ઇનામ તરિકે પૈસા આપ્યા વગર દરબારમાં રાજા પાસે જવાય નહીં.

૧૧. (૧) ખોડાં અને અશક્ત ઢોરને રાખવાની જગ્યા; જેની વ્યવસ્થા મહાજન તરફથી રાખવામાં આવે છે.

(૨) પૂર્વ દેશોનાં હુન્નર, વિદ્યા અને સાહિત્ય ભંડોળ—એની શોધ ખોળ કરવા અને ઉત્તેજન આપવા સને ૧૮૦૪ માં આ સોસાઇટી મુંબઇમાં સ્થપાઈ હતી. એને અંગે એક લાઇબ્રેરી છે તે મુંબઈ ઈલાકામાં મોટામ મોટી છે; તેમાં બે લાખ ઉપરાંત પુસ્તકો, તથા જુન લેખ, સિક્કા વગેરેનો સંગ્રહ કરેલો છે. એમાં લાઇ

મેમ્બર—જીંદગી પર્યન્તના સભાસદ થવાને એકી વખતે રૂ. ૫૦૦) અથવા વાર્ષિક સભાસદ થવાને દર વર્ષે પચાસ રૂપિયા આપવા પડે છે. એમાંથી હરકોઈ પુસ્તક વગેરે મેમ્બરોને મળી શકે છે; બહાર ગામના હોય તો ત્યાં તેમને જે જોઇએ તે મોકલી આપવામાં આવે છે.

(૩) ગુજરાતના વૈશ્ય લોકોએ પોતાની વૈશ્ય જાતિના ઉત્તેજન માટે એક સભા સ્થાપી છે. આ 'શ્રી ગુજરાત વૈશ્ય સભા'ના હેતુઓ મુખ્યત્વે નીચેના છે:—"વૈશ્ય એટલે મેશ્રી વાણિયામાં કેળવણી, હુન્નર, ઉદ્યોગ, વ્યાપાર અને આબાદીની વૃદ્ધિ કરવી; ગરીબ, નિરાધાર, અપંગ અનાથ વૈશ્યો માટે એક ગૃહ સ્થાપવું તથા તેમને ખાનગી મદદ કરવી; બાળ લગ્નનો, અતિ વૃદ્ધ વયે લગ્ન કરવાનો, અને એક સ્ત્રી જીવતાં બીજી સ્ત્રી કરવાનો રિવાજ હોય ત્યાં અટકાવવો; કન્યાવિક્રય અટકાવવો; નીતિ તથા સદ્ધર્મનું જ્ઞાન ફેલાવવું," વગેરે; આવા હેતુઓ પાર પાડવા માટે અનેક પ્રયત્ન ચાલુ છે, અને તે પૈકી એક એ છે કે એ સભા તરફથી અમદાવાદમાં એક વૈશ્ય વસતિ ગૃહ ઉઘાડવામાં આવ્યું છે, તેમાં વૈશ્ય જાતિના ગરીબ છોકરાઓને રાખી વિદ્યાભ્યાસ કરાવે છે તથા ધંધા શિખવે છે; તેનો સઘળો ખરચ લવાજમ, બક્ષીસ વગેરેથી થયેલ. સભાના ફંડમાંથી ચાલે છે. આ શિવાય બીજા ગૃહસ્થના છોકરાઓને ખરચ બદલ માસિક રકમ લઈ રાખવામાં આવે છે. આ વસતિગૃહ માટે વૈશ્ય સભા તરફથી સને ૧૯૦૮ માં કેટલાક સદ્દગૃહસ્થો અને સન્નારીઓની ઉદાર મદદથી ૩૫–૪૦ હજાર ખરચી કાયમનું એક વિશાળ અને ભવ્ય મકાન અમદાવાદમાં જમાલપુરને રસ્તે ખમાસાની ગેટ નજીક બંધાવ્યું છે. આ મકાન માટે ત્યાંના

શેઠ મોતીલાલ હીરાભાઈ તથા શેઠ મંગળદાસ ગીરધરદાસે મોટી રકમો આપી છે. વળી સભા તરફથી વૈશ્યપત્રિકા નામનું માસિક ચોપાનિયું સને ૧૯૦૩ થી પ્રકટ કરવામાં આવે છે.

(૪) જૈન પુસ્તકભંડાર–પાટણ શહેરમાં જૈન કોમનાં દેરાસરોને અંગે પુસ્તકભંડારો છે. તેમાં પ્રાચીન વખતનાં ઘણાં પુસ્તકોનો સંગ્રહ છે, તે બધાં હસ્તલિખિત છે. કેટલાંક તાડપત્ર ઉપર પણ લખેલાં છે. આ ગ્રંથો સંસ્કૃત અને માગધી ભાષામાં લખેલા છે. પાટણ ઉપરાંત ખંભાત અમદાવાદ અને સુરતમાં પણ થોડાં થોડાં પુસ્તકોના ભંડારો છે એમ જણાય છે.

૧૨. (૧) કેપ્ટન જ્યૉર્જ રીટસો જર્વિસ–'ડા૦ હટન કૃત ઉપરથી ગણિત વ્યવહારની ચોપડી અને નાણાંઓની તપાસણીનું વર્તમાન ભાષાન્તર' (સને ૧૮૨૮ માં), અને ગણિત માર્ગ–ભાગ બીજો (સને ૧૮૨૬ માં). (૨) જેમ્સ ગ્રેહામ–અંકગણિત અને બીજગણિત. (૩) ખા. બા. જમશેદજી અરદેશર દલાલ–ભૂમિતિ તથા અક્ષર ગણિત.

# ૧૦૨

૧. (૧) ભગીરથ પ્રયત્ન–ભગીરથ રાજાએ પોતાના સો પુત્રો મરણ પામેલા તેમના ઉદ્ધાર માટે તપ કરીને સ્વર્ગમાંથી ગંગાજીને આણ્યાં હતાં. તે ઉપરથી એવા મહા પ્રયાસને 'ભગીરથ પ્રયત્ન'

કહે છે; અર્થાત્ ઘણોજ પ્રયત્ન અને મહેનત. (૨) મહાભારતને.

૨. જુઓ પ્રશ્નપત્ર ૯૨ ના પ્રશ્ન ૯ નો ખુલાસો.

૩. જૂદા જૂદા તુલોને માટે દર એકરે જે બી જોઇએ છે તથા પાક થાય છે, તે અટસટે નીચે પ્રમાણે છેઃ—

| તુલ | બી-દર એકરે રતલ. | દર એકરે સરાસરી પાક રતલ. |
| --- | --- | --- |
| બાજરી | ૬½ | ૯૦૦ |
| ઘઉં-બીન પાયલા | ૪૦-૫૦ | ૫૦૦-૬૦૦ |
| પાયલા | ૮૦ | ૧૫૦૦-૨૦૦૦ |
| કપાસ | ૧૦ | ૩૦૦-૪૫૦ |
| ડાંગેર | ૧૦૦ | ૨૦૦૦ |
| જુવાર | ૬ | ૭૦૦ થી ૯૦૦ |
| તંબાકુ | એક આઉન્સ (૨ાા તોલા) બીના રોપા. | ૩૦૦૦ |

૪. વરસાદ કેટલો પડ્યો તે સમજવાને ઇંચ અને સેન્ટ (ઇંચનો સોમો ભાગ)નું માપ રાખવામાં આવે છે. આવું માપ રાખવાના યંત્રને 'રેન ગેજ' કહે છે. એક મોટો શીસો હોય છે. તેના ગ્હોં ઉપર અંદર જાય તેવી નળી-વાળી શીસાના પરિઘ જેટલા પરિઘવાળી ફનલ (ગળણી) મૂકે છે. આ શીસો ઝાડ કે છાપરાથી અડચણ ન આવે એવી ખૂલ્લી જગ્યામાં મૂકે છે, અને તેમાં વરસાદનું પાણી પડે છે. દર ચોવીશ કલાકને અંતરે ઠરાવેલે વખતે, જેની ઉપર ઇંચ અને સેન્ટના માપના આંકડા પાડેલા હોય એવા ખાસ ગ્લાસથી, આ શીસામાંનું પાણી માપે છે, અને તે ઉપરથી અમુક ઇંચ વરસાદ પડ્યો તે નક્કી કરે છે.

એક ઇંચ વરસાદનું વજન દર ચોરસ એકર જેટલા ભાગમાં ૧૦૧ (એકસો એક) ટન જેટલું, અથવા ૨૨૬૨ ગેલન થાય છે. વરસાદના જેટલા ઇંચ થયા હોય તેને સાડાચૌદે ગુણવાથી જે આવે, તેટલા દશ લાખ ગેલન પાણી દર ચોરસ માઇલે પડ્યું એમ ગણાય છે.

૫. ખોરાક પચવા ઉપરથી; જે પાણીમાં સિલિકા–ચકમક, લોઢાનો કાટ, ચુનો, ધાપણ (જિપ્સમ) વગેરે અદ્રવ્ય પદાર્થો ઓછા ઓગળેલા હોય તે પાણી હલકું ગણાય છે; અને ઉપરના પદાર્થો વધારે ઓગળેલા હોય તે પાણી ભારે છે. જે પાણીમાં ચાક અને ધાપણ વધારે ઓગળેલા હોય છે, તેમાં સાબુના પાણીનું ફીણ વળતું નથી, તેથી એ પાણી કઠણ કહેવાય છે. જે પાણીમાં સાબુના પાણીનું પુષ્કળ ફીણ થાય છે તે નરમ પાણી કહેવાય છે. વરસાદનું પાણી નરમ છે. દરિયા અને ઘણાક કુવાનું પાણી કઠણ છે.

૬. જુઓ પરિશિષ્ટ અ–ચરિત્રાવલી.

૭. (૧) વાછરડાં–ગાયોનાં બચ્ચાં; (૨) પાડાં–ભેંસનાં બચ્ચાં; (૩) લવારાં–બકરાંનાં; (૪) ગાડરાં–ઘેટાંનાં; (૫) વછેરાં–ઘોડાનાં; (૬) ખોલકાં–ગધેડાંનાં; (૭) કુરકુરિયાં–કુતરાંનાં–આ બધાં નાનાં બચ્ચાં હોય ત્યારે આવાં નામો વપરાય છે.

૮. રૂટર (રોઇટર)ના તાર એટલે રોઇટરની સંદેશા પહોંચાડનારી કમ્પની તરફથી વર્તમાન પત્રવાળાને મળેલા તાર.

૯. (૧) સોનું, રૂપું, તાંબું, લોઢું, જસત, કલઈ એલ્યુમિનિયમ અને સીસું—એ શુદ્ધ ધાતુઓ છે.
(૨) જર્મન સિલ્વર અને કાંસું એ મિશ્ર ધાતુઓ છે.
(૩) જર્મન સિલ્વર—એ તાંબું, જસત અને નિકલની ધાતુઓ મિશ્ર કરવાથી બને છે; અને કાંસું એ તાંબું, જસત અને કલઈના મિશ્રણથી બને છે.

૧૦. ખોરાક મ્હોંમાં સારો ચાવવાથી તેનો રસ લાળ જોડે મળે છે. તે પછી જઠરમાં જાય છે. એમ થવાથી પાચન થવામાં જઠરને અનુકૂળ થાય છે. ચાવ્યા વગરનો અથવા થોડો ચાવી આખોપાખો ગળે ઉતારવાથી તેનો રસ કરવાનું કામ જઠરને કરવું પડે છે, એથી બરાબર પાચન થઈ શકતો નથી.

૧૧. પર્વતો અને સમુદ્રો તળેટીના અને કાંઠાના પ્રદેશપરની હવાનું ઉષ્ણતામાન ઓછું કરે છે.

૧૨. (क) સન ૧૯૦૧ માં જાનેવારીની ૨૨ મીએ સાઠ વર્ષની વયે ગાદીપર બેઠા હતા.
(ख) **'શાન્તિ સ્થાપક'**—સલાહ કરાવનાર—રાખનાર એડવર્ડ (એડવર્ડ ધ પીસ-મેકર).

## ૧૦૩

૧. (क—ख) નિઝામ સરકાર—હૈદ્રાબાદના; ઉપજ ૫૨૧ લાખ રૂપિયા. મહારાજા ગાયકવાડ—વડોદરાના; ઉપજ ૨૦૪ લાખ રૂપિયા. મહારાજા—મ્હૈસૂરના; ઉપજ ૩૨૧ લાખ રૂપિયા.

૨. (क-ख) **ગળી**–એ કેટલાક છોડમાંથી મળતો પદાર્થ છે. ગળીના છોડને પાંદડાં સાથે કહોવરાવી વલોવે છે. તેના ફીણમાંથી ગળી નિકળે છે. એનો રંગ ઘેરો આસમાની છે. એનો ઉપયોગ કપડાં વગેરે રંગવાના કામમાં થાય છે; એની મુખ્ય પેદાશ હિંદુસ્તાનમાં છે.

**વાદળી**–કાણાં કાણાંવાળો પોચો પીળાશ પડતો જીવડાંની પેદાશનો એ દરિયાઈ પદાર્થ છે. તે પાણી શોષી લે છે, તેથી પાણી વગેરે લુછવાના, અને જખમ, ઘા વગેરે ધોવાના ઉપયોગમાં આવે છે. એ વેસ્ટ ઇન્ડિસ તથા ગ્રિશિયન આર્કિપેલેગોમાંથી આવે છે.

૩. જુઓ પરિશિષ્ટ अ–ચરિત્રાવલી.

૪. ફટકડી એ એક જાતનો ક્ષાર છે; તે ધોળો ચળકતો પહેલદાર પદાર્થ છે. એ રજપુતાના, કચ્છ, પંજાબ, કટક વગેરે પ્રદેશોમાં ખાણમાંથી નિકળે છે. એનો સ્વાદ તુરો છે. દવા તરિકે (મ્હોડાની ગરમી તથા દાંતમાંથી લોહી નિકળતું હોય તે બંધ કરવા કોગળા કરવા વગેરે કામમાં) તથા લુગડાં પર રંગ ચઢાવવા એનો ઉપયોગ થાય છે. ફટકડીના પાસથી લુગડાંપર રંગ બરાબર ચઢે છે. ચામડાં પકવવામાં, છીંટો છાપવામાં અને ધુટેલા કાગળો બનાવવામાં પણ એનો ઉપયોગ કરવામાં આવે છે.

૫. (૧) લગભગ ૫૦ વર્ષનો. (૨) લોકોની કેળવણી લેવાની ખંત, યુરોપ અને અમેરિકા ખંડના જૂદી જૂદી જાતના ધંધા શિખવા અને ત્યાંનાં કારખાનાં, શિક્ષણપદ્ધતિ, રાજ્યવ્યવસ્થા, અર-

માર અને સૈન્ય જોઈ તે સંબંધી જરૂરનું જ્ઞાન મેળવવા હોશિયાર માણસોને જાપાનથી મોકલવામાં આવ્યા હતા. તે પ્રમાણે શીખી ત્યાંથી સઘળી બાબતો પોતાના દેશમાં તેમણે દાખલ કરી.

૬. "પૃથ્વીપરની વસ્તુઓમાંની વિદ્યુત્ વાદળાંમાંની વિજળીના સમાગમમાં આવે છે ત્યારે વિજળી પડે છે. મોટી ઇમારતો, ઝાડો વગેરે ઉંચી વસ્તુઓ વાદળાંની નજીક હોવાને લીધે તેનાપર તે પડે છે, અને તેમાં એ મુખ્યત્વે કરીને જે વસ્તુઓ વિદ્યુત્‌વાહક અને અણીદાર હોય છે, તેપર તેને પડવાનો વધારે સંભવ છે. વિજળી ઘરપર પડે છે ત્યારે ખીલા, લાફા, સળિયા વગેરે ધાતુનો સામાન તેને પોતાની તરફ ઝટ ખેંચી લે છે. એ કારણથી એવાજ કોઈ સાધનથી વિજળીને નીચે ઉતારી લેવાનું રાખ્યું ન હોય તો ઇમારતપર પડીને તેના કકડે કકડા કરી નાંખી તે જમીનમાં ઉતરી પડે છે. એવે પ્રસંગે ઉંચી ઇમારતોનું વિજળીથી રક્ષણ કરવું આવશ્યક છે. *તાંબાની પહોળી પટી લઈ તેનો એક છેડો જમીનમાં ઉંડો ઉતારવો, અને બીજે છેડે લોખંડનો અણીદાર સળિયો† સાંધી લઈ તે છેડો મકાનથી સુમારે છ થી દશ ફૂટ ઉંચો રાખવો, અને તાંબાની પટીને દિવાલની બહારની બાજુએ જડી લેવી

---

* બીજી કોઇપણ ધાતુ કરતાં તાંબાના પતરામાં વિજળી વગેરે જલદીથી પસાર થાય છે, અને તેથી તાંબું એ વિદ્યુત્‌વાહક છે.

† વિજળી આગળ પડતા પદાર્થોપર અને કોઈ ધાતુનો પદાર્થ હોય તો વિશેષ રીતે, ઘણીજ ઝડપથી પડે છે તેથી વિદ્યુત્‌વાહક પદાર્થ મકાનની ટોચથી ઉંચે રાખવામાં આવે છે.

આ પ્રમાણે કર્યાથી વિજળી ઘરપર ન પડતાં સળિયામાં થઈ પાધરી જમીનમાં *ઉતરી જશે."

૭. તારીખ ૧ લી ડિસેમ્બર, ૧૮૭૭ થી.

૮. (૧) ૨૯૦૦૨ ફૂટ, એટલે બધા પર્વતોમાં ઉંચામાં ઉંચું શિખર આ છે. (૨) કેટલાક ભાગમાં પાંચ માઇલ કરતાં વધારે છે, એટલે બધા મહાસાગરોમાં ઉંડામાં ઉંડો આ મહાસાગરનો ભાગ છે.

૯. (૧) મુંબઈ ઇલાકાના જૂદા જૂદા જીલ્લાઓનાં ગેઝિટીયર. (૨) કવિ નર્મદાશંકર લાલશંકરે 'ગુજરાત સર્વસંગ્રહ' તથા 'કાઠિયાવાડ સર્વસંગ્રહ' તૈયાર કર્યાં હતાં.

૧૦. (क) કાઠિયાવાડમાં આવેલા લાઠી સંસ્થાનના રાજકર્ત્તા ઠાકોર સાહેબ સુરસિંહજી (૧૮૭૪–૧૯૦૦). (ख) 'કલાપીનો કેકારવ' એ નામના પુસ્તકમાંની કવિતાના રચનાર હોવાથી અને એક રાજવંશી સાક્ષર હોવાથી.

૧૧. (૧) સુરતના કવિ નર્મદાશંકર લાલશંકર અને અમદાવાદના કવિ દલપતરામ ડાહ્યાભાઈ. (૨) ભુલાખીરામ ચકુભાઈ (અમદાવાદ), દલપતરામ દુર્લભરામ, વિજયાશંકર કેશવરામ, સવિતાનારાયણ ગણપતિનારાયણ–(આ ત્રણ સુરતના);

---

* કેમકે મંદવાહક પદાર્થોથી વચમાં અટકાવ થાય નહીં તો વિજળી વિધુત્‌વાહક પદાર્થોમાં થઇને ઘણાજ વેગથી પસાર થાય છે, અને તેથી તે બીજા કોઈ પદાર્થને નુકસાન પહોંચાડતી નથી.

નભુલાલ દોલતરાય (નડિયાદ), છોટાલાલ કાળી-દાસ (પેટલાદ–મલાતજ), હીરાચંદ કાનજી (મોરબી), મનમોહનદાસ રણછોડદાસ (ભરૂચ).

૧૨. (क) લાખ રૂપિયા ખર્ચે કરતાં પણ સાખ (આબરૂ–બજારમાં નાણાંના લેણદેણ સંબંધે પ્રતિષ્ઠા) મળતી નથી; અને જો આબરૂ ગઈ તો પછી બીજું બધું ખાખ રાખોડી થઈ જવા જેવું છે; અર્થાત્ આબરૂ ગઈ એટલે જીવતર નકામા જેવું છે.

(ख) હે ઠાકોર, જગતમાં નામ (શૂરવીરપણાનું કે તેવું બીજું લોકાર્થે કરેલાં કામથી) રહે છે, પણ નાણાં રહેતાં નથી; અર્થાત્ પૈસા તો આવે છે અને જતા રહે છે, પણ કીર્તિ રૂપી કોટડાં (નામ, આબરૂ–યશ) એ પાડ્યાં પણ પડતાં નથી; મતલબ કે સારાં કૃત્ય રૂપી કીર્તિજ ફક્ત મુવા પછી રહે છે.

(ग) પ્રાચીન કાવ્યમાળાના અંક ૩૦ માં–પ્રેમાનંદકૃત 'પાંચાલી પ્રસન્નાખ્યાન'માં આ છેલ્લો શ્લોક છે.–

આખા આર્યાવર્ત્ત (ભરતખંડ)માં ગુજરાતી ભાષા ફાલીને ઘણી ફેલાય; અને આ સોહામણી ગુજરાતી ભાષા સર્વ દેશ પરદેશમાં શોભે અર્થાત્ તેનું સાહિત્ય વખણાય; સંસ્કૃત ભાષા વ્યવહારમાં વપરાતી ન હોવાથી મૃત્યુપ્રાય–મરી ગયા જેવી–થઈ છે, તેથી આ ગુજરાતી ભાષા બીજી ભાષાઓ કરતાં શ્રેષ્ઠ થાઓ, આટલું, હે પ્રભુ, જો (તમારી કૃપા હોય અને) મને આપતા હો, તો આપો, એ જ મારી પ્રેમની–ગુજરાતી ભાષા ઉપર પ્રેમ રાખનારની આશા–ઇચ્છા છે. (પ્રેમી શબ્દવડે પ્રેમાનંદના નામનું સૂચન કર્યું છે).

# ૧૦૪

૧. ૮૧૮૨ ચોરસ માઇલ.

૨.

| પ્રાંત | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| વડોદરા શહેર | ૫૩૬૧૬ | ૪૫૭૨૯ | ૯૯૩૪૫ |
| વડોદરા પ્રાંત | ૩૧૩૮૭૦ | ૨૭૩૬૮૫ | ૫૮૭૫૫૫ |
| કડી ,, | ૪૨૭૩૨૪ | ૪૦૪૮૩૮ | ૮૩૨૧૬૨ |
| નવસારી ,, | ૧૬૯૨૨૫ | ૧૬૬૨૪૨ | ૩૩૫૪૬૭ |
| અમરેલી ,, | ૯૧૯૦૦ | ૮૬૩૬૯ | ૧૭૮૨૬૯ |
| કુલ—વડોદરા રાજ્ય. | ૧૦૫૫૯૩૫ | ૯૭૬૮૬૩ | ૨૦૩૨૭૯૮ |

૩.

| પ્રાંત | મહાલ | પેટા મહાલ | કસબા | ગામ |
|---|---|---|---|---|
| વડોદરા | ૯ | ૨ | ૧૬ | ૯૨૧ |
| કડી | ૧૦ | ૨ | ૧૪ | ૧૦૭૬ |
| નવસારી | ૮ | ૨ | ૬ | ૭૬૨ |
| અમરેલી | ૫ | ૪ | ૬ | ૨૯૫ |
| કુલ—વડોદરા રાજ્ય... | ૩૨ | ૧૦ | ૪૨ | ૩૦૫૪ |

૪.

| પ્રાંત | મોટું શહેર | પ્રાંતમાં રાજદરબારી કામ માટે મુખ્ય ગામ કે શહેર | વસ્તી |
|---|---|---|---|
| વડોદરા | વડોદરા | વડોદરા | ૯૯૩૪૫ |
| કડી | પાટણ | મહેસાણા—પાટણ— | ૨૮૩૩૯ |
| | | મહેસાણા— | ૧૦૧૪૧ |
| નવસારી | નવસારી | નવસારી | ૧૭૯૮૨ |
| અમરેલી | અમરેલી | અમરેલી | ૧૭૪૪૩ |

૫. સંવત ૧૯૧૯ ના ફાગણ વદ ૬; તા૦ ૧૭ મી માર્ચ સને ૧૮૬૩.

૬. (क) મરાઠા. (ख) શ્રીમંત જયસિંગરાવ, શ્રીમંત શિવાજીરાવ, શ્રીમંત ધૈર્યશિલરાવ, (પૌત્ર) શ્રીમંત પ્રતાપસિંગરાવ.

૭. સાધારણ રોગોનાં દવાખાનાં (પુરૂષ અને સ્ત્રીઓ માટે); વિશેષ–રકતપિત્તિયાનું; ગાંડાનું; પ્રસુતિ-ગૃહ; ઢોરોનું.

ટીપઃ–તળ વડોદરામાં સ્ત્રીઓને માટે સ્ત્રી ડાકટર છે, અને તેમને દવા આપવા દવાખાનાંમાં જૂદા ભાગ પાડેલા છે. સારવાર કરવા માટે સ્ત્રી નર્સો રાખવામાં આવી છે. વડોદરા બહાર કેટલાક કસબામાં પણ કેટલીક સવડ કરેલી છે.

૮. નર્મદા–રેવા–નદી ઉપરઃ–ચાણોદ, કરનાળી, શુક-દેવ, વ્યાસ, અનુસૂયા માતા.

કડી પ્રાંતમાંઃ–બહુચરાજી માતા, સિદ્ધપુર.

અમરેલી પ્રાંતમાંઃ–દ્વારકા, તુલશી શ્યામ.

૯. (૧) વડોદરેથી અમદાવાદ, વીરમગામ, વઢવાણ, રાજકોટ, પોરબંદર, ને ત્યાંથી દરિયામાર્ગે અથવા પગ રસ્તે.

(૨) વડોદરેથી વઢવાણ, ધોળા, પોરબંદર, પછી ઉપર પ્રમાણે.

(૩) વડોદરાથી વઢવાણ, રાજકોટ, જામનગર, ને ત્યાંથી પગ રસ્તે.

(૪) વડોદરેથી મુંબઈ, અને ત્યાંથી આગબોટ (સ્ટીમર)માં દ્વારકા.

આ ચાર માર્ગો પૈકી પહેલે માર્ગે ખરચ કમી થાય છે.

૧૦. રૂપા નાણામાં બાબાશાઈ, સીક્કાઈ તથા કલદાર રૂપિયાનું પહેલાં ચલણ હતું; હાલમાં બધે કલદાર નાણું તા૦ ૨૭-૨-૧૯૦૧ થી ચાલે છે. તાંબા નાણામાં પહેલા બાબાસાઈ પૈસા અને ઢબુ ચાલતા; પરંતુ હાલમાં માત્ર વડોદરામાં પૈસા બાબાશાઈ ચાલે છે.

૧૧. લગભગ ૪૦ લાખ રૂપિયા.

૧૨. કડીપ્રાંતમાં પાટણમાં ૧૧૨° થી ૧૧૮° સુધી પડે છે. એ પ્રાંતના હારીજ અને આંતરસુંબામાં મે ૧૯૧૪ માં ૧૧૬° તાપ હતો.

## ૧૦૫

૧. વડોદરા પ્રાંતનાં:—વડોદરા શહેર ૯૯૩૪૫; પેટલાદ ૧૪૮૬૩, સોજીત્રા ૯૩૧૫, વસો ૪૮૪૪, નાર ૫૭૨૨, પીજ ૪૫૭૫, ધર્મજ ૪૭૯૪, મહેલાવ ૪૫૧૧, ચાંગા ૩૨૭૩, આકરોલ ૩૩૮૦, કાસર ૩૬૬૯; બાંધણી ૩૦૨૫; ભાદરણ ૪૮૨૩; ભાયલી ૩૩૮૭, છાણી ૩૨૬૯; પાદરા ૭૮૫૩; ડભોઈ ૯૧૧૭, કારવાણ ૩૭૪૬; શિનોર ૫૬૩૬; સાવલી ૩૬૨૦; સંખેડા ૪૯૪૬, બહાદરપુર ૩૪૯૪.

કડી પ્રાંતનાં:—પાટણ ૨૮૩૩૯, બાલીસણા ૩૭૩૯; ચાણસમા ૭૦૦૩, ધીણોજ ૩૭૭૪; સિદ્ધપુર ૧૫૪૪૭, ઊંઝા

૯૨૫૮; ઉનાવા ૪૨૭૪; વડનગર ૧૧૨૨૮, ખેરાલુ ૬૫૭૪, ઉમતા ૪૨૯૪, સુંઢિયા ૩૦૫૦; વિશનગર ૧૪૧૩૦, વાલમ ૪૪૮૯; મહેસાણા ૧૦૧૪૧, લાંઘણુજ ૩૨૯૯; વિજાપુર ૬૪૦૮, લાડોલ ૫૪૨૯, ગોઝારિયા ૪૧૪૬, વસઈ ૩૫૭૫, ચરાડા ૩૪૬૨, લોદ્રા ૩૦૧૪; કડી ૧૧૫૫૬; કલોલ ૬૩૭૬, રૂપાલ ૩૨૪૨, કોલવડા ૩૧૯૬, રાંધેજા ૩૨૩૬; દહેગામ ૪૬૩૬.

નવસારી પ્રાંતનાં:–નવસારી ૧૭૯૮૨; ગણદેવી ૬૪૮૨, બીલીમોરા ૬૪૬૨; કઠોર ૪૩૭૦; મહુવા ૪૬૪૮; વ્યારા ૪૬૦૪.

અમરેલી પ્રાંતનાં:–અમરેલી ૧૭૪૪૩; દામનગર ૩૩૦૩; ધારી ૪૩૯૭; કોડીનાર ૬૦૭૫; દ્વારકા ૬૫૪૮, બેટ-સંખોદ્ધાર ૩૬૫૮.

૨. (क) ૨,૦૪,૭૦,૬૨૬ રૂપિયા.

(ख) મેહેસુલી, આબકારી, સ્ટામ્પ, અફીણ, રેલ્વે ખાતાં.

૩. (क) ૧,૪૨,૧૨,૧૯૫ રૂપિયા.

(ख) મેહેસુલી ખાતું, ખાનગી ખાતું, પોલીસ ખાતું, કેળવણી ખાતું, બાંધકામ ખાતું (પબ્લિકવર્કસ), ફોજ ખાતું.

૪. ચીમનાબાઇ ક્લોક ટાવર–વડોદરા શહેરમાં મોટા ઘડિયાળવાળો ટાવર; કડી પ્રાંતમાં ખેરાળુ તાલુકામાં કાદરપુરનું મોટું તળાવ લગભગ દશ લાખ રૂપિયા ખરચી લોકોને ખેતીના કામ માટે પાણી પૂરૂં પાડવા સારૂ બાંધેલું છે, તેનું નામ ચીમનાબાઈ સરોવર પાડવામાં આવ્યું છે.

૫. એફ. એ. એચ. એલિયટ સાહેબ.

૬. સરસ્વતી (સિદ્ધપુર, પાટણ); રૂપેણ; સાબરમતિ; ખારી; મેશ્વો; વાત્રક (આતરસુંબા); મહી; ઢાઢર; વિશ્વામિત્રી (વડોદરા); નર્મદા (શિનોર, ચાણોદ, કરનાળી, તીલકવાડા); ઓર (સંખેડા, બહાદરપુર); કીમ; તાપી (કામરેજ, કઠોર, વરિયાવ); મીંઢોળા; પૂર્ણા (નવસારી); અંબીકા (બીલીમોરા, ગણદેવી); સેત્રુંજી; સીંગોરા.

૭. (૧) નવસારી—પારસીઓ માટે કસ્તી. (૨) સંખેડા ખરાદી કામ, સોનેરી ચિત્રના પાયાવાળા પલંગ, ઘોડિયા, પારણાં વગેરે (૩) પાટણ—રેશમી પટોળાં, કંકુ, સુડી, મશરૂ, માટીનાં વાસણ. (૪) આતરસુંબા લોઢાનો સામાન—પેણી, લોઢી, વગેરે. (૫) વડોદરા કળાભવન—લાકડી સામાન (ફર્નીચર), લોખંડી ભરતનો સામાન. (૬) વડોદરા સેન્ટ્રલ જેઇલ—શેતરંજી, નેતર કામ, ચારસા, વગેરે.

૮. બીલીમોરા, કોડીનાર—વેલણ, દ્વારકા—રૂપેણ.

૯. (૧) સયાજી વિજય (વર્ષ ૨૪), હિન્દ વિજય (વર્ષ ૧૩), નવસારી પત્રિકા (વર્ષ ૧૨), વડોદરા વર્તમાન (વર્ષ ૭), વગેરે.

(૨) કેળવણી (વર્ષ ૨૮), પ્રાતઃકાળ (વ. ૧૪), ભાઇબંધ નવરંગ (વ. ૯), મોઢ શુભેચ્છક (વ. ૫), ગુલઝાર (વ. ૫), લાઇબ્રેરી મીસેલેની (વ. ૪),

સાહિત્ય (વ. ૪), બાળશિક્ષક (વ. ૪), વનિતા વિનોદ (વ. ૨), વગેરે.

૧૦. વડોદરા પ્રાંતમાં ૩૩ ઇંચ, નવસારી પ્રાંતમાં ૬૦ ઇંચ, કડી પ્રાંતમાં ૨૫ ઇંચ, અમરેલી પ્રાંતમાં ૧૫ ઇંચિ સરાસરી પડે છે.

૧૧. (क) પાટણ શહેર પ્રથમ ચાવડા સોલંકી અને વાઘેલા વંશના રાજ્યમાં ગુજરાતની રાજધાનીનું નગર હતું. એ શહેર વનરાજ ચાવડાએ સંવત ૮૦૨, ઇ. સ. ૭૪૫-૪૬ માં વસાવ્યું હતું. સિદ્ધરાજ જયસિંહના વખતમાં પાટણનો ઘેરાવો ૧૨ કોસનો હતો અને તેમાં ૮૪ ચૌટાં હતાં. ૧૨૯૭-૯૮ માં દિલ્હીના પાદશાહ અલાઉદ્દીને પાટણ સર કરી ઘણાં દેવળો અને સુંદર મકાનો પાડી નાખ્યાં. સને ૧૭૬૮ માં દામાજીરાવ ગાયકવાડે મુસલમાનો પાસેથી જીતી લીધું ત્યારથી પાટણ વડોદરા રાજ્યના તાબામાં છે. એમાં સિદ્ધરાજનું બંધાવેલું સહસ્રલિંગ તળાવ જોવા લાયક હતું. હાલમાં તે ભાગ ખંડિયર જેવો થઈ ગયો છે. જ્ઞાન સરોવરની બાંધણી પણ ઘણી સારી હતી. હાલમાં પાટણની વસ્તી ૨૮૩૩૯ છે.

(ख) માતૃ શ્રાદ્ધ કરવા સારૂ; સરસ્વતી નદીમાં ન્હાવાનું માહાત્મ્ય ગણેલું છે.

(ग) રૂદ્રમાળો.

૧૨. (क) આષાઢ સુદ ૧૧—એકાદશીની; ભાદરવા સુદ ૧૪—ગણપતિની; આશો સુદ ૧૦—દશેરાની. આ શિવાય નાગ પાંચેમની (શ્રાવણ સુદ ૫ ને દિવસે શ્રીમંત મહારાણી સાહેબની), અને તાબુતની સ્વારી નિકળે છે.

(ख) કાર્તિક સુદ ૧ (નજરાણાનો); ચંપાષષ્ઠિ; મકર-

સંક્રાન્તિ (તિલગુલનો); વસંતપંચમી; રંગપંચમી (ફાગણ વદ પાંચેમ); ફાગણ વદ ૬ (શ્રીમંત મહારાજા સાહેબનો જન્મ દિવસ); ગુડીપડવો—ચૈત્ર સુદ ૧ (નજરાણાનો); તા૦ ૨૭ મી મે ગાદીપર બેઠા તેનો દિવસ; આશો સુદ ૧૦—દશેરાનો—સોનું આપવાનો (નજરાણાનો).

## ૧૦૯

૧. વડોદરેથી ૧૪ માઇલ દૂર આજવા ગામ આગળ મોટું સરોવર સને ૧૮૯૧ માં બાંધવામાં આવ્યું છે, તેમાંથી નળવાટે પાણી વડોદરા શહેરમાં લાવવામાં આવ્યું છે. એ સરોવર બંધાવતાં લગભગ ૩૦ લાખ રૂપિયા ખરચ થયો છે.

૨. ઈંગ્લાન્ડ તથા સ્કોટલાન્ડ, સ્વિતઝર્લૅન્ડ, ફ્રાન્સ, હિંદુસ્તાન, જાપાન, ઉત્તર અમેરિકાના યુનાઇટિડ સ્ટેટ્સ એ દેશોમાં.

૩. અમરેલી મહાલમાં, સને ૧૮૯૩ માં.

૪. (૧) **નરવા**—આ પદ્ધત પ્રમાણે ખેતરવાર આકાર થતો નથી, પણ ગામનો એક અમુક આંકડો ઠરાવેલો હોય છે તે આંકડો (રકમ) સરકારને નરવાદારોએ ભાગ પ્રમાણે આપવાનો હોય છે. નરવા ગામની જમીનના કેટલાક મુખ્ય ભાગદારો અને કેટલાક પેટા ભાગદારો હોય છે. તેઓ મહેસુલ ભરવાને એકત્ર રીતે જવાબદાર ગણાય છે. હાલમાં એવાં ગામોમાં સરકારનો તલાટી રહે છે; તે નરવાદારોના ખેડુતો પાસેથી પૈસા વસુલ કરે છે,

પણ ખોટવધના તથા પરચુરણ ઉપજના ધણી નરવા-દાર ગણાય છે. નરવાદારી ખેડા જીલ્લા અને પેટલાદ તાલુ-કામાં તથા અમદાવાદ સુરતનાં થોડાંક ગામોમાં ચાલે છે. (૨) **ભાગદાર**–કેટલાંક ગામો ભાગ વહિવટનાં હોય છે. એવાં ગામોમાં દરેક ખેતર ઉપર કાયમની વિઘોટી ઠરાવેલી હોય છે. આખા ગામની ઉપજમાંથી અમુક ભાગ (આની) સરકારની ઠરેલી હોય છે. સરકાર ગામનો બધો આંકડો વસુલ લઈ પોતાના ભાગ પૂરતી રકમ રાખી બાકીની ભાગદારોના ભાગની રકમ તેમને ભાગ પ્રમાણે વહેંચી આપે છે. ભાગદારીની પદ્ધત ભરૂચ જીલ્લામાં તથા ખેડા જીલ્લામાં કેટલાંક ગામોમાં ચાલે છે. પંચ-મહાલમાં એક ખાલસા અથવા સરકારી ગામ છે, જે ભાગદારીથી ચાલે છે. ભાગદારી જમીન ખેડવા લીધેલી હોય તે ખેડુતો ભાગદારના ગણાય છે, કારણ ભાગદાર જ મહેસુલ ભરવાને જવાબદાર છે.

(૩) **બારખલી**–બારખલી જમીન ગુજરાતમાં ઘણી માલમ પડે છે. તેના મુખ્ય પ્રકાર નીચે પ્રમાણે છેઃ–

(क) ચાકરિયાત- દરેક પ્રકારની–કાંઈ પણ નોકરી બજા-વેલી હોય તેના બદલામાં મળેલી.

(ख) પસાયતા–ધર્માદા ખાતે અથવા કારિગર, ભાટ, ચારણ કે એવા બીજાને અપાયલી જમીન.

(ग) હારિયા–કોઇનો જાન બચાવવાને માટે મરી ગયા હોય તેના બદલામાં અગર ઇનામ તરિકે.

(घ) વજીફા–ઇસ્લામી ધર્મના ધર્મગુરૂ, સૈયદ વગેરેને આપેલી.

આવી જમીન નકરી કે સલામીઆ હોય છે, તેમ તે વેચાણિયા કે ઘરાણિયા હોય છે, અને તેનો આખો દર

સરકારમાં ભરવો પડતો નથી, પણ આકાર ઉપર અમુક આની ઠરાવી હોય, તે પ્રમાણે ભરવાનું હોય છે.

૫. મહેસુલી, ન્યાય, કેળવણી, જંગલ, પોલીસ, વૈદ્યક (મેડિકલ), સર્વે અને સેટલમેન્ટ, રેલવે, બાંધકામ (પબ્લિક વર્કસ), લશ્કરી, એકાઉન્ટ, વેપાર ઉત્તેજન, ખેતીવાડી, આરોગ્ય સંરક્ષક (સેનિટરી) એ ખાતાઓની શ્રેષ્ઠ તથા કેટલીક તાબાની કચેરીઓ, દિવાન કચેરી, હજુર કામદારની કચેરી.

૬. આર્ટસ કોલેજની, અંગ્રેજી (હાઇ સ્કૂલ), ગુજરાતી, મરાઠી, ઉર્દુ, સંસ્કૃત, ખેતીવાડીની, ઉદ્યોગની (વણાટ કામ, ચિત્ર કામ, યાંત્રિક કામ શિલ્પ, રંગકામ, વેપારી), સંગીત શાસ્ત્રની (ગાયનશાળાઓ), બહેરાં મુંગાંની.

૭. શાળાઓ, પાઠશાળાઓ, કોલેજ, કલાભવન, સંગ્રહસ્થાન (મ્યુઝયમ), લાઇબ્રેરીઓ, ખેતીવાડી સંબંધી જ્ઞાન માટે પ્રયોગનાં ખેતરો (ફાર્મો), વગેરે.

૮. (क) ૧. રાજા સર ટી. માધવરાવ–તૈલંગી બ્રાહ્મણ–(સને ૧૮૭૫–૮૩).

૨. ખા. બા. કાજી શાહબુદ્દિન–મુસલમાન–(૧૮૮૩–૮૬).

૩. દિ. બા. લક્ષ્મણ જગન્નાથ વૈદ્ય–કાયસ્થ પ્રભુ–(૧૮૮૬–૯૦).

૪. દિ. બા. મણીભાઈ જશભાઇ–નાગર ગૃહસ્થ–(૧૮૯૦–૯૫).

૫. દિ. બા. શ્રી નિવાસ રાઘવ આયંગર–મદ્રાસી બ્રાહ્મણ–(૧૮૯૬–૧૯૦૧).

૬. રા. બા. રામચંદ્ર વિઠોબા ધામણસ્કર-મરાઠા-(૧૯૦૧-૦૪).

૭. મે. કેરસાસ્પજી રૂસ્તમજી દાદાચાનજી-પારસી-(૧૯૦૫-૧૯૦૯).

૮. મે. રોમેશ ચંદ્ર દત્ત-બંગાળી હિંદુ ગૃહસ્થ-(૧૯૦૯ ના મે થી નવેમ્બર).

૯. મે. સી. એન. સેડન-અંગ્રેજ-(૧૯૦૯-૧૨).

૧૦. મે. બી. એલ. ગુપ્તા-બંગાળી હિંદુ ગૃહસ્થ-(૧૯૧૨-૧૪).

૧૧. મે. વિશ્વનાથ પાટણકર માધવરાવ-દક્ષણી બ્રાહ્મણ-(૧૯૧૪ થી ચાલુ).

(ख) વે. શા. સં. આબા શાસ્ત્રી ઓતીવ, ત્ર્યંબકનાથ શાસ્ત્રી, યજ્ઞેશ્વર શાસ્ત્રી સુરતકર, બાલાચાર્ય શાસ્ત્રી, સદાશિવ શાસ્ત્રી, કૃષ્ણશાસ્ત્રી સુરતકર, રાજારામ શાસ્ત્રી ટાપલે, હરનાથ શાસ્ત્રી, ઉદેરામ શાસ્ત્રી, નર્મદાશંકર શાસ્ત્રી, શાસ્ત્રી મહાશંકર ભુલાભટ્ટ, શાસ્ત્રી વિશ્વનાથ ભુલાભટ્ટ, રામશાસ્ત્રી પ્રકાશકર, સાકરલાલ યજ્ઞેશ્વર, આદિતરામ શાસ્ત્રી (છાણીના), ધનેશ્વર શાસ્ત્રી, શાસ્ત્રી શિવશંકર પ્રભુરામ, વાસુદેવ શાસ્ત્રી ઉપાધ્યા, શાસ્ત્રી ભીખાચાર્ય બાળાચાર્ય એનાપુરકરે, તર્કવાચસ્પતિ શાસ્ત્રી બદ્રીનાથ ત્ર્યંબકનાથ, શાસ્ત્રી રામકૃષ્ણ હર્ષજી વ્યાકરણવારિધિ વિદ્યાવાચસ્પતિ, શાસ્ત્રી અમૃતરામ નારાયણ જ્યોતિષશાસ્ત્રમાર્તંડ, શાસ્ત્રી છોટુ મહારાજ, શાસ્ત્રી ચુનીલાલ કાશીનાથ, શાસ્ત્રી રમણનાથ ભોળાનાથ, શાસ્ત્રી વ્યંકટાચાર્ય નરહરાચાર્ય ગજેન્દ્રગરકર, શાસ્ત્રી ભોળાનાથ ધનેશ્વર, વગેરે.

૯. આષાઢ વદ પાંચેમથી શ્રાવણ સુદ ૧૧ સુધીમાં; ઉત્તીર્ણ થનારને તેમની પરીક્ષાના વિષય અને

યત્તા પ્રમાણે પદવીદાન તથા દક્ષણાની ઠરાવેલી રોકડ રકમ આપવામાં આવે છે.

૧૦. વડોદરા શહેરનાં કામાટી ( જાહેર ) બાગમાં, સ્ટેશનથી શહેરમાં જતાં રસ્તાપર.

૧૧. (૧) **રેવિન્યુ ખાતાના**:–પટેલ, તળાટી, અવલકારકુન, વહિવટદાર, નાયબ સુબા, સુબા, સર સુબા.

(૨) **ન્યાય ખાતાના**:–પહેલા, બીજા તથા ત્રીજા વર્ગના ફોજદારી ન્યાયાધીશ ( મેજીસ્ટ્રેટ ), મહાલ ન્યાયાધીશ (મુનસફ), નાયબ પ્રાંત ન્યાયાધીશ, પ્રાંત ન્યાયાધીશ, વરિષ્ઠ કોર્ટ ન્યાયાધીશ તથા સર ન્યાયાધીશ ( હાઇ કોર્ટના જડજો તથા ચીફ જસ્ટીસ).

(૩) **કેળવણી ખાતાના**:–સુપર્વાઇઝર, સબ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર, ડેપ્યુટી એજ્યુ. ઇન્સ્પેકટર, એજ્યુકેશનલ ઇન્સ્પેકસ્ટર, વિદ્યાધિકારી અને મિનિસ્ટર ઓફ એજ્યુકેશન.

૧૨. (क) પ્રાચીન કાવ્યના ગ્રન્થ, પશ્ચિમ દેશના ઐતિહાસિક ગ્રન્થો, હિંદુ ધર્મશાસ્ત્રો, પાકશાસ્ત્ર, રમતગમતનાં પુસ્તકો, જ્ઞાન મંજુષા નામની માલા ખાતે શાસ્ત્રીય વિષયનાં પુસ્તકો,–ગુજરાતી મરાઠી તથા ઉર્દુ ભાષામાં.

(ख) (૧) પ્રાચીન કવિઓના ગ્રંથો કોઈ ગૃહસ્થ શોધી ખોળી છપાવે, તેને પારિતોષિક આપવા તથા ગ્રંથો ખરીદી ઉત્તેજન આપવાની.

(૨) કોઈ પણ ગુજરાતી, મરાઠી, કે ઉર્દુ ભાષાનું પુસ્તક છપાવી ઉત્તેજન માટે શાળાખાતાના વરિષ્ઠ અધિકારી તરફ મોકલે તો તે કમિટી પાસે તપાસરાવી તેમના અભિપ્રાય ઉપરથી ઉત્તેજન ખાતર પુસ્તક ઇનામ અને લાઇબ્રેરી

ખાતે મંજુર કરે છે, અને તેની અમુક નકલો લઈ ઉત્તેજન આપવાની ગોઠવણ છે.

(૩) કેટલાંક પુસ્તકો પસંદ કરી તેનાં પારિતોષિક આપી દેશી ભાષામાં ભાષાન્તર કરાવવામાં આવે છે.

(ટીપ–વિશેષ હકીકત અને વિગત માટે જુઓ 'વડોદરા રાજ્યની સાહિત્ય સેવા'–સંયોજક–છગનલાલ ઠાકોરદાસ મોદી).

## ૧૦૭

૧. (૧) હીરાનો કંઠો જેની કિમ્મત ૪૦ લાખ રૂપિયાની હાલમાં અંકાય છે, અને તેમાં (૨) 'સ્ટાર ઑફ ધ સાઉથ નામનો હીરો, જેની કિમ્મત નવ લાખ રૂપિયાની થાય છે. એ 'નેપોલિયનનો હીરો' એવા નામથી ઓળખાય છે, કેમકે આ હીરો, મૂળ નેપોલિયનને મળેલો હતો. (૩) નાના ફડણવીસનો હીરો–ત્રણ લાખનો. (૪) મોતીની ચાદર–અરબસ્તાનમાં મદિના શહેર છે, ત્યાંની મહમદ પેગમ્બરની નામિચી કબર ઉપર ઢાંકવા કૈ૦ મહારાજા ખંડેરાવ ગાયકવાડે આ ચાદર તથા તેના ચાર ખુણાના હીરાજડિત કળસો અને ઉપર બાંધવાનો ચંદરવો એ બધું તૈયાર કરાવ્યું હતું. એને માટે મોટો ખર્ચ કર્યો હતો, પણ કેટલાંક કારણથી તે મોકલવાનું બન્યું નહોતું, તેથી વડોદરામાંજ તે ઝવેરખાનામાં રહી હતી. (૫) હીરાનો સિરપેચ તથા તોરો. (૬) મોતીની ભીખવાળી–તેમાંનું એક મોતી એક લાખ રૂપિયાની ઉપર કિમ્મતનું છે. (૭) મોતીનો સાત સેરનો કંઠો–આ કંઠામાં મોટાં બોર જેવડાં

મોતીની સાત સેર છે, અને તેની કિમ્મત રૂપિયા પોણો કરોડની છે. (૮) હીરાની વાળી. (૯) પાનાનો કંઠો. (૧૦) કલગી–લગભગ બે લાખ રૂપિયાનાં ત્રણ પાનાવાળી આ કલગી નેપોલિયનની હતી અને તેમાં 'સ્ટાર ઓફ ધ સાઉથ' નામનો હીરો પ્રથમ જડેલો હતો. આ શિવાય ગુલાબી રંગના, ભૂરા રંગના હીરાઓના તથા વનસ્પતિ અને પાનાંઓના નાના મોટા દાગીના છે.

૨. (૧) વડોદરામાં–જુની સરકારી હાલ શેઠ ઝવેરચંદ લક્ષ્મીચંદની મીલ કહેવાય છે તે. (૨) મહારાજા સયાજીરાવ મીલ–શેઠ ચીમનલાલ–સામળ બેચરવાળા એજન્ટ છે તે. (૩) મહારાજા મીલ–રા. બા. હરગોવિન્દદાસ દ્વારકાદાસની કમ્પની એજન્ટ છે તે. (૪) સિદ્ધપુરમાં–સયાજી કૉટન અને જ્યુટ મીલ–રા. રા. પ્રહ્લાદજી સેવકરામ વગેરે એજન્ટ છે તે.

૩. શ્રીમંત મહારાજા સાહેબ ગાયકવાડ એમના પોતાના ઉપયોગ માટે રાજમહેલમાં એમણે એક લાઇબ્રેરી રાખી હતી. તે આખી જૂદી પાડી શહેરના ભાગમાં જુના સરકાર વાડામાં લોકોના ઉપયોગ માટે રાખી છે. આમાં પુસ્તકો વગેરેનો મોટો વધારો કરી મુખ્ય લાઇબ્રેરિયન, અનુભવી અને સારા પગારના આસિસ્ટન્ટો તથા કારકુનો વગેરે રાખવામાં આવ્યા છે; તેમાં મફત વાંચવાને માટે તથા પુસ્તકો ઘેર વાંચવા લઈ જઈ શકાય એવી ગોઠવણ કરી છે. લાઇબ્રેરીને અંગે વર્તમાનપત્ર તથા ચોપાનિયાં વાંચવા રીડિંગ રૂમ પણ રાખવામાં આવ્યો છે; તેમજ બાળવાંચનની તથા બાળકોને ગમ્મત અને

જ્ઞાન મળે તેવી ગોઠવણ પણ કરેલી છે. આ લાઇબ્રેરીની શાખાઓ તરિકે, પ્રાંતોના જૂદા જૂદા ભાગોમાં આવેલી લાઇબ્રેરીઓને ગણવામાં આવી છે; આ રીતે પ્રાંતોના જૂદા જૂદા ભાગોમાં આવેલી લાઈબ્રેરીઓને મદદ આપવા તજવીજ કરી છે અને હવે પછી લોકો લાઇબ્રેરી નવી ઉઘાડવા સારૂ ભંડોળ એકઠું કરી સરકાર મદદ માગે તો આપવામાં આવે છે. આથી આખા રાજ્યમાં અનેક લાઇબ્રેરીઓ સ્થપાયલી છે. હાલ વડોદરા રાજ્યમાં નાની મોટી મળીને લગભગ ૩૫૦ લાઇબ્રેરીઓ ચાલુ છે. વડોદરાની સેન્ટ્રલ લાઇબ્રેરીમાં અંગ્રેજી, ગુજરાતી, મરાઠી, સંસ્કૃત અને પરચુરણ પુસ્તકો એકંદરે લગભગ ૫૪ હજાર છે. રાજ્યમાં આવી લાઇબ્રેરીઓ સંબંધે વાર્ષિક ખરચ લગભગ ૮૪ હજાર રૂપિયા થાય છે.

૪. હિંદના દાદા—દાદાભાઈ નવરોજજી; લીંબાજી દાદા ધવલે; વેણીરામભાઈ; ભાઉ સિંધે; કાઠિયાવાડ દિવાનજી; કૃષ્ણરાવ વિઠ્ઠલ; ગોપાળરાવ મૈરાલ; ભાસ્કરરાવ વિઠ્ઠલ દિવાનજી; ગંગાધર શાસ્ત્રી; ગોવિંદરાવ રોડે; ગણેશપંત ભાઉ; ખાનવેલકર; લલ્લુ બહાદર; પાંધરા (સાત કુટુંબ); ઘોરપડે; આનંદરાવ ધાયબર; ફીલેદારવાળા; બાપુ છત્રસિંગ; આંબુમીયાં જાંબુમીયા; નવાબ સાહેબ; ડોસુમીયાં; કદમ; ત્ર્યંબકલાલ શાસ્ત્રી; શોભારામ શાસ્ત્રી; આબા શાસ્ત્રી ઓતીવ; યજ્ઞેશ્વર શાસ્ત્રી સુરતકર; રાજારામ શાસ્ત્રી ટોપલે; કૃષ્ણશાસ્ત્રી; હરિ ભક્તી; ખુશાલચંદવાળા; સામળ બેચર; રતનજી કહાનદાસ; રામચંદ્ર વૈદ્ય; હકીમ સાહેબ; નાથુરામ કાશીકર વૈદ્ય; રામેશ્વરભાઈ; બાપુભાઈ વૈદ્ય; હરિશ્ચંદ્રભાઈ; દલપતરામ વૈદ્ય; રંગીલદાસજી મહારાજ; ઉત્તમચંદ ઝવેરી; અમીચંદ ઝવેરી દાજી જોશી; મારવાડી જોશી;

સર ટી. માધવરાવ; ખા. બા. કાજી શાહબુદ્દિન; રા. બા. જગજીવનદાસ ખુશાલદાસ; રા. બા. મુકુન્દરાય મણિરાય; બાલા મંગેશ વાગલે; પેસ્તનજી જહાંગીર; ખરશેદજી રૂસ્તમજી થાણાવાળા; વિનાયક જનાર્દન કીર્તને; ડા. સર ભાલચંદ્ર કૃષ્ણ ભાટવડેકર; જનાર્દન સખારામ ગાડગીલ; ગજાનન કૃષ્ણ ભાટવડેકર; માધવરાવ રામચંદ્ર ફડનીસ; ભોગીલાલ પ્રાણવલ્લભદાસ, વગેરે.

૫. વડોદરા રાજ્યમાં શ્રીમંત મલ્હારરાવ મહારાજના વખતમાં કેળવણીનો પાયો નાંખનાર રા. સા. ભોગીલાલભાઈ હતા, તેથી તેઓ એ રાજ્યમાં ‘કેળવણીના પિતા’ ગણાતા હતા. રાજા સર ટી. માધવરાવની કારકીર્દીમાં રા. સા. ભોગીલાલ ભાઇએ ધીમે ધીમે અને યુકિતસર એ ખાતામાં વધારો કરીને તથા કન્યાશાળાઓ ઉઘાડી કેળવણીનો સારો અને મજબુત પાયો નાખ્યો હતો.

૬. (૧) લગભગ ૪૨૫ માઇલ છે.

(૨) બિલીમોરાથી કાલા આંબા; કોસંબાથી ઝંખવાવ; મીયાગામ કરજણથી શિનોર; મીયાગામ કરજણથી બોડેલી (ડભોઇ થઇને); માસર રોડથી ચાણોદ (ડભોઇ થઇને); ડભોઇથી જરોદ; આનંદથી પેટલાદ (ખંભાત સુધીની); પેટલાદથી વસો (સોજીત્રે થઇ); વિજાપુરથી (કલોલ થઇને) કડી (ભોયણી સુધીની); મહેસાણાથી તારંગા-હીલ; મહેસાણાથી પાટણ; મણુંદ રોડથી ચાણસમા થઇને હારીજ; ચાણસમાથી બહુચરાજી; મેહેસાણાથી લીંચ (વિરમગામ સુધીની); ખીજડિયાથી ચલાલા–ધારી.

૭. ડભોઈ, સિદ્ધપુર, વડનગર, પાટણ, દેલમાર (કડી પ્રાંતમાં).

૮. રૂપાની બે તોપ મહારાજા ખંડેરાવે કરાવેલી, દરેકની કિમ્મત આસરે દશ હજાર રૂપિયાની ગણાય છે; ત્યાર પછી સોનાની તોપ બે મહારાજા મલ્હારરાવે કરાવેલી, તે દરેકનો ખરચ રૂપિયા બે લાખ ચાલીસ હજાર થયેલો કહેવાય છે.

૯. પ્રેમાનંદ (વડોદરા); દીવાળી બાઈ (ડભોઈ); દયારામ (ડભોઈ); ગિરધર (માસર–તાલુકે પાદરા); રત્નેશ્વર (ડભોઇ); બાપુ સાહેબ (વડોદરા); ધીરો ભગત (સાવલી–ગોઠડા); ભાલણ (પાટણ); નાકર (વડોદરા); નિરાંત (વડોદરા પાસે દેથાણ); ભીમ (સિદ્ધપુર); હરિભટ (વડોદરા); કૃષ્ણાબાઈ (વડનગર); વીરજી (પાટણ); રાધાબાઈ (વડોદરા), વગેરે.

૧૦. (૧) વેપાર ઉદ્યોગની વૃદ્ધિને માટે ખાસ ખાતું ઉઘાડેલું છે, અને તે ડિરેકટર ઓફ કૉમર્સના તાબામાં મૂકેલું છે. લોકોને તેમના તરફથી સલાહ અને રાજ્યમદદ અપાય છે. વળી ઠેકઠેકાણે સહકારી મંડળીઓ સ્થાપવાના પ્રયત્નો થાય છે.

(૨) ખેતી કામને માટે ખેતીવાડી ખાતું ડિરેકટર ઓફ એગ્રિકલ્ચરના તાબા નીચે કાઢેલું છે; લોકોને કૃષિકામના સંબંધમાં વિશેષ માહિતી મળે તે માટે પ્રયોગનાં ફાર્મો રાખવાં, ખેતીવાડીની પેદાશ, ઓજાર વગેરેનાં પ્રદર્શનો ભરવાં, બીની વખારો રાખવી, કુવામાં પાણી લાવવાને માટે સરડા નાંખવા (બોરિંગ કરવા)ના કામમાં મદદ વગેરે કામો થાય છે.

(૩) પ્રજા વર્ગનું આરોગ્ય સારૂં રહે અને સુધરે તે માટે ખાસ સેનિટરી (આરોગ્ય) ખાતું સ્થાપેલું છે, સીટી ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટ ઉઘાડ્યું છે, ઇસ્પીટાલો કાઢી છે, સ્ત્રીડાકટરો તથા નર્સો રાખવામાં આવી છે, અકસ્માત્ વખતે તાત્કાલિક ઇલાજ લેવા વગેરેનું શિક્ષણ આપવા વર્ગો કાઢી ભાષણો અપાય છે, પાણીનાં બાંધકામ કરવા કરાવવાની તજવીજો ચાલે છે, વગેરે.

૧૧. કાળી પરજનાં છોકરાંઓને કેળવણી આપવા બીજી શાળાઓનાં સાધનો હોવા છતાં, ખાસ વસતિગૃહશાળાઓ સોનગઢ, વ્યારા, તથા મહુવામાં ઉઘાડેલી છે. આને માટે સન ૧૮૮૫ માં પહેલ વહેલી સોનગઢમાં વસતિગૃહશાળા ઉઘાડવામાં આવી હતી. તેનું કામ ફતેહમંદ જણાયાથી સન ૧૮૯૨ માં વ્યારા અને મહુવામાં એવી વસતિગૃહશાળાઓ કાઢવામાં આવી. આ વસતિગૃહશાળાઓમાં વ્યાવહારિકજ્ઞાન પ્રાથમિક છઠ્ઠા ધોરણ સુધીનું મફત અપાય છે. તે સાથે છોકરાઓને ખાવાનું તથા કપડાં વગેરે મફત પૂરું પાડવામાં આવે છે. આ ત્રણ શાળાઓમાં થઈ લગભગ ૩૦૦ વિદ્યાર્થીઓ શિખે છે. પ્રાથમિક જ્ઞાનની સાથે ખેતીવાડીનું તથા સુતારી કામનું જ્ઞાન અપાય છે. સોનગઢ અને વ્યારામાં ખેતીવાડીનાં ફાર્મ રાખેલાં છે. આ ઉપરાંત કાળીપરજની કન્યાઓને કેળવવા માટે સોનગઢમાં કન્યા વસતિગૃહશાળા સન ૧૮૯૭–૯૮ માં ઉઘાડવામાં આવી છે, તેમાં ૫૦ કન્યાઓ શિખે છે. કન્યાઓને પ્રાથમિક કેળવણી સાથે સ્ત્રીકેળવણીને લગતા વિષયો અને ખેતી સંબંધી જ્ઞાન ફાર્મદ્વારા આપવામાં આવે છે.

૧૨. 'જીન' એજ મારૂં ઘર છે, અને 'જીન' એજ મારૂં તખ્ત છે, સિંહાસન છે. રાતદિવસ ઘોડેસ્વાર રહી

મુલક જીતવાનોજ મુખ્ય ઉદ્દેશ છે, એવા ભાવાર્થનું આ સૂત્ર ગાયકવાડના પૂર્વજો તરફથી વપરાયલું હતું, અને તે હાલ ચાલુ રહેલું છે.

## ૧૦૮

૧. (क) **સમ્રાટ્ પંચમ જ્યોર્જ**નો જન્મ તા૦ ૩ જી જુન, ૧૮૬૫ ના રોજ થયેલો, અને સને ૧૯૧૦ ના મે માસની છઠ્ઠી તારીખે, એટલે ૪૫ વર્ષની વયે, ગાદીએ બેઠા.

(ख) (૧) ગાદીએ બેઠા પછી જાતે **મહારાણી મેરી** સાથે ડિસેમ્બર ૧૯૧૧ માં હિંદુસ્તાનમાં પધાર્યાં; (૨) રાજ્યાભિષેક પ્રસંગે કેળવણીને ઉત્તેજન મળે તેવી મોટી રકમ ખરચ માટે મંજુર કરી; (૩) અહીંની પ્રજા માટે ઘણી ભારે લાગણી દર્શાવી; (૪) હિંદુસ્તાનનું પ્રાચીન રાજધાનીનું શહેર દિલ્હી હતું, તે મુજબ કલકત્તાને બદલે તેને રાજધાનીનું નગર ઠરાવ્યું; (૫) 'આશા' અને 'સ્નેહ'નો લાગણીપૂર્વક સંદેશો હિંદુસ્તાનની પ્રજા તરફ મોકલ્યો છે, વગેરે.

૨. (क) મુંબઈમાં (૧) સર જે. જે. સ્કૂલ ઓફ આર્ટ; (૨) વિક્ટોરિયા જ્યુબિલી ટેક્નિકલ ઇન્સ્ટિટ્યુટ; (૩) વ્યાપારી શિક્ષણની કોલેજ; (૪) ગ્રાન્ટ મેડિકલ કોલેજ.

પુનામાં—કૉલેજ ઑફ સાયન્સ (ઇજનેરી કૉલેજ).
સુરતમાં—પારેખ સ્કૂલ ઑફ આર્ટ.
નવસારીમાં—ઉદ્યોગશાળા.
વડોદરામાં—કલાભવન.
અમદાવાદમાં—રણછોડલાલ છોટાલાલ ટેક્નિકલ ઇન્સ્ટિટયુટ.
અહમદનગર—ઉદ્યોગશાળા.

(ख) વડોદરા રાજ્યમાં, મુંબઇમાં (૧) ટાટા ફંડમાંથી, (૨) વડોદરાવાળા ડા. ગીમીના તરફથી અપાયલી રકમમાંથી, કલકત્તામાં (નેશનલ એસોસિયેશન તરફથી); આ ઉપરાંત સરકાર તરફથી જૂદા જૂદા ઈલાકામાં વિષયો પસંદ કરી, કૉલેજ નમુદ કરી એક કે બએ જણને પસંદ કરવામાં આવે છે, અને તેમને શિષ્યવૃત્તિ અપાય છે.

૩. (क) કવિ નર્મદાશંકર લાલશંકરે.

(ख) ઉત્તર વયમાં લગભગ પર વર્ષની વયે.

(ग) "એમાં ભાષા, શૈલી અને વિચાર એ ત્રણેમાં નર્મદાશંકર પોતાનાં પૂર્વનાં લખાણો કરતાં જૂદોજ દેખાવ આપે છે, અને તેમાં વિવેચન જોગ ઘણાં સ્થળો છે, તોપણ એટલું તો કહેવુંજ જોઇએ કે એ લખાણ ગંભીર અને ઘણા વિચારનું ફળ છે; એમાં કવિના વિચાર, બુદ્ધિવાદ મૂકી, અગમ્યવાદ તરફ ઘણે દરજ્જે ઝોકી ગયા છે, અને તે ઝોક નર્મદાશંકરે જાણી બુજી વિચારીનેજ આપી છે, એમ અમે જાણીએ છીએ. અગરજો 'સુખે સોની ને દુ:ખે રામ' એ કહેવત મુજબ પણ કવિના મનને કેટલુંક અજાણતાં થયલું ખરુંજ."

૪. (क–ख) શ્વાસનો અને નાડીનો સંબંધ છે એટલે છાતી ઉંચી નીચી એક વાર થાય, તેટલાજ વખતમાં નાડીના ધબકારા ત્રણથી ચાર થાય છે. મતલબ કે શ્વાસનું અને નાડીના ધબકારાનું પ્રમાણ ૧ અને ૩ થી ૪ છે. પુખ્ત ઉમ્મરના માણસમાં ધબકારા સરાસરી દર મિનીટે સાધારણ રીતે ૭૦ હોય છે (પુરુષ કરતાં સ્રીઓમાં કાંઈક વધારે હોય છે). તાવ હોય તે વખતે તેની સંખ્યા વધે છે, અને તે ઉપરથી તેનું જોર કેટલું છે તે જણાય છે; તાવ વખતે તે કેટલીક વાર દર મિનીટે ૧૨૦ થી ૧૪૦ સુધી હોય છે. જન્મ વખતે તેની સરાસરી દર મિનીટની ૧૩૬ (૧૩૦ થી ૧૪૦) ગણવામાં આવી છે; પણ સાત વર્ષની વય થતાં સુધીમાં તે ઘટીને ૮૮ થાય છે, અને દશને તે ઉપરાંત વયમાં ૭૮ થાય છે; જે ઘટતી ઘટતી ૨૫ વર્ષની વયે મધ્યમસરની (૭૦ ની) સંખ્યાએ પહોંચે છે; ૨૫ થી ૩૦ વર્ષની વયમાં તે કાંઇક વધે છે, અને ત્યાર પછી પાછી એક સરખી રીતે ઘટવા માંડે છે. પાકટ ઉમ્મરે ઘટીને તે ૬૦ થાય છે, અને કેટલીક વાર એટલી ધીમી ચાલે છે કે દર મિનીટે ૪૦ કે તેથી પણ કમી ધબકારા થાય છે.

નાડી કેમ ચાલે છે તે માત્ર હાથના કાંડા ઉપરજ તપાસવાથી માલમ પડે છે એમ નથી, પણ લમણાં, ગળું, જાંગનો આગલો ભાગ, ઘુંટીની પાછળ અંદરનો ભાગ–એ જગ્યાએથી પણ નાડી જોઈ શકાય છે; કાંડા આગળ જોવાનું સૌથી વધારે અનુકૂળ પડતું છે.

તનદુરસ્ત હાલતમાં કાંઈ શ્રમ કર્યો હોય તો તેથી ધબકારા વધારે થાય છે, તેમ સુતાં અને બેઠાં એ સ્થિતિમાં દર મિનીટે પાંચ ધબકારાનો તફાવત પડે છે, અને પાંચ વધારેનો સુતાં અને ઉભાં એ સ્થિતિમાં ફેર પડે

છે; તેમ દાદર ઉપર જલદીથી ચઢી ગયા હોઇએ તો ૧૨૦ ધબકારા થાય છે; સખત મંદવાડ ખાધા પછી કાંઈ શ્રમ થાય છે તો નાડી વધારે ચાલે છે.

શરીરની તનદુરસ્તી સારી ન હોય તો તે વખતે નાડીના ધબકારા ઘણી ખરી વખત વધારે થાય છે. તાવ હોય ત્યારે થર્મોમિટરની (સાધારણ માન કરતાં) દરેક ડીગ્રી વધે તેમ દશ ધબકારા વધે છે. તાવ ઉતરી ગયા પછી આરોગ્ય થવા માંડે તે વખત શિવાય બીજે પ્રસંગે કવચિતજ નાડીના ધબકારા કમી થાય છે. જો કે કેટલાક માણસમાં તે હમેશાં કમી હોય છે; જેમકે નેપોલિયન બોનાપાર્ટની નાડીના ધબકારા ૪૦ જ હતા.

૫. (क) કાર્તિક શુદ પુનેમે. (ख) સાબરમતી, હાથમતી, વાત્રક, ખારી, મેશ્વો, શેઢી, અને માજમ.

૬. (૧) બોમ્બે (મુંબઈ) બરોડા (વડોદરા) એન્ડ (અને) સેન્ટ્રલ ઇન્ડિયા (મધ્ય હિંદુસ્તાનની) રેલવે–મુંબઇથી વડોદરા થઇને અમદાવાદ અને આણંદથી ગોધરા સુધીની રેલવે. (૨) ગ્રેટ (મોટો) ઇન્ડિયન પેનિન્સુલા (દ્વીપકલ્પ) રેલવે.–મુંબઈથી પુના થઈ રાયચુર સુધી દક્ષિણમાં, નાશક ભુસાવળ થઈ નાગપોર સુધી પૂર્વમાં, ઉત્તરમાં ઉજ્જન, ભોપાલ, ઝાંસી, ગ્વાલિયર, આગ્રા, કાનપુર સુધી જતી રેલવે. (૩) રજપુતાના માલવા રેલવે–અમદાવાદથી રજપુતાના અને માળવાના ભાગોમાંથી આગ્રા સુધી જતી રેલવે. (૪) ઇન્ડિયન સિવિલ સર્વિસ–હિંદુસ્તાનની સનદી નોકરી–ઇંગ્લાન્ડમાં પરીક્ષા આપી ઉપલે નંબરે આવે તે એમાં દાખલ થઈ શકે છે. (૫) કમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ ધ ઇન્ડિયન એમ્પાયર–સરકાર તરફથી ઉત્તમ કામ બદલ માનાર્થે મળતો ખિતાબ.

૭. (क) હાઉસ ઓફ કોમન્સ માટે જે પક્ષના વધારે પ્રતિનિધિ પસંદ થયા હોય, તે પક્ષવાળા ખરૂં જોતાં મુખ્ય પ્રધાન પસંદ કરે છે, પણ રીતસર પસંદગી રાજા પોતે તે પક્ષવાળામાંથીજ કરે છે.
(ख) મુખ્ય પ્રધાન પોતાના પ્રધાનમંડળના પ્રધાનો પસંદ કરીને નિમે છે.

૮. (क) જે કોઈ વિષય આપવામાં આવે, તે ઉપર તાત્કાલિક કવિતા રચી શકે તે.
(ख) પંડિત ગટ્ટુલાલજી; શાસ્ત્રી શંકરલાલ માહેશ્વર—જામનગરના વતની—જન્મ ૧૮૪૪.

૯. (૧) કાગડાનું બેસવું અને તાડનું પડવું; કોઈ બનાવ બનવાની તૈયારી હોય તેવામાં તેને માટે બીજો કોઈ સંજોગ આવી પડે ત્યારે તે કારણભૂત ગણાય—એ ન્યાય-ધોરણ પ્રમાણે.—જુઓ પ્રશ્નપત્ર ૧૫ માનો પ્રશ્ન ૩ (घ).
(૨) આકાશમાં સૂર્ય આથમ્યા પછી કેટલીક વાર સુધી અજવાળું રહે છે તે—સંધ્યા.

(૩) વિંધ્યાચળ પર્વતને અને મેરૂ પર્વતને ઉંચા થવાની સરસાઈ થઈ હતી, અને તે બન્ને સૂર્યમંડળ સુધી પહોંચ્યા હતા, પણ એટલામાં અગસ્ત્ય ઋષિ આવ્યા એટલે વિંધ્યાચળે આડા પડી નમસ્કાર કર્યા. અગસ્ત્ય ઋષિએ કહ્યું કે હું આવું ત્યાં સુધી એમજ પડી રહેજે; એ પછી ઋષિ આવ્યાજ નહીં, તેથી આડો પડી રહ્યો છે. કોઈ બાબતમાં વાયદો કરવો—અમુક મુદતે કરીશું કે થશે એમ કહેવું, અને પછી લાંબી મુદત સુધી તેમ થાય નહીં ત્યારે અગસ્ત્યનો વાયદો કર્યો એમ કહે છે.

(૪) રામનું બાણુ (તીર) એવું હતું કે તે ખાલી જતુંજ નહીં; નિશાન ધારેલે ઠેકાણે બરોબર લાગતુંજ; તે ઉપરથી જે ઉપાય વડે કાર્ય પૂર્ણ રીતે સિદ્ધ થવાની પૂરેપૂરી ખાત્રી લાગે તેને આ શબ્દો લાગુ પાડવામાં આવે છે.

૧૦. ગ્રીનિચમાં બપોરના બાર વાગે ત્યારે તેની પૂર્વમાં આવેલા દેશોમાં બાર પછીનો વખત હોય છે, અને પશ્ચિમ તરફના દેશોમાં બાર પહેલાનો વખત હોય છે—આ કારણથી વખત નીચે પ્રમાણે હોય છે:— (૧) કલકત્તા—ક. ૫—૫૪ મિ. પાછલા પહોરના; (૨) ન્યુ યોર્ક—ક. ૭—૪ સવારના; (૩) મદ્રાસ—ક. ૫—૨૧ પાછલા પહોરના; (૪) મુંબઈ—ક. ૪—૫૨ પાછલા પહોરના; (૫) પેકીન—ક. ૭—૪૬ સાંજના; (૬) સીડની—ક. ૧૦—૫ રાતના; (૭) સુએઝ ક. ૨—૧૦ બપોર પછીના.

૧૧. (૧) નર્મદાશંકર લાલશંકર કવિએ.

(૨) શિયાળારૂપી (હિમનો—દુઃખનો) વખત ગયો, અને વસંત—ઋતુઓનો રાજા—આવ્યો; જેમ નવા નવા રંગદાર અને સુગંધવાળાં પુષ્પ સર્વ જનોને ભાવે છે—ગમે છે, તેમ નવા રાજા—**શિયાજીરાવ—સયાજીરાવ મહારાજા ગાયકવાડ**, વડોદરાની ગાદીએ આવ્યા, જેમનાં પ્રેમ શૌર્યવાળાં કામનો યશસ્વી અને પ્રૌઢ નાદ—કીર્તિ દેશમાં વધો અને ફેલાવો પામો.

૧૨. (૧) 'રોષદર્શિકા સત્યભામાખ્યાન' નામના નાટકમાં કવિ પ્રેમાનંદે લખેલો છે.

(૨) પ્રાચીન કાવ્યમાળા અંક ૨૬, પૃ. ૨૮૨ ઉપરથી–'ગુજરાતી ભાષામાં અંગ અને ઉપાંગ–જે જે નાનાં મોટાં સાહિત્ય જોઇએ તે સહિત સુરંગ–સારી રીતે રંજન કરનારાં–વ્યંગ્ય (વ્યંગાર્થમાં અતિ ગૂઢ અને પ્રૌઢ અર્થ રહેલા હોય છે, જે રસજ્ઞના હૃદયને વેધે છે, તે) પુષ્કળ થાઓ; એટલું જ નહીં પણ વળી તે પાદેપાદ–શબ્દે શબ્દ રસાળ–રસવાળી, અને ભૂષણવતી–અલંકારવાળી, થાઓ અને એ સઘળા સાહિત્યવડે તે પોતાની સખીઓ–હિન્દી, મરાઠી, મારવાડી વગેરેથી–ઉપરી–ચઢિયાતી થાઓ; (કેટલે સુધી ચઢિયાતી) જે સ્થાન ગીર્વાણગિરા–સંસ્કૃત ભાષાએ પ્રાપ્ત કર્યું છે, તે સ્થાન એ–ગુજરાતી ભાષા વરી–પસંદ કરી–લ્યો (ગુજરાતી ભાષાની ઉત્તમતા થવા માટે કવિ ઈશ્વરની પ્રાર્થના કરે છે); હે હરિ! આ ભાષા પોતાની સૌ સખીજનથી–બીજી સમાન પ્રાકૃત ભાષાઓથી શ્રેષ્ઠ થાય, એટલી મારી આશા પૂરો.'

# પરિશિષ્ટ अ

## ચરિત્રાવલી માટે સૂચના

આ પરિશિષ્ટમાં પ્રશ્નમાળામાં જેમનાં નામો આવેલાં છે તે વ્યક્તિઓની ઘણે ભાગે (સકારણ) ટુંકામાંજ હકીકત આપવાનો ઉદ્દેશ રાખેલો છે, પરંતુ કેટલાક ગૃહસ્થો વગેરે માટે કાંઇક અંશે વિશેષ માહિતી આપવી, એ ઉચિત લાગવાથી તે પ્રમાણે કરવામાં આવ્યું છે. પ્રશ્નમાળામાં જેને તેને માટે જે મુદ્દા માટે પ્રશ્ન મૂકેલો છે તે આપેલી હકીકત ઉપરથી સહજ ઉપજાવી શકાશે.

ચારિત્રાવલીમાં નામની પહેલા ચોખુણ કૉંસમાં જે અંક મૂકેલા છે તે નામવાળા પ્રશ્નના છે, એટલે તેમાં પહેલો અંક પ્રશ્નપત્રનો છે અને તેની સાથેનો પ્રશ્નનો સમજવાનો છે.

# પરિશિષ્ટ અ

## ચરિત્રાવલી

[૩૫–૪] **અખો**–જુઓ પૃષ્ઠ ૮૭.

[૮૩–૧૦] **અનુસૂયા**–'અત્રિ ઋષિની સ્ત્રી. સીતા જ્યારે રામની સાથે વનવાસમાં અત્રિને આશ્રમે આવ્યાં ત્યારે અનુસૂયાએ પોતાના કપાળમાંના કંકુનો તેને ચાંલ્લો કર્યો, અને ન કરમાય તેવો એક હાર પહેરાવ્યો તથા એક વસ્ત્ર આપ્યું. વળી કહ્યું કે, એ ત્રણ વસ્તુ તમારી પાસે હશે ત્યાં લગી તમને કોઈ રાક્ષસનો ભય નહીં રહે; તે તમને સ્પર્શ કરતામાંજ ભસ્મ થઈ જશે.'–નર્મકોશ. સીતા એમની પાસે રહેતાં તે વખતે તેમના ઉપર એ ઘણો ચાહ રાખતાં હતાં, અને તેને માતા તરિકે પતિવ્રતા ધર્મનો ઘણો સારો અને ઉપયોગી બોધ આપતાં હતાં. સતીપણા માટે એ ઘણાં મશહુર છે, અને પતિસેવા માટે એ ઉત્તમમાં ઉત્તમ નમુનો ગણાય છે. દુર્વાસા ઋષિનાં એ માતા થાય.

[૯૪–૨] દિવાન બહાદુર **અંબાલાલ સાકરલાલ દેસાઇ**–એમ. એ., એલ એલ. બી. (૧૮૪૪ થી ૧૨–૯–૧૯૧૪)–એ જ્ઞાતિએ બ્રહ્મક્ષત્રી અને અમદાવાદના વતની હતા. એમણે મુંબઇની યુનિવર્સિટીની ઉંચી પદવીની પરીક્ષાઓ ઉપલે નંબરે પસાર કરી હતી, અને ગુજરાતી હિંદુઓમાંથી તેઓ પહેલવહેલા ગ્રેજ્યુએટ હોવાથી 'ગુજરાતી ગ્રેજ્યુએટોના પિતા' કહેવાય છે. વળી આ પરીક્ષાઓ પસાર કરી શરૂઆતમાં જે કેટલાક સમર્થ વિદ્વાનો નિકળ્યા હતા તેમાંના એ એક હતા. તેમણે બ્રિટિશ રાજ્યના કેળવણી ખાતામાં સુરત તથા અમદાવાદ હાઇ સ્કૂલના હેડ માસ્તરની

જગ્યાએ કામ કરેલું હતું, અને તેમાં શિક્ષક તથા વ્યવસ્થા રાખનારા તરિકે, તેમજ પોતાના શિષ્યો માટે ખરી લાગણી ધરાવનારા તરિકે, ઘણી સારી ખ્યાતિ મેળવી હતી. તેઓ એક આદર્શ શિક્ષાગુરુ તરિકે પંકાયલા હતા. ત્યાર પછી તેમણે વડોદરા રાજ્યમાં દાખલ થઈ ન્યાય ખાતામાં ન્યાયાધીશ તરિકે કામ કરેલું હતું, અને તેમાં ચઢતાં ચઢતાં છેવટે તેઓ ત્યાંની હાઈ કોર્ટના ચીફ જસ્ટીસ થયા હતા. આ ખાતામાં તેઓ એક બાહોશ, દૃઢ મનના અને નિષ્પક્ષપાત અમલદાર તરિકે મશહૂર હતા. સને ૧૯૦૦ ના અરસામાં નોકરીમાંથી નિવૃત્ત થયા પછી કેટલાંક લોકોપયોગી કામોમાં તથા વેપાર ખિલવવામાં પોતાનું જીવન ગાળતા હતા. અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના એઓ લાંબી મુદત સુધી પ્રમુખ હતા. કેળવણીનો પ્રચાર જૂદે જૂદે માર્ગે ગુજરાતમાં ઘણો વધે, તે હેતુથી સને ૧૯૦૨ ના ડિસેમ્બર માસમાં 'ગુજરાત કેળવણી મંડળ' નામની સંસ્થા અમદાવાદમાં તેમણે સ્થાપી, અને તેમાં સભાસદો વધારવા તથા મંડળનો ઉદ્દેશ પાર પાડવામાં એમનો મરણપર્યન્ત રાતદિવસ પ્રયાસ ચાલુ હતો, કારણ તેઓ 'તેના પિતા અને પોષક હતા, તેના ચેતનરૂપ હતા.' નોકરીમાંથી નિવૃત્ત થઈ અમદાવાદમાં આવી રહ્યા પછી ત્યાંની ઘણી ખરી જાહેર હિલચાલો અને જાહેર સંસ્થાઓમાં એઓ આગળ પડતો ભાગ લેતા હતા. સને ૧૯૦૨ માં અઢારમી રાષ્ટ્રિય પરિષદ્ અમદાવાદમાં ભરાયલી, તેના સત્કાર મંડળ (રિસેપશન કમિટી)ના એક પ્રમુખ હતા; તેમજ ૧૯૦૭ માં સુરત ખાતે ભરાયલી ત્રીજી ઔદ્યોગિક રાષ્ટ્રિય પરિષદ્ના એ પ્રમુખ થયા હતા. કેળવણી ખાતામાં હતા તે વખતે અમદાવાદના 'હિતેચ્છુ' પત્રમાં તેઓ અંગ્રેજી લેખો લખતા હતા; તેમણે મીલકૃત 'અર્થશાસ્ત્ર' નામના પુસ્તકનું ભાષાન્તર કર્યું હતું, તેમ કેળવણીખાતા માટે મોટો અંગ્રેજી-ગુજરાતી કોશ તૈયાર કર્યો હતો. સને ૧૯૦૯ માં રાજકોટમાં ભરાયલી ત્રીજી

ગુજરાતી સાહિત્ય પરિષદ્‌માં એમને પ્રમુખ નિમ્યા હતા. તેમની લાંબી મુદતની સ્તુતિપાત્ર સેવાની કદર કરી નામદાર બ્રિટિશ સરકારે તેમને દિવાન બહાદુરનો ખિતાબ બક્ષ્યો હતો. શારીરિક સંપત્તિ સારી જોઇએ અને તે સારી રાખવી જોઇએ, તેના સંબંધમાં એમના વિચાર ઘણા દૃઢ હતા, અને તે બદલ અનેક રીતે લોકોને બોધ આપતા અને દાખલો બેસાડતા. તેમનું જીવન સર્વદેશી હતું. ન્યાયબુદ્ધિ, પ્રામાણિકપણું, દૃઢતા, સ્પષ્ટવક્તાપણું, સત્યપ્રિયતા, માતૃભાષા પ્રત્યે પ્રેમ અને લાગણી, દેશના હિત માટે દાઝ, આગ્રહ, એવા અનેક ગુણો તેમનામાં હતા. તેઓ દેશભક્ત, દેશાભિમાની વીરનર, વિચારશીલ સુધારક, ચુસ્ત સ્વદેશી, સ્વદેશીના ખરા હિમાયતી, સદ્‌વર્તનશાળી અને સત્યનિષ્ઠાવાળા, અનુપમ ચારિત્ર્યવાળા, અનુકરણીય આદરણીય મહાપુરૂષ હતા.

[૬૯-૧૦] **અમરજી દિવાન**—એ જ્ઞાતે વડનગરા નાગર ગૃહસ્થ હતા. સને ૧૭૬૦ ના અરસામાં અઢાર વર્ષની જુવાન વયે એ માંગરોળથી જુનાગઢ આવ્યા, અને ત્યાંના નવાબ પાસે નોકરી માગી. જુનાગઢમાં તે સમયે કેટલીક અવ્યવસ્થા પ્રવર્તી રહી હતી, તેથી વાઘેશ્વરી દરવાજો તે સર કરે તો નોકરી આપવાનું તેને નવાબે વચન આપ્યું, અને અમરજીએ તે સર કર્યો; પછી તેણે ઉપરકોટ છોડવાની આરબોને ફરજ પાડી. આ પરાક્રમોથી રાજી થઈ નવાબે તેને મોટી જગ્યા આપી. પછી એક પછી એક લડાઇઓ અને ચઢાઇઓ કરી કાઠિયાવાડના ઘણા મુલકોમાં એણે જીત મેળવી હતી, અને ખંડણી આપવાનું કબુલ કરાવ્યું હતું. પેશવાને પેશકશી અને ગાયકવાડને ચોથાઈ આપવી પડતી, તેમ જુનાગઢ તરફથી કાઠિયાવાડમાં ઘણાં સંસ્થાનો ઉપર 'જોર-તલબી' નામની ખંડણી નાખનાર આ સંગ્રામવીર અમરજી દિવાનજ હતા. ઇ. સ. ૧૭૮૪ ના માર્ચ માસમાં એમને કોઈ આરબે મારી નાંખ્યા હતા. બોધકવિ રણછોડજી દિવાન એમના દ્વિતીય પુત્ર હતા.

[૭૮-૧૨] **અહલ્યાબાઈ હોલકરીન**-(સને ૧૭૩૫-૧૭૯૫) ઇંદોરના રાજા મલ્હારરાવ હોલકરના પૌત્ર ઈ. સ. ૧૭૬૬ માં મરણ પામવાથી રાજકારભાર ચલાવવા તેનો કોઈ વારસ ન હોવાથી તેની વિધવા માતા અહલ્યાબાઇએ, રાજ્ય પરાયા હાથમાં ન જાય તેટલા માટે, પોતાના હાથમાં રાજકારભાર લીધો. પોતાની ચાલાકી, ધીરજ અને હોશિયારીથી, તેમજ તુકાજી હોલકરને સેનાપતિ નિમેલા, તેની વફાદારી અને સહાયતાથી, હોલકર સરકારનું રાજ્ય ઘણું સંતોષકારક તેણે ચલાવ્યું હતું. આ બાઈ ઘણાં પવિત્ર અને ધાર્મિક વૃત્તિવાળાં હતાં. તેમણે ઠામ ઠામ બંધાવેલાં ધર્મક્ષેત્રો હજી સુધી તેમની દાન ધર્મવૃત્તિના ઉદાહરણ તરિકે મોજુદ છે. એ બાઈ ભણેલાં, સદ્‌ગુણી, દયાળુ અને હિમ્મતવાન હતાં; તેમણે રૈયતને ન્યાય આપી, સંરક્ષણ કરી સુખી કરી હતી, તેથી તેમણે રૈયતનો પ્રેમ સંપાદન કર્યો હતો. તુકાજીરાવના સંબંધમાં અહલ્યાબાઇને પૂરી ખાતરી થવાથી તેને પોતાના રાજ્યનો વારસ ઠરાવ્યો હતો. એ બન્નેના પ્રયાસથી ઇંદોર શહેર સારૂં આબાદ થયું હતું. તે દરરોજ છ કલાક દરબારમાં સરકારી કામકાજ જોતાં, અને બાકીનો વખત ઘણે ભાગે ઈશ્વરભક્તિ તથા કથા સાંભળવામાં ગાળતાં. પોતાની પ્રજાને પુત્ર સમાન પાળવાથી તેના મરણ પછી અહલ્યાબાઈ દેવી તરિકે પૂજાય છે.

[૭૯-૮] **આદિતરામ**-(સને ૧૮૧૯-૧૮૮૦)-એ જુનાગઢના પ્રશ્નોરા નાગર બ્રાહ્મણ હતા. જુનાગઢના નવાબ સાહેબોએ એમની સંગીતમાં કુશળતા તથા તેના ઉંચા જ્ઞાનને લીધે પોતાની પાસે રાખ્યા હતા. એમણે સંગીત શાસ્ત્રનો ઉદ્ધાર કરેલો છે. એ સંસ્કૃત, હિન્દી, ગુજરાતી તથા ફારસી ભાષાનું જ્ઞાન સારૂં ધરાવતા હતા. ઘણા લોકોને ઉપયોગી થઈ પડે તેવા ઉદ્દેશથી તેમણે 'સંગીતાદિત્ય' નામનો ગ્રંથ હિંદુસ્તાની ભાષામાં રચ્યો છે, અને એથી આખા હિંદુસ્તાનમાં એની ખ્યાતિ થયેલી છે. આ ગ્રંથમાં ઉદાહરણ માટે આપેલી ભક્તિ તથા ઉપદેશની કવિતા તેમણે પોતેજ બનાવી હતી.

[૮૮–૪] રા. રા. **આનંદશંકર બાપુભાઇ ધ્રુવ**, બી. એ., એલ એલ. બી. એમનો જન્મ અમદાવાદમાં સને ૧૮૬૯ માં થયો હતો. એ જ્ઞાતિએ વડનગરા નાગર ગૃહસ્થ છે. એમનો સંસ્કૃત અભ્યાસ ઘણો સારો હોવાથી અને વકીલાત કરવી કે ન્યાયાધીશ થવું, તેના કરતાં કોલેજમાં સંસ્કૃતના અધ્યાપકનું કામ કરવું વધારે પસંદ હોવાથી સને ૧૮૯૩ માં એમણે અમદાવાદની ગુજરાત કોલેજમાં સંસ્કૃતના પ્રોફેસરની જગ્યા સ્વીકારી હતી, અને હાલ ત્યાં ચાલુ છે. ગુજરાતી ભાષામાં છૂટક લેખો પહેલવહેલાં લખવા માંડેલા, પછી સને ૧૮૯૭ માં '**સુદર્શન**' પત્રનું તંત્રીપણું એમણે સ્વીકારેલું હતું. ત્યારબાદ સને ૧૯૦૦ માં "દેશના વિવિધ પ્રશ્નોનું યોગ્ય રીતે નિરૂપણ કરવાના હેતુથી તેમણે '**વસંત**' નામનું શિષ્ટ માસિક પત્ર કાઢવા માંડ્યું હતું," અને તે હજી ચાલુ છે. આવી રીતે ગુજરાતી સાહિત્યની સેવા ઘણી સારી રીતે તે બજાવતા રહે છે. નીતિ-શિક્ષણ, ધર્મવર્ણન, તથા બ્રહ્મસૂત્ર ભાષ્યનું ભાષાન્તર, એ એમણે વડોદરા રાજ્યને માટે તૈયાર કરી આપેલાં છે. મુંબઇ યુનિવર્સિટીની એમ. એ.ની પરીક્ષામાં ગુજરાતી ભાષાના પરીક્ષક તરિકે પણ તેઓ નિમાય છે.

[૭૬–૧૦; ૪–૭; ૬૬–૬; ૭૧–૪; ૭૯–૧૦; ૮૬–૧૮; ૯૯–૧૨; ૧૦૧–૨] **ઇચ્છારામ સૂર્યરામ દેશાઇ**–સુરતના વૈશ્ય દશા શ્રીમાળી વણિક જ્ઞાતિમાં દેશાઇગીરી ભોગવતા ખાનદાન કુટુંબમાં એમનો જન્મ સને ૧૮૫૭ ની તા૦ ૨૩ મી આગસ્ટને દિવસે થયો હતો. એમના વડવાઓએ શેહેનશાહ અકબરની દરબારમાં સારી રાજસેવા કરવાથી તેમને દેશાઇગીરી મળી હતી, તે હજી એમના કુટુંબમાં ચાલુ રહેલી છે, અને તે સુરત કલેક્ટરેટ-માંથી મળ્યા કરે છે. એમણે ગુજરાતીનો અભ્યાસ ગામઠીશાળા તથા સરકારી શાળામાં, અને મેટ્રીક સુધીનો અંગ્રેજી અભ્યાસ સુરતમાંજ કરેલો; પછી અનેક સંજોગોને લીધે તે છોડવો પડેલો

અને સને ૧૮૭૫ માં એ સરકારી નોકરીમાં જોડાયા હતા; ટુંક મુદત નોકરી કરીને, સને ૧૮૭૬ માં એ મુંબઈ ગયા હતા; ત્યાં **'આર્યમિત્ર'** નામનું સાપ્તાહિક પત્ર ચાર માસ ચલાવ્યું; પછી સાત માસ એક વેપારીને ત્યાં નોકરી કરી, અને છેલ્લે 'મુંબઈ સમાચાર'માં અગિયાર માસ નોકરી કરી સને ૧૮૭૭ ની આખરે તે છોડી પાછા સુરત ગયા હતા. પછી સુરતમાં એમણે **'સ્વતંત્રતા'** નામનું એક માસિક કહાડ્યું હતું, તે ઘણું લોકપ્રિય થઈ પડ્યું હતું, પણ કેટલાક સંજોગોને લીધે લાંબી મુદત તે ચાલી શક્યું નહોતું; દરમ્યાન 'સુરત રાયટ કેસ' સુરતમાં ચાલતો હતો, તે અરસામાં આસરે છ મહિના સુધી રા. જેવચરામ કેશવરામની સાથે 'ગુજરાત મિત્ર' તથા 'દેશી મિત્ર' એમણે ચલાવ્યાં હતાં.

મુંબઇના કપોલ જ્ઞાતિના શેઠ સર મંગળદાસ નથુભાઇની નાણાં સંબંધી મદદથી તથા સુવિખ્યાત કવિ નર્મદાશંકર લાલશંકર વગેરેની સહાય અને સૂચનાથી સને ૧૮૮૦ ના જુન માસની તારીખ ૬ ઠીએ એમને હાથે **'ગુજરાતી'** નામના પત્રનો જન્મ થયો હતો. શરૂઆતમાં તે આઠ પૃષ્ઠનું કાઢવામાં આવતું હતું, ને વર્ષ આખર તેના ગ્રાહક માત્ર ૧૪૫ હતા; પરંતુ રાજકીય, સાંસારિક અને ધાર્મિક વિષયોની ચર્ચા તથા લેખો ઉત્તમ પ્રકારનાં હોવાથી, તેમજ અનેક પ્રતિકૂળ સંજોગો અને મુશિબતો છતાં, નાણાંની મદદની ખાતરી હોવાથી અને 'મંડ્યા રહેવા'ની કહેવતને અનુસરી કામ ચાલુ રાખવાથી, વર્તમાનપત્રની નવી પ્રવૃત્તિના કાળમાં સને ૧૮૮૩ ની આખરે તેના ગ્રાહકની સંખ્યા ૮૫૦ જેટલી થઈ હતી. તે પછી સર મંગળદાસે રૂ. ૩૦૦૦ પ્રેસ કહાડવામાં મદદમાં આપ્યા હતા, તે ઉપરથી સને ૧૮૮૪ ના જાનેવારીથી પોતાના 'ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ'માં **'ગુજરાતી'** પત્ર છપાવા માંડ્યું. સાડા ત્રણ વર્ષ દરમ્યાનમાં લગભગ રૂ. ૧૨૭૦૦ સર મંગળદાસ નથુભાઇએ આ પત્રને પગભર કરવાને આપ્યા હતા. ૧૮૮૪ના પ્રારં-

ભથી તેમના તરફની પૈસાની મદદ બંધ થઈ હતી. આ વખતે પત્ર ૧૬ પૃષ્ઠનું નિકળવા માંડ્યું. મુંબઇમાં ગુજરાતી હિંદુના અધિપતિપણા નીચે પ્રકટ થતું વર્તમાન પત્ર માત્ર આજ એક હતું, અને એમાં રાજકીય, સાંસારિક તથા ધર્મ સંબંધી ચર્ચા થતી અને લેખો આવતા તે ઉપરથી ધીમે ધીમે તે ઘણું લોકપ્રિય થઈ પડ્યું. સને ૧૯૦૪ માં તેને ૨૫ વર્ષ થવાથી ઘણા ઉત્સાહ અને ઉમંગથી તેની સીલ્વર જ્યુબિલી ઉજવવામાં આવી હતી. તે પ્રસંગે શ્રીયુત ઇચ્છારામના સંબંધમાં અનેક ગૃહસ્થો અને સંસ્થાઓ તરફથી તેમની સેવાની કદર પીછાનવામાં આવેલી હતી. શરૂઆતથી આ પત્રની કિમ્મત રૂ. ૩ રાખવામાં આવેલી તેજ ચાલુ રાખી તેમાં ૧૮૮૯ ના નવેમ્બર માસથી અંગ્રેજી ભાગ દાખલ કર્યો હતો, તેથી પણ તેની પ્રતિષ્ઠા ઘણી વધી હતી. હાલ આ પત્રના લગભગ ૧૬ હજાર ગ્રાહક છે ને ૩૬ થી ૪૦ પૃષ્ઠ એનાં નિકળે છે. વળી તે સાથે પ્રતિવર્ષે ગ્રાહકોને દિવાળીના પર્વ ઉપર સાહિત્યોપયોગી એક ખાસ અંક અને નવા વર્ષમાં ઐતિહાસિક વાર્તાનું પુસ્તક પણ ભેટ આપવામાં આવે છે.

શ્રીયુત ઇચ્છારામ આ પત્રના લખાણોમાં પોતાની અંતઃકરણની દેશભક્તિની અને રાજભક્તિની લાગણી દર્શાવતા હતા. તેમનો દૃઢ મત હતો કે, બ્રિટિશ રાજ્યને સ્થિર રાખવાના ખરા માર્ગ દર્શાવવા અને રાજા તથા પ્રજાની ખરી સેવા બજાવવી એજ ખરી રાજભક્તિ છે, અને તે ધોરણ અને નીતિને અનુસરીને એમણે છેવટ સુધી સતત પ્રયાસ અને પ્રયત્ન કરેલા હતા. રાજકીય બાબતમાં તેમના વિચાર આગળ પડતા હતા. લૉર્ડ રિપનની કારકીર્દીનું તથા સ્વરાજ્યનું લોકને ખરૂં રૂપ દર્શાવવામાં તેમજ નેશનલ કોન્ગ્રેસ સંબંધે લોકોને પૂર્ણ રીતે માહિતગાર કરવામાં તેમણે ઘણી મહેનત લીધી હતી; વળી સુખદાયી સંસાર સુધારાના હિમાયતી તેમજ ખરી ધાર્મિક વૃત્તિ માટે લાગણી ધરાવનારા હતા; "સત્ય અને ન્યાય-

માર્ગે વર્તમાન પત્ર ચલાવવું, દરેકને ન્યાય આપવો, 'ગુજરાતી' મારો પ્રાણ છે, મારો આત્મા છે"–એ સૂત્રો ધ્યાનમાં રાખીને શ્રીયુત ઇચ્છારામ પોતે તે પત્ર ચલાવતા હતા, અને તેનીજ વૃદ્ધિ થાય અને તે લોકપ્રિય થાય અને રહે તેવુંજ સતત ચિંત્વન કર્યા કરતા હતા.

**'ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ'** કાઢીને તેમણે **'ગુજરાતી'** વર્તમાન પત્રને ઉત્કૃષ્ટ સ્થિતિએ પહોંચાડેલું, અને લોકોને વાંચનનો શોખ વધારેલો; તેની સાથે સાહિત્યના વિષયના ઉપયુક્ત ગ્રંથો મૂળ–નવીન–તથા ભાષાંતરો–પ્રકટ કરી ગુજરાતી ભાષાની સેવા ઉત્તમ રીતે બજાવી છે અને ગુર્જર પ્રજાને અગત્યનું સાધન પૂરૂં પાડ્યું છે. બૃહત્ કાવ્યદોહનના આઠ ભાગ, મહાભારત, રામાયણ, શ્રીમદ્ ભાગવત, પ્રેમાનંદનું કાવ્યબદ્ધ ભાગવત, ગીરધરનું કૃષ્ણ ચરિત્ર, શ્રીમદ્ ભગવદ્ગીતા, ઐતિહાસિક અને સાંસારિક વાર્તાઓનાં પુસ્તકો, નીતિના ગ્રંથો, કથાસરિત્સાગર, પંચદશી વગેરે વેદાન્તના ગ્રંથો, નરસિંહ મહેતા અને પ્રેમાનંદનાં કાવ્યોના સંગ્રહો વગેરે પ્રકારનું અનેક દેશી સાહિત્ય એમના જાતિ પ્રયાસ, ખંત અને ઉત્સાહથી 'ગુજરાતી' પ્રેસ દ્વારા બહાર પડેલું છે. તેવા એકંદર ગ્રંથો લગભગ ૧૫૦ ને સુમારે થાય છે, એટલે 'ગુજરાતને એક નાની જેવી લાઇબ્રેરી ભરાય એટલાં પુસ્તકો ભેટ કરેલાં છે.' સાંસારિક, જ્ઞાતિવિષયક, અને ધાર્મિક બાબતમાં તેમના વિચાર ઘણા ઉદાર હતા. બાળક બાળકીને કેળવીને મોટી વયે લગ્ન કરવાની તેમજ બીજી ઘણી બાબતની પેહેલ પોતાની ન્યાતમાં કરનાર તે પોતેજ હતા. પોતાના જ્ઞાન અને વિશાળ વાંચન તથા અનુભવ ઉપરથી શ્રીયુત ઇચ્છારામે જાતેજ ગુંથેલા અને રચેલા **ચંદ્રકાન્તના** ત્રણ ગ્રંથો, વેદાંત જેવો વિષય છતાં તેની સરલ ભાષા, વિષય સમજાવવાની યુક્તિ, બોધ વગેરે કારણોથી, ઘણાજ લોકપ્રિય થયલા છે અને તેનાં મરાઠી તથા હિંદીમાં ભાષાન્તર થયલાં છે. તા૦ ૫ મી ડિસેમ્બર, ૧૯૧૨ ના રોજ તેમણે આ સંસારનો ત્યાગ કર્યો હતો,

પરંતુ શરીરની અસ્વસ્થતા છતાં છેવટ સુધી પોતાના અનેક દેશી કાર્યો અને અનેકાનેક પ્રવૃત્તિઓમાં તે મશગુલ રહેતા હતા. એમના સ્વર્ગવાસની નોંધ 'બુદ્ધિ પ્રકાશ' ના ૧૯૧૨ ના ડિસેમ્બરના અંકમાં લેવામાં આવેલી, તેમાંના કેટલાક ઉદ્‌ગારો અને વાકયો નીચે ટાંકવામાં આવે છેઃ–

"અનેક વિધના એકબીજાથી વિરૂદ્ધ જતા વિચારો અને લાગણીઓવાળા તોફાની વાતાવરણની વચ્ચે વર્તમાન પત્રના અધિપતિને મક્કમ થઈ ઉભા રહેવું પડે છે. આ બધી બાબતોમાં રા. ઇચ્છારામ યોગ્ય નર હતા, એમ કવિવર નર્મદાશંકરે કહ્યું હતું, અને ખરેખર તે કવિવરનાં વચનોને ઇચ્છારામે પોતાના જીવનમાં લોકોને સત્ય કરીનેજ બતાવી આપ્યાં છે. પારસીઓ, મુસલમાનો, અંગ્રેજો અને મરાઠાઓ એકકે અવાજે રા. ઇચ્છારામના જીવતાં જીવંત કબુલ કરી ગયા છે કે ગુજરાતમાં 'ગુજરાતી'પત્ર એક આગેવાન પત્ર છે, અને તેનો સુકાની એક ખરેખરો બાહોશ નર છે.× × × ×'ગુજરાતી'ને લીધે પ્રેસ છે અને બધું છે, અને 'ગુજરાતી' મારો પ્રાણ છે, એમ તેઓ કહેતા અને તેની પ્રતિષ્ઠા, તેની અભિવૃદ્ધિ અને તેની લોકપ્રિયતા વધારવામાં કશી પણ કમીના રાખતા નહીં. 'ગુજરાતી' એમનો આત્મા અને 'ગુજરાતી'ને લઈ એમની સર્વ પ્રવૃત્તિઓ હોવા છતાં પણ તેઓ બીજાં અનેક કામ કરતા હતા.× × × ×વર્તમાન પત્રદ્વારા, પુસ્તકોદ્વારા, પ્રેસદ્વારા, અને પોતાના બધાજ વ્યવસાયોદ્વારા રા. રા. ઇચ્છારામે આખો જન્મારો સાહિત્યસેવા બજાવવામાં ગાળ્યો છે. રા. ઇચ્છારામે ગુજરાતમાં વિવિધ શાખાઓવાળું જ્ઞાન પ્રસારવામાં છેલ્લાં ૩૩ વર્ષ દરમિયાન જે ખંતથી કામ કીધું છે, તે ગુજરાતથી લાંબે કાળે પણ વીસરાય તેવું નથી, તેમ તેનો બદલો વળાય તેમ પણ નથી. ગુર્જર સાહિત્યના ક્ષેત્રમાં અને વર્તમાન પત્રના વિષમ–કાંટાવાળા માર્ગમાં ગુજરાતને રા. રા. ઇચ્છારામની ખરેખર ખોટજ પડી છે.× × × ×

"રા. રા. ઇચ્છારામ સૂર્યરામ દેશાઇએ જેમ તેમનાં કાર્યોથી પ્રજાની પ્રીતિ મેળવી છે તેમ તેમના સ્વભાવે અને શીલે પણ જેઓ તેમના પરિચયમાં ગયેલા, તેમની પૂર્ણ પ્રશંસા મેળવેલી અમારા જાણવામાં છે. તેઓ સાદા નિખાલસ મનના કોઇને પણ સાંભળનાર અને હમેશ હસતે મુખે રહેનાર–એક સુરતી–ગુલાબી નર હતા અને કોઈ પણ બાબતમાં તેવીજ રમુજી રીતે સૌ સાથે હળી મળી જતા. તેમનો સ્વભાવ ગુણ પક્ષપાતી હતો તોપણ તેઓ બીજાઓ પ્રતિ દયા અને ક્ષમાની વૃત્તિથી જોનાર અને વર્તનાર હતા; તેમના સ્વભાવનું ગાંભીર્ય સઉથી વધારે ઉચ્ચ ગુણમાંનો તેમનામાં રહેલો એક મુખ્ય ગુણ હતો. પરોપકાર, દયા અને અંગીકૃતનું સદાજ પરિપાલન કરવાનો તેમનો ગુણ તેમના ધંધામાં તેમના વિજયનું મુખ્ય કારણ થઈ પડેલો હતો. ક્રોધ તેમને બહુજ ઓછો હતો અને નાનાં મોટાં સર્વ પ્રતિ તેમનો વિનય બીજાઓને તેમને વશ કરાવી દે એવો હતો. તેઓ એવા ઉદ્યોગી હતા કે પોતાના ટેબલ ઉપર બેસી કામ કરતાં રાત્રિના કલાકોના કલાકો કાઢી નાંખતા. પ્રુફ વાંચવા જેવું કોઈને પણ કંટાળો આપે એવું કામ પોતાને ત્યાં ઘણાએ નોકરો હોવા છતાં મરણ પર્યંત તે જાતેજ કર્યા કરતા હતા અને જ્યારથી છાપખાનાનું જીવન શરૂ કર્યું ત્યારથી તેમણે એવો નિયમ રાખેલો હતો કે એક અક્ષર પણ તેમની આંખ તળેથી નીકળ્યા વગર છપાય નહિ. આવો ઉદ્યોગ, ખંત અને કાળજી તેમનાં પુસ્તકો જોતાં કોઇને પણ પ્રતીત થયા વગર રહે તેમ નથી."

[૭૪–૯] **ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર**–(૧૮૨૦–૧૮૯૧)–એમનો જન્મ બંગાળાના હુગલી જીલ્લામાં થયો હતો. એમના પિતાની સ્થિતિ ગરીબ હોવા છતાં એમને કેળવણી આપવાને સારો પ્રયત્ન થયો હતો. એ એક સારા લેખક, વિદ્વાન્ અને પરોપકારી ગૃહસ્થ હતા. વિધવાવિવાહ તથા પુનર્લગ્નના સંબંધમાં તેમણે ઘણો પ્રયાસ કરેલો હતો. તેમણે પોતે પુનર્લગ્ન કર્યું હતું, અને પોતાના પુત્રને

પણ એક વિધવા સાથે પરણાવ્યો હતો. વિધવા પુનર્લગ્નનો કાયદો એમના પ્રયાસથી પસાર થયો હતો. સરકારી નોકરી છોડ્યા પછી એમના તરફથી જૂદાં જૂદાં પુસ્તકો અને લેખો બહાર પડતાં તેમાંથી એમને માસિક ઘણું સારૂં ઉત્પન્ન થતું હતું. એ પોશાક ઘણો સાદો પહેરતા, અને જુના વખતના એક આદર્શ બંગાળી પંડિત જેવા હતા. આત્મભોગ અને હિમ્મત રાખવાનો ઘણો ઉત્તમ દાખલો એમણે બેસાડેલો છે. એઓ એક ખરા સ્વદેશાભિમાની, અને દયાળુ-ઉદારવૃત્તિના મહાપુરૂષ હતા. એમણે પોતાના ગામમાં એક અંગ્રેજી શાળા અને એક દવાખાનું પોતાને ખરચે ઉઘાડેલાં છે. તેમજ વિધવા, અનાથ અને દુઃખી માણસોને મદદ કરવામાં ઘણા પૈસા ખરચતા હતા. બંગાળામાં ઘણી આબાદ સ્થિતિમાં ચાલતી મેટ્રોપોલીટન કોલેજ એમણે સ્થાપી હતી. વળી સંસ્કૃતમાં એ એક્કા હતા. પોતાની માતૃભાષા બંગાળીના સાહિત્યનો વધારો તથા ફેલાવો કરવા એમનો ઘણો પ્રયાસ હતો. સન ૧૮૯૦ માં એ સી. આઈ. ઈ. થયા હતા.

[૬૦-૫] **એડીસન ટોમસ અલ્વા**-એ અમેરિકાના વતની છે. એમનો જન્મ સન ૧૮૪૭ માં થયો હતો. સન ૧૮૬૯ માં ન્યુ યોર્કમાં આવી વસ્યા હતા. શરૂઆતમાં એ વર્તમાનપત્રો વહેંચવાનું કામ કરતા હતા, અને પછી વિજળીના તાર યંત્ર ઉપર કામ કરવા રહેલા હતા. આ પછી વિજળીના પ્રયોગો કરી તારથી સંદેશા મોકલવાના જૂદાં જૂદાં અતિઉપયોગી યંત્રોની તથા ફોનોગ્રાફ, વિજળીના દીવા વગેરેની શોધ એમણે કરેલી છે; અને હજી આવા પ્રયોગ કરવામાં રાતદિવસ રોકાયલા રહે છે અને ખંત રાખે છે.

[૭૫-૯] **એરિસ્ટોટલ**-(ઇ. સ. પૂર્વે ૩૮૪-૩૨૨)-ગ્રીક તત્ત્વજ્ઞાનીઓ પૈકી એ ઘણાજ નામાંકિત હતા. પ્લેટોના એ શિષ્ય હતા; પાછળથી એલેક્ઝાન્ડર મોટા-સિકંદરના-તે ગુરૂ થયા હતા. એથન્સમાં એમણે તત્ત્વજ્ઞાનની ફરતા ફરતા શિક્ષણ આપવાની શાળા સ્થાપી

હતી, તેને લીધે લોકો વિચાર કરવામાં ઘણા આગળ વધ્યા હતા. એમણે ન્યાય શાસ્ત્ર, પદાર્થ વિજ્ઞાન, ચૈતન શાસ્ત્ર, ભાષાજ્ઞાન વગેરે ઉપર ગ્રંથો લખેલા છે.

[૮૭–૪] **કર્નલ હેન્રી સ્ટીલ ઓલ્કોટ**—આ ગૃહસ્થ અમેરિકાના વતની હતા, અને લશ્કરી ખાતામાં નોકરી કરતા હતા. ઘણાં વર્ષ સુધી પોતાના દેશની સેવા બજાવી, પછી મેડમ બ્લાવાટ્સ્કીના સમાગમમાં આવ્યાથી સન ૧૮૭૫ માં થિઓસોફિકલ સોસાઇટી સ્થાપી, અને તેના પ્રમુખ થયા હતા. મદ્રાસમાં આવી ત્યાંના અંત્યજો (પંચમ વર્ગ)ને કેળવણી આપવાનું કામ પહેલવહેલું એમણે હાથ ધર્યું, તેમજ હિંદુસ્તાનના યુવાન વર્ગમાં ધાર્મિક કેળવણીનો ફેલાવો કરવાનો પહેલ વહેલો એમણે પ્રયત્ન કર્યો હતો. મદ્રાસમાં આવેલા અધારમાં જુના હસ્તલિખિત ગ્રંથોની લાઇબ્રેરી એમણે સ્થાપી છે; આ લાઇબ્રેરી આખી દુનિયામાં જાણીતી થયેલી છે. એમણે સીલોનમાં બુદ્ધધર્મ માટે શાળાઓ અને મહાવિદ્યાલયો કાઢી એ ધર્મનો ત્યાં ફરીથી ઉદ્ધાર કર્યો હતો અને તેના મહાન્ ધર્મગુરૂની પ્રીતિ સંપાદન કરી હતી એવું કહેવાય છે.

[૭૫–૫] રા. બા. **કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી**, બી. એ.—એમનો જન્મ સુરતમાં સન ૧૮૫૭ માં થયો હતો. જ્ઞાતે વડનગરા નાગર બ્રાહ્મણ છે. જૂદે જૂદે ઠેકાણે નોકરી કર્યા પછી છેવટના ભાગમાં અમદાવાદ પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના પ્રિન્સિપાલનો ઓદ્ધો ભોગવી હાલ વાનપ્રસ્થ થયા છે. તેમનું સંસ્કૃત જ્ઞાન ઉંચા પ્રકારનું છે, અને તેથી તેમણે કેટલાક સંસ્કૃત ગ્રંથો મુંબઈ ઇલાકાના કેળવણીખાતા માટે સંશોધન કરી આપ્યા છે (ભટ્ટિકાવ્ય, રેખાગણિત, એકાવલી, પ્રતાપરૂદ્રયશોભૂષણ, ષડ્ભાષાચન્દ્રિકા); વળી તેમણે કેટલાક સ્વતંત્ર ગ્રંથો રચ્યા છે તથા ભાષાન્તરો કરેલાં છે (સંસ્કૃત પ્રથમ તથા દ્વિતીય પુસ્તક, કર્તવ્ય, ઇંગ્લાન્ડની ઉન્નતિનો ઇતિહાસ, સંસ્કૃત શિક્ષિકા, શિક્ષણશાસ્ત્રના મૂળ

તરત, સંસ્કૃત ટીચર વગેરે). ગુજરાતી ભાષાની ઉન્નતિ માટે એમનો પ્રયાસ ઘણો સારો છે. ગુજરાત શાળાપત્રના અધિપતિ તરિકે તેમાં એમણે ઘણા ઉપયુક્ત વિષયો લખેલા છે. હાલમાં ગુજરાતી ભાષાના વ્યાકરણના ત્રણ ભાગ તેમણે તૈયાર કરેલા છે. યુનિવર્સિટીની ઉપલી પરીક્ષાઓમાં સંસ્કૃત તથા ગુજરાતીના પરીક્ષક તરિકે પણ તેઓ નિમાય છે.

[૬૨-૪] **શેઠ કરસનદાસ માધવદાસ**-એ જ્ઞાતિએ વીશા નાગર વાણિયા છે અને મુંબઇના વતની છે. એમની ઉમ્મર હાલ લગભગ ૮૦ વર્ષની છે. એ ઘણાજ બાહોશ રૂના વેપારી હતા, અને તેમાં એક વખત સારો પૈસો પેદા કર્યો હતો. વેપારને અર્થે એમણે રા. રા. રામચંદ્ર બાળકૃષ્ણજી તથા મુંબઇના કપોળ વણિક જ્ઞાતિના રા. રા. કરસનદાસ મૂળજીને પોતાને ખરચે સને ૧૮૬૩ માં ઇંગ્લાન્ડ મોકલ્યા હતા; અને તે ત્યાંથી પાછા ફર્યા ત્યારે એક સુધારક તરીકે તેમની કુમકે રહ્યા હતા; આથી તેમને કેટલુંક કષ્ટ સહન કરવું પડ્યું હતું ખરૂં. રૂના વેપારમાં તથા સટ્ટામાં તેઓ જ્યારે આગળ પડેલા હતા તે વખતે તેમની સલાહ લેવા તથા તેમના આશ્રયથી પૈસા કમાવા અનેક માણસોની એમને ત્યાં ડડ ઝામતી હતી; ધન પ્રાપ્ત કરી તેનો સદુપયોગ પણ સારી રીતે તે કરતા હતા. અનેક માણસો તેમની મદદથી ધનવાન થયા હતા, અને તેઓ ગુણી તથા વિદ્વાનના ગુણગ્રાહી હોવાથી કવિ નર્મદાશંકર લાલશંકરને તેમણે ઘણે પ્રસંગે ખરેખરી નાંણાની મદદ કરી હતી. શેર સટ્ટાના સપાટામાં તેમને નુકસાન લાગેલું તેવા બારિક સમયમાં 'કવિએ તેમને ઘણી ધીરજ આપેલી. મુંબઇ યુનિવર્સિટીના એ 'ફેલો' પણ હતા. આ વ્યાપારવણજમાં શુરા અને બાહોશ તથા ઉદાર ચિત્ત નર, જેમણે મુંબઇમાં નામ કાઢયું હતું, તે હાલ મુંબઇમાંજ રહે છે

[૭૧-૩] **કરસનદાસ મૂળજી**-( સન ૧૮૩૨ થી ૧૮૭૧)-એ કપોલ જ્ઞાતિના વણિક હતા. મુંબઇ શહેરમાં એક ચુસ્ત સંસાર-

સુધારક અને દૃઢ મનના હોવાથી અનેક પ્રકારની અડચણો સામે એમણે બાથ ભીડી હતી. મુંબઇમાં 'મહારાજ લાઇબલ કેસ'માં મુખ્ય સંબંધ એમનો હતો. જૂદી જૂદી જગ્યાએ નોકરી કરીને વિશાનાગર વાણિયા શેઠ કરસનદાસ માધવદાસ તરફથી વેપાર અર્થે એ ૧૮૬૩ માં ઇંગ્લાન્ડ ગયા હતા. વિલાયત જનાર ગુજરાતી ગૃહસ્થોમાં એ ત્રીજા હતા. ત્યાંથી પાછા ફર્યા ત્યારે એમની સાથે રહેનારા ગૃહસ્થોમાં મુખ્ય શેઠ કરસનદાસ હતા. પાલિતાણાના કામ સંબંધે જૈન કોમના તરફથી એ ૧૮૬૭ માં બીજી વખત ઇંગ્લાન્ડ ગયા હતા. ત્યાંથી આવ્યા પછી રાજકોટ અને લીમડીમાં એમણે નોકરી કરી હતી. મુંબઇમાં શેઠ માધવદાસ રઘુનાથદાસ અને બાઈ ધનકોર, જે બન્ને કપોળ જ્ઞાતિનાં હતાં, તેમનું પુનર્લગ્ન કરાવવામાં એમનોજ પ્રયાસ હતો. એ એક સારા લેખક હતા. 'સત્યપ્રકાશ' વર્તમાનપત્ર એમણે મુંબઈમાં કાઢ્યું હતું, જે પાછળથી 'રાસ્તગોફ્તાર' સાથે જોડાઈ ગયું હતું. આ શિવાય અનેક ચોપાનિયાં અને વર્તમાનપત્રોમાં તેઓ લેખ લખી મોકલતા હતા. બીજા અનેક વ્યવસાયો છતાં પુસ્તકો લખવા છપાવવાની પણ એ મહેનત લેતા હતા, તેમાં નીતિ વચન, સંસારસુખ, કુટુંબમિત્ર, ઇંગ્લાન્ડમાં પ્રવાસ—એ મુખ્ય છે.

[૮૮–૪] રા. રા. **કાઠવાટે વિષ્ણુ આબાજી**, બી. એ.—એ દક્ષણી બ્રાહ્મણ હતા. સંસ્કૃતનો અભ્યાસ ઘણો સારો હોવાથી તેમને અમદાવાદની ગુજરાત કોલેજમાં સંસ્કૃતના પ્રોફેસર તરિકે નિમવામાં આવ્યા હતા. આ જગ્યાએથી તેમની પુના ડેકન કોલેજમાં અને ત્યાંથી મુંબઇની એલ્ફિન્સ્ટન કોલેજમાં બદલી થઈ હતી. તે સ્વભાવે મિલનસાર તથા લોકોપયોગી કામોમાં આગળ પડતો ભાગ લેતા હતા.

[૯૦–૫] **એન્ડ્રુ કાર્નેજી**—અમેરિકાના કરોડાધિપતિ, લોખંડના (સ્ટીલના) મોટા કારખાનાવાળા, તથા દાનવીર. એમનો જન્મ સ્કોટ-

લાન્ડમાં સન ૧૮૩૭ માં થયો હતો. નાની વયમાંજ એ એમના પિતા સાથે અમેરિકા ગયા હતા. શરૂઆતમાં એમણે હલકા પ્રકારની નોકરી કરી હતી. પછી પેન્સિલ્વેલિયામાં આગગાડીના પાટા નાખવા તથા સડક કરવાના કામમાં સુપરિન્ટેન્ડન્ટ તરીકે નિમાયા હતા. પછી કેટલાક તેલના કુવાઓના કામમાં જોડાયા હતા, જેમાં એમણે ઘણા પૈસા પેદા કર્યા હતા. ત્યારપછી કાર્નેજીએ લોખંડનાં કારખાનાં ઉભાં કરેલાં, જેમાં વીસ હજાર માણસ રોકેલાં હતાં; છેવટ કરોડો રૂપિયાની પુંજી કરી, ૧૯૦૧ માં નિવૃત્ત થયા છે. એમણે સ્કોટલાન્ડની યુનિવર્સિટીઓમાં તથા સ્કોટલાન્ડના વતનીઓને શિષ્યવૃત્તિ આપવા માટે ૩ કરોડ રૂપિયાનું 'ટ્રસ્ટ' કરેલું છે. એમણે અનેક લાઇબ્રેરીઓને મદદ કરી છે તથા બીજાં ઘણાં ધર્માદાનાં કાર્યો કર્યાં છે અને હજુ કરે છે.

[૧૭૨–૬] ન્યા. **કાશિનાથ ત્ર્યંબક તેલંગ**–જુઓ **તેલંગ કા.ત્ર્યં.**

[ ૮૯–૩ ] **લૉર્ડ કીચનર**–'ખારટૂમના વાઇકાઉન્ટ કીચનર'–એમનો જન્મ સન ૧૮૫૦ માં થયો હતો. સન ૧૮૭૧માં એ લશ્કરી ખાતામાં જોડાયા હતા. બ્રિટીશ રાજ્યના લશ્કરે દુનિયાના ઘણા ભાગોમાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં જે જે જીત મેળવી છે, તેમાં લૉર્ડ કીચનરની કારકીર્દી ઘણી ઝળકતી નિવડી છે. સાઇપ્રસ, હિંદુસ્તાન, ઇજીપ્ત અને દક્ષિણ આફ્રિકામાંનું એમનું કામ ઘણું યાદ રહે એવું જણાયું છે. સન ૧૯૦૨ થી ૧૯૦૯ સુધી એ હિંદુસ્તાનમાં કમાન્ડર–ઇન–ચીફ–લશ્કરી ખાતાના શ્રેષ્ઠ અધિકારી હતા. ખલીફા અને બોઅરની સામે લડવામાં એમની બહાદુરી અને હોંશિયારી બદલ એમને અમીર પદ મળેલું છે, અને એંસી હજાર પાઉન્ડની બક્ષિસ આપવામાં આવી હતી. હાલમાં યુરોપમાં જર્મની સાથે લડાઈ ચાલે છે, તેની સઘળી વ્યવસ્થાનું કામ એમને સુપરત થયેલું છે.

[૮૮-૪] ડા. **એફ. કીલહોર્ન**—આ ગૃહસ્થ જર્મનીના વતની હતા. ત્યાંથી મુંબઈ ઇલાકામાં સંસ્કૃતના અધ્યાપક તરિકે તેમને લાવવામાં આવ્યા હતા, અને પુનાની ડેકન કોલેજમાં સંસ્કૃત અભ્યાસના સુપરિન્ટેન્ડન્ટ તરિકે લાંબી મુદ્દત નોકરી કરી સને ૧૮૮૧ ની સાલમાં નિવૃત્ત થયા હતા. એમણે દેશી વિદ્યાર્થીઓને સંસ્કૃત અભ્યાસ માટે અનુકૂળ થાય તેવું સંસ્કૃત વ્યાકરણ સને ૧૮૭૦ માં પ્રગટ કર્યું હતું.

[૭૯-૭] **કુમારિલ ભટ્ટ**—એ બંગાળા તરફના બ્રાહ્મણ હતા. વેદમાં કહેલાં યજ્ઞ વગેરે કર્મ કરવાંજ જોઇએ એવો ઉપદેશ એમણે ચલાવ્યો હતો. એમણે બંગાળાના રાજાને બ્રાહ્મણ ધર્મમાં લાવી તેની મારફત બૌદ્ધ ધર્મનું બળ ઘણું તોડ્યું હતું.

[૮૭-૪] **કેશવ ચન્દ્ર સેન**—(સન ૧૮૩૮-૧૮૮૪) એ બંગાળી બાબુ હતા. નાનપણમાંથી અભ્યાસ કરતાં તેમની તીક્ષ્ણ બુદ્ધિ જણાઈ હતી. તે સન ૧૮૫૮ માં બ્રહ્મોસમાજના સભાસદ તરિકે જોડાયા હતા, અને સમાજનું સર્વ કામ તેમને સોંપાયું હતું. તેમણે જાતિભેદનો ત્યાગ કરી, નાની બાળકીઓ અને મોટી સ્ત્રીઓની એકત્ર શાળા કાઢી તેમને કેળવણી આપવા માંડી હતી, મજુર લોકોને સારૂ રાત્રીશાળાઓ કાઢી હતી, અને ગામડાંમાં ધર્મોપદેશકોને મોકલવા ગોઠવણ કરી હતી. તેમણે બ્રાહ્મધર્મ, વિધવાવિવાહ, બાળલગ્ન વગેરે બાબતોપર ભાષણો આપ્યાં હતાં. સન ૧૮૭૦ માં ઇંગ્લાંડ જઈ ત્યાં એક વક્તા અને સાધુ તરિકે મોટી નામના મેળવી હતી. તેમને મહારાણી વિકટોરિયાએ ખાસ આમંત્રણ કરી પોતાની સાથે ભોજન લેવાનું મોટું માન આપ્યું હતું. હિંદુસ્તાનમાં આવ્યા પછી પણ તેમણે સારૂં માન મેળવ્યું હતું.

[૫૩-૧૧] **ગંગ**—એ અકબર બાદશાહની રાજસભામાં નામાંકિત કવિ હતો. એ ઇટાવા જીલ્લામાં રહેતો હતો, અને જ્ઞાતિએ બ્રહ્મ-

ભાટ હતો. પોતાના બુદ્ધિબળથી તથા કવિત્વ શક્તિથી બાદશાહનું મનરંજન કરતો, અને તેથી તેનો માનિતો થયો હતો.

[૫૮-૬, ૬૦-૨] **પંડિત ગટ્ટુલાલજી**-(૧૮૪૫-૯૮)-એમનું મૂળ વતન પૂર્વ રજપુતાનામાં આવેલું કોટા શહેર હતું. એમના પિતાનું નામ ઘનશ્યામ અને માતાનું નામ લાડુ બેટીજી હતું. એ જ્ઞાતિએ તૈલંગ બ્રાહ્મણ હતા. પંડિત શ્રીનાં ભાનુદત્ત અને ગોવર્ધન શર્મા એ બે નામ હતાં, અને ગટ્ટુલાલજી ઉપનામ હતું. નવમે વર્ષે શીતલા આવ્યાથી તે આંખે અપંગ થયા હતા. પછી તેમના પિતા તેમને વિદ્યાભ્યાસ કરાવતા હતા, અને છ માસમાં સંસ્કૃતમાં બોલવા લાગ્યા, તથા નવમું વર્ષ પૂરૂં થતાં તે શ્લોક કરવા લાગ્યા હતા. તેર વર્ષની વયે તેમણે રૂક્મિણી ચમ્પૂ નામનું ગદ્યપદ્યાત્મક કાવ્ય રચેલું હતું. અઢારમે વર્ષે કાશીમાં એમને શીઘ્રકવિ અને શતાવધાનીનાં પદ મળ્યાં હતાં. આ ઉપરાંત જૂદાં જૂદાં વિદ્વાન્ મંડળે તથા પંડિતોએ એમને 'પંડિત', 'ભારતમાર્તંડ', અને 'વેદાન્ત ભટ્ટાચાર્ય' એવાં ઉત્તમ અને અદ્વિતીય પદવી અને પદ બક્ષ્યાં હતાં. એ અદ્ભુત શક્તિ ધરાવનારા શીઘ્રકવિ અને શતાવધાની હતા. એમણે અનેક વ્યાખ્યાનો મુંબઇ વેદધર્મસભા વગેરેમાં આપેલાં, તે ઘણાં બોધક અને આકર્ષક હતાં. એમણે ગુજરાતી કવિતાઓ બનાવેલી છે, જેમાંની કેટલીક 'સુભાષિતલહરી' નામથી પ્રગટ થયેલી છે. તેમના ગદ્ય લેખો 'આર્યસમુદય' વગેરે માસિક પત્રોમાં છપાયા છે. તેમણે કચ્છમહોદય તથા વલ્લભ સંપ્રદાય સંબંધી પણ અનેક લેખ લખ્યા છે. આ ઉપરાંત વેદાન્ત ચિન્તામણી, સત્ સિદ્ધાન્ત માર્તંડ, તથા ૩૦૦૦૦ શ્લોકના પૂરનો મારૂત શક્તિ નામનો પ્રૌઢવાદ ગ્રંથ, વગેરે પુસ્તકો રચ્યાં છે. સમસ્યાપૂર્તિમાં તેઓ અદ્વિતીય હતા.

[૭૮-૧૨] શ્રીયુત **ગાંધી મોહનલાલ કરમચંદ**-એમનો જન્મ સને ૧૮૬૯ માં થયો હતો. એ કાઠિયાવાડના પોરબંદરના વતની અને જ્ઞાતિએ મોઢ વાણિયા છે. તે ઇંગ્લાન્ડ જઈ બારિસ્ટરની પરીક્ષા

પસાર કરી આવેલા છે. ત્યાંથી આવી તેઓ મુંબઇમાં વકીલાત કરતા હતા. પોરબંદરની કોઈ પેઢીનો પ્રિટોરિયા કોર્ટમાં કેસ ચાલતો હતો તે કેસ લઈ સને ૧૮૯૩ માં તે દક્ષિણ આફ્રિકામાં ગયા હતા.

હિંદુસ્તાનના મજુરો અને વેપારીઓ પચાસેક વર્ષથી દક્ષિણ આફ્રિકામાં જઈ વસવાટ કરી રહેલા છે, તેમની કેટલીક અડચણો રા. રા. ગાંધીના જોવામાં આવી. તેથી તેમને એની લાગણી થઈ આવી. આવી અડચણો દૂર કરવાને કાયદા કાનુનને અનુસરીને ભારે પ્રયાસ કરવાની જરૂર પડેલી, અને તેમાં તેમણે પોતાનો આત્મભોગ આપી ઘણોજ સ્તુત્ય પ્રયત્ન કરેલો છે. હિંદુસ્તાનના નામદાર વાઇસરોય તથા ઇંગ્લાન્ડ અને દક્ષિણ આફ્રિકાના અધિકારીઓ સાથે લાંબી મુદત મસલત ચલાવી ઘણીક અડચણો તેમણે દૂર કરાવી હતી. આ કાર્ય કરીને તેઓ પાછા હિંદુસ્તાનમાં આવેલા છે. હાલમાં અનેક માર્ગે લોકસેવા કરવામાં તેઓ પોતાનો વખત ગાળે છે. અમદાવાદમાં એમણે સત્યાગ્રહ આશ્રમ સ્થાપેલું છે, તેમાં યુવકોને દાખલ કરી સત્યાગ્રહના નિયમો વગેરેને અનુસરી તેમને કેળવે છે. સ્વભાવે તે ઘણા નમ્ર અને સરલ છે, અને ખાવાપીવામાં તથા પોશાકમાં ઘણા સાદા છે. એમના પિતા તથા વડવાઓ પોરબંદરમાં દિવાન પદપર હતા.

[ ૬૯-૧૦ ] **ગિરધર**-(સને ૧૭૮૭-૧૮૫૨)-વડોદરા રાજ્યના પાદરા તાલુકાના માસર ગામના તે વતની હતા, પણ પાછળથી વડોદરાને વતન કરેલું. જ્ઞાતે દશાલાડ વણિક વૈષ્ણવ હતા. એ ગુજરાતી ભાષાના કવિ હતા. એમણે રાજસૂયયજ્ઞ, તુલસી વિવાહ, કૃષ્ણ ચરિત્ર ( ગોકુળ લીલા વગેરે ), રાધાવિરહ, રામાયણ વગેરે કાવ્યના ગ્રંથો રચ્યા છે. એમાં રામાયણ વિશેષ લોકપ્રિય થયેલું છે. આ કવિ સંસ્કૃત, ગુજરાતી અને હિન્દી ભાષા જાણતા હતા. હિન્દીમાં પણ કેટલાંક પદ એમણે કરેલાં છે.

[૯૧-૨] રા. રા. **ગિરધરલાલ દયાલદાસ કોઠારી**, બી. એ.,

એલ એલ. બી.–એ વણિક જ્ઞાતિના ભરૂચના વતની હતા. મુંબઇમાં રહી સંસાર સુધારાના સંબંધમાં તથા પ્રજા કલ્યાણ માટે બીજા કેટલાક ગૃહસ્થો સાથે ભાષણો આપી, લેખો લખી વગેરે અનેક રીતે આગળ પડતો ભાગ લેતા હતા. 'ડાંડિયો' નામનું પાક્ષિક પત્ર સને ૧૮૬૪ માં મુંબઇમાં કાઢવામાં આવેલું તેમાં એ પણ એક લેખક હતા. સને ૧૮૭૪ માં એમણે 'અબધૂત' નામનું પાક્ષિક પત્ર કાઢ્યું હતું, પણ તેના બે અંક બહાર પડી આશ્રયની ગેરહાજરીમાં સુઈ ગયું હતું. 'ગુજરાતના રાજ સાથે કોલકરાર તથા કબુલત-ભાષાંતર,' રાસેલાસ, તથા પ્રમાણ શાસ્ત્ર નામનાં પુસ્તકો એમણે પ્રકટ કરેલાં હતાં. એ સંવત ૧૯૩૩ (ઇ. સ. ૧૮૭૭)માં ગુજરી ગયા હતા.

[૬૦–૫] **ગેલીલીઓ**–(સને ૧૫૬૪–૧૬૪૨) એ ઇટાલીનો એક મોટો ખગોળવેત્તા હતો. ઘડિયાળના લોલકના ચલન વલન સંબંધી એણે શોધ કરી હતી, અને તે ઉપરથી ખગોળના કામને માટે ઉપયોગી ઘડિયાળ બનાવ્યું હતું. ટેલેસ્કોપ (દૂરબીન) એણે પહેલ વહેલું બનાવ્યું હતું, તે ઉપરથી જૂદા જૂદા ગ્રહોના મધ્યમાં પૃથ્વી નહીં પણ સૂર્ય છે, અને તેની આસપાસ ગ્રહો ફરે છે એવું એણે નક્કી કરેલું; આવા તેના મતને લીધે ઘણા લોકો તેની વિરૂદ્ધ પડેલા હતા, પણ તેમની ટીકા સહન કરી ફ્લોરેન્સમાં રહી નિવૃત્તિના સ્થાનમાંથી પોતાની શોધો કર્યા કરતો હતો.

[૧૦૦–૧] **શેઠ ગોકુલદાસ તેજપાલ**–(સને ૧૮૨૨–૬૭) એ જ્ઞાતિએ ભાટિયા હતા. એમના દાદા કચ્છ કોઠારા ગામના રહિશ હતા, અને એમના પિતા ૧૮૦૨ માં મુંબઈ આવેલા ત્યાં એમનો જન્મ થયેલો. એમની દશ વર્ષની વયે એમના પિતા ગુજરી ગયેલા. તે રૂના વ્યાપારમાં નફો મેળવી રૂ. ૩૦,૦૦૦ ની રકમ મૂકી ગયા હતા. પછી તેમના કાકાએ તેમને ઉછેર્યા હતા, તે પણ ગુજરી ગયા ત્યારે એમની વય ૧૭ વર્ષની હતી; પરંતુ તે અપુત્ર હોવાથી તેમની રૂ. ૬૦૦,૦૦૦ ની દોલત શેઠ ગોકુળદાસને મળી હતી. નાનપણથી

વ્યાપારી દીર્ઘદૃષ્ટિ હોવાથી ઉમ્મરે આવતાં તેમણે વ્યાપાર ધમધોકાર ચલાવ્યો, અને મેળવેલી દોલતમાં ઘણો વધારો કર્યો. સને ૧૮૬૦–૬૪ માં અમેરિકાની લડાઇને લીધે રૂના ભાવ મુંબઇમાં ઘણાજ વધી ગયા હતા તે સમયમાં તેમણે લગભગ સવા કરોડ રૂપિયા ભેગા કર્યા હતા; પાછળથી વ્યાપારે ડેલો મારવાથી તેમાંનો કેટલોક ભાગ તણાઇ ગયો હતો, છતાં એકંદરે તેમની પાસે ઠીક દોલત રહી હતી. તેમની ધાર્મિક વૃત્તિ સારી ખીલેલી હતી. તે એક ખરેખરા પરોપકાર અને જન કલ્યાણ માટે પોતાના દ્રવ્યનો સદ્વ્યય કરનાર ગૃહસ્થ હતા. ભાટિયા જ્ઞાતિમાં પણ તેઓ એક આગેવાન શેઠિયા થઈ પડ્યા હતા. ૪૫ વર્ષની ભરજુવાન વયે તેઓ મરણ પામ્યા હતા, છતાં તેમણે પોતાની હૈયાતિમાં બે લાખ ઉપરાંત રકમ ધર્માદા કરેલી અને પોતાની હૈયાતી બાદ રૂપિયા આઠ લાખ ઉપરાંત ખરચવા વીલ કરેલું હતું. આ દાનવીર ગૃહસ્થે અંગ્રેજી કેળવણી લીધેલી ન હોતી, છતાં દેશીઓને અંગ્રેજી કેળવણી સસ્તે ખર્ચે આપવાને બે નિશાળો કાઢેલી અને હાલ તેમાંની એક તો મુંબઇમાં હાઇસ્કૂલ છે. એમની સખાવત માટે કાઢેલી રકમનો લાંબી મુદત ઉપયોગ થઈ શક્યો ન હોતો તેથી તે વધીને રૂ. ૨૨ લાખ ઉપરાંત થઈ ગઈ હતી, અને તેથી તેના વ્યાજમાંથી હાલ અનેક ધર્માદા સંસ્થા અને ધાર્મિક સંસ્થાઓ તેમજ કેળવણીની સંસ્થાઓ ચાલે છે; આમાં મુખ્ય નીચે મુજબની મુંબઇમાં છે–બોર્ડિંગ સ્કૂલ, સંસ્કૃત પાઠશાળા, કન્યાશાળા, હાઇસ્કૂલ, ગો. તે. હોસ્પીટલ, વગેરે.

[૧૦૩–૩] રાવ બહાદુર **સુજ્ઞ ગોકુલજી સંપત્તિરામ ઝાલા**–(સને ૧૮૨૪–૭૮).–જુનાગઢમાં એક ઉચ્ચ કુળમાં તેઓ અવતર્યા હતા. તેઓ જ્ઞાતિએ નાગર બ્રાહ્મણ હતા. એમના પિતામહ ઇંદ્રજી, જે જુનાગઢમાં દિવાન પદપર હતા, તેમણે એમને વિદ્યા સંપાદન કરાવી હતી, અને તેથીજ તે સ્વાશ્રયી અને સ્વતંત્ર થયા

હતા; વળી આ કારણથીજ એમના પિતાનો કારભાર જવા છતાં, વિદ્યાધનના બળથી રા. ગોકુળજી ઉદય પામી આખા સૌરાષ્ટ્રમાં શ્રેષ્ઠ પદ પામ્યા હતા, અને મહા પુરૂષમાં લેખાયા હતા. એમણે ફારસી ભાષાનો અભ્યાસ કર્યો હતો, અને પછી સંસ્કૃતનો અભ્યાસ કરી મંત્ર અને જ્યોતિષ-એ બન્ને શાસ્ત્રોમાં સારી પ્રવીણતા મેળવી હતી; આ ઉપરાંત વેદાન્તનો અભ્યાસ તેમણે ઘણો સારો કર્યો હતો તથા તેના આગ્રહી ઉપાસક હતા.

રાજ્ય કારભારના અનેક સંજોગોને લીધે, પ્રથમ ગર્ભશ્રીમાન્ હોવા છતાં તેઓ રંક સ્થિતિમાં આવી પડેલા, અને તે કારણથી રૂ. ૧૪–૧૫ના પગારની નોકરી સંવત ૧૯૦૫ માં જુનાગઢના નવાબ સાહેબ પાસે તેમને સ્વીકારવી પડી હતી; પરંતુ તેઓ ઉત્સાહી, ઉદ્યોગી, રાજ્યભક્ત, કર્મનિષ્ઠ, પ્રામાણિક, પ્રતાપી, પ્રસન્ન પ્રકૃતિના, સત્યવાદી એવા અનેક ગુણના અંશવાળા હોવાથી, એ રાજ્યની નોકરીમાં ચઢતાં ચઢતાં સંવત ૧૯૨૭ માં સૌરાષ્ટ્રના આદિ સંસ્થાનમાં ગણાતા જુનાગઢના મુખ્ય પ્રધાન તરિકે નિમાયા હતા. છેવટ સુધી તેઓ દિવાન પદપર હતા. તે દરમ્યાન અનેક પ્રકારના રાજકારભારના પ્રસંગો તેમના જોવામાં આવેલા, અને અનેક મહત્વનાં કાર્યો તેમને કરવાં પડેલાં હતાં. સને ૧૮૭૭ માં સરકાર તરફથી તેમને રાવ બહાદુરનો ખિતાબ મળેલો હતો. ઉપર દર્શાવેલા સદ્ગુણો તેમનામાં જોવામાં આવેલા. તે ઉપરાંત તેઓ જીવનમુક્ત જ્ઞાની જેવા, સ્વાશ્રયી, વિદ્વાન્, જ્ઞાની, બ્રહ્મનિષ્ઠ, સભ્ય, સૌજન્ય અને ગૃહસ્થતાવાળા, કૃપાળુ સ્વભાવના, તેમજ સજ્જનો સાથે સ્નેહ મમતા બાંધવાની ઉત્કંઠાવાળા હતા, અને તેથી તેમના જીવનચરિત્રના કેટલાક પ્રસંગો લોકોને બહુ પ્રકારે ઉત્તેજક, બોધકારક અને સુખદાયક થઈ પડે એવા છે. તેઓ કારભારી છતાં વચનપાલક, સત્યવાદી, સ્પષ્ટવક્તા, મનની, વાણીની અને ક્રિયાની એકરૂપતાવાળા વિરલા ગૃહસ્થ હતા. ગમે તેવી અનુકૂળ કે પ્રતિકૂળ સ્થિતિ હોય તોપણ જે મનુષ્ય સ્વાશ્રય

ઉપર વિશ્વાસ રાખી પ્રથમ વિદ્યાની ઉપાસના કરી તે યથાશક્તિ સંપાદન કરે છે, અને પછી સુલક્ષણવાળા થઈ સન્માર્ગે વ્યાપાર સેવા આદિ ગમે તે ઉદ્યોગ કરી ગૃહસ્થાશ્રમના ધર્મ પ્રમાણે વર્તે છે, તે અંતે ઈશ્વરકૃપાથી સિદ્ધ અને સુખી થાય છેજ, એનું તેઓ એક ઉત્કૃષ્ટ દૃષ્ટાંત પૂરૂં પાડે છે. તેમને વિપત્તિ અને વિરોધ બહુ આવ્યાં હતાં, પણ તેથી મન ભંગ ન થતાં સન્માર્ગે રહી સદાગ્રહ અને શૌર્ય રાખ્યું તો તેમને ઈશ્વરે સહાય થઈ જય આપ્યો હતો. તેમનું અંતઃકરણ જેવું સારૂં હતું, તેવીજ તેમની પ્રસન્ન મુખમુદ્રા પણ બહુ કરી મનોહર અને આનંદદાયક હતી. તેઓ પુરૂષાર્થ સિદ્ધ કરી બહુ સુવાસ મૂકી, સંવત ૧૯૩૫ ના માર્ગશીર્ષ શુદિ ૫, તા૦ ૨૫ મી નવેંબર ૧૮૭૮ ના રોજ વિદેહ કૈવલ્ય થયા હતા. ( રા. રા. મનઃસુખરામકૃત જીવનચરિત્ર ઉપરથી).

[૧૦૩–૩, ૯૮–૧૧] શ્રીયુત **ગોપાલ કૃષ્ણ ગોખલે**–બી. એ., સી. આઈ. ઈ. (૧૮૬૬–૧૯૧૫)–એમનો જન્મ કોલ્હાપુરમાં થયો હતો, અને જ્ઞાતિએ ચિત્પાવન બ્રાહ્મણ હતા. કોલ્હાપુરની રાજારામ કોલેજ તથા મુંબઇની એલ્ફિન્સ્ટન કોલેજમાં અભ્યાસ કરી ૧૮ વર્ષની વયે સને ૧૮૮૪ માં એ બી. એ. માં પસાર થયા હતા. ત્યાર પછી ઇતિહાસ અને અર્થશાસ્ત્રના પ્રોફેસર તરિકે પુનાની ફર્ગ્યુસન કોલેજમાં તે દાખલ થયા હતા, અને આત્મભોગ આપી તે કોલેજના સંબંધની ડેક્કન એજ્યુકેશન સોસાઇટીના નોકર તરિકે ઉત્કૃષ્ટ રીતે કામ કરેલું; ત્યાંજ તે કોલેજના પ્રિન્સિપાલ તરિકે નિમાયા હતા. આ સંસ્થામાં ઠરેલા ધોરણ મુજબ રૂ. ૭૫ ના માસિક પગારથી ૨૦ વર્ષ નોકરી કરી, તેમાંથી રૂ. ૩૦ નું પેન્શન લઈ મુક્ત થયા બાદ જાહેર પ્રજા સેવા બજાવવાનું ચાલુ રાખી તેમાંજ પોતાનું જીવન ગાળતા હતા.

તેમણે તૈયાર કરેલું એક અંકગણિત હાઈ સ્કૂલોમાં ચાલે છે. 'સુધારક' પત્ર પોતાના તંત્રીપદે ચાર વર્ષ એમણે ચલાવ્યું હતું.

પુનામાં એમણે ન્યાયમૂર્ત્તિ માધવ ગોવિંદ રાનાડેનો સત્સંગ કર્યો અને તેમના મુખ્ય શિષ્ય થયા હતા, અને તે જીવ્યા ત્યાં સુધી તેમની નિગેહબાની હેઠળજ સઘળી રાજકીય પ્રવૃત્તિ આદરતા. આવા ગુરુ મળવાથી તથા પોતાની અંતરની લાગણીને લીધે તેમનામાં વિશાળ લોકસેવાના ઉચ્ચ આશય હતા, અને હિન્દ ભૂમિના સાચા અડગ નિષ્ઠાવાન્ નિઃસ્વાર્થી સેવક અને લોકમાન્ય પુત્ર નિવડ્યા હતા.

સને ૧૮૯૭ માં એ પુના સાર્વજનિક સભાના 'કવાર્ટર્લી જર્નલ' ત્રિમાસિક પત્રના તંત્રી થયા હતા, અને પછી તે સભાના સેક્રેટરી થયા હતા. 'ડેક્કન સભા'ના પણ તે ઑનરરી સેક્રેટરી થયા હતા, અને તેને ઘણા સારા ને સંગીન પાયા ઉપર મૂકવા ઘણો પ્રયાસ કર્યો હતો. હિન્દમાં સતત રાજકીય પ્રવૃત્તિ ચલાવવા અને લોકમતને જાગૃત રાખવાના ઉદ્દેશથી હિન્દી યુવાનોને હિન્દી રાજકીય, આર્થિક, સામાજિક પરિસ્થિતિઓથી વાકેફ કરવા એમણે પુનામાં 'સર્વન્ટસ ઑફ ઇન્ડિયા સોસાઇટી'—હિન્દ સેવક સમાજ—નામનું મંડળ સ્થાપવા વિચાર ચલાવી છેવટ તા૦ ૧૨ મી જુન ૧૯૦૫ ના રોજ તેની શરૂઆત કરી હતી, અને મરણ પર્યંત તેના પ્રમુખ તે હતા. સને ૧૮૯૭ માં વેલ્બી કમિશન નિમાયું હતું તેમાં હિંદુસ્તાનના અભિપ્રાય લેવા લાયક અને પ્રતિષ્ઠિત ગૃહસ્થ તરિકે તેમની જુબાની લેવા માટે તેમને ઇંગ્લાન્ડ બોલાવવામાં આવ્યા હતા. સને ૧૯૦૦ ની સાલમાં તે મુંબઇની લેજીસ્લેટિવ કાઉન્સિલમાં નિમાયા હતા, અને તેમાં ઉત્તમ પ્રકારની સેવા બજાવી હતી. ત્યાર પછી સને ૧૯૦૨ માં મુંબઈ તરફથી ચુંટાયલા પ્રતિનિધિ તરિકે વાઇસરોયની—ઇમ્પીરિયલ લેજીસ્લેટિવ કાઉન્સિલમાં એક સભાસદ તરિકે નિમાયલા તે છેવટ સુધી ચાલુ હતા. 'ઇન્ડિયન નેશનલ કોન્ગ્રેસ'—હિન્દી રાષ્ટ્રીય પરિષદ્ સંબંધી વિચારણાના કાર્યમાં સને ૧૮૯૭ થી અગ્ર ભાગ લેતા હતા, અને ૧૯૦૩ માં તે તેના એક જનરલ સેક્રેટરી નિમાયા

હતા; પછી તેની ૧૯૦૫ માં બનારસમાં બેઠક થઇ તેનું પ્રમુખપદ સ્વીકારવા તેમને ઘણો આગ્રહ થયો હતો, તેથી તે સ્વીકારી તે સમયના બારિક પ્રસંગો છતાં તેનું સુકાન ઘણીજ કુનેહ અને બાહોશીથી ચલાવ્યું હતું. સને ૧૯૦૭ માં એઓ ઇંગ્લાન્ડ ગયા હતા; ત્યાં હિન્દી વજીર મી૦ મોરલીની અનેક મુલાકાત લીધી, તેમને હિન્દી પ્રજાની સ્થિતિ, હાજતો વગેરે અનેક બાબતોથી પૂરતી રીતે વાકેફ કર્યા, અને બ્રિટિશ પ્રજા સમક્ષ ૫૦ દિવસમાં તેમણે હિંદુસ્તાનને લગતી બાબતો સંબંધી ઠામ ઠામ ૪૫ જાહેર ભાષણો આપ્યાં હતાં. સને ૧૯૧૨ માં રૉયલ પબ્લિક સર્વિસ કમિશન નિમવામાં આવ્યું હતું તેમાં એક સભાસદ તરિકે એમની નિમણુક થઈ હતી અને તેમાં આગળ પડતો ભાગ લીધો હતો, તથા પોતાના બહોળા અનુભવ, વિશાળ વિચાર વગેરેનો લાભ હિન્દુસ્તાનને મળે એવી આશા બંધાયલી હતી, પરંતુ તે કમિશનનું કાર્ય બધું પૂર્ણ થઈ રિપોર્ટ થતાં સુધી તેઓ હૈયાત રહ્યા નહીં એ ખેદની વાત છે.

નામદાર લોર્ડ કર્ઝને તેમને સી. આઈ. ઇ.નું પદક એનાયત કર્યું હતું. વળી હિન્દી સરકારે નાઇટહૂડનો માનવંતો ખિતાબ એમને એનાયત કરવા ઇચ્છા દર્શાવેલી, પરંતુ તે લેવાની તેમણે ના પાડી હતી. હિંદુસ્તાનના વતનીઓ દક્ષિણ આફ્રિકામાં વસેલા, તેમને પડતી અડચણો સંબંધી જે પ્રશ્ન ઉભો થયેલો તે બાબતમાં જાતે તપાસ કરી માહિતી મેળવવાના ઉદ્દેશથી સને ૧૯૧૨ માં એ દક્ષિણ આફ્રિકા ગયા હતા. આના સંબંધના કાર્યમાં શ્રીયુત ગોખલેનો હિસ્સો કાંઈ નાનો સુનો નથી. આ કાર્યમાં સલાહ આદિનો ટેકો આપવા માટે સત્યાગ્રહી વીરનર રા. મોહનલાલ કરમચંદ ગાંધીને શ્રીયુત ગોખલે પ્રતિ માનબુદ્ધિ ઉપજી અને તેઓ તેમને પોતાના ગુરુ માનવા લાગ્યા.

પ્રાથમિક કેળવણીનો ફેલાવો ઘણોજ થવાની જરૂર છે, અને

હિંદુસ્તાનમાં કોઇ પણ માણસ વગર ભણેલો ન રહેવો જોઇએ, એવી ઉત્કટ લાગણી અને ઉમદા વિચાર શ્રીયુત ગોખલેના હતા, અને તેથી વાઇસરોયની કાઉન્સિલમાં તેમણે ફરજીયાત શિક્ષણનો કાયદો દાખલ કરવા બદલનું બીલ રજુ કરેલું હતું, અને લાંબી મુદત તે સંબંધે ઘણો પ્રયાસ કરેલો હતો.

ધારાસભામાં તેઓ પ્રમાણ અને દલીલો અને આંકડા સાથે પોતાની ચર્ચાઓ એવી તો પ્રભુતા અને સમર્થ બુદ્ધિશક્તિથી ચલાવતા કે હિન્દમાં તેઓ મી૦ રોમેશચંદ્ર દત્તથી બીજી પંક્તિના પ્રમાણભૂત અર્થશાસ્ત્રી ગણાવા લાગ્યા હતા. તેઓ વિદ્યાર્થી જીવનથી ઘણા ખંતીલા અને ઉત્સાહી હતા, તેમની સ્મરણશક્તિ પ્રબળ હતી, અને તે દૃઢ સંવિધાનમાં એક્કા હતા, તેમ શ્રમ-સહિષ્ણુ હતા; તેમનું બુદ્ધિ સામર્થ્ય ઉચ્ચ પ્રતિનું હતું. નિરાશા ઉપજાવનારા અનેક પ્રસંગો તેમને વીત્યા હતા, છતાં દેશ સેવાનો તેમનો ઉચ્ચ આશય તો વધ્યોજ ગયો હતો. તેમના સ્વદેશાભિમા-નમાં નિઃસ્વાર્થપણાનું તત્વ દાખલ થઈ ચુક્યું હતું, અને તેમની આ નિષ્કામતાએજ સરકાર પક્ષના અધિકારીઓનું માન મેળવવામાં અને તેમના અભિપ્રાયો તેમના સ્વીકારને પાત્ર કરવામાં ઉત્તમ ભાગ ભજવ્યો છે. દેશાભિમાની મહાન્ પુરૂષોમાં એ હિન્દના દાદા જેવા એક અગ્રણી હતા. મરણપર્યંત, એટલે તા૦ ૧૯ મી ફેબ્રુઆરી ૧૯૧૫ સુધી, અનેકવિધ ક્ષેત્રમાં તેમણે લોકસેવા, દેશસેવા, રાજ્યસેવા ઉમદા રીતે બજાવી છે; વાસ્તવ નિષ્કામ કર્મયોગીનું જીવન તેમણે ગાળ્યું છે. હિન્દી પ્રજામાં જેમ તેઓ માનનીય મહા પુરુષ હતા તેમ દેશના વહિવટી તંત્રીઓ, વિવેકી અંગ્રેજ રાજપુરુષો, અને ઇંગ્લાન્ડના આગેવાન મુસદ્દીઓ પણ તેમના અનુપમ ગુણો અને શક્તિઓની મુક્ત કંઠે તેમ જાહેર રીતે પ્રશંસા કરી રહ્યા છે. તેમનું દેશસેવામય જીવન હરેક રીતે મનનીય, અનુકરણીય છે, અને વ્યવ-હારમાં પણ સર્વથા આદર્શભૂત છે.

[૪૫-૭] **સાક્ષરશ્રી શ્રીયુત ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી,** બી. એ., એલ એલ. બી.–(સને ૧૮૫૫ ઈ. ૧૯૦૭)–એ નડિયાદના વતની અને વડનગરા નાગર બ્રાહ્મણ હતા. એમનો ગુજરાતી અભ્યાસ મુંબઇમાં, અને અંગ્રેજી નડિયાદ તથા મુંબઇમાં થયો હતો. બી. એ. ની પરીક્ષા પસાર કરી નાણાંનો સંકોચ હોવાથી પોતાના આખા કુટુંબને સ્વતંત્રપણે નિર્વાહ કરવાના ઉદ્દેશથી એમને ૧૮૭૯ થી પાંચ વર્ષ ભાવનગરમાં રહેવું પડ્યું હતું; આ અરસામાં તેઉ ત્યાં દિવાન રા. રા. સામળદાસના ખાનગી અંગ્રેજી સેક્રેટરીનું કામ કરતા હતા અને પોતાનો અભ્યાસ પણ ચાલુ રાખ્યો હતો; વળી આ સમયે કાઠિયાવાડનાં અનેક સંસ્થાનોની કેટલીક માહિતી તથા ત્યાંનો અનુભવ મેળવ્યાં હતાં. સને ૧૮૮૩ માં એલ એલ. બી. ની પરીક્ષા પસાર કરી એટલે એમણે મુંબઈ પાછા આવી ત્યાંની હાઇકાર્ટમાં વકીલાત કરવા માંડી હતી.

શ્રીયુત ગોવર્ધનરામને કૅાલેજમાં હતા ત્યારથી સાહિત્યનો શોખ લાગ્યો હતો, અને તે વખતથી કવિતા કરવાનું શરૂ કરેલું હતું. સ્નેહમુદ્રા એ એમનું જાણીતું કાવ્ય છે; એમણે કેટલાંક નાટકો પણ રચેલાં હતાં, તેમ અંગ્રેજીમાં અને ગુજરાતીમાં જૂદા જૂદા વિષયોના તથા સાહિત્ય સંબંધી અનેક લેખો લખેલા હતા, જેમાંના કેટલાક તો પ્રસિદ્ધ પણ થયા નથી. ગુર્જર પ્રજામાં એમનું નામ જાણીતું થયું અને એમની ખ્યાતિ વધી તે મુખ્યત્વે 'સરસ્વતીચન્દ્ર,' નામની એમની નવલકથાના ચાર ભાગને લીધે જ. આ નવલકથાનો પહેલો ભાગ ૧૮૮૭ માં પ્રસિદ્ધ થયો હતો. આ પુસ્તકથી ગુર્જર પ્રજામાં કાંઇક નવુંજ ચેતન આવેલું જણાયું, અને તેને માટે કાંઈ 'અજબ મોહિની' પેદા થઈ હતી. નવલકથાના બીજા, ત્રીજા અને ચોથા ભાગ અનુક્રમે ૧૮૯૨, ૧૮૯૮ અને ૧૯૦૧ માં પ્રસિદ્ધ થયા હતા. ૪૨ વર્ષની વય પૂરી થતાં સને ૧૮૯૮ ના અક્ટોબર માસમાં લલિતા પંચમીને દિવસે પોતે સૌથી ઇષ્ટ માનેલા એવા વાન-

પ્રસ્થાશ્રમ જેવા આશ્રમનો શ્રીયુત ગોવર્ધનરામે સ્વીકાર કર્યો હતો અને પોતાનો 'નિવૃત્તિ નિવાસ' નડિયાદમાં રાખ્યો હતો. આ નિવૃત્તિમાં કાંઈ ખાનગી કે બહુ અગત્યનું એવું કામ આવે તો તે અનુકૂળતા પ્રમાણે લેવું એવી કબૂલત એમના વૃદ્ધ મુરબ્બીને એમણે આપી હતી, અને તેને અનુસરીને કેટલીક વખત તેવાં કામ તેમને કરવાં પડેલાં હતાં; તે ઉપરાંત 'સમાલોચક' માટે તેમજ બીજા પત્રો માટે તથા સ્વતંત્ર અનેક લેખ, લખાણો, પુસ્તકો, ગુજરાતી, અંગ્રેજી અને સંસ્કૃતમાં લખેલાં, અને તે રીતે સાહિત્યની સેવા ઘણી ઉત્તમ રીતે બજાવી હતી. એમણે 'લીલાવતી જીવનકળા' ૧૯૦૫ માં, અને કવિ દયારામનો 'અક્ષરદેહ' ૧૯૦૬ માં લખ્યાં હતાં. અમદાવાદમાં, ૧૯૦૫ ના જુનની ૩૦ મીએ મળેલી પ્રથમ ગુજરાતી સાહિત્ય પરિષદ્‌ના પ્રમુખ થવાનું સ્પૃહણીય માન એમને મળેલું હતું; પ્રમુખ તરિકે એમણે જે વ્યાખ્યાન ત્યાં આપેલું તેમાં ગુજરાતી સાહિત્યની ઉત્પત્તિથી તે અર્વાચીન કાળ સુધીના એના આખા ઇતિહાસનું સમર્થ દિગ્દર્શન છે, અને ગુજરાતી સાહિત્યના ઇતિહાસ સંબંધી વજનદાર લેખોમાં તે ઉંચું સ્થાન પામ્યું છે.

" 'જીવનની સફળતા માટે તથા દીન ભારતના ઉદ્ધાર માટે નિષ્કામ તથા પ્રવૃત્તિપૂર્ણ વૈરાગ્ય એજ આવશ્યક છે.' એ સિદ્ધાન્ત શ્રીયુત ગોવર્ધનરામે પોતાની નસેનસમાં ઉતાર્યો હતો. ખરેખર, આ સંન્યાસનું જ્ઞાન, તેનો સ્વીકાર તથા તેનું જીવિત સુધી પાલન, એજ ગોવર્ધનરામની કૃતિનું તથા કીર્તિનું ખરૂં રહસ્ય છે." હૃદયની શુદ્ધતા, સ્નેહાળતા, કર્તવ્યનિષ્ઠા, દૃઢતા, ધૈર્ય, સંતોષ, વૈરાગ્ય, સત્યનિષ્ઠા, નિઃસ્વાર્થતા, ઈશ્વરશ્રદ્ધા, એકાગ્રતા, આત્મશ્રદ્ધા, ઉદ્યોગ, અવલોકન કરવાની ખંત, વગેરે અનેક ઉચ્ચ ગુણો તેમના વિશાળ હૃદયમાં સમાયા હતા. "પોતાના લેખો દ્વારા તેમણે ગુજરાતી ભાષાને તથા ગુજરાતી સાહિત્યને અતુલકીર્તિ, અમૂલ્ય પુષ્ટિ, અને ઉચ્ચ સમૃદ્ધિ અર્પી છે. એ એમની અસાધારણ સાહિત્ય સેવા છે. રાષ્ટ્રીય

જીવનનું નિરીક્ષણ કરી તેને ઉચ્ચતર બનાવવું એ એમનું ધર્મ્ય-ભાવથી ગ્રહણ કરેલું જીવનવ્રત હતું—અને તે તેમની નિઃસ્વાર્થ તથા ધર્મ બુદ્ધિથી પ્રેરિત દેશપ્રીતિ દાખવે છે. વળી આધિ, વ્યાધિ તથા ઉપાધિ ત્રણેના સખ્ત તાપ ખમવા છતાં ગોવર્ધનરામનું જીવન એકંદરે ઉચ્ચ પ્રકારની નીતિથી યુક્ત, નિષ્કલંક, વિશુદ્ધિથી અંકિત, પોતે માનેલાં પોતાનાં કર્તવ્યોમાં પરાયણ, અને તે કર્તવ્યો પાળવા માટે અનેક જાતના સ્વાર્પણથી તપોમય બન્યું હતું." આવા મહાન્ પુરુષની જીવનયાત્રા ૧૯૦૭ ની તા૦ ૪ થી જાનેવારીએ સમાપ્ત થઈ અને એમનો પુણ્યાત્મા તેમના દેહને ત્યજી ચાલતો થયો હતો.

[૭૯–૭] **ગૌતમ બુદ્ધ**—એ બૌદ્ધ ધર્મના સ્થાપનાર હતા. ઈ. સ. પૂર્વે ૬૨૩ માં કપિલ વસ્તુ નામનું ગામ, જે હિમાલયની દક્ષિણ તળેટી આગળ કાશીથી ઉત્તરે સો માઈલ ઉપર આવેલું હતું, ત્યાંના શુદ્ધોદન નામના રાજાને ત્યાં જન્મ્યા હતા. નાનપણથીજ બુદ્ધની ધર્મ ઉપર આસ્થા વધારે હતી. ત્રીસ વર્ષની ઉમ્મર થતાં સુધી એ પિતાને ત્યાં રહ્યા હતા. એક સમયે એમણે એક રોગીને જોયો, અને બીજી વખત એક મુડદું જતું જોયું, એ ઉપરથી એમને તીવ્ર વૈરાગ્ય થઈ આવ્યો, અને સંસાર તજી ચાલ્યા જવાનો નિશ્ચય કર્યો. એક રાત્રે છાનામાના પોતાના બાળક પુત્ર (રાહુલ), જુવાન સ્ત્રી (યશોધરા), અને વૃદ્ધ પિતાને તજીને જંગલમાં ચાલ્યા ગયા, એ ઉપરથી બુદ્ધની જબરી આસ્થા, દૃઢતા અને આત્મસંયમ માલમ પડે છે. વનમાં જઈ પોતાનાં રાજ્ય વસ્ત્ર ફેંકી દઈ સાધુનાં વસ્ત્ર પહેર્યાં. કેટલોક વખત સુધી બહાર ફરી તેણે ધર્મશાસ્ત્રોનું અધ્યયન કર્યું. તે પછી પોતાની ૩૬ વર્ષની ઉમ્મરે ધર્મનો ઉપદેશ કરવા માંડ્યો, ત્યારથી બુદ્ધના ધર્મચક્રપ્રવર્તનનો આરંભ થયો. એ હિંદુસ્તાનમાં બૌદ્ધધર્મ સ્થાપન કરી ઇ. સ. પૂર્વે ૫૪૩ માં મહા પરિનિર્વાણ પામ્યા હતા.

[૮૪-૧૦] **ગૌરીશંકર ઉદયશંકર ઓઝા-(ગગા ઓઝા) સી. એસ.આઈ.-સ્વામીશ્રી સચ્ચિદાનંદ સરસ્વતી-(સને ૧૮૦૫-૯૧)** -એમનો જન્મ ભાવનગર પાસે ગોધા ગામમાં થયો હતો, અને જ્ઞાતિએ વડનગરા નાગર ગૃહસ્થ હતા. પ્રથમ તેઓ ભાવનગર રાજ્યમાં હલકી નોકરીપર હતા, પણ પોતાનાં બુદ્ધિ ચાતુર્યથી ધીમે ધીને વધતા ગયા. તેમનું બુદ્ધિબળ તે વખતના ભાવનગરના શ્રી ઠાકોર સાહેબ વજેસિંહજીના જાણવામાં આવ્યું હતું, અને તેથી છેવટ દિવાનપદને તે પામ્યા હતા. એમની દિવાનગીરી દરમ્યાન ભાવનગરના રાજ્યમાં તેમણે ઘણાં મહત્વનાં કામો કર્યાં હતાં. ભાવનગર રાજ્યની દિવાની, ફોજદારી હકુમત અંગ્રેજ સરકાર તરફ હતી; આવી ગયેલી હકુમત ૫૦ વર્ષે તેમણે પાછી મેળવી હતી. ઠાકોર સાહેબ શ્રી તખ્તસિંહજીના સગીરપણામાં તે જોઈન્ટ એડમિનિસ્ટ્રેટર હતા. રાજકોટમાં રાજકુમાર કૉલેજ, ભાવનગર ગોંડળ રેલવે, વગેરે તેમના પ્રયાસથી થયેલાં છે. સને ૧૮૭૭ માં સી. એસ. આઈ. નો માનવંતો ઈલકાબ તેમને દિલ્હી દરબારમાં મળ્યો હતો. સને ૧૮૭૯માં તે દિવાનગીરીના કામમાંથી નિવૃત્ત થયા હતા. તેમને નાનપણથી વેદાન્તનો શોખ હતો. તેમણે સ્વરૂપાનુસંધાન નામનો ગ્રન્થ રચ્યો છે. સને ૧૮૮૬ માં તેમણે ચતુર્થાશ્રમ ગ્રહણ કર્યો, અને સચ્ચિદાનંદ સરસ્વતી નામાભિધાનથી ત્યારના ઓળખાય છે. એ બહુશ્રુત હતા; તથા સમર્થ રાજનીતિજ્ઞ પુરુષો આ દેશમાં થઈ ગયા છે તેમની પંક્તિમાં આ મહાપુરુષની ગણના થાય છે; એમણે જે "અમૂલ્ય સદ્ગુણ સંપત્તિનો વારસો મૂકેલો ગણાય છે તે નીચે પ્રમાણેના છે:-એક નિષ્ઠાપૂર્વક રાજસેવા; અક્ષોભ્યતા; નિર્ભય સ્વભાવ; શાસન સાથે સાધુતા; ઔદાર્ય; રાજનીતિજ્ઞતા; તત્વદૃષ્ટિ."

[૭૧-૩] **વિલિયમ એવર્ટ ગ્લેડસ્ટન**-(સને ૧૮૦૯ થી ૧૮૯૮)-ઓગણીસમા સૈકાના છેવટના ભાગમાં લીબરલ પક્ષના એ એક મોટા રાજનીતિજ્ઞ પુરૂષ હતા. સને ૧૮૩૨ માં તે પાર્લામેન્ટના

એક મેમ્બર (સભાસદ) તરીકે ચુંટાયા હતા. પછી જૂદી જૂદી જગ્યા ઉપર જૂદા જૂદા પ્રધાનોની સાથે રહી કામ કરેલું હતું. ઇંગ્લાન્ડના મુખ્ય પ્રધાન તરિકે પહેલ વહેલા સને ૧૮૬૮ માં નિમાયા હતા. આ પછી ચાર વખત તેમણે મુખ્ય પ્રધાન તરિકે કામ કર્યું હતું. આ અરસામાં બે વખત હોમ રૂલનું બીલ પાર્લામેન્ટમાં એમણે રજુ કર્યું હતું. સન ૧૮૯૩ માં તેઓ વાનપ્રસ્થ થયા, અને ત્યાર પછી પાર્લામેન્ટ સંબંધી કંઈ કામ કરતા નહોતા.

[૯૨-૪] **ડા. રાસ બિહારી ઘોષ**-સી. આઇ. ઇ.-એમનો જન્મ બર્દવાન જીલ્લામાં સને ૧૮૪૫ માં થયો હતો. એમણે ૧૮૬૬ માં એમ. એ.ની અને ૧૮૬૭ માં બી. એલ.ની પરીક્ષાઓ ઉપલે નંબરે પસાર કરી હતી, અને કલકત્તાની હાઇકોર્ટમાં વકીલાત કરવા માંડેલી. આ ધંધામાં પોતાની બુદ્ધિ, જ્ઞાન અને હોશિયારીથી સારી ફતેહ મેળવી હતી. વિશાળ વાંચન અને અધ્યયન તથા અનુભવથી કાયદાનું ઘણું સંગીન જ્ઞાન એમણે મેળવ્યું હતું. હિન્દુસ્તાનના ઘરેણાં-ગિરોના કાયદા સંબંધી એણે 'ટાગોર લેકચર્સ'ની યોજના સંબંધે ભાષણો આપ્યાં હતાં, અને તે ઉપરથી એક પુસ્તક રચેલું તે આખા હિંદુસ્તાનમાં એ વિષયનો પ્રમાણ ગ્રંથ ગણાય છે. એમને કલકત્તા યુનિવર્સિટી તરફથી, લોર્ડ રિપન ચેન્સેલર હતા તે વખતે, ૧૮૮૪ માં 'ડાકટર ઓફ લોઝ'ની ઉંચામાં ઉંચી માનવંતી પદવી આપવામાં આવી હતી. સને ૧૮૮૭ માં એમને બંગાળાની લેજીસ્લેટિવ કાઉન્સિલમાં અને ૧૮૯૧ માં સુપ્રીમ-વાઇસરોયની લેજીસ્લેટિવ કાઉન્સિલમાં સભાસદ તરીકે નિમેલા. આ બન્ને કાઉન્સિલમાં એમણે સરકારને કાયદા કાનુન ઘડવા વગેરેમાં ઘણી મદદ કરી હતી તેમજ લોકહિતના કાયદા ઘડવા ઘડાવા ખંત રાખી સ્વતંત્ર વિચાર અને હિમ્મત દાખવી દેશી પ્રજાને આભારી કરેલી છે. સને ૧૮૯૬ માં એમને સી. આઇ. ઇ. નો ખિતાબ આપવામાં આવ્યો હતો. સને ૧૯૦૭ માં તેમને સુરતમાં ભરાયલી અને

૧૯૦૮ માં મદ્રાસમાં ભરાયલી હિન્દી રાષ્ટ્રીય પરિષદોના પ્રમુખ બનાવી પ્રજા તરફથી યોગ્ય નરને યોગ્ય માન આપ્યું હતું. રાજકીય બાબતમાં તેમના વિચાર ઘણા પુખ્ત અને પ્રજા સમસ્તને આગળ પાડવાની તરફેણના છે. સ્ત્રી કેળવણીના તે હિમાયતી છે. વળી શાસ્ત્રીય શિક્ષણનો ફેલાવો થવાની આવશ્યકતા છે એવો એમનો મત હોવાથી કલકત્તા યુનિવર્સિટીમાં કેટલીક સરતો કરી દશ લાખ રૂપિયાની ઉમદા બક્ષીસ એમણે કરી છે. એમણે યુરોપના દેશો વગેરેમાં પ્રવાસ કરેલો છે. ખરા સ્વદેશાભિમાની, દૃઢ મનવાળા, સંગીન અને વિશાળ જ્ઞાન ધરાવનારા, સ્વતંત્ર વિચારવાળા, આગ્રહી અને મહેનતુ, આવા અનેક ગુણવાળા આ નર હિન્દના પ્રતિષ્ઠિત પુરુષોમાં એક મોટા અને ખરા મનથી કામ કરનાર અગ્રેસર છે.

[૮૪–૧૦] **આન. સરદાર સર ચીનુભાઈ માધવલાલ** બેરોનેટ—આ ગૃહસ્થ અમદાવાદના વતની, સાઠોદરા નાગર અને રા. રા. બા. રણછોડલાલ છોટાલાલ સી. આઈ. ઇ. ના પૌત્ર થાય છે. એમનો જન્મ સને ૧૮૬૪ ના મે માસમાં થયો હતો. રા. બા. રણછોડલાલે ગુજરાતમાં સુતર કાંતવાની તથા વણવાની મીલની પહેલી શરૂઆત કરી હતી, અને તેજ ધોરણે તેમના પૌત્ર સર ચીનુભાઇએ પણ તેવી મીલોનો ઉદ્યોગ ઘણી બાહોશીથી ચલાવેલો છે; તેના સંબંધમાં ઉંચા પ્રકારનું જ્ઞાન મેળવેલું હોવાથી તેમાં તેમણે સારી ફત્તેહ મેળવી છે. જેવા તેઓ પોતાના ઉદ્યોગ ધંધામાં ખંતીલા છે તેવાજ લોકોપયોગી તથા ધર્માદાનાં અને પરોપકારનાં કાર્યો કરવામાં પણ તેમણે ઘણી ઉલટ રાખી છે અને તેમાં સારી નામના મેળવેલી છે. તેમણે લગભગ સવા નવ લાખ રૂપિયા અમદાવાદમાં ઔદ્યોગિક કેળવણી માટે અને સાયન્સ કોલેજ માટે તથા ગુજરાત કોલેજ સરકાર હસ્તક ચલાવવા આપ્યા છે; તે ઉપરાંત વ્યાપારી કોલેજ, હાઇસ્કૂલ, પ્રસૂતિગૃહ વગેરે અનેક ધર્માદા અને પરોપકારનાં તથા દેશહિતનાં કાર્યોમાં પોતાનો હાથ સારો લંબાવ્યો છે, અને હાલ સુધીમાં લગભગ

૨૦ લાખ રૂપિયાની ભારે સખાવત તેમણે કરેલી જણાય છે. અમદાવાદની મ્યુનિસિપાલિટીના પ્રેસિડન્ટ (પ્રમુખ) તરિકે એમણે પાંચ વર્ષ કામ કરેલું છે. સાહિત્ય અને ધાર્મિક વિષયોનો તેમને સારો શોખ છે. તેઓ સંસ્કૃત, ફારસી, મરાઠી, હિંદુસ્તાનીનું જ્ઞાન ધરાવે છે, નવીન અથવા અર્વાચીન વિદ્યા વગેરેના ગાઢ સંસર્ગમાં આવેલા છે, છતાં સનાતન ધર્મ ઉપર તે ઘણી શ્રદ્ધાવાળા અને આસકત છે, અને રોજ એકથી દોઢ કલાક સ્નાનસંધ્યામાં ગાળે છે, તેમજ લગભગ ૧૫ વર્ષથી રાતના એક કલાક વેદાન્તશ્રવણ કરે છે. તેમણે હિમાલય, કાશ્મિર વગેરે પ્રદેશોમાં પ્રવાસ કરેલો છે. એમની લાયકી, ઉદારતા વગેરે કારણોથી સરકારે એમને સી. આઇ. ઇ.નો સને ૧૯૦૭ માં, સરદારનો સને ૧૯૦૯ માં, સર–નાઇટનો ૧૯૧૦ માં એ પ્રમાણે માનવંતા ઇલકાબ આપ્યા છે, અને છેવટ જાનેવારી ૧૯૧૩ માં તેમને બૅરોનેટ બનાવ્યા છે. વળી અમદાવાદ મીલ–ઓનર્સ એસોસીએશન–મીલ માલિકોના મંડળ તરફથી ચુંટાયલા ગૃહસ્થ તરિકે તેમને મુંબઈ સરકારની લેજીસ્લેટિવ કાઉન્સિલમાં સને ૧૯૧૩ માં સભાસદ તરિકે નિમેલા છે.

**ટીપ**–આ એક ગુજરાતી ઉદારચિત્ત નરરત્નનું હૃદયરોગથી અકાલે અવસાન તા૦ ૨ જી માર્ચ (૧૯૧૬) ના રોજ થયું છે. તેમનું ચરિત્ર દરેક રીતે મનન અને અનુકરણ કરવા યોગ્ય છે.

[૧૦૦–૧] **ઓન. મી૦ મહાદેવ ભાસ્કર ચૌબલ**–બી. એ., એલએલ. બી.–એમનો જન્મ પુનામાં સને ૧૮૫૭ માં થયો હતો. એ જ્ઞાતિએ કાયસ્થ પ્રભુ છે. મુંબઇની હાઇકોર્ટમાં એ વકીલાત કરતા હતા, તેમાંથી એકિટંગ જડજ તરિકે ૧૯૦૮માં નિમણુક થઈ હતી; ત્યાર પછી મુંબઇની એકિઝકયુટિવ કાઉન્સિલમાં ત્રીજા મેમ્બર (સભાસદ) તરિકે દેશીઓને નિમવાનું ઠરેલું હોવાથી, શ્રીયુત ચૌબલ વકીલ હોવા છતાં વિશેષ લાયકીને લીધે પંકાયલા હોવાથી દેશી ગૃહસ્થ તરિકે પહેલી પસંદગી એમની થયેલી છે, અને હાલ તે

કાઉન્સિલમાં ચાલુ છે. વચમાં સને ૧૯૧૨ માં રોયલ (શાહી) પબ્લિક સર્વિસ કમિશનમાં મુંબઇના એક સભાસદ તરિકે તેમની નિમણૂક થઈ હતી.

[૬૮–૩] **શાસ્ત્રી છોટાલાલ નરભેરામ ભટ્ટ**–એમનો જન્મ સને ૧૮૫૦ માં થયો હતો. એમનું વતન માતર તાલુકામાં અલિન્દ્રા ગામ છે, અને તે ઔદિચ્ય ટોળકિયા બ્રાહ્મણ છે. એમણે સંસ્કૃત વ્યાકરણ, કાવ્ય, વૈધક, અને પુરાણનો અભ્યાસ કરેલો છે; તેમજ ગુજરાતી ભાષા સાહિત્યને સારી મદદ કરી છે. પ્રાચીન કાવ્યમાળાના ૩૫ અંકો પ્રકટ થયા છે તેમાં આપેલી ટીકા એમની લખેલી છે. આ ઉપરાંત એમણે રચેલાં તથા ભાષાન્તર કરેલાં પુસ્તકો નીચે પ્રમાણે છેઃ–રસશાસ્ત્ર, શાન્તિસુધા, બ્રહ્મરાક્ષસ, વહેમખંડન, માર્કણ્ડેયપુરાણ, વાગ્ભટ્ટ, મહાભારત શાન્તિપર્વ, વૈધજીવન, હિતોપદેશ, દૃષ્ટાન્તશતક, વાલ્મિકી રામાયણ, ઇરાન, શિવગીતા,હારિતસંહિતા, વગેરે. આ ઉપરાંત 'કેળવણી' નામના માસિક પત્રના લાંબી મુદતથી એ અધિપતિ છે. વડોદરા રાજ્યમાં એક સારા શિક્ષકમાં એમની ગણના થયેલી છે.

[૯૫–૧૧] **રા. રા. છોટાલાલ સેવકરામ**–(સને ૧૮૪૨–૧૯૧૦)–એ અમદાવાદના વતની અને જ્ઞાતે સોની હતા. એમણે અમદાવાદમાં ગુજરાતી તથા અંગ્રેજીનો અભ્યાસ કરી ડુંગરપુરમાં શિક્ષકની જગ્યા લીધી હતી. પછી મુંબઈમાં સર મંગળદાસ નથુભાઇ પાસે છએક વર્ષ તેમના સેક્રેટરી તરિકે રહ્યા હતા. ત્યાર બાદ કચ્છના મહારાવ શ્રી ખેંગારજીના શિક્ષક તરિકે દિ. બા. મણિભાઈ જસભાઇએ બોલાવી રાખ્યા હતા. પછી તેજ રાજ્યમાં તે દિવાનપદ મેળવી શકયા હતા. શ્રીયુત છોટાલાલ સાહિત્ય પ્રેમી હતા. કવિતા કરવામાં તે ઘણા કુશળ હતા. વૃન્દસતસઇ નામના હિન્દી દોહરાવાળા પુસ્તકનું તેમણે ગુજરાતી દોહરામાં ભાષાન્તર કરેલું છે. આ ઉપરાંત મોરિસકૃત હિન્દુસ્તાનના ઇતિહાસનું, કેન્ડીકૃત જગતની

ભૂગોળનું, ટેલીમેકસનું વગેરે ભાષાન્તરો કરેલાં છે. મુસલમાની સરેહ, શેકસપિયર કથાસમાજ વગેરે ગ્રંથો તૈયાર કરવામાં પણ એમણે ભાગ લીધો હતો. શબ્દમૂળદર્શક કોશ એમણે તૈયાર કર્યો હતો. સવૈયા લખનાર તરિકે એ ઘણા મશહૂર હતા.

[૬૫–૫] **ગં. સ્વ. જમનાબાઈ નગીનદાસ સક્કઈ**–એમનો જન્મ સુરતના વતની મોઢ વણિક કોમના શ્રીમંત કુટુંબમાં થયો હતો. મુંબઈમાં જાણીતા થયેલા શેઠ તાપીદાસ વ્રજદાસના ભાઈ તુળસીદાસનાં એ પુત્રી થાય. હાલ એમની વય લગભગ ૫૫ વર્ષની થયેલી છે. તેમના સ્વામી રા. રા. નગીનદાસ ભક્તિદાસ સક્કઈ, જે મુંબઈ બેંકમાં શ્રોફની જવાબદારીવાળી જગ્યાએ નોકરી કરતા હતા, તેમની સૂચના અને સલાહ અન્વયે, ગૃહસંસાર સારી રીતે ચલાવી પરોપકારાર્થે લોકહિતનાં કાર્યો કરવા, લાંબી મુદતથી તે આગળ પડતો ભાગ લે છે. દુષ્કાળ જેવા સમયમાં અનેક ગામે ફરી લોકસ્થિતિ પ્રત્યક્ષ જોઈ ગરીબ અને અનાથ, ખાસ કરીને સ્ત્રીઓને, કપડાં, અનાજ વગેરેની મદદ મળે એવી યોજના અને મહેનત કરે છે. સ્ત્રી વર્ગની ઉન્નતિ માટે તેઓ સતત કાળજી અને ખંત રાખે છે. મુંબઈમાં 'ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળ' સને ૧૯૦૩ માં સ્થાપી તેના પ્રમુખ તરિકે ઘણો આગળ પડતો ઉપયોગી થઈ પડે તેવો ભાગ તે લે છે. 'તમોએ દેશ સેવામાં જે જે કામો આરંભેલાં છે તેમાં મારા મૃત્યુવિયોગથી ખલેલ ન થાય તેને માટે સાવચેત રહેજો. તન મન અને બને ત્યાં સુધી ધનથી દેશ-સેવા અને પરોપકાર કરજો, કારણ કે મને તેજ વ્હાલું લાગતું હતું અને મૃત્યુ પછી પણ મારા આત્મસ્વરૂપને તેજ વ્હાલું લાગશે'–આવા રા. રા. નગીનદાસ સક્કઈના દોઢેક વર્ષ ઉપર મૃત્યુપથારીમાંથી ઉચ્ચારેલા છેલ્લા શબ્દો અને આજ્ઞાને અનુસરીને ગં. સ્વ. જમનાબાઈ પરોપકારનાં તથા નિરાધારને મદદ મળે તેવાં કામો કર્યા જાય છે. એ એક સારાં લેખક અને વક્તા પણ છે. 'સ્ત્રીહિતોપદેશ' ની

શાળાઓના અંકો એમના તરફથી પ્રકટ થાય છે. તેમનું વર્તન, ઠરેલપણું, ગાંભીર્ય, નિઃસ્વાર્થપણું, કાર્ય કરવામાં ઉત્સાહ અને ખંત એ સદ્‌ગુણો ઘણી રીતે બોધદાયક અને અનુકરણીય છે. આ એક ગુજરાતી સ્ત્રી રત્નનો જન્મ સં. ૧૯૧૮ ના શ્રાવણ શુદ પુનેમને દિવસે થયો હતો અને અવસાન સં. ૧૯૭૨ ના ચૈત્ર શુદ ૭, તા૦ ૯ મી એપ્રીલ (૧૯૧૬) ના રોજ થયું છે. તેમનું ચરિત્ર આધુનિક સમયની સ્ત્રીઓએ મનન કરવા જેવું છે.

[૧૦૧-૧૨] **ખાન બહાદુર જમશેદજી અરદેશર દલાલ,** એમ. એ., એલ એલ. બી.—એમનો જન્મ ખાનદાન પારસી કુટુંબમાં સુરતમાં સને ૧૮૪૮ માં થયો હતો. મુંબઇની યુનિવર્સિટીની પરીક્ષાઓ તેમણે પ્રથમ વર્ગમાં ઉંચે નંબરે પસાર કરેલી હતી. બ્રિટિશ રાજ્યમાં ન્યાયખાતામાં દાખલ થઈ ૧૮૭૧ માં તેમણે નોકરીની શરૂઆત કરેલી; પછી સુરત અને અમદાવાદની મોટી હાઇસ્કૂલોના હેડ માસ્તરની જગ્યાએ કામ કરી એક ઉત્તમ શિક્ષાગુરુ તરિકે પ્રતિષ્ઠા મેળવી હતી. પછી તેઓ કચ્છ રાજ્યમાં નાયબ દિવાન થયા હતા. ત્યાંથી અમદાવાદમાં ગુજરાત કોલેજમાં ગણિતના અધ્યાપક અને છેવટ ત્યાંના પ્રિન્સિપાલ થયા હતા. દરમ્યાન પુનાની સાયન્સ કોલેજમાં પ્રોફેસર તરિકે પણ કામ કરી આવ્યા હતા. ગણિતનો વિષય પારસીઓને ઘણે ભાગે અરુચિકર જણાય છે, પરંતુ ખા. બા. જમશેદજી દલાલ ગણિતમાં એક્કા ગણાયલા છે, અને કેળવણી ખાતા માટે ભૂમિતિ તથા બીજગણિત નામનાં પુસ્તકો એમણે ગુજરાતીમાં તૈયાર કરી આપ્યાં હતાં. સને ૧૮૮૮ માં વડોદરા રાજ્યની નોકરીમાં દાખલ થવા તેમને માટે માગણી થતાં તેઓ બ્રિટિશ રાજ્યના પેન્શન વગેરેના નિયમ લાગુ પડે તેવા કરારથી ત્યાં રેવિન્યુ ખાતામાં જોડાયા હતા. આ રાજ્યમાં તેમણે અનેક મોટી જગ્યાઓ ઉપર કામ કરેલું છે. સેન્સસ સુપરિન્ટેન્ડન્ટ, કેળવણી કમિશનના પ્રમુખ તથા ફેમિન કમિશનર તરિકેના તેમના

રિપોર્ટો તેમની વિદ્વત્તા અને બહોળા અનુભવના ઉત્તમ ઉપયોગી નમુના છે. આ રાજ્યના નાયબ દિવાન તરિકે અને મિનિસ્ટર ઑફ એજ્યુકેશન તરિકે લાંબી મુદ્દત બાહોશીથી કામ કરીને, ૧૯૦૬ માં તેમણે પેન્શન લીધું હતું. ગુજરાતમાં એક વિદ્વાન્, અંગ્રેજી તથા ગુજરાતીના ઉત્તમ લેખક અને વક્તા તરિકે તેઓ મશહૂર છે. નોકરીમાંથી મુક્ત થયા ત્યારથી તેઓ મુંબઇમાં રહે છે અને ત્યાં નિવૃત્તિમાં રહી મુંબઇ બેન્ક જેવી મોટી સંસ્થાઓના ઓડિટરનું કામ પણ અદ્યાપિ કરે છે.

[૧૦૨-૬] **સર જમશેદજી જીજીભાઈ**-બેરોનેટ-પહેલા. (૧૭૮૬-૧૮૫૯)-એમનો જન્મ નવસારીમાં થયો હતો. માબાપ ગરીબ સ્થિતિનાં હોવાથી તેમને ૧૨ વર્ષની વયે મુંબઇ તેમના માસાને ત્યાં મોકલેલા હતા, અને ત્યાંજ ગુજરાતી વાંચતાં લખતાં શિખી થોડુંક અંગ્રેજીનું જ્ઞાન મેળવી બાટલી વેચવાના ધંધામાં પડ્યા હતા. સને ૧૮૦૦ માં એમના પિતા મરણ પામ્યા પછી એ કલકત્તા તથા ચીનની મુસાફરીઓ કરી મહેતાગીરીમાં રહ્યા હતા. ત્યાર પછી મોતીચંદ અમીચંદ, ફરદુનજી સોરાબજી, મહમદઅલી વગેરે સાથે વેપાર ચલાવી એશિયા, યુરોપ, આફ્રિકાનાં જૂદાં જૂદાં શહેરોમાં આડત બાંધીને ત્યાંનો માલ ખરીદવા તથા અહીંનો માલ ત્યાં મોકલવા માંડ્યો. અફીણ વગેરેના વેપારના કામમાં સર જમશેદજીની કુશળતાથી કંપનીને મોટો ફાયદો થયો હતો. ચીનની તેમણે ચાર વખત મુસાફરી કરી હતી. સને ૧૮૦૭ માં ઠરીઠામ બેસી જૂદા જૂદા દેશો સાથે વેપાર કરવા માંડ્યો હતો. ૧૮૧૪ થી તેમણે વહાણવટીનો ધંધો શરૂ કર્યો, અને પાંચ વહાણ પોતાની માલકીનાં રાખ્યાં હતાં. ૧૮૨૮ માં મુંબઇમાં 'જ્યુરર' નિમાવા માંડ્યા હતા તેમાં પહેલા જ્યુરર એ હતા. રૂ. ૧૨૦ ની પુંજીથી વેપાર વગેરે શરૂ કરી ૨૫-૩૦ વર્ષમાં સાત કરોડ રૂપિયા જેટલી દોલત તે પોતાની દીર્ઘદૃષ્ટિ, કુશળતા વગેરેથી મેળવી શક્યા હતા. સને ૧૮૪૨ માં

તેમને સર-નાઇટનો ખિતાબ મહારાણી સરકાર તરફથી મળ્યો હતો, તે પછી ૧૮૫૭ માં બેરોનેટનો માનવંતો ખિતાબ મળ્યો હતો. આ ઉમરાવ ગૃહસ્થ જેમ પૈસા મેળવવામાં કુશળ હતા, તેમ તેની સખાવત કરવામાં ઘણાજ ઉદાર દિલના હતા. એમની જાહેર સખાવત ૨૫ લાખ રૂપિયાની હતી, તેમજ કેટલીક ખાનગી સખાવત તથા ગુપ્ત રીતે કરેલી મદદ પણ ઘણી હતી, તે મળી ૪૦ થી ૪૫ લાખની તેમની સખાવત જણાવવામાં આવે છે. મુંબઇ શહેર તથા બહાર ગામોમાં તેમની સખાવતથી અનેક કેળવણીની સંસ્થાઓ, ઇસ્પીતાલો, ધર્મશાળાઓ વગેરે સ્થપાયલી તથા બંધાયલી, અને તે ચાલુ છે; વળી આગ, દુકાળ વગેરે સંકટના પ્રસંગો ઉપર તે મદદ આપતા હતા. મુંબઇમાં સર જમશેદજી જીજીભાઈ હોસ્પીટલ, સર જે. જે. બેનિવોલન્ટ ઇન્સ્ટિટ્યુશન, સર જે. જે. સ્કૂલ ઓફ્ આર્ટ, એ જાણીતી સંસ્થાઓ છે.

[૯૮-૩] **શમ્સ-અલ-ઉલ્મા જીવનજી જમશેદજી મોદી,** બી. એ.—આ પારસી સદ્‌ગૃહસ્થનો જન્મ મુંબઇમાં સને ૧૮૫૪માં થયો હતો. અનેક સ્થળે એમણે જૂદા જૂદા વિષયો ઉપર વ્યાખ્યાનો આપેલાં છે અને નિબંધો વાંચ્યા છે. એઓ અનેક બાબતની શોધ કરવામાં હમેશાં તત્પર રહે છે, અને ખરૂં સાક્ષર જીવન ગાળે છે તથા તેનો લાભ દેશીઓને આપતા રહે છે. વાયુચક્રશાસ્ત્ર, શાહનામું, જ્ઞાનપ્રસારક વિષયો, તેમજ અનેક છુટા લેખો તેમણે પ્રસિદ્ધ કરેલા છે.

[૧૦૩-૩] **શ્રીયુત ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિક**—(સને ૧૮૩૭-૯૭)—એ નડિયાદના વતની વડનગરા નાગર બ્રાહ્મણ હતા. એમના વખતમાં યુનિવર્સિટી સ્થપાઈ નહોતી, પણ મુંબઈમાં એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યુશનમાં કોલેજના વિભાગમાં, હાલમાં કોલેજમાં શિક્ષણ અપાય છે તે પ્રકારનું મોટે અંશે શિક્ષણ, ચાર વર્ષનો અભ્યાસક્રમ રાખી, અપાતું હતું, તેનો તેમણે પૂરો લાભ લીધો હતો. શરૂઆતમાં જીયોગ્રાફિકલ સોસાઇટીમાં કારકુન તરીકે તેમણે

કામ કરેલું હતું, પછી એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યુશનમાં ગુજરાતી તરજુમો શિખવવા એમની નિમણુક થઇ હતી. પરંતુ એમનું લક્ષ વેપાર તરફ તેમજ પ્રજાની જાહેર સેવા બજાવવા તરફ વિશેષ રહેલું હતું, તેથી તેમણે કેટલીક મુદત રૂ અને કાપડનો વેપાર ચલાવ્યો હતો. એમણે ૧૮૬૧–૬૨ માં અંગ્રેજી–ગુજરાતી કોષ બીજા બે મિત્રોની મદદ લઈ રચેલો હતો; સને ૧૮૬૭ ના સુમારમાં કવિ કાલિદાસના વિખ્યાત શાકુન્તલ નાટકનું ભાષાન્તર, ઘણી રસિક અને સરલ ભાષામાં તૈયાર કરી, એમણે બહાર પાડ્યું હતું. આજ પ્રમાણે સને ૧૮૭૧ ના સુમારમાં માનવ ધર્મશાસ્ત્ર (મનુસ્મૃતિ)નું ભાષાન્તર સરલ અને શુદ્ધ ગુજરાતી ભાષામાં સારી રીતે કરી છપાવ્યું હતું. આજ વખતમાં લોકોપયોગી બાબતોમાં તેમણે વિશેષ લક્ષ આપવા માંડેલું તે મરણ પર્યન્ત ચાલુ રાખેલું; તેમના અનેક વિષયોના ઉંડા ઉતરી મેળવેલાં જ્ઞાન તથા માહિતીને લીધે સરકાર મહેસુલ વગેરેને લગતી બાબતોમાં તેમણે રૈયતને લાભ થાય તેવી અનેક પ્રસંગે ચર્ચા ચલાવી હતી. આવાં કાર્યો પૈકી શરૂઆતમાં એટલે સને ૧૮૭૦ ના અરસામાં ‘નોટસ ઓન ખેડા’–ખેડા જીલ્લા સંબંધે નોંધ તથા મુદ્દા નામનું નાનું પણ ઉત્તમ દલીલો અને અસરકારક ઇબારતવાળું અંગ્રેજીમાં પુસ્તક બહાર પાડ્યું હતું. મુંબઇની મ્યુનિસિપાલિટીને લગતી બાબતોનો પણ ૧૮૮૦–૮૨ ની સાલથી તે પોતાના મરણ પર્યન્ત સારો અભ્યાસ કરી લોકોની સેવા કોર્પોરેશન તથા તેની ‘સ્ટેન્ડિંગ કમીટી’માં દાખલ થઇને બજાવી હતી. મુંબઇના ગવર્નરની લેજીસ્લેટિવ કાઉન્સિલમાં તેમની નિમણુક સને ૧૮૮૯ માં થઈ હતી, ત્યારથી તે મરણ પર્યન્ત જનસમૂહનો લાભ સચવાય અને સરકારના હેતુ પણ જળવાય એવે ધોરણે કાયદા ઘડાય તેવી કાળજી રાખી હતી. શ્રીયુત ઝવેરીલાલભાઈ એક ઉત્તમ અંગ્રેજી લેખક ગણાતા, અને મુંબઇના આગેવાન વર્તમાનપત્રોવાળા વખતો વખત પોતાનાં પત્રો માટે લખાણુ મોકલવા તેમના તરફ માગણી

કરતા હતા. આ પુરુષ નિઃસ્વાર્થી, એકમાર્ગી, સરલ સ્વભાવના, સ્પષ્ટ-વકતા, ખરા અને શુદ્ધ ભાવ ધરાવનારા તથા પોતાના દેશની ખરી દાઝ જાણનારા હોઇને ધર્મિષ્ઠ અને પ્રમાણિક વર્તનવાળા હતા. સને ૧૮૯૭ ના મે માસમાં મુંબઇમાં એ ગુજરી ગયા હતા.

[૭૭-૪] **શ્રીયુત બાબુ ટાગોર રવીન્દ્રનાથ**-એમનો જન્મ સને ૧૮૬૧ માં બંગાળાના સુપ્રસિદ્ધ ટાગોર કૂળમાં થયો હતો. કલકત્તા યુનિવર્સિટી તરફથી ડાકટર ઓફ લિટરેચરની પદવી (ડિગ્રી) એમને અપાયલી છે. કવિ, નવલકથાકાર, નાટક રચનાર અને નિબંધ લખનાર તરીકે એમની ખ્યાતિ ઘણી થઈ છે, અને તેને લીધેજ ઇંગ્લાન્ડ તથા હિંદુસ્તાનમાં એ જાણીતા થયા છે. સંગીત શાસ્ત્રમાં એ ઘણા પ્રવીણ છે. સાધના, બંગદર્શન વગેરે બંગાળી માસિકો અધિપતિ તરિકે તેમણે ચલાવ્યાં હતાં. એમણે હિંદુસ્તાન તથા યુરોપમાં ઘણી મુસાફરી કરેલી છે. લેખક તરિકે એમની ખ્યાતિ ઇંગ્લાન્ડમાં પણ ઘણી થયેલી છે, કારણ બંગાળી ભાષામાં લખેલાં અનેક ગદ્યપદ્યનાં પુસ્તકો ઉપરાંત અંગ્રેજીમાં ગીતાંજલિ, ગાર્ડનર, ચિત્રા, સાધના વગેરે લખ્યાં છે; વળી દુનિયામાં એક અનુપમ અને મોટું માન-'નોબલ પ્રાઇઝ'-'સાહિત્ય'માં ઉંચા પ્રકારનો ભાવનાત્મક લેખ તૈયાર કરવા માટેની બક્ષિસ-મેળવવાનું માન બાબુ રવીન્દ્રનાથને મળ્યું છે. આવું ઇનામ આજ સુધી હિંદુસ્તાનમાં કોઈ દેશીને મળ્યું નથી. શાન્તિ નિકેતન નામના પોતાના પિતાના બાગમાં એક શાળાની સ્થાપના કરી છે, તેની દેખરેખ અને વ્યવસ્થા રાખવામાં ઘણો વખત પોતે ગાળે છે, તેમ બીજાં લોકોપયોગી અનેક કાર્યો કરવામાં હજી પોતે ઉત્સાહ ધરાવે છે અને તે કરે છે. બંગાળામાં સ્વદેશી હિલચાલ થયલી તેમાં તે ઘણો આગળ પડતો ભાગ લેતા હતા, અને તેમના દેશહિત સંબંધી કાવ્ય તથા વ્યાખ્યાનોને લીધે બંગાળામાં તે કાર્યને ઘણી મદદ મળી હતી.

[૮૪-૧૦] **મી૰ ટાટા જમશેદજી નસરવાનજી**-(સને ૧૮૩૯-૮૮)-નવસારીના આ પારસી સદ્‌ગૃહસ્થ એક ઉદ્યોગી સાહસિક વેપારી હતા. કોલેજમાં ચાર વર્ષ અભ્યાસ કર્યા પછી પોતાના પિતાની પેઢીમાં તે જોડાયા હતા, અને ત્યાં વ્યાપારી અનુભવ સારો સંપાદન કર્યો હતો. તે પછી ચીન તરફ મુસાફરી કરી હતી; તેમણે ચીન, જાપાન, હોંગકોંગ, શાંગહાઈ, પારિસ, ન્યુ યોર્કમાં પોતાની પેઢીઓ સ્થાપન કરી છે. એબિસિનિયાની લડાઈના સંબંધમાં રણક્ષેત્રમાં ઠેકઠેકાણે ખોરાકીની દુકાનો ઉઘાડવાની એમણે સરકાર પાસેથી પરવાનગી મેળવી તે કામ ફતેહમંદીથી કર્યું હતું; તે પછી તેમણે મીલોનો ઉદ્યોગ હાથમાં લીધો હતો. ઇંગ્લાંડ જઈ લેન્કેશાયરના મીલઉદ્યોગનો સારો અનુભવ મેળવી હિંદુસ્તાનમાં તેવાજ ચોરણપર મીલ બાંધવા તજવીજ કરી, અને નાગપુરમાં એક મોટી 'એમ્પ્રેસ મીલ' ઉભી કરી, તથા બીજી એક 'સ્વદેશી મીલ' મુંબઇમાં કરી છે. તેમણે હિંદુસ્તાનમાં ઉંચી પ્રતિના ઇજીપ્શિયન કપાસના પાક કરાવવા માટે પ્રયાસ કર્યો હતો, અને એ માટે તેમણે મ્હેસુરમાં ૫૦૦ થી ૧૦૦૦ એકર જમીનમાં આ અખતરો કર્યો હતો. એ શિવાય તેમણે બીજાં અનેક ઔદ્યોગિક અને લોકોપયોગી કાર્યો હાથ ધર્યાં હતાં. છેવટ તેમણે હિંદુસ્તાનમાં શોધનપાઠશાળા (રિસર્ચ ઇન્સ્ટિટ્યુટ) સ્થાપવા માટે સરકાર હસ્તક ત્રીસ લાખ રૂપિયાની મોટી રકમની ઉમદા બક્ષીસ આપી છે, અને તે સંસ્થા બંગલોરમાં કાઢેલી છે. પરદેશ જઈ કેટલાક હુન્નરોનો અભ્યાસ કરવામાટે શિષ્યવૃત્તિ (સ્કોલરશીપ) આપવાને તેમના નામથી એક મોટું ફંડ થયેલું છે.

[૮૮-૪] **ટેલર-રેવરન્ડ જોસેફ વેન સોમેરેન**-(સને ૧૮૨૦-૮૧)-આ એક અંગ્રેજ ગૃહસ્થ હતા. એમના પિતા જોસેફ ટેલર હિંદુસ્તાનમાં ધર્મોપદેશક હોવાથી એમનો જન્મ બેલગામમાં થયો હતો. સને ૧૮૪૩ માં ગ્લાસગોમાં બી. એ. ની ડિગ્રી

મેળવીને એ હિંદુસ્તાનમાં ખ્રિસ્તી ધર્મોપદેશક થઈને આવેલા હતા, અને ગુજરાતમાં રહેલા હતા. ગુજરાતી ભાષાનો સારો અભ્યાસ કરીને એમણે ગુજરાતીમાં લેખો લખવા માંડેલા તે સને ૧૮૬૦ માં પ્રસિદ્ધિમાં આવ્યા. ત્યારપછી સને ૧૮૬૭ માં એમણે ગુજરાતી ભાષાનું મોટું વ્યાકરણ રચી પ્રસિદ્ધ કર્યું હતું. વળી શાસ્ત્રી વ્રજલાલ કાળીદાસની મદદ લઈને તેમની સાથે એમણે ગુજરાતી ધાતુસંગ્રહ તૈયાર કરેલો હતો. સને ૧૮૮૧ માં એ સ્કાટલાંડમાં ગુજરી ગયા હતા.

[૫૩-૧૧] **ટોડરમલ રાજા**–એ શેહેનશાહ અકબરના અમલ દરમ્યાન મહેસુલની જમાબંદીનું યોગ્ય અને ઉત્તમ પ્રતિનું ધોરણ દાખલ કરવા માટે પ્રખ્યાત થઈ ગયા છે. એ જ્ઞાતે ક્ષત્રી હતા. જમાબંદી સંબંધે તેણે બારિક અભ્યાસ કરેલો હતો. એ ઘણા બુદ્ધિવાન હતા. સને ૧૫૫૩ માં ગુજરાતમાં અને પછી બંગાળામાં અકબરે તેમની નિમણુક કરેલી હતી. એ લઢાયક નર તરિકે, એક નમુનાદાર ગૃહસ્થ તરિકે અને ધર્મચુસ્ત હિંદુ તરિકે પંકાયલા છે. 'આઇને અકબરી'માં અબુલ ફજલ લખે છે કે 'પ્રમાણિકપણામાં, મરદાનગીમાં, સીધે રસ્તે કામ લેવામાં, પોતાના કામ પાછળની ખંતમાં, અને રાજકારોબાર ચલાવવાની શક્તિમાં તેના સરખો બીજો કોઈ પણ નર એ વેળાએ હિંદુસ્તાનમાં નહોતો.' તેના ઉપર અકબર પાદશાહનો ઘણો ચાહ હતો. સને ૧૮૫૯ ના નવેમ્બરમાં તે મરણ પામ્યા હતા.

[૫૩-૧૧] **તાનસેન**–એનો જન્મ પંજાબમાં સને ૧૫૪૨માં થયો હતો, અને જ્ઞાતે ગૌડ બ્રાહ્મણ હતો. તે અકબર પાદશાહનો એક માનીતો ગવૈયો હતો, અને સંગીત કળામાં તેની સરખામણીમાં બીજો કોઈ પણ ગવૈયો હિંદુસ્તાનમાં ન હોવાથી એની ખ્યાતિ આખા હિંદુસ્તાનમાં પસરી હતી. એ જન્મથી હિંદુ હતો, પણ પાછળથી મુસલમાન થયો હતો એમ કહેવાય છે.

[ ૭૪-૬ ] **તુકારામ**–( સને ૧૫૮૮–૧૬૪૯ )–એ દક્ષિણમાં મોટા ભક્ત કવિ થઈ ગયા છે. પુનાથી આઠ ગાઉ ઉપર દેહુ નામનું

એક નાનું ગામ છે, ત્યાં તુકારામના પૂર્વજો રહેતા હતા. તેઓ જાતે કણબી હતા, પણ મસાલા, અનાજ વગેરે વેચવાનો ધંધો કરતા હતા; તેમની પંઢરપુરના વિઠોબાની ઉપાસના ભક્તિ હતી. તુકારામની સાત પેઢીના પૂર્વજોમાંના ઘણા ખરા ભગવદ્ભક્તજ હતા. તુકારામના બાપનું નામ બાલ્હોબા હતું. એ ભગવદ્ભક્ત હતા. તેમની સ્ત્રી કનકાઈ પણ ભાવિક ભક્ત હતી. એમના વચલા પુત્ર તુકારામ હતા. તુકારામ તેર વરસના થયા ત્યારે બાપના ધંધામાં સ્વતંત્ર રીતે જોડાયા હતા, અને સારી રીતે પ્રામાણિકપણે વેપાર રોજગાર તથા સંસાર ચલાવતા હતા. પાછળથી સાંસારિક અડચણો અનેક આવી પડવાથી તેમને ઘણાં સંકટ વેઠવાં પડ્યાં હતાં છતાં ભક્તિ છોડી નહોતી, પણ તેમને ઈશ્વર ભજનમાં લહે લાગી હતી, અને નવા નવા અભંગ કરી ઈશ્વરની સ્તુતિ, ભક્તિ અને કથા કરવા લાગ્યા. તેમની એકપરાયણતાને લીધે ધીમે ધીમે ચમત્કાર જણાતા ગયા, અને લોકો તેમને શ્રદ્ધાથી માનવા લાગ્યા. તુકારામના અભંગ ઘણા જાણીતા છે. એમના પછી એમના જેવા અભંગ મરાઠીમાં કોઈ બનાવી શક્યું નથી એમ કહેવાય છે.

[૨૫-૯] **તુલસીદાસ**-જુઓ પૃ. ૬૨-૬૩.

[૧૦૨-૬] **જસ્ટીસ તેલંગ કાશિનાથ ત્ર્યંબક**-એમ.એ., એલ એલ. બી.-સી. આઈ. ઈ.-(સને ૧૮૫૦-૯૩)-એ જ્ઞાતે દક્ષણી બ્રાહ્મણ હતા. નવ વર્ષની વયે અંગ્રેજી શાળામાં દાખલ થઈ ૧૮૭૦ માં એટલે ૨૦ વર્ષની વય થતાં સુધીમાં એમણે એમ. એ. અને એલ એલ. બી.ની પરીક્ષા પસાર કરી હતી. પછી એલ્ફિન્સ્ટન કોલેજમાં ફેલો તરિકે કામ કરતા હતા, તે દરમ્યાન હાઈ કોર્ટમાં વકીલાત કરીને ૧૮૭૨ માં એડવોકેટની પરીક્ષા પસાર કરી હતી. રા. રા. બાળા મંગેશ વાગળે અને માધવ ગોવિન્દ રાનાડે એ બે જણાજ એમની પહેલાંના એડવોકેટ હતા અને એ ત્રીજા હતા. હાઈ કોર્ટમાં એડવોકેટ તરિકે વકીલાત કરવામાં તેમના સંસ્કૃત જ્ઞાન અને હિંદુ ધર્મશાસ્ત્રના

સંગીન જ્ઞાનથી એમને ઘણો ફાયદો થયો હતો, અને નામદાર ચીફ જસ્ટીસે એમના તે બાબતમાં ઘણાં વખાણ કર્યાં હતાં. એક સમર્થ લેખક અને નિબંધકાર તરિકે પણ એમની ખ્યાતિ ઘણી હતી. તેની સાથે એ એક ઉત્તમ અને સાંભળનારના મન ઉપર ચોક્કસ છાપ પાડે તેવા વક્તા હતા. એમણે ઇન્ડિયન નેશનલ કોન્ગ્રેસના સેક્રેટરી તરિકે કામ કરેલું અને રાજકીય બાબતો તથા જાહેર પ્રજાના સંબંધના સવાલોમાં ભાષણો વગેરે કરી આગળ પડતો ભાગ લીધો હતો. યુનિવર્સિટીમાં પણ ઘણું સંગીન કામ એમણે કરેલું હતું. ૧૮૮૨ માં સર વિલ્યિમ હન્ટરના પ્રમુખપણા નીચે કેળવણી કમિશન નિમાયલું, તેમાં વાઇસરોયે એમને એક સભાસદ તરિકે નિમેલા હતા, અને તેમાં કામ કરેલું તેની કદર બદલ સી. આઈ. ઈ. નો ખિતાબ આપ્યો હતો. લાઇબ્રેરીઓ વિગેરે અનેક સંસ્થાના સેક્રેટરી અગર મેમ્બર તરિકે તે કામ કરવામાં ભાગ લેતા હતા. સને ૧૮૮૯ માં તેમને હાઈ કોર્ટના જડજનો માનવંતો ઓદ્ધો આપવામાં આવ્યો હતો. સને ૧૮૯૨માં એમને યુનિવર્સિટીના વાઇસ-ચેન્સેલર તરિકે સરકારે નિમ્યા હતા. ૧૮૭૩ માં તેઓએ જાહેર જીંદગીમાં આગળ પડવા માંડ્યું તે જોતાં ટુંક મુદતમાં એમની ચઢતી અને ખ્યાતિ ઘણી સારી થઈ હતી. એમનું અનેક દેશી વર્તન અનુકરણીય છે.

[૪૫-૭] **ત્રિપાઠી ગોવર્ધનરામ માધવરામ**-જુઓ પૃ.૩૬૪

[૮૪-૧૦] **શ્રીયુત દત્ત રોમેશ ચંદ્ર**-સી. આઇ. ઇ.-(સને ૧૮૪૮-૧૯૦૯)-આ સદ્‌ગૃહસ્થ બંગાળા પ્રાંતના વતની હતા. એ ખાનદાન અને કેળવાયલા કુટુંબના હતા. કલકત્તાની યુનિવર્સિટીની પરીક્ષાઓ તેમણે સારી રીતે પસાર કરી હતી; પછી ૧૮૬૮ માં બાબુ સુરેન્દ્રનાથ બેનરજીની સાથે વીશ વર્ષની વયે ઇંગ્લાન્ડ ઉપડી ગયા હતા. અને ત્યાંની ઇન્ડિયન સિવિલ સર્વિસની ૧૮૬૯ ની પરીક્ષા ૩૦૦ ઉમેદવારોમાં ત્રીજે નંબરે પસાર કરી હતી. યુરોપના ઘણાખરા દેશોમાં મુસાફરી કરી હિંદુસ્તાન પાછા આવી તેમણે

બંગાળાનાં જૂદાં જૂદાં ખાતાઓમાં અનેક જીલ્લાઓમાં ૧૮૭૧ થી ૧૧ વર્ષ નોકરી કરી હતી. આ વખતથીજ પોતાની હોશિયારી અને હિમ્મત તથા કામ કરવાની પદ્ધતિથી તે પ્રખ્યાત થયા હતા. પછી ૧૮૮૫ થી એમને જીલ્લાનો સ્વતંત્ર અધિકાર આપ્યો હતો, અને આ દેશના વતનીઓ તેવી સ્થિતિમાં મૂકાય તો સંતોષકારક કામ કરી શકે છે એવું ખાતરી ભરેલી રીતે સરકારને બતાવી આપ્યું હતું. સને ૧૮૮૫ માં તેમણે ઋગ્વેદનું બંગાળીમાં ભાષાન્તર કરવા માંડ્યું હતું અને તે ૧૮૮૬ માં પૂરૂં થઈ પ્રગટ થયું હતું. ઇતિહાસનો તેમનો શોખ ઘણો સારો હોવાથી તેમ તે વિષયનું ખાસ અધ્યયન કરેલું હોવાથી નોકરીનાં ભારે અને જોખમદારીનાં કામો કરવા છતાં 'પ્રાચીન હિંદુસ્તાનમાં સુધારો' એ નામના અંગ્રેજી ગ્રન્થના ત્રણ ભાગ ૧૮૮૮ થી ૧૮૯૦ ની સાલમાં એમણે બહાર પાડ્યા હતા. મહેસુલ ખાતામાં અનેક જગ્યાએ ઉત્તમ રીતે કામ કરવાથી તથા સાહિત્ય સેવા અચ્છી રીતે બજાવેલી હોવાથી સને ૧૮૯૨ માં એમને સરકારે સી. આઈ. ઈ. નો ખિતાબ બક્ષ્યો હતો. ત્રીજી વખત યુરોપની મુસાફરી કરી પાછા આવ્યા બાદ ૧૮૯૩ ના અરસામાં એમણે 'બંગીયસાહિત્યપરિષદ્' સ્થાપી હતી. પછી એમને કલેકટરના દરજ્જામાંથી ઇલાકાના એક વિભાગના (બર્દવાન વિભાગના) કમિશનરનો માનવંતો હોદ્દો ૧૮૯૪ માં મળ્યો હતો; આ વખતે તેમને બંગાળની લેજીસ્લેટિવ કાઉન્સિલના સભાસદ બનાવવામાં આવ્યા હતા, અને તે પ્રસંગે તેમણે પોતાના વિશાળ અનુભવનો ઘણો લાભ આપ્યો હતો. પછી તેમની ઓરિસા વિભાગમાં બદલી થઈ હતી. આ બન્ને વિભાગમાં પોતે પહેલાંજ દેશી કમિશનર હોવાથી કામ વગેરેથી પ્રતિષ્ઠા જાળવી રાખી હતી. પછી ૨૬ વર્ષ નોકરી કરીને પોતે નિવૃત્ત થયા હતા, પણ અનેક પ્રકારની લોકસેવા અને દેશસેવા તેઓ બજાવતા હતા. વડોદરા રાજ્યમાં દાખલ થવાની તેમના તરફ માગણી થવાથી ત્યાં તે ૧૯૦૪ માં જોડાયા અને અમાત્ય

તરીકે તેમણે તે રાજ્યમાં રાજા અને પ્રજા બન્નેને લાભકારક કામો કરી ઘણી સારી કીર્તિ સંપાદન કરી હતી. સને ૧૯૦૭ ના જુલાઈમાં આ રાજ્યમાંથી તેઓ છૂટા થયેલા, પણ તેજ સાલમાં એમને ડિસેન્ટ્રલાઈઝેશન કમિશન (અધિકાર નીચલા અધિકારીઓમાં વહેંચી આપવા વગેરે બાબતનો તપાસ કરનાર કમિશન) માં નિમવાથી ૧૯૦૭ ના નવેમ્બર માસથી તે માર્ચ ૧૯૦૯ સુધી તે કામમાં રોકાયા હતા. આ કમિશનમાં પણ તેમનાં જ્ઞાન, માહિતી અને અનુભવ હિંદુસ્તાનની પ્રજાને ઘણાં ઉપયોગી થઈ પડ્યાં છે. ૧૯૦૯ ના મે માસથી નવેમ્બર માસ સુધી તેમણે વડોદરા રાજ્યમાં પાછા હાજર થઈ દિવાનની જગ્યાનું કામ કર્યું હતું, અને ત્યાંજ હૃદયના રોગથી ગુજરી ગયા હતા. ઉપર જણાવેલાં ઋગ્વેદનાં ભાષાંતર વગેરે પુસ્તકો બહાર પડ્યાં ત્યારથી એમની ગ્રન્થકાર તરીકે કીર્તિ ફેલાયલી હતી; બંગાળી તથા અંગ્રેજીમાં એમણે કેટલીક નવલકથાઓ લખેલી છે; તેઓ સારા વક્તા તેમજ લેખક હતા. અંગ્રેજી ભાષામાં પદ્યાત્મક મહાભારત તથા રામાયણ તૈયાર કરી તેમણે છપાવ્યાં હતાં. તેમની મગજશક્તિ ઘણીજ સારી હતી, તેમ સ્વભાવ સરળ અને મીલનસાર હતો; છેવટ સુધી કામ કરી શકવા જેવી તેમની માનસિક તેમજ શારીરિક શક્તિ અદ્ભુત પ્રકારની હતી.

[૭૭–૪] **સ્વામી દયાનંદ સરસ્વતી**–(૧૮૨૫–૧૮૮૩). એમનો જન્મ કાઠિયાવાડના મોરબી સંસ્થાનના એક ગામમાં થયો હતો. તે સંવત ૧૯૦૩ માં સાયલાના લાલા ભક્તના આશ્રયમાં જઈ સાધુ થયા હતા. સિદ્ધપુર, વડોદરા વગેરે ઠેકાણે જઈ અભ્યાસ કર્યા બાદ પૂર્ણાનંદ સરસ્વતી પાસેથી સંન્યાસદીક્ષા ગ્રહણ કરી તેમણે દયાનંદ સરસ્વતી નામ ધારણ કર્યું હતું. તેમણે કાશી જઈ વેદ, ભાષ્ય, ષડ્દર્શન અને શંકરાચાર્યના ગ્રન્થોનું અધ્યયન કરી વેદધર્મ સ્થાપિત કરવાનો નિશ્ચય કર્યો હતો. એ નિરાકારવાદી હોઈ સગુણ બ્રહ્મ અને ઈશ્વરના અવતારાદિક માનતા ન હતા. એમણે 'આર્ય સમાજ' ના-

મનો નવો પંથ સ્થાપ્યો હતો. તેનું મુખ્ય સ્થળ લાહોર છે, અને મુંબઈ વગેરે ઠેકાણે તેની શાખાઓ છે. એમણે સત્યાર્થપ્રકાશ વગેરે કેટલાક ગ્રન્થ લખેલા છે.

[૫૭–૮; ૬૯–૧૦] **કવિરત્ન દયારામ**–એમનો જન્મ સંવત ૧૮૩૩, સને ૧૭૭૭ માં થયો હતો. (નર્મદાશંકરના લખાણ પ્રમાણે; ગુજરાતી છઠ્ઠીમાં સન ૧૭૬૭ આપેલી છે). એ નર્મદા કાંઠે આવેલા ચાણોદના વતની હતા, પણ પછી ઘણી મુદત ડભોઈમાં રહેલા. જ્ઞાતિએ એ સાઠોદરા નાગર હતા. ૧૫–૧૬ વર્ષની વય હતી તે વખતે તેના માતપિતા મરી ગયા પછી તે કાશીએ ગયા હતા. તેમણે પાંચ સાત વખત હિંદુસ્તાનની મુસાફરી કરેલી જણાય છે. એમણે પુષ્ટિમાર્ગની દીક્ષા લીધી હતી. ગુજરાતમાં કવિ તરિકે તેઓ સારી પ્રસિદ્ધિ પામેલા છે; એમનામાં નૈસર્ગિક કાવ્યશક્તિ રહેલી હતી, અને ગુજરાતના એમના સમયના કવિઓમાં તે ત્રીજા ગણાય છે; એમણે કૃષ્ણલીલાનાં, શૃંગારનાં, નીતિ ભક્તિનાં અનેક પદો, ગરબીઓ વગેરે રચેલાં હતાં, જે આજે પણ ગુજરાતમાં બૈરાંઓ ઘણી હોંસથી ગાય છે. મહા મહેનતે એમનાં કાવ્યપદોનો એક મોટો સંગ્રહ કરીને કવિ નર્મદાશંકરે છપાવ્યો હતો, તેની ત્યાર પછી ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસમાંથી ત્રણ આવૃત્તિ નિકળી છે. પ્રાચીન કાવ્યમાળા તથા પ્રાચીન કાવ્ય ત્રિમાસિકમાં પણ એમનાં કેટલાંક કાવ્ય વગેરે છપાયાં છે. એમણે નાના મોટા ૩૮ ગ્રંથો ગુજરાતી ભાષામાં અને ૩૭ ગ્રંથ હિંદુસ્તાનીમાં કર્યાં છે, તેમાં રસિક વલ્લભ, ભક્તિ પોષણ, હિંદુસ્તાની સત સઇયા વગેરેમાં કવિનું ખરૂં ચાતુર્ય અને જ્ઞાન તથા રસાલંકાર વિષે નિપુણતા જણાઈ આવે છે. એમની ભાષા શુદ્ધ, મધુર અને આકર્ષક છે. એમણે કેટલાંક પદો મરાઠી, મારવાડી તથા પંજાબી ભાષામાં પણ કરેલાં છે. આ કવિરત્ને સને ૧૮૫૨ ના ફેબ્રુઆરી માસની ૯ મી તારીખે (સંવત ૧૯૦૮ ના માગશર વદ ૫ના રોજ) દેહનો ત્યાગ કર્યો હતો.

[૫૦-૫; ૫૩-૮; ૧૦૩-૧૧] **કવિ દલપતરામ ડાહ્યાભાઈ**-સી. આઈ. ઈ.-(૧૮૨૦-૯૮)-એમનો જન્મ વઢવાણમાં થયો હતો, અને જ્ઞાતિએ શ્રીમાળી બ્રાહ્મણ હતા. તેમણે મુળી ગામે જઈ સ્વામી નારાયણ ધર્મનો અંગીકાર કર્યો હતો. આ ગામમાં દેવાનંદ સ્વામી પાસે રહીને પિંગળ શાસ્ત્ર તથા અલંકાર શાસ્ત્રનો અભ્યાસ એમણે પૂરો કર્યો હતો. સને ૧૮૪૦ થી તેમને કવિ તરિકે માન મળવા લાગ્યું હતું, છતાં પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો હતો. પછી સને ૧૮૪૮ માં મી૰ ફોર્બસ સાહેબના પરિચયમાં આવતાં તેમનું ભાવી ઘણું સુધરવા માંડ્યું હતું. અમદાવાદમાં ૧૮૪૮ માં સ્થપાયલી 'ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી'માં તેમણે સને ૧૮૫૫ થી ઘણું ઉપયોગી કામ કરેલું હતું. તે સંસ્થા તરફથી એ લાંબી મુદત 'બુદ્ધિપ્રકાશ' ચલાવતા હતા. ફોર્બસ સાહેબે એમની મદદથી 'રાસમાળા'નું અંગ્રેજી પુસ્તક તૈયાર કરેલું હતું, તેમ એમણે પ્રાચીન કાવ્યોનું સંશોધન કરી 'કાવ્ય દોહન' નામથી તે પ્રકટ કરેલાં હતાં. સને ૧૮૮૫ માં એમને સરકાર તરફથી સી. આઈ. ઈ. નો માનપ્રદ ખિતાબ મળેલો હતો. હોપ સાહેબની વાંચનમાળા તૈયાર થઈ તે વખતે તેમાં કવિતાઓ લખવાને માટે તેમને ખાસ રોકેલા હતા, અને તેથી તેમનું નામ વિદ્યાર્થી અવસ્થાથી ગુજરાતી પ્રજાવર્ગમાં ઘણું જાણીતું થયેલું છે. તેમણે વિવિધ વિષયો ઉપર સરલ, સાદી ઉપદેશાત્મક વાણિમાં પોતાના વિચારો કવિતાદ્વારા જણાવેલા છે. તેનો સંગ્રહ 'દલપત કાવ્ય' માં છે. હિંદી ભાષામાં 'શ્રવણાખ્યાન' વગેરે કાવ્યો પણ તેમણે રચેલાં છે. સને ૧૮૮૭ માં સાક્ષર શ્રી નવલરામે લખ્યું છે કે 'આ જમાનાના કવિ તે બેજ......જ્યાં કવિ શબ્દનું ઉચ્ચારણ કર્યું ત્યાં પ્રથમ પ્રતીતિ સર્વે ગુજરાતીના મનમાં આ બેમાંનાજ કોઈ એકની થાય છે'-આ બે કવિ તે કવિ નર્મદાશંકર અને કવિ દલપતરામ હતા એ બાબત મશહૂર છે.

[૭૪-૬] **દાદાજી કોંડદેવ**—એ દક્ષણી બ્રાહ્મણ હતા, અને શિવાજીની સંભાળ માટે તેના બાપ શાહજીએ રાખ્યા હતા. (જુઓ આગળ **શિવાજી મહારાજ**).

[૨૭-૧; ૩૨-૧; ૫૩-૮; ૯૩-૩] **હિન્દના દાદા નરરત્ન દાદાભાઇ નવરોજજી**—હિન્દુસ્તાનના આ વીરપુત્ર મુંબઇમાં પારસી અધ્યારૂ કુટુંબમાં સને ૧૮૨૫ ની ૪ થી સપ્ટેમ્બરે જન્મ્યા હતા. એમના પિતા એમની ચાર વર્ષની વયે ગુજરી ગયા હતા, તેથી એમને ઉછેરવા તથા કેળવણી આપવાનું કાર્ય એમનાં માતુશ્રીને માથે આવી પડ્યું હતું, જે તેમણે ઘણીજ ઉત્તમ રીતે અને કાળજીથી બજાવ્યું હતું. એક માતા પોતાના પુત્રનું ભાવિ કેવી રીતે સુધારી શકે છે અને તેના સદ્વર્તન માટે તેના ઉપર કેવી ઉત્તમ છાપ પાડી શકે છે તેનો આ ઉત્તમ નમુનો છે. હાલની એલ્ફિન્સ્ટન કોલેજ, જેનું નામ તે વખતે એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યુશન હતું, તેમાં મી૦ દાદાભાઇએ અભ્યાસ પૂર્ણ કર્યો હતો, અને એક ઉત્તમ વિદ્યાર્થી તરિકે અનેક ઇનામો મેળવ્યાં હતાં. ૧૮૪૫ ના અરસામાં અભ્યાસ પૂરો થયા બાદ એમને તેમાં હેડ આસિસ્ટન્ટની જગ્યા મળી હતી, અને ત્યાર પછી ૧૮૫૦ માં એજ સંસ્થામાં એમને ગણિત તથા પદાર્થ વિજ્ઞાનના આસિ. પ્રોફેસરની જગ્યા મળી, અને છેવટે ૧૮૫૪ માં તેના પ્રોફેસર તરિકે એ કાયમ થયા હતા. આવી જગ્યા હિન્દવાસી તરિકે હિન્દમાં પહેલવહેલી તેમનેજ મળવાથી તેમાં તેઓ ઘણું માન સમજતા હતા, અને તે જગ્યાનું કામ ઉત્તમ રીતે બજાવવાથી 'પ્રોફેસર દાદાભાઇ'ના નામથી ઘણા ઓળખાયા હતા; પછી ૧૮૫૬ માં તેનું રાજીનામું આપી 'કામા અને કમ્પની'ના એક ભાગીદાર તરિકે દાદાભાઇ વ્યાપારને અર્થે ઇગ્લાન્ડ ગયા હતા. આ પહેલાં એટલે ૧૮૪૫ થી ૧૮૫૫ સુધી દેશસેવા અને લોકહિતનાં અનેક કાર્યો કરવાની શરૂઆત કરી તેમાં આગળ પડતો ભાગ લેવા માંડ્યો હતો. 'સ્ટુડન્ટ્સ લીટરરી એન્ડ સાયન્ટિફીક સોસાઇટી'માં અને જ્ઞાનપ્રસા-

રક મંડળીમાં તે જોડાયા હતા. સ્ત્રીકેળવણીનો ફેલાવો કરનારા મુંબઇના ગૃહસ્થોમાં તે અગ્રેસર હતા, અને તેને માટે કન્યાશાળા સ્થાપી હતી; બાળકો માટેની શાળાઓ નવીન કઢાવી હતી; પારસીઓના સંસાર સુધારા માટેની તથા ધાર્મિક સુધારાની મંડળીમાં, તેમજ બાળલગ્ન અટકાવવાની સંસ્થામાં તે બનતો પ્રયાસ કરતા હતા. વળી ૧૮૫૧ માં તેમણે 'રાસ્ત ગોફતાર' વર્તમાન પત્ર કાઢયું હતું. ઇંગ્લાંડ ગયા બાદ ત્યાં ૧૮૫૬ ની સાલથી પોતે રાજકીય બાબતો સંબંધે અને હિન્દની સ્થિતિનો ખરો ખ્યાલ બ્રિટીશ પ્રજાને આપવા સંબંધે ઘણો શ્રમ કરવા માંડ્યો હતો. તે મુદતથી ૧૮૯૧ સુધી સિવિલ સર્વિસની પરીક્ષા એકી વખતે ઇંગ્લાન્ડ તથા હિંદુસ્તાનમાં લેવાનું ઠરાવવા બદલ ઘણી ચળવળ કરી હતી. વળી ત્યાં લન્ડન ઇન્ડિયન સોસાઇટી તેમજ ઇસ્ટ ઇન્ડિયા સોસાઇટી સ્થાપી તેમાં હિંદુસ્તાનના હિત સંબંધે ભાષણો અપાવતા હતા અને આપતા હતા. ૧૮૬૯ માં હિન્દુસ્તાન પાછા આવેલા તે વખતે તેમને લોકો તરફથી ઉપકારદર્શક લાગણી દર્શાવી ઘણું માન આપવામાં આવ્યું હતું. ફોસેટ કમિટી રૂબરૂ હિન્દુસ્તાનની નાણા સંબંધી સ્થિતિ અને વ્યવસ્થા બદલ જુબાની આપવા પાછા ઇંગ્લાન્ડ ગયા હતા, ને ૧૮૭૪ માં પાછા આવી વડોદરા રાજ્યની દિવાનગીરી મલ્હારરાવ મહારાજના વખતમાં કરી હતી, અને તે વખતે રાજ્યમાં અનેક સુધારા દાખલ કર્યાં હતા. એક વર્ષ રહી આ જગ્યાએથી રાજીનામું આપી દાદાભાઈ મુંબઇમાં રહેલા, તે અરસામાં ત્યાંની મ્યુનિસીપલ કોર્પોરેશનમાં દાખલ થઈ ૧૮૮૫ સુધી લોકસેવા બજાવી હતી. એ વર્ષમાં લોર્ડ રે ગવર્નર હતા તેમણે દાદાભાઇને મુંબઇની લેજીસ્લેટિવ કાઉન્સિલમાં નિમ્યા હતા; પરંતુ તેમાં લાંબી મુદત રહ્યા નહીં. કારણ બ્રિટિશ પાર્લામેન્ટમાં દાખલ થવા અને તેમાં આ દેશના હિત સંબંધે ચળવળ કરવા ૧૮૮૬ ની શરૂઆતમાં તે ઇંગ્લાન્ડ ગયા હતા. ત્યાં જતાં પહેલાં ડિસેમ્બર ૧૮૮૫ માં હિન્દી રાષ્ટ્રીય પરિષદ્

( ઇન્ડિયન નેશનલ કોન્ગ્રેસ ) સ્થાપવામાં એમણે ભાગ લીધો હતા, અને તેની બીજી બેઠક કલકત્તામાં ૧૮૮૬ માં ભરાઈ હતી તેમાં પ્રમુખસ્થાન લેવા અત્રે આવ્યા હતા. પાર્લામેન્ટમાં દાખલ થવા ૧૮૮૫–૮૬ માં પ્રયાસ કરેલો તેમાં ફત્તેહ નહીં પામેલા, છતાં તથી નાસીપાસ ન થતાં આગ્રહ અને ખંત રાખી પ્રયાસ ચાલુ રાખવાથી છેવટ સેન્ટ્રલ ફિન્સબરીના મત આપનારાઓએ એમને પોતાના પ્રતિનિધિ તરિકે પસંદ કર્યા હતા, તેથી ૧૮૯૨માં પહેલા હિન્દી સભાસદ તરિકે હાઉસ ઓફ કોમન્સમાં બેસવાને તે ભાગ્યશાળી થયા હતા. પછી ૧૮૯૩ માં લાહોરમાં હિંદી રાષ્ટ્રીય પરિષદ્‌ની નવમી બેઠકના પ્રમુખપદ માટે એમની પસંદગી થવાથી દાદાભાઈ મુંબઈ આવ્યા હતા. મુંબઇમાં તેમજ ત્યાંથી લાહોર સુધી રસ્તામાં અને લાહોર શહેરમાં એમને જે અપ્રતિમ માનપાન મળ્યું હતું તેવું કાઇકજ વાઇસરોયને મળ્યું હશે. સને ૧૮૯૬ માં હિન્દુસ્તાનમાં થતા ખરચ વગેરે બાબત તપાસ કરવા લોર્ડ વેલ્બીના પ્રમુખપણા નીચે રૉયલ કમિશન નિમાયલું તેમાં ૧૮૯૭ માં એમણે સ્પષ્ટ રીતે હિમ્મતથી જુબાની આપી હતી, અને તેમાં અનેક દાખલા દલીલ સાથે નાણા પ્રકરણી તથા રાજકીય બાબતોને લગતા પ્રશ્નો સંબંધી પોતાના વિશાળ જ્ઞાન વગેરેની કમિશનને ખાતરી કરી આપી હતી. પોતે અનેક પત્રો વગેરેમાં જૂદા જૂદા લેખો લાંબી મુદત આપેલા હતા, તેમાંના મુખ્ય લેખોનો સંગ્રહ 'હિન્દુસ્તાનની ગરીબાઇ અને બ્રિટીશ રાજ્ય વહિવટ' એ નામથી પુસ્તકના આકારમાં ૧૯૦૨ માં બહાર પાડ્યો હતો. સને ૧૯૦૮ માં નેશનલ કોન્ગ્રેસની બેઠક કલકત્તામાં મળી હતી, તેનું પ્રમુખપદ એમને આપેલું, અને આ પ્રમાણે તેવું માન તેમને ત્રીજી વખત અપાયલું હતું. લગભગ ૭૫ વર્ષની વય થતાં સુધી સતત પરિશ્રમ કરીને ૧૯૦૦ની સાલથી દાદાભાઈ વાનપ્રસ્થ અવસ્થામાં પોતાના નિવૃત્તિ સ્થાનમાં અંધેરીની પાસે વરસોવા ગામમાં રહે છે. સ્વાર્થત્યાગ કરી દેશસેવા એજ પોતાનું કર્તવ્ય સમજતા

હોવાથી રાત દિવસ હિન્દનુંજ ચિંતવન કરતા હોવાથી, 'ગ્રાન્ડ ઓલ્ડ મેન,' 'હિન્દના વૃદ્ધ મહાપુરૂષ,' 'હિન્દના દાદા' એ ઉપનામથીજ હિન્દી પ્રજા તેમને ઓળખે છે. ચાલુ વર્ષમાં (૧૯૧૬ ના જાનેવારીની ૨૮ મી તારીખે) મુંબઇની યુનિવર્સિટીએ તેમને 'એલ એલ. ડી.' (ડાકટર ઓફ લોઝ)ની મોટામાં મોટી પદવી (ડિગ્રી) બક્ષીને જાહેર માન આપ્યું હતું; આ પ્રસંગ માટે અને દર્શનાતુર લોકોની ઇચ્છા પાર પાડવા માટે દાદાભાઈ વરસોવાથી ખાસ મુંબઈ પધારેલા હતા, તે વખતે પદવી લઈ સરઘસમાં પાછા ફરતાં આખી મુંબઈ નગરી તરફથી અપ્રતિમ માન મળ્યું હતું.

હિન્દના આ વીરપુત્રના અનેક સદ્ગુણો તથા કામ કરવાની શૈલી અને આગ્રહ દરેક માણસને અનુકરણ કરવા યોગ્ય છે. નાનપણથીજ તેમની યાદદાસ્ત શક્તિ ઘણી સારી હતી; શાળામાં આંક તથા લેખામાં તે એક્કા ગણાતા હતા, અને તેજ કારણથી નાણાં પ્રકરણી બાબતમાં ઘણા પ્રવીણ જણાયા છે. 'શાહનામું,' વોટકૃત 'મનની સુધારણા,' 'જરથોસ્તીના ધર્મ' એવાં પુસ્તકો વાંચવાનો એમને શોખ લાગેલો તે ઉપરથી તથા માતાની ઉત્તમ કેળવણીથી એમનું ચારિત્ર્ય ઉત્તમ પ્રકારનું બંધાયલું હતું.

પોતાના કુટુંબમાં તથા મિત્ર મંડળમાં એક ખરો ચાહ રાખનાર અને ચાહ ઉત્પન્ન કરે તેવા પુરૂષ તરિકે તે જાણીતા છે, તેમ નાના સાથે નાના અને મોટા સાથે મોટા તરિકે વર્તન રાખી, જેમની તેમની સાથે ઘટે તેવી રીતે મમતા, શુદ્ધ ભાવ અને માયાળુપણાથી વર્તતા હતા. તેમની માનસિક શક્તિ અદ્ભુત ગણાયલી છે, તેની સાથે તેમની પ્રકૃતિ ઘણી સરલ જણાયલી છે. એમના વિચારો ઘણા પુખ્ત હતા; તેમણે આખી જીંદગી અધ્યયન કરીને અનેક બાબતોનો પાકો અનુભવ મેળવેલો છે. નમ્રતા, ધૈર્ય, સાદાઈ, વિવેક, શાન્તિ, આત્મભોગ, નિ:સ્વાર્થ બુદ્ધિ, પવિત્રતા, ઉચ્ચ પ્રકારનું સ્વદેશાભિમાન વગેરે સદ્ગુણોને લીધે તે એક ખરા ગૃહસ્થ તરિકે પંકાયલા

છે; અને તેની સાથે તે દેશહિત માટે ખરી લાગણી ધરાવનારા, ખરી મર્દાઇવાળા, સ્પષ્ટ વક્તા, અને ઉચ્ચ આશય પાછળ ખંતથી મંડ્યા રહેનારા હોવાની સર્વને ખાતરી થઈ છે. દરેક બાળકને કેળવણી લેવાની તક મળવી જોઇએ એ તત્વજ તેમને માન્ય હતું, અને પોતાના અનુભવ ઉપરથી જણાવે છે કે કેળવણી મફત મળવી જોઇએ, અને તેના તે ચુસ્ત હિમાયતી છે. 'કોઈ પણ સારૂં કાર્ય કરવાનું હોય તો, ફતેહ પામો કે નિષ્ફળતા પામો, તોપણ તે પાર પાડવાના ઉદ્દેશથી ધૈર્ય અને આગ્રહ રાખો અને આગળ ધપ્યા કરો' એ એમની કર્તવ્યનીતિ હતી. શ્રીયુત ગોપાલ કૃષ્ણ ગોખલેએ જાહેર રીતે દર્શાવ્યા મુજબ 'દાદાભાઈ એ આખી દુનિયાના મહાન્ પુરૂષોમાંના એક છે,' અને એવી વ્યક્તિ દશ લાખમાં એક નિકળી આવે છે.

[૭૮-૧૨; ૮૧-૭] **વે. શા. સં. શાસ્ત્રી હિનમણિશંકર રમાશંકર**–(ઇ. સ. ૧૮૦૫-૯૮]–આ શાસ્ત્રીજી સુરતના વડનગરા નાગર બ્રાહ્મણ જ્ઞાતિના એક સમર્થ પંડિત હતા. હિંદુ ધર્મશાસ્ત્રો વગેરેનું તેમનું જ્ઞાન અસાધારણ હતું. એમની વિદ્વત્તાની ખ્યાતિ યુરોપીય વિદ્વાનોના પણ જાણવામાં આવી હતી, તેમ કાશીના પંડિતો પણ એમના તરફ માનની દૃષ્ટિથી જોતા. જે સમયે પરદેશગમન વિરૂદ્ધ લોકોની લાગણી સખ્ત હતી, અને જે સમયે, વિલાયત જવું એ એટલું મોટું પાતક ગણાતું કે કોઈ પણ પ્રકારના પ્રાયશ્ચિત્તથી એ પાતકની શુદ્ધિ થઈ શકતી નથી એવું લોકો માનતા, તે સમયે રા. સા. મહીપતરામ રૂપરામને વિલાયત ગમનનું પ્રાયશ્ચિત્ત આપીને પાવન કરવામાં એમણે હિમ્મત ધરી હતી. સુરતના પાંચ પ્રખ્યાત 'દદ્દાઓ'નાં નામ સુધારાના અગ્રેસરો તરીકે ગણાય છે તેમાંના એક શાસ્ત્રી હિનમણિશંકર હતા. વે. શા. સં. યજ્ઞેશ્વર શાસ્ત્રી અને વિશ્વનાથ શાસ્ત્રી એ એમના શિષ્ય હતા. એમના પુસ્તકભંડારમાં સંસ્કૃત સાહિત્ય, ધર્મશાસ્ત્ર વગેરે વિષયનાં અનેક હસ્તલિખિત પુસ્તકો

હતાં; તેમાંથી ઘણાં ડા. બૂલર સાહેબ ખરીદ કરી ગયા હતા એમ કહેવાય છે, છતાં પણ હજી ઘણાંક બાકી રહેલાં છે, તે પૈકી ઘણાં ખરાં હાલ પ્રસિદ્ધ થઈ ચુક્યાં છે; તોપણ તે તથા છપાયલાં નહીં તેવાં સઘળાંનો તેમનો પુસ્તકભંડાર તેમના વારસ રા. રા. મોહનલાલ પાર્વતિશંકર દવેએ ઘણી કાળજીથી સાચવી રાખ્યો છે. આ શાસ્ત્રીજીને જેમણે જોયેલા તેવા ઘરડા માણસો સ્વાભાવિક રીતે ઉદ્ગાર કાઢતા અને કાઢે છે કે, શાસ્ત્રી દિનમણિશંકરનો કાળ થયાથી આ પ્રાન્તને ધર્મરક્ષણ તથા સંસ્કૃતવિદ્યા સંબંધી ભારે હાનિ થયેલી છે.

[૭૭-૪] **ઑન. મી૦ દીનશા એદલજી વાચ્છા** જુઓ આગળ **ઑ. મી૦ વાચ્છા દીનશા એદલજી.**

[૯૧-૨; ૬૭-૧૨; ૭૫-૩; ૮૧-૭] **આજમ દુર્ગારામ મંછારામ મહેતાજી**-(સને ૧૮૦૯-૭૬)-એ સુરતના વતની અને વડનગરા નાગર બ્રાહ્મણ હતા. એમણે કેળવણી ખાતામાં નોકરી કરેલી હતી. ગુજરાતમાં કેળવણીની એ વખતે શરૂઆત હતી. શિક્ષાગુરૂ તરિકે તેમણે સારી નામના મેળવી હતી. ઇ. સ. ૧૮૪૪ માં 'માનવ ધર્મસભા' સ્થાપી તેમણે વહેમવાળા ધર્મનું ખંડન કરવા માંડેલું. તેઓ એક આગળ પડતા સુધારક હતા. બહારના સુધારા સાથે અંદરના સુધારાની જરૂર છે એવું તે માનતા હતા. ઇ. સ. ૧૮૫૨ માં તેમની બદલી રાજકોટ થઈ હતી ત્યાં પણ પોતે આગ્રહપૂર્વક ઉપદેશ આપવા લાગ્યા હતા. એ ગુજરાતી હોપ વાંચનમાળા તૈયાર કરનારી કમિટીમાં પણ હતા. પછી ૧૮૬૦ ના અરસામાં પેન્શન લઈ પોતાના વતન સુરતમાં આવી રહેલા, અને ત્યાં પોતાનો સુધારાનો વાવટો પાછો ઉડાવ્યો. સામાજિક ઉન્નતિ અર્થે તેમણે 'સુરત પ્રજા સમાજ'ની સ્થાપના કરાવેલી હતી. ઘંતરમંતર, જાદુ, ભૂત વગેરે બાબતોમાં તેમને કાંઈ પણ શ્રદ્ધા નહોતી, અને તેથી તે ધોરણે તેઓ વહેમખંડનનો ઉપદેશ કરતા હતા. દેશહિત માટે તેમને ઘણી લાગણી હતી, અને તેથીજ લોકોને

અનેક રીતે બોધ કરતા હતા. સુરતમાં સંસારસુધારા સંબંધે આગળ પડતા માણસો તે વખતે જે પાંચ દદ્દાના નામથી ઓળખાતા હતા, તેમાંના એક આજમ દુર્ગારામ હતા. તે નીડર સ્પષ્ટવક્તા છતાં શાંત અને ગંભીર પ્રકૃતિના હતા.

[૯૧–૨] **ડા. ધીરજરામ દલપતરામ**–એ વાલ્મિક કાયસ્થ જ્ઞાતિના સુરતના વતની હતા. મુંબઇમાં ડાકટર તરિકે કામ કરતા હતા, છતાં કવિ નર્મદાશંકર વગેરેની સાથે વહેમખંડન વગેરે સંસાર સુધારાના સંબંધમાં તથા વૈદ્યક જ્ઞાન સંબંધમાં ભાષણો આપી ત્યાં આગળ પડતો ભાગ લેતા હતા. જુના સાહિત્યના પણ એ શોખીન હતા. તેમણે વૈદ્યક સંબંધી સર્વોપયોગી સૂચના (૧૮૬૩ માં), સ્ત્રી ઉપયોગી સૂચના, શારીર વિદ્યા–અસ્થિ વિદ્યા (૧૮૭૫માં), વગેરે પુસ્તકો તૈયાર કરી પ્રગટ કરેલાં હતાં. એ સને ૧૮૭૯ માં ગુજરી ગયા હતા.

[૭૯–૮] **ધીરો ભક્ત**–(સને ૧૭૫૩ થી ૧૮૨૫ના અરસામાં) આ ભક્ત કવિ વડોદરા પ્રાંતના સાવલી પાસેના ગોઠડા ગામના ભાટ હતા. આ કવિ બ્રહ્મજ્ઞાની હોવાનું એમની કવિતા ઉપરથી જણાય છે. એમણે કાફી રાગમાં વૈરાગ અને જ્ઞાન સંબંધી છૂટક પદો ઘણાં કર્યાં છે; અને કાફી તે ધીરાનીજ એમ વખણાય છે, અને તેમાં તેને હજી કોઈ પહોંચી શક્યું નથી. તેણે રણયજ્ઞ, મતવાદી, આત્મબોધ, અવલવાણી, સ્વરૂપની કાફીઓ, જ્ઞાન કક્કો, યોગમાર્ગ, પ્રશ્નોત્તરમાલિકા, ઘોળ, ગરબી વગેરે કરેલાં છે.

[૭૦–૪; ૯૮–૩] **ડા. હરિલાલ હર્ષદરાય ધ્રુવ**–બી. એ., એલ એલ. બી.–(૧૮૫૬–૯૬)–એ અમદાવાદના વતની અને જ્ઞાતે સાઠોદરા નાગર ગૃહસ્થ હતા. સુરતમાં વકીલાત કરતા હતા તે વખતે રાજકીય બાબતમાં તેમના વિચાર ઘણા આગળ પડતા હતા. પછી વડોદરા રાજ્યમાં તેઓ દાખલ થયેલા, ત્યાં કેટલોક વખત પ્રાન્ત ન્યાયાધીશના ઓદ્ધા ઉપર હતા. તેમને પુરાતન વસ્તુઓ વગેરેની

શોધખોળ કરવાનો સારો શોખ હતો, તેથી તામ્રપટ, શિલાલેખો વગેરે શોધી કાઢી તેમાંની હકીકત તેમણે પ્રકટ કરી હતી. સન ૧૮૮૯ માં સ્ટૉકહોમમાં ભરાયલી ઑરિયન્ટલ કૉન્ગ્રેસમાં વડોદરા રાજ્ય તરફથી પ્રતિનિધિ તરિકે તેમને મોકલવામાં આવ્યા હતા. તેમનું સંસ્કૃત જ્ઞાન સારૂં હતું, તેમ તેમણે ગુજરાતી કેટલીક કવિતા પણ લખેલી છે. એ ગુજરાતી સાહિત્યના સારા સેવક ગણાતા હતા; તેમનાં પ્રગટ થયેલાં કાવ્ય વગેરેમાં મુખ્ય આર્યોત્કર્ષ, કુંજવિહાર, વસંતવિલાસિકા, પ્રવાસપુષ્પાંજલિ વગેરે છે.

[૯૧-૨] **રા. રા. નગીનદાસ તુલસીદાસ મારફતીયા.** બી. એ., એલ એલ. બી., સોલીસીટર—એ સુરતના વતની મોઢ વણિક જ્ઞાતિના હતા. મુંબઇમાં એ સોલીસીટરનો ધંધો કરતા હતા. એમને સાહિત્યનો શોખ સારો હતો. એમના વખતમાં મુંબઇમાં સંસારસુધારાના સંબંધમાં અને રાજકીય બાબતો સંબંધે જે ચળવળ થતી હતી તેમાં તેઓ સારો ભાગ લેતા હતા. 'દાંડિયાં' નામનું ચોપાનિયું મુંબઇમાં નિકળતું હતું તેના લેખકમંડળમાં એ પણ હતા. એ ચુસ્ત વૈષ્ણવ હતા. મુંબઈ યુનિવર્સિટી સંબંધે ગુજરાતી નિબંધ એમણે સને ૧૮૬૯ માં તૈયાર કરી પ્રસિદ્ધ કર્યો હતો. એમણે 'ગુલાબ નાટક' નામનું નાટક લખેલું હતું.

[૫૬-૬; ૧૦૧-૨] **રા. બા. નંદશંકર તુલજાશંકર** (સને ૧૮૩૫-૧૯૦૫)—એ સુરતના વતની અને વડનગરા નાગર ગૃહસ્થ હતા. એમણે કેળવણી ખાતામાં જૂદે જૂદે સ્થળે નોકરી કરી હતી અને ત્યાં પ્રતિષ્ઠા મેળવી હતી, તે ઉપરથી 'મારતર' ઉપનામથી ઘણે ભાગે તે ઓળખાતા હતા. દેવગઢ બારિયા, લુણાવાડા વગેરે દેશી સંસ્થાનોમાં તેમણે એડમિનિસ્ટ્રેટરનું કામ કરેલું હતું. સને ૧૮૮૦ માં તે કચ્છના દિવાનપદે નિમાયા હતા. પછી ૧૮૮૭માં રેવાકાંઠાના પોલીટીકલ એજન્ટ પણ થયા હતા. આ સાલમાં એમને રાવ બહાદુરનો ખિતાબ મળ્યો હતો. એ સાહિત્યના શોખીન હતા. ભૂમિતી,

યંત્રશાસ્ત્ર વગેરેનાં ભાષાન્તર એમણે કરેલાં હતાં; પરંતુ ગુજરાતીમાં એક ઉત્તમ અને આદિ નવલકથાકાર તરિકે તેઓ ખાસ પંકાયેલા છે; તેમણે રજપૂત રાજા કરણઘેલાના વૃત્તાંત ઉપરથી 'કરણઘેલો' નામની ઐતિહાસિક વાર્તા સરળ, સાદી અને અસરકારક ભાષામાં લખી હતી. તેઓ ઘણા આનંદી, મીલનસાર, અને નિરભિમાની ગૃહસ્થ હતા.

[૫૬-૬; ૩૮-૯; ૪૯-૮; ૫૩-૮; ૮૬-૬; ૯૫-૪; ૧૦૦-૪; ૧૦૩-૧૧; ૧૦૮-૩; ૧૦૮-૧૧] **કવિ નર્મદાશંકર લાલશંકર દવે**-(૧૮૩૩-૮૬) આ કવિરત્ન સુરતના વતની અને વડનગરા નાગર બ્રાહ્મણ હતા. કવિનું કાઠું મધ્યમ પણ ભરેલું, અને કસાયેલું નિરોગી હતું. એમનો અભ્યાસ ગામઠી નિશાળ તથા સરકારી નિશાળમાં પૂરો થયા પછી, તેમના પિતા મુંબઈ હોવાથી બાર વર્ષની ઉમ્મરે એલ્ફિન્સ્ટન સ્કૂલમાં એ દાખલ થયા હતા. અહીંનો અભ્યાસ પાંચ વર્ષમાં પૂરો કરી સને ૧૮૫૦માં તે કોલેજમાં દાખલ થવાની પરીક્ષામાં પાસ થયા જેથી ત્યાંની શિષ્યવૃત્તિ તેમણે મેળવી હતી. આ સંસ્થાના અભ્યાસમાં અક્ષરગણિત અને ભૂમિતીમાં તેમની બુદ્ધિ સારી ચાલતી હતી. ભૂમિતીથી તોલનશક્તિ કેળવાય છે, તેનો એ પ્રત્યક્ષ દાખલો છે. કવિ રસતરંગમાં પોતાના કવનમાં ગમે એટલા ચઢે છે, તોપણ તેમની વાણી હમેશાં સકારણ, સયુક્તિક અને યથાર્થતાથીજ ગોઠવાયેલી માલમ પડે છે, તે આ તોલનશક્તિને પ્રતાપે. ખંડનમંડન વાદમાં નર્મદાશંકરની કલમ તરવારની માફક કાપતી જાય છે, તેનું કારણ પણ એજ. કોશાદિક ગંભીર ગ્રંથોની રચનામાં પણ તેમની આ શક્તિ માલમ પડી આવે છે. કવિ નર્મદાશંકરના સમયમાં ચાલતી શિક્ષણપદ્ધતિથી થોડા પણ ખરા સુશિક્ષિત છોકરાઓ તૈયાર થતા અને તેઓ ઉચ્ચ લાગણીવાળા તથા દેશ સુધારા માટે ઉત્સાહી નિવડતા, અને કવિ તેનો એક ઉત્તમ નમુનો હતો. કવિનું અંગ્રેજી જ્ઞાન તે વખતના પ્રમાણમાં અસાધારણ હતું; તેઓ બાઇરન, શેક-

સપિયર, વગેરે કવિઓના અને બેકન, લૉક વગેરેના ફિલસુફીના ગ્રંથો પણ તેની ખુબી સાથે સમજી શકતા હતા.

સોળથી પચીસ વર્ષ સુધીનો વખત ખરેખર ગદ્ધા પચીસી કહેવાય છે; કવિનું મન એ કાળમાં જુવાનીને ચકડોળે ચઢયું હતું, અને એજ કારણથી તેમણે કોલેજ છોડી હતી. આમ હોવાથી સને ૧૮૫૨માં રાંદેરમાં અને પાછળથી સુરતમાં મેહેતાજીની રૂ. ૧૫) ની નોકરીમાં આપણા આ કવિ પ્રથમ જોડાયા; પરંતુ એનો આત્મા એને અંદરથી ચટકા મારી નિરંતર પ્રબોધતો હતો, કે 'અલ્યા ઉઠ, અને મોટાં કામ કર.' વિદ્વાન્ દાખલ પ્રસિદ્ધિ મેળવવી, એવો તેમનો જુસ્સો તાજો થઈ તેમને ફરીથી સને ૧૮૫૫માં મુંબઈ લઈ ગયો. કોલેજમાં અભ્યાસ ચાલતો હતો તે વખતે કવિએ પ્રથમ 'બુદ્ધિવર્ધક' એ નામની સભા ઉભી કીધી હતી. પાછળથી સુરતમાં આવ્યા પછી 'સ્વદેશ હિતેચ્છુ' એ નામની મંડળી ઉભી કરી, અને 'જ્ઞાન સાગર' એ નામનું અઠવાડિયા પત્ર કાઢવા માંડ્યું હતું. મુંબઈ ગયા પછી કોલેજમાં ફરી દાખલ થયા, પણ અભ્યાસમાં બરાબર મન લાગેલું નહોતું. ધીરા ભક્તનાં બે ત્રણ પદ વાંચી તેના જેવાજ વિચારની કવિતા બનાવવાનું તેમને મન થયું, અને બે ત્રણ પદ બનાવ્યાં. તેથી તેમના મનને આનન્દ લાગ્યો, અને વિચાર આવ્યો કે જ્યારે કવિતા બનાવવાથી આનન્દ થાય છે ત્યારે હું તો એજ કામ કરીશ. આ વખતે એમની ઉમ્મર ૨૨ વર્ષની હતી. આજ સમયે કવિતા કરવાની શરૂઆત સાથે જાહેરમાં નિબંધો વાંચી પ્રસિદ્ધ કરવાનો ઉદ્યોગ પણ હોંસથી આરંભાયો હતો. આવાં કામોને માટે તે વેળાએ બુદ્ધિ, પ્રકૃતિ, ઉમ્મર, અને સમયાનુસાર કેળવણી તેમનામાં જોઇએ તેવી હતી. સંસ્કૃત ભાષાનું જ્ઞાન પણ કેટલુંક મેળવ્યું હતું, અને પછી સિદ્ધાંત કૌમુદી, પિંગળ, અલંકાર, રસશાસ્ત્ર, વગેરેનું અધ્યયન કર્યું, અને ગુરૂ દ્વારા સારૂં જ્ઞાન પ્રાપ્ત કર્યું. નર્મદાશંકરે પોતાનાં કામ માટે જોઇએ તેવી લાયકાત મેળવવાને સારૂ જે વિદ્યુત્ વેગી ભગીરથ

પ્રયત્ન કર્યો છે તે હાલના દરેક ઉત્કંઠિત લેખકને બોધ લેવા જેવો છે. તા૦ ૨૩મી નવેમ્બર ૧૮૫૮ના રોજ કવિએ નોકરીનું રાજીનામું આપ્યું અને મનથી નિશ્ચય કર્યો કે હવે પછી નોકરી ન કરતાં બધું જીવન શારદાસેવનનેજ અર્પણ કરવું. આવા ઉચ્ચ ઉદ્દેશથી કવિતાઓ, ગદ્ય-નિબંધો, પિંગળ પ્રવેશ, રસપ્રવેશ, નાયિકા વિષય પ્રવેશ, વગેરે બહાર પાડવા માંડ્યાં હતાં. કવિના લેખો વાંચી મુંબઈમાં બધા તેની શૈલી ઉપર મોહિત થઈ ગયા હતા, અને કવિતા પ્રદેશમાં કોઈ નવો સૂર્ય ઉગે છે એમ લોકોને ભાસ્યું. ગુજરાતી પંડિત દાખલ તેમની ખ્યાતિ સરકાર સુધી પહોંચી જવાથી ગુજરાતી જોડણી છેવટની મુકરર કરવા જે કમિટી નિમાઈ હતી તેમાં કામ કરવાનું નર્મદાશંકરને તે વખતના ડિરેક્ટર મી૦ હાવર્ડ તરફથી માનપૂર્વક આમંત્રણ થયું હતું; આવી અનેક રીતે તેમનો યશ ગુર્જર પ્રજામાં પૂર્ણ જામ્યો હતો. તેમની કવિ તરિકે કીર્ત્તિ જામી હતી, પણ ગુર્જર ગદ્યકાર દાખલ તેમણે એથી પણ વધારે કીર્ત્તિ મેળવી હતી. 'રૂઢ, રમતી, મર્માળી વાણી ગુજરાતી ગદ્યમાં દાખલ કરવાનું મહા માન નર્મદાશંકરનેજ છે. એમનું ગદ્ય જેવું સરલ તેવુંજ રૂઢ, અને જેવું રૂઢ તેવુંજ પ્રસંગસર પ્રૌઢ પણ હતું.' (જુઓ પૃ. ૨૭૮, પ્રશ્નપત્ર ૯૫-૪).

નર્મદાશંકરે સંસારસુધારા સંબંધી, નીતિ સંબંધી, ધર્મ સંબંધી, સાક્ષરત્વ સંબંધી, ઇતિહાસ સંબંધી, ભાષા સંબંધી અનેક લેખો અને ગ્રંથો, નાટકો અને કવિતાઓ લખ્યાં છે, તેમ ભાષાન્તરો અને સંશોધન કરેલાં છે (તેવા મુખ્ય ગ્રંથોનાં નામ માટે જુઓ પૃ. ૯૯ પ્ર. ૩૮-૯); પણ તેમનાં લાંબા ધીર ઉદ્યોગ, ભાષાજ્ઞાન અને શાન્ત સૂક્ષ્મ બુદ્ધિનો કીર્ત્તિસ્તંભ તે તેમનો **નર્મકોશ** છે. ગુજરાતી ભાષામાં મૂળે કોશ નહીં ત્યાં આવડો મોટો અને આવો સારો, એકજ માણસના ઉદ્યોગથી, અને તે પણ બીજાં સાક્ષર કામો અને સંસારની અનેક ઉપાધિની વચમાં બનવો, એ ગુર્જર ભાષાને ખરેખરી અભિવંદના આપવા યોગ્ય વાર્ત્તા છે. આ કોશની

શરૂઆત ૧૮૬૦ ના નવેમ્બરમાં કરી અને એનો પહેલો ભાગ ૧૮૬૪ માં બહાર પડ્યો હતો; આ તેમનો ભગીરથ પ્રયત્ન પૂરો કરતાં અનેક જાતની ઉપાધિઓ નડવા છતાં ધીરવીર નર્મદે આરંભેલું કામ ૧૮૬૮ના આગસ્ટમાં પૂર્ણ કર્યું. ગ્રંથ તૈયાર થયો પણ તેને છપાવવાને ઘણી ઘણી મુશ્કેલી નડી હતી; તેમ છતાં નર્મદાશંકરે તે બદલ અસંતોષ ન બતાવતાં, કોશની પ્રસ્તાવનામાં આ સંબંધમાં એટલુંજ જણાવ્યું છે કે 'પ્રવૃત્તિવાળી સ્થિતિમાં તથા આશ્રય વિનાની સ્થિતિમાં પણ ઉત્સાહવાળા ઉદ્યુક્તપણાવડે આ કોશ રચાયો છે અને છપાયો છે.' આ ખરેખર કેવા મોટા મનનો સ્વાભિમાની આત્મસંતોષ!

સંસારસુધારા સંબંધે કવિના વિચારો ઘણા આગળ પડતા હતા અને તેને માટે તેમણે ઘણા પ્રયત્નો પણ કરેલા હતા; તે કારણથી તેમજ નાણાંના સંકોચને લીધે તેમને ઘણાં દુઃખ વેઠવાં પડ્યાં હતાં. પાછળથી દેશહિત કાર્યને માટેના પ્રયત્નો વગેરે સંબંધે તેમના કેટલાક વિચાર બદલાયા હતા, અને તેને પરિણામે છેવટ 'ધર્મ-વિચાર' નામનું પુસ્તક છપાયું હતું (જુઓ પૃ. ૩૩૨, પ્ર. ૧૦૮–૩).

કવિની આર્થિક સ્થિતિ સારી નહોતી; નર્મદાશંકરને લોકો પાસેથી પૈસા કઢાવવાની યુક્તિ આવડતી નહોતી, અથવા તેમાં જે ખટપટ અને ખુશામત કેટલેક દરજ્જે જોઇએ છે તે કરવાપર એમનું મન મૂળથીજ નહોતું. માત્ર દેશસેવા તથા ખરી કીર્તિનો આ કવિ ભુખ્યો હતો; માનમરતબો સાચવવાનો તથા આનંદમાં રહેવાનો એમનો નિયમ હતો, અને તેની સાથે નાણાંનો સંકોચ હોવા છતાં તે ઉદાર વૃત્તિવાળા હતા. આમ હોવાથી તેમની કદર પીછાનનારા ઘણા હતા, તેથી તેમની આપત્તિમાં અનેક સખી ગૃહસ્થો તરફથી ગુપ્ત રીતે નાણાંની મદદ મળતી, અને તેમાંના કેટલાક પોતાનાં નામ કવિને જાણવા પણ દેતા નહોતા; પરંતુ એમની આખી જીંદ-ગીમાં જે ઘણો સારો આશ્રય મળ્યો હતો તે મુંબઇના કપોળ

વણિક શેઠ કરસનદાસ માધવદાસ તરફનો હતો. આ શેઠ કવિના મોટા મિત્ર ગુણગ્રાહક હતા, તેથી દશ બાર હજારની મદદ તેમણે કરેલી હતી. નોકરી નહીંજ કરવી એવા દૃઢ મતના તે હોવા છતાં પોતાનો ટેક છોડી ગોકલદાસ તેજપાલના ધર્માદા ખાતાના સેક્રેટરી તરીકે કવિને સને ૧૮૮૨માં નોકરી સ્વીકારવી પડી હતી; ને તે જગ્યાના સંબંધનું પણ ઘણું ઉપયોગી કામ તેમને હાથે થયું હતું. સને ૧૮૮૬ના ફેબ્રુઆરીની તા૦ ૨૫મી ને ગુરૂવારે આ આપણા ગુર્જર કવિ, સમર્થ અને ટેકી નર તેમજ સાચા દેશભક્તે આ દુઃખરૂપ સંસારનો ત્યાગ કરી કૈલાસવાસ કર્યો હતો.

કવિ પોતાનો બધો વખત વિદ્યાના આનંદમાંજ કાઢતા; તેમને ગ્રામ્ય વાર્તા બિલકુલ પસંદ નહોતી, અને વિદ્વાન્ મિત્રોનું મંડળ હોય તો તેમાં પાંચ છ કલાક સુધી પણ એવીજ ઉંચી વાતચિતમાં નિમગ્ન રહેતા. એમની વાતચિતમાં ડોળ ડમાક કે પોતેજ બહુ બોલવું એવો સ્વભાવ નહોતો; તેમજ દુરાગ્રહથી પોતાનો વાદ પકડી રહેવો એમ પણ કરતા નહીં. સામાનો પક્ષ સકારણ દેખે તો સ્વીકારવો, નહીં તો તેના રદિયા આપી કેવળ સત્યનોજ નિર્ણય કરવા તરફ એમનું વલણ રહેતું. વિદ્યાનો આનંદ, દેશાભિમાનની મસ્તી, સ્પષ્ટ વાણી, નિસ્પૃહી ભાવના, ઉંચો ટેક, અને સાચી દેશદાઝ, એ ગુણો નર્મદાશંકરમાં મૂળથી છેવટ સુધી અખંડિત જ્યોતિરૂપ પ્રકાશી રહ્યા હતા. ટુંકામાં આ જમાનાની એટલે પાછલાં ૫૦-૬૦ વર્ષમાં ગુર્જર મંડળના ચિન્મય આકાશમાં જે જે લીલાઓ થઇ છે, તેની ખરેખરી મૂર્તિ નર્મદાશંકર છે. નર્મદાશંકરનેજ આ કાળની સમયમૂર્તિ ગણવામાં આવેલી છે. (નવલરામે લખેલા નર્મદ કવિજીવન ઉપરથી).

[૯૧-૨; ૫૬-૬; ૬૭-૧૨] **સાક્ષર શ્રી નવલરામ લક્ષ્મીરામ પંડ્યા**-(સને ૧૮૩૬-૮૮)-એ સુરતના વતની અને વિસલનગરા નાગર બ્રાહ્મણ હતા. એમણે સને ૧૮૫૩ સુધીમાં પોતાનો અભ્યાસ પૂરો કર્યો હતો, તે વખતે ગુજરાતી ભાષાદ્વારા ભૂમિતિ તથા

ઘન સમીકરણના વિષયમાં પ્રવીણ થઈ ગયા હતા. ૧૮૫૪ માં તેમણે કેળવણી ખાતામાં રૂ. ૧૦)ના પગારથી નોકરી શરૂ કરેલી તેમાં ચઢતાં ચઢતાં છેવટ રાજકોટ ટ્રેનિંગ કાલેજના પ્રિન્સિપાલની જગ્યાએ પહોંચ્યા હતા. એમણે પોતાનું જીવન એક વિદ્યાર્થી તરિકે સાહિત્ય વિષયમાં ગાળેલું હતું અને ખરા સાક્ષર હતા. ગુજરાત શાળાપત્રનું અધિપતિપણું બીજા કરતાં લાંબામાં લાંબી મુદત એમની પાસે હતું, અને તે દ્વારા તથા અન્ય લેખો વગેરે લખીને અમદાવાદ તથા રાજકોટમાં રહી તેમણે સાહિત્ય સેવા ઘણીજ ઉત્તમ રીતે બજાવી છે. ભટનું ભોપાળું, બાળલગ્ન બત્રીશી, વ્યુત્પત્તિ પાઠ વગેરે ગ્રંથો તેમણે રચ્યા છે, પરંતુ તેઓ પુસ્તકોના નિષ્પક્ષપાતી, નિસ્પૃહી પરીક્ષક, વિવેચક અને ટીકાકાર તરિકે મશહૂર છે. તેમના ગ્રંથો તથા શાળા પત્રમાંના ઉત્તમ નિબંધો, શિક્ષણના વિષયો તથા પુસ્તકવિવેચન વગેરેના લેખોનો સંગ્રહ 'નવલ ગ્રન્થાવલિ' નામના ચાર ભાગના પુસ્તકમાં છપાયલો છે.

[૮૮–૪] **મી૦ કરીમઅલ્લી રહીમ નાનજીઆણી**, બી. એ.–એમનો જન્મ મુંબઇમાં સને ૧૮૫૪ માં થયો હતો. એ ખોજા મુસલમાન છે. તેમના પિતા મુંબઇમાં એક વેપારી હતા. બી. એ. ની પરીક્ષા પસાર કરીને ગુજરાતમાં હાઇસ્કૂલ તથા ડેપ્યુટી ઇન્સ્પેક્ટરની જૂદી જૂદી જગ્યાએ એમણે નોકરી કરી છે; પછી તેમાંથી પેન્શન લઈ કચ્છ માંડવીમાં હાલ અંગ્રેજી હાઇસ્કૂલના પ્રિન્સિપાલ તરિકે કામ કરે છે. મુસલમાન કોમના હોવા છતાં ગુજરાતી ભાષા શુદ્ધ બોલવા લખવા માટે તેઓ જાણીતા થયેલા છે. એ એક સારા લેખક છે; તેમણે પોતાના લેખ ગુજરાત શાળાપત્ર, બુદ્ધિપ્રકાશ, જ્ઞાનવર્ધક, સીબોધ વગેરેમાં પ્રસિદ્ધ કરેલા છે, તે ઉપરાંત તેમણે કવેન્ટિન ડર્વાર્ડ, દુનિયા દર્પણ, 'ફારસી અંગ્રેજી ગુજરાતી તથા હિંદુસ્તાની કહેવતોનો મુકાબલો,' નિબંધ કરમાળા, હિંદુસ્તાનમાં પ્રવાસ, કુરાને શરીફ માંહેલાં જવાહિરો, વગેરે પુસ્તકો પ્રગટ કરેલાં છે.

[૭૭-૪] **મી૦ નાનાભાઈ રૂસ્તમજી રાણીના**-જુઓ **રાણીના ના. રૂ.**

[૮૪-૧૦] **જસ્ટિસ નાનાભાઇ હરિદાસ**-(સને ૧૮૩૨-૮૯)-એ સુરતના વતની અને જ્ઞાતિએ વાલ્મિક કાયસ્થ હતા. માબાપની સ્થિતિ ગરીબ હતી તે છતાં ઘણાં સંકટ વેઠી પરિશ્રમ કરી તથા ખંત રાખીને અંગ્રેજીનો અભ્યાસ એમણે સુરત તથા મુંબઇમાં કરેલો હતો. પછી મુંબઇ હાઇ કોર્ટમાં દુભાષિયાની નોકરી મળેલી તેમાં ઉત્તમ રીતે કામ બજાવી કાયદાનો પણ અભ્યાસ કર્યો, અને મદ્રાસ યુનિવર્સિટીની એલ એલ. બી.ની પરીક્ષા સને ૧૮૬૩ માં પસાર કરી આવ્યા હતા. લાંબી મુદત તેમણે વકીલાતનો ધંધો કર્યો હતો, અને તે ઘણો સારો ચાલ્યો હતો. હાઈ કોર્ટના સરકારી વકીલ તરિકે પણ એમની નિમણુક થઈ હતી; તે દરમ્યાન સને ૧૮૭૩ માં એક્ટિંગ જડજ નિમાયા હતા, અને પછી પ્રસંગોપાત તે કામપર એક્ટિંગ નિમાતા હતા; છેવટ ૧૮૮૪ માં તે માનમરતબા અને જોખમદારીની જગ્યાપર કાયમ થયા હતા. હાઇ કોર્ટમાં દેશી જડજ તરિકે ન્યાયમૂર્તિ નાનાભાઇ હરિદાસ પહેલાજ હતા. આ જગ્યાએ પોતાના પ્રમાણિક, એકનિષ્ઠ વર્તનથી અને ન્યાયવૃત્તિથી તેમણે સારી નામના મેળવી હતી, અને આવી જગ્યા માટે દેશી ગૃહસ્થો લાયક છે એવું સરકારને બતાવી આપ્યું હતું. હાલ મુંબઇમાં પ્રગટ થતા 'સ્ત્રીબોધ' નામના ગુજરાતી માસિકની મૂળ સ્થાપના રા. રા. નાનાભાઇએ કરી હતી. પરિશ્રમ કરે તો ગમે તેવી નબળી સ્થિતિમાં માણસ વિદ્યાભ્યાસ કરી શકે છે, અને શુદ્ધ અંતઃકરણથી પ્રામાણિકપણે ઉદ્યોગ કરે છે તેને નહીં ધારેલા મોટા લાભ થાય છે એનો ઉત્તમ દાખલો ન્યાયમૂર્તિ નાનાભાઇનો છે.

[૭૫-૪] **રા. નારાયણ હેમચન્દ્ર**-(૧૮૫૫-૧૯૦૨)-એમનું મૂળ વતન દિવ બંદર હતું. તે જ્ઞાતિએ બ્રહ્મક્ષત્રી હતા. એમનું વર્તન કેવળ સાધુપરાયણ હતું, અને એ મરણ પર્યન્ત બ્રહ્મચારી રહ્યા

હતા. એમણે યુરોપ અને અમેરિકાનો ત્રણ ચાર વાર પ્રવાસ કર્યો હતો. બંગાળી ભાષાનું સારૂં જ્ઞાન મેળવીને તે ભાષામાંથી તથા અંગ્રેજીમાંથી અનેક પુસ્તકોનાં ગુજરાતી ભાષામાં ભાષાન્તર એમણે છપાવ્યાં છે; તેમજ સ્વતંત્ર પુસ્તકો પણ લખીને સાહિત્યમાં ઘણો સારો વધારો કર્યો છે; ટૂંકામાં એમણે ધર્મ, ઇતિહાસ, નીતિ, સંસાર-સુધારો, ચરિત્ર, વિજ્ઞાન વગેરે અનેક વિષયો ઉપર સ્વકલ્પિત તથા ભાષાન્તરો મળીને લગભગ ૨૦૦ પુસ્તકો રચેલાં જણાય છે. બ્રહ્મ-ચર્યવ્રત પાળી, કેવળ સાદાઇ રાખી આખી જીંદગી આવા સાહિત્યના કાર્યમાં તેમણે અર્પણ કરેલી હતી. એમણે પોતાનું જીવન-ચરિત્ર 'હું પોતે' નામના ગ્રન્થમાં આપેલું છે.

[૬૮–૩] **શ્રીમન્ નૃસિંહાચાર્યજી**–(૧૮૫૪–૯૭)–એ સુરતના વતની વિસલનગરા નાગર ગૃહસ્થ હતા. તેમણે ગુજરાતી ભાષામાં અનેક ગ્રન્થો રચી, કવિતાઓ બનાવી, મહાકાળ ચોપાનિયું ચાલુ કરી, ગુજરાતી સાહિત્યમાં ઘણો સંગીન વધારો કર્યો છે. તેમના ગદ્ય પદ્યના કેટલાક ગ્રન્થો નીચે મુજબ છેઃ–શ્રી નૃસિંહ વાણીવિલાસ, સુરેશચરિત્ર, સિદ્ધાન્તસિન્ધુ, ભામિનીભૂષણ, પંચ વરદ વૃત્તાન્ત, ત્રિભુવનવિજયી ખર્ગ વગેરે. ગુજરાતમાં જાણીતો થયેલો શ્રી શ્રેયઃ-સાધક અધિકારી વર્ગ એ એમનું શિષ્ય મંડળ છે.

[૮૬–૭] **નેપોલિયન બોનાપાર્ટ**–(૧૭૬૯–૧૮૨૧)–એ કોર્સિ-કામાં જન્મ્યો હતો. ફ્રાન્સમાં લશ્કરી જ્ઞાન મેળવવા માટે એને મોકલવામાં આવ્યો હતો. તે પછી વીસ વર્ષની ઉમ્મરે કેપ્ટન બન્યો હતો. પછી તેની બહાદુરીને લીધે કમાન્ડર–ઇન–ચીફ–સેનાપતિની પદવીએ પહોંચ્યો હતો. ત્યાર પછી ઓસ્ટ્રિયા, સર્વિયા વગેરેમાં અનેક લડાઇઓ કરી એ એક પછી એક ફતેહ મેળવી શક્યો હતો. સન ૧૭૯૯ ના નવેમ્બરમાં પોતે ફ્રાન્સના ફર્સ્ટ કોન્સલનું પદ ધારણ કરી જાહેર કર્યું હતું. સન ૧૮૦૦ માં ઇટાલીમાં જઇ પાછી ફતેહ મેળવી આવ્યો હતો. સન ૧૮૦૪ માં 'એમ્પરર'–પાદશાહનું પદ

ધારણ કર્યું, અને તે પછીની સાલોમાં ઇંગ્લાન્ડ, રૂશિયા, ઓસ્ટ્રિયા વગેરેની સામે થયો હતો; અને યુરોપનો 'ડિક્ટેટર' જેવો બન્યો હતો, તથા પોતાની હાક વર્તાવી દીધી હતી, તેમજ જૂદા જૂદા રાજ્યોમાં પોતાનાં સગાંને રાજા બનાવી દીધા હતા. સન ૧૮૦૯ પછી એને જૂદે જૂદે સ્થળેથી સજ્જડ ફટકા પડવા માંડ્યા, અને છેવટ સન ૧૮૧૪ માં દુશ્મન રાજ્યોએ પારિસમાં દાખલ થઇ એને રાજ-ગાદી છોડવા ફરજ પાડી હતી. કેટલીક મુદત એલ્બામાં રહી તે પાછો આવ્યો, અને ઇંગ્લાન્ડ તથા પ્રુશિયાના લશ્કરો સાથે લડવા ગયો. આખરે સન ૧૮૧૫ માં જુનની ૧૮ મી તારીખે વોટરલૂની લડાઇમાં તેણે તદ્દન હાર ખાધી, અને તે ઉપરથી એને દેશ નિકાલ કરી સેન્ટ હેલીનામાં કેદી તરિકે રાખવામાં આવ્યો હતો. તેના શબને સન ૧૮૪૦ માં પારિસ લઇ જવામાં આવ્યું હતું, અને ત્યાં એક ભવ્ય કબરમાં દાટવામાં આવ્યું હતું.

[૮૯–૩] **વાઇકાઉન્ટ હોરેશિયો નેલસન**—(૧૭૫૮–૧૮૦૫) એ અંગ્રેજ નૌકા ખાતાનો મુખ્ય કમાન્ડર હતો. બાર વર્ષની ઉમ-રથી એ નૌકાખાતામાં દાખલ થઈ દરિયાની નોકરી ઉપર ચઢ્યો હતો. દરિયાઈ લડાઇમાં એણે જૂદી જૂદી જીતો મેળવી હતી. છેવટે ટ્રાફલગારની લડાઇમાં સન ૧૮૦૫ માં ફ્રેન્ચ કાફલો નાશ પામ્યો હતો, પણ તેમાં એ ઘવાયો હતો તેથી એનું મરણ થયું હતું. લડાઇમાં મેળવેલી જીતના કારણથી એને બેરન બનાવવામાં આવ્યો હતો, અને દર સાલ બે હજાર પાઉન્ડ પેન્શન મળતું હતું.

[૯૦–૫] **સર ઐસાક ન્યુટન**—(૧૬૪૨–૧૭૨૭)—એનો જન્મ ઇગ્લાંડમાં થયો હતો. ઇગ્લાંડની ટંકશાળમાં વોર્ડન તરિકે નિમાયા બાદ તેના માસ્તર—મુખ્ય તરિકે નિમાયો હતો. આ વખતે સિક્કા પાડવાના કામ સંબંધે એણે ઘણા સુધારા કર્યા હતા. સને ૧૭૦૫ માં એને 'નાઇટ' બનાવવામાં આવ્યા હતા. ગુરૂત્વાકર્ષણની શોધ એણે કરી હતી તે તથા બીજી શાસ્ત્રીય શોધો ઘણી ઉપયોગી થઈ

પડી છે. દુરબિનના સંબંધમાં પણ એણે ઘણો સુધારો કર્યો હતો. તત્વજ્ઞાનના સંબંધનાં ઘણાં પુસ્તકો રચી પોતાની શોધો વગેરેનું એણે સારી રીતે સ્પષ્ટીકરણ કરેલું છે.

[૧૦૦-૧] **સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી**, કે. સી. આઇ. ઇ.-એમનો જન્મ સને ૧૮૬૨ માં કાઠિયાવાડમાં મોરબી રાજ્યમાં થયો હતો. એઓ પ્રશ્નોરા નાગર બ્રાહ્મણ છે. એમણે અંગ્રેજી કેળવણી રાજકોટ અને મુંબઇમાં લીધેલી હતી. ભાવનગર દરબારના મહારાજા સાહેબ પાસે પહેલાં એમની નિમણુક થઈ હતી; પછી સને ૧૮૯૯માં તેમના મુખ્ય (ચીફ) સેક્રેટરી થયા હતા, અને છેવટે ૧૯૦૧-૦૨ માં તેમના દિવાન થયા હતા. ટાટા આયર્ન એન્ડ સ્ટીલ કમ્પની તથા મુંબઇની મર્ચન્ટ બેન્કના એ ડિરેક્ટર છે. ૧૯૧૦ ની સાલમાં નામદાર બ્રિટિશ સરકારે એમને સી. આઇ. ઇ. નો ખિતાબ આપ્યો હતો. એ ભાવનગર રાજ્યના દિવાન હોઈ સરકારી નોકર ન હોવા છતાં, મુંબઇની એકિઝક્યુટીવ કાઉન્સિલમાં ઓન. મી૦ ચૌબલની ગેરહાજરીમાં ત્રીજા મેમ્બરનો માનવંતો ઓદ્ધો સને ૧૯૧૨ માં એમને મળ્યો હતો. આવી સરકારી ઉંચી જગ્યા ઉપર નિમાયલા એવા એ પહેલા ગુજરાતી ગૃહસ્થ છે, અને તેથી તેમની પ્રતિષ્ઠા ઘણી વધી છે. આ પછી જુન ૧૯૧૫માં એમને કે. સી. આઇ. ઇ. (નાઇટ કમાન્ડર ઓફ્ ધી ઇન્ડિયન એમ્પાયર) બનાવવામાં આવવામાં આવ્યા છે. દેશહિતનાં કાર્યોમાં કે લોકોપયોગી કાર્યોમાં તેઓ ઉત્સાહથી ભાગ લે છે, અને હાલ વાનપ્રસ્થ થયા છતાં તેવાં કાર્યોમાં પોતાની સહાનુભૂતિ દર્શાવી બનતી મદદ આપતા રહે છે.

[૭૭-૪; ૩૨-૧; ૭૬-૯] **સર દિનશા માણેકજી પિટીટ**-(૧૮૨૩-૧૯૦૧)-આ પારસી ગૃહસ્થ મુંબઇ શહેરમાં મોટા વેપારી અને મીલોના માલિક તરિકે જાણીતા થયેલા છે. એ પ્રજાહિત સંબંધનાં જાહેર કામો કરવામાં આગળ પડતો ભાગ લેતા હતા; તથા શહેરી તરિ

અને બોહોળી સાર્વજનિક સખાવતોથી દાનવીર તરિકે તેમણે નામના કરેલી છે. મુંબઇના શેરીફ અને ધારાસભાના સભાસદ તરિકે તેમની નિમણુક થઇ હતી. સરકારે તેમને સન ૧૮૮૬ માં નાઇટ બનાવ્યા હતા, અને સન ૧૮૯૦ માં બેરોનેટનો માનવંતો વંશપરંપરાનો ખિતાબ તેમને આપવામાં આવ્યો હતો. એમણે જાહેર અને ગુપ્ત સખાવતમાં ૩૦ થી ૩૫ લાખ રૂપિયા ખરચેલા છે એમ કહેવાય છે.

[૭૦-૪] **શેઠ પુરૂષોત્તમ વિશ્રામ માવજી**-એમનો જન્મ ઇ. સ. ૧૮૮૨ માં મુંબઇમાં થયો હતો. તેઓ જ્ઞાતે ભાટિયા છે. ગુજરાતી સાહિત્યના એક ઘણા જાણીતા સેવક છે. એમણે પુરાતન વસ્તુઓની શોધખોળ કરી પ્રાચીન કાળને લગતી હકીકત પ્રસિદ્ધિમાં મૂકવા સારો પ્રયત્ન કરેલો છે. મહારાષ્ટ્રના ઇતિહાસનો એમણે સારો અભ્યાસ કરેલો છે. સંધ્યા, સુરસાગરની સુંદરી, વતન પત્રે, માનવ ધર્મમાળા, શિવાજીનું સ્વરાજ્ય વગેરે ગુજરાતી, મરાઠી અને અંગ્રેજી કેટલાંક પુસ્તકો એમણે બહાર પાડેલાં છે, તેથી તેમજ ગ્રંથકારોને દ્રવ્ય વગેરેની મદદ આપી ગુજરાતી સાહિત્યની સારી સેવા બજાવી છે. ચિત્રો તૈયાર કરાવવા અને ઉત્તમ છાપકામનું મોટું છાપખાનું તેમણે મુંબઇમાં કાઢેલું છે, અને તેમાંથી સુવર્ણમાળા નામનું ચાર ભાષાનું પૈરાણિક વગેરે વિષયોનાં ચિત્રોનું ચોપાનિયું એ ૭ વર્ષથી પ્રગટ કરે છે, તેમ કેટલાંક ઉપયુક્ત સચિત્ર પુસ્તકો પ્રકટ કરી લોકોનું વલણ તે તરફ દોરેલું છે. સચિત્ર કુરાન, શ્રીમદ્ ભગવદ્ગીતા વગેરે પ્રકટ કરવાનો તેમનો પ્રયાસ ચાલુ છે.

[૭૯-૮] **પ્રીતમદાસ**-એ ખેડા જીલ્લાના સંદેસર ગામના ભાટ હતા, અને સને ૧૭૩૦ થી ૧૮૦૦ ના અરસામાં થયા હતા. એમની કવિતા રસ ભરેલી છે. એમનાં કાવ્યો બે પ્રકારનાં જણાય છે-નિષ્કામ પ્રેમલક્ષણા ભક્તિનાં અને બીજાં જ્ઞાનોપદેશનાં. એમણે સરસ ગીતા, જ્ઞાન કક્કો, ગુરૂ મહિમા તથા જ્ઞાન માસ, ભગવદ્-

ગીતા, ભક્તિપ્રકાશ, પંદર તિથિઓ, અધ્યાત્મ રામાયણ, દાણની ગરબીઓ, જ્ઞાન ગીતા અને છૂટાં પદો વગેરે કર્યાં છે.

[૯૨–૪; ૩૨–૧; ૭૬–૯; ૮૬–૧૦] **શેઠ પ્રેમચંદ રાયચંદ**–(સને ૧૮૩૧ થી ૧૯૦૬)–આ ધનાઢ્ય ગૃહસ્થ સુરતના વતની જૈન કોમના હતા. શરૂઆતમાં તે મુંબઇમાં શેર બજારની દલાલી કરતા હતા. નસીબદેવીએ તેમને માથે હાથ મૂકેલો જેથી આ દલાલીના ધંધામાં વધતાં વધતાં શેર બજારના તથા રૂના વેપારીઓમાં 'તાજ વગરના રાજા' જેવા થયા હતા. સન ૧૮૬૩માં અમેરિકામાં લડાઈ ચાલેલી હોવાથી ઇંગ્લાંડમાં રૂનો ખપ વધારે હોવાથી તેના ભાવ ઘણાજ વધી ગયા હતા, તેથી તેનો અણધાર્યો મોટો લાભ ઘણાને મળ્યો હતો; મુંબઇમાં જૂદી જૂદી કમ્પનીઓ ઉભી થઈ, શેરોના ભાવ પુષ્કળ વધી ગયા, મુંબઇમાં નાણાંની રેલછેલ થઈ રહી અને કરોડો રૂપિયાની ઉથલપાથલ થઈ રહી હતી. આવા સંજોગોમાં શેઠ પ્રેમચંદ ધનાઢ્ય થયા હતા. આ અરસામાં તેમણે એક મહા દાનવીર તરિકે અનેક ગરીબ ગરબાંઓને અને અનેક સંસ્થાઓને સારી મદદ કરી હતી; તેમજ અનેક નવીન સંસ્થાઓ સ્થાપન કરી હતી, ઠેકઠેકાણે ધર્મશાળાઓ, કુવાઓ વગેરે બંધાવ્યાં હતાં, યુનિવર્સિટીઓને ચાર લાખ, અમદાવાદ ટ્રેનિંગ કોલેજનું મકાન બાંધવામાં ૩૪૦૦૦ હજાર, એમ એકંદરે તેમણે ૩૫ થી ૪૦ લાખ રૂપિયા સુધી ધર્મદાન, બક્ષીસ વગેરેમાં પરોપકારાર્થે વાપરેલા કહેવાય છે; એમની દાનવૃત્તિનો લાભ તેમની કોમ ઉપરાંત ગુજરાત, કાઠિયાવાડ વગેરે સર્વ ભાગના લોકોને મળેલો છે. અમેરિકાની લડાઈ એકાએક બંધ પડવાથી શેર સટ્ટાનો બજાર તદન બેસી ગયો, કમ્પનીઓ તૂટી પડી, લોકોની પાયમાલી થઈ ગઈ, ગરીબો માર્યા ગયા અને અનેક માણસો ખુવાર થયાં, તેમાં શેઠ પ્રેમચંદને પણ ભારે ધોકકો લાગ્યો હતો, અને પૂર્વની જાહોજલાલી કમી થઈ હતી; તોપણ દાનવૃત્તિ, ધૈર્ય વગેરે ગુણો તેવા ને તેવા હતા. શેઠ પ્રેમચંદ-

નામાં ગંભીરતા, જ્ઞાન મેળવવાની અને તેનો ઉપયોગ કરવાની ભારે શક્તિ, સાદાઈ, હિમ્મત, ધીટતા, વગેરે અદ્‌ભુત ગુણો વખાણવા લાયક હતા. એમની મુખાકૃતિમાં જે મોહિની રહેલી તે કાંઈ અજબ હતી.

[૫૭–૮; ૪–૭; ૪૨–૯; ૬૭–૪; ૭૬–૪] **કવિ પ્રેમાનંદ**– (એમનો જન્મ સંવત ૧૭૦૦, સને ૧૬૪૪ ના અરસામાં, અને એમનો સ્વર્ગવાસ સંવત ૧૭૯૨, સને ૧૭૩૬ ના અરસામાં થયો હતો). આ ગુર્જર કવિશિરોમણી કૃષ્ણસુત પ્રેમાનંદ ચોવીસા મોઢ બ્રાહ્મણ વડોદરાના રહેવાસી હતા. એમના પિતા એને છેક બચપણમાં અને નિર્ધન સ્થિતિમાં મૂકીને મરી ગયા હતા, તેથી ઘણાક મહાપુરુષોની માફક એ માતાનાજ પ્રેમ નીચે ઉછર્યા હતા એમ કહેવાય છે. એમના બાળપણ સંબંધી તથા અભ્યાસ વિષે ચોકસ હકીકત જણાઈ આવી નથી, પણ દંતકથા ઉપરથી જણાય છે કે પંદરેક વર્ષની ઉમ્મર થતાં કોઈ સિદ્ધ પુરૂષની સેવા કરવાથી તે એના ઉપર પ્રસન્ન થયા હતા અને વર આપ્યો હતો. એમ પણ કહેવાય છે કે રામચરણ નામના ગુરુની સાથે હિંદુસ્તાનની મુસાફરીએ એ નિકળ્યા હતા, તે દરમ્યાન ગુરૂ પાસે કેટલીક વિદ્યા ભણ્યા, અને હિંદુસ્તાની વગેરે કેટલીક ભાષાઓનું જ્ઞાન મેળવ્યું. ઘેર આવ્યા પછી પ્રથમ હિંદુસ્તાનીમાં અને પાછળથી ગુરૂના કહેવાથી ગુજરાતી ભાષામાં કવિતા કરવા માંડી. કવિએ પ્રાકૃતમાં કવિતા કરવા માંડી ત્યારથી એમની ખ્યાતિ ઘણી વધતી ગઇ. એ વળી પુરાણ કથા પણ કરતા હતા. તેમણે સંસ્કૃત ગ્રન્થોને આધારે ઘણાં રસિક આખ્યાનો લખ્યાં છે, અને ગુજરાતી ભાષાને શણગારી છે. એ સુરત અને નંદરબારમાં પણ રહ્યા હતા, તેથી એમની કવિતાની અને કથાની ખ્યાતિ ત્યાં સુધી થયેલી હતી. એમણે અનેક આખ્યાનો, નાટકો, કાવ્યો રચેલાં છે, તેમાંનાં કેટલાકનાં નામ નીચે મુજબ છેઃ–સંપૂર્ણ ભાગવત (સપ્તમ તથા દશમ-

સ્કંધ), ઋષ્યશૃંગ આખ્યાન, નળાખ્યાન, ચંદ્રહાસ આખ્યાન, દ્રૌપદી વસ્ત્રાહરણ, ઓખાહરણ, સુભદ્રાહરણ, વલ્લભ ઝગડો, મામેરૂં, નરસિંહ મહેતાની હુંડી, નરસિંહ મહેતાના પિતાનું શ્રાદ્ધ, નરસિંહ મહેતાના પુત્ર શામળશાહનો વિવાહ, ભ્રમર પચીસી, રણયજ્ઞ, સુદામાચરિત્ર, હરિવંશ, હારમાળા (?), અશ્વમેધ, માર્કણ્ડેય પુરાણ, સત્યભામારોષદર્શિકા આખ્યાન, પાંચાળી પ્રસન્નાખ્યાન નાટક, તપાસંવરણાખ્યાન નાટક, વગેરે. આ સર્વોપરિ કવિનાં કાવ્ય ગુજરાતમાં બહુ લોકપ્રિય છે, અને તે પૈકી દશમસ્કંધ, ઓખાહરણ, નળાખ્યાન, સુભદ્રાહરણ, નરસિંહ મહેતાની હુંડી, મામેરું—એ ગુજરાતમાં આજ પણ ગામેગામ અને ઘેર ઘેર ગવાય છે અને વંચાય છે. કવિની કવિતા વર્ણનશક્તિ અને વર્ણનશૈલીમાં ખુબીદાર છે, અને વિષયનું રૂપ બાંધી તે દર્શાવવાની શક્તિ, શ્રોતાનાં મનહરણ કરવાની શક્તિ જેટલી પ્રેમાનંદની કવિતામાં છે તેટલી બીજા કોઈ પ્રાચીન કવિની કવિતામાં જણાતી નથી. નરસિંહ મહેતા સંબંધી કવિતામાં સાંસારિક જ્ઞાન એવું તો ઉત્તમ રીતે દર્શાવ્યું છે કે તેનું ચિત્ર પણ પાડી શકાય. પુરાણકથા કરતા હોવાથી શ્રોતાઓનાં મન રંજન કરવાની ઉત્તમ પ્રકારની શક્તિ એમનામાં હતી. વળી એમના ગ્રંથોમાં 'નળાખ્યાન' એ સૌથી શ્રેષ્ઠ ગ્રંથ ગણાય છે. એમની કવિતા રસિક, બોધક, મોહક, આનંદ આપનારી અને મન હરનારી છે. સંસાર વિષય સમજનાર એ નિપુણ, હસાવવામાં મગ્ન અને નિવૃત્તિ આનંદમાં નિમગ્ન હતા; આનંદી સ્વભાવને લીધે તથા મોટપણે પૈસે ટકે સુખી હોવાને લીધે તેમણે ઘડપણમાં સારૂં આરોગ્ય ભોગવ્યું હશે અને લાંબુ આયુષ્ય ભોગવેલું હશે એમ સમજાય છે.

[૭૫–૪] **મી૦ ફરામજી બમનજી માસ્તર**—એ મુંબઇના એક પારસી ગૃહસ્થ હતા. ગુજરાતી ભાષાનો એમનો અભ્યાસ ઘણો સારો હતો, અને તે સાથે ગુજરાતની જુની વાર્ત્તાઓ તથા કહાણીઓનો સંગ્રહ કરવાનો ઘણો શોખ ધરાવતા હતા. એ એક

અંગ્રેજી તેમજ ગુજરાતીમાં ફાંકડો છટાદાર લેખક હતો. ગુજરાત તથા કાઠિયાવાડની જુની વાતો તથા રજપૂત વીરરસ કથાઓ ઘણી એકઠી કરીને વાંચવા યોગ્ય રૂપમાં મૂકી પુસ્તક દ્વારા એમણે સને ૧૮૭૨-૭૪ ના અરસામાં પ્રસિદ્ધ કરી હતી. કુમારદર્પણ, 'રજવાડાની કથા' (વિશેષ પારસી ગુજરાતી ભાષામાં) 'ગુજરાત તથા કાઠિયાવાડ દેશની વાતો' વગેરે એમણે છપાવેલાં હતાં.

[૪૯-૮; ૫૧-૫] **એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બસ**-(૧૮૨૧-૬૫)-આ અંગ્રેજ ગૃહસ્થ ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીની સિવિલ સર્વિસમાં દાખલ થઈ સને ૧૮૬૭ માં આ દેશમાં આવ્યા હતા. સને ૧૮૪૬ માં તે અમદાવાદમાં આસિ. જડજ તરીકે નિમાયા હતા. ત્યાં પ્રથમ રા. રા. ભોગીલાલ પ્રાણવલ્લભદાસ પાસે ગુજરાતી શિખવા માંડ્યું, તેથી તેની અભિરૂચિ થઇ, અને સને ૧૮૪૮ માં કવિ દલપતરામને પોતાની પાસે રાખ્યા. આજ વર્ષમાં કેટલાક ગૃહસ્થોની મદદ લઈ અમદાવાદમાં 'ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી' સ્થાપી, અને તેને અંગે ૧૮૪૯ માં એક પુસ્તકશાળા સ્થાપી; તે પછી તેમની સહાયતાથી એક બુધવારીયું (બુધવારે નિકળતું વર્તમાન પત્ર) પ્રગટ થવા માંડ્યું. સને ૧૮૫૦ માં તેમની બદલી સુરત થઇ; ત્યાં 'સુરત અઠ્ઠાવીશી સોસાઇટી' ઉભી કરી પોતે તેના મંત્રી થયા; વળી રા. બા. મુકુન્દરાય મણિરાયને તંત્રી ઠરાવી 'સુરત સમાચાર' નામનું એક પત્ર પ્રગટ કરાવ્યું, અને 'એન્ડ્રુસ લાઇબ્રેરી' તેમનાજ પ્રતાપે સુરતમાં સને ૧૮૫૦ ના જુલાઇ માસમાં સ્થાપન થઇ હતી. ગુજરાતનો અને ગુજરાતી ભાષાનો ઉત્કર્ષ થાય તેવી પ્રબળ ઇચ્છાથી પોતે તન, મન અને ધનથી પ્રયાસ કરતા હતા. તેમણે ગુજરાતી ભાષાનું ઘણું સારૂં જ્ઞાન મેળવ્યું હતું; અમદાવાદમાં આવ્યા ત્યારથી, જેમ જેમ ગુજરાતની હકીકત તેમના જાણવામાં આવી તેમ તેમ ગુજરાતના પૂર્વના મહિમાની શોધખોળ કરવાની પ્રવૃત્તિ તેમનામાં જાગૃત થઈ અને વધી, અને તેથી તેમણે હસ્તલિખિત ગ્રંથો, જુના લેખો, તથા

સિક્કાઓ તપાસવા તથા એકઠા કરવા માંડ્યા હતા; તેમજ પાટણ-ના જુના ગ્રંથ ભંડારોમાંથી અને ભાટ ચારણ કવિઓ વગેરે પાસેથી હકીકત સાંભળી ભેગી કરી—ગુજરાતના ઇતિહાસની શોધ ચાલુ રાખી, અને તેનો સંગ્રહ કર્યો; સને ૧૮૫૪ માં વિલાયત ગયા ત્યાં તેમણે ગુજરાતના પ્રાચીન ઇતિહાસનું અતિઉપયોગી પુસ્તક તૈયાર કરી 'રાસમાળા'ના નામથી બે ભાગમાં પ્રસિદ્ધ કર્યું. ફરીથી હિંદુસ્તાનમાં આવ્યા પછી તે કાઠિયાવાડમાં નિમાયા હતા, ને ત્યાં પણ વિદ્યાવૃદ્ધિને સારૂ અનેક પ્રકારના પ્રયત્ન કર્યા હતા. છેવટના ભાગમાં મુંબઇમાં હાઇ કોર્ટમાં તેમની બદલી થયેલી, તેથી ત્યાં પણ તેમણે ગુજરાતી ભાષાના ઉત્કર્ષ માટે એક સભા સ્થાપી હતી. તા૦ ૩૧ મી આગસ્ટ ૧૮૬૫ ના રોજ તેમણે પુનામાં દેહ છોડ્યો હતો.

[ ૭૪-૯; ૩૧-૨; ૯૩-૩ ] **સર ફીરોજશા મહેરવાનજી મહેતા,** એમ. એ., કે. સી. એસ. આઇ.—(સને ૧૮૪૫-૧૯૧૫)— આ પારસી નરરત્નનો જન્મ મુંબઇમાં થયો હતો. મુંબઇમાં એમ. એ. ની પરીક્ષા પસાર કરી સને ૧૮૬૮માં ઇંગ્લાંડ જઈ એ બેરિસ્ટર-એટ-લો થયા હતા. ત્યાર પછી મુંબઇ આવી હાઇ કોર્ટમાં વકીલાત કરવા માંડી હતી. એમણે આખા ઇલાકામાં એક બાહોશ બેરિસ્ટર તરિકે ખ્યાતિ મેળવી છે. મુંબઇ શાહેરની કોર્પોરેશનના ૧૮૮૪ થી એક જુનામાં જુના તેમજ મહત્વનાં કામો કરનારા શાહેરી સભાસદ તરિકે, યુનિવર્સિટીના સભ્ય તરિકે, ઉંચી કેળવણીના હિમાયતી તરિકે, ઇન્ડિયન નેશનલ કોન્ગ્રેસના સને ૧૮૮૫ માં સેક્રેટરી, અને પછીથી તેના સભ્ય અને ચુસ્ત હિમાયતી તરિકે, મુંબઈ પ્રેસીડન્સી એસોસિએશનના અગ્રેસર તરિકે, અને આખા દેશના હિતને માટે તેમજ લોકોપયોગી કાર્યો કરવા માટે હમેશાં તત્પર રહેનારા ગૃહસ્થ તરિકે, તેમનું નામ તથા કીર્ત્તિ આખા હિંદુસ્તાનમાં મશહૂર છે. આ દેશને તેમના પ્રયાસથી અનેક પ્રકારના લાભો થયા છે. તેઓ મુંબઇની ગવર્નરની કાઊન્સિલના સભ્ય તરિકે ૧૮૯૨ માં

તથા વાઇસરોયની કાઉન્સિલના સભ્ય તરિકે ૧૯૦૦ માં નિમાયલા હતા. વળી ૧૯૧૫ માં તેમને મુંબઇ યુનિવર્સિટીના વાઇસ–ચેન્સેલરની પદવી પણ સરકારે બક્ષેલી હતી, અને એજ સાલમાં યુનિવર્સિટીમાંની શ્રેષ્ઠ પદવી (ડીગ્રી) જે એલ એલ. ડી.ની ગણાય છે તે, કેળવણીના સંબંધમાં તેમણે અનેક ઉપયોગી કાર્યો કરેલાં તેની કદર પિછાની, તેમને આપવાનું યુનિવર્સિટીમાં એક મતે ઠરાવેલું હતું, પરંતુ ડિસેંબર માસની તા૦ ૧૫ મીએ તેમનું અવસાન થવાથી તે લેવાને તે ભાગ્યશાળી થયા નહોતા. સરકાર તરફથી તેમને સી. આઇ. ઇ.નો ૧૮૯૪ માં અને કે. સી. એસ. આઇ.નો ૧૯૦૪ માં એમ બે માનવંતા ખિતાબો એનાયત કરવામાં આવ્યા હતા. છેવટ સુધી આખા હિન્દને લગતી રાજકીય બાબતોમાં તથા મુંબઇ શહેરને લગતી મહત્વની બાબતોમાં આગળ પડતો ભાગ લેતા હતા. તેઓ જાહેર રીતે કહેતા હતા કે તે પહેલા 'હિન્દવાસી' અને પછી 'પારસી' હતા, એ ઉપરથી એમની અંતઃકરણની ખરી લાગણીનો ખ્યાલ થઈ શકે છે. આવા ઉત્સાહી, આગ્રહી, દ્રઢ મનથી કામ કરનારા, વિશાળ બુદ્ધિવાળા, કાર્યદક્ષ, હિમ્મતવાન વીર રત્નના અવસાનથી હિન્દુસ્તાનને હાલના સમયમાં ભારે ખોટ ગઇ છે. એ એક ઉત્તમ લેખક હતા તેની સાથે ગંજાવર સભાઓમાં સાંભળનારા ઉપર ઘણી ઉંડી અસર કરી શકે તેવા વક્તા હતા.

[૭૪–૯] **જસ્ટીસ બદ્રુદ્દીન તૈયબજી**–(સને ૧૮૪૪–૧૯૦૭)–એમના પિતા એક આરબ વેપારી હતા. તે મુંબઇમાં આવીને વસ્યા હતા. તે એક સુશિક્ષિત ગૃહસ્થ હોવાથી તેમણે પોતાના છોકરાઓને કેળવણી આપવા ઇંગ્લાન્ડ મોકલ્યા હતા. મુંબઇના જાણીતા અને પહેલા દેશી સોલિસિટર મી૦ કમરૂદ્દીન તેમના બીજા અને બદ્રુદ્દીન ત્રીજા પુત્ર હતા. મી૦ બદ્રુદ્દીને કેટલીક મુદત એલ્ફિન્સટન ઇન્સ્ટિટયુશનમાં અભ્યાસ કર્યા પછી, આંખની દવા કરાવવા ફ્રાન્સ ગયેલા, અને ત્યાંથી ૧૬ વર્ષની ઉમ્મરે લન્ડન ગયા

હતા. અહીં યુનિવર્સિટીનો અભ્યાસ પૂરો કરવા જેવી શારીરિક સંપત્તિ ન રહેવાથી કાયદાનો અભ્યાસ મિડલ ટેમ્પલમાં દાખલ થઇને કર્યો, અને એપ્રીલ ૧૮૬૭ માં બેરિસ્ટર થયા, અને પછી મુંબઇ આવી હાઇ કોર્ટમાં વકીલાત કરવા માંડી; મુંબઇમાં એ પહેલાજ દેશી બેરિસ્ટર હતા. પોતાની હોશિયારી, ઉદ્યોગ, સારી વક્તૃત્વ શક્તિ, સાક્ષીઓની ઉલટ તપાસ કરવામાં ચાલાકી, પ્રતિષ્ઠા જાળવી વર્તન રાખવાની પદ્ધત, એકાગ્રચિત્તથી કામપર ધ્યાન આપવાની ટેવ, ઉત્તમ ચારિત્ર્ય અને ઘણો સારો વિવેક—એવા ગુણો એમનામાં હોવાથી પોતાના ધંધામાં તે ઘણા આગળ પડતા ગણાયા હતા. સને ૧૮૭૯માં રા. રા. તેલંગ, મી૦ ફીરોજશા મહેતા અને ન્યાયમૂર્તિ રાનાડે વગેરે દેશાભિમાની સુવિખ્યાત ગૃહસ્થોની સાથે રાજકીય બાબતમાં તે આગળ પડતો ભાગ લેવા જોડાયા હતા, અને છેવટ સુધી તે કામમાં મંડી રહ્યા હતા. સને ૧૮૮૨ માં મુંબઇની લેજીસ્લેટિવ કાઉન્સિલમાં નિમાયલા હતા, ત્યાં તેમણે મ્યુનિસિપલ અને લોકલ બોર્ડ બીલો સંબંધી ઘણું સ્તુતિપાત્ર કામ કર્યું હતું. હિન્દના દાદા—દાદાભાઈ વગેરે સાથે નેશનલ કોન્ગ્રેસ સ્થાપવા તેમણે ભાગ લીધો હતો, અને સને ૧૮૮૭ માં મદ્રાસની બેઠકમાં એમને પ્રમુખ નિમ્યા હતા. તે વખતે એમણે સ્પષ્ટ રીતે ખાતરી કરી આપી હતી કે આ સંસ્થામાં મુસલમાન કોમે દાખલ થવાની જરૂર છેજ, અને તેમ કરવાથી તેમને કોઇપણ પ્રકારનું નુકસાન નથી. સને ૧૮૯૫ માં હાઇ કોર્ટમાં જડજની જગ્યા એમણે સ્વીકારી હતી, ત્યાં પણ દૃઢતા, ન્યાય અનુસાર વર્તનનું વલણ, અને વકીલો પ્રત્યે વિવેક વગેરે તેમના ગુણો જણાઈ આવ્યા હતા. મુંબઇની અન્જુમને ઇસલામના તે શરૂઆતમાં સેક્રેટરી હતા, અને પછી ગુજરી ગયા ત્યાં સુધી પ્રમુખ હતા. આ સંસ્થાને માટે પણ તેમણે ઘણું સંગીન કામ કરેલું હતું. મુસલમાન કોમની સ્ત્રીકેળવણીના તે હિમાયતી હતા, અને મુસલમાન કોમમાં પડદાનો રિવાજ છે તેનું જોર કમી કરવા

અને તેને માટે પોતાના કુટુંબમાં દાખલો બેસાડવા ઘણા સારા પ્રયત્ન કીધા હતા. ૧૯૦૩ માં મુસલમાન કેળવણી કોન્ફરન્સ મુંબઇમાં મળેલી તેમાં પડદો કાઢી નાખવા બદલ પ્રમુખ તરિકે ઘણો બોધ કર્યો હતો. પોતાની આંખ બગડતી હોવાથી દવા કરાવવા ૧૯૦૭ માં એ ઇંગ્લાંડ ગયા હતા, અને ત્યાં ૧૯ મી આગસ્ટે ગુજરી ગયા હતા. એમની વકતૃત્વ શક્તિ ઘણી ઉત્તમ પ્રકારની હતી, અને તેથી દરેક જાહેર સભામાં તેમને સાંભળવાને લોકો ઘણાજ ઉત્સુક રહેતા. આ મુસલમાન સદ્દગૃહસ્થ નિડર સ્વભાવના અને લોકહિતનાં કાર્ય સાધવામાં ખરેખરા આગ્રહથી કામ કરનારા હતા.

[૬૫–૫] **ગં. સ્વરૂપ બાજીગૌરી દોલતરાય મુનશી**—એમનો જન્મ સુરતમાં સને ૧૮૬૬ માં થયો હતો. એમના પિતાશ્રી દોલતરાય ખેડા જીલ્લામાં સબ જડજ હતા. એમના પતિ રા. રા. હરસુખરાય જ્ઞાનિ, બી. એ., વડોદરા રાજ્યમાં પહેલા હાઇ સ્કૂલમાં આસિસ્ટન્ટ અને પછી દેશી કેળવણી ખાતામાં એજ્યુકેશનલ ઇન્સ્પેકટર હતા. રા. રા. હરસુખરાયના સ્વર્ગવાસ પછી ગં. સ્વ. બાજીગૌરીએ કેવળ ધર્મપરાયણ વૃત્તિ રાખી હતી; ૧૮૯૩ ની સાલથી તેમણે ગુજરાતીમાં કેટલાક લેખો લખવા માંડ્યા હતા. પછી સને ૧૯૦૭ માં ગં. શિવગૌરી ઉર્ફે નાની બહેન ગજ્જરની સાથે મળી સુરતમાં એક ‘વનિતાવિશ્રામ’ નામની સંસ્થા સ્થાપી છે, જેમાં નાની મોટી વિધવાઓ તેમજ સધવા સ્ત્રીઓ અને કન્યાઓને સારૂં શિક્ષણ આપી તેમનો ઉત્કર્ષ થાય તેવા ઉપયોગી કામમાં મહેનત કરે છે અને પોતાનો વખત ગાળે છે. ( જુઓ વનિતા વિશ્રામ પૃ. ૭૦). એમણે બોધમાળા, પ્રશ્નોત્તરમાળા, પતિવ્રતા ધર્મ, સુબોધ કહાણી, ભજનો વગેરે રચેલાં છે.

[૭૫–૪] **શ્રીયુત બાળાશંકર ઉલ્લાસરામ કંથારિયા**–(ઇ. સ. ૧૮૫૯–૯૮)–એ નડિયાદના સાઠોદરા નાગર હતા. તેમણે ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, ફારસી, અને અરબ્બિ ભાષાનું જ્ઞાન મેળવેલું

હતું. ભારતીભૂષણ, કૃષ્ણમહોદય, ઇતિહાસમાલા એ નામનાં જુદાં જુદાં માસિકો એમણે કાઢયાં હતાં; તે શિવાય ગુજરાતી ભાષામાં સાહિત્ય દર્પણ, મિરાતે સિકન્દરી, કર્પૂરમંજરી, મૃચ્છકટિક નાટક, ચંદ્રાવલી નાટક વગેરે પુસ્તકો અને ભાષાન્તરો કર્યાં હતાં. એમને નાનપણથીજ કવિતા બનાવવાનો શોખ લાગેલો હતો. એમની કવિતા લાવણ્યમયી, મધુર તથા ઉંડા વિચારવાળી જણાય છે; તે મસ્ત કવિ ગણાયલા છે.

[૫૩-૧૧] **બીરબલ-કવિ, બ્રહ્મ વા રાજા વીરવર**-અકબરના દરબારમાં નવ રત્ન હતાં, તેમાં રાજા બીરબલ, રાજા ટોડરમલ, ત્રિલોચનમિશ્ર (તાનસેન), રાજા માનસિંહ એ ચાર 'હિંદુરત્નો' હતાં, અને તેમાં પણ **વીરવર** (બીરબલ) નાયકમણિ હતા. એક હિંદી પદ્યમાં નીચે પ્રમાણે રત્નચતુષ્ટય ગણાવેલાં છે:-

શાહાં હદ્દ અકબરા, ટોડરમલ્લ વજીર;
તાન હદ્દ તાનસેન, બુદ્ધિ હદ્દ વરવીર.

બીરબલનું મૂળ સાંકેતિક નામ બ્રહ્મદાસ હતું, પરંતુ અકબરના રાજ દરબારમાં ગયા પછી પ્રથમ તેને 'કવિરાય' અને પછી 'વીરવર' (વીર પુરૂષોમાં ઉત્તમ) એ બે માનપદ મળ્યાં હતાં, અને મહાપુરૂષ અકબર દત્ત માનપદ વીરવરથી એ જગત્ પ્રસિદ્ધ થયો છે. હિન્દી લેખકો અને કવિઓએ એને માટે વીરવર નામ વાપર્યું છે, અને અબુલ ફઝલ, બદૌની આદિ ફારસી લેખકોએ 'બીરબર' નામ લખ્યું છે, તેથી પ્રચલિત 'બીરબલ' એ તેનું ભ્રષ્ટ રૂપ છે. બીરબલ જ્ઞાતિએ બ્રાહ્મણ હતો, એ હિન્દી કવિ રૂપે પ્રસિદ્ધ હતો, કર્મે તથા માનપદથી તે રાજા કહેવાતો હતો, અને અકબરના પ્રાણ સખારૂપે પ્રખ્યાત હતો. અકબરને યુદ્ધના કારણસર વીરવરને મોકલવાની જરૂર પડેલી તે પ્રસંગમાં પોતાના સ્વામીની અનન્ય સેવામાં રણયજ્ઞમાં પ્રાણ આહુતિ અર્પી આસરે આઠ હજાર સૈનિકો સહ વીરગતિને તે પામ્યો (સંવત ૧૬૪૨). એ સમયે વીરવરનું વય સુમારે ૫૬ વર્ષનું હતું.

એણે ઇષ્ટ મિત્ર અકબરને માત્ર મનોરંજનાદિ આનંદ આપ્યો હતો, એટલુંજ નહીં પણ આર્ય ધર્મોનાં રહસ્ય–તત્ત્વોનો વારંવાર ઉપદેશ આપ્યો હતો. વીરવરે ઉચ્ચ અધિકાર પદ પામી તેનો જે પ્રકારે સદુપયોગ કર્યો છે તે અન્ય રાજ્યાધિકારીઓને સર્વદા અનુકરણીય છે. પ્રતિભા (નવી નવી કલ્પના કરનારો બુદ્ધિ ગુણ), અને સમયજ્ઞતા, કલાજ્ઞતા, અને ચાતુર્ય (અનેક વિષયોમાં તેમનું સૂક્ષ્મ રહસ્ય જાણવારૂપ બુદ્ધિ ગુણ), સુકવિત્વવત્તા, વરવીરતા અને દાનવીરતા એ બીરબલના અપ્રતિમ ગુણો હતા.

વીરવરનું સંસ્કૃત જ્ઞાન ઉંચા પ્રકારનું હતું. તેની કવિતાના શબ્દ તથા અર્થમાં તેનાં પ્રતિબિંબ સ્પષ્ટ જણાય છે. વીરવરની કવિતાથી પ્રસન્ન થઈ અકબરે તેને 'કવિરાય'નું માનપદ આપ્યું હતું. કવિ બ્રહ્મ (વીરવર)ની કવિતામાં પ્રાધાન્યે શૃંગાર તથા શાંત રસો છે, અને શૃંગારની કવિતામાં તો 'ઉપમાકો વરવીર' (ઉપમા તો વરવીરનીજ) એ હિન્દી દુહામાંની ઉક્તિ સત્યજ જણાય છે. બીરબરમાં હિકમત (વિજ્ઞાન), વીરતા, બહુતા, અને ન્યાયતા એ ચાર ગુણો સંપૂર્ણતાએ હતા, એમ બદૌની પણ 'મુંતખબ–અલ–તવારીખ'માં લખે છે. તેમ ઉપર જણાવેલા વીરતા વગેરેના ગુણો ઉપરાંત એની સંગીતજ્ઞતા, હાસ્યોત્પાદકતા, પ્રત્યુત્પન્નમતિતા (હાજર જવાબી) આદિની પ્રશંસા થયેલી છે. ('ગુજરાતી' પત્રના સને ૧૯૧૦ ની સાલના દિવાળીના ખાસ અંકમાં પ્રકટ થયેલા રા. રા. તનસુખરામ મનઃસુખરામના 'બીરબલ' વિષેના લેખ ઉપરથી).

[૭૯–૭] **બુદ્ધ–ગૌતમ**–જુઓ **ગૌતમ બુદ્ધ**, પૃ. ૩૬૪.

[૮૮–૪; ૬૭–૧૨] **ડા૦ જી૦ બૂલર**–(સને ૧૮૩૭–૯૯)–આ ગૃહસ્થ જર્મનીના વતની, અને એક પાદરીના છોકરા હતા. એમણે સંસ્કૃતનો સારો અભ્યાસ કરેલો હતો, તેથી પંડિત મોક્ષ મૂલર ભટ્ટની મદદથી મુંબઈ ઇલાકાના કેળવણી ખાતામાં એ દાખલ થયા હતા; તેમાં પહેલાં એલ્ફિન્સ્ટન કોલેજના પ્રોફેસરની અને પછી

સને ૧૮૬૯ માં ઉત્તર વિભાગના એન્યુકેશનલ ઇન્સપેક્ટર તરિકે નિમાયા હતા; આ જગ્યાએ કેળવણીના પ્રસારના સંબંધમાં એમણે ઘણો પ્રયાસ કરેલો તેથી નામાંકિત થયા છે. એમનું ગુજરાતી ભાષાનું જ્ઞાન સારૂં હતું. આ ઇલાકામાંથી અનેક સ્થળેથી સંસ્કૃત જુના હસ્ત-લિખિત ગ્રંથો તથા શિલાલેખોનો એમણે સારો સંગ્રહ કરેલો, અને તેના સંબંધમાં નિબંધો લખી તથા ગ્રંથો રચી બહાર પાડેલા હતા. આવા ઘણા સંસ્કૃત ગ્રંથો વગેરે તેમણે જર્મની મોકલાવી આપ્યા હતા.

[૭૪-૬] **બોપદેવ**-આ સંસ્કૃત મહા પંડિત અને ગ્રંથકર્ત્તા ૧૩ માં સૈકામાં થઇ ગયા છે. વ્યાકરણ, વૈદ્યક, અલંકાર ઇત્યાદિ ઘણાં શાસ્ત્રો ઉપર એમણે ગ્રંથ રચેલા છે. મગધબોધ નામનું બાળભાષા ઉપર વ્યાકરણ કરેલું છે તેમાં ૧૧૦૦ સૂત્રો છે; તેમાં માગધી, પૈશાચી, શૂરસેની, રાક્ષસી ઇત્યાદિ ભાષાનાં પણ નિયમ-સૂત્રો છે. ધાતુપાઠ, છંદઃશાસ્ત્રકોશ, કવિકલ્પદ્રુમ, કવિકામધેનુ, વૈદ્યકનો શતશ્લોકી' એ વગેરે ગ્રંથો એમના રચેલા છે.

[૯૮-૩] **શ્રી બ્રહ્માનંદ સ્વામી**-એમનો જન્મ ડુંગરપુર તાબાના માણુ ગામમાં થયો હતો, અને ભાટ જ્ઞાતિના હતા. ભૂજ નગરમાં એણે વ્રજભાષાનો અભ્યાસ કરેલો તે ઉપરથી એની કવિત્વશક્તિ ઘણી ખીલી હતી. સહજાનંદ સ્વામીના સમાગમમાં આવ્યા પછી તેમના શિષ્ય તરિકે રહીને તેમણે કવિતા વિલાસ કરવા માંડેલો, અને છેવટ તે મૂળી ગામમાં સ્વામીનારાયણના મંદિરમાં મહંતનું પરમ પદ પામ્યા હતા. સને ૧૮૪૯ ના અરસામાં એમનો વિદેહ થયેલો. તેમણે ચારણી ભાષામાં લાડુ નામથી, હિંદી ભાષામાં શ્રીરંગ નામથી તથા બ્રહ્માનંદ સ્વામીની સંજ્ઞાથી ગુજરાતી ભાષામાં કાવ્યો લખેલાં છે. હિંદી ભાષામાં તેમણે બ્રહ્મવિલાસ, ધર્મવંશ પ્રકાશ, સુમતિપ્રકાશ, વિદુર નીતિ, તેમજ ગુજરાતીમાં અનેક શૃંગારનાં પદો, હરિભજનનાં પદો, કૃષ્ણકીર્તનનાં પદો, જ્ઞાન લોચન, ગરબીઓ, છંદ વગેરે લખેલાં છે.

[૮૭-૪] **મેડમ હેલીના પેટ્રોવના બ્લાવાટસ્કી**-આ સન્નારી રૂશિયા દેશના એક અમીર કુટુંબમાં જન્મી હતી. ટિબેટમાં કેટલાંક વર્ષ રહી એમણે યોગાભ્યાસ કર્યો હતો. એ ખરેખર અદ્ભુત શક્તિ ધરાવતાં હતાં. કર્નલ ઓલ્કોટની મદદ લઇ એમણે સન ૧૮૭૫ માં થિઓસોફિકલ સોસાઇટી સ્થાપી, અને ત્યારપછી બીજાઓને યોગાભ્યાસ કરાવવા સારૂ એક ગુપ્ત જ્ઞાનમંડળ સ્થાપ્યું. આ સંસ્થાનો લાભ દુનિયામાં હાલ હજારો માણસ લે છે.

[૭૦-૪] **પંડિત ડા. ભગવાનલાલ ઈંદ્રજી**-(૧૮૩૮-૮૮) આ ગૃહસ્થ જુનાગઢના વતની પ્રશ્નોરા નાગર હતા. એમણે પુરાતન ઇતિહાસના અભ્યાસી મણિશંકર કીકાણીની મદદથી પાલી ભાષાનું જ્ઞાન મેળવ્યું હતું; અને તે ઉપરથી તે જુના શિલા લેખ, તામ્રપટ, સિક્કાઓ વગેરે વાંચી સમજી શકતા. તેમણે હિંદુસ્તાનમાં ઘણા ભાગોમાં તેમજ નેપાલ અને ટિબેટના પ્રદેશોમાં મુસાફરી કરી આ દેશના પુરાતન શિલાલેખ, તામ્રપટ વગેરેની સારી શોધખોળ કરી હતી, અને તે ઉપરથી પુરાતન ઇતિહાસની હકીકત બહાર આણી તેનો પ્રજા વર્ગને સારો લાભ આપ્યો છે. પ્રાચીન શોધખોળના સંબંધમાં આગળ પડવામાં તેમને ડા૦ ભાઉ દાજીની ઘણી સારી સહાય હતી.

[૭૫-૪] **રા. રા. ભગવાનલાલ સંપત્તિરામ છત્રપતિ**-(૧૮૩૭-૧૯૧૦)-આ ગૃહસ્થ જુનાગઢના રહેવાસી જ્ઞાતિએ બ્રહ્મ-ક્ષત્રિય હતા. એ કાઠિયાવાડમાં વકીલાત કરતા હતા. એમણે સૌરાષ્ટ્ર દેશનો ઇતિહાસ તથા ગુજરાત દેશનો ઇતિહાસ રચ્યા હતા. પ્રાચીન વસ્તુઓનો સંગ્રહ કરવાનો એમને સારો શોખ હતો. એમણે જુના પુરાણા ઐતિહાસિક દસ્તાવેજો તથા હકીકતનો સારો સંગ્રહ કરેલો છે. દેશી રાજ્યોના ઇતિહાસકાર તરિકે તેમનું નામ જુના વખતથી પ્રસિદ્ધ છે.

[૧૦૨-૬] **ડા. રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર, એમ. એ.**-એમનો જન્મ સન ૧૮૩૭ માં થયો હતો. એમણે સંસ્કૃત ભાષાનો

ખાસ અભ્યાસ કરેલો હતો, એથી એમનું એ ભાષાનું જ્ઞાન ઘણું વખણાય છે. એ સિવાય ગણિત, ભાષાજ્ઞાન, અને ઇતિહાસ વગેરે વિષયોનો શોખ સારો હતો. એમણે હાઈસ્કૂલમાં હેડમાસ્તર તરિકે અને મુંબઇ અને પુનામાં કોલેજમાં સંસ્કૃતના અધ્યાપક તરિકે સારી નામના મેળવી છે. પ્રાચીન લેખોની શોધખોળ અને ઇતિહાસના સંબંધમાં ઘણું સારૂં અધ્યયન કર્યું છે. સન ૧૮૮૫ માં ગોટીન્જનની યુનિવર્સિટીએ એમને પી એચ. ડી. (ડાકટર ઑફ ફાઇલોલોજી)ની માનપદ ડીગ્રી આપેલી છે. સરકારે તેમની કેળવણી અને સંસ્કૃત ભાષાના જ્ઞાન બદલ કદર બુઝી સી. આઈ. ઈ. નો ખિતાબ આપ્યો હતો, અને ૧૮૯૩ માં મુંબઈની યુનિવર્સિટીના વાઇસ–ચાન્સેલરના મોટા ઓદ્ધા ઉપર એમની નિમણુક થઇ હતી. ૧૯૦૪ માં યુનિવર્સિટીએ એમને એલ એલ. ડી. ની પદવી (ડીગ્રી) એનાયત કરી હતી. સંસાર સુધારાની બાબતમાં પણ આગળ પડતો ભાગ લઇ કહેવા પ્રમાણે કરી બતાવવું એ એમની પુત્રીના પુનર્લગ્ન કરાવ્યાના દૃષ્ટાંતથી જણાઇ આવે છે. એમણે આખી જીંદગી એક વિદ્યાર્થી તરિકે ગાળેલી છે. વિદ્યા પ્રાપ્ત કરવા ઉપર ભાવ, નીતિ અને સત્ય માર્ગ માટે પ્રેમ, સાદું જીવન, અને ઉંચા પ્રકારની વિચાર શૈલી એ ગુણો પ્રાપ્ત કરવાને તેઓ એક દૃષ્ટાંતરૂપ છે. વાનપ્રસ્થ સ્થિતિમાં પણ હજી તેઓ અનેક રીતે પોતાના જ્ઞાનનો લાભ બીજાને આપતા રહે છે.

[૭૯–૮] **ભાલણ**–એ પાટણના રહેવાસી શ્રીમાળી (કોઈ ત્રિવેદી મોઢ કહે છે) બ્રાહ્મણ હતા. એ ઈ. સ. ૧૪૩૯ થી ૧૫૩૯ ના અરસામાં હૈયાત હતા એમ જણાય છે. નળાખ્યાન, રામબાળલીલા, ઉદ્ધવ આવાગમન, શિવભીલડીસંવાદ, સપ્તશતી ભાગવત, દશમસ્કંધ, ગોપીગોવિંદસંવાદ, ધ્રુવાખ્યાન, રૂક્મિણીવિવાહ વગેરે એમણે કરેલાં છે; અને બાણભટ્ટની સંસ્કૃત કાદમ્બરીનું ગુજરાતી પદ્યમય ભાષાન્તર કરેલું છે. શિવ, રામ, કૃષ્ણ, શક્તિ એમ સર્વ દેવદેવીઓ સંબંધે એણે કાવ્ય કરેલાં છે.

[૬૮-૩] **મહારાજા સર ભાવસિંહજી, કે. સી. એસ. આઇ.**-ભાવનગરના રાજકર્ત્તા. એમનો જન્મ સને ૧૮૭૫ માં થયો હતો. આ મહારાજાને સંગીતનો ખાસ શોખ છે, અને એ વિષયમાં પોતે ઘણા નિપુણ છે. સંગીતમાળા ત્રણ ગુચ્છ, વનસ્પતિગુણાદર્શ, સંગીત નીતિવિનોદ, સંગીત બાળોપદેશ, આર્યૌષધ સંક્ષિપ્ત નોંધ વગેરે ગ્રંથો તેમણે પ્રસિદ્ધ કરેલા છે. કાવ્યના ગ્રંથો સચિત્ર હોવાથી વિશેષ ઉપયોગી થઇ પડે છે. હજી પણ આ દિશામાં તેમની ઉદારતા ચાલુ છે.

[૫૨-૧] **ભાસ્કરાચાર્ય**-સહ્યાદ્રિની પાસે નિઝામ સરકારના રાજ્યના એક ગામમાં એ જન્મ્યા હતા. એમના પિતાનું નામ મહેશ્વરાચાર્ય હતું, જે તે વખતના જ્યોતિષિઓમાં શ્રેષ્ઠ હતા, અને તેજ ભાસ્કારાચાર્યના ગુરૂ હતા. એમની દીકરીનું નામ લીલાવતી હતું. બીજગણિત, લીલાવતી, સિદ્ધાન્ત શિરોમણિ (ગોળાધ્યાય તથા ગણિતાધ્યાય) કર્ણકુતૂહલ વગેરે ગ્રંથો તેમણે રચેલા છે. આખા હિંદુસ્તાનમાં સર્વ જ્યોતિષિઓમાં એ પ્રખ્યાત અને અગ્રણી હતા. એમણે પોતાની એકની એક દીકરી લીલાવતીનું નામ અમર રાખવા સને ૧૧૫૨ માં ગણિત શાસ્ત્ર સંબંધી ગ્રંથ રચ્યો, તેનું નામ લીલાવતી પાટી ગણિત રાખ્યું હતું; આ ગ્રંથપર ઘણી ટીકાઓ સંસ્કૃતમાં થયેલી છે, તેમ તેનાં ભાષાન્તરો પણ થયેલાં છે. બીજ ગણિતની રીતે ભૂમિતિના સિદ્ધાન્ત એમણે પ્રસિદ્ધ કરી બતાવ્યા હતા. ખગોળવિદ્યાના ગણિત વગેરે સંબંધે એમણે સિદ્ધાન્ત તૈયાર કરેલા તે હાલ પશ્ચિમ તરફના દેશોમાં કરેલા સિદ્ધાન્તોને ઘણે ભાગે મળે છે. ભાસ્કરાચાર્યે જે ગ્રહો અને નક્ષત્રનો વેધ કરેલો તે, દુરબિન વગેરે હાલના જેવાં યંત્ર સાધનથી નહીં પણ, માત્ર વાંસની નળી-ભુંગળીથી કર્યા હતા, એ તેમનું બુદ્ધિચાતુર્ય વગેરે દાખવે છે.

[૭૮-૧૨] **ભોજા ભક્ત:**—(સન ૧૭૮૫-૧૮૫૦)-એમનો જન્મ કાઠિયાવાડમાં થયો હતો. એ જાતે કણબી હતા. એ સાવલિયા કહેવાય છે, તેથી એમના પુર્વજો સાવલી તરફના રહેવાસી

હરી. બાર વર્ષના થયા ત્યાં સુધી દુધ પીને એ રહેતા હતા. ત્યાર પછી રામેતવન નામના યોગીનો સમાગમ થયો, ત્યારથી અન્ન ખાવા લાગ્યા. તે પછી તેઓ અમરેલીના ફતેહપુર ગામમાં આવી રહ્યા હતા. ભોજો ભક્ત એ ભક્તકવિ ગણાય છે. એમણે કવિતા કરી ઉપદેશ કરવા માંડ્યો, ને ધીમે ધીમે શિષ્યો વધ્યા, અને ગુરુની પેઠે પૂજાવા લાગ્યા. તેમના ચાબખા પ્રસિદ્ધ છે. એ સિવાય ભક્તમાળ, સલૈયાખ્યાન, તિથિઓ, સાત વાર, ધોળ, પદો, વગેરે એમણે બનાવ્યાં છે. ભોજો ભક્ત જ્ઞાનમાર્ગી હોય એમ જણાય છે; કર્મકાંડ તેમને પ્રિય નહોતો.

[૮૭-૪] **રા૦ બા૦ ભોળાનાથ સારાભાઈ દિવેટીઆ**–(સને ૧૮૨૩–૮૬)–એ અમદાવાદના વતની અને નાગર ગૃહસ્થ હતા. એમણે સંસ્કૃત, મરાઠી તથા ફારસી ભાષાનું જ્ઞાન મેળવેલું હતું. મુનસફની પરીક્ષા આપીને ન્યાયખાતામાં એ દાખલ થયા હતા. તેમાં છેવટે સુરતમાં પ્રિન્સિપાલ સદર અમીનની જગ્યાએ પહોંચ્યા હતા. નોકરીમાંથી સને ૧૮૭૪ માં નિવૃત્ત થયા પછી અમદાવાદની મ્યુનિસિપાલિટીમાં ૧૮૮૨ થી એક સભાસદ તરિકે ઉપયોગી કામ કરતા હતા. સંસાર સુધારાના તે ચુસ્ત હિમાયતી હતા. સાહિત્યના તે ઘણા શોખીન હતા, અને ધર્મવિષયક કવિતા ઘણી સારી રચતા હતા, તેમાં ઈશ્વરપ્રાર્થનામાળા અને અભંગમાળા મુખ્ય છે; એની ભાષા સરલ, શુદ્ધ અને મનોરંજક છે. વળી નાગરમિત્ર, વિદ્યાપ્રકાશ, સત્યવિવેક, અક્ષયશાસ્ત્ર વગેરે પણ એમનાં લખેલાં છે. અમદાવાદમાં પ્રાર્થનાસમાજ સને ૧૮૭૧ માં સ્થાપવામાં એમની સહાય મુખ્ય હતી. એકનિષ્ઠા, ન્યાયવૃત્તિ, ઉચ્ચ નીતિભાવના માટે તે ગુજરાતમાં મશહૂર છે.

[૧૦૩-૩; ૭૬-૯] **સર મંગળદાસ નથુભાઈ**–(સન ૧૮૩૨–૯૦)–આ પરોપકારી ગૃહસ્થ કપોલ વણિકજ્ઞાતિના હતા. એમના વડવાઓ કાઠિયાવાડના દીવ ટાપુના ગોગલા ગામથી, મુંબઇ અંગ્રેજ

સરકારને મળ્યું તે પછી પચાસ વર્ષે, આવી વસ્યા હતા, અને ત્યાં વેપાર રોજગારમાં તેમની સંપત્તિ સારી થઇ હતી. તેમના પિતા ગુજરી ગયા તે વખતે એમની ઉમ્મર ૧૧ વર્ષની હતી. મુંબઇમાં એ એક મોટામાં મોટા જમીનદાર હતા. સર મંગળદાસ એક હિંદુ સુધારક, કેળવણીના હિમાયતી, સ્ત્રીકેળવણીના પ્રચાર માટે ખંતીલા, અને ગરીબ નિરાશ્રિત લોકોના દાનવીર તરિકે સારી ખ્યાતિ પામ્યા હતા. મુંબઇમાં એમના નામથી એક કન્યાશાળા ચાલે છે. વળી ગરીબ કપોળના નિર્વાહ માટે કપોળ નિરાશ્રિત ફંડ એ નામનું ધર્માદા ફંડ સ્થાપ્યું હતું, ને રૂ. ૨૫૦૦૦ તે માટે કાઢ્યા હતા. હિંદુ ગ્રેજ્યુએટો માટે મુંબઇની યુનિવર્સિટીમાં ટ્રાવેલીંગ ફેલોશીપ આપવા તેમણે સારી રકમ આપી હતી. સને ૧૮૬૬ માં એ પહેલવહેલા લેજીસ્લેટિવ કાઉન્સિલમાં નિમાયા હતા, અને ત્યાર પછી ઘણી વાર ફરી-ફરીને નિમાયા હતા. ૧૮૭૨ માં એ સી. એસ. આઇ. થયા હતા, અને સને ૧૮૭૫ માં મહારાણી વિક્ટોરીયાએ એમને ઇંગ્લાન્ડના ‘નાઇટહૂડ’ના અપૂર્વ માનવાળો ખિતાબ આપ્યો હતો. કપોળજ્ઞાતિના એ શેઠ હતા, અને તેથી જ્ઞાતિના બંધારણમાં ઘણા સુધારા કરાવ્યા હતા. મુંબઇમાં ‘ગુજરાતી’ વર્તમાન પત્ર એમની સલાહ, નાણાંની મદદ, અને સહાનુભૂતિથી સને ૧૮૭૯ માં શ્રીયુત ઇચ્છારામ સૂર્યરામ દેશાઇએ કાઢ્યું હતું.

[૭૪–૯] **દિ. બા. મણિભાઇ જશભાઇ**–(ઇ. સ. ૧૮૪૪–૧૯૦૦)–એમનો જન્મ નડિયાદમાં થયો હતો, પણ એમનું વતન વડોદરા રાજ્યમાં પેટલાદ હતું. એ જ્ઞાતિએ વડનગરા નાગર ગૃહસ્થ હતા. મણિભાઇએ પોતાનો અભ્યાસ વડોદરા, મહુધા, ખેડા, પેટલાદ, અને અમદાવાદમાં પૂરો કરેલો. એ ઉપરાંત પ્રૉવિન્સિયલ કૉલેજના લૉ–કલાસમાં દાખલ થઇ ન્યાય શાસ્ત્ર, તર્ક શાસ્ત્ર, ઇતિહાસ વગેરે કેટલાક વિષયોનો પણ અભ્યાસ તેમણે કર્યો હતો. પછી ૧૮૬૮ માં અમદાવાદ જડજ કોર્ટમાં હેડ કલાર્ક તરિકે નોકરી શરૂ કરી હતી,

અને તેની સાથે સાથે 'સબોર્ડિનેટ જડજ'ની પરીક્ષા પસાર કરી. આ પછી ૧૮૭૦ માં જુનાગઢમાં ન્યાયખાતાના ઉપરી અધિકારી, ૧૮૭૨ માં પાલણપુરમાં એજન્સીમાં નેટિવ આસિ. પોલિટીકલ એજન્ટ, અને ૧૮૭૩ માં વડોદરાના નેટિવ આસિસ્ટન્ટ રેસિડન્ટ તરિકે નિમાયા હતા. અહીંથી એમણે ૧૮૭૬ માં અને બીજી વખત ૧૮૮૩ માં કચ્છનું દિવાનપદ પ્રાપ્ત કરેલું હતું, અને ત્યાંથી વડોદરા રાજ્યની નોકરીમાં પાછા દાખલ થયા ત્યારે નાયબ દિવાન તરિકે નિમાયા હતા. આ દરમ્યાન તેમને ૧૮૭૫ માં રાવ બહાદુરનો, અને ૧૮૮૩ માં દિવાન બહાદુરનો એવા ઇલ્કાબ મળ્યા હતા. ઇ. સ. ૧૮૯૦ માં શ્રીમંત મહારાજા સાહેબ સયાજીરાવ ગાયકવાડે તેમને વડોદરા રાજ્યના મુખ્ય પ્રધાન બનાવ્યા હતા, અને રૂ. ૪૫૦૦ નો માસિક પગાર બાંધી આપ્યો હતો. આ દિવાનપદ ઉપર તેમણે છ વર્ષ કામ કર્યું હતું. ત્યાર પછી મુંબઇ વગેરે સ્થળે રહી કેટલાંક લોકોપયોગી કામો કરવામાં ભાગ લેતા હતા. મણિભાઇ નાનપણથીજ ચાલાક અને બુદ્ધિશાળી જણાતા હતા. કચ્છમાં અને વડોદરામાં રાજાપ્રજાની એક નિષ્ઠાથી સેવા બજાવવાને બહુ ખંતિલા હતા. તેઓ સરલ અને શાન્ત પ્રકૃતિના હતા અને ઉદારવૃત્તિવાળા હોઈ કોઇ પણ સારૂં કામ હોય તો તે કરવામાં ઉત્સાહ દર્શાવતા હતા. તેઓ બહુશ્રુત અને રાજનીતિમાં નિપુણ હતા, તથા સાહિત્ય અને ભાષાની ખિલવણી માટે ઘણા ઉત્સુક હતા. કેળવણીનો પ્રસાર જેમ બને તેમ વધારે થાય અને સ્ત્રીકેળવણીનો લોકોમાં ખરો ભાવ વધે અને પ્રસરે તેમજ સ્ત્રીવર્ગની ચઢિયાતી સ્થિતિ થાય તેને માટે અનેક પ્રકારના પ્રયત્ન કરતા હતા; આને માટે 'મેમોરેન્ડમ ઓન ફિમેલ એજ્યુકેશન'—સ્ત્રી કેળવણી સંબંધે નોંધ પુસ્તક—ઘણી મહેનત લઇ તૈયાર કરી એમણે છપાવ્યું હતું; વળી દેશી ભાષાદ્વારા ઉંચા પ્રકારનું શિક્ષણ આપવા બાબતનું પણ એક તેવુંજ પુસ્તક તેમણે બહાર પાડ્યું હતું. વડોદરા રાજ્યમાં હતા તે વખતે પ્રાચીન

અપ્રસિદ્ધ ગ્રંથોનું સંશોધન કરાવી પ્રકટ કરાવવામાં એમણે ઘણી મદદ કરી હતી, અને નાણાંની મદદ શ્રીમંત મહારાજા સાહેબ તરફથી મેળવી આપવાથીજ પ્રાચીન કાવ્યમાળાના ૩૫ અંકો બહાર પડી શકાયા હતા. પોતાના કેટલાક ખાસ સ્નેહીઓની સાથે તેમણે શેક્સપીયર કથાસમાજ, મુસલમાની સરેહ, રાજ્યનીતિ વગેરે ગ્રંથો લખેલા હતા.

[૯૫–૧૧; ૧૦૦–૪] **શ્રીયુત મણિલાલ નભુભાઈ**–(ઇ. સ. ૧૮૫૮–૯૮)–એ નડિયાદના વતની અને સાઠોદરા નાગર હતા. ઇ. સ. ૧૮૮૦માં મુંબઈ એલ્ફિન્સ્ટન કોલેજમાંથી બી. એ. ની પરીક્ષા આપી તે પસાર કર્યા પછી તેજ કોલેજમાં 'ફેલો' તરિકે નિમાયા હતા. આ વખતમાં તેમણે સંસ્કૃત તથા પાશ્ચાત્ય તત્વજ્ઞાનનો અભ્યાસ ઘણો વધાર્યો હતો. પછી થોડી મુદત નડિયાદ હાઇ સ્કૂલમાં આસિસ્ટન્ટ શિક્ષક નિમાયલા અને ત્યાંથી મુંબઇની મ્યુનિસિપલ ગુજરાતી નિશાળોના ડેપ્યુટી ઇન્સપેકટરની જગ્યા ઉપર નિમાયા હતા. સાહિત્યનો તેમને ઘણો સારો શોખ હોવાથી ટુંક મુદતમાં સાક્ષર તરિકે પ્રખ્યાતિ પામ્યા હતા. શરૂઆતમાં એમણે માલતી માધવનું અને પછી ઉત્તરરામ ચરિતનું એમ બે ભાષાન્તર અને કાન્તા નામનું નાટક એ બહાર પાડ્યાં હતાં. જુદાં જુદાં માસિકો વગેરેમાં લેખો લખવામાં તથા કેટલીક સંસ્થાઓમાં ભાગ લેવા તત્પરજ રહેતા હતા. વળી 'પ્રાણ વિનિમય'ના પ્રયોગો પણ તેમણે કરવા માંડ્યા હતા, અને તેમાં ફતેહ પામ્યા હતા. ઇ. સ. ૧૮૮૫માં તેમણે ભાવનગરની સામળદાસ કોલેજમાં સંસ્કૃતના અધ્યાપકની જગ્યા સ્વીકારી હતી. આ નોકરી કેટલીક મુદત પછી છોડી સાહિત્યસેવા કરવામાં પોતાનો વખત ગાળતા હતા. દરમ્યાન વડોદરા રાજ્યમાં પાટણ જૈન ભંડારમાંનાં પુસ્તકોનું સંશોધન તથા ભાષાન્તર કરવાનું કામ તેમને સોંપાયલું હતું, અને ઘણા ગ્રંથોનાં તે રાજ્ય માટે ભાષાન્તર કરી આપેલાં હતાં. એમણે ભાવનગર હતા તે વખતે 'પ્રિયંવદા' નામનું સ્ત્રી વિષયક માસિક કાઢવા માંડેલું,

તે પછીથી 'સુદર્શન'ના રૂપમાં ફેરવી ચાલુ રાખ્યું હતું. નારીપ્રતિષ્ઠા, રાજયોગ (અંગ્રેજી), ગુલાબસિંહ, બાળવિલાસ, ચારિત્ર્ય વગેરે તેમના ગ્રન્થો સારી રીતે જાણીતા થયેલા છે. મણિલાલ તત્વદર્શી સાહિત્યકાર હતા. તત્વજ્ઞાની તરિકે તેમની કીર્તિ ઘણી પ્રસરેલી છે. એ સંસારસુધારક હતા, પણ કેવળ નવીન પક્ષના નહીં; તેમ અંધ શ્રદ્ધાથી પ્રાચીન મતને વળગી રહેનારા નહોતા. સંસાર સુધારાના વિષયમાં તેઓ સ્ત્રી સુધારણાને ઘણી અગત્યની બાબત ગણતા હતા. ગુજરાતી ભાષાને સુઘટિત બનાવવા તેમણે ઘણા પ્રયાસ કરેલા હતા. 'સુદર્શન ગદ્યાવલિ' નામથી જે લેખસંગ્રહ કેટલીક મુદત ઉપર બહાર પડ્યો છે તેમાં જૂદા જૂદા વિષયો સંબંધે તેમના મહત્વના અને મનન કરવા યોગ્ય લેખો છે.

[૭૯–૭] **મંડન મિશ્ર**–એ કુમારિલ ભટ્ટાચાર્યના શિષ્ય હતા. રેવા તીરે આવી માહેશ્વરમાં એ સુમારે ૧૧૦૦ વર્ષ ઉપર રહેતા હતા. તેમનું મૂળ નામ વિશ્વરૂપ હતું; એ એક મહા પંડિત હતા. એમણે બૌદ્ધમતનું ખંડન કરીને વેદધર્મનું મંડન કર્યું હતું, તેથીજ તેનું નામ વિશ્વરૂપને બદલે મંડન મિશ્ર પડ્યું હતું. એમને શ્રીશંકરાચાર્ય સાથે વાદવિવાદ થયો હતો, તેમાં કુમારિલ ભટ્ટની સૂચના પ્રમાણે, પોતાની સ્ત્રી સરસ્વતીને મધ્યસ્થપણું આપ્યું હતું. વાદવિવાદમાં શ્રીશંકરાચાર્યની જીત થઈ હતી તેથી તેમને મંડન મિશ્રે ગુરૂ કર્યા, અને તેમની આજ્ઞાથી નૈષ્કર્મ્ય સિદ્ધિ નામનો ગ્રંથ રચ્યો છે, તેમજ શ્રીશંકરાચાર્યે યજુર્વેદનાં કરેલાં ભાષ્ય ઉપર વાર્તિક રચ્યાં છે.

[૭૮–૧૨] **રાવ સાહેબ વિશ્વનાથ નારાયણ મંડળિક, સી. એસ. આઈ.**–(૧૮૩૩–૮૯)–એમનો જન્મ રત્નાગિરિ જીલ્લામાં થયો હતો. એ જ્ઞાતે દક્ષિણી બ્રાહ્મણ હતા. એમણે ૧૯ વર્ષની વયે કાલેજનો અભ્યાસ પૂરો કર્યો હતો. શરૂઆતમાં સરકારી નોકરી લીધેલી અને ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર તરિકે રાવ સાહેબ

નામનો સરકારી ખિતાબ તેમને મળેલો (જે ખાસ ઠરાવથી જીંદગી પર્યંત ચાલુ રાખવા સરકારે હુકમ બહાર પાડેલો હતો); પણ દશ વર્ષ નોકરી કરીને પછી તેમણે વકીલનો અભ્યાસ કર્યો, અને તેમાં પસાર થઈ મુંબઈ હાઈ કોર્ટમાં વકીલાત કરવા માંડી; કાયદાનું સારૂં જ્ઞાન હોવાથી તે ધંધામાં એ સારા ઝળકી ઉઠયા હતા; અને ટુંક મુદતમાં ત્રણ પંકાતા વકીલોમાં એ એક ગણાતા હતા. સને ૧૮૮૪ માં સરકારી વકીલ તરિકે એમની નિમણુક થઈ હતી. પોતાના આ ધંધા ઉપરાંત અનેક જાહેર હિલચાલો તથા કામોમાં તે ભાગ લેતા હતા. મુંબઇની કોર્પોરેશનમાં તથા યુનિવર્સિટીમાં આગળ પડતો ભાગ લેનારા એ એક સભાસદ હતા. સ્ત્રી કેળવણીના તથા સંગીન સુધારાના તે હિમાયતી હતા. સને ૧૮૭૪ માં એમને મુંબઇની લેજીસ્લેટિવ કાઉન્સિલમાં નિમવામાં આવ્યા હતા, અને એક કરતાં વધારે વખત તેમની નિમણુક ફરી ફરીને થઈ હતી. આ કાઉન્સિલમાં અનેક વિષયો અને કાયદા કાનુનના સંબંધમાં એમણે ઘણું ઉપયોગી કામ કરેલું છે. આ પછી ૧૮૮૪ માં નામદાર લૉર્ડ રિપનના સમયમાં એમને કલકત્તાની ઇમ્પિરિયલ-લેજીસ્લેટિવ કાઉન્સિલમાં એક સભાસદ તરિકે નિમેલા હતા; આ ઇલાકામાં આવું માન દેશી ગૃહસ્થો પૈકી પહેલું એમનેજ મળેલું હતું. આ બન્ને કાઉન્સિલોમાં એમણે અનેક મહત્વના વિષયો ઉપર અસરકારક અને વિદ્વત્તા ભરેલાં ભાષણો કરેલાં છે. તેમની વિદ્વત્તા, જ્ઞાન, ઉદ્યોગ, અનુભવ અને ખંતને માટે તથા લોકોપયોગી કરેલાં કામ માટે એમનાં ઘણાંજ વખાણ થયાં હતાં, અને તેમની કારકીર્દિ ઘણીજ યશસ્વી નિવડી હતી. રા. સા. મંડળિક એક ઉત્તમ વકતા સાથે ઉત્તમ લેખક પણ હતા. એ ગુજરાતી, સિંધી, તથા સંસ્કૃત સારી રીતે જાણતા હતા. એમણે જુદા જુદા લેખો તથા અંગ્રેજી મરાઠી અને ગુજરાતીમાં ભાષાન્તરો કરેલાં છે. એમણે યાજ્ઞવલ્કયની સ્મૃતિ અને નીલકંઠનો વ્યવહારમયૂખ એની સંશોધન કરેલી શુદ્ધ પ્રત સને ૧૮૮૦માં છપાવી છે; તે હિન્દુ ધર્મ-

શાસ્ત્રને લગતું ઘણું નામીચું અને ઉપયોગી કાર્ય છે. સાંસારિક બાબતમાં સુધારા માટે સરકારની મદદ લેવાની જરૂર નથી એવો એમનો દૃઢ મત હતો. અને તેથી મી૦ મલબારી જેવા, હિંદુ નહીં છતાં, હિંદુઓના રીતરિવાજ સંબંધે સરકાર તરફથી કાયદા કરાવવા મથતા હતા તેમની સખત વિરૂદ્ધ હતા. રા૦ સા૦ વિશ્વનાથ મંડળિકે પોતાની તથા પોતાની સ્ત્રીની રૂપામાં તુલા કરી બ્રાહ્મણો વગેરેને દાન આપ્યાં હતાં.

[૭૭–૪] **ઑન૦ શ્રીયુત પંડિત મદન મોહન માલવિયા.** બી. એ., એલ એલ. બી.—એમના વડીલો સો એક વર્ષ પૂર્વે માલવામાંથી આવીને અલ્હાબાદમાં વસેલા હતા, અને તેથી તે પ્રતિષ્ઠિત કુટુંબના માલવિયા બ્રાહ્મણ ગણાય છે. એમનો જન્મ અલ્હાબાદમાં ૧૮૬૨માં થયો હતો. અલ્હાબાદમાં હીંદી, સંસ્કૃત તથા અંગ્રેજીનો અભ્યાસ કરી મ્યુર સેન્ટ્રલ કૉલેજમાં દાખલ થયલા ત્યાંથી બી. એ.માં ૧૮૮૪માં પસાર થયા હતા. કૉલેજમાંજ એમની બુદ્ધિ, એક ચિત્તથી અને દૃઢતાથી કામ કરવાની શક્તિ, તેમજ ભાવી ઉત્કૃષ્ટતાનાં ચિહ્ન જણાઇ આવ્યાં હતાં. બી. એ. થયા પછી તુરત એમને અંગ્રેજી શિક્ષકની જગ્યા લેવી પડી હતી; પણ પછી ૨૫ વર્ષની વયે હિન્દુસ્તાની નામનું હિન્દી રોજીંદા વર્તમાન પત્ર કેટલીક મુદતથી રાજા રામપાલ સિંગ કાઢતા હતા, તેના આધપતિનું કામ સ્વીકાર્યું. આ પત્ર તેમણે ઘણી કાબેલિયત અને બાહોશીથી અઢી વર્ષ ચલાવ્યું હતું. ત્યાર પછી ૧૮૯૧માં વકીલની પરીક્ષા તેમણે પાસ કરી, અને ૧૮૯૨માં અલ્હાબાદ યુનિવર્સિટીની એલ એલ. બી.ની પરીક્ષા પાસ કરી, અને તુરતજ ત્યાંની હાઈ કોર્ટમાં તેમણે વકીલાત કરવા માંડી. પ્રામાણિકપણે કામ કરવાના ગુણ તથા ઉત્તમ વક્તૃત્વ શક્તિને લીધે આ ધંધામાં તેમણે સારી નામના કાઢી છે. આ પછી એમણે જાહેર પ્રજાહિતનાં કાર્યો કરવામાં ભાગ લેવા માંડયો હતો, અને અલ્હાબાદમાં તેમને દોરવે તેવા ગૃહસ્થો રાજકીય બાબતમાં આગળ

પડેલા હતાજ. વળી ૧૮૮૦માં અલ્હાબાદમાં એમણે હિન્દુ સમાજ સ્થાપી હતી, અને તે દ્વારા સાંસારિક, રાજકીય, કેળવણી વગેરેને લગતાં કાર્યો તેમણે કરવા માંડયાં હતાં. વળી અલ્હાબાદ શહેરની મ્યુનિસિપલ બોર્ડના વાઇસ–ચેરમેન હતા, અને તે નાતાથી ઘણું સારૂં કામ કરેલું હતું. ત્યાર બાદ ૧૯૦૨માં તે ત્યાંની લેજીસ્લેટિવ કાઉન્સિલના સભાસદ થયા હતા. જુની લેજીસ્લેટિવ કાઉન્સિલમાં સુધારો કરવાની જરૂર છે એવો પ્રશ્ન એમણે પહેલો ઉઠાવ્યો હતો; અને થતું યોગ્ય હતું તેમ, તેને માટે થયેલા નવા કાયદાની રૂએ ભરાવાની કાઉન્સિલમાં એમની ફરી નિમણુક થઇ હતી. નામદાર વાઇસરોયની કાઉન્સિલના એક સભાસદ તરિકે પણ તેમની નિમણુક થઇ હતી. નેશનલ કોન્ગ્રેસની દર સાલની બેઠકમાં તે હાજર રહેતા, અને ત્યાં એમણે જે જે ભાષણો કરેલાં અને વિચારો દર્શાવેલા તે ઘણાં મહત્વનાં છે. કોન્ગ્રેસની ૧૯૦૯ની સાલની બેઠકમાં પ્રમુખસ્થાન એમને આપવામાં આવ્યું હતું. લોકોને હુન્નર ઉદ્યોગની કેળવણી સંગીન પાયાપર આપવાની જરૂર છે અને સરકારે તે કામ ઉપાડી લેવું જોઇએ એવું તેમણે પોતાના એક શિક્ષક તરિકેના અનુભવ ઉપરથી, તેમ રાજ્યનીતિવેત્તા અને એક ખરા સ્વદેશાભિમાની તરિકે ખુલ્લી રીતે દર્શાવ્યું છે. આસરે વીસ વર્ષ ઉપર એટલે છેક લગભગ ૧૮૯૬ ની સાલથી હિન્દુ યુનિવર્સિટી સ્થાપવાની જરૂર છે એવો વિચાર એમણે બહાર પાડયો હતો. પછી કાશીમાં સેન્ટ્રલ હિન્દુ કોલેજ ઉઘડવાથી કેટલીક મુદત તે વિચાર મુલતવી રહ્યો હતો, પણ પછી ૧૯૦૪માં એક નવીન યોજના તૈયાર કરી કાશીમાં એક સભા ભરી તેની સમક્ષ રજુ કરવામાં આવી હતી. આ સંસ્થાને માટે પંડિત માલવિયાએ અથાગ શ્રમ વેઠયો છે અને તેમાં જોઇતી નાણાંની મોટી રકમ મેળવવા ભાગ્યશાળી થયેલા, જે ઉપરથી તે હિંદુસ્તાન સરકારે મંજુર કરી, અને તેનો પાયો નાખવાની શુભ ક્રિયા નામદાર લોર્ડ હાર્ડિંજે તા૦ ૪–૨–૧૬ ના રોજ કરી હતી. પંડિત

આલવિયાના આ કાર્યથી તેમની કીર્તિ આખા દેશમાં વિશેષ પ્રસરી છે. જાહેર મિટીંગોમાં એમના ભાષણોથી સાંભળનાર ખરેખરા મોહ પામી જાય છે એવી એમની ભાષણ કરવાની અને વિચારો દર્શાવવાની છટા અને શૈલી છે. ખરી લાગણી ઉત્તેજિત થવાથી તે બોલે છે, પણ કોઈ વ્યક્તિ ઉપર તે ટીકા કરતા નથી.

પંડિત મદન મોહન ઘણાજ ધર્મપરાયણ વૃત્તિવાળા છે અને દર રોજ જપજાપમાં અમુક સમય સુધી બેસે છે; આ પ્રમાણે સ્વધર્મ માટે અભિમાન રાખનારા હોવા છતાં અને પોતાના વડવાઓના ધર્મ ઉપર શ્રદ્ધા રાખનારા છે છતાં તે બહોળા વિચારવાળા, ઉદાર પ્રકૃતિના, સભ્ય અને વિવેકી ગૃહસ્થ છે. ભારત મહામંડળના કાર્યમાં તેઓ આગળ પડતો ઉપયોગી ભાગ લે છે. પોતાના દેશના હિત માટે તન મન ધનથી તે મદદ કરતા રહે છે. જે કામ તે હાથમાં લે તે આગ્રહપૂર્વક મહેનત કરી પાર પાડે છે; એમના વિચાર ઘણા ઠરેલ અને ગંભીર હોય છે, અને તેમનું ચારિત્ર્ય નિડરતા અને નિસ્પૃહતાવાળું છે, અને તેથી લોકપ્રિય હિન્દવાસીઓમાં તે એક ગણાયલા છે. આવાં અનેક શુભ કાર્યો કરવામાં ઉચ્ચ આશય રાખી તે હજી મંડયા રહ્યા છે. 'લીડર' નામનું અંગ્રેજી રોજંદા પત્ર કાઢવામાં તેમની ઘણી મદદ હતી. હાલમાં 'અભ્યુદય' નામનું અઠવાડિયાનું વર્તમાનપત્ર પોતાના તરફથી તે કાઢે છે. હાલમાં પણ વાઇસરૉયની કાઉન્સિલના તે એક સભાસદ છે અને તેમાં પણ દેશહિતનું ઘણું ઉપયોગી કાર્ય કરી શકે છે.

[૧૦૦-૧; ૩૨-૧; ૮૬-૧૦] **શેઠ મનસુખભાઈ ભગુભાઈ**–(૧૮૫૫-૧૯૧૩)–એમનો જન્મ અમદાવાદમાં થયો હતો. એ જ્ઞાતે વીશા પોરવાડ જૈન હતા. એમનો અંગ્રેજીનો અભ્યાસ ત્રીજા ધોરણ સુધીનો હતો, પરંતુ નાનપણથીજ વેપાર તરફ એમનું લક્ષ હતું તેથી ઘરના ધંધામાં દાખલ થઈ ઘણો અનુભવ મેળવ્યો હતો. એમણે અમદાવાદમાં સુતર કાંતવા તથા કાપડ વણવાની મીલનો ઉદ્યોગ

હાથમાં લીધો અને તે સંબંધે સુધારા વધારા કરવા ખંત અને આગ્રહ રાખી ઘણી સારી ફતેહ મેળવી હતી, અને મરણ સમયે છ સાત મીલો એમની ખુદની દેખરેખ નીચે ચાલતી હતી, અમદાવાદથી ધોલેરા સુધી રેલવે ચાલુ કરવાની યોજનામાં તેમણે ઘણી મહેનત કરી હતી, તેમ અનેક રીતે દેશના ઉદ્યોગનો વધારો થયેલો જોવાને ઉત્સાહી હતા. એમણે પોતાને ખરચે અમદાવાદ શહેરમાં જૈન કોમના વિદ્યાર્થીઓને અનુકૂળતા કરી આપવા ખાતર છોકરાઓની એક ગુજરાતી શાળા તથા ચોથા ધોરણ સુધીનો અભ્યાસ કરાવનારી એક અંગ્રેજી શાળા સ્થાપેલી છે; આ બન્નેમાં માત્ર જૈન કોમના છોકરાઓ દાખલ થઈ શકે છે, પણ તેમની પાસેથી કાંઈ પણ ફી લેવામાં આવતી નથી. ૧૯૧૩ ના જાનેવારી માસમાં તે અચાનક ગુજરી ગયા ત્યાં સુધી સતત કામ કર્યાં કરતા હતા.

[૯૫-૧૧] **શ્રીયુત મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી**-(સને ૧૮૪૦-૧૯૦૭)—એ નડિયાદના વતની અને વડનગરા નાગર બ્રાહ્મણ હતા. છેક બાલ્યાવસ્થા હતી તે વખતે તેમના પિતા ગુજરી ગયા હતા તેથી નિરાધાર જેવી અવસ્થામાં એઓ ઉછર્યા હતા, અને જાતિખંત વગેરેને લીધે અનેક અડચણો વેઠીને પણ તેમણે બને તેટલો અંગ્રેજી અભ્યાસ કર્યો હતો; પછી ૧૮૬૩ માં વેપારી પેઢીના કાર્યમાં લક્ષ આપવાની એમને જરૂર પડી હતી, પરંતુ વ્યાપારમાં પડતા ધનની સારી પ્રાપ્તિ કરી શકયા હતા. આમ છતાં પણ વિદ્યાનું વ્યસન પરિપૂર્ણ હોવાથી વ્યાપાર સાથે વિદ્યાભ્યાસ પણ ચાલતો રહ્યો હતો. સને ૧૮૬૬-૬૭ થી તેમનો રાજ્યસંબંધ શરૂ થયો, અને ઘણાંક રાજ્યો સાથે સંબંધ જોડાયો, પણ મુખ્ય જુનાગઢ, કચ્છ તથા ઇડર રાજ્યના મુંબઇના એક પ્રતિનિધિ (એજન્ટ) તરીકે તેઓ નિમાયા હતા. 'શેર સટ્ટા'ના સમયમાં મી૦ ફોર્બસ સાહેબની સહાયતાથી ગુજરાતી ભાષાના ઉત્તેજન ખાતર એક "ફોર્બસ ગુજરાતી સભા" તેમણે સ્થાપી હતી, અને તેના તેઓ છેવટ સુધી

તંત્રી તથા ટ્રસ્ટી હતા. વળી 'બુદ્ધિવર્ધક સભા'ના તેઓ એક અગ્રગણ્ય સભાસદ હતા. તેમણે વેદાન્તનો ઘણો સારો અભ્યાસ કરેલો હતો. ગુજરાતીમાં ચોપાનિયાઓમાં લેખો લખી તથા સ્વતંત્ર પુસ્તકો રચી સાહિત્યની સારી સેવા બજાવી છે. એમની ગુજરાતી ભાષા સંસ્કૃતમય ગણાય છે, છતાં જ્ઞાનમય વિચારની પ્રૌઢતા અને ભાષાની વિશુદ્ધિ માટે એમના લેખ પ્રસિદ્ધ છે. ઉત્તર વયમાં તેઓ 'અર્ધ દિવસ નિવૃત્તિનાં રામ આદિનાં કર્તવ્યોમાં સદ્વ્યય કરતા, અને અર્ધ દિવસ પ્રવૃત્તિનાં રાજ્ય કર્મમાં ગાળતા.' આ ધોરણે જીવન ગાળતા હોવાથી તેઓ જણાવતા કે 'એક દિવસ રામનો અને એક દિવસ કામનો.' શ્રીવાલ્મીકિ રામાયણનું ગુજરાતીમાં પદ્યાત્મક ભાષાન્તર તેમણે કરવા માંડેલું હતું. શરૂઆતમાં તેમણે દિ. બા. રણછોડભાઈ ઉદયરામ સાથે મળીને 'વિવિધોપદેશ' નામનો પદ્યનો લઘુ સંગ્રહ પ્રસિદ્ધ કર્યો હતો. એમનાં બીજાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોમાં મુખ્ય નીચેનાં છે:—મણિરત્નમાળા, ઉત્તર જયકુમારી, વિપત્તિ વિષે નિબંધ, દેશી રાજ્ય અને મનુસ્મૃતિમાંનો રાજ્યનીતિસાર, અસ્તોદય તથા નળદમયંતી, ફાર્બસ જીવનચરિત્ર, વિચારસાગર, કરસનદાસ તથા તત્સંબંધી વિચાર, સુજ્ઞ ગોકુલજી ઝાલા તથા વેદાન્ત, વેદાન્ત વિચાર, વગેરે. નિરંતર ઉદ્યોગ અને મનનને લીધે પ્રથમ પંકિતના ગુજરાતી વિદ્વાનોમાં તેમની ગણના થયેલી છે; એમનું જીવન ઘણી રીતે માનનીય અને અનુકરણીય છે. ફાર્બસ ફંડમાં ભરાયલી રકમ મોટી થાય અને તેનો બહોળો ઉપયોગ થઈ શકે તેવી વ્યવસ્થા તેમણે કરી હતી.

[ ૮૮–૪૪ ]—રા૦ રા૦ **મનુભાઇ નંદશંકર મહેતા**, એમ. એ., એલ એલ. બી.—એમનો જન્મ સુરતમાં ઇ. સ. ૧૮૬૭માં થયો હતો. એ જ્ઞાતિએ વડનગરા નાગર ગૃહસ્થ છે. કાયદાનું સારૂં જ્ઞાન ધરાવવાની સાથે એમનું ગુજરાતી, અંગ્રેજી અને સંસ્કૃત જ્ઞાન સારૂં છે, તેમજ એક સારા લેખક તથા વકતા છે. વડોદરા કોલેજમાં

'લૉજીક' અને 'મોરલ ફિલોસોફી'ના પ્રોફેસર તરિકે તેમની સને ૧૮૯૧ માં નિમણુક થઇ હતી, તેની સાથે વકીલાત કરતા હતા. પછી વડોદરા રાજ્યના જૂદાં જૂદાં ખાતાંઓમાં અનેક ઓદ્ધા મેળવી કામ કરેલું છે, તેમજ ખુદ શ્રીમંત મહારાજા ગાયકવાડ સરકાર પાસે તેમના ખાનગી સેક્રેટરી તરિકે કામ કરે છે; સુબા, નાયબ દિવાન, ફેમિન કમિશનર તથા અમાત્યની જગાએ ઘણું બાહોશીથી કામ કરી એમણે ઘણો અનુભવ અને ઘણી માહિતી મેળવેલાં છે. તેમને ઍક્ટિંગ દિવાનની પણ જગ્યા આપવામાં આવી હતી; રાજકારોબારી કાઉન્સિલના તથા રાજ્યની ધારાસભાના તે એક સભાસદ પણ છે. યુનિવર્સિટીની પરીક્ષાઓ પસાર કરી તે વખતે એમણે અનેક ઇનામો તથા શિષ્યવૃત્તિ મેળવેલાં હતાં. અકબર વિષે નિબંધ, હિન્દરાજસ્થાન, પ્રમાણુ શાસ્ત્ર તથા કેટલાક છુટક લેખો એમણે લખેલા છે.

[૫૯–૫; ૫૩–૮; ૫૬–૬; ૬૭–૧૨; ૭૫–૩] **રા. સા. મહિપતરામ રૂપરામ નિળકંઠ**, સી. આઈ. ઈ.–(૧૮૨૯–૯૧)–એ સુરતના વતની અને નાગર ગૃહસ્થ હતા. સને ૧૮૩૬માં સુરતમાં મોટી આગ લાગેલી તેને લીધે એમનું ઘર વગેરે બળી જવાથી એમના પિતાની સ્થિતિ નબળી આવી ગયેલી, તે કારણથી બન્યો તેટલો અભ્યાસ કરી તેમને રૂપિયા ચાર જેવા નાના પગારની નોકરી સ્વીકારવી પડી હતી. પછી નોકરી કરતાં કાંઇક રકમ બચાવી અભ્યાસ જારી રાખવા એલ્ફિન્સ્ટન કોલેજમાં એ દાખલ થયા હતા, તેમાં સ્કોલરશીપો મેળવી ફતેહમંદ થયા હતા, અને ૧૮૫૪ માં પરીક્ષા પસાર કરી એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં રૂ. ૪૦ ના પગારની નોકરી મેળવવા ભાગ્યશાળી થયા હતા. આ સમયમાં મુંબઇમાં રહ્યા હતા તેથી અનેક પ્રકારે દેશસેવા કરવામાં તે પોતાનો બાકીનો વખત ગાળતા હતા. બુદ્ધિવર્ધક સભા, જ્ઞાનપ્રસારક સભા, સ્ટુડન્ટ્સ લિટરરી એન્ડ સાયન્ટિફીક સોસાઇટી, એમાં દાખલ થઈ એક અગ્રેસર તરિકે કામ કરતા હતા. વળી રા. રા. કરસન-

દાસ મૂળજીની ગેરહાજરીમાં 'સત્ય પ્રકાશ' ના અધિપતિનું કામ એમણે કરેલું હતું. આ પહેલાં ૧૮૫૦ માં સુરતમાં 'પરેહજગાર' નામના પત્રનું અધિપતિનું પદ એમણે સ્વીકારેલું હતું. પછી ૧૮૫૭માં એમની નિમણુક અમદાવાદ હાઈ સ્કૂલમાં થઈ અને ૧૮૫૯ માં ડેપ્યુટી ઇન્સ્પેકટર થયા હતા. આ દરમ્યાન ૧૮૫૭-૫૮ માં હોપ વાંચનમાળા તૈયાર કરવામાં રા. સા. મોહનલાલ રણછોડદાસ સાથે રા. સા. મહિપતરામ મુખ્ય કામ કરનારા તરિકે સામેલ થયા હતા. શિક્ષણના વિષયનો ખાસ અભ્યાસ કરવા તેમને ૧૮૬૦ માં ઇંગ્લાન્ડ મોકલવામાં આવ્યા હતા. અંગ્રેજી ભણેલા વિલાયત જનાર પહેલા ગુજરાતી ગૃહસ્થ એજ હતા. ઇંગ્લાન્ડથી પાછા ફર્યા ત્યારે ૧૮૬૧ માં તેમને અમદાવાદની પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કાલેજના પ્રિન્સિપાલ બનાવવામાં આવ્યા હતા, અને તેની સાથે ગુજરાતી કેળવણી ખાતાના ભાષાંતરકાર (ટ્રાન્સ્લેટર) તરિકે પણ એમને કામ સોંપ્યું હતું. આ જગ્યાએ છેવટ સુધી તે રહ્યા હતા. 'ગુજરાત શાળાપત્ર' ના ઉત્પાદક પિતા પણ એ હતા. એમને ૧૮૫૯ માં રાવ સાહેબનો અને ૧૮૮૫ માં સી. આઈ. ઈ. નો એવા ખિતાબો સરકાર તરફથી મળ્યા હતા. સાક્ષર તરિકે તેમનું જીવન ઉત્તમ ગણાય છે. તેમણે અનેક પુસ્તકો તૈયાર કરેલાં હતાં તેમાં નીચે જણાવેલાં મુખ્ય છેઃ—ચરિત્રનિરૂપણ, ભવાઇસંગ્રહ, વનરાજ ચાવડો, સધરા જેસંગ, અકબર ચરિત્ર, દુર્ગારામ ચરિત્ર, કરસનદાસ મૂળજી ચરિત્ર, સાસુ વહુની લડાઈ, ઇંગ્લાંડની મુસાફરી, ઇંગ્લાંડનો ઇતિહાસ, ભરતખંડનો ઇતિહાસ, વ્યુત્પત્તિ પ્રકાશ, કેળવણી પ્રકાર, શિક્ષાપદ્ધતિ વગેરે. આ પ્રમાણે એમનું સાક્ષર જીવન ઉત્તમ હોવાની સાથે તે લોકોપયોગી જણાયલું છે. સત્ય વાતને માટે દૃઢતા રાખનારા, સ્વતંત્ર બુદ્ધિવાળા, પ્રમાણિક વર્તનવાળા, કર્તવ્ય પરાયણ, નાગરિક ધર્મ બજાવનારા, સંસારસુધારામાં પોતાના મતને અડગ વળગી રહેનારા, ઉત્તમ શિક્ષાગુરૂ—આવી અનેક રીતે તેમની

ખ્યાતિ ઘણી થયેલી છે; તે ઉપરાંત અમદાવાદમાં નોકરીના કારણથી રહેલા તે દરમ્યાન ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી, પ્રાર્થના સમાજ, અમદાવાદ મ્યુનિસિપાલીટી, અનાથાશ્રમ વગેરે અનેક સંસ્થાઓમાં મંત્રી તરિકે કે અગ્રેસર ભાગ લેનારા તરિકે તેઓ ઘણા જાણીતા અને લોકપ્રિય થયા હતા. દેશસેવામાં આખું આયુષ્ય ગાળનાર, કેળવણી માટે ઘણાં પુસ્તકો રચનાર, તથા પોતાનાં જ્ઞાન અને સદ્ગુણની છાપ વિદ્યાર્થી અને શિક્ષક વર્ગ ઉપર બેસાડનાર, સુધારો કરવામાં અગ્રેસર, એવા ગુજરાતના આ મહાપુરૂષનું જીવન આદર્શરૂપ છે.

[૭૧–૩] **રાજા સર તાંજોર માધવરાવ રંગરાવ**-(સને ૧૮૨૮–૯૧) એમનો જન્મ તાંજોરમાં થયેલો અને જ્ઞાતે દક્ષણી બ્રાહ્મણ હતા. એ ત્રાવણકોરના દિવાન થયા હતા, અને ત્યાંથી રાજકીય બાબતમાં અને રાજ્યકારભાર કરવામાં કુશળ જણાયા હતા. સને ૧૮૬૬માં એમને કે. સી. એસ. આઇ. નો ખિતાબ મળેલો હતો, એટલે નાઇટ થયા હતા. વડોદરાના હાલના મહારાજા સયાજીરાવની સગીર વયમાં સને ૧૮૮૧ સુધી એ વડોદરા રાજ્યના એડમિનિસ્ટ્રેટર હતા.

[ ૬૫–૧૧; ૬૭–૧૨; ૭૫–૩ ] **રા. સા. મોહનલાલ રણછોડદાસ ઝવેરી**–(સને ૧૮૨૮–૯૬)–એમનું વતન ભરૂચ અને એ જ્ઞાતિએ મોઢ વાણિયા હતા. એમનો શાળાનો અભ્યાસ ઉત્તમ પ્રકારનો અને પ્રશંસા પાત્ર ગણાયો હતો. ગુજરાતી તથા અંગ્રેજીના અભ્યાસ ઉપરાંત એ હિંદુસ્તાની અને સંસ્કૃત થોડું ઘણું શિખેલા હતા. ૧૮૫૦ સુધી મુંબઇની એલ્ફિન્સ્ટન કોલેજમાં અભ્યાસ કરી 'નોર્મલ કલાસ' માં ગણિત શિક્ષક તરિકે એ નિમાયા હતા. પછી ૧૮૫૩ માં સુરત હાઈ સ્કૂલમાં પહેલા આસિસ્ટન્ટ તરિકે નિમાયા હતા; ત્યાંથી ૧૮૫૫ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર બન્યા હતા, અને છેવટ સુધી, એટલે ૧૮૮૮ સુધી, આ ઓદ્ધાથી કામ કરેલું હતું, જેથી તેઓ એટલા લોકપ્રિય થઈ પડયા હતા અને એમનું નામ એટલું મશહૂર

થઈ ગયું હતું કે બીજા કોઈ પણ ડેપ્યુટી ઇન્સ્પેક્ટર પરીક્ષા લેવા જાય તો તેને પણ 'મોહનલાલભાઈ'ના નામથીજ બોલાવતા. સરકાર તરફથી એમને ૧૮૫૫ માં રાવ સાહેબનો ઇલ્કાબ મળ્યો હતો.

નોકરીના સંબંધમાં તેમની હોશિયારી, પ્રામાણિકપણું, અનુભવ, સામા માણસને શ્રદ્ધા બેસે અને તેમનો પ્રેમ વધે તેવા ગુણ વગેરેને લીધે તે તેમના ઉપરીઓના શ્રેષ્ઠ અભિપ્રાય મેળવી શક્યા હતા, અને લોકપ્રીતિ સંપાદન કરી શક્યા હતા; આવાં કારણથી તેમની રહેણીકરણી અનુકરણીય અને દૃષ્ટાંતરૂપ ગણાય છે. મુંબઇમાં હતા તે દરમ્યાન બુદ્ધિવર્ધક સભા વગેરે લોકોપયોગી સભામાં અગ્રેસર તરિકે ભાગ લેતા અને એવી રીતે દેશહિતકારી કાર્યોમાં ઘણો શ્રમ લેતા હતા. સને ૧૮૫૭ માં હોપ વાંચનમાળા તૈયાર કરવામાં રા. સા. મહીપતરામ અને રા. સા. મોહનલાલભાઇનો મુખ્ય ભાગ હતો. આ ઉપરાંત તેમણે મરાઠી બખ્ખર ભા. ૧–૨ તથા ઇંગ્લાન્ડનો ઇતિહાસ નામનાં પુસ્તકો લખેલાં છે, તેમ 'ગ્રીન્સ ક્રેઝીઝ' તથા 'ગ્રીન ખગોળ વિદ્યા' લખવામાં ગ્રીન સાહેબને મદદ કરેલી, અને એહામના 'મિકેનિકલ પ્રોબ્લમ્સ'નું ભાષાન્તર કરેલું હતું. વળી 'બુદ્ધિવર્ધક'માં પણ ઉપયુક્ત વિષયો ઉપર તેમણે લેખો છપાવેલા હતા.

[૬૮–૩] **મહારાણાશ્રી ઠાકોર સાહેબ સર યશવંતસિંહજી**, કે. સી. આઈ. ઈ.–(૧૮૫૯–૧૯૦૭)–એ લીંબડી (કાઠિયાવાડ)ના મહારાણા હતા. ઇંગ્લાન્ડની મુસાફરીએ જનારા કાઠિયાવાડના રાજકર્ત્તાઓમાં એ પહેલાજ હતા–એકવાર સને ૧૮૭૬ માં, અને બીજી વાર ૧૮૮૭ માં તેઓ ત્યાં પધાર્યા હતા. પોતાના આ પ્રવાસ વગેરેના અનુભવ ઉપરથી છટાંછવાયાં અનેક ભાષણો તેમણે આપેલાં હતાં. તત્વ જ્ઞાનના વિષય સંબંધી ગ્રંથોનું તેમણે ઘણું સારૂં અધ્યયન કર્યું હતું.

[૬૯–૧૦] **રણછોડજી દિવાન**–(૧૭૬૮–૧૮૪૧)–એ જુનાગઢના વતની અને જ્ઞાતે વડનગરા નાગર ગૃહસ્થ હતા. એ અમ-

રજી દિવાનના બીજા પુત્ર હતા. જુનાગઢના રાજ્યમાં તેમજ નવાનગરમાં અને પોરબંદરમાં સરકારી નોકરીમાં એ જોડાયા હતા. આ વીર કવિએ યુદ્ધકળાની સાથે સાથે વિવિધ ભાષાઓનો અભ્યાસ કરેલો અને તે કાવ્યરચના માટે પંકાયેલા હોવાથી 'યોધ કવિ'ના નામથી ઓળખાયલા છે. તેઓ શૂરવીર તથા યુદ્ધકળામાં નિપુણ હોવાથી ઘણી વાર લડાઇમાં ઉતરેલા હતા. તેમને ફારસી અને વ્રજ ભાષાનું સારૂં જ્ઞાન હતું એમ જણાય છે. ફારસી ભાષામાં 'તારીખે-સોરઠ' નામનો ગ્રંથ એમણે લખ્યો હતો, અને તેના ગુજરાતી તથા અંગ્રેજીમાં ભાષાન્તરો થયેલાં છે. વ્રજ ભાષામાં શિવરહસ્યનું છંદોબદ્ધ ભાષાન્તર એમણે કરેલું છે તે તથા ગુજરાતીમાં ચંડીપાઠના ગરબા એ તેમના અનેક ગ્રંથો પૈકી ઘણાં જાણીતાં છે.

[૯૫-૧૧; ૧૦૦-૪] **દિવાન બહાદુર રણછોડભાઈ ઉદયરામ દ્વિવેદી**—એમનો જન્મ સંવત ૧૮૯૪—સને ૧૮૩૮ માં થયો હતો. એમનું વતન મહુધા તાલુકે કપડવણજ છે, અને તેઓ બાજ ખેડાવાળ બ્રાહ્મણ છે. એમણે મહુધા, નડિયાદ અને અમદાવાદમાં અભ્યાસ કરેલો હતો. કવિતા અને નિબંધો લખવાનો શોખ તેમને હતો. આ શોખ નાનપણથી લાગેલો અને તેવી શક્તિ ધરાવતા હોવાથી 'બુદ્ધિપ્રકાશ'ના તંત્રીનું કામ તેમજ હોપ વાંચનમાળામાં કેટલાક પાઠો લખવા વગેરેનું કામ એમને સોંપાયલું હતું. વ્યાપારી પેઢીમાં તેમજ ગોંડળ, પાલનપુર અને ઇડરના મુંબઇના પ્રતિનિધિ (એજન્ટ) તરિકે તેમણે કેટલીક મુદત કુશળતાથી કામ કરેલું હતું. પછી સને ૧૮૮૪ માં કચ્છ રાજ્યમાં એમને નાયબ દિવાનની અને પછી દિવાનની જગ્યા મળી હતી. જૂદા જૂદા વ્યવસાયોમાં રોકાવા છતાં પોતાને વિદ્યાનું વ્યસન લાગ્યું હતું તે હજી સુધી તેમણે ચાલુ રાખ્યું છે, અને તે કારણથી સાહિત્યની ઘણી સારી સેવા બજાવી ગુર્જર પ્રજાને ઉપકૃત કરી છે. તેમણે ઉત્તમ સંસ્કૃત નાટકોનાં તથા અંગ્રેજી ગ્રંથોનાં ભાષાન્તરો કર્યાં છે, તેમજ લલિતાદુ:ખદર્શક જેવાં

સાંસારિક વિષયનાં નાટકો રચેલાં છે, જે મુંબઇમાં નાટ્યગૃહોમાં ભજવાતાં લોકોનાં મન ઉપર ઘણી સારી અસર કરતાં હતાં. કચ્છ રાજ્ય તરફથી સારૂં વર્ષાસન મેળવી નિવૃત્ત અવસ્થામાં પોતાની જ્ઞાતિની ઉન્નતિ, લોકસેવા અને સાહિત્યસેવાનાં ઉત્તમ કાર્યો કરવાનું ચાલુ રાખી પોતાનું જીવન ઘણે ભાગે મુંબઇમાં ગાળે છે. સને ૧૯૧૨ માં વડોદરામાં ભરાયલી ચોથી ગુજરાતી સાહિત્ય પરિષદ્‌ના પ્રમુખપદનું માન એમને મળ્યું હતું. સને ૧૯૧૫ના જુન માસમાં બ્રિટિશ સરકાર તરફથી એમને દિવાન બહાદુરનો ખિતાબ મળ્યો છે. એમણે ૨૫ ઉપરાંત ગ્રંથો રચેલા અને પ્રકટ કરેલા છે તેમાંના કેટલાક નીચે મુજબના છેઃ—જયકુમારીવિજય નાટક, લલિતાદુઃખદર્શક નાટક, હરિશ્ચંદ્ર નાટક, રાસમાળાનું ગુજરાતી ભાષાન્તર, વિક્રમોર્વશીય નાટક, પ્રાસ્તાવિક કથાસંગ્રહ, લઘુસિદ્ધાન્ત કૌમુદી, હિતોપદેશ, શેકસપિયર કથાસમાજ, પાદશાહી રાજ્યનીતિ, રણપિંગળ, નાટ્યપ્રકાશ, અલંકારપ્રવેશ, રસપ્રકાશ, યુરોપિયનોનો પૂર્વ દેશ સાથે વ્યાપાર.

[૯૧-૨; ૫૩-૮; ૭૬-૯; ૮૬-૧૦] **રા. બ. રણછોડલાલ છોટાલાલ**—સી. આઈ. ઈ.-(સને ૧૮૨૩-૯૮)—એ અમદાવાદના વતની અને સાઠોદરા નાગર બ્રાહ્મણ હતા. શરૂઆતમાં એમણે સરકારી નોકરી કરેલી હતી. પછી તેમાંથી છૂટા થઈ વેપાર ધંધા તરફ લક્ષ દોરવ્યું હતું. અમદાવાદમાં સુતર કાંતવાનું કારખાનું પહેલવહેલું એમણે ઉભું કર્યું હતું, અને એ ઉપરથી એઓ રણછોડભાઈ રેંટિયાવાળા એ ઉપનામથી આજે પણ ઓળખાય છે. એમણે એ કારખાનું વધારી તેમાં કાપડ વણવાનું કારખાનું (મીલ) કાઢ્યું અને તેને ખંત અને કાળજીથી ઘણા સારા પાયાપર ચલાવ્યું, જેથી તેમની એ કામમાં ખ્યાતિ થઈ હતી. આ ઉપરાંત તેઓ લોકહિતના કામોમાં પણ ઘણો આગળ પડતો ભાગ લેતા હતા. અમદાવાદ મ્યુનિસિપાલીટીના પ્રમુખના નાતાથી અમદાવાદમાં નળનાં પાણી

લાવવાની તથા ગટર કરવાની યોજના કરી પોતાનું બુદ્ધિબળ ઘણું વાપરી લોકોની સુખાકારી માટે જાત મહેનતથી કામ કરી બતાવ્યું હતું. ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીમાં તથા પ્રાર્થનાસમાજમાં તેમણે આગળ પડતો ભાગ લીધો હતો. એમણે અમદાવાદમાં હાઇ સ્કૂલનું મકાન, કન્યાશાળા, ધર્માદા દવાખાનું વગેરેમાં સારી મદદ કરી હતી સને ૧૮૮૬ માં એમને સી. આઈ. ઇ.નો ખિતાબ મળ્યો હતો. સને ૧૮૯૨ માં એ મુંબઇની લેજીસ્લેટિવ કાઉન્સિલમાં નિમાયા હતા. સરદાર સર ચીનુભાઈ માધવલાલના એ પિતામહ થાય.

[૭૦-૪] **રા. રા. રતિરામ દુર્ગારામ દવે**, બી. એ.-(૧૮૫૮-૧૯૦૬)-એ વડનગરા નાગર બ્રાહ્મણ અને સુરતના પ્રસિદ્ધ મહેતાજી દુર્ગારામ મંછારામના જ્યેષ્ઠ પુત્ર હતા. તેમણે પ્રાચીન તામ્રપટ્ટ તથા શિલાલેખ વગેરે સંબંધી સારૂં જ્ઞાન મેળવ્યું હતું, અને પુરાતન ઇતિહાસની શોધખોળ કરી જુના કાળને લગતી હકીકતો 'ગુજરાતી' વર્તમાનપત્ર વગેરે અનેક માર્ગે પ્રસિદ્ધિમાં મૂકી પ્રજાને લાભ આપ્યો છે.

[૭૫-૪] **ઑન. રા. બ. રમણભાઈ મહીપતરામ નિલકંઠ**, બી. એ., એલ એલ. બી.-એમનું મૂળ વતન સુરત છે, અને જ્ઞાતે નાગર ગૃહસ્થ છે. એમનો જન્મ સન ૧૮૬૮ માં થયો હતો. એમણે ગુજરાતી ભાષામાં કેટલાંક પુસ્તકો રચ્યાં છે. 'વસંત' તથા 'જ્ઞાનસુધા' માસિકના તંત્રી છે, અને અમદાવાદ વર્નાક્યુલર સોસાઇટીના ઓનરરી સેક્રેટરી છે. એ ગુજરાતી સાહિત્ય પરિષદ્‌ના મૂળથી એક મંત્રી છે. ગુજરાતી ભાષાની ઉન્નતિ માટે તેમના અનેક પ્રકારના પ્રયત્ન ચાલુ છે. કવિતા અને સાહિત્ય, ભદ્રંભદ્ર, રાઇનો પર્વત, હાસ્ય મંદિર વગેરે ગ્રંથો તથા લેખો એમણે પ્રગટ કરેલા છે. હાલ અમદાવાદની સેશન કોર્ટમાં એ વકીલાત કરે છે. મુંબઇની લેજીસ્લેટિવ કાઉન્સિલમાં એક સભાસદ તરિકે સરકારે તેમને નિમેલા છે.

[૭૭-૪] **મી૦ નાનાભાઈ રૂસ્તમજી રાણીના**-(સને ૧૮૩૨-૧૯૦૦)-આ પારસી ગૃહસ્થનો જન્મ મુંબઇમાં રાણીબાઈ

ઉપરથી રાણીના તરિકે ઓળખાતા ખાનદાન કુટુંબમાં થયો હતો. શરૂઆતમાં સાધારણ પ્રકારની સ્થિતિ હોવાથી તથા નાનપણમાંજ તેમના પિતા ગુજરી ગયેલા હોવાથી તેમણે જૂદે જૂદે સ્થળે નોકરી કરી હતી; પણ મૂળથી સાહિત્યનો શોખ હોવાથી વર્તમાનપત્રો વગેરેમાં લેખ લખવા શરૂ કરેલા. થોડી મુદતમાં અનુભવ, ખંત, ઉદ્યોગ વગેરે ગુણોને લીધે તે એક છટાદાર લેખક, એક કુન્હેબાજ વક્તા અને શબ્દકોષ જેવા પુસ્તકના ઉધમી રચનાર તરિકે પ્રખ્યાત થયા હતા. તેમણે પારસી સંસારસુધારા વગેરેને ઉદ્દેશીને 'પારસીઓની આરસી' 'નાની શીરીન,' 'કાળાં મોંઢા,' 'હોમલો હાઉ,' 'વહેમાયલી જર' વગેરે નાટકો રચેલાં હતાં અને તે ઘણાં લોકપ્રિય થયાં હતાં. રાજદ્વારી બાબતમાં તથા મુંબઇના શહેરી તરિકે પણ અનેક પ્રકારની લોકસેવા તેમણે બજાવેલી છે. પરમાર્થનાં કામો કરવા ઉપર તેમનું લક્ષ ઘણું હતું. વળી સત્યપ્રકાશ, મુંબઈ સમાચાર, રાસ્ત ગોફતાર, લોકમિત્ર, મુંબઈ ચાબુક વગેરે વર્તમાનપત્રો સાથે લેખક કે અધિપતિ કે માલિક તરિકે તેમનો સંબંધ જોડાયલો હતો. તેમની ખાસ અગત્યની અને મહત્વની સાહિત્યસેવા તે તેમના અંગ્રેજી–ગુજરાતી શબ્દકોષ સંબંધની છે. તે ગ્રંથ રચવામાં એમણે પાછળથી મી૦ અરદેશર ફરામજી મૂસની મદદ લીધી હતી. આ કોષનો પહેલો ભાગ (એ. તથા બી. નો–A તથા B નો) આગસ્ટ ૧૮૫૭ માં છપાયો હતો, અને પછી સો સો પાનાંનો એકેક ભાગ છપાવતા હતા; તે પૂરો કરવા તથા છાપવાને ઘણી મુશ્કેલી નડેલી તેથી તે બાબતમાં એમને ઘણો પ્રયાસ કરવો પડેલો હતો, તેમ નાણાંની પણ સવડ કરવી પડેલી હતી. આવો મોટો શબ્દકોષ તેમણે 'ખંત અને ઉદ્યોગથી' જ તૈયાર કરેલો, તે માટે તેને એમનો 'સ્મરણસ્થંભ' ગણવામાં આવે છે. મી૦ અરદેશર મૂસ ૧૮૯૫ માં ગુજરી ગયા તે વખતે શબ્દકોષ અર્ધ ઉપરાંત પ્રગટ થયો હતો, અને બાકીના ભાગો પૂરા કરવાની મી૦ નાનાભાઈની મોટી ઉમેદ

હોવાથી તેમાં તે મંડ્યા રહ્યા હતા; દરમ્યાન પોતાના એક પુત્રને સને ૧૮૯૦ની સાલથીજ આ કામમાં સામેલ કરી તેમને કામનો અનુભવ આપ્યો હતો; મી૦ નાનાભાઈ ૧૯૦૦ ના જાનેવારીમાં મરણ પામ્યા તે સમયે એસ (S) સુધીના બાર ભાગ પ્રગટ થયા હતા, તેથી બાકી રહેલા મહાન્ કાર્યના ભાગો પૂરા કરવાનું તેમના તે પુત્રને માથે આવેલું અને તે તેમણે પૂરૂં કર્યું છે.

[ ૭૪–૯; ૫૩–૮; ૯૩–૩ ] **ન્યાયમૂર્તિ મહાદેવ ( માધવ ) ગોવિંદ રાનડે**, સી. આઈ. ઇ., એમ. એ., એલ એલ. બી.–(૧૮૪૨–૧૯૦૧)–એ રત્નાગિરી જીલ્લાના વતની અને જ્ઞાતે દક્ષિણી કોકણસ્થ બ્રાહ્મણ હતા. અંગ્રેજીનો અભ્યાસ કરી કોલેજમાં દાખલ થઈ છેવટ ૧૮૬૬ માં એલ એલ. બી.ની પરીક્ષામાં પસાર થયા હતા. ત્યાર પછી હાઇ કોર્ટે ઠરાવેલી 'એડવોકેટ'ની પરીક્ષા સને ૧૮૭૧માં ઘણી માન ભરેલી રીતે એમણે પસાર કરી હતી. એમણે ન્યાયખાતા વગેરેમાં જૂદા જૂદા ઓદ્ધાની નોકરી કરી હતી. ત્યાર પછી છેવટ મુંબઈ હાઇ કોર્ટમાં જડજ–ન્યાયાધીશ તરિકે સને ૧૮૯૩માં તેમની નિમણુક થઈ હતી. રાજકીય અને નાણા પ્રકરણી બાબત સંબંધે તેમણે ખાસ અભ્યાસ કરેલો હતો અને તેથી પુનાના સાર્વજનિક સભા ત્રિમાસિક પત્રમાં ૧૮૭૮થી જે લેખો પ્રગટ થતા હતા તેમાંનો મોટો ભાગ તેમનો લખેલો અગર તેમની સલાહ અને મદદથી લખાયલો એવો હતો. સાંસારિક બાબતમાં યોગ્ય સુધારો કરવા તે ઘણા મથતા હતા, અને મુંબઈ ઇલાકાનું સંસાર સુધારા મંડળ એમના પ્રયાસથી સ્થપાયલું છે.

ઈ. સ. ૧૮૭૩ પહેલાં પુનામાં ફક્ત એકજ જાહેર સંસ્થા હતી, પરંતુ ૧૮૭૧ ના નવેમ્બર માસમાં ત્યાંના ફર્સ્ટ કલાસ સબ જડજ નિમાઇને રા. રાનડેએ તે શહેરમાં પ્રવેશ કર્યો ત્યારથી ઇ. સ. ૧૮૯૩ના નવેમ્બરમાં મુંબઈ હાઈ કોર્ટમાં નિમણુક થઈ તે કારણથી ત્યાં જવું થયું ત્યાં સુધીની ૨૨ વર્ષની મુદત દરમ્યાન તેમના અનેક દિશામાં

અનેક પ્રકારના પ્રયત્નો ઘણા સ્તુતિપાત્ર છે; સાર્વજનિક સભા, રા. રા. ગણેશ વામન જોશીની સાથે મળીને, એમણે સ્થાપી હતી; આ ઉપરાંત ઔદ્યોગિક પ્રદર્શનો, રે મ્યુઝિયમ, ફર્ગ્યુસન કૉલેજ, સ્ત્રીઓની હાઇ સ્કૂલ, વર્નાક્યુલર ટ્રાન્સલેશન સોસાઇટી, પ્રાર્થના સમાજ, વસંત વ્યાખ્યાન માળા વગેરે ૨૦–૨૨ સંસ્થા વગેરેની સાથે તેમનો સંબંધ જોડાયલો હતો, અને તેને માટે મકાન વગેરેની યોજના એમણે કરી આપી હતી. એવાંજ કારણોથી વાજબી રીતે કહેવામાં આવ્યું છે કે "રા. રાનડેએ પુનાને જીવન બક્ષ્યું–ત્યાંના કાર્યદક્ષી જનોના મંડળના જીવનરૂપી રક્તને તેમણે ઔધોગિક, રાજકીય, સામાજિક, કેળવણીને લગતા અને ધાર્મિક વિષયોરૂપી નીકોમાં છૂટથી વહેતું કર્યું. એમનાજ વખતમાં પુના જાહેરમાં આગળ પડતું થયું, અને હિંદુસ્તાનનો બાકીનો ભાગ તેનું કહેલું માન અને ધ્યાન પૂર્વક સાંભળતો અને તેમાંથી પોતાને માટે યોગ્ય માર્ગ યોજી કાઢતો થયો." 'પોતાના કામમાં મદદ કરી શકે એવા મનુષ્યો પોતાની આસપાસ એકઠા કરવાની રા. રા. રાનડેમાં અદ્ભુત શક્તિ હતી, અને તેમની મોહક રીતભાતથી, મીઠા સ્વભાવથી અને જાતે અથાગ કામ કરનાર હોવાથી તેમના પોતાના દાખલાથી તે સઘળા ઉત્સાહથી કામ કરવા તત્પર થતા.' સદ્ગત શ્રીયુત ગોપાળ કૃષ્ણ ગોખલે એમના મુખ્ય શિષ્ય હતા. મી૦ દીનશા એદલજી વાચ્છા ન્યાયમૂર્તિ રાનડેના સંબંધમાં તા૦ ૧૯ મી સપ્ટેમ્બર ૧૯૦૩ ને દિવસે એક ભાષણમાં નીચે મુજબ બોલ્યા હતા:–'નિઃસ્વાર્થી અને નિષ્કલંકી રાનડે, ચુસ્ત સ્વદેશભક્ત અને નિષ્પક્ષપાતી ઇતિહાસકર રાનડે, અર્થશાસ્ત્રી રાનડે, હેલનિક–ગ્રીક જુસ્સાથી અને ગ્રીક વિચારોથી ભરપૂર, ગ્રીક પ્રકૃતિથી ઘડાયેલા અને પ્રાચીન સૉક્રેટીસનું એકી વખતે આપણને સ્મરણ કરાવતા તત્વજ્ઞાની રાનડે, અને આપણા જમાનાના ઋષિ અથવા મહાત્મા રાનડે, જેમની તરફ સઘળો આર્યાવર્ત્ત આપણા ઇતિહાસમાં અપૂર્વ એવા પૂજ્યભાવ

અને પ્રશંસાભાવથી જોતો હતો એવા મી૦ રાનડેના મૃત્યુથી સામ્રાજ્યને એકંદરે વધારે મોટી, અરે કદી ન પૂરાય એવી, ખોટ પડી છે.' મિસીસ રમાબાઈ રાનડેએ 'અમારા જીવનની યાદગિરીઓ' એ નામનું પુસ્તક પ્રસિદ્ધ કરેલું છે.

[૭૪-૬; ૭૦-૧] **રામદાસ સ્વામી**–(૧૬૦૮-૧૬૮૧)–એમનો જન્મ ગોદાવરીના તીર ઉપર જામ નામના ગામમાં થયો હતો. એનું પ્રથમ નામ નારાયણ પાડેલું હતું, પરંતુ તે શ્રી રામચંદ્રજીની ઉપાસના કરવા લાગ્યા તેથી તેનું રામદાસ સ્વામી એ નામ પડ્યું. એમણે લગ્ન કર્યુંજ નહોતું; બાળપણથીજ તેમને વૈરાગ્ય લાગ્યો હતો અને તેથી રામ ભક્તિમાં તે લીન રહેતા. સાતારા જીલ્લામાં પરલી નામનો કિલ્લો છે ત્યાં તેમનું ઘણે ભાગે રહેવાનું થતું હતું. છત્રપતિ શિવાજી સને ૧૬૫૦ થી એના એક શિષ્ય હતા, અને તેના ઉપર એમની ઘણી કૃપા હતી, અને તેના સમજવા પ્રમાણે તેમનીજ આશિષથી મોટાં મોટાં પરાક્રમ કરી તે રાજ્ય મેળવી શક્યા હતા એમ કહેવાય છે; આજ કારણથી મરાઠા ફોજમાં ઝુંડો ભગવા રંગનો રાખવામાં આવ્યો હતો; પોતાનો સઘળો કારભાર કરવામાં મુખ્યત્વે કરીને તેમની સલાહ શિવાજી લેતા હતા. રામદાસ સ્વામી એક સિદ્ધ પુરૂષ અને મહા વિદ્વાન્ હતા. 'રામ રામ' કરવાની ચાલ રામદાસ સ્વામીએજ દાખલ કરાવી હતી એમ કહેવાય છે; ત્યાર પહેલાં લોકો એકબીજાને મળતા ત્યારે જુહાર કરતા હતા. લોકોપકાર અર્થે એમણે પ્રાકૃત ભાષામાં ઘણાક ગ્રંથો રચેલા છે. તેમાં કેટલાક ઓવીબદ્ધ અને કેટલાક શ્લોકબદ્ધ છે, તેમ કેટલાક અભંગ છે. દાસબોધ, સમાસ આત્મારામ, મનાચે શ્લોક (૨૦૦) એ એમના બનાવેલા છે. રાજનીતિ ઉપર કેટલાક ગ્રંથ તૈયાર કરીને એમણે શિવાજીને આપ્યા હતા. રામદાસ સ્વામીએ પૃથ્વી પ્રદક્ષિણા અને ઘણી તીર્થયાત્રા કરી હતી. અનેક સ્થળે તેમણે મારૂતી-હનુમાનની સ્થાપના કરેલી હતી.

[૭૧-૩] **રાજા રામમોહન રાય**-(૧૭૭૪-૧૮૩૩)-એ બંગાળી બ્રાહ્મણ હતા. તેમનો જન્મ કલકત્તા પાસે બરદ્વાનમાં થયો હતો. તેમના પિતાનું નામ રમાકાન્ત હતું. તેઓ બંગાળાના સુબેદારના વંશપરંપરાના નોકર હતા. તેમની પાસે દોલત ઘણી હતી. રામમોહન રાયને બંગાળી, ફારસી, આરબી અને સંસ્કૃત ભાષાનું સારૂં જ્ઞાન હતું; તે ઉપરાંત બીજી ઘણી ભાષા જાણતા હતા. આ ભાષા શિખતાં ગુરૂઓના સહવાસથી તેમને મુસલમાની અને આર્યધર્મનું જ્ઞાન થયું હતું. વીસ વરસની ઉમર થયા પછી તેમણે અંગ્રેજી જ્ઞાન મેળવ્યું હતું. આ પુરૂષનું નાનપણથીજ તત્વધર્મ શોધનપર અને કાર્યકારણ ખોળવાપર લક્ષ જણાતું હતું અને પ્રસંગ મળતાં તે બહાર પડ્યું. તેઓ નિરાકારવાદી હતા, તેથી 'મૂર્તિ પૂજાનું ખંડન' એ નામનો ગ્રંથ એમણે પ્રસિદ્ધ કર્યો હતો. આથી તેનાં સગાવહાલાં અને આજુબાજુના લોક ઘણા કોપાયમાન થયાં, પણ રામમોહન રાયે તેની દરકાર ન રાખતાં દૃઢ રહ્યા. આખરે એમણે કલકત્તામાં સને ૧૮૩૦ માં 'બ્રહ્મસમાજ' નામનો નવો પંથ સ્થાપ્યો. અંગ્રેજી કેળવણીની શરૂઆત પછી નવા સમયના પ્રતિબિંબરૂપે આ મહા પુરૂષને ગણી શકાય. સને ૧૮૩૧ માં તે ઇંગ્લાંડ ગયા હતા. ત્યાં જનારા હિંદુસ્તાનના પહેલા દેશી ગૃહસ્થ એજ હતા. ત્યાંજ સને ૧૮૮૩ માં બ્રિસ્ટલમાં એ ગુજરી ગયા હતા.

[૯૨-૪] **ડા. રાષ બિહારી ઘોષ**-જુઓ **ઘોષ રા. બિ.પૃ. ૩૬૮.**

[૮૯-૩] **ફીલ્ડ માર્શલ અર્લ રોબર્ટ્સ**-એમનો જન્મ સન ૧૮૩૨ માં હિંદુસ્તાનમાં થયો હતો. બ્રિટિશ લશ્કરી સિપાઇઓમાં એ ઘણાજ નામીચા હતા. હિંદુસ્તાનના બળવા વખતે એમણે ઘણીજ બહાદુરી બતાવી હતી. હિંદુસ્તાનમાં અનેક હોદ્દા ભોગવી કંદહાર વગેરેની લડાઇઓમાં ભાગ લીધા પછી એ સન ૧૮૯૩ માં ઇંગ્લાંડ ગયા હતા, અને ત્યાં આયર્લૉન્ડના લશ્કરી ખાતાના ઉપરી લૉર્ડ વુલ્સીની જગ્યાએ નિમાયા હતા. સન ૧૯૦૦ માં એમને દક્ષિણ આફ્રિકાન

યુદ્ધ માટે સેનાપતિ તરિકે મોકલવામાં આવ્યાં હતા, અને ટુંક મુદ્દતમાં ત્યાંની બધી બાજી ફેરવી નાખી, બોઅર લોકો ઉપર એમણે સંપૂર્ણ ફતેહ મેળવી હતી. ત્યાર પછી લૉર્ડ કીચનરને પોતાની જગ્યાનો હવાલો સોંપી ઇંગ્લાન્ડ આવ્યા, એટલે આખા બ્રિટિશ લશ્કરના સેનાધિપતિનો માન ભરેલો ઓધ્ધો એમને મળ્યો હતો, અને એક લાખ પાઉન્ડની બક્ષીસ આપવામાં આવી હતી. 'ફરજીઆત રાજ્ય રક્ષણની સેવા' (કમ્પલસરી નેશનલ સર્વિસ)ની યોજના એમણે કરી હતી, અને તેના એ એક ચુસ્ત હિમાયતી હતા. યુરોપમાં જર્મની સાથે હાલમાં ચાલતા યુદ્ધના પ્રસંગ માટે બ્રિટિશ લશ્કરના ઉપરી તરિકે એમને મોકલવામાં આવ્યા હતા. ચાલુ વર્ષમાં (સન ૧૯૧૫) એકાએક બીમારી થવાથી ફ્રાન્સમાં એમનો દેહ પડ્યો હતો.

[ ૮૪-૧૦ ] **પંડિત ફતેહચંદ કપુરચંદ લાલન**-(એમનો જન્મ સને ૧૮૫૯ માં થયો હતો. એમનું વતન જામનગર છે, અને એ જ્ઞાતે જૈન છે. એ લાલન નામથી મશહૂર છે. એ ઉપદેશકનું કામ કરે છે, અને દયા, નીતિ, અને ધર્મના વિચારો ફેલાવવા માટે અખંડ મહેનત કરે છે. આ કાર્ય માટે એમણે પોતાની જીંદગી દેશને અર્પણ કરેલી છે. અમેરિકા, ઇંગ્લાંડ, ફ્રાન્સ વગેરે દેશોમાં મુસાફરી કરી ત્યાં અભેદ ભાવનાના વિચારો ફેલાવ્યા છે; કેન્ટ, સ્પેન્સર, એમર્સન, અને શ્રી શંકરાચાર્યની ફિલસુફી-તત્વજ્ઞાનના વિચારોને જુની તથા નવી પદ્ધતિ પ્રમાણે શ્રી મહાવીર સ્વામીના સિદ્ધાન્તો સાથે મેળવવાનાં મહાન્ કાર્યો તેઓ કરે છે. એમનું જીવન સાધુ ચરિતવાળું છે. સાંસારિક અને ધાર્મિક બાબતમાં તેઓ સુધારક વિચારો ધરાવે છે. પુસ્તકો તથા ભાષણ દ્વારા અનેક માણસોમાં નવીન જીવન રેડવા ભારે પ્રયાસ કરે છે. જૈન કોમના બાળકો માટે શાળાઓમાં ચાલે તેવાં ધર્મ અને નીતિનાં અનેક પુસ્તકો તેમણે રચેલાં છે.

[૧૦૨-૬] **શ્રીયુત લાલશંકર ઉમિયાશંકર ત્રવાડી**-(ઇ. સ. ૧૮૪૫-૧૯૧૨)-એ અમદાવાદના વતની અને જ્ઞાતે વિશલનગરા નાગર બ્રાહ્મણ હતા. અનેક અડચણો છતાં દૃઢ મનોબળને લીધે એમણે ગુજરાત વર્નાક્યુલર કોલેજમાં અભ્યાસ કરેલો, તથા નોકરીની સાથે મેટ્રીક્યુલેશનની પરીક્ષાનો તથા મદ્રાસમાં ફર્સ્ટ એક્ઝામિનેશન ઈન આર્ટસનો અભ્યાસ કરી તે પસાર કરી હતી. પછી કેટલીક મુદ્દત કેળવણી ખાતામાં નોકરી કરીને તે ૧૮૭૧ માં ન્યાયખાતામાં જોડાયા. ત્યાં રહીને કાયદાનો અભ્યાસ કરી હાઇ કોર્ટ વકીલ અને સબ જડજની પરીક્ષામાં ૧૮૭૩ માં બેસી તેમાં ફતેહ મેળવી, એટલે બીજે વર્ષે પંઢરપુરમાં સબ જડજ તરિકે નિમાયા. ન્યાયખાતામાં આ પછી તેમણે જૂદી જૂદી જગ્યાએ નોકરી કરી અને દરજ્જે ચઢતાં ચઢતાં છેવટ ૧૮૯૮ માં અમદાવાદ સ્મોલ કોઝ કોર્ટના જડજ થયા હતા, ને તે ત્યાંથી ૧૯૦૩ માં વાનપ્રસ્થ થઇ પેન્શન ઉપર રહ્યા હતા. ગણિતના વિષયમાં તે ઘણા પ્રવીણ જણાયા હતા, અને કેળવણીખાતાની નોકરી કરેલી તે દરમ્યાન તેમણે રા. બા. હરગોવિન્દદાસ કાંટાવાળાની સાથે મળીને સરકારી શાળામાટે અંકગણિત તૈયાર કરી છપાવ્યું હતું, જે હજી ઘણી જગ્યાએ ટેક્સ્ટ બૂક તરિકે ચાલે છે. આ ઉપરાંત લેખન પદ્ધતિ, વ્યાકરણ, ભૂતળવિદ્યાનાં મૂળ તત્વો એ પુસ્તકો પણ રચ્યાં હતાં. ન્યાયખાતામાં અમલદાર થયા પછી જે જે જગ્યાએ નિમાયલા ત્યાં ત્યાં દેશસેવા અને પરોપકારનાં કાર્યોમાં પોતાનો નોકરી ઉપરાંતનો વખત ગાળતા હતા. પંઢરપુરમાં બાલરક્ષક તથા અનાથરક્ષક ગૃહ, એમણે સ્થાપ્યું હતું. છેવટ અમદાવાદમાં સને ૧૮૯૧ માં નિમાયલા ત્યારથી ત્યાંની અનેક જાહેર સંસ્થાઓમાં અગ્રેસર તરિકે ભાગ લેતા હતા. ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના ઑનરરી સેક્રેટરી રા. સા. મહીપતરામ હતા તે ૧૮૯૧ માં ગુજરી ગયા પછી લાલશંકરે તે કામ હાથમાં લીધું હતું, અને તે સપ્ટેમ્બર ૧૯૧૨ સુધી ચલાવ્યું એટલું જ નહીં,

પણ પોતાની જાત મહેનત, ખંત, બોધ વગેરેથી સોસાઇટીને ઘણા સારા પાયા ઉપર લાવવા શક્તિમાન થયા હતા; ૧૮૯૧ માં સોસાઇટીના લાઇફ મેમ્બર ૧૪૩ હતા તે વધીને ૧૯૧૨ માં ૭૧૦ થયલા; તેની મિલકત રૂ. ૫૨,૪૭૩ ની હતી તે રૂ. ૧,૭૦,૩૭૦ ની થયલી, ટ્રસ્ટ ફંડો રૂ. ૭૨,૮૭૫ ના કુલ ૨૦ હતાં, તે વધીને રૂ. ૨,૩૧,૩૨૯ ના કુલ ૮૨ થયેલાં, તેમજ પુસ્તકો ૧૧૩ હતાં, તે ૨૮૬ થયાં. અમદાવાદમાં કેળવણીની કે બીજી કોઈ પણ સાર્વજનિક સંસ્થા એવી નહીં હશે કે જેની સાથે તેમને એક કે બીજી રીતે સંબંધ નહીં હોય. છપ્પનિયાની સાલમાં દુષ્કાળના સંબંધમાં તેમણે ઘણું કાર્ય કર્યું હતું; તે સેવાની કદર પીછાણી સરકારે તેમને કૈસરે–હિન્દનો સોનાનો ચાંદ એનાયત કર્યો હતો. અમદાવાદની અન્જુમને ઇસ્લામના તે એક જબરા આધારરૂપ હતા. તે સંસારસુધારાના ચુસ્ત હિમાયતી અને દેશહિતચિંતક તથા પરોપકારી નર હતા. શ્રીયુત લાલશંકરભાઈ ખરેખરા કર્તવ્યપરાયણ, પ્રબળ સંકલ્પ તથા દૃઢ મનોબળવાળા, સતત ઉદ્યોગ કરનારા, ખંત રાખનારા, વ્યાવહારિક બુદ્ધિવાળા, સાદું નીતિમય અને મિતાહારી જીવન ગાળનારા હતા. કેળવણી અને સંસારસુધારો એ તેમના પ્રિય વિષયો હતા, છતાં તેમની પ્રવૃત્તિ વિવિધ માર્ગની તેમજ સાર્વદેશિક હતી. "વિચાર એ તેમનું જીવન હતું, ઉદ્યોગ એજ તેમની વિશ્રાન્તિ હતી. તેમનો પ્રભાવ પ્રબળ હતો. તેમના ઓજસ અને તેજને લીધે સર્વે તેમને માન આપતા. કામ કરવું એજ જીવનનું સાર્થક્ય છે એમ તે માનતા, અને કામ એજ તેમનો ઉદ્યમ, કામ એજ તેમનો આનંદ હતો. તેમનું વ્યસન કહો, શોખ કહો, તેમનો આનંદ કહો, ગમે તે કહો, તો તે કામ, કામ અને કામજ હતું. પરમેશ્વર પ્રત્યે પ્રેમભક્તિ અને જનબંધુઓ તરફ સ્નેહ અને તેમની સેવા એ તેમના જીવનનો આદર્શ હતો." આવા મહા પુરૂષનું જીવનવૃત્તાંત આદરણીય, મનનીય અને અનુકરણીયજ છે.

[૭૧-૩] **સર ટોમસ જે. લિપ્ટન**-બેરોનેટ-એમનો જન્મ સને ૧૮૫૦ માં થયો હતો. એ શરૂઆતમાં અમેરિકામાં વેપાર કરતા હતા, તે પછી પોતાના વતન ગ્લાસગોમાં રહેલા. મોટા પાયા-પર વેપાર ખેડવાથી તે સારો લાભ મેળવી શકેલા હતા. એમનો ચાહનો વેપાર ઘણો સારો ચાલે છે. તે ચાહ 'લિપ્ટનની ચાહ' એ નામથી પ્રસિદ્ધ છે. એમનાં ચાહ કાફીનાં ખેતરો સીલોનમાં છે. મોટાં મોટાં શહેરોમાં એમણે ચાહની દુકાનો રાખેલી છે. એ દાનધર્મ કરનાર તરિકે મશહૂર છે. સને ૧૮૯૮ માં તે સર-નાઇટ થયેલા અને ૧૯૦૩ માં બેરોનેટ બન્યા છે.

[૭૮-૧૨] (क) **કવિ વલ્લભ**-એ પ્રેમાનંદ સુત વલ્લભ એ નામથી ઓળખાય છે. પ્રેમાનંદની ૩૨-૩૩ વર્ષની વયે વડોદરામાં એ જન્મ્યા હતા. એમણે મિત્રધર્માખ્યાન, કુન્તીપ્રસન્નાખ્યાન, દુઃશાસન રૂધિરપાન, યક્ષ પ્રશ્નોતર, કૃષ્ણવિષ્ટિ, વલ્લભ ઝગડો, યુધિષ્ઠિર વૃકો-દરાખ્યાન, પ્રેમાનંદકથા વગેરે કાવ્યો ઇ. સ. ૧૭૦૪ થી ૧૭૨૫ સુધીમાં રચેલાં છે. તેને ગુજરાત માટે ઘણું અભિમાન હતું, અને સારૂં એટલું ગુજરાતનું એમ તેનું માનવું હતું. એની બાણી ઉછળતી તથા શૈલી વાંચનારના હૃદય ઉપર સ્પષ્ટ છાપ પાડે તેવી છે. તે પોતે પોતાને ફક્કડ રૂપે વર્ણવે છે, તેથી તેનાં કાવ્યોમાં પણ તે જુસ્સો જણાઈ આવે છે.

(ख) ૧૭૩૫ ના અરસામાં વલ્લભ નામનો એક બીજો કવિ થઈ ગયો છે. તે અમદાવાદનો વતની અને મેવાડા બ્રાહ્મણ હતો. તે દેવીભક્ત હતો; એણે ગરબા ગરબી ઘણાં લખેલાં છે. તેનો કલિ કાળનો ગરબો ઘણો જાણીતો છે; તે ઉપરાંત તેણે સત્યભામાનો ગરબો, કજોડાનો ગરબો, ધનુર્ધારીનું વર્ણન, આનંદનો ગરબો વગેરે લખેલાં છે.

[૮૮-૫] **રા. રા. વાઘજી આશારામ**-(સને ૧૮૫૦-૯૭)-એમનો જન્મ મોરબી (કાઠિયાવાડ)માં થયો હતો, અને તે શ્રીમાળી

બ્રાહ્મણ હતા. મેટ્રીકયુલેશનની પરીક્ષા પસાર કર્યા પછી એમને નોકરીમાં જોડાવું પડ્યું હતું; શાળાખાતામાં અને શિક્ષક તરિકે બારેક વર્ષ જૂદી જૂદી જગ્યાએ કામ કરી પોતાની પ્રકૃતિ નરમ રહેવાના કારણથી નોકરી છોડી દીધી હતી, અને પછી સને ૧૮૭૮ માં 'મોરબી આર્ય સુબોધ નાટક મંડળી' સ્થાપી હતી. આ મંડળી દ્વારા એમણે ગુજરાતી પ્રજાને નાટ્યશાસ્ત્રનો રસ ચખાડ્યો હતો; એમણે રચેલાં અને એમની નાટક મંડળી તરફથી ભજવાતાં નાટકો ઘણાખરાં ઐતિહાસિક છે, તેમ કેટલાંક કલ્પિત છે; તે ઘણાં લોકપ્રિય છે અને તેમાંની કવિતા શુદ્ધ ભાવવાળી, રસાલંકારવાળી તથા બોધક છે. એમણે લખેલાં મુખ્ય નાટકો વગેરે નીચે મુજબનાં છે:- ભર્તૃહરિ, ચાંપરાજ હાડો અને સોન રાણી, ત્રીયારાજ, ચન્દ્રહાસ, ઈશ્વરમહિમા, રાવણવધ, ઓખાહરણ, વગેરે. ગુજરાતમાં સારાં બોધક નાટક લખનારા અને ભજવનારા તરિકે રા. વાઘજી આશારામ અને ડાહ્યાભાઈ ધોળશાજી (દેશી નાટક સમાજવાળા) એ બે જણા ઘણા વખણાયલા છે.

[૭૭-૪; ૩૨-૧; ૯૩-૩] **ઑન. મી૦ વાચ્છા દીનશા એદલજી**-આ આખા હિન્દમાં જાણીતા સ્વદેશાભિમાની પારસી ગૃહસ્થનો જન્મ મુંબઇમાં સને ૧૮૪૪ માં થયો હતો. એમને નાની વયથીજ વર્તમાનપત્રોમાં જાહેર બાબતોપર લખવાનો શોખ હતો. દેશની આર્થિક સ્થિતિ તેમજ મહેસુલી અને નાણાં પ્રકરણી બાબતોનું એ સારૂં જ્ઞાન ધરાવે છે. ઇન્ડિયન નેશનલ કોન્ગ્રેસ સ્થાપવામાં તેમનો મુખ્ય હાથ હતો, અને તેના ચુસ્ત હિમાયતી હોઈ હાલમાં પણ તેના સંબંધનું ઘણું કામ કરે છે. સને ૧૯૦૧ માં કલકત્તામાં ભરાયલી નેશનલ કોન્ગ્રેસમાં તેમને પ્રમુખ નિમ્યા હતા. રાજકીય બાબતોમાં તેમના વિચાર ઘણા ઠરેલ અને આગળ પડતા છે. પ્રોવિન્શિયલ કોન્ફરન્સોમાં પણ તેમણે સારો ભાગ લીધો હતો. મુંબઈ મ્યુનિસિપાલિટીના લાંબી મુદતથી નિમાતા એક કોર્પોરેટર

તરિકે, પોર્ટ ટ્રસ્ટના એક સભાસદ તરિકે, મુંબઈ પ્રેસિડન્સી એસો-શિએશનના અગ્રેસર તરિકે, તેમની મહેનત, ખંત, નિડરતા, નિસ્પૃહા, ઉત્સુકતા, શુદ્ધ ભાવથી કામ કરવાની તત્પરતા વગેરે ગુણો ખરેખર અનુકરણીય છે. મીલ ઉદ્યોગનાં પોતાનાં કામ કરવા ઉપરાંત, અનેક જાહેર કામોમાં તેમની જનસેવા તેમજ દેશહિતનાં કાર્યો અપૂર્વ પ્રકારનાં છે. એમણે શેઠ પ્રેમચંદ રાયચંદ તથા જમશેદજી નશરવાનજી ટાટાનાં ચરિત્રો લખેલાં છે, તેમ નાણાં પ્રકરણી વગેરે બાબતમાં અનેક લેખો તેમણે વર્તમાનપત્રો વગેરેમાં પ્રસિદ્ધ કરેલાં છે. ચાલુ વર્ષમાં મુંબઇની લેજીસ્લેટિવ કાઉન્સિલમાં તેમની નિમણુક થયેલી છે.

[૭૫-૪] **સૌ૦ વિદ્યાગૌરી રમણભાઈ**, બી. એ.–એમનો જન્મ અમદાવાદમાં સને ૧૮૭૬ માં થયો હતો. એ જ્ઞાતે વડનગરા નાગર છે અને ઑન. રા. બ. રમણભાઈ મહીપતરામનાં પત્ની થાય છે. એમણે અમદાવાદમાં અંગ્રેજીનો અભ્યાસ કરી કૉલેજમાં દાખલ થઈ સને ૧૯૦૧ માં બી. એ.ની પરીક્ષા પસાર કરી છે. ગુજરાતી હિન્દુ સ્ત્રીઓમાં એ અને એમનાં ભગિની સૌ૦ શારદા-ગૌરી મહેતા એ બેજ બી. એ. થયાં છે. એ સારા વક્તા તથા સારાં ગુજરાતી સ્ત્રીલેખક છે, તેમ સ્ત્રીવર્ગની અનેક માર્ગે ઉન્નતિ કરવામાં ઉત્સાહી અને ખંતીલાં છે.

[૯૨-૪] **સ્વામી વિવેકાનંદ**–(૧૮૬૨–૧૯૦૨)–એમનું મૂળ નામ નરેન્દ્રદત્ત હતું, પરંતુ દેશસેવા બજાવવા અને હિન્દુ ધર્મનું ખરૂં રહસ્ય સમજવા તથા સમજાવવા પોતાના ગુરૂ શ્રી રામકૃષ્ણ પરમ-હંસના ૧૮૮૬માં અવસાન પછી સંસાર ત્યાગ કર્યો તે વખતે સ્વામી વિવેકાનંદ નામ ધારણ કર્યું હતું. એ મૂળ કલકત્તામાં રહેલા અને ત્યાં બી. એ.ની પરીક્ષા પસાર કરી હતી, ત્યારથી હિંદુ ધર્મનું ખરૂં રહસ્ય તથા ખરૂં સત્ય શોધન કરવા તરફ એમનું વલણ હતું; ગરીબ અનાથ પ્રત્યે લાગણી તેમનામાં નાનપણથી હતી. એમણે ૭ વર્ષ હિમાલય ઉપર એકાન્તમાં ગાળ્યાં હતાં, ત્યાંથી ટીબેટ જઈ બૌદ્ધ ધર્મનો

અભ્યાસ કરેલો. પછી હિંદુસ્તાનમાં ઘણી મુસાફરી કરી, છેવટ મદ્રાસ ગયેલા ત્યાંથી અમેરિકા ગયા અને ચીકાગામાં ધર્મપરિષદ્ ભરાયલી તેમાં હિંદુ ધર્મના તત્વ સમજાવનારા પ્રતિનિધિ ગણાયા હતા તથા ત્યાં તેમણે એક અસરકારક નિબંધ વાંચ્યો હતો. અમેરિકામાં અને ત્યાંથી આવી ઇંગ્લાન્ડમાં એમણે અનેક વ્યાખ્યાનો અને ભાષણો આપેલાં. પેરિસમાં મળેલી ધર્મપરિષદ્ માટે પણ એમને આમંત્રણ મળેલું હતું અને ત્યાં ફ્રેન્ચ ભાષામાં ભાષણ આપ્યું હતું. શ્રી રામકૃષ્ણના શિષ્ય થયા પછી મુસાફરી, અધ્યયન, ઉપદેશ, વ્યાખ્યાન, ભાષણો, અનેક સંસ્થાઓ સ્થાપવી વગેરે અનેક કાર્યો કરેલાં તેમાં ઘણો શ્રમ વેઠેલો હતો. પુનર્જન્મ, રાજયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ, કર્મયોગ વગેરે એમનાં લખેલા ગ્રંથો છે, તે ઉપરાંત એમનાં પત્રો, ભાષણો તથા લેખો છે; અને તે ઉંડા વિચારવાળાં તથા તત્વજ્ઞાનની સમજ આપનારા ઘણા ઉપયોગનાં છે. હિન્દુસ્તાનનું શ્રેય થાય, હિંદુ ધર્મ જે ઉન્નત દશાએ પૂર્વે હતો તે દશાએ તે પહોંચે, અમેરિકા તથા ઇંગ્લાન્ડની પ્રજાને હિંદુ ધર્મના અને હિંદુ તત્વજ્ઞાનના વિચારોથી સારી રીતે માહિતગાર કરવા, ઉતરતી દશામાં આવેલી હિંદુ કોમોને ઉન્નત દશાએ લાવવી, ગરીબ અનાથોનું રક્ષણ કરવું તથા તેમના દુઃખમાં તેમને સહાય મળે તેવા ઉપાયો યોજવા, વગેરે પ્રકારના તેમના ઉચ્ચ આશયો હતા. એમની યાદદાસ્ત શક્તિ અદ્ભુત હતી તથા વકતૃત્વ શક્તિ ઘણી આકર્ષક અને મોહક હતી. એમણે ઘણી ભાષાઓનો સારો અભ્યાસ કર્યો હતો. એમનું સંગીત જ્ઞાન પણ સારૂં હતું, અને કવિતાઓ બનાવી શકતા. ઉત્તમ વક્તા, ઉત્તમ લેખક, ઉત્તમ પ્રકારની નૈસર્ગિક શક્તિ, તેની સાથે સભ્ય ને યોગ્ય વર્તન, કદાવર શરીર, તેજોમય ભવ્ય મૂર્તિ, મધુર કંઠ, સાદાઈ સાથે દૃઢતા, ઉત્સાહ અને જુસ્સો એવા અનેક ગુણો તેમનામાં હોવાથી જ્યાં જ્યાં સ્વામી વિવેકાનંદ ગયેલા ત્યાં ભાષણોથી, વાતચિતથી, સમાગમથી બધાને પોતાના પ્રત્યે આકર્ષણ કરી શકતા હતા. અમેરિકા

અને ઇંગ્લાન્ડમાંથી કેટલાંક સ્ત્રીપુરૂષોએ એમને ગુરૂ માનેલા, અને તેમાં સ્વામી અભયાનંદ અને સિસ્ટર નિવેદિતા એ બે વિદુષી-બાઇઓ મુખ્ય હતી.

[૮૯–૩] **ડ્યુક ઑફ્ વેલિંગ્ટન–આર્થર વેલ્સલી**–(સને ૧૭૬૯–૧૮૫૨)–એ ઓગણીસમા સૈકાના બ્રિટિશ રાજ્યના મોટા અને ઘણાજ નામાંકિત જનરલ હતા. એણે લડાઇનો અનુભવ હિંદુસ્તાનમાં મેળવ્યો હતો, અને તેમાં એણે ઘણી નામના મેળવી હતી. નેપોલિયનના લશ્કર સામે એને ૧૮૦૯ માં લડવાનો પ્રસંગ આવ્યો હતો, અને તેમાં ઘણી સારી ફતેહ મેળવી હતી. ત્યાર પછી સને ૧૮૧૫ માં ફરીથી વૉટરલૂ આગળ નેપોલિયન સાથેની લડાઇમાં છેવટની જીત મેળવી હતી, અને તેની સત્તાને તદ્દન તોડી પાડી હતી. આ ઉપરથી આખા બ્રિટિશ રાજ્યમાં ઘણાજ પ્રખ્યાત અને અગ્રેસર પુરૂષ તરિકે એ પંકાયલા હતા.

[૧૦૨–૬] **શાસ્ત્રી વ્રજલાલ કાલીદાસ**–એમના જન્મનું વર્ષ ચોક્કસ જણાયું નથી, પણ અવસાનનું વર્ષ ઈ. સ. ૧૮૯૩ હતું. પેટલાદ તાલુકામાં મલાતજ ગામના એ વતની હતા, અને જ્ઞાતિએ સાઠોદરા નાગર બ્રાહ્મણ હતા. એમણે સંસ્કૃત, પ્રાકૃત, માગધી તથા પાલી ભાષાઓનો ઘણો સારો અભ્યાસ કરેલો હતો. ધર્મપ્રકાશ, બુદ્ધિપ્રકાશ, બુદ્ધિવર્ધક, નાગર ઉદય, કેળવણી, ચંદ્ર વગેરે માસિકોમાં જૂદા જૂદા વિષયો સંબંધે તે નિબંધો લખી મોકલતા હતા. સને ૧૮૬૪ થી ૧૮૬૭ સુધી ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના તે આસિસ્ટન્ટ સેક્રેટરી થયા હતા. ગુજરાતી ભાષાના શબ્દોનો કોષ રચવાનું કામ સોસાઇટી તરફથી એમને ૧૮૭૯ માં સોંપવામાં આવ્યું હતું, પણ તે પૂરૂં થઈ શક્યું નહોતું. શાસ્ત્રી વ્રજલાલે પોતાના સમયમાં ગુજરાતી ભાષાની જે અનુપમ સેવા ભાષાશાસ્ત્રી તરિકે તથા સરળ ગદ્ય લેખક તરિકે કરી છે તે સાહિત્ય પ્રેમી ગુજરાતી વર્ગમાં પ્રસિદ્ધ છે. તેમને આરંભમાં રેવરન્ડ જોસફ વાન સામરન ટેલર, મધ્યમાં

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી, તથા ઉત્તર કાળમાં રા. રા. મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠીએ પોતાના જ્ઞાનનો લાભ આપવામાં ઉત્તેજિત કર્યા હતા, અને તેનાં સુફળ ટેલર કૃત ગુજરાતી વ્યાકરણ, ધાતુસંગ્રહ, ગુજરાતી ભાષાનો ઇતિહાસ, ઉત્સર્ગમાળા, વૈશેષિક તર્કસાર, ઉક્તિસંગ્રહ વગેરે ગુર્જર પ્રજામાં સુવિદિત છે. ગુજરાતી ભાષાશાસ્ત્રના પ્રદેશમાં શાસ્ત્રી વ્રજલાલના અભિપ્રાય પ્રમાણરૂપ મનાતા હતા, એવું કવિ નર્મદાશંકરે લખેલું છે.

[૬૮–૩] **શાસ્ત્રી શંકરલાલ માહેશ્વર**—એમનો જન્મ સને ૧૮૪૪ માં જામનગરમાં થયો હતો. જ્ઞાતિએ પ્રશ્નોરા નાગર બ્રાહ્મણ છે. એ એક સારા સંસ્કૃત વિદ્વાન્ છે. એમણે શીઘ્ર કવિની પદવી પ્રાપ્ત કરેલી છે. એમણે અનેક ગ્રંથો રચેલા છે તેમાં મુખ્ય—સાવિત્રીચરિત્ર નાટક, સેવ્યસેવકધર્મ, અનસૂયા અભ્યુદય, ભોગવતી, ગોપાળ ચિંતામણિ નાટક, ભ્રાન્તિભયભંજન, વામનવિજય નાટક વગેરે છે. એ એક સારા અષ્ટાવધાની છે. સને ૧૯૧૪માં એમને સરકારે 'મહામહોપાધ્યાય'ની પદવી આપી હતી. ચાલુ વર્ષ (૧૯૧૬)ની શરૂઆતમાં બનારસ ખાતે મળેલી શ્રી ભારત ધર્મમહામંડળની કાઉન્સિલની સભામાં 'કવિ શિરોમણિ'નો ખિતાબ એમને અપાયો છે.

[૭૯–૭] **શ્રી શંકરાચાર્ય**—એમનો જન્મ સંવત ૮૪૫ માં દક્ષિણ હિંદુસ્તાનમાં કેરલ દેશમાં કાલપી ગામમાં થયો હતો. એમણે નાની ઉમ્મરમાં સંન્યાસ લીધો હતો. કન્યાકુમારીથી તે હિમાલય સુધી આખા દેશમાં ફરી તેમણે બીજા મત, પંથ અને સંપ્રદાયવાળાઓને તથા બૌદ્ધ ધર્મીઓને જીતી આખા હિંદુસ્તાનમાં વૈદિક ધર્મનો ઉદ્ધાર કર્યો હતો; વળી મોટા રાજા રાણાઓને પણ એ ધર્મમાં આણ્યા હતા. એ મહા પુરૂષે પોતાની ૩૨ વર્ષની વયે પોતે લીધેલા અથાક શ્રમને લીધે કેદારમાં દેહ મૂકયો હતો; એટલી ટુંક મુદતમાં પણ એમનું ધારેલું કાર્ય પૂરૂં થયું હતું. એમણે બ્રહ્મસૂત્ર વગેરેનાં ૧૬ ભાષ્યો કરેલાં છે.

[૭૫-૪] **સૌ૦ શારદાગૌરી મહેતા,** બી. એ.–એ સુરતના વતની ડા. સુમન્ત બટુકરામ મહેતાનાં પત્ની છે અને જ્ઞાતિએ વડનગરા નાગર ગૃહસ્થ છે. એમનો જન્મ સને ૧૮૮૨માં અમદાવાદમાં થયો હતો. સને ૧૯૦૧ ની સાલમાં એ બી. એ.માં પસાર થયાં છે. ગુજરાતી હિંદુ સ્ત્રીવર્ગ પૈકી એ તથા એમના ભગિની સૌ. વિદ્યાગૌરી રમણભાઈ, એ બે બી. એ.માં પસાર થયેલાં છે. એ પોતાના જ્ઞાનનો લાભ લોકોને આપતાં રહે છે; સ્ત્રી કેળવણી માટે અને સ્ત્રી સુધારણા માટે તન મનથી એ પ્રયાસ કરે છે. ગુજરાતી ભાષામાં પુરાણોની બાળબોધક વાર્તાઓ, સુધાહાસિની, બાળકનું ગૃહશિક્ષણ વગેરે પુસ્તકો રચીને તથા જૂદા જૂદા માસિકોમાં વિવિધ પ્રકારના લેખો લખીને સાહિત્યસેવા સારી બજાવતાં રહે છે.

[૬૫-૫] **ગં. સ્વ. શિવગૌરી (નાની બહેન) કલ્યાણભાઈ ગજ્જર**–એમનો જન્મ સુરતમાં ઇ. સ. ૧૮૭૦ માં થયો હતો. એ જ્ઞાતિએ વૈશ્ય સુતાર છે. એમની સત્તર વર્ષની વયે એમના પતિ ગુજરી ગયા હતા. પછી પોતાનો વખત પરોપકારનાં કાર્યોમાં ગાળવો એવો દૃઢ વિચાર કરી ગં. સ્વ. બાજીગૌરી મુનશીના સહવાસમાં રહી, તેમની સાથે છેવટ સંવત ૧૯૬૩ (સને ૧૯૦૭)માં સુરતમાં 'વનિતા વિશ્રામ' નામની સંસ્થા સ્થાપી છે. આ સંસ્થાને માટે ગામેગામ ફરી ઘણો શ્રમ વેઠીને તે નાણાંની મદદ મેળવતાં રહે છે અને સંસ્થાનો તથા તેમાં દાખલ થતી વિધવાઓ, કન્યાઓ અને સ્ત્રીઓનો ઉત્કર્ષ થાય તેવા પ્રયાસ કરતાં રહે છે. (જુઓ 'વનિતા વિશ્રામ' પૃ. ૭૦). પરોપકારનાં કાર્યો કરવા બદલ સરકારે કદર કરી કૈસરે-હિન્દનો ચાંદ એમને એનાયત કરેલો છે.

[૭૦-૧; ૯૭-૧૧; ૯૮-૬; ૯૯-૩] **શિવાજી છત્રપતિ**–(ઇ. સ. ૧૬૨૭-૮૦)–એ જ્ઞાતે મરાઠા (રજપૂત-ક્ષત્રિ) હતા. એમના પિતા શાહાજી વિજાપુરના રાજાના લશ્કરમાં નોકર હતા, તેથી શિવાજીને તેની માતુશ્રી જીજીબાઈ અને દાદાજી કોંડદેવ નામના એક બ્રાહ્મણની

સંભાળમાં તે મૂકી ગયા હતા. જીજીબાઈ શિવાજીને વખતોવખત કહેતાં કે તેના પૂર્વજો જાદવની કીર્તિ તેણે પાછી સંપાદન કરવી જોઇએ, અને તે એનું કર્તવ્ય છે; દાદાજી કોંડદેવ શિવાજીને શ્રી રામચન્દ્રજીના સાહસનાં કામો તથા મહાભારતમાંના પરાક્રમોની વિગતો કહેતા અને સમજાવતા, તેમ એને રાજ્યનીતિ અને યુદ્ધકળા સારી રીતે શિખવી હતી. આ બેના ઉપદેશ અને બોધથી શિવાજીને હિંદુઓને અને હિંદુ ધર્મને મુસલમાનોથી છોડાવવાની ઉત્કંઠા ઉત્પન્ન થઈ; તેના મનમાં એવું દૃઢ ઠસેલું કે હું અયોધ્યાના રાજકર્તાની માફક મુસલમાન રાવણને પોતાના રાજ્યમાંથી હાંકી કાઢીશ, અને યુધિષ્ઠિર તથા તેના ભાઇઓની માફક મ્લેચ્છ દુર્યોધનને હંફાવી હરાવીને મારી નાંખીશ. યોગ્ય સમય આવ્યો ત્યારે કોકણમાં (ઘાટના મુલકમાં) તેણે ધાડો પાડવા માંડી. દક્ષિણમાં ચાલતી અવ્યવસ્થાને લીધે તેને પોતાની યોજના પાર પાડવામાં ટેકો મળ્યો, અને 'માવલી' લોકોને એકઠા કરીને અહમદનગરના અને વિજાપુરના રાજ્યોમાં લુટફાટ ચલાવવા માંડી, અને ધીમે ધીમે કેટલાક કિલ્લા કબજે કર્યા. પછી મોગલ પાદશાહના મુલકમાં લુટફાટ કરવા માંડી. એ વખતે ઔરંગઝેબ પાદશાહ હતો. તેણે શિવાજીની સામે લશ્કર મોકલ્યું, તેમાં શિવાજીએ જીત મેળવી. એ પ્રમાણે આગળ જતાં ઘણો મુલક મેળવ્યા પછી, એના બાપ શાહાજી મરણ પામ્યાથી, શિવાજીએ ઇ. સ. ૧૬૬૪ માં પોતાને રાજ્યાભિષેક કરાવી રાયગઢમાં રાજધાની સ્થાપી, અને પોતાના નામના સિક્કા પડાવ્યા. જૂદા જૂદા કામ માટે એણે અષ્ટ પ્રધાન નિમ્યા હતા. રામદાસ સ્વામી એના ગુરૂ હતા, એમની સલાહ તે વખતોવખત લેતા હતા, અને તેનો બોધ થાય તે પ્રમાણેજ વર્તન રાખતા હતા. શિવાજી પરાક્રમી, સ્વદેશાભિમાની, ધર્મની લાગણીવાળા, બુદ્ધિશાળી, બહાદુર અને સાદા હતા.

[૮૮-૪] **શ્રીયુત પ્રોફે હિરાલાલ વિજભુખણદાસ**, બી. એ.—એમનો જન્મ વડોદરા રાજ્યના પેટલાદ ગામમાં સને ૧૮૬૭

માં થયો હતો. એ જ્ઞાતિએ વીશા લાડ વાણિયા છે. કોલેજમાં અભ્યાસ પૂરો કરી બી. એ.ની ડિગ્રી મેળવ્યા બાદ સંસ્કૃત કાવ્ય, અલંકાર, વ્યાકરણ, દર્શનશાસ્ત્ર, ન્યાય, વેદાન્ત વગેરે જૂદા જૂદા વિષયોનો અભ્યાસ જૂદા જૂદા સમર્થ શાસ્ત્રીઓ તથા વિદ્વાન્ સંન્યાસીઓ પાસે રહીને એમણે કરેલો છે. ગુજરાતી સાહિત્યના પણ ઘણા શોખીન હોવાથી તે ભાષામાં અનેક માસિકો તથા 'ગુજરાતી' વગેરે વર્તમાનપત્રોમાં સાહિત્ય, દર્શનશાસ્ત્ર, ધર્મ વગેરે મહત્વના વિષયો સંબંધે લેખો તેમણે લખેલા છે. મદનમોહના સંશોધન કરી ટીકા સહિત એમણે છપાવી છે, તથા નવલ ગ્રંથાવલિમાંના લેખોની શાળોપયોગી આવૃત્તિના બે ભાગ તૈયાર કરેલા છે. સને ૧૮૯૯ માં પેટલાદમાં એમણે પંડિત ગટ્ટુલાલજી ધાર્મિક પુસ્તકાલય સ્થાપેલું છે અને તેમાં ઘણાં ઉપયોગી પુસ્તકો તથા હસ્તલિખિત ગ્રંથોનો મોટો સંગ્રહ કરેલો છે. હાઇ સ્કૂલના એક શિક્ષાગુરૂ તરિકે પણ તેઓ ઘણા પંકાયલા છે. સંસ્કૃત ભાષાનું ઉંચા પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કરવાવાળા ગુજરાતી ગ્રેજ્યુએટો થોડાજ જોવામાં આવે છે, અને તેમાં વણિક વર્ગમાંથી તો શ્રીયુત હિરાલાલ શ્રોફ જેવા ક્વચિત્‌જ નિકળે છે. ચાલુ વર્ષમાં (૧૯૧૬) માં બનારસમાં મળેલી શ્રી ભારત મહામંડળની સભા તરફથી એમને 'વિદ્યાભૂષણ'ની પદવી આપવામાં આવી છે; આ માન ગુર્જર પ્રજાવર્ગ માટે અસાધારણ ગણવા જેવું છે.

[૧૦૦-૧] **સર સત્યેન્દ્ર પ્રસન્ન સિંહા**, બેરિસ્ટર—એટ—લૉ.—એમનો જન્મ કલકત્તામાં સને ૧૮૬૪ માં થયો હતો. ત્યાંની પ્રેસિડન્સી કોલેજમાં અભ્યાસ કરી તે ઇંગ્લાન્ડ ગયા હતા અને કાયદાનો અભ્યાસ કરવા લિન્કન્સ ઇનમાં દાખલ થઈ ૧૮૮૬ માં બેરિસ્ટર થયા હતા. પછી હિંદુસ્તાન આવી કલકત્તાની હાઇ કોર્ટમાં વકીલાત કરવા માંડી, અને તેમાં ઘણા પ્રવીણ નિવડવાથી ઘણી સારી કમાઈ થવા લાગી. ૧૯૦૩માં તેમને સરકારના સ્ટેન્ડિંગ કાઉન્સેલ નિમવામાં આવ્યા હતા,

અને ૧૯૦૭માં એ બંગાળાના એડવોકેટ-જનરલ થયા હતા. વકીલાતનો ધંધો કરવા છતાં એટલે સરકારી નોકરીમાં ન હોવા છતાં તેમની લાયકી, જ્ઞાન, ધંધામાં પ્રખ્યાતિ વગેરે કારણોથી હિંદુસ્તાનના વાઇસરોયની એક્ષિક્યુટિવ કાઉન્સિલમાં કાયદા ઘડવાની શાખાના ઉપરી (લૉ મેમ્બર) તરિકે સને ૧૯૦૮ માં એમને નિમવામાં આવ્યા હતા, એટલે પહેલા દેશી ગૃહસ્થ તરિકે એમની પસંદગી થઈ હતી, એ આખા હિંદુસ્તાનમાં ઘણું માનભરેલું લેખાયું હતું. આ જગ્યાએ એમણે ૧૯૧૧ સુધી કામ કર્યું હતું. પછી રાજીનામું આપી પાછો વકીલાતનો ધંધો હાથમાં લીધો, તે ખરેખર ધમધોકાર ચાલવા લાગ્યો. બંગાળાની 'વૉલન્ટીઅર એમ્બ્યુલન્સ કોર' માટે એમણે રૂ. ૧૦,૦૦૦ (દશ હજાર) ૧૯૧૫ માં બક્ષીસ આપ્યા હતા, અને ગોખલે મેમોરિયલ ફંડમાં રૂ.૫,૦૦૦ ભર્યા હતા. જાનેવારી ૧૯૧૫માં એમને સરકારે સર-નાઇટ-બનાવ્યા હતા. ૧૯૧૫ના ડિસેમ્બર માસમાં મુંબઇમાં ઇન્ડિયન નેશનલ કોન્ગ્રેસની ત્રીસમી બેઠક થઈ હતી, તેમાં સર સ. સિંહને પ્રમુખપદ માટે પસંદ કર્યા હતા. આ કામ માટે તે મુંબઈ આવ્યા તે પ્રસંગે તેમને નહીં ધારેલું એવું ભારે માન મળ્યું હતું.

[૧૦૨-૬] **સર સલાર જંગ**, જી. સી. એસ. આઈ.-(સને ૧૮૩૪-૮૩)-એમના વડીલોનું મૂળ વતન મદીના હતું. ત્યાંથી કોકણમાં આવીને તે વસ્યા હતા. એમનું આખું નામ નવાબ મીર તુરાબ અલ્લીખાન બહાદુર સલાર જંગ સુરાઝ-ઉદ-દૌલા-મુખીરૂલ-મૂલ્ક હતું. એમના વડીલ નિઝામના રાજ્યમાં નોકરીમાં દાખલ થયેલા તે વખતે તેમને અમીરનું પદ મળ્યું હતું, અને તે પછી એના કુટુંબમાંથી કોઈ કોઈ પણ હૈદ્રાબાદ રાજ્યમાં આગળ પડતો ભાગ લેતા હતા. સર સલાર જંગ ૧૯ વર્ષની કુમળી વયે સન ૧૮૫૩ની સાલમાં તેના કાકા ગુજરી ગયા તેની જગ્યાએ તે રાજ્યમાં મુખ્ય પ્રધાન થયા હતા. આ વખતે રાજ્યમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ ઉભી થઈ હતી, અને ખળભળાટ થઈ રહ્યો હતો. પણ પોતાની

બુદ્ધિના ચાતુર્યબળથી ચાર વર્ષમાં સઘળું શાન્ત પાડી, રાજ્યમાં ઘણા સુધારા કર્યા. સન ૧૮૫૭ ના બળવા વખતે તેમણે અંગ્રેજ સરકારને ખરા અણીના વખતે મદદ આપી અમૂલ્ય સેવા બજાવી હતી. બળવો શાન્ત થયા પછી એમણે પાછો રાજ્યમાં સુધારો કરવા ઘણો પ્રયાસ કર્યો. ઇંગ્લાન્ડ અને યુરોપ ખંડમાં એમણે પ્રવાસ કર્યો તે વખતે એમને હિંદુસ્તાનના એક રાજા જેટલું માન મળ્યું હતું. એમને અંગ્રેજ સરકાર તરફથી કે. સી. એસ. આઇ. અને જી. સી. એસ. આઇ.ના ઇલ્કાબ મળ્યા હતા, અને ઓક્ષફર્ડ યુનિવર્સિટી તરફથી ડી. સી. એલ. (ડૉક્ટર ઑફ સિવિલ લૉઝ)ની માનવંતી પદવી (ડિગ્રી) મળી હતી.

[૯૨-૪] **શ્રીયુત કવિ સવિતાનારાયણ ગણપતિનારાયણ**-(ઈ. સ. ૧૮૪૦-૧૯૧૪)-એ સુરતના વતની અને વડનગરા નાગર બ્રાહ્મણ હતા. સને ૧૮૫૭માં એમણે રેલવે ખાતામાં નોકરી લીધી હતી, ત્યાંથી શેઠ ગોકુલદાસ તેજપાલની મુંબઇની અગ્લો-વર્નાક્યુલર સ્કૂલમાં શિક્ષકની જગ્યા લીધી હતી. આ બે ખાતાની નોકરી દરમ્યાન તેમણે પિંગળ, અલંકાર વગેરેનો અભ્યાસ વિશ્વેશ્વર નામના વિદ્વાન્ બ્રાહ્મણ પાસે કર્યો હતો, અને પછી કાવ્યો અને ગ્રંથો લખવામાં ફુરસદનો વખત ગાળતા હતા. સને ૧૮૮૪માં એ 'ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ'માં દાખલ થયા હતા, અને 'ગુજરાતી' પત્રના સબ એડિટર-ઉપતંત્રી-તરિકે કામ કરતા હતા. આ પ્રેસમાં સાહિત્યના સંબંધમાં પણ એમણે ઘણી સારી મદદ કરેલી હતી. સને ૧૮૮૫ માં 'બૃહત્ કાવ્યદોહનની નામકરણ વિધિમાં અને તેની પ્રગતિમાં કવિ કારણભૂત હતા.' સવિતા કૃત કવિતા, અલંકાર ચન્દ્રિકા, શકુન્તલા આખ્યાન, નીતિસુધાતરંગિણી (હિન્દી ઉપરથી), તપ્તાસંવરણ નાટક, બિહારી સતસઇ ઉપર ગુજરાતી ગદ્યાત્મક ટીકા, સવિતા સપ્તશતિ (પૈકી ૪૦૦ દોહરા), તેમ કેટલાક સંસ્કૃત ગ્રંથનાં ભાષાન્તર વગેરે એમના તરફથી તૈયાર થયાં હતાં. હિન્દી

સાહિત્ય અને રસાલંકારનો એમણે ઘણો સારો અભ્યાસ કર્યો હતો. કવિ સવિતાનારાયણની કવિતા પ્રાસાદિક સરલ, મધુર અને શબ્દાર્થલંકાર યુક્ત, અને વિદ્વજ્જનમાં માન્ય રહે તેવી છે. ઉત્તર વયમાં ઘણી લાંબી મુદત તે શેઠ ગોરધનદાસ ગોકુલદાસ તેજપાલ તરફથી મથુરામાં, અને પછી મુંબઇમાં તેમને ત્યાંજ રહેતા હતા.

[૧૫–૪] **સામળ ભટ્ટ**—જુઓ ખુલાસા પ્ર. ૪–૧૦; ૧૫–૪; ૬૦–૩; ૬૮–૬.

[૭૪–૯; ૯૩–૩] **બાબુ સુરેન્દ્રનાથ બેનરજી**, બી. એ.–એ કલકત્તાના વતની અને બ્રાહ્મણ છે. એમનો જન્મ સને ૧૮૪૮ માં થયો હતો. કલકત્તામાં બી. એ. સુધીનો અભ્યાસ કરી ૧૮૬૮ માં તેમાં પસાર થઈ, ઇન્ડિયન સિવિલ સર્વિસની પરીક્ષા આપવા, રોમેશચંદ્ર દત્ત તથા બિહારીલાલ ગુપ્તાની સાથે, પોતાના પિતાની સમ્મતિથી માર્ચ ૧૮૬૮ માં એ ઇંગ્લાન્ડ ગયા હતા. તેમાં પાસ થઈ ૧૮૭૧ માં બંગાળા પ્રાંતમાં નોકરીમાં દાખલ થયેલા; પરંતુ ૧૮૭૪ માં તે છોડી દઈ, કલકત્તાની મેટ્રોપોલિટન ઇન્સ્ટિટ્યુશનમાં અંગ્રેજી ભાષાજ્ઞાનના પ્રોફેસર થયા હતા, અને કેટલીક કાલેજોમાં કામ કરી છેવટે ૧૮૮૨ માં રિપન કોલેજ પોતે સ્થાપી, તેને માટે ટ્રસ્ટ કરી રૂ. ૨૫,૦૦૦ પોતે આપ્યા છે. એમને હિંદના આર્નોલ્ડની ઉપમા અપાય છે; વિદ્યાર્થીઓને પોતે ઘણા ચાહે છે તેમ વિદ્યાર્થીઓને એમના પ્રત્યે ઘણો ચાહ અને ભાવ છે. ૧૮૭૯ માં એમણે 'બંગાળી' નામનું અંગ્રેજી વર્તમાનપત્ર ખરીદ કર્યું, અને તેને એક ઉત્તમ પત્ર બનાવ્યું. કલકત્તા વગેરેની મ્યુનિસિપાલિટીના સભાસદ તરિકે તેમણે ઘણું સંગીન કામ કરેલું હતું. મી૦ એ. એમ. બોઝની સાથે રહીને એમણે ઇન્ડિયન એસોશિએશન સ્થાપી હતી. સને ૧૮૯૩માં કલકત્તા કોર્પોરેશન તરફથી એ બંગાળાની લેજીસ્લેટિવ કાઉન્સિલમાં નિમાયા હતા.

ઇન્ડિયન નેશનલ કોન્ગ્રેસના એ શરૂઆતથીજ હિમાયતી છે, અને તેને માટે સતત પ્રયાસ કરતા રહે છે. સને ૧૮૯૫ માં તેની

પુનાની ૧૦ મી બેઠકમાં અને ૧૯૦૩ માં અમદાવાદની ૧૮ મી બેઠકમાં તેમને કૉન્ગ્રેસનું પ્રમુખપદ આપવામાં આવ્યું હતું. રાજકીય બાબતોની હિલચાલ સંબંધે એ ઘણીક વાર ઇંગ્લાન્ડ ગયા હતા, અને ત્યાં પોતાનાં ભાષણો વગેરેથી હિન્દની ખરી સ્થિતિ, હાજતો વગેરેથી બ્રિટિશ પ્રજાને માહિતગાર કરી હતી. એમની વકતૃત્વશક્તિ ઘણીજ અદ્દભુત છે, અને આખા હિંદુસ્તાનમાં એક ઉત્તમ વક્તા ગણાય છે, તેથી દરેક જાહેર સભામાં લોકો તેમને સાંભળવાને ઘણાજ ઉત્સુક હોય છે. ઇંગ્લાન્ડમાં પણ તેમનાં ભાષણો વગેરેની સારી અસર થયેલી હતી. સ્વદેશી ઉદ્યોગની ખીલવણી થઈ દેશની આર્થિક સ્થિતિ સુધરીને ચઢિયાતી થાય તેને માટે સ્વદેશી માલ વાપરવાના તથા માલ અત્રે તૈયાર કરવાનાં કારખાનાં કાઢવાના એ ચુસ્ત હિમાયતી છે. દેશહિતનાં કાર્યો તન મનથી કરવામાં હજી એ આગળ પડતો ભાગ લે છે.

[૯૫-૧૧; ૪-૭; ૭૩-૬] **રા. બ. હરગોવિન્દદાસ દ્વારકાદાસ કાંટાવાળા**—એમનો જન્મ ઇ. સ. ૧૮૪૪ માં ખેડા જીલ્લાના ઉમરેઠ ગામમાં થયો હતો. એ જ્ઞાતિએ વીસા ખડાયતા વાણિયા છે. લાંબી મુદત વડોદરા રાજ્યમાં નોકરી કરેલી હોવાથી હાલ નિવાસ વડોદરામાંજ કરેલો છે. એમણે ગુજરાતી ભાષાનું ઉંચું જ્ઞાન મેળવી ગણિત, ભૂમિતિ, ત્રિકોણમિતિનો અભ્યાસ કરેલો હતો. અમદાવાદ ટ્રેનિંગ કૉલેજમાંથી પસાર થઈ તેમણે અંગ્રેજી, સંસ્કૃત, મરાઠીનું કેટલુંક જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, અને પ્રેકિટસિંગ સ્કુલના હેડ માસ્તરની જગ્યા મળી હતી, છતાં દોઢ વર્ષમાં મેટ્રિક્યુલેશનની પરીક્ષા આપી તે પસાર કરી હતી. જૂદે જૂદે સ્થળે અંગ્રેજી રાજ્યમાં નોકરી કર્યા પછી એ રાજકોટ ટ્રેનિંગ કૉલેજના પ્રિન્સિપાલ થયા હતા. ત્યાંથી ખાસ બોલાવી તેમને વડોદરા રાજ્યમાં એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર તરિકે રાજા સર ટી. માધવરાવે નિમ્યા હતા. આ રાજ્યમાં તેમણે ડિરેક્ટર ઑફ વર્નાક્યુલર ઇન્સ્ટ્રકશનનો

ઓદ્ધો મેળવ્યો હતો, અને તે વખતે રાજ્યમાં કેળવણીના ફેલાવા માટે શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડની ઇચ્છાનુસાર ઘણો સ્તુત્ય પ્રયાસ કર્યો હતો, અને ફરજીયાત કેળવણીનો પાયો નાખ્યો હતો. વળી આ રાજ્યમાંજ છેવટના ભાગમાં તેમણે કેટલાંક વર્ષ મિલિટરી સેક્રેટરી તરિકે પણ ઘણી બાહોશીથી કામ કરેલું હતું, અને નિવૃત્ત થયા પછી ૧૯૦૫થી લુણાવાડામાં પાંચેક વર્ષ દિવાનગીરીનું કામ ઉત્તમ રીતે કરી આવ્યા હતા. અંગ્રેજ સરકાર તરફથી એમનાં કામની કદર કરી રાવ બહાદુરનો ખિતાબ ૧૯૦૩ માં અપાયો છે, અને શ્રીમંત સયાજીરાવ મહારાજા ગાયકવાડે એમને ૧૯૧૫માં 'રાજ્યરત્ન'નો સોનાનો ચાંદ એનાયત કર્યો છે.

રા. બ. હરગોવિંદદાસે રાજકોટ હતા ત્યારથી સ્વદેશી કારીગરીને ઉત્તેજન આપવા અનેક ભાષણો આપેલાં હતાં અને તેનાં પુસ્તકો પણ છપાવ્યાં છે. તેમણે ગુજરાતી સાહિત્યની સેવા કરેલી છે તે અપૂર્વ પ્રકારની છે. અંકગણિત, ભૂતળ, વ્યાકરણ, નીતિ અને લૌકિક ધર્મ, લેખનપદ્ધતિ, કેળવણીનું શાસ્ત્ર અને તેની કળા, બાળાજ્ઞાનમાળા, કન્યાવાંચનમાળા વગેરે વિદ્યાર્થીઓને અને શિક્ષકવર્ગને ઉપયોગનાં પુસ્તકો એમણે રચેલાં છે, તે ઉપરાંત અંધેરી નગરી ને ગર્ધવસેન, બે બહેનો, સ્ત્રી જાતિનાં કર્તવ્ય, વિશ્વની વિચિત્રતા, પાણીપત, સંસાર સુધારો એ પુસ્તકો લખેલાં છે, તેમજ ટીકાકાર, વિજ્ઞાનવિલાસ વગેરે માસિકો ચલાવતા કે તેમાં લેખો લખી મોકલતા, તથા હાલમાં 'સાહિત્ય'માં લખે છે; પરંતુ તેમનું ખરેખરૂં સંગીન અને લોકોપયોગી કાર્ય તો પ્રાચીન કવિઓનાં કાવ્યો વગેરેનું સંશોધન કરી તેનો ઉદ્ધાર કરવાના શુભ ઉદ્દેશથી તેને છુટા અંકોમાં, ત્રિમાસિકમાં અને 'પ્રાચીન કાવ્યમાળા'ના નામથી પ્રકટ કર્યાં છે તે છે. દિ. બ. મણિભાઈ જશભાઇની સહાયતાથી શ્રીમંત મહારાજા સાહેબ સયાજીરાવ ગાયકવાડે રૂ. ૧૫,૦૦૦ ની ઉદાર મદદ આપી તેથી પ્રાચીન કાવ્યમાળાના ૩૫ અંકો રા. રા. નાથાશંકર પૂજાશંકર,

રા. રા. છોટાલાલ નરભેરામ્; તથા રા. રા. ઘનશ્યામ બાપુભાઈ વૈદ્યને સાથે રાખીને તેઓ પ્રકટ કરવાને ભાગ્યશાળી થયા હતા અને લોકોને ગુર્જર સાહિત્યનો લાભ આપવા જેવો મોટો ઉપકાર કરી શક્યા છે. વયોવૃદ્ધ થયા છતાં હાલ પણ રા. બ. હરગોવિંદદાસભાઈ વડોદરાની વ્યાપારી મંડળી, સેન્ટ્રલ કોઓપરેટિવ બેન્ક, વડોદરા શહેર મ્યુનિસિપાલિટી, બેન્ક ઑફ બરોડા વગેરે જાહેર પ્રજાના સંબંધવાળી સંસ્થાઓમાં દાખલ થઈ, પોતાનાં વિશાળ જ્ઞાન અને બહોળા અનુભવનો લાભ લોકોને મળે તેવી રીતે તેનાં કાર્યોમાં તનમનથી સહાય આપતા રહે છે.

સ મા પ્ત.